
# રામ કથા રસ વાહિની ભાગ - ૨



ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. આશ્રમોમાં | 003 |
| ૨. અયોધ્યા પર શોકનો અંધકાર | ૦૧૪ |
| 3. ભાઈઓ મળે છે | 03૭ |
| ૪. સિહાંસન પર પાદુકાઓની સ્થાપના | ૦૬૮ |
| ૫. દંડકારણ્ય | ૦૭૭ |
| ૬. પંચવટી | ૦૮૯ |
| ૭. યુક્તીખોર દુષ્ટ રાક્ષસ | ૧૦૪ |
| ૮. મદદગારનો સ્વીકાર | ૧૨૬ |
| ૯. શોધમાં સફળતા | ૧૪૫ |
| ૧૦. લંકાનું દહ્ન | ૧૬૫ |
| ૧૧. સેતુ | ૧૮૨ |
| ૧૨. ઘેરો | ૨૦૧ |
| ૧3. પાતાળ | ૨૧૯ |
| ૧૪. દશ મસ્તકો ગબડે છે | ૨૨૮ |
| ૧૫. સુખી અયોધ્યા | ૨૪૧ |
| ૧૬. રાજ્યાભિષેક | ૨૪૬ |
| ૧૭. સીતાને વનવાસ | ૨૬૧ |
| ૧૮. લીલાનો અંત | ૨૭૭ |

## આશ્રમોમાં

આમ રામે, સીતા-લક્ષ્મણ - ગુહ સાથે, ભારદ્વાજના આશ્રમમાં પ્રવેશ કર્યો. મુનિ દ્વાર આગળ દેખાયા અને જાણે તે લાંબા સમયથી તેમનાં દર્શનના આશીર્વાદની રાહ જોતા હોય તેમ, તે સ્વાગત કરવા માટે આગળ આવ્યા. તેમને જોઈને રામે તેમને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. જયારે ભરદ્વાજેપ્રેમપૂર્વક આલિંગન આપીને તેમને આશ્રમમાં આવવા નિમંત્ર્યા, ત્યારે રામે આનંદપૂર્વક તે નિમંત્રણ સ્વીકાર્યું. મુનિએ તેમને તેમના દરજ્જા અનુસાર, પાથરેલાં આસનો પર બેસાડ્યાં.

તેમણે બધાંના કુશળ સમાચાર પૂછયા અને કહ્યું કે- આજે મારા હ્રદયની ઈચ્છા પૂર્ણ થઇ. તેમણે પોતાના શિષ્યોને લઇ ફળ મૂળ લઇ આવવાનું કહ્યું; તેમને અતિથિઓ આગળ મૂકીને તેમને તે ખાવાની વિનંતી કરી. મુનિના આતિથ્યનો અને સેવાનો સ્વીકાર કરીને તે રાત તેમણે આશ્રમમાં ગાળી.

દિવસ ઉગ્યો, ત્યારે રામ ત્રણ નદીઓના સંગમ-સ્થાન પ્રયાગમાં ગયા. મુનિને પણ પોતાની સાથે આવવાની તેમણે વિનંતી કરી. ભારદ્વાજ બોલ્યા, "હે નાથ, સાંભળો. હું જાણતો હતો કે અહીં ઘણાં વર્ષોથી જે દર્શનની ઈચ્છા હું કરી રહ્યો હતો તે થશે, એટલે મેં તપસ્યા માટે આ પવિત્ર સ્થાનને પસંદ કર્યું હતું. તમારા દર્શનના આનંદને પ્રાપ્ત કરવા માટે મેં વ્રતો અને વૈદિક યજ્ઞ-યાગાદિ કર્યા. હું દિવ્ય નામોનો જપ કરવામાં અને દિવ્યરૂપના ધ્યાનમાં સમય ગાળતો હતો, જેથી મને તમારી સાથે વાર્તાલાપ કરવાની તક મળે. મને તમારાં ત્રણેયનાં દર્શનો થયાં. હવે મને કોઈ ઈચ્છા રહી નથી. હવે મને સ્નાનની કે ભોજનની પરવા નથી. માંદગી મટી ગયા પછી પણ ઔષધ લેવાનું ચાલુ રાખનાર મૂર્ખામાં હું ખપવા માગતો નથી. હવે હું જન્મ મરણના ભીષણ વ્યાધિથી મુક્ત થઇ ગયો છું. મેં ભગવાનનાં દર્શન કર્યા છે."

તેમને આનંદવિભોર બનેલા, આંસુ સારતા જોઈને ગુહ આશ્ચર્યચકિત બની ગયો. તે મનમાં બોલ્યો કે મારું કેવું પરમ સદ્દભાગ્ય છે ! તે આનંદવિભોર બની ગયો. તે દરમિયાન રામે પોતાની દિવ્યતા દબાવી દીધી અને પોતે સામાન્ય માનવ-ગુણોવાળા હોય તેવી રીતે તે વર્તવા લાગ્યા. જયારે ભરદ્વાજ મુનિ આનંદપૂર્વક રામ-તત્વને વર્ણવી રહ્યા હતા, ત્યારે તે બધું કોઈ બીજી વ્યક્તિ માટે બોલાતું હોય તેમ, રામ સાંભળવા લાગ્યા. તે બોલ્યા, "હે મુનિશ્રેષ્ઠ, જે લોકો તમારાં આતિથ્યને પ્રાપ્ત કરે છે, તે બધા તે કારણસર જ પૂજ્ય બની જાય છે, બધા સદ્દગુણી અને જ્ઞાની બની જાય છે." ભરદ્વાજના અને રામના શબ્દો સાંભળીને આશ્રમના શિષ્યો, તાપસો, મુનિઓ અને સન્યાસીઓ આશ્ચર્યચકિત અને આનંદવિભોર બની ગયા.

પ્રયાગમાં સ્નાન કર્યા પછી રામ, સીતા, લક્ષ્મણ અને ગુહ આશ્રમને છોડીને વનનાં અંદર ભાગમાં પ્રવેશ્યાં. ભરદ્વાજ નદીના તટ સુધી તેમને વળાવવા ગયા. ત્યાં રામને દ્રઢ આલિંગન આપીને મુનિએ તેમની યાત્રા સફળ બને એવી ઈચ્છા વ્યક્ત કરી. મુનિના આશીર્વાદ માટે પ્રાર્થના કરતાં રામ બોલ્યા,"ગુરુજી, અમારે માટે કઈ દિશા શ્રેષ્ઠ છે, તે કહો." હાસ્ય કરીને મુનિએ જવાબ આપ્યો, "હે નાથ, તમને સર્વ જગતોમાં કોઈપણ માર્ગ અજાણ્યો નથી. નહીં? વારુ. તમે આ વસ્ત્રોમાં માત્ર માનવીનો ભાગ ભજવી રહ્યા છો. પણ મને પૂછ્યું છે, એટલે મારા જ્ઞાન મુજબ, યથાશક્તિ જવાબ આપવો એ મારી ફરજ છે." એમ બોલીને તેમણે પોતાના ચાર શિષ્યોને ઈશારો કરી બોલાવ્યા, અને તેમણે રામની સાથે હવે પછી આવતા આશ્રમ સંકુલનો માર્ગ બતાવવા માટે મોકલ્યા. રામ સાથે થોડેક દૂર સુધી જવાની તક મળવાથી તે શિષ્યો આનંદ પામ્યા. તેમને લાગ્યું કે પૂર્વજન્મોમાં કરેલાં પૂણ્યનું આ ફળ છે. માર્ગ બતાવતા બતાવતા તેઓ આગળ ચાલતા હતા. તેમની પાછળ રામ-સીતા, લક્ષ્મણ અને ગુહ ચાલતાં હતાં. તેઓ યમુના નદીના તટ સુધી દૂર ગયાં. તેમણે શિષ્યોને હૃદય પૂર્વક આશીર્વાદ આપ્યા અને જવાની રજા આપી. પછી ગામડાંના રહેવાસીઓએ આ અસાધારણ સૌંદર્યવાળા તેજસ્વી મુલાકાતીઓને જોયાં. તેઓ કોણ હતાં, ક્યાંથી આવ્યાં હતાં, તેમનાં નામો ક્યાં હતાં, તે બધું જાણવાની તેમને ઈચ્છા થઇ. તેઓ બહુ શરમાળ હતાં. પૂછતાં તેમને ડર લાગતો હતો. તેઓ માંહ્યો માંહ્યો વાતો કરી રહ્યા હતા.

તેમની વાતો પાર ધ્યાન આપ્યા વગર, સીતાએ, રામે અને લક્ષ્મણે સ્નાન કરી લીધું. તટ પર આવીને રામે ગુહ ને બોલાવ્યો અને કહ્યું,"પ્રિય મિત્ર. તું અમારી સાથે આવ્યો તેને ઘણો સમય વીતી ગયો છે. આટલો બધો સમય તું અમારી સાથે ગાળે તે બરોબર નથી. તારે, તારા પ્રજાજનો પ્રત્યેની ફરજો બજાવવી જોઈએ. હવે ઘેર જા, તારી ફરજો અદા કર." રામે ગુહ ને જવાની રજા આપી. ગુહ જવાબ આપવામાં અસહાય બની ગયો હોય એવું એને લાગ્યું. "શું કોઈ પણ માણસ પોતાને મળેલા ચિંતામણિનો ત્યાગ કરી શકે ખરો? મને તેમ કરવાની ફરજ પડે છે તેથી હું કેટલો બધો કમનસીબ છું!" તેણે વિલાપ કર્યો. તે રામની આજ્ઞાનો ભંગ કરી શકે તેમ ન હતું. એટલે તેણે સીતાને, રામને, લક્ષ્મણને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તેમની ચરણ રજ પોતાને મસ્તકે પધરાવી. ખૂબ અનિચ્છાપૂર્વક તેણે વિદાય લીધી.

ગુહના ગયા પછી થોડે જ સમયે તેમણે ત્રણેએ પોતાની મુસાફરી શરુ કરી. થોડાજ સમયમાં તેમણે નાગોની નગરી કરતાં પણ વધારે તેજસ્વી એક નગરી જોઈ. પ્રકાશની પાસે આવતાં તેમને આશ્ચર્ય થયું કે તે કઈ નગરી હશે. જેમ જેમ તેઓ તે નગરીની પાસે આવ્યાં, તેમ તેમ તે નગરીની અને તેનાં પરાંની ભવ્યતાથી અને સુંદરતાથી તેઓ વધુ ને વધુ આનંદ પામ્યાં. પાસે આવતાં તેમને તે દેવોની નગરી અમરાવતી લાગી અને તેઓ વધુ આનંદ પામ્યાં. તેમને લાગ્યું કે ત્યાંના નાગરિકો દેવો

હોવા જોઈએ, માનવી નહીં. એક વૃક્ષની છાયામાં બેસીને તેઓ એની ભવ્યતાની અને એના તેજની પ્રશંસા કરવા લાગ્યાં. લોકો તેમની આસપાસ એકત્રિત થઇ ગયા અને માંહ્યો માંહ્યો પૂછવા લાગ્યાં કે આ લોકો શું સ્વર્ગમાંથી તો નથી આવ્યાં, અમરો તો નથી? જલદી તેઓ નગરીમાં દોડી ગયાં, તેમણે સમાચાર ફેલાવ્યા કે કેટલીક દિવ્ય વ્યક્તિઓ, પોતાની સાથે સદ્ભાગ્ય લઈને, નગરીમાં આવી રહી છે. જેમણે જેમણે તે સમાચાર સાંભળ્યા તે બધા, મુલાકતીઓ પ્રત્યે દોડ્યા અને તેમને સગવડો આપવા માટે એક બીજા સાથે સ્પર્ધા કરવા લાગ્યા. કેટલાકે તેમની આગળ દૂધ લાવીને મૂક્યું, કેટલાક ફળો લઈ આવ્યાં, બધા જ આંખો મીંચ્યા સિવાય આગંતુકો સામે જોઈ રહ્યા. તેમને છોડીને કોઈ પાછું જઈ શક્યું નહીં. જવા માટે રાજી ન હોવાથી, તેઓ ત્યાં ઊભા રહ્યા.

બીજાઓ કરતાં એક વધારે હિંમતવાન માણસ આગળ આવ્યો અને બોલ્યો," મહેરબાનો તમારી સુંદરતાથી અને તમારા પ્રભાવશાળી વ્યક્તિત્વથી અમે અનુમાન કરીએ છીએ કે તમે રાજવંશી લોહીના રાજકુમારો છો. પણ તમે પગપાળા અને એકલા, આ સુંદરી સાથે, વનના માર્ગોમાં વિચરો છો. તમે પર્વતો ચઢો છો અને નદીઓ પાર કરો છો. માર્ગનાં બધા જોખમોનો હિંમતપૂર્વક સામનો કરનાર તમે બહાદુર મુસાફરો છો. એટલે અમે માની લઈએ છીએ કે, તમે અમારા જેવા માત્ર નાગરિકો જ છો. જેમાં સિંહો મોટી સંખ્યામાં રહે છે અને જંગલી હાથીઓનાં ટોળાં રહે છે તેવા જંગલમાં તમે કેવી રીતે મુસાફરી કરો છો તે અમે સમજી શકતા નથી; અને તમારી સાથે આ સુંદરતાની કોમળ મૂર્તિ પણ છે. શું તમારાં કોઈ સગાં-સંબંધીઓ, મિત્રો, સાથીદારો, શુભેચ્છકો નથી? જો હોત, તો તમને આ વનમાં આવવાનું સાહસ ન કરવા દેત." તેણે વનમાં આવવાનું કારણ પૂછ્યું અને બીજા અનેક સવાલો રામને પૂછ્યા.

તે દરમિયાન તે ટોળામાંથી એક સ્ત્રી આગળ આવી ને તેણે રામને કહ્યું, "હે રાજકુમાર, હું તમને એક વિનંતી કરૂં છું, હું સ્ત્રી છું એટલે તે વ્યક્ત કરતાં મને ડર લાગે છે, મારી ઉદ્ધતાઈ માટે ક્ષમા આપજો. અમે સાધારણ માણસો છીએ. અમને સુંદર વાણી બોલતાં આવડતી નથી. તમારું શારીરિક સૌંદર્ય સ્ફટિક મણિના અને સુવર્ણના ચળકાટને પ્રતિબિંબિત કરે છે, જે તમારા તેજનું ઉદ્દગમ સ્થાન છે તમારામાંનો એક ઘનશ્યામ છે, બીજાનો રંગ તેજસ્વી ધવલ છે. તમે બંને કરોડો કામદેવો જેવા સુંદર છો, જાણે કામદેવ મૂર્તિ ધારણ કરીને ન આવ્યા હોય! વળી આ સુંદરી તમારી શી સગી થાય તે અમે જાણતા નથી. તે રતિ દેવી જેટલાં ખૂબ સુંદર છે. તેમનાં નમ્રતા, સ્વાભાવિક વિનય અને સુંદરતા જોઇને અમને સ્ત્રીઓને અમારી જાત પ્રત્યે શરમ આવે છે. કૃપા કરીને અમને કહો કે તમે કોણ છો અને કયા હેતુ માટે આ બાજુએ આવ્યા છો."

તેમની પ્રાર્થના સાંભળીને અને તેમની ઉત્સુકતા તથા આનંદ જોઈને રામને તથા લક્ષ્મણ ને ખૂબ મજા પડી. તે જ વખતે સીતા તે સ્ત્રીઓ તરફ વળીને બોલ્યાં, “બહેનો આ સુવર્ણ રંગ વાળા, સાચા દિલના પુરુષ તે લક્ષ્મણ છે. તે મારા દિયર છે. આ ઘેરા નીલ રંગના, જગતને મોહિત કરતી કમળની પાંખડીઓ જેવી આંખોવાળા, લાંબા બળવાન બાહુઓવાળા, (અહીં તેમણે રામ સામે નજર કરી) મારા પતિ છે, મારા પ્રાણ છે." એમ બોલીને સીતા જમીન પર આંખો ઢાળીને ઊભાં. તે વખતે એક યુવતીએ કહ્યું કે – મા, તમે અમને તમારું નામ ન કહ્યું. સીતાએ તરત જ જવાબ આપ્યો કે મારું નામ સીતા છે. હું જનક રાજાની પુત્રી જાનકી છું. સ્ત્રીઓ આશ્ચર્યચકિત બનીને એકબીજાની સામે જોવા લાગી. પછી એકી અવાજે તે બધી સ્ત્રીઓએ સીતાને ખૂબ આશીર્વાદ આપતાં કહ્યું, “તમે બંને ભગવાન શિવ અને પાર્વતી પેઠે સુખી થાઓ. જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર પ્રકાશે, જ્યાં સુધી પૃથ્વી આદિ શેષનાગની ફણા ઉપર આરામ કરે, ત્યાં સુધી તમે બંને એકબીજા સાથે અખંડ આનંદપૂર્વક સંવાદ પૂર્વક જીવો.”

રામે પુરુષોને કહ્યું કે – “અમે વનમાં સૌંદર્યને અને ભવ્યતાને જોવા માટે આવ્યા છીએ. અહીં સુધીની અમારી મુસાફરી તદ્દન આરામમય અને ઉપયોગી બની છે. અમે જરા પણ થાકી ગયાં નથી, અમને કશી અગવડ પડી નથી.” પછી તેમણે તે લોકો ની વિદાય માંગી અને તેઓ વન તરફ ચાલી નીકળ્યાં. કાંઈ કરવાનું બાકી ન રહેવાથી પેલા પુરુષો અને પેલી સ્ત્રીઓ ઘરે ગયાં. તે નાગરિકો વિશે, તેમણે પૂછેલા સવાલો વિશે, તેમેણે બતાવેલા પ્રેમ વિશે, તેમની આંખોમાં ચમકતા આનંદ વિશે વાતો કરતાં કરતાં રામ-સીતા અને લક્ષ્મણ પોતાના માર્ગે આગળ ચાલ્યાં. રામે એકાએક, સીતાના મુખ પર થાકનાં ચિહ્નો જોયાં. એમણે સૂચવ્યું કે, એક છાંયડાવાળા વૃક્ષની છાયામાં થોડો વખત વિશ્રામ કરીએ. પાસે એક શીતલ પહોળો ઝરો હતો. લક્ષ્મણે જંગલમાં જવાની હામ ભીડી અને તે કેટલાંક ફળો અને કંદમૂળો લઈ આવ્યા. ત્રણેય જણે તે રૂચિપૂર્વક ખાધાં. તે રાત તેમણે સર્વથા સુખપૂર્વક ગાળી.

પરોઢ સમયે તે જાગ્યાં. પ્રાતઃ સ્નાનથી પરવારીને તેમણે પોતાની મુસાફરી શરૂ કરી. થોડાજ સમયમાં તેમણે વનના ભયંકર ભાગોમાં પ્રવેશ કર્યો. નીચે નમેલા પર્વત શિખરો, વૃક્ષોનાં કાળા ભયાનક ઝુંડો, પૂર આવેલી નદીઓની કાનને બહેરા કરી દે તેવી ગર્જનાઓ - આ બધાથી તેમનાં મનમાં એક ભવ્યતાની, રહસ્યની વિચિત્ર લાગણી પેદા થઈ.

તે ભયાનક વિસ્તારની વચ્ચે તેમણે એક ઉદ્યાન જોયું, જેનો ઉછેર માણસે કર્યો હતો. તે બાગમાં એક સુંદર આશ્રમ હતો. તે વાલ્મીકિ મુનિનો આશ્રમ હતો. આશ્રમની એક બાજુએ ઊંચા પર્વતની ટેકરીઓ હતી, અને બીજી બાજુએ એક ઊંડી ખીણમાં એક ઝરણું ખળખળ અવાજ કરીને વહેતું

હતું. આશ્રમ સુંદરતાનું ચિત્ર હતું. તેની લીલીછમ શેતરંજી  પર પડેલા રત્ન સમાન પ્રકાશતો હતો. તે દ્રશ્ય જોઇને સીતાને ખૂબ રાહત થઈ, તેમને શાંતિ મળી.

તેમણે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો છે એવા સમાચાર શિષ્યો પાસેથી જાણી ને વાલ્મીકિ મુનિ દ્વાર આગળ આવ્યા. સીતા, રામ અને લક્ષ્મણ ઝડપથી આગળ આવ્યાં અને મુનિનાં ચરણે પડ્યાં. જાણે ઘણા સમયથી તે, તેમને ઓળખતા હોય તેમ, મુનિએ પણ આગળ આવી તેમનું સ્વાગત કર્યું. તે પ્રેમપૂર્વક તેમને ભેટ્યા, ત્રણેય જણને આશ્રમમાં પ્રવેશ કરવા બોલાવ્યાં. મુનિ રામને પોતાના પ્રાણ સમાન ચાહતા હતા. તેમણે રામને, સીતાને અને લક્ષ્મણને આરામપૂર્વક આસનો પર બેસાડ્યાં. તેમણે ફળ મૂળ મંગાવીને તેમની સામે મૂક્યાં. વાલ્મિકીની ઈચ્છાને માન આપીને તે ખાધાં અને પોતાનો હર્ષ પ્રગટ કર્યો. સામે બેસીને, રામને નિહાળીને તે પોતાની આંખોની તૃષા છિપાવતા હતા, તે અવર્ણનીય આનંદ અનુભવતા હતા.

ખૂબ નમ્રતાપૂર્વક રામે તે મહાન મુનિને કહ્યું, “હે અતિપૂજ્ય મુનિ, તમે બધાનું ભૂત, ભાવિ અને વર્તમાન જાણો છો. એટલે મારા વનમાં આવવાનું કારણ પણ તમને હાથમાંના બોરની પેઠે સ્પષ્ટ છે. છતાં પણ હું, મારા ભાઈ અને પત્ની સાથે કે અહીં આવ્યો તે જણાવવાની મારી ફરજ અદા કરવી જોઈએ.” પછી રામે કૈકેયીએ પોતાને વનમાં કેવી રીતે મોકલ્યા, અને પિતાએ આપેલા વચન અનુસાર ભરતને ગાદી કેમ આપી તેનું વર્ણન કર્યું.

મુનિએ તે વાત ધ્યાનપૂર્વક સાંભળી અને સ્મિતયુક્ત મુખ દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કર્યો. તે બોલ્યા, “રામ તમે જેમ તેમની ઇચ્છા પૂર્ણ કરી તેમ આજે મારી ઈચ્છા પૂરી કરી છે. આજે મારાં તપ, વ્રતો અને આકાંક્ષાઓ ફળ્યા છે. મારે કૈકેયીનો હૃદયપૂર્વક આભાર માનવો જોઈએ, અને મારા અત્યારના આનંદમાં તેમને ભાગીદાર બનાવવાં જોઈએ.”

પોતાની અંદર ઊભરાઈ જતી આનંદની અને આભાર વૃત્તિની લાગણીઓને દબાવી રાખીને મુનિ વાલ્મીકિ લાંબા સમય સુધી આંખો મીંચી ધ્યાનમાં બેઠા. તેમની આંખોમાંથી હર્ષાશ્રુ ઉભરાઈને તેમનાં ગાલ પર પડવા લાગ્યાં.

મૌનનો ભંગ કરીને રામ બોલ્યા, “તમે નિર્દેશ કરશો તે સ્થાને અમે રહીશું. તમે અમને એવું સ્થાન બતાવો કે જ્યાં અમારા રહેવાથી કોઈને તકલીફ ન પડે, અમે તાપસોને  તથા આશ્રમોને અવરોધરૂપ ન બનીએ. અમને યોગ્ય સલાહ આપો. ત્યાં અમે એક પર્ણકુટી બાંધીને થોડોક સમય રહીશું.”

વિશુદ્ધ, સાચા દિલના હૃદયમાંથી બોલાયેલા આ શબ્દોથી મુનિ વિચલિત થઈ ગયા. તે બોલ્યા, "હે રામ, હું સાચે જ ધન્ય છું. તમે રઘુરાજાના વંશના કીર્તિ ધ્વજ છો. તમે આમ શા માટે બોલો છો? તમે વેદોમાં વિહિત કરાયેલા માર્ગમાં વૃદ્ધિ કરનાર શક્તિ છો; વેદમાર્ગને ઇજામાંથી બચાવનાર શક્તિ તમે છો. સીતા તમારી માયા છે, તમારો ભ્રાંતિરૂપ અર્ધ ભાગ છે. તે તમારી ઈચ્છા અનુસાર, અનેક બ્રહ્માંડનું સર્જન, પાલન અને સંહાર કરે છે. અને લક્ષ્મણ સર્વ ચરાચર વસ્તુઓના આધાર રૂપ હજારો ફણાઓવાળા શેષ નાગ છે, જે વિશ્વને ધારણ કરી રહ્યા છે. તમે દેવોની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે, જગતમાં ફરી ધર્મનું સંસ્થાપન કરવા માટે આકારો ધારણ કર્યા છે. મને ખાતરી છે કે, થોડા જ સમયમાં તમે બધા રાક્ષસી હૃદયોનો સંહાર કરશો. તમે સાલસ અને કરુણાપૂર્ણ લોકોનું રક્ષણ કરશો. રામ, તમે વિશ્વરૂપી નાટકના સનાતન સાક્ષી છો; વિશ્વ એક દ્રશ્ય છે, તમે દ્રષ્ટા છો. દેવો પણ તમારી વાસ્તવિકતાને અને યશ ને સમજી શકતા નથી, તો પછી સામાન્ય માનવીઓ તમારા રહસ્યને કેવી રીતે સમજી શકે? જેમણે તમારી કૃપારૂપે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, માત્ર તેઓ જ તમારા સત્યને અને તમારી ભવ્યતાને સમજવાનો દાવો કરી શકે. સજ્જનોની અને દેવોની શાંતિમાં અને સલામતીમાં વૃદ્ધી કરવા માટે તમે માનવરૂપ ધારણ કર્યું છે, એટલે તમે અમારામાંના એકની પેઠે વાતો અને વર્તન કરો છો. માત્ર મૂર્ખ લોકો જ "તમે સામાન્ય માનવોમાંના એક માનવ છો" એમ માનવાની ભૂલ કરે. અમે કઠપૂતળીઓ છીએ, તમે જેમ દોરી ખેંચો તેમ અમે અમારો ભાગ ભજવીએ છીએ. અમે તમને કેવી રીતે કહી શકીએ કે આમ કરો, અમુક જગ્યાએ રહો? રામ! શું તમે આ શબ્દો વડે અમારામાં તાપસોમાં ભ્રાંતિ પેદા કરવાની યોજના ઘડી રહ્યા છો? ઓહ, તમારી લીલા કેવી અદભૂત છે! તમારો અભિનય કેવો વાસ્તવિક લાગે છે! શું હું નથી જાણતો કે તમે વિશ્વ રૂપી નાટકના સૂત્રધાર છો? હું જંગલમાં થોડા સમય માટે કઈ જગ્યાએ રહું? તે સવાલ તમે મને કેમ પૂછો છો તે હું સમજી શકતો નથી. હું કયા સ્થાનને પસંદ કરીને તેની ભલામણ કરું? કારણકે વિશ્વમાં એવી કોઈ જગ્યા છે ખરી કે જ્યાં તમે ન હો? મને આ સવાલનો જવાબ આપો. પછી હું કહીશ કે તમારે કઈ જગ્યાએ જઈને રહેવું ." રામના મનોહર મુખ સામે જોઈને વાલ્મીકિ એમ બોલ્યા, આનંદની અવધિમાં શબ્દો ઓગળી જતા હતા.

પૂજ્ય મુનિના શબ્દો સાંભળીને રામ મનમાં હસ્યા. તે દરમિયાન, પોતાના મુખ પર તેજસ્વી સ્મિત કરીને મુનિ મૃદુ અને મધુર શબ્દોમાં બોલ્યા, "રામ, હું જાણું છું કે વાસ્તવિક રીતે તમે તમારા ભક્તોના હૃદયોમાં નિવાસ કરો છો. હવે હું તમને તે શ્રેષ્ઠ સ્થાન જણાવીશ કે જ્યાં તમારું આ રૂપ નિવાસ કરી શકે. સાંભળો, તમે સીતા અને લક્ષ્મણ સાથે, ત્યાં રહી શકશો: જે લોકોના કાન, સમુદ્રની પેઠે, તમારાં પરાક્રમના કથા પ્રવાહોને આનંદપૂર્વક ઝીલે છે અને તમારા દિવ્ય કર્મોની અને

શબ્દોની કથાઓ સાંભળી સુખ અનુભવે છે, જેઓ તમારા નામનો જપ પોતાની જીભ વડે કરીને અમૃત સમાન મધુરતાના રસ ચાખે છે, જેમનો કંઠ તમારી સ્તુતિ કરવામાં અને તમારા મૃદુ મધુર શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આનંદ અનુભવે છે, જેમની આંખો ચાતક જેમ ચંદ્રના દર્શન માટે ઝંખે છે તેમ તમારા ઘનશ્યામ રૂપના દર્શન માટે ઝંખે છે, જેઓ બધે જ, દરેક દિશામાં તમને શોધી કાઢવાની સતત ઉત્કંઠા તથા ધરાવે છે અને તમારાં દર્શન થતાં આનંદ પામે છે, તેવા લોકો જ્યાં જોવા મળે ત્યાં તમે, સીતા અને લક્ષ્મણ સાથે નિવાસ કરો.

રામ! જો તમારી એવી ઇચ્છા હોય કે હજી મારે વધારે વર્ણન કરવું, તો સાંભળોઃ જે માણસ બીજાના દોષ જોતો નથી અને તેમના ગુણોની ખાતર તેમની સાથે પ્રેમ કરે છે, જે નીતિમત્તાના અને પ્રામાણિકતા ના માર્ગે પોતાની જીવનયાત્રા ચલાવે છે, જે શાસ્ત્રોકત સદાચારની મર્યાદાઓનું પાલન કરે છે, અને જેને એવી મન-વચન-કર્મથી છે કે આ સૃષ્ટિના તમે સર્જનહાર છો અને આ સમગ્ર વિષયગત જગત તમારું શરીર છે, તેવા માણસના હૃદયમાં નિવાસ કરો.

પણ તમે માનવ દેહ ધારણ કર્યો છે, અને તમારાં માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવા માટે તમે અહીં આવ્યા છો, અને તે મુજબ તમે મને સવાલ પૂછો છો, એટલે તમે જે ભાગ ભજવી રહ્યા છો તેને વાસ્તવિક માની હું જવાબ આપવાની હિંમત કરીશ. તમે ચિત્રકૂટ ટેકરી પર રહી શકો છો; ત્યાં આરામપૂર્વક રહેવાની બધી સગવડો છે, તે એક પવિત્ર સ્થાન છે; તે એક મનોહર અને સુંદર સ્થાન છે, ત્યાંનું વાતાવરણ પ્રેમથી અને શાંતિથી સભર છે, ત્યાં કોઈ પણ સ્પર્ધાની વૃત્તિ વગર સિંહો અને હાથીઓ સાથે સાથે વિચરે છે, વેદોમાં જેની પ્રશંશા કરવામાં આવી છે તે મંદાકિની નદી તે ટેકરીની આજુબાજુ વહે છે. ત્યાં આશ્રમોમાં અત્રિમુનિ જેવા મુનિઓ રહે છે; તેમની મુલાકાત લઈને તમે તે આશ્રમોને વધારે પવિત્ર બનાવી શકશો. તે ભવ્ય સ્થાન પર અને તે પ્રિય દિવ્ય નદી પર તમારા આશીર્વાદ વરસાવો."

વાલ્મિકીની સૂચના સાથે રામ સંમત થયા અને તેમની રજા મળી કે તરત જ સીતા અને લક્ષ્મણ સાથે તેમણે પોતાની મુસાફરી શરૂ કરી. થોડા સમયમાં તેમણે મંદાકિની નદી જોઈ, તેમાં સ્નાન અને પૂજા વિધિ કરી તેઓ પ્રસન્ન થયાં. થોડાક સમય સુધી તેમણે એક ઘટાદાર વૃક્ષની નીચે આરામ કર્યો અને થોડાંક ફળો ખાધાં. પછી તેઓ ઘાસ પર ચાલવા લાગ્યાં, અને લીલોતરીની અને તે દ્રશ્ય ની પ્રશંસા કરવા લાગ્યાં.

પછી રામે લક્ષ્મણને આમ કહ્યું, “લક્ષ્મણ, આ જગ્યાએ રહેવા માટે આપણે કઈ જગ્યાએ વાંસ પાંદડાની પર્ણકુટી બાંધવી તે હું નક્કી કરી શકતો નથી. કઈ જગ્યા સારી કે ખરાબ છે તે હું નિશ્ચયપૂર્વક કહી શકતો નથી. તું એક જગ્યા પસંદ કરી લે.”

તે શબ્દો સાંભળ્યા કે લક્ષ્મણ તરત જ રામને પગે પડ્યા. તે દુઃખી બની ગયા હતા. તેમણે પૂછ્યું, “ મેં શું પાપ કર્યું છે કે તમે મારી સાથે આમ બોલો છો? શું આ કોઈ પાપની સજા રૂપ છે? કે પછી તમે મારી અને મારા સ્વભાવ ની પરીક્ષા કરી રહ્યા છો? કે પછી તમે મારી મશ્કરી કરી રહ્યા છો, ઠેકડી ઉડાવી રહ્યા છો?” તે ખૂબ દુઃખી થઈ ગયા હતા. ભયથી અને ચિંતાથી મસ્તક નીચું કરીને, તે ઉભા રહ્યા.

તેમના વર્તનથી રામ ને આશ્ચર્ય થયું. પાસે જઈને તેમણે લક્ષ્મણને આલિંગન આપ્યું. તે બોલ્યા, “ભાઈ, એવું શું બન્યું છે કે જેથી તું આટલો બધો દિલગીર બની ગયો છે? તારું હૃદય આટલું બધું કેમ ભાંગી પડ્યું છે તે બાબત હું અનુમાન કરી શકતો નથી. મને તેનું કારણ જણાવ. મારા આશ્ચર્યને અને શોકને વધારે વખત લંબાવ નહીં.”

લક્ષ્મણે તરત જવાબ આપ્યો, “ભાઈ, મેં બધું જ તમને સમર્પિત કરી દીધું છે. મને કોઈ ગમા કે અણગમા રહ્યા નથી. તમને જે પસંદ પડે છે, તે કારણે જ મને પણ તે પસંદ પડે છે. તમે જાણો છો કે, એ એક હકીકત છે. પણ હવે તમે મને કહો છો કે ‘જગ્યા પસંદ કર અને ત્યાં મારે માટે પર્ણકુટી બનાવી દે.’ મારા હૃદયને આઘાત થયો છે, કારણ કે તમે મને મારી ઈચ્છાનો અમલ કરવાનું કહ્યું. પર્ણકુટી ક્યાં બાંધવી તેની આજ્ઞા આપો, અને હું તરત જ તેમ કરીશ. દયા રાખો, મારી સાથે આ રીતે વાત ન કરો. મેં મારી ઇચ્છા, મારી બુદ્ધિ, મારું મન, મારી ઇન્દ્રિયો, મારું શરીર બધું જ તમારા ચરણ કમળમાં સમર્પિત કરી દીધું છે; તે સમર્પણમાં મેં કોઈ અપવાદ રાખ્યો નથી, કોઈ વસ્તુ મારે માટે બાકાત રાખી નથી. હું તમારો દાસ છું; મારો ઉપયોગ કરો, મને આજ્ઞા આપો; તે આજ્ઞા હું પાળું અને તે મુજબ હું કાર્ય કરું એવું કરો .”

**જ્યારે લક્ષ્મણે દિલની સચ્ચાઈપૂર્વક એવી પ્રાર્થના કરી, ત્યારે રામે તેને આશ્વાસન આપ્યું, તેની લાગણીઓને શાંત પાડી. તે બોલ્યા, “હે લક્ષ્મણ, આવી નાની બાબતમાં તું આટલી બધી ચિંતા શા માટે કરે છે? ખોટું લગાડીશ નહીં. મેં આકસ્મિક રીતે જ તને તેવી સૂચના કરી હતી. હું તારી મારા પ્રત્યેની વફાદારી થી અજાણ નથી. ઠીક, મારી સાથે આવ. હું પોતે જ તે જગ્યા પસંદ કરીશ.” પછી સીતાને લઈને તે લક્ષ્મણ સાથે વનને માર્ગે આગળ વધ્યા. થોડા જ સમયમાં મંદાકિની નદીનો ઉત્તર તટ તેમની નજરે પડ્યો. તે તટની લંબાઈ ધનુષની પેઠે વાંકી હતી. તે જગ્યાની પાછળ જાણે**

**ચિત્રકૂટનું શિખર, વીરની પેઠે ધનુષ લઈને ઊભું હતું. એમ લાગતું કે તે જે બાણો ફેંકવા માટે તૈયાર હતું તે ઈન્દ્રિય સંયમ, દાન, ત્યાગ વગેરે વગેરે હતાં, જે બાણોનું લક્ષ્ય પાપોના સમૂહનો નાશ કરવાનું હતું. તે સ્થાનનું તે રીતે વર્ણન કરીને રામે ઉમેર્યું કે આ વીર યુદ્ધમાંથી પાછો ભાગી નહી જાય. સુંદર સ્થાનમાં પર્ણકુટી બાંધવાની તેમણે આજ્ઞા કરી.**

**લક્ષ્મણે રામને અને સીતાને થોડોક સમય એક વૃક્ષ નીચે આરામ લેવાની વિનંતી કરી. પછી તે વાંસ, પાંદડા, લતાઓ અને દોરડાં વણવા માટે વૃક્ષોની છાલના તંતુઓ લઈ આવ્યા. ત્રણ જણ રહી શકે તેવી મોટી ઝૂંપડી રચવા માટે તેમણે ખાડા ખોદ્યા, વાંસ રોપ્યા, અને પર્ણકુટીની રચનાનું કામ પૂરું કરવા માટે ઝડપભેર પરિશ્રમ કર્યો. જયારે થોડોક આરામ લઈ રામ-સીતા વૃક્ષની છાયામાંથી ઊભાં થયાં ત્યારે તેમણે પર્ણકુટી તૈયાર થઈ ગયેલી દીઠી. તે એક સુંદર પર્ણકુટી હતી, રહેવા માટે એક રમણીય ઘર જેવી હતી.** રામ ને લાગ્યું કે મારે લક્ષ્મણ અને તેમના કામમાં થોડીક મદદ કરવી જોઈએ. એટલે તેમણે છાપરા પર ચઢેલા પોતાના ભાઈને જમીન પર પડેલાં દોરડાં, આડા વાંસ બાંધીને મજબૂત બનાવવા માટે લક્ષ્મણના હાથમાં આપ્યાં. સીતા પણ તે કામમાં મદદરૂપ થવા ઇચ્છતાં હતાં. લક્ષ્મણ વૃક્ષોની જે ડાળીઓ લઈ આવ્યા હતા તેમાંથી લાંબા પાંદડાં ચૂંટીને તેમના પૂળા બનાવીને રામના હાથમાં મૂક્યાં, અને રામે તે લક્ષ્મણને આપ્યા.

સાયંકાળ પહેલાં પર્ણકુટી તૈયાર થઈ ગઈ. રામે અનેકવાર, લાંબા સમય સુધી તે નાનકડી સ્વચ્છ પર્ણકુટીને જોઈ; તે લક્ષ્મણની ભક્તિની અને કુશળતાની સીતા સમક્ષ ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. સીતાએ પણ પર્ણકુટીને વખાણી, તેની કદર કરી. તે બોલ્યા કે મેં કદી આવી સુંદર પર્ણકુટી પહેલાં જોઈ નથી; લાંબા સમયથી મને આવી પર્ણકુટીમાં રહેવાની ઇચ્છા હતી. તેમણે રામને કહ્યું કે મારી લાંબા સમયની ઈચ્છા આજે પૂર્ણ થઈ છે.

તે દરમિયાન લક્ષ્મણ છાપરા પરથી નીચે ઉતર્યા. કંઈ બાકી રહી ગયું છે કે કેમ, તેનું નિરીક્ષણ કરવા તે પર્ણકુટીની ચારેય બાજુએ ગોળ ગોળ ફરી વળ્યા. પછી તેમણે સ્નાન કરવાને મંદાકિનીમાં જવાની રામની રજા માગી. થોડીકવાર પછી રામે અને સીતાએ પણ નદીમાં સ્નાન કર્યું. પર્ણકુટીમાં પાછા આવીને તેમણે લક્ષ્મણ સવારે જે ફળો લઈ આવ્યા હતા ખાધાં. પોતાના નવા ઘરમાં તેઓ ઘસઘસાટ ઊંઘી ગયાં.

બીજો દિવસ પસાર થાય ત્યાર પહેલાં સમાચાર ફરી વળ્યાં કે રામ, સીતા અને લક્ષ્મણ ચિત્રકૂટ ની ટેકરી પર નિવાસ કરવા આવી ગયાં છે. તે સાંભળીને વનના તાપસો, પોતાના શિષ્યો

અને સાથીદારો સાથે, તે પવિત્ર પર્ણકુટીમાં આવ્યા. તેમનાં દર્શન કરીને તેઓ પોતાના આશ્રમમોમાં ગયા. રામે તેમના કુશળ સમાચાર પૂછયા: તેમને કોઈ મુશ્કેલીઓ છે કે કેમ જ્યારે તમને મારી સેવા ની જરૂર પડે ત્યારે તમારી મદદે આવવા હું અને મારો ભાઈ તૈયાર છીએ.

પણ તેમણે કોઈ મુશ્કેલીઓ જણાવી નહીં, કોઇ તકલીફોનો ઉલ્લેખ કર્યો નહીં. તે બોલ્યા, “રામ, અમે તમારાં દર્શન કરી શક્યા તે હકીકત માત્ર જ અમારાં જીવનને મુશ્કેલીઓથી મુક્ત કરી દેવા પૂરતી છે, અમારે માટે પર્યાપ્ત રક્ષણ છે.” રામના મનોહર વ્યક્તિત્વને જોઈને તેઓ આશ્ચર્યમુગ્ધ બની ગયા. રામે તપસ્વીઓનું સ્વાગત કર્યું, તેમની સાથે સ્નેહપૂર્ણ વ્યવહાર કર્યો. રામનાં દર્શનથી અને તેમની હાજરીથી તાપાસોનાં ઝંખના પૂર્ણ હૃદય શીતલ બન્યાં; તેમને ખૂબ આશ્વાસન અને વિશ્વાસ સાંપડ્યાં. તેમની ચેતના પર ગહન શાંતિ ઉતરી આવી.

રામ મૂળ મુદ્દે પ્રેમ છે. તેમણે બધાં વનવાસીઓને સુખી કર્યા. તેમણે તેમની સમક્ષ પ્રવચન કર્યું, અને તેમને પીડી રહેલી પ્રેમ માટેની તૃષા છીપાવી. તેમની પાસે જે કોઈ આવે પછી તે તપસ્વીઓ હોય કે શિકારીઓ હોય તેની અભીપ્સાઓ અનુસાર રામ તેને બોધ કરતા. પોતાની સહાનુભૂતિ અને સલાહ વડે, રામે તેમના વ્યવહારો ઉન્નત બનાવ્યા. જે લોકો રામની પાસે જઈને પાછા આવતા તે બધા તેમનાં ગુણ અને કરુણા બાબત જ વાતો કરતા; રામની પ્રશંશા કરતા અને પોતાની જાતને અભિનંદન આપતા આપતા, તેઓ પાછા ઘેર જતા. જ્યારથી રામ, સીતા અને લક્ષ્મણ પર્ણકુટીમાં રહેવા આવ્યાં, તે દિવસથી વન નવા પ્રકાશથી અને નવીન આનંદ થી ચમકી રહ્યું, રોમાંચ અનુભવી રહ્યું. તે વન આંખ માટે મનોહર હતું, અને મનને સુખપ્રદ શીતળતાથી સંતૃપ્ત કરતું હતું. વનમાં રહેલા મુનિ સમાજના જીવનમાંથી ભય અને ચિંતા દૂર થઇ ગયાં; તેમની જગ્યાએ આનંદ વૃદ્ધિ પામ્યો અને ચમકવા લાગ્યો. કઠોર હૃદયવાળી શિકારી જાતિઓ પણ નીતિના નિયમોની પાલવ લાગી; થોડા જ સમયમાં તે માનવજાતિના આભૂષણ રૂપ બની ગયાં. વિંધ્યાચલને દિલગીરી થઈ કે ચિત્રકૂટ પર્વતને આ સદ્ભાગ્ય સાંપડ્યું, અને પોતાને નહીં. શા માટે? એક વિંધ્યાચલને જ નહિ, બધા પર્વતોને દિલગીરી થઈ કે અમે નિવાસ સ્થાન માટે રામને અમારી પ્રત્યે આકર્ષી શક્યા નહિ.

લક્ષ્મણને એક અસાધારણ તક મળી હતી. તે સીતાનાં અને રામનાં ચરણકમળો વડે પોતાની આંખોને ઉત્સવ આપી રહ્યા હતા, અને તે બે જણ પોતાના પર જે પ્રેમ વરસાવી રહ્યાં હતાં તેને લક્ષ્મણ પોતાની અંદર ઝીલતા હતા; એટલે તે બીજું બધું ભૂલી ગયા અને સચ્ચિદાનંદમાં પરમ આધ્યાત્મિક આનંદમાં ડૂબી ગયા. પોતાનાં માતા સુમિત્રા - દેવીને પોતાની ઉર્મિલાને, પોતાનાં

બીજાં સગાં સંબંધીઓને તે સ્વપ્નામાં પણ જોતા નહિ તેમને યાદ ન કરવાનો તેમનો નિશ્ચય એવો તપસ્યામય હતો. સીતા પણ, એક ક્ષણ ના ભાગ માટેય પોતાનાં સગાં સંબંધીઓને, માતા-પિતાને, મિથિલા નગરીને કે અયોધ્યાને યાદ કરતાં નહિ. તે તો માત્ર શ્રી રામચંદ્ર નાં ચરણકમળો પર જ પોતાની આંખો ધ્યાન એકાગ્ર કરતાં. તે જ તેમની આંખો માટે સાચો ઉત્સવ હતો. રામ પાસે બોધ અને માર્ગદર્શન માટે આવતા અનેક મુનિઓને અને તેમની પત્નીઓને તે નિહાળતાં. સમય વહેતો ચાલ્યો; સીતાને રાત દિવસનું ભાન પણ ન રહ્યું. જ્યારે ચંદ્ર આકાશમાં પ્રકાશે છે, ત્યારે ચકોર પક્ષી આનંદમાં આત્મભાન પણ ગુમાવી દે છે; તેવી જ રીતે સીતા રામ ના મુખ પર પોતાની આંખો સ્થિર કરીને આનંદ માણતાં હતાં. સીતા માટે આ ઘાસના છાપરાવાળી વાંસથી બનાવેલી, સુંદર પર્ણકુટી એટલી બધી આકર્ષક થઈ પડી હતી કે તે પોતે જ્યાં ઉછરીને મોટાં થયાં હતાં તે મિથિલાના રાજમહેલને તથા જ્યાં પોતે રાજાની પુત્રવધુ તરીકે અનેક વર્ષો ગાળ્યાં હતાં તે આયોધ્યા ના રાજમહેલને ભૂલી ગયાં. પોતે જે મહેલોને જોયા જાણ્યા હતા તે બધા કરતાં આ પર્ણકુટી તેમને વધારે સુખપ્રદ લાગતી હતી, મહેલ કરતાં પણ ચઢિયાતી લાગતી હતી.

અવાર-નવાર રામ પુરાણોમાં પ્રસિદ્ધ, પ્રાચીન વીરોની કથાઓ વર્ણવતા અને તપસ્યાનાં રહસ્યો પર જેમણે પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું તેવા તાપસોની સિદ્ધિઓ પણ વર્ણવતા. સીતા અને લક્ષ્મણ ખૂબ આતુરતાપૂર્વક, ઉત્સાહપૂર્વક તે સાંભળતાં. તે કથાઓ વર્ણવતાં રામ પોતાનાં માત- પિતાને યાદ કરતા અને પોતાના વિયોગથી તેમને જે શોક થતો હશે તેની યાદ સીતાને અને લક્ષ્મણને કરાવતા. તે સમયે પોતાનાં સાસુ-સસરાના વિચારથી સીતાની આંખોમાં આંસુ ઊભરાઈ આવતાં. રાણી કૌશલ્યાના ચિત્રને મનમાં ખડું કરતાં, તેમની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગતો. પછી એકદમ એ વિચારથી હિંમત ધારણ કરતાં કે નર શાર્દૂલ રામ મારી સાથે છે; હું તેમની હાજરીમાં છું; એટલે વનમાં મારે શોક કે ચિંતા કરવાં એ યોગ્ય નથી; જે કાંઈ બને તેનું પોતાના સ્વામીની લીલા સમજીને સ્વાગત કરવું જોઈએ. આમ કુટિમાં રામ અને લક્ષ્મણ સાથે સીતા કેવળ આનંદમાં પોતાના દિવસો વિતાવતાં. તે બે જણ પણ સીતાને પોતાની આંખોનાં પોપચાંની પેઠે સાચવતા, જેથી સીતાને જરા પણ વિક્ષોભ ન થાય, કશું જ તેમની સમતામાં ભંગ ન પાડે, તેમનાં મનમાં ભય પેદા ન કરે. તે ત્રણેયને કોઈ ચિંતા થતી નહિ; કોઈ શોક, દુઃખ કે દિલગીરી ની છાયા ચિત્રકૂટ વસવાટ દરમિયાન, તેમના સુખમાં ભંગ પાડતાં નહિ.

• • •

## અયોધ્યા પર શોકનો અંધકાર

તે દરમિયાન, જે નિષાદ-રાજ ગુહ અમુક દૂર સુધી રામ સાથે વનમાં ગયો હતો અને પછી પોતાના રાજ્યમાં પાછો આવતો હતો, તેણે ગંગાતટ પર રથમાં બેઠેલા મંત્રી સુમંત્રને જોયા. ઘોડા એક છાયાદાર વૃક્ષની નીચે તેમની લગામો વડે બાંધેલા હતા. સુમંત્ર એકલા બેસીને ખૂબ વિલાપ અને રુદન કરી રહ્યા હતા. ગુહ પણ પોતાના શોકને લાંબો સમય કાબૂમાં રાખી શક્યો નહિ; ‘રામ’ બોલીને તે સુમંત્ર પ્રત્યે દોડ્યો. તે વૃદ્ધ મંત્રીને ભેટી પડ્યો. પોતાનો શોક વ્યક્ત ન કરી શકવાથી બંને જણ ડૂસકાં ભરી ભરીને રડવા લાગ્યા. તેઓ વૃક્ષ નીચે ઉભા રહ્યા, પણ કુહાડીથી કપાયેલાં વૃક્ષોની પેઠે બંને જમીન પર પડી ગયા. તેઓ રામના, સીતાના, અને લક્ષ્મણના નસીબ બાબત વિલાપ કરવા લાગ્યા અને બધાંનાં દુઃખનાં કારણ-રૂપ કૈકેયીને ગાળો ભાંડવા લાગ્યા. અશ્વોએ ખાવાનું અને પીવાનું બંધ કરી દીધું.

જ્યારે જ્યારે ઘોડા સુમંત્રને અને ગુહને સીતાનું, રામનું કે લક્ષ્મણનું નામ બોલતા સાંભળતા, ત્યારે ત્યારે તેઓ પોતાનું માથું ઊંચું કરીને દૂર દ્રષ્ટિ ફેંકતા. અશ્વો પણ, દુઃખી સુમંત્રની અને ગુહની પેઠે, જેમને તે ચાહતા અને પૂજતા હતા તેમનાં દર્શન કરવા આતુર હતા. સુમંત્રે પશુઓની પીડા અને શોક જોયાં અને તેમનો શોક ખૂબ વધી ગયો.

હૃદયને ચીરી નાંખે તેવા વિલાપમાં થોડોક સમય પસાર થઈ ગયો. છેવટે ગુહ થોડો સ્વસ્થ બનવામાં સફળ થયો. તેણે થોડીક હિંમત એકઠી કરી અને તે સુમંત્ર પ્રત્યે બોલ્યો, “હે મંત્રીજી, તમે ખૂબ બુદ્ધિશાળી છો, નીતિમાં સુસ્થિર છો; તમે આ સર્વ પસાર થતા દેખાવની પીઠમાં રહેલી વાસ્તવિકતા સાથે તાદાત્મ્ય સાધ્યું છે; નસીબ વિચિત્ર પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓ રચે છે, એટલે માણસે તેમને સહન કરવાનું શીખવાનું છે. ઊભા થાઓ, અયોધ્યા પાછા જાઓ. કૌશલ્યાને અને સુમિત્રાને આ સમાચાર જણાવો; તેઓ તમને મળવા અને તમે જે કહો તેને સાંભળવા ઝંખે છે. સુમંત્ર જ્યાં પડ્યા હતા ત્યાંથી ગુહે તેમને બળજબરીથી ઉઠાડ્યા અને રથમાં બેસાડ્યા; ઘોડાઓને લાવીને ગુહે તેમને રથે જોતર્યા.

સુમંત્રને ખ્યાલ આવ્યો કે ગુહ જેને માટે આગ્રહ કરતો હતો તે સાચું પગલું હતું. અંધ હિંમત વડે સંચાલિત થઈને, વૃદ્ધ મંત્રીએ ઘોડાઓને ચાલવાનો ઈશારો કર્યો. રામના વિયોગથી થતા શોકને કારણે તેમનું શરીર નબળું પડી ગયું હતું, એટલે ઘણો પ્રયત્ન કરવા છતાં તે પહેલાંની પેઠે રથ હાંકી શકતા ન હતા. તે રથમાં ગબડી પડ્યા, અનેકવાર ગબડી પડ્યા અને થોડીક મિનિટો પછી પોતાના

આસન પર બેઠા. અને ઘોડાઓ! તેઓ પણ ચાલવા ઇચ્છતા ન હતા. તેઓ પાછા જવાની ઈચ્છા કરતા હતા અને ડોકું વાળીને પાછળના માર્ગને જોતા હતા.

સુમંત્રે પોતાની જાતને અને પોતાના નસીબને ધિક્કાર્યું, "મને ધિક્કાર હો! મારા આ ભીષણ જીવનનો અંત આવો. કોઈક દિવસ તો આ દેહ બળીને ખાખ થવાનો જ છે. તે કોઈક રોગથી કે દુન્યવી વિપત્તિથી મરી જાય તેના કરતાં તો તે રામના વિયોગની પીડાથી મરી જાય તે વધારે સારું છે. તેથી મારું જીવન ધન્ય બની જાત, તેથી મને સનાતન યશ પ્રાપ્ત થાત. તેવો યશ પ્રાપ્ત કરવો એ જીવનનાં બધાં દુઃખોનો બદલો છે." પછી તે મનમાં બોલ્યા, "ના, સુમંત્ર, જો તારું સદ્દભાગ્ય હોત તો તું રામને ચીટકી રહ્યો હોત. જ્યારે તારું નસીબ જ ખરાબ છે, ત્યારે તું પાછા આવીને જીવવા સિવાય બીજું શું કરી શકવાનો છે? હવે શોક કરવાથી અને તારી જાતને દોષ કાઢવાથી શું વળવાનું છે?" આમ સુમંત્રે ખૂબ કઠોરતાપૂર્વક પોતાની જાતને ઠપકો આપ્યો.

ફરીને મનમાં પોતાની જાતને કહેવા લાગ્યા, "હું શું મોઢું લઈને અયોધ્યામાં જઈશ? રામ ક્યાં છે? એમ મને નાગરિકો પૂછશે ત્યારે તેમને હું શો જવાબ આપીશ? જ્યારે તેઓ મને પૂછશે કે તમે રામને જંગલમાં છોડી ને કેવી રીતે આવી શક્યા? ત્યારે હું તેમને શો જવાબ આપીશ? શું હું શરમ અને શોક વડે અભિભૂત નહિ બની જાઉં? અરે મારું હૃદય પથ્થર બની ગયું છે, નહિ તો મને જે વીત્યું છે તેનાથી તેના ટુકડા કેમ ન થઈ ગયા?" પોતાની અધમતાથી સુમંત્રને પોતાની જાત પર ધૃણા આવી. તે નિરાશામાં પોતાના હાથ ઘસવા લાગ્યા. તેમણે નિર્ણય કર્યો કે, "જ્યારે લોકો હરતા ફરતા હોય ત્યારે દિવસના ભાગમાં હું નગરીમાં પ્રવેશ નહીં કરું જ્યારે બધાં ઘસઘસાટ ઊંઘી ગયાં હશે ત્યારે રાતે જાતે હું પ્રવેશ કરીશ."

પણ તરત જ તેમના અંતરાત્માના અવાજે કહ્યું, "શું? શું અયોધ્યાના લોકો ઊંઘી શકતા હશે? ના, ના, તેઓ ઊંઘી શકે જ નહીં. મારી મૂર્ખતાને કારણે મારા અજ્ઞાનને કારણે હું તેવી કલ્પના કરું છું. રામના પાછા આવવાના સમાચાર સાંભળવા માટે તેઓ જાગતા જ હશે. હું અયોધ્યામાં રાતે પ્રવેશું કે દિવસે, પણ હું શરમમાંથી અને અપમાનમાંથી છટકી જઈ શકું તેમ નથી. ઠીક, રામની કૃપા માટે અયોગ્ય એવા મારે માટે આ કમનસીબ જ યોગ્ય પુરસ્કાર છે. હું તે ભોગવી લઉં, દોષના ભારને સહન કરી લઉં એ જ શ્રેષ્ઠ છે." આમ સુમંત્ર ધીમે ધીમે વચ્ચે અટકીને, પોતાનો માર્ગ કાપવા લાગ્યા, પોતાના મનમાં જ પ્રશ્નો અને ઉત્તરો રચવામાં સમય ગાળવા લાગ્યા.

છેવટે તે તમસા નદીના તટ પર આવી પહોંચ્યા. એટલે તેમણે ત્યાં થોડાક કલાક ગાળવાનો, ઘોડાઓને થોડુંક ઘાસ ચારવાનો અને રાતે અયોધ્યામાં પ્રવેશ કરવાની તૈયારી કરવાનો (જ્યારે લોકો માર્ગો પર વિચરતા ન હોય, પણ ઊંઘી ગયા હોય ત્યારે પ્રવેશ કરવાની તૈયારી કરવાનો) નિર્ણય કર્યો. આખરે રથે નગરીના દરવાજામાં પ્રવેશ કર્યો અને માર્ગો પર થઈને ચાલવા લાગ્યો.

પૈડાંનો અવાજ ન થાય અને ઘોડાઓની ખરીઓનો અવાજ ન થાય તે બાબત સુમંત્રે ખૂબ દરકાર રાખી; રથ ગોકળગાયની ગતિથી ચાલવા લાગ્યો. પણ ઘોડાઓના શોકને કોણ મૌન કરી શકે? જે માર્ગો પર થઈને તેઓ રામને લઇ ગયા હતા તે માર્ગોને ઘોડાઓએ ઓળખ્યા. પોતાના વહાલા રામ દૂર-સુદૂર હતા, એટલે તેમણે પોતાના વર્તમાન નસીબ માટે નિસાસા મુકવા માંડ્યા.

નાગરિકોએ તેમનો કરુણ હણહણાટ સાંભળ્યો, તે સાંભળવામાં તેમના કાન એકાગ્ર બની ગયા. તેઓ એકબીજાને કહેવા લાગ્યા કે ખાલી રથ લઈને સુમંત્ર પાછા આવ્યા છે. તે કરુણ દ્રશ્ય જોવા માટે તેઓ દોડીને માર્ગની બંને બાજુએ દીનતાથી ઉભા રહ્યા.

ટોળાંને જોઈને સુમંત્રે પોતાનું માથું નીચું ઘાલ્યું. તેમને કરુણ મુદ્રામાં જોઈને લોકોએ અનુમાન કરી લીધું કે રામ પાછા આવ્યા નથી. તેઓ જ્યાં ઊભા હતા ત્યાં જ જમીન પર મૂર્છિત બનીને ઢળી પડ્યા. ઘણા તો મોટેથી રડવા લાગ્યા. જ્યારે રાણીઓના મહેલોના નિવાસીઓએ શોકમગ્ન ઘોડાઓનો હણહણાટ સાંભળ્યો ત્યારે તેનું કારણ જાણી લાવવા માટે તેમણે દાસીઓને મોકલી. સુમંત્ર પાસે દોડી જઇને દાસીઓએ પ્રશ્નોની ઝડી વરસાવવા માંડી. સુમંત્ર વિક્ષુબ્ધ અને પરાજીત થઈને બેઠા હતા, મૂંગા માણસની પેઠે તે જવાબો આપી શકવા અસમર્થ હતા. ભાંગી પડેલા સ્તંભની પેઠે તે સ્થિર બેઠા હતા; જાણે તે બહેરા હોય તેમ, પોતાને આતુરતાપૂર્વક પૂછાયેલા પ્રશ્નોને સાંભળી શકતા ન હોય તેમ.

તેમના વર્તન પરથી દાસીઓએ અનુમાન કર્યું કે રામે પાછા આવવાની બધી આજીજીઓને ઠુકરાવી હતી. તેઓ વિલાપ કરવા લાગી કે-હે મંત્રીજી, તમે સીતાને ભયાનક જંગલમાં મૂકીને એકલા પાછા આવ્યા? પછી તેઓ ઓચિંતા વિલાપ કરવા લાગી.

એક દાસી બીજી બધી કરતાં વધારે હિંમતવાન હતી. તેણ સુમંત્રને કહ્યું કે તમારે સીધા કૌશલ્યાના મહેલમાં આવવું, એવી તેમની આજ્ઞા છે.

સુમંત્રે ત્યાં રાજાને જમીન પર છતાંપાટ પડેલા જોયા; ઊંઘ અને આહાર વગર તે થાકી ગયા હતા, તેમનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત હતાં. સુમંત્રે પોતાના શોકના આવેગને દબાવી દીધો. તેમણે 'જય-જય' શબ્દો પોકાર્યા, જે રાજાને જોતાં પોકારવાનો રિવાજ છે. નખથી શિખ સુધી કંપતા તે ત્યાં ઊભા રહ્યા. સુમંત્રના અવાજને ઓળખીને દશરથ બેઠા થયા અને તેમણે આજીજી પૂર્વક પૂછ્યું કે સુમંત્ર, મારા રામ ક્યાં છે?

સુમંત્રે દશરથને પોતાના હાથમાં પકડી લીધા. જેમ ડૂબતો માણસ ઘાસનાં તણખલાંને પકડે તેમ, દશરથ સુમંત્રને બાઝી પડ્યા. તે બંનેને અપાર શોકથી રુદન કરતા જોઈને કૌશલ્યા શોક મગ્ન બની ગયા. તે શ્વાસ પણ  ભાગ્યે જ લઈ શકતાં હતાં; તેમણે નિસાસા મુક્યા, તે કરુણતાપૂર્વક શોકમગ્ન બની ગયાં. તે જોઈને દાસીઓ પણ બધાંના દુર્ભાગ્ય માટે વિલાપ કરવા લાગી. તેઓ રાણીને આશ્વાસન આપવા પ્રયત્ન કરવા લાગી.

તે દરમિયાન દશરથ થોડાક સ્વસ્થ બન્યા. તેમણે સુમંત્રને પોતાની સામે બેસાડ્યા અને પૂછ્યું, "સુમંત્ર, મને મારાં સીતાની અને રામની વાત કરો, તેમના વિશે બધી વાત કરો. લક્ષ્મણ કેમ છે? ખેદની વાત છે કે સુકોમળ સીતા ખૂબ થાકી ગયાં  હશે. અત્યારે તે બધાં ક્યાં છે? મને કહે." સુમંત્ર જવાબ આપવા ઉત્સક ન હતા તે જોઈને, તેમણે સુમંત્રનો ખભો પકડીને હલાવ્યો અને ખૂબ કરુણતાપૂર્વક બધું કહેવાની આજીજી કરી.

શરમના માર્યા સુમંત્ર દશરથના મુખ સામું જોઈ શકતા ન હતા. તે નીચું મ્હોં ઘાલીને બેઠા હતા. તે જમીન પર નીચું જોઈને રુદન કરતા હતા, તે બોલી શકતા ન હતા. ડૂસકાં ભરવાનું ચાલુ રાખતા દશરથ બોલ્યા, "હે રામ, તારા જેવો પુત્ર મને છોડી ચાલ્યો ગયો અને છતાં હજી પણ મારા પ્રાણ આ  દેહમાં ટકી રહ્યા છે. જગતમાં મારા જેવો કોઈ અધમ પાપી નથી.  સુમંત્ર, અત્યારે  મારા રામ, સીતા અને લક્ષ્મણ ચોક્કસ કઈ જગ્યાએ છે? વિલંબ કર્યા સિવાય, તેઓ જ્યાં છે ત્યાં મને લઈ જા, આટલું સરસ કાર્ય કર. મારી આ ઈચ્છા પૂર્ણ કર. તેમને જોયા સિવાય હું એક ક્ષણ પણ વધારે જીવી નહીં શકું."

વિમૂઢ, નિરાશ, મરણીયા માણસની પેઠે તેમણે દુઃખ પૂર્વક ચીસ પાડી, "રામ, હે રામ,  કમ સે કમ એકવાર મને  તારાં દર્શન કરાવ. શું મને તું, તને જોવાની તક નહીં આપે?"

રાજા જ્યાં સૂતા હતા તે ખંડની બહાર ઊભેલી દાસીઓને નિંદ્રા આવતી ન હતી કે ભોજન ભાવતાં ન હતાં, કારણ કે રાજાની દશા જોઇને તેઓ શોકમગ્ન બની ગઈ હતી. સુમંત્રે જવાબ આપ્યો,

"હે રાજાધિરાજ, તમે ખૂબ જ્ઞાની છો, વીર છો, તમારામાં ઘણી શક્તિઓ છે. તમારો વંશ દિવ્ય છે. તમે હંમેશા તપસ્વીઓની અને સંતોની સેવા કરી છે. તમે જાણો છો કે, જેમ દિવસ પછી રાત્રી આવે છે અને રાત્રિ પછી દિવસ આવે છે, તેમ સંપત્તિ અને ગરીબાઈ, સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગ એક પછી બીજું એમ અનિવાર્ય રીતે આવતાં હોય છે. માત્ર મૂર્ખ લોકો જ સંપત્તિ આવતાં છલકાઈ જાય છે અને વિપત્તિ આવતાં નિરુત્સાહ બની જાય છે. તમારા જેવા વિદ્વાન લોકોએ તે દ્વંદ્વોના પ્રભાવ હેઠળ ન આવવું જોઈએ. જે કાંઈ બને તેમાં તેમણે સમતા રાખવી જોઈએ. આ પરિસ્થિતિનો હિંમતપૂર્વક સામનો કરવાનું તમને કહેવાનો મને અધિકાર નથી. આ પરિસ્થિતિમાં હિંમતની જરૂર મારા કરતાં તમે વધારે જાણો છો. હે જગતના કલ્યાણકર્તા, મારી પ્રાર્થના પર ધ્યાન આપો, આ શોક નો ત્યાગ કરો. હવે હું તેમની સાથેની મારી મુસાફરી ની વિગતો વર્ણવીશ. કૃપા કરીને શાંતિપૂર્વક સાંભળો." તે સાંભળીને કૌશલ્યા દાસીઓની મદદ લઈને બેઠાં થયાં, તેમણે દાસીઓનો ટેકો લીધો અને સુમંત્રની વાત સાંભળવા તૈયાર થયાં.

સુમંત્રે શરૂ કર્યું, "હે રાજા પહેલે દિવસે અમે તમસા નદીના તટ સુધી મુસાફરી કરી. સીતાએ, રામે અને લક્ષ્મણે તે નદીમાં સ્નાન કર્યું. પાણી પીને તેમણે એક ઘટાદાર વૃક્ષ હેઠળ આરામ કર્યો; બીજે દિવસે અમે ગંગા નદીએ પહોંચ્યા. અંધકાર બધે છવાઈ ગયો હતો. રામની આજ્ઞાથી મેં રથને થોભવ્યો; તે ત્રણેય જણે સ્નાન કર્યું અને રેતી પર આરામ કર્યો. સવાર પડતાં રામે લક્ષ્મણને વટવૃક્ષોનો રસ લઇ આવવા કહ્યું. પોતાના કેશમાં તે રસ ચોપડીને રામે પોતાના મસ્તક પર જટા બનાવી લીધી. તે દરમિયાન રામનો મિત્ર, નિષાદરાજ એક નૌકા લઈ આવ્યો. પ્રથમ સીતાને તેમાં બેસાડ્યાં, પછી રામ તેમાં બેઠા. પછી રામની આજ્ઞાથી લક્ષ્મણ પોતાનાં ધનુષ-બાણ લઈને નૌકામાં દાખલ થયા. તે પહેલાં લક્ષ્મણે મારી પાસે આવીને કહ્યું કેઃ મારા માતા-પિતાને મારા સાષ્ટાંગ પ્રણિપાત કહેજો અને તેમના આશીર્વાદ માટેની મારી પ્રાર્થના તેમને જણાવજો. મારા વતી તેમને પ્રાર્થના કરજો કે હિંમતપૂર્વક અને જ્ઞાનપૂર્વક બધું સહન કરી લે."

અયોધ્યામાં જાહેર કરવા માટ માટે રામે જે કહ્યું હતું તેનો હેવાલ સુમંત્રે જારી રાખ્યો. તેણે કહ્યું, "પછી રામે મને કહ્યું કે- સુમંત્ર, ગુરુજીને મારા પ્રણામ કહેજો; મારા પિતા ને કહેજો કે બની ગયેલી ઘટનાઓ બાબત શોક કરશો નહી.

પછી રામે મને પોતાની પાસે બોલાવીને કહ્યું કે- અયોધ્યાના મંત્રીઓને, નાગરિકોને, રાજકુટુંબના સગાં-સંબંધીઓને બોલાવીને મારી ખાસ વિનંતી કહેજો કે મને તે લોકો જ વહાલા છે, જે મારા પિતાના જીવનને સુખી બનાવવાના પ્રયત્ન કરશે.

પછી રામ બોલ્યા કે-ભરત આવે ત્યારે તેને મારા આશીર્વાદ કહેજો અને સૂચના આપશો કે રાજ્યનો ભાર વહન કરવાનું તે સ્વીકારે, ન્યાયમાં અને પ્રમાણિકતામાં વૃદ્ધિ કરે, મન-વચન-કાર્ય દ્વારા પ્રજાનું કલ્યાણ કરે. ભરતને કહેજો કે તે માતા-પિતાની એવી સેવા કરે કે જેથી તેઓ મારા વિયોગનું દુઃખ ભૂલી જાય.

જ્યારે રામ મને આ સંદેશાઓ આપી રહ્યા હતા ત્યારે સીતાએ આવી મને કહ્યું કે, રાજા ને કહેજો કે-'હું રામ સાથે સમય સુખમાં વિતાવું છું, મને કશાની ખોટ સાલતી નથી. મારાં સાસુ સસરા ને મારા સાષ્ટાંગ પ્રણિપાત કહેજો. તેઓ મારી ચિંતા ન કરે, એમ તેમને કહેજો. તેમને ખાતરી આપજો કે-હું મારા પતિ સાથે સુખી છું અને તમારા આશીર્વાદની આકાંક્ષા સેવું છું. તેમને કહેજો કે હું વારંવાર તેમના કુશળ સમાચાર પૂછતી રહું છું.'

તે દરમિયાન નાવિકને ખ્યાલ આવ્યો કે, રામની ઇચ્છા એવી છે કે હવે જરા પણ વિલંબ ન કરવો. એટલે તેણે નદીમાં હલેસું ઝબોળ્યું. રામ ચાલ્યા ગયા. સ્તબ્ધ બની ગયેલા હૃદય સાથે હું, તરીને દૂર જતી નાવડી ને જોઈ રહ્યો. નદીના તટ પર મેં ઘણો સમય ગાળ્યો હોવો જોઈએ. રામની આજ્ઞાનું પાલન કરવા માટે મારે અયોધ્યા પાછું આવવાનું જ હતું; નહીં તો હું ગંગામાં ડૂબીને મરી જાત, હું એટલો બધો મરણીયો બની ગયો હતો. રામનો સંદેશ લઈ આવવા માટે જ મારે જીવન ટકાવી રાખવું પડ્યું. રામ વગરની આ અયોધ્યા મને વન જેવી એકલવાયી અને ભયંકર લાગે છે."

સુમંત્રના શબ્દો સાંભળીને, અને રામના તથા સીતાના મૃદુ મધુર સંદેશાઓ સાંભળી દશરથ પોતાના શોકને કાબુમાં રાખી શક્યા નહીં . જે બધું બન્યું હતું તેને તે ભૂલી જઈ શક્યા નહીં. તે મૂર્છિત બનીને નીચે પડ્યા.

ગાઢ કાદવમાં પડેલું માછલું જેમ પાણી માટે તરફડે તેમ, રાજાનો શ્વાસ રૂંધાઈ ગયો. તેમની તે દશા જોઈને રાણીઓ હૃદય ચીરી નાંખે તેવો વિલાપ કરવા લાગી. તે ખતરનાક દુઃખનું વર્ણન શબ્દોમાં કરી શકાય તેમ નથી. તેમનું દુઃખ જોઈને શોક પણ પોતાના શોકને કાબુમાં રાખી શક્યો નહીં. રાણીઓના, રાજાના અને મહેલની દાસીઓના શોકથી આખી નગરી ગભરાઈ ગઈ, ભયભીત બની ગઈ. વનમાં મધ્યરાત્રીએ વૃક્ષો પર વ્રજ પડે અને તે વૃક્ષો પરનાં પંખીઓ જેમ ભયપૂર્વક ફફડાટ કરીને ઉડી જાય તેમ અયોધ્યાવાસીઓ ભયથી વેરવિખેર બની ગયા.

જેમ પાણીમાંથી ચૂંટી લેવાયેલી કમળની દાંડી જલદી કરમાઇ જાય છે તેમ રાજા જલ્દી પોતાનું શરીર છોડી દેવાની તૈયારીમાં હતા. તેમનું ગળું રુંધાઈ ગયું, તેમની જીભ સુકાઈ ગઈ,

ઇન્દ્રિયો જડ બની ગઈ. કૌશલ્યાએ દશરથને જોયા અને તેમને લાગ્યું કે સૂર્યવંશનો સૂર્ય આથમવાની અણી પર હતો.

હિંમત એકઠી કરીને તેમણે રાજાનું મસ્તક પોતાના ખોળામાં લીધું અને તે તેમને આશ્વાસન અને આરામ આપવા માટે બોલ્યાં, “હે સ્વામી, રામ અને લક્ષ્મણ થોડા જ સમયમાં આવશે અને તમને મળશે. મારા શબ્દો સાંભળો. હિંમત રાખો. મને બળવાન બનાવો.” જ્યારે કૌશલ્યાએ કરુણતાપૂર્વક તેમના કાનમાં આવી પ્રાર્થના કરી ત્યારે આંખો ઉઘાડીને દશરથ બોલ્યા, “કૌશલ્યા, મારા રામ ક્યાં છે? તે ક્યાં છે તે મને બતાવ, મને બતાવ. ખેદની વાત છે કે મારી મધુર અને સુકોમળ પુત્રવધુ અત્યારે અહીં નથી અને લક્ષ્મણ ક્યાં છે? હું તેને અહીં જોતો નથી.”

વધારે વખત મસ્તક ઊંચું ન રાખી શકવાને કારણે, દશરથે પોતાનું મસ્તક નીચે નમાવી દીધું. શોકનો ભાર બહુ વજનદાર હતો. થોડીક મિનિટો પછી દશરથને શ્રવણના પિતાએ એક અંધ તાપસે પોતાને જે શ્રાપ આપ્યો હતો તે યાદ આવ્યો. પ્રયત્ન કરીને તે બેઠા થયા અને ધીમે સાદે કૌશલ્યાને તે શ્રાપની વાત કહેવા લાગ્યા.

“કૌશલ્યા, એકવાર હું વનમાં મૃગયા કરવા માટે ગયો હતો. ઘણા સૈનિકો અને શિકારીઓ મારી સાથે આવ્યા હતા. આખા દિવસ દરમિયાન અમે કોઈ જંગલી પશુને જોયું નહીં. પણ મને લાગ્યું કે ખાલી હાથે, થેલામાં કોઈ મૃત પશુના દેહને લીધા વગર, મારે અયોધ્યામાં પાછા જવું ન જોઈએ. રાતે અમે મનમાં પ્રવેશ કર્યો અને કોઈક પશુ આવી મળે તેની રાહ જોયા કરી. એક વિશાળ સરોવરના કિનારા પર અમે બેઠા હતા. સવાર પડવાની તૈયારી હતી. એટલામાં જળના છેવાડા પર કોઈ ગતિ કરતું હોય એમ મને લાગ્યું. તે ગતિનો અવાજ મેં સાંભળ્યો.

મેં અનુમાન કર્યું કે, તે જંગલનું કોઈ મોટું પશુ હતું. મારામાં શબ્દ-વેધ કરવાની (અવાજ પરથી પશુને બાણ મારી વીંધી નાંખવાની) શક્તિ હતી, એટલે મેં એક તીક્ષ્ણ, નિશ્ચિત બાણ છોડ્યું. તે ભીષણ બાણ વેગપૂર્વક ઉડ્યું અને તેણે તે પશુને વીંધી નાંખ્યું. ઓચિંતી એક ચીસ સાંભળી કે આહ! તે અવાજ જ્યાં પશુ પડ્યું હતું ત્યાંથી આવતો હતો. હું સૈનિકો સાથે ત્યાં દોડી ગયો, અને અરેરે! મને માલૂમ પડ્યું કે તે પશુ ન હતું, પણ એક તાપસનો યુવાન પુત્ર હતો. નીચા નમીને મેં તેને પ્રાર્થના કરી કે આ કરુણ ભૂલ માટે મને ક્ષમા આપો. તે તાપસ પુત્રે મને કહ્યું, “હે રાજા, શોક ન કરશો. મારી એક વિનંતી સ્વીકારો. તે સ્વીકારવાથી તમારા પાપનો બદલો મળી ગયો એમ હું માનીશ. મારું નામ શ્રવણ છે. મારા માતા-પિતા અંધ છે. હું તે બંનેની સેવામાં મારા જીવનના દિવસો ગાળતો હતો. તે સેવા

કરવાથી મને જરૂરી બધું સુખ મળી રહેતું હતું; મને પરમ જ્ઞાન, આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત થયો હતો. મારા માતા-પિતા ખૂબ તૃષાથી અત્યારે પીડાઈ રહ્યાં છે. તેમને માટે થોડુંક પાણી લઈ જવા માટે હું આ સરોવર પર આવ્યો હતો; મને જંગલનું પશુ માની લઈને તમે મને બાણથી વીંધી નાંખ્યો. નસીબને કોણ મિટાવી શકે છે? મારી અત્યારની સ્થિતિ એવી છે કે, હું મારા માતા-પિતા માટે પાણી લઈ જઈ શકું તેમ નથી. એટલે આ જળપાત્ર લઈને તમે તેમની પાસે જાઓ. તમે ઉત્તર દિશામાં જજો, ત્યાં એક એકલવાયી ઝૂંપડી આવશે. તેઓ પાણી પી લે ત્યાર પછી અહીં જે બન્યું છે તેનું વર્ણન તમે તેમની આગળ કરજો. તેઓ પોતાની તરસ છિપાવે ત્યાં સુધી મારા વિશે કશું બોલશો નહીં." એમ બોલીને, મને જળપાત્ર આપીને તેણે પ્રાણ છોડી દીધા.

કૌશલ્યા, તે પોતાના માતા-પિતા માટે કેટલો બધો કરુણાજનક રીતે વ્યગ્ર હતો! તેણે ઝડપભેર ચાલ્યા જતા પોતાના પ્રાણની દરકાર કરી ન હતી, તેણે મને એક પણ કઠોર શબ્દ કહ્યો ન હતો. તેના મૃદુ, મધુર, પ્રેમપૂર્ણ શબ્દો હજી પણ મારા કાનમાં ગુંજે છે. છેલ્લો શ્વાસ મૂકતાં તેણે ત્રણ વખત પવિત્ર પ્રણવનો (ઓમનો) ઉચ્ચાર કર્યો હતો. તેને અને તેના શાંત, હિંમતપૂર્ણ મૃત્યુને જોઈને મેં તેની છેલ્લી ઈચ્છા પૂર્ણ કરીને મારા પાપનું પ્રાયશ્ચિત કરવાનો નિર્ધાર કર્યો. તેણે કહેલી ઝૂંપડીમાં ત્વરાપૂર્વક ગયો, અને એક પણ શબ્દ બોલ્યા વગર તે જળપાત્ર તેમના હાથમાં મૂક્યું, પણ તેનાં માતા-પિતાએ મને પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી, "હે પુત્ર, તને કેમ આટલી બધી વાર થઈ? આટલો બધો વિલંબ તેં કેમ કર્યો?" તેમણે પુત્રનો સ્પર્શ કરવા માટે, તેની હાજરી અનુભવવા માટે, પોતાના હાથ લંબાવીને ફાંફા મારવા માંડ્યા. હું થોડુંક પાછો હઠી ગયો. તે દરમિયાન તે વૃદ્ધ દંપતી વિલાપ કરવાં લાગ્યાં: હે પુત્ર, આજે તું અમારી સાથે બોલતો કેમ નથી? તું અમારી સાથે જ્યાં સુધી બોલશે નહીં, અમારા પ્રશ્નનો જવાબ આપશે નહીં, ત્યાં સુધી અમે તારું લાવેલું પાણી પીશું નહીં.

મેં સૈનિકોને આજ્ઞા આપી હતી કે-શ્રવણના મૃતદેહને મારી પાછળ ઝૂંપડીએ લઈ આવજો. તેઓ મડદાંને લઇને આવી પહોંચ્યા. મેં મૃતદેહને તેની માતાની પાસે, તે તેને અડકી શકે તેવી રીતે મૂક્યો. માતાએ મૃતદેહ ઉપર ખૂબ વિલાપ કર્યો, હું તે સહન કરી શક્યો નહીં. થોડાક સમય પછી માતાએ પોતાના શોક પર થોડો કાબૂ રાખીને મને કહ્યું, 'રાજા, અમારો પુત્ર અમને છોડીને ચાલ્યો ગયો છે, એટલે અમારે અમારા જીવનને વધુ લંબાવવાની કશી જરૂર નથી. અમે વૃદ્ધ બની ગયાં છીએ, કોણ અમારી સેવા કરશે. અમારું ભરણ પોષણ કરશે? તમે જેમ તેને મારી નાંખ્યો તેમ અમને પણ મારી નાંખો; નહીં તો અહીં ચિતા રચો, અમે અમારા પુત્રના મૃતદેહ સાથે તેમાં બળી મળીશું.' મસ્તક નમાવીને મેં તેમની આજ્ઞા સ્વીકારી લીધી. શુષ્ક કાષ્ઠ એકઠાં કરીને ચિતા રચી. પુત્રના

મૃતદેહને તેના પર મૂકવામાં આવ્યો. માતા-પિતા પણ ચિતા પર બેઠાં; યોગશક્તિ વડે તેમણે અગ્નિ પ્રજ્વલિત કર્યો અને તેમણે પોતાની જાતને બાળી નાંખી.

બળી મરતાં પહેલાં તેમણે મને સંબોધીને થોડાક શબ્દો કહ્યા. તેમનો પવિત્ર શ્રાપ આજે સાચો પડી રહ્યો છે." એટલું બોલીને થોડોક આરામ લેવા માટે અને પોતાના મનના વિક્ષોભને શાંત કરવા માટે દશરથ અટક્યા. કૌશલ્યાએ તેમને શાંત પાડ્યા. આશ્વાસન આપ્યું. તે બોલ્યાં, "સ્વામી, માતા-પિતા શું બોલ્યાં હતાં? તે મને કહો. હું તે જાણવા આતુર છું." થોડીક વાર મૌન રાખીને દશરથે જવાબ આપ્યો, "કૌશલ્યા, હું શું કહું? તે શબ્દોનું પુનરુચ્ચારણ કેવી રીતે કરી શકું? તે વૃદ્ધદંપતી બોલ્યાં હતાં કે અમે જેમ મરીએ છીએ, તેમ તમે પણ પુત્ર વિયોગમાં ટળવળીને મરી જશો. પછી તે બંને જણ અગ્નિની જ્વાળાઓમાં બળી મર્યા.

તે સમયે મને કોઈ પુત્ર ન હતો. તેમનો શ્રાપ કેવી રીતે સત્ય થશે તે બાબત મને આશ્ચર્ય થયું, પણ મને લાગ્યું કે તે વૃદ્ધ તાપસના શબ્દો હતા, તે કદી અસત્ય થાય જ નહિ. તેનો અર્થ એવો થયો કે મને પુત્ર પ્રાપ્તિ થશે, જેથી મને તેનો વિયોગ થાય. આપણને પુત્ર ન હોવાથી આપણે કેટલાં બધાં દુઃખી હતાં, તે તું જાણે છે. મને લાગ્યું કે તે શ્રાપ આશીર્વાદરૂપ હતો. મેં પ્રાર્થના કરી કે તે શ્રાપ સાચો પડે, ભલે મને પુત્ર વિયોગ થાય. પણ તેમ થવા માટે મને પુત્રપ્રાપ્તિ તો થશે જ ને! અત્યાર સુધી આ વાત મેં તને જણાવી ન હતી. હવે મને સમજાય છે કે તે પવિત્ર તાપસના શબ્દો વાસ્તવિક સત્ય રજૂ કરતા હતા. રામના વિયોગની વ્યથા મારો અંત લાવી રહી છે. શ્રવણની કરુણાંતિકા મારી સ્મૃતિમાં પાછી આવી છે. મારું ધૈર્ય ખૂટી ગયું છે. હું ધૈર્ય પાછું એકઠું કરી નહીં શકું."

દશરથ ભૂતકાળની ઘટનાઓના ધ્યાનમાં ખોવાઈ ગયા. તે ત્રણવાર રામ, રામ, રામ બોલ્યા અને કૌશલ્યા પર ઢળી પડ્યા. દશરથમાં થયેલા પરિવર્તનને જોઈને કૌશલ્યાએ ચીસ પાડી. પરિચારકો અને દાસીઓ એકઠાં થઈ ગયાં. તેમણે જોયું કે દશરથે છેલ્લો શ્વાસ લઈ લીધો હતો. નગરી આંસુની ખીણ બની ગઈ, શોકનું ખદબદતું ખાબોચિયું બની ગઈ. લોકોના ટોળેટોળાં રાજમહેલમાં એકઠાં થયાં. માર્ગો, રુદન કરતા લોકોનાં ટોળાંથી ઉભરાઈ ગયા, લોકો કૈકેયીને શ્રાપ આપવા લાગ્યા, કારણ કે તેમને એમ લાગતું હતું કે નગરીએ તેની યુક્તિ પ્રયુક્તિઓથી પોતાનાં નયનો ગુમાવી દીધા હતાં.

જ્યાં રાજાનો મૃતદેહ પડ્યો હતો ત્યાં રાજગુરુ વશિષ્ઠ આવી પહોંચ્યા. સલાહના યોગ્ય શબ્દો બોલીને તેમણે રાણીઓના શોકને શાંત પાડવા પ્રયત્ન કર્યો. તેમણે કૌશલ્યાને અને સુમિત્રાને

કહ્યું કે, તમારા મરી ગયેલા પૂર્વજો બળવાન અને કીર્તિશાળી હતા, છતાં પણ તેઓ મરણમાંથી છટકી શક્યા ન હતા. રાજાની મરણોત્તર ક્રિયા  કરવા માટે કોઈ હાજર ન હતું, એટલે વશિષ્ઠ ની સૂચના મુજબ મૃતદેહને તેલમાં ડુબાડીને રાખવામાં આવ્યો, જેથી તે કોહવાઈ જાય નહિ. વશિષ્ઠે ઈશારો કરી એક દૂતને બોલાવ્યો અને તેને કહ્યું, “જલ્દી ભરત પાસે જા. રાજાના મરણ બાબત એક શબ્દ પણ બોલીશ નહીં. તેમને માત્ર એટલું જ કહેજે કે ગુરુજી તમને બંનેને તરત જ અયોધ્યામાં બોલાવે છે.” દૂત ગુરુ ને પગે પડ્યો, મંત્રીની રજા લીધી,અને વેગવાન રથમાં બેસી લાંબી મુસાફરી પર ચાલી નીકળ્યો.

અયોધ્યા જ્યારથી શોકમગ્ન બની ગઈ હતી ત્યારથી જ ભરતને અપશુકનિયાળ સ્વપ્નોઆવતાં હતાં, જે અનેક પ્રકારની આગાહીઓ આપતાં હતાં. સ્વપ્નોમાં આવતા ભયથી અને ધાંધલથી તે જાગી જતા. ઘણી રાત્રીઓ સુધી તો ભરતે આંખો મીંચી જ ન હતી. આશંકાની વિચિત્ર સ્થિતિ અનુભવતા તે પથારીમાં બેઠા થઈ જતા. તેમને ભય લાગ્યો કે મારી પ્રત્યે કોઈ માઠા સમાચાર આવી રહ્યા છે.પરોઢ કરતાં પણ વહેલા તે બહાર આવતા અને સ્નાન કરીને, દેવોને પ્રસન્ન કરવા માટે તથા અપેક્ષિત વિપત્તિ ને ટાળવા માટે અનેક પ્રકારની પૂજાવિધિઓ કરતા. દેવમંદિરમાં લાંબા સમય સુધી બેસીને તે પ્રાર્થના કરતા, છતાં એક રહસ્યમય ભય તેમને સતાવી રહ્યો હતો.

ચૌદ દિવસથી તેવાં સ્વપ્નો આવ્યાં કરતાં હતાં એટલે ભરતની હિંમત અને વિશ્વાસ ખલાસ થઈ ગયાં હતાં. તે દરમિયાન મુસાફરીને પંદરમે દિવસે દૂત કૈકય નગરીમાં પહોંચી ગયો. જ્યારે ભરતે સાંભળ્યું કે મહેલને મુખ્ય દરવાજે દૂતે આવ્યો છે, ત્યારે ભરતે તેને તરત જ અંદર લઈ આવવાની આજ્ઞા કરી, જેથી પોતે તે જે સંદેશો લઈ આવ્યો હોય તેને સાંભળી શકે.

દૂતે ભરતને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને કહ્યું કે ગુરુજીની એવી આજ્ઞા છે કે તમે અને શત્રુઘ્ન તરત જ, જરા પણ વિલંબ કર્યા વગર અયોધ્યા આવી જાઓ. ભરતે પૂછ્યું કે, અયોધ્યામાં બધા કુશળ તો છે ને ? તેમણે દૂતને સતત અનેક પ્રશ્નો પૂછ્યા. દૂતે જવાબ આપ્યો કે, “કોઈ ખાસ સમાચાર નથી, પણ વશિષ્ઠ ગુરુ તમને જરા પણ વિલંબ કર્યા સિવાય અયોધ્યા પાછા બોલાવે છે. આ કામ માટે મને ખાસ મોકલવામાં આવ્યો છે. તેથી વધારે હું કાંઈ જાણતો નથી. મારે કાંઈ કહેવાનું નથી.”

ભરત જાણતા હતા કે દૂત પોતાના રાજાઓ આગળ થોડા શબ્દોથી વધારે બોલે નહીં અને રાજાઓ પણ દૂતો સાથે લાંબા સમય સુધી ગાઢ પરિચયપૂર્વક બોલે નહિ. પ્રચલિત શિષ્ટાચાર મુજબ જરૂરી હતું કે પોતે પણ તે દૂત સાથે થોડીક મિનિટો કરતાં વધારે સમય વાતો કરે નહીં. દૂતને પણ પોતાના આચારના નિયમો હોય છે. એટલે ભરત ઊભા થયા અને સભા ખંડમાંથી ચાલ્યા ગયા.

તે જ ક્ષણે અંતઃપુરમાં ગયા અને પોતાના મામાની રજા લીધી. પોતાના ભાઈ શત્રુઘ્ન સાથે તે રાહ જોઈ રહેલા રથમાં બેઠા, અને તેને ખૂબ ઝડપથી ચલાવવા લાગ્યા. શૌર્યવાન ધનુષમાંથી છોડેલા બાણની પેઠે રથ પર્વત પરના માર્ગો, ટેકરિયાળ કેડી અને જંગલના રસ્તાઓ પર પસાર થતો દોડવા લાગ્યો. રથના જેટલા જ વેગથી ભરતના હૃદયમાં શોક ઉભરાતો હતો, જે શોકનું કારણ તે જાણી શકતા ન હતા, સમજાવી શકતા ન હતા. કોઈક ન સમજાવી શકાય તેવી વેદના તેમને પીડી રહી હતી. ખોરાક લેવા માટે અથવા પોતાની તૃષા છિપાવવા પાણીનું ટીપું લેવા માટે પણ તે વચ્ચે અટક્યા નહીં.

પોતાના ભાઈની ભય અને ચિંતાની લાગણી અને શત્રુઘ્ને જોઈ. તેમણે અનેક વખત સૂચવ્યું કે ભોજન અને જળપાન માટે થોડો વખત વચ્ચે રોકાઈ જાઓ, પણ ભરતે તે વાત પર ધ્યાન આપ્યું નહીં, તે મૌન રહ્યા. વળી માર્ગમાં તેમને સામે અનેક અપશુકનો થયાં, અનિષ્ઠ સૂચવતી દિશાઓમાંથી અને સ્થિતિઓમાંથી કાગડા કઠોર રીતે ‘કા, કા’ કરી રહ્યા હતા. વિચિત્ર અવાજમાં કુતરાં કરુણ રીતે રડી રહ્યાં હતાં. અત્યારસુધી શત્રુઘ્ને વીરતાપૂર્વક જે શાંતિ ટકાવી રાખી હતી તે પણ આ વિપત્તિસૂચક ચિહ્નોથી વિક્ષિપ્ત બની ગઈ.

જ્યારે તેઓ અયોધ્યા નગરી દરવાજે આવી પહોંચ્યા ત્યારે તેમના ભયને ટેકો સાંપડયો, કારણ કે ઘણા દિવસોથી આમવૃક્ષના વૃક્ષના પાંદડાંનાં તોરણો અને ફરી તાજાં કરવામાં આવ્યાં ન હતાં? શોક કરતા દરવાજા પર શુષ્ક પાંદડાં જ લટકતાં હતાં, જાણે કે ક્રોધપૂર્વક તે પવન સામે દાંત ન પીસતાં હોય! લીલાં પાંદડાં કેમ લટકાવવામાં આવ્યાં ન હતાં? નગરી ને શું થયું હતું? આ ઉપેક્ષાનું, સંકટના ચિહ્નનું કારણ શું હશે? ભાઈઓને લાગ્યું કે નગરી પર કોઈ ભીષણ વિપત્તિ ઉતરી આવી છે.

નગરીમાં પ્રવેશ કરીને તેમણે રથ આગળ ચલાવ્યો. પ્રવેશદ્વાર આગળ જ રાજાના ઘોડાના તથા હાથીઓના તબેલા હતા. જ્યારે ભરતની આંખો તેમના પર પડી, ત્યારે તેમનું હૃદય ભાંગી પડ્યું. તેમણે પોતાની જાત પર કાબૂ ગુમાવી દીધો. કારણ કે તેમણે જોયું કે, તે પશુઓ પોતાના સ્નાયુને હલાવતાં ન હતાં, તેમનું મુખ તેમણે નીચે નમાવી દીધું હતું; તેમની આંખોમાંથી આંસુ વરસતાં હતાં: મહાવતો અને અશ્વ રક્ષકો પોતાનું મસ્તક ઊંચું કરવા માટે અસમર્થ બની ગયા હતા. શોક ના ભાર હેઠળ તેઓ ચગદાઈ ગયા હતા. જ્યારે નગરીમાં તે આગળ વધ્યા, ત્યારે બંને ભાઈઓએ માર્ગની બંને બાજુની હવેલીઓનાં દ્વાર બંધ કરેલા જોયાં, જાણે તેમાંના રહીશો કોઈ અતિથિને અંદર આવકારવા માંગતા ન હતા. માર્ગો પર ધૂળ હતી, તેમને વાળી-ઝૂડીને સાફ કરવામાં આવ્યા ન હતા. જે થોડાક

નાગરિકો આમ તેમ વિચરતા હતા તેમણે અંદર આવતા રથને જોઈને પોતાની દૃષ્ટિ પાછી ખેંચી લીધી. જ્યારે તેમણે ભરતને ઓળખ્યાં, ત્યારે તેઓ આંસુ સારવા લાગ્યા.

ઝવેરાતનું બજાર બંધ હતું. બધી દુકાનો પણ બંધ હતી. નગરી પર જે શોકનો અંધકાર છવાઈ ગયો હતો તેનું કારણ પૂછવા માટે ભરતની જીભ ન ઉપડી. વિપત્તિનાં ઓચિંતા પ્રગટ થયેલાં ચિહ્નો જોઈને ભરત સ્તબ્ધ બની ગયા. રથે રાજમહેલમાં પ્રવેશ કર્યો. દ્વારપાળોએ મૌન પૂર્વક તેમનું સ્વાગત કર્યું, તેમણે પરંપરાગત 'જય,જય' શબ્દો ઉચ્ચાર્યા નહિ. તેઓ મૌન, વાંકા વળીને ઊભા રહ્યા. તેઓ પોતાની આંખો ઊંચી કરી શક્યા નહિ, કારણ કે તેમાંથી આંસુ વહેતાં હતાં. હવે બંને ભાઈઓને ખાતરી થઈ ગઈ કે નગરી પર કોઈ અકથ્ય વિપત્તિ ઊતરી આવી છે. રથમાંથી ઊતરીને તેઓ ઝડપભેર રાજમહેલમાં પ્રવેશ્યા.

કૈકેયીએ જોયું હતું કે પોતાનો પુત્ર આવી ગયો છે. તે ખૂબ આનંદપૂર્વક તેમનું સ્વાગત કરવા સામે ગયાં. તેમની સાથે ઉભી થઈને જે દાસીઓ તેમની પાછળ ચાલતી હતી, તેઓ શોકમાં ડૂસકાં ભરતી હતી. તેમનાં મૂખો સામે જોઈને ભરત જ્યાં હતા ત્યાં દિગ્મૂઢ બનીને ઊભા રહ્યા. તે એક શબ્દ પણ બોલી શક્યા નહિ. કૈકેયી બોલ્યા કે ભરત તારા મામા કુશળ તો છે ને ? ભરતે તે સવાલનો અસ્પષ્ટ જવાબ આપ્યો અને પોતાનો સવાલ આગળ ધર્યો, 'મારા પિતા કેમ છે ભાઈ કેમ છે? મારા જયેષ્ઠ ભાઈ કેમ છે ? મારા બીજા ભાઈની તબિયત કેમ છે ? મારી માસીઓ રાણીઓની તબિયત કેમ છે ?'

તે સાંભળીને કૈકેયી મૌન બની ગયાં. આસપાસ ઊભેલી દાસીઓની આંખોમાં આંસુ ઊભરાયાં. ભરતને ખ્યાલ આવી ગયો કે કોઈક ભીષણ સમાચાર મારાથી ગુપ્ત રાખવામાં આવે છે. તેમણે પૂછ્યું કે માતાજી, પિતાજી ક્યાં છે ? તે સાંભળીને દાસીઓ આંસુ સારવા લાગી, ડૂસકાં ભરવા લાગી. તે જોઈને કૈકેયીને લાગ્યું કે હવે મારે વધુ વિલંબ ન કરવો જોઈએ. તેમણે પણ આંસુ સારવા માંડયાં અને તે શોકમગ્ન સ્ત્રીનો ભાગ ભજવવા લાગ્યાં. કોઈની મદદ વગર ભરત તે રહસ્યને ઉકેલી શક્યા નહીં. તેમણે માતાને પૂછ્યું કે, "કોને શું થયું છે ? બધાં શોકાભિભૂત કેમ બની ગયાં છે ?"

એટલે કૈકેયીએ જવાબ આપ્યો, 'પુત્ર , હું શું કહું? મંથરાની મદદથી હું જે ઈચ્છતી હતી તે બધું મેં પ્રાપ્ત કર્યું. તેથી મને ખૂબ સુખ થયું હતું. પણ પ્રથમ પગલે જ મારી સફળતા ના ટુકડા થઈ ગયા છે. મારી તે સફળતા પર દેવોએ અપ્રસન્ન દૃષ્ટિ નાંખી છે. તારા વહાલા પિતા,રાજા દશરથ સ્વર્ગમાં સિધાવ્યા છે.' કૈકેયીએ મોટેથી ડૂસકાં ભરવા માંડયાં. આ શબ્દો ભરતે સાંભળ્યા કે તરત જ તે, સિંહની ગર્જના સાંભળતી હાથિણીની પેઠે, જમીન પર આળોટવા લાગ્યા. નીચે પડતાં તે ચિત્કારી

ઉઠ્યા, કે ખેદની વાત છે, પિતાજી! કપાઈ ગયેલી કેળની પેઠે, શત્રુઘ્ન પણ જમીન પર પડ્યા. બંને ભાઈઓને અપાર, અવર્ણનીય શોક થયો. ભરત બેઠા થયા, તેમણે પોતાના બંને હાથો વડે પોતાનું મસ્તક દબાવ્યું અને તે મોટેથી રૂદન કરવા લાગ્યા. તે બોલ્યા, 'પિતાજી, તમારા છેલ્લા શ્વાસ સમયે અમે તમારી પથારી આગળ હાજર ન રહી શક્યા. અરે અમે કેટલા બધા પાપી! ચારેય પુત્રોને એકસરખું પુણ્ય ન હોય. આ ભરત અને શત્રુઘ્ન તો ખૂબ કમનસીબ છે , અધમાધમ છે. તમારી છેલ્લી ક્ષણોમાં તમે પ્રેમપૂર્વક અમારી સાથે વાતો કરવાની ઇચ્છા રાખી હશે! તમે અમને અમૂલ્ય આશીર્વાદો અને જીવન માટે ઉપયોગી સુચનો આપ્યાં હોત. ઠીક, પણ રામ તમારી પાસે હતા,તે માટે અમારે આભારી થવું જોઈએ. અમને જે કાંઈ કહેવાની તમારી ઈચ્છા હતી તે તમે તેમને જણાવ્યું જ હશે. ભાઈ, ઉભો થા. મારી સાથે આવ, આપણે રામ પાસે જઈશું અને પિતાએ આપણે માટે જે સંદેશો તેમને કહ્યો હશે તે સાંભળીશું. માતાજી, અત્યારે રામ ક્યાં છે તે અમને કહો.' ભરત જવા માટે તૈયાર થઈને ઉભા થયાં. તેં માત્ર માતાના જવાબની રાહ જોતા હતાં.

કૈકેયી બોલ્યા, 'પુત્ર, જો રામ અહીં હોત તો તારા પિતાએ અંતિમ શ્વાસ લીધો ન હોત, શું એટલો પણ તને ખ્યાલ આવતો નથી ? રામ નગરીમાં નથી, તે શું તું નથી જાણતો?' આ તો ઘા પર ઝેર રેડવા જેવું થયું. તે નવા પ્રહારથી ભરતને આઘાત લાગ્યો. ભરતે પૂછ્યું કે માતાજી, રામ તો મારા પ્રાણ છે, તે ક્યાં ગયા છે ? ભરત ભોંય પર પટકાઈ પડવાની અણી પર હતા. કૈકેયીએ તરત જ જવાબ આપ્યો, 'શું તું એમ પૂછે છે કે રામ ક્યાં છે ? રામ તો વનમાં છે.' પણ ભરતે વચ્ચે પડીને પૂછ્યું કે, 'વનમાં ગયેલા રામ હજી પાછા કેમ આવ્યા નથી?'

કૈકેયીએ ઠંડે કલેજે, વિચારપૂર્વક જવાબ આપ્યો, 'પુત્ર, તે લાંબી કથા કહેવાનો અને સાંભળવાનો આપણી પાસે સમય નથી. તું તારા પિતાના મૃતદેહની ઉત્તરક્રિયા કર.' તે સાંભળીને ભરતને લાગ્યું કે માતા પોતાની પાસેથી કોઈક કડવું રહસ્ય છૂપાવવા માગે છે. એટલે તેમણે એક પછી એક પૂછ્યું કે સીતા અને લક્ષ્મણ ક્યાં છે ? માતાએ કહ્યું કે 'તે બંને રામ સાથે વનમાં ગયાં છે, ચૌદ વર્ષ સુધી તે આ નગરીમાં પાછા નહીં આવે, તારા પિતાએ તેમને એવી આજ્ઞા આપી હતી.' કૈકેયીએ સખત કઠોર અવાજમાં આ કથન કર્યું.

કૈકેયી જોયું કે પોતાનાં કથનોથી ભરત વધારે મરણિયા અને દુઃખી થઈ રહ્યા છે, એટલે તેમણે પોતાના પુત્રને નજીક ખેંચી ને તેમનું માથું પંપાળીને, ભરતને આશ્વાસન આપવા માંડ્યું. 'પુત્ર! તારા પિતા માટે શોક કરવાની જરૂર નથી. જીવન દરમિયાન તેમણે અનેક પુણ્યકાર્યો કર્યા છે, એટલે તેમનો આત્મા સ્વર્ગમાં ગયો છે. હવે તારો ધર્મ છે, તેમણે રજૂ કરેલા આદર્શોને અનુસરવાનો, પુણ્ય

કાર્યો દ્વારા તેમના જેવી કીર્તિ પ્રાપ્ત કરવાનો અને સુખપૂર્વક રાજ્ય કરવાનો. તારાં જ્ઞાનયુક્ત, દયાળુ શાસન વડે તેમની કીર્તિમાં અને વંશના નામને વધારે ઉજજવલ બનાવ.' આવા શબ્દો વડે કૈકેયી પોતાના પુત્રના ચિરાઈ ગયેલા હૃદયને સ્વસ્થ બનાવવા પ્રયત્ન કરવા લાગ્યાં.

પણ તે શબ્દો ભરતના હૃદયમાં કટારની પેઠે ભોંકાયા, દરેક શબ્દ તેને હથોડાના ઘા જેવો લાગ્યો. માતાના શબ્દો સાંભળીને શત્રુઘ્નને આખા શરીરમાં બળતરા થવા લાગી. પણ તે ચૂપ રહ્યા. તેમણે ચીસ ન પાડી. પણ સત્ય શોધી કાઢવા માટે ભરત એકદમ ઊભા થયા, કારણ કે તેમને લાગ્યું કે, અમુક હકીકતો ગુપ્ત રાખીને મારી માતા મને છેતરી રહી છે અને તે કોયડાઓ જેવા શબ્દો બોલી રહી છે. શત્રુઘ્નને પોતાની સાથે ખેંચી ને તે રામની માતા કૌશલ્યા પટરાણીના અંતઃપુરમાં જવા ધસી ગયા.

ત્યાં તેમણે શું જોયું! કૌશલ્યા જમીન પર આળોટતાં હતાં, તેમનાં લૂગડાં ધૂળવાળાં થઈ ગયાં હતાં, તે મોટેથી વિલાપ કરી રહ્યાં હતાં: 'હે સ્વામી! રામ, રામ!' શોકમગ્ન બનેલી તેમની દાસીઓ તેમની શુશ્રૂષા કરી રહી હતી અને હિંમત આપી રહી હતી. ભરત પોતાની જાત પર કાબુ રાખી શક્યા નહીં. 'માતા, માતા' કહીને તેમના પગ આગળ જમીન પર પટકાઈ પડયા. સુમિત્રા રાણી પણ કૌશલ્યા પાસે હતાં. તે બંનેએ ભરતને અને શત્રુઘ્નને ઓળખ્યા અને તેઓ મૂર્છિત બની ગયાં. ભાનમાં આવ્યા પછી તેઓ એકબીજાને ભેટી પડ્યાં અને શોકના આવેગમાં મોટેથી રડવા લાગ્યાં. તે એક એવું દૃશ્ય હતું કે જે પથ્થરને પણ પીગળાવી દે. બે ભાઈઓ શોકના ભારને સહન કરી શક્યા નહીં તેઓ જમીન પર પડ્યા.

કૌશલ્યાના પગ પકડીને ભરત કરુણતા પૂર્વક આજીજી કરવા લાગ્યા, 'માતાજી, મને પિતા પાસે લઈ જાઓ, તે કેમ મૃત્યુ પામ્યા તેનું કારણ મને કહો. મારા વહાલા ભાઈઓ રામ અને લક્ષ્મણ, સીતા સાથે વનમાં કેમ સંચર્યા? મારા માટે તે એક રહસ્ય છે. મને શોકમાંથી બચાવો, મને તેનું કારણ કહો. કૌશલ્યા તેમને કોમળતાપૂર્વક ભેટ્યાં અને તેમણે જવાબ આપ્યો, 'હે પુત્ર, તારા પાછાઆવવાથી મને થોડુંક આશ્વાસન મળ્યું છે. તને જોઈને હું વહાલા રામના વિયોગનું દુઃખ ભૂલી જઈ શકું છું. તું મને રામ જેટલો વહાલો છે. હું તમારા બેમાં કોઈ ભેદ ગણતી નથી.' એમ બોલતાં બોલતાં તે ડૂસકાં ખાતાં હતાં અને નિઃસાસા મૂકતા હતાં. તે બોલ્યા, 'હે રામ, તું ૧૪ વર્ષ સુધી વનમાં રહીશ, એટલા લાંબા સમય સુધી શું હું જીવી શકીશ? જેમ તારા પિતાની બાબતમાં બન્યું તેમ હું પણ તારા વિયોગના દુઃખમાં રાખ બની જાઉં, એવો શું તેં નિર્ણય કર્યો છે? અરેરે! હું કેટલી કમનસીબ છું.!' આવા ઊભરાઓથી ભરત વધારે દુઃખી થયા. તેમની કલ્પનાએ સર્વ પ્રકારની કરુણ કથાઓનું અને

દુઃખોનું ચિત્ર ખડું કર્યું, કારણ કે હજી તેમને સત્યની જાણ થઈ ન હતી. તેમણે પ્રાર્થના કરી, 'માતા, તમે મારાથી હકીકતો છુપાવશો નહીં. મારા પર વિશ્વાસ રાખો.રામ કેમ વનમાં ગયા તે મને કહો. મારા પિતા કેમ મૃત્યુ પામ્યા તે મને કહો. મને તે કહીને ગૂંચવાડાની જાળમાંથી બચાવી લો.'

કૌશલ્યાનો સ્વભાવ હંમેશાં સાદો, સીધો અને દયાળુ હતો. રામ પોતે પાછા આવ્યા હોય એમ ભરતને જોઈ ને તેમણે ભરતને પોતાની નજીક ખેંચ્યા અને પોતાનાં આંસુ લૂછીને તે બોલ્યાં, "પુત્ર ભરત હિંમત રાખ, ભૂતકાળનો શોક ન કરીશ. તેવો શોક નિરર્થક છે. જ્યારે સમય પ્રતિકૂળ હોય છે અને સંયોગો કાવતરું ઘડે છે ત્યારે વિચિત્ર વસ્તુઓ બને છે. કોઈનો દોષ કાઢવાથી શો લાભ થવાનો હતો ? કોઈનો દોષ ન કાઢવો જોઈએ. મારું નસીબ એવું છે કે મારે આ શોકનો ભાર સહન કરીને જીવવું. તેમાંથી છટકી શકાય તેમ નથી, મારે તે સહન કરવું જ રહ્યું. પણ તું યુવાન છે, પ્રભાત કાળના સૂર્ય સમાન છે, તે યાદ રાખ.

પિતાની આજ્ઞા માથે ચઢાવીને મારા વહાલા રામે વલ્કલ વસ્ત્રો ધારણ કર્યા, માથે જટાઓ બાંધી અને અત્યારે તે વનમાં વિચરે છે. તેમના સિવાય એક ક્ષણ પણ જીવી ન શકે એવાં સીતા વલ્કલો પહેરી તેમની સાથે ગયાં. રામને વનમાં જતા અટકાવવા લક્ષ્મણે પ્રયત્નો કર્યો, પણ તેમના પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. લક્ષ્મણે કહ્યું કે, રામ વગરની અયોધ્યા મારે માટે જંગલ છેઃ તે પણ રામની સાથે વનમાં ગયા. આ બધું મારી આંખો સમક્ષ બન્યું છે. છતાં હું જીવું છું, એટલે હું કેવી પાપીણી હોઈશ!

જ્યારે તેઓ વનમાં ગયાં, ત્યારે હું તેમની સાથે જઈ પણ ન શકી, ન તો મારા પ્રાણ નીકળી ગયા. હું કેવી રીતે મારી દુઃખી દશા વર્ણવું? સાચે જ મારું હૃદય રજની શિલામાંથી કોરી કાઢવામાં આવેલું છે. હે કોમળ હ્દયવાળા રામ, અત્યારે તમારે આટલું બધું સહન કરવું પડે છે, કારણ કે તમે મારે પેટે જન્મ્યા હતા. નહીં તો, તમારે આટલું બધું દુઃખ શા માટે ભોગવવું પડે ? ખેદની વાત છે રામ! તમારે કેટલાં બધાં દુઃખ સહેવાં પડે છે, ફળ મૂળ ખાઈને જીવન ગુજારવું પડે છે, જંગલનાં ભયંકર કોતરોમાં પરિભ્રમણ કરવું પડે છે." એકવાર નિસાસો મૂકીને કૌશલ્યા જમીન પર મૂર્છિત થઈને પડ્યાં.

ભરતે આ બધું જોયું, તેમને જે કહેવામાં આવ્યું તે સાંભળ્યું,પણ કોયડો હજી વણ ઉકેલ્યો જ રહ્યો હતો. ભયપૂર્વક અને ચિંતાપૂર્વક તે પ્રયત્ન કર્યા કરતા હતા, પણ તે રહસ્યનો ભેદ ઉકેલી શકતા ન હતા. તે દરમિયાન સુમંત્ર મંત્રી એક સંદેશો લઈને આવ્યા કે કુળગુરુ વશિષ્ઠ મુનિ ભરત ને પોતાની પાસે બોલાવે છે. જ્યારે સુમંત્રની આંખો બે ભાઈઓ પર પડી ત્યારે સુમંત્ર પણ રડી પડ્યા. તેમણે ભરતને આલિંગન આપ્યું પણ પોતાના શોક ઉપર કાબૂ રાખી શક્યા નહિ. ભરતને આશા હતી

કે નગરીમાં બનેલી કરુણ ઘટનાઓનું તે વર્ણન કરે. તે રીતે તેમને ખેંચવાના વિવિધ ઉપાયો અજમાવ્યા, પણ સુમંત્ર તેમને વિશે કાંઈ પણ બોલવા ઇચ્છતા ન હતા. તેમને માની લીધું હતું કે એના આવ્યા પહેલાં તે બે ભાઈઓ જેમને મળ્યા હશે તેમણે બધી વિગતો જણાવી હશે.

તેઓ બંને ગુરુજી પાસે ગયા. વશિષ્ઠને પગે પડીને ભરત અને શત્રુઘ્ન મોટેથી રડયા. તેમણે પ્રેમપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક એમને ઊભા કર્યા અને આશ્વાસન આપવા માટે અનેક નીતિના અને તત્વચિંતનનાં બોધ કર્યા. તે બોલ્યા, 'ખૂબ વિલંબ થઈ ગયો છે. વધુ વિલંબ કરવો સલાહ ભરેલું નથી.' તેમણે પિતાની મરણોતર ક્રિયા કરવા માટે ભરતને સૂચના આપી. લાંબા સમય સુધી ભરત વિચારમગ્ન બની ગયા. પછી તેમણે વશિષ્ઠને આજીજીપૂર્વક કહ્યું, 'ગુરુજી, આ કામ કરવાની ફરજ જયેષ્ઠ પુત્ર રામની છે. તમે મને તે કરવાનું કહો છો, એ શું ન્યાયી કહેવાય? શું તે બરોબર છે? તમે આ શરીરને આ બધા દિવસો સુધી સાચવી રાખ્યું છે. બે-ત્રણ દિવસો સુધી વધારે તેને સાચવીને રાખો. હું અને શત્રુઘ્ન જ્યાં રામ છે ત્યાં જઈશું અને તેમને પાછા લઈ આવીશું. કૃપા કરીને અમને તેમ કરવાની રજા આપો.'

વશિષ્ઠે જવાબ આપ્યો, 'પુત્ર તું સાવ ભોળો માણસ છે. નક્કી કરેલી મુદત પહેલાં રામ પાછા નહીં આવે, તે આપેલું વચન પાળે છે.તું ગમે તેટલી દલીલો કરીશ, પણ ચૌદ વર્ષ વીત્યાં પહેલાં રામ અયોધ્યામાં પગ નહિ મૂકે. માટે તારી યોજના ત્યજી દે, તારા પિતાની મરણોતર ક્રિયા કર અને પછી તારે જે કરવું હોય તે કરજે.' ભરત નો વિચાર નકામો છે તેની ખાતરી કરી આપવા માટે વશિષ્ઠે વારંવાર એ પ્રમાણે કહ્યું.

ભરત ને લાગ્યું કે હું ગુરુની આજ્ઞાનો ભંગ કરી શકું તેમ નથી. તે કબૂલ થયાઃ પિતાના દેહને સ્નાન કરાવવામાં આવ્યું અને વૈદિક વિધિ પ્રમાણે મરણોત્તર ક્રિયા કરવામાં આવી. દરમિયાન અદમ્ય ઉત્કંઠાથી પ્રેરાઈને ભરત સીધા કૌશલ્યાના અને સુમિત્રાના અંતઃપુરમાં ગયા. બંને માતાઓને પગે પડી ને ભરતે પ્રાર્થના કરી, 'માતાઓ, ના. તમારે પિતાની ચિંતામાં સતી ન થવું જોઈએ. જો તમે તેમ કરવા પ્રયત્ન કરશો, તો હું પિતાની મરણોત્તર ક્રિયા નહીં કરું.'

પોતે સતી નહીં થાય તેવું વચન ભરતે બંને માતાઓ પાસેથી લીધું. ભરતના પ્રેમની તે બન્ને પર ખૂબ અસર પડી. તેમને ભરતની વિનંતી માન્ય રાખવી જ પડી. તે બોલ્યાં કે અમે તારી ઈચ્છા અનુસાર કરીશું.

પછી મૃતદેહને લઇ જઇને સરયૂ નદી પર રચેલી ચંદનની ચિતા પર મૂકવામાં આવ્યો. ભરતે વેદોમાં પૂરી શ્રદ્ધા રાખીને મરણોત્તર ક્રિયા કરી, વશિષ્ઠે આશા રાખી હતી તેના કરતાં હજારગણી વધારે ચોકસાઇથી તેમણે તે ક્રિયા કરી. પોતાના પિતાના નામે, તેમણે શાસ્ત્રોમાં કહેલી સોળ વસ્તુઓનું ખૂબ દાન કર્યું. તેમણે ખૂબ પ્રમાણમાં ગાયો, જમીન, મકાનો, વસ્ત્રો , ભોજન, અશ્વો, હાથીઓ, સુવર્ણ મુદ્રાઓ અને બીજી કિંમતી વસ્તુઓ દાનમાં આપ્યા. દાન લેનારાઓએ તેમની ઉદારતાની અને ભક્તિની પ્રશંસા કરી.

પણ ખંડિયા રાજાઓ, વિદ્વાનો, પુરોહિતો અને સામાન્ય લોકો રામની ગેરહાજરી બાબત સમાધાન પ્રાપ્ત કરી શકતા ન હતા. તેઓ ખૂબ દુઃખી થતા હતા. તે શોક તેમના હૃદયને કોરી ખાતો હતો. પ્રત્યેક ક્ષણે રામના વિયોગનું દુઃખ તેમને સાલતું હતું. પણ તેઓ જાણતા હતા કે તેનો કોઈ ઉપાય નથી, તેમાંથી કોઈ માર્ગ નીકળે તેમ નથી. રામ કદી આપેલા વચનનો ભંગ ન કરે. ગમે તેટલું પ્રલોભન તેમને આપવામાં આવે, પણ તે પાછા ન આવે. ૧૪ વર્ષ પૂરાં થયાં પહેલાં તે કદી અયોધ્યામાં પાછા ન આવે તે હકીકતનો તેમણે સ્વીકાર કરવો જ પડે તેમ હતું. એટલે તેમણે શોક સહન કરવા માટે પોતાનાં હૃદયોને કઠણ બનાવ્યાં અને વનવાસની મુદત પૂરી થતાં તેમનું પ્રત્યાગમન થાય તેની રાહ જોતાં જીવતા રહેવાનો તેમણે નિશ્ચય કર્યો .

તે દરમિયાન રાજગુરુ વશિષ્ઠે ખંડિયા રાજાઓની, મંત્રીઓની, સંન્યાસીઓની, રાજ્યના ડાહ્યા માણસોની અને લોકોના આગેવાનોની એક સભા ભરી. પ્રથમ તો તેમણે રાજાઓએ પાળવાના ધર્મો વિશે તથા ફરજો વિશે બોધ કર્યો. તેમણે કૈકેયીએ રચેલા કાવતરાથી માંડીને રામ વનમાં સિધાવ્યા ત્યાં સુધીની બધી ઘટનાઓની પરંપરાનું વર્ણન કર્યું. પછી વશિષ્ઠે મૃત્યુ પામેલા રાજાના ઉચ્ચ સદ્દગુણોનું, સત્યનિષ્ઠાનું, ઉન્નત સદાચારનું, આધ્યાત્મિક સિદ્ધિઓનું, રાજ તેજનું, વેદો પ્રત્યે તેમની વફાદારીનું, તેમણે કરેલા અનેક યજ્ઞ યાગાદિનું વર્ણન કર્યું. પછી વશિષ્ઠે દશરથે રામનો રાજ્યાભિષેક કરવા માટે કરેલા પ્રયત્નનું વર્ણન કર્યું, તેમાં જે વિઘ્નો આવ્યાં તેમનું, પરિણામે રામને મળેલા વનવાસનું અને વહાલા પુત્રના વિયોગના શોકથી નીપજેલા દશરથ રાજાના મૃત્યુનું વર્ણન કર્યું.

ગુરુએ રાજધાનીમાં બનેલી તે કરુંણ ઘટનાઓનાં કરેલાં વર્ણનને ભરત તથા શત્રુઘ્ને સાંભળ્યું. તેઓ ક્રોધની, શોકની અને શરમની લાગણીઓ અભિભૂત બની ગયા. તેમણે પોતાનું મુખ નીચું કરી દીધું, તેમનાં હૃદયમાં પશ્ચાતાપ થયો. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. સભામાં એકત્રિત થયેલા લોકો ભાગ્યે જ તેમની સામે જોઇ શકતા હતા. વશિષ્ઠે પણ પોતાની આંખોમાં

ઊભરાતાં આંસુ લૂછ્યાં. સભાખંડમાં શોકનો અંધકાર છવાઈ ગયો. સભામાં શાંતિ છવાઈ ગઈ. બધા લોકો પથ્થરની મૂર્તિઓ પેઠે જડ બની ગયા.

વશિષ્ઠ જે વર્ણવી ગયા હતા તેને ભરત અને શત્રુઘ્ન હવે સાંભળી શક્યા નહીં. તેઓ કૈકેયીની અધમ વર્તણૂક બદલ તેના પર ગુસ્સે થયા હતા. તેવી માતાને પેટે જન્મવા બદલ ભરતે પોતાની જાતને ધિકકારણીય માની. પોતાના પૂર્વજન્મોમાં કરેલાં પાપોનાં પરિણામોથી તે એટલા બધા શરમાઈ ગયા કે તે પોતાનું માથું ઊંચું કરી શકતા હતા નહીં કે કોઈની સામે જોઇ શકતા હતા નહીં. બન્ને ભાઈઓ સભાખંડનો ત્યાગ કરીને ચાલ્યા જવા માટે ઉત્સુક બની ગયા.

વશિષ્ઠ તેમની લાગણીઓ જાણી ગયા હતા. તેમની પાસે જઈને તેમણે આશ્વાસન આપવા માંડ્યું, "હે પુત્ર, ભૂતકાળ પર વિલાપ કરવાથી કશો ફાયદો થવાનો નથી. જે બની ગયું છે તે તો બની જ ગયું છે , હવે આપણે શું કરવાનું છે તેનો વિચાર અને નિર્ણય કરવો જોઈએ. મારે કહેવું જોઈએ કે, તમારા પિતા બધી રીતે ભાગ્યશાળી હતા. પછી તેમને માટે શોક શા માટે કરવો? મારી વાત સાંભળો. પિતાની આજ્ઞા માથે ચઢાવો. તેમણે તમને રાજ્યશાસન કરવાની સત્તા આપી છે. તમારે તે રાજ્ય સ્વીકારવું જોઈએ અને તેમની આજ્ઞાને માન આપવું જોઈએ. પોતે આપેલા વચનનો ભંગ ન થાય તેટલા માટે તમારા પિતા રામના વિયોગમાં સંમત થયા હતા. તેમને રામ પ્રત્યે ખુબ પ્રેમ હતો અને તેથી તેમણે પોતાના પ્રાણ ત્યજી દીધા. પોતાના વચનનું પાલન કરવા તે મૃત્યુને ભેટ્યા, તે બાબતમાં કોઈ શંકા નથી. તે જાણતા હતા કે આપેલુ વચન પાળવું તે ખુદ જીવન કરતા વધારે મૂલ્યવાન છે, તેથી તેમણે વચન ભંગ કરવા કરતા મૃત્યુનો સામનો કર્યો. અને વિચાર કરો કે તેમના વચનનું પાલન કરવા માટે રામ પોતાની પત્ની સીતા સાથે વનમાં ગયા!

ઈશ્વાકુ રાજવંશનો એ યશ છે કે તે વંશનો દરેક માણસ આપેલા વચનનું પાલન કરવા માટે ગમે તે વસ્તુનું બલિદાન આપે છે. તે યશમાં તમે ભાગીદાર છો. તમારી પણ હવે તમારા પિતાના વચન અનુસાર વર્તવું જોઈએ, અને રાજ્યશાસનની જવાબદારી સ્વીકારવી જોઈએ. તે કામમાં સર્વપ્રકારે તમારું કલ્યાણ થાઓ. તમારાં બધા કાર્યો સફળ અને સમૃદ્ધ બનો. મને તમારા પ્રત્યે ખૂબ સ્નેહ અને કરુણા છે, તેથી જ તમને આવી સલાહ આપવાનું સાહસ મેં કર્યું છે; નહીં તો, મેં તમારા ખભા પર આ ભારે જવાબદારી ન મૂકી હોત. હું જાણું છું કે તમે તમારા પિતાના યશને જાળવી રાખી શકશો. તમારામાં વહીવટી કુશળતા છે, આ ભાર ઉંચકવાની શક્તિ અને હિંમત છે. આનાકાની કે શંકા ન કરશો. સોંપેલું કામ સ્વીકારો."

ભરતની પીઠ થાબડી વશિષ્ઠે તેમને આશીર્વાદ આપ્યા. ભરતે તેમની પ્રેમપૂર્ણ સલાહ સ્વીકારી. જ્યારે વશિષ્ઠે બોલવાનું પૂરું કર્યું, ત્યારે ભરત તરત પોતાના આસન પરથી ઊભા થયા અને તેમણે વશિષ્ઠને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા . તેણે બોલવા પ્રયત્ન કર્યો પણ તેમનો શોક એવો હતો કે જે આશ્વાસન સ્વીકારી ન શકે. તેમના હોઠ ધ્રુજતા હતા. તેમનો કંઠ રૂંધાઈ ગયો હતો. તેમના મુખમાંથી શબ્દો ભાગ્યે જ નીકળી શકતા હતા. પણ તે બોલ્યા, "ગુરુજી, શું તમારા આ શબ્દો મારા પ્રત્યેના પ્રેમના અને કરુણાના ઘોતક છે ? ના, હકીકતમાં તમને મારા પ્રત્યે પ્રેમ કે કરુણા નથી. જો તે હોત, તો તમે મારે માથે આ બધો ભાર મૂકવા સંમત ન થયા હોત. જરા પણ દયા રાખ્યા વગર તમે મને આ દંડની સજા કરો છો. આ રાજ્યે સૌથી વધારે પવિત્ર અને વિશુદ્ધ માણસને જંગલમાં મોકલ્યા છેઃ આ રાજયે આખી વસ્તીને વર્ષો સુધી સતત આંસુઓમાં ડુબાડી દીધી છે; આ રાજયે પોતાના ઈશ્વાકુ વંશ ના રાજાઓને સનાતન અપકીર્તિ લાવી આપી છેઃ આ રાજયે કૌશલ્યા, સુમિત્રા અને બીજી માતાઓને વૈધવ્યની કરુણ સ્થિતિમાં મૂકી દીધી છેઃ આ રાજ્યે પોતાની જાતને આટલી બધી રીતે અધમ બનાવી લીધું છે, તે રાજ્ય હવે તમે મને સોંપી રહ્યા છો!

ખેદની વાત છે કે મારાં કરેલાં પાપોનું પરિણામ છે, ક્રુરતાની અને ધિક્કારની મૂર્તિરુપ કૈકેયીને પેટે જન્મેલા આ કમનસીબ માણસનું પરિણામ છે. મને આ સજા ફટકારવાને બદલે કૃપાપૂર્વક મને રામ જ્યાં છે ત્યાં મોકલીને થોડું આધ્યાત્મિક પુણ્ય પ્રાપ્ત કરો. તેમનાં ચરણો માટે વનના માર્ગોને વાળી ઝૂડીને મૃદુ બનાવવાથી, હું મારા જીવનને ધન્ય બનાવી શકીશ, મારી જાતનો ઉદ્ધાર કરી શકીશ. હું એક ક્ષણ પણ વધારે આ સ્થાનમાં રહી શકું તેમ નથી."

વશિષ્ઠને પગે પડીને ભરતે વિનંતી કરી કે મને વનમાં જવાની રજા આપો. તે સાંભળીને રાજ્યના મંત્રીઓ ઊભા થયા અને હાથ જોડીને બોલ્યા, "સ્વામી, આ વસ્તુસ્થિતિને ચાલુ રાખવી તે યોગ્ય નથી, અત્યારે અમારે કોઇ રાજા નથી. ગુરુજી તમને જે જવાબદારી સોંપે છે તેમાંથી તમે છટકી જઈ શકો નહીં; રામના પાછા આવ્યા પછી તમને ઠીક લાગે તેમ તમે કરજો પણ અત્યારે કૃપા કરીને અમારી વિનંતીને સ્વીકારો. રાજ્યની રક્ષા કરો અને લોકોની સમૃદ્ધિમાં વૃદ્ધિ કરો. રાજની લગામ તમારા હાથમાં લો."

ભરતે તેમની આજીજીઓનો કશો જવાબ આપ્યો નહિ. તે થોડા સમય માટે કૌશલ્યા માતા પાસે જવાની રજા માંગવા ઇચ્છતા હતા. વશિષ્ઠ તરત જ સંમત થયા, એટલે ભરત અને શત્રુઘ્ન સભાખંડમાંથી બહાર નીકળીને સીધા કૌશલ્યાના મહેલમાં ગયા. તેમને તે પગે પડ્યા. પછી ભરત બોલ્યા, "માતા, તે દુષ્ટ નારી કૈકેયીને પેટે જન્મેલા,આ સર્વ વિપત્તિના કારણરુપ આ કમનસીબ

ભરતને ક્ષમા આપો, એવી હું વિનંતી કરું છું. આ શાપિત ભરત રાજ્યનાં બધાં દુઃખોનું મૂળ કારણ છે. મને વનમાં જવાની રજા આપો. મારી ખાતર મારા ગુરુ અને સ્વામી રામ વનમાં ગયા છે, એટલે હું ઊંચું મસ્તક રાખીને આ અયોધ્યા નગરીમાં એક ક્ષણ માટે પણ ફરી શકું તેમ નથી. આ રાજ્ય પર જયેષ્ઠ પુત્રનો અધિકાર છે, આ ક્ષુદ્ર વ્યક્તિનો તેના પર જરા પણ અધિકાર નથી. મારે આ ભાર જોઈતો નથી. હું તે વહન કરી શકીશ નહીં. મને આશીર્વાદ આપો, કે જેથી હું તરત વિદાય થાઉં." શોકમગ્ન ભરત રાહ જોતા ઊભા .

હિંમત એકઠી કરીને કૌશલ્યા ભરતને આશ્વાસન આપવા લાગ્યાં. તે બોલ્યાં, "ભરત સંજોગોનો વિચાર કર, અને શોક ત્યજી દે. આ સમય આનાકાની કરવાનો નથી. રામ વનમાં ગયા છે, તારા પિતા સ્વર્ગમાં સિધાવ્યા છે, તારી માતાઓ, તારા સગાં સંબંધીઓ, તારા મિત્રો અને શુભેચ્છકો, પ્રજાજનો ઊંડા શોકમાં ડૂબી ગયા છે. તે બધાં પોતાના એકમાત્ર આશ્રય રૂપે તારી પ્રત્યે જોઈ રહ્યાં છે. ખ્યાલ કર કે આ બધું એટલા માટે બન્યું કે સમય અનુકૂળ ન હતો અને પરિણામે માણસોના કૃત્યો વક્ર બની ગયાં હતાં, આઘાતજનક બની ગયાં હતાં. હિંમત ધારણ કર અને નિર્ણય લે. તારા પિતાની આજ્ઞાનું પાલન કર. ગુરૂ વશિષ્ઠની આજ્ઞાને માથે ચઢાવ. લોકોની વિનંતીઓને માન આપ. મંત્રીઓની વિનંતી અનુસાર વર્ત."

રાજ્યપદ નો સ્વીકાર કરવાનું સમજાવતાં સમજાવતાં કૌશલ્યા પ્રેમપૂર્વક ભરતના હાથને પોતાના હાથોમાં પકડી રહ્યાં હતાં. ભરતને તેમના શબ્દો મૃદુ લાગ્યા, બળતા હૃદય પર શીતળ ચંદનના લેપ સમાન લાગ્યા, કાનને તે મધુર લાગ્યા, સાંભળવામાં તે શાંતિપ્રદ લાગ્યા. કારણ કે, આ બધી વિપત્તિઓના કારણરૂપ બનેલી પોતાની માતા માટે તેમાં તિરસ્કારનો એક પણ શબ્દ બોલ્યો ન હતો. કૌશલ્યાના મનમાં વફાદારી બાબત જરા પણ શંકા ન હતી. કૌશલ્યાના શબ્દો સાંભળીને ભરતને ખૂબ સુખ થયું, તેમને હાશ વળી. કૌશલ્યાના હૃદયની વિશાળતા જોઈને, પોતાની પ્રત્યે તેમના સાચા દિલના પ્રેમને જોઈને, ભરત ને અપાર આનંદ થયો. જ્યારે તેમનો પોતાનો પુત્ર ૧૪ વર્ષ માટે વનમાં ગયો હતો અને એ પોતે તો શૌક્યનો પુત્ર હતો ત્યારે કૌશલ્યા પોતાની સાથે આવો ખૂબ સ્નેહપૂર્ણ વ્યવહાર કરશે એવો ખ્યાલ ભરત સ્વપ્નમાં પણ કરી શકે તેમ ન હતું. મારી પોતાની માતામાં અને કૌશલ્યામાં કેવો મોટો તફાવત છે તે વિચારથી તેમને આશ્ચર્ય થયું. તે તફાવતને માપવા માટે પોતાની પાસે કોઈ માપદંડ ન હતો. કૌશલ્યામાં તેમને પ્રેમની અખિલાઈ અને પરિપૂર્ણતા જોવા મળી, જે પરિપૂર્ણતાએ હૃદયને તૃપ્ત કરી દેવું જોઈએ.

હાથ જોડીને ભરતે આગ્રહ કર્યો, “માતા તમારા કોમળ અને પ્રેમપૂર્ણ શબ્દો મારા ચિરાઈ ગયેલા હૃદય પર શીતળ ગુલાબજળની વૃષ્ટિ સમાન છે. કદાચ તમે મને ભૂલથી રામ માની લીધો હશે! પણ ખેદની વાત છે કે હું તે વિશુદ્ધ હૃદયવાળો રામ નથી! હું તો કૈકેયીના પેટે જન્મેલો ભરત છું. મારો સ્વભાવ વક્ર છે, જે મને માતા તરફથી વારસામાં મળેલો છે. હું અધમ છું. મારામાં કોઈ શરમની લાગણી નથી. હું રામનો શત્રુ છું. તમે મને રામ માની લઈને આવા મૃદુ, પ્રેમપૂર્ણ શબ્દો કહ્યા છે. તમારું હૃદય રામમાં એવું એકાગ્ર બની ગયું છે કે તમે દરેક ને રામ માની લઈને સંબંધો છો. માતાજી, હું આ સત્ય કહું છું! મારી વાત સાંભળો, મારી પ્રાર્થના સાંભળો.

માતા, જે લોકો ધર્મમાં અવસ્થિત છે, માત્ર તેઓ જ રાજ્ય ચલાવવા માટે યોગ્ય છે, જ્યારે મારા જેવા વક્ર બુદ્ધિવાળા અને શંકિત કુશળતાવાળા લોકો રાજા બને ત્યારે પૃથ્વી પાતાળની, નરકની મૂર્તિસમાન બની જશે. લોકો, સંકુચિત મનવાળા સાહસખોરો, લોભી ગીધો, ભપકાના શોખીન લોકો, સ્વકેન્દ્રી વ્યક્તિઓ, ઘર કરીને બેઠેલી અદેખાઈના રોગથી પીડાતા લોકો રાજ્ય ચલાવવા માટે યોગ્ય નથી. તેઓ પ્રજાજનોનાં હિતોને નુકસાન પહોંચાડે છે, તેઓ ધર્મના પાયા ખોદી કાઢે છે; તેવા લોકો રાજ્યનો વિનાશ કરશે.માત્ર સદ્દગુણી અને સદાચારી લોકો જ બીજાઓ પર શાસન ચલાવવા માટે યોગ્ય છે. મને તેવી એક જ વ્યક્તિ દેખાય છે અને તે રામ. તેમના જેવી બીજી કોઈ વ્યક્તિ હું જોઇ શકતો નથી. એટલે હું આ ક્ષણે જ વનમાં જઈશ, રામના પગ પકડીને તેમને પ્રાર્થના કરીશ.મારી સાથે તેમને હું અયોધ્યા પાછા લઈ આવીશ. વિલંબ કર્યા વગર મને રજા આપો, આશીર્વાદ આપો.” એમ બોલીને ભરતે કૌશલ્યાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, અને જવાબની રાહ જોતાં તે ઉભા.

ભરતના શબ્દોથી કૌશલ્યાને ખૂબ પ્રમાણમાં શાતા વળી. તે બોલ્યાં, “પુત્ર, મારા રામમાં જે લાગણીઓ છે તેમને જ હું તારામાં ઉભરાઈ રહેલી જોઉં છું. તને જોઈને હું રામના વિયોગના દુઃખને થોડુંક સહન કરી શકું છું. એટલે, જો તું પણ વનમાં જઈશ, તો અમારું શું થશે ? જો તારે વનમાં જવું જ હોય તો મને પણ સાથે લઈ જા. મારે આ અયોધ્યામાં હવે કોને માટે દિવસો ગાળવાના છે, કોની સાથે દિવસો ગાળવાના છે ? મારા પતિ ગુજરી ગયા છે, મારો પુત્ર વનમાં દૂર ચાલ્યો ગયો છે, છતાં હજી હું તે દુઃખથી મરી નથી ગઈ. જા, ગુરૂ વશિષ્ઠની રજા લઇ આવ. આપણે વનમાં જઈશું અને થોડોક સમય સીતા, રામ, લક્ષ્મણ સાથે ગાળીશું. પછી હું મારા જીવનનો ત્યાગ કરી શકીશ.” તે સાંભળીને ભરત ને થોડુંક આશ્વાસન અને મનની શાંતિ મળ્યાં.

પછી ભરત કૌશલ્યા ને અને સુમિત્રાને પગે પડ્યા અને કૈકેયીના મહેલ પ્રત્યે જવા નીકળ્યા.

ભરત આગળ ચાલ્યા, શત્રુઘ્ન તેમની પાછળ પાછળ ચાલ્યા. મંથરા પર વિશ્વાસ રાખીને કૈકેયીએ આ બધું સંકટ ઊભું કર્યું હતું એટલે તેમના મનમાં ખૂબ શોક અને કૈકેયી પ્રત્યે ક્રોધ હતા. પોતાના ક્રોધને અંદર દબાવી દેવા તેમણે ખૂબ પ્રયત્ન કર્યો. આખરે તેમણે મહેલમાં પ્રવેશ કર્યો, પ્રવેશદ્વાર આગળ તેમનું સ્વાગત કરવા ઊભેલી, રત્નજડિત આભૂષણ પહેરેલી, મંથરાને તેમણે જોઈ. શત્રુઘ્ન તે દ્રશ્યને સહન કરી શક્યા નહીં. તેના કેશ પકડીને તેમણે તેને નીચે ખેંચી અને તેના પર તે પ્રહારો વરસાવવા લાગ્યા. તેણે ચીસ પાડી 'આય્યો આય્યો.' જ્યારે તે ચીસ કૈકેયીએ સાંભળી ત્યારે તે બહાર દોડી આવ્યાં. તેવું કૃત્ય કરવા બદલ તેમણે શત્રુઘ્નનો ઉધડો લીધો.

તે તકનો લાભ ઉઠાવીને ભરત ક્રોધાવિષ્ટ બની ગયા. બૂમ પાડીને તેં બોલ્યા, "હે ઘોર પાપણી, તને ધિકકાર છે! આ દુષ્ટ સ્ત્રીના શબ્દોમાં વિશ્વાસ મૂકીને તે અધમ પાપ કર્યું. જ્યારે આ નારીની ખતરનાક સલાહએ તારા હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે તારા હૃદયના બે ટુકડા કેમ ન થઈ ગયા? તારી જીભ કેવી રીતે તે ખતરનાક વચનો માંગી શકી? જ્યારે તારી જીભે તે તિરસ્કારપાત્ર ઈચ્છાઓનું ઉચ્ચારણ કર્યું, ત્યારે તે જીભ બળીને ખાખ કેમ ન થઈ ગઈ? કયું મ્હોં લઈને તું આ મહેલમાં નિવાસ કરી રહી છે? તે મહેલની સીમાઓમાં વિચરતાં તને શરમ નથી આવતી? ખેદની વાત છે, તારા જેવી દુષ્ટ વ્યક્તિના શબ્દોમાં રાજાએ કેવી રીતે વિશ્વાસ મૂક્યો ? કામના આવેગથી અંધ બનીને, પત્ની ને રાજી કરવા તેમણે પુત્રને વનમાં મોકલવાની વાતમાં સંમતિ આપી. તે રચેલું કાવતરું અધમ અને દુઃખ જનક હતું. તે રાજાના વિશુદ્ધ હૃદયને દૂષિત ક્યું, તેં રાજ્યને આગ ચાંપી, વંશનો અને તેના યશનો વિનાશ કરી દીધો, તે રઘુના રાજવંશની સનાતન અપકીર્તિ કરી. તારા વક્ર, ઝેરીલા હૃદયે આ સર્વ વિનાશ સર્જ્યો. તને માતા કહેવી એ એક ભીષણ પાપ છે. તું જ્યારે બીજાઓને નુકસાન કરી રહી છે, ત્યારે તારો પુત્ર ભાગ્યશાળી બનશે એવો નિર્ણય તું કેવી રીતે લઈ શકી? તને જેમ તારાં સંતાનો વહાલાં છે, તેમ બીજાઓને પણ તેમનાં સંતાનો તેટલાં જ વહાલાં ન હોય? બીજાનાં સંતાનોના અનિષ્ટની યોજના કરનાર સ્ત્રી પોતાનાં સંતાનોનું જ અનિષ્ટ સાધી રહી છે, તે મહાન સત્ય તું કેવી રીતે ભૂલી ગઈ? પૂર્વજન્મોમાં તે કરેલાં પાપોને કારણે તેમ બન્યું હોવું જોઈએ. ના, આ બધું મારે કારણ બન્યું છે. નહીં તો, વિશુદ્ધ, સુસ્થિર, પવિત્ર મારા વહાલા ભાઈ, પવિત્રતાના અને ભદ્રતાના શિરોમણી રામ અને માતા સીતા શા માટે ભીષણ જંગલમાં પરિભ્રમણ કરે? કેવી ક્રુરતા! કેવું ભયંકર! તને ધિક્કાર છે. મારે આવા અધમ હૃદયવાળી પાપણી સાથે બોલવું પડે છે તે પણ મારા પૂર્વજન્મોમાં કરેલાં પાપનું ફળ છે. હું તારે પેટે જન્મ્યો તે અપયશને, સજાને પાત્ર થવા માટે મે કેવા ભયંકર પાપો કર્યા હશે, તે વિચારતાં મને અચરજ થાય છે. પાપી લોકો જ પાપીઓના ભાગીદાર અને સાથીદાર બનતા હોય છે. પાપીઓ, સદાચારી સજ્જનો સાથે કેવી રીતે સંબંધ રાખી શકે?

આ સૂર્યવંશ સ્વર્ગના રાજહંસ જેવો પવિત્ર અને વિશુદ્ધ છે, તેને કોઈ કલંક નથી. પણ સાચું કહું તો તું તારી માતા જેવી છે. પોતાની મહત્વાકાંક્ષા પૂર્ણ કરવા માટે તેણે પોતાના પતિને મરાવી નાંખ્યો હતો. રાજવંશની પ્રસ્થાપિત પરંપરાનો ત્યાગ કરીને શું જયેષ્ઠ પુત્રને બદલે નાનો પુત્ર ગાદીએ બેસી શકે ખરો?

આ ખતરનાક વિચાર તારામાં હમણાં આવ્યો નથી, તે પ્રારંભથી જ બીજરૂપે તારા લોહીમાં નિગૂઢ હતો; નહિ તો ઓચિંતો તે એક મહાન વૃક્ષ તરીકે પ્રગટી શક્યો ન હોત. તારો સ્વભાવ આવો દુષ્ટ છે. જન્મતાં વેંત તું મારુ ગળું દબાવીને મને મારી નાંખી શકી હોત, અને મને તથા આ સમગ્ર રાજ્યને આ દુઃખમાંથી ઉગારી શકી હોત. હવે ભૂતકાળ પર રડવાથી શું ફાયદો થવાનો હતો? ખેદની વાત છે, તારી બુદ્ધિએ તને થડ કાપી નાંખીને ડાળીઓને પાણી પાવાનું સૂચવ્યું, તારી તર્કબુદ્ધિએ તને ટાંકીમાંથી પાણી ખાલી કરી દઈને માછલાંને જીવાડવાનું સૂચવ્યું. તારી અધમ મૂર્ખતા પર મારે હસવું કે રડવું તે હું નક્કી કરી શકતો નથી.

તારી સાથે વાતચીતમાં સમય બગાડવા કરતાં, હવે હું સીધો રામ પાસે જઈશ, તેમને અયોધ્યામાં પાછા આવવા માટે પ્રાર્થના કરીશ, જેથી હું તેમની સાથે પાછો આવી શકું. જો તે પાછા આવવાની ના પાડશે, તો હું લક્ષ્મણની પેઠે તેમની સાથે રહીશ અને તેમની સેવાનું સુખ મેળવીશ. ફરી હું તારું મુખ નહીં જોઉં."

એમ બોલીને, કૈકેયી તરફ પૂઠ ફેરવીને, ભરત પોતાના ભાઈ સાથે ચાલી નીકળ્યા. કૈકેયી પોતાના ભૂલ ભરેલા કાર્ય પર વિચાર કરવા લાગ્યાં. તેમને લાગ્યું કે ગમે તે માણસ જે દુષ્ટ યોજનાઓ ઘડે તે તેને સ્વલ્પ કાલીન સુખ આપે, પણ આખરે તો તે માણસનું પતન જ થાય છે. કૈકેયીને છટકવાનો કોઈ માર્ગ સૂઝયો નહીં. પોતાના પશ્ચાતાપને અને શોકને વ્યક્ત કરવા માટે તેમને શબ્દો જડ્યા નહીં, એટલે તે મૂંગા અને જડ બનીને ઊભાં.

કૈકેયી મંથરા પ્રત્યે ખૂબ અણગમો થયો. તેમને સત્યનો ખ્યાલ આવી ગયો. રામના સદ્‌વ્યવહારથી તે આનંદિત બન્યાં અને પોતાના પાપના વિચારથી તેમણે શરમમાં માથું નીચે નમાવી દીધું.

• • •

## ભાઇઓ મળે છે

ભરત અને શત્રુઘ્ન સીધા તે સ્થાને ગયા, જ્યાં મંત્રીઓ, રાજગુરુ અને રાજધાનીના આગેવાનો એકત્રિત થયા હતા. તે બધા તેમની રાહ જોતા હતા, તેમણે કરેલા નિર્ણય ને જાણવા માટે આતુર હતા અને તે જે કહે તે ધ્યાનપૂર્વક સાંભળવા મૌનપૂર્વક બેઠા હતા.

તે દરમિયાન ભરત ગુરુને પગે પડ્યા અને બોલ્યા, “હે દિવ્યગુરુ, હું મારો પ્રામાણિક આશય આપને જણાવું છું. કૃપા કરીને મારી દિલની સચ્ચાઇ માનજો, કારણકે હું કશું જ સંતાડતો નથી. કોઈ પણ વાત ગુપ્ત જ રાખ્યા વગર મારું હ્રદય ખુલ્લું કરું છું. કારણ કરતાં પરિણામ વધારે કઠોર હોય છે. તમે જાણો છો કે જમીનમાંથી ખોદી કાઢેલી ધાતુ જમીન કરતાં વધારે કઠણ હોય છે. કઠોર હ્રદયવાળી કૈકેયીને પેટે જન્મેલો હું તેના કરતાં વધારે કઠોળ હ્રદયવાળો છું,  નહીં તો રામ મારાથી દૂર છે છતાં હું જીવું છું એ વાતને તમે કઈ રીતે સમજાવી શકશો? કૈકેયીએ સીતાને અને લક્ષ્મણને વનમાં મોકલ્યાં છે, તેણે પોતાનાં પતિને સ્વર્ગમાં મોકલ્યા છે, આ વિશાળ રાજ્યના પ્રજાજનોને શોકમાં અને ચિંતામાં ડુબાડી દીધા છે અને તમે હવે મને રાજ્ય ગાદી પર બેસાડવાની આજ્ઞા કરો છો, અને મારી જાતને સ્થાયી અપકીર્તિ વડે આચ્છાદિત કરી દઉં એવી આજ્ઞા કરો છો. આથી હું જરા પણ સુખી નથી. આને માટે હું જરા પણ યોગ્ય નથી. જ્યારે રામ જંગલમાં વિચરે છે, ત્યારે જો હું રાજા તરીકે સિંહાસન પર બેસું તો લોકો ઉપહાસ પૂર્વક મારી મશ્કરી નહીં કરે?

મારા શાસનથી લોકોનું અકલ્યાણ જ થશે,કારણ કે મારો રાજ્યાભિષેક જ અનિતીમય અને ધર્મ વિરુદ્ધનો હશે. ગાદી પચાવી પાડનાર ને કોણ માન આપશે,  તેની આજ્ઞાઓનું કોણ પાલન કરશે? હું અધાર્મિક અને અનીતિમય લોકોને શિક્ષા નહીં આપી શકું.જે ગાદી મારી નથી તેના પર બેસવાનો પહાડ જેટલો મોટો અધર્મ મેં કર્યો હોય તો પછી હું શું મોઢું લઈને બીજા અધર્મીઓને સુધારવાનો હતો?મારી સત્તાની રુએ હું લોકોને શિક્ષા કરું તેની બીકથી થોડા સમય સુધી તેઓ શાંત રહેશે, પણ જ્યારે તક મળશે ત્યારે તેઓ જરૂર મારા તરફ આંગળી ચીંધીને મારો દોષ કાઢશે.

મારી માતાની દુષ્ટ યોજના હવે મારે માટે ખૂબ પીડાજનક માથાનો  દુખાવો બની ગઈ છે. સીતાને અને રામને મળ્યા સિવાય એક ક્ષણ પણ થોભી શકું તેમ નથી. હું તમને મારી ભીષણ વેદના જણાવી રહ્યો છું. માત્ર રામનું દર્શન જ મારા  હ્રદયને ટાઢું પાડી શકશે. મારી વ્યથાને મટાડી  શકશે. મારી આ શોકમય દશામાં આશ્વાસનના કે સમજૂતીના શબ્દો મને શાંતિ પમાડી શકશે નહિ. મેં કૌશલ્યાની અને સુમિત્રાની રજા  મેળવી લીધી છે. રામ અત્યારે જ્યાં છે તે સ્થાને કાલે સવારે  જવાનો નિર્ણય મેં લઈ લીધો છે. રામની દ્રષ્ટિ મારા પર પડશે કે તરત જ  મારા પાપો ગમે તેટલાં વિપુલ હશે

તો પણ બધાં બળીને ખાખ થઇ જશે. રામ મારી સાથે બોલશે નહીં તો પણ કોઈ વૃક્ષ પાછળ સંતાઈ જઈને હું રોજ તેમનાં દર્શન કરીશ અને દૂર રહીને તેમનીપાછળ પાછળજઈશ, જેથી મને સુખ થશે. અહીં એકત્રિત થયેલા વડીલો, મારે માટે પ્રાર્થના કરો, મને આશીર્વાદ આપો કે રામનાં દર્શનના પરિણામે હું પ્રગતિ કરી શકું. હે મંત્રીઓ, મને રામ પાસે જવાની રજા આપો. હું સ્વામી રામનો દાસ છું, ગુલામ છું. તે આપણા બધાના સ્વામી છે."

મંત્રીઓની, ખંડિયા રાજાઓની અને લોકોના આગેવાનોની તે સભામાંથી કોઈપણ માણસ ભરતને જવાબ આપી શક્યો નહિ. ભરતના પશ્ચાતાપના ઊંડાણનો ખ્યાલ તેમને આવી ગયો હતો. તે જાણી ગયા હતા કે ભરતનું હૃદય નિષ્કલંક છે અને તે તેમની માતાએ કાવતરાની જે જાળ તેમની આસપાસ ગૂંથી હતી તેના વડે બંધાવા માગતા ન હતા.

નગરીના મુખ્ય વડાએ ઉભા થઈને કહ્યું, "સ્વામી, અમે પણ તમારી સાથે આવીશું, અમને પણ રામના વિયોગનું દુઃખ અસહ્ય લાગે છે. રામના દર્શનની તક મળ્યા પછી અમારા જીવનનું શું બને છે તેની અમે પરવા કરતા નથી." ત્યાં એકત્રિત થયેલા બધા લોકો વતી તેમણે આવી રજા માગી.

બીજાઓને પણ પૂરા હૃદયપૂર્વક તે સૂચનને અનુમોદન આપ્યું અને વિનંતી કરી કે અમને પણ રામ પાસે લઈ જાઓ. થોડીક મિનિટોમાં તે સમાચાર તે વિશાળ નગરીને ખૂણે ખૂણે પહોંચી ગયા અને પુરુષો, સ્ત્રીઓ, બાળકો, યુવાનો અને વૃદ્ધો ચાલી નીકળવા તૈયાર થઈ ગયાં. કોણ કોને વનમાં ન જવા માટે સમજાવે? અયોધ્યાની વિશાળ વસ્તીમાં તે દિવસે એક પણ એવો માણસ ન હતો કે જે એટલો ક્રૂર હોય કે જે બીજાઓને રામનાં દર્શન કરવા જતાં રોકે. કૌશલ્યા અને સુમિત્રા પણ પોતાની દાસીઓ સાથે મુસાફરી માટે તૈયાર થઈ ગયાં.

તે દરમિયાન, પોતાની ભૂલો અને પોતાનાં પાપો માટે પશ્ચાતાપ કરતાં કૈકેયીએ કૌશલ્યાને વિનંતી કરી કે મને પણ તમારી સાથે આવવાની રજા આપો. તેમણે વિનંતી કરી કે - ક્ષમા માગવા માટે અને રામને અયોધ્યામાં પાછા આવવા માટે સમજાવવાના પ્રયત્નોમાં મને પણ જોડાવાની રજા આપો. વિશુદ્ધ અને દોષરહિત હૃદયવાળા કૌશલ્યાને કોઈ શંકા ન આવી, સત્યચેતનામાંથી ભ્રષ્ટ થવાનો કોઈ ખ્યાલ ન આવ્યો. તેમણે કૈકેયીને સંદેશો મોકલ્યો કે-તમે જરૂર મારી સાથે આવી શકો છો.

ભરતને જાણ કરવામાં આવી કે આખી નગરી વનમાં આવવા તૈયાર થઈ ગઈ છે. તેમણે મંત્રીઓને એવું જણાવ્યું કે નગરીની રક્ષા કરવા માટે, નગરીને અનાથ ન બનાવી દેવા માટે થોડા

લોકોએ તો નગરીમાં રહેવાનું છે. રાતે જ દરેક ઘર આગળ વાહનોને તૈયાર કરવામાં આવ્યાં, જેથી તે લોકો વહેલી સવારે મુસાફરીમાં જોડાઈ શકે. લગભગ બધી જ પૈડાંવાળી વસ્તુઓને (વાહનોને) તે હેતુ માટે બોલાવી લેવામાં આવી. જનસમૂહ માટે ભોજનની અને જળપાનની સામગ્રી સાથે લેવામાં આવી. ચક્રવાક પંખીઓની પેઠે આયોધ્યાવાસીઓ પ્રભાતકાળની રાહ જોઈ રહ્યા હતા, જેથી તેઓ પોતાના વહાલા પ્રત્યે મુસાફરી શરૂ કરી શકે. નાગરિકો માટે તે રાત્રિ આનંદમય અપેક્ષાની રાખી હતીઃ તેમણે તે રાત્રિ અપેક્ષિત રામ દર્શનના ચિંતનમાં ગાળી.

ગજદળ, અશ્વદળ, રથદળ, આખી સેના, મુસાફરી માટે તૈયાર થઈ ગઈ. મંત્રીઓએ વેદ વિદ્વાનોને સૂચના આપી હતી કે તમારે સતત વેદ મંત્રોનું ઉચ્ચારણ કર્યા કરવાનું છે. તમારે અગ્નિની પૂજા માટે જરૂરી સાધનસામગ્રી સાથે લેવાની છે.જ્યોતિષીઓની ગણતરી અનુસાર શુભ મુહુર્તે, ભરત શત્રુઘ્નનો રથ પહેલો, તેની પાછળ રાણી કૌશલ્યાની પાલખી, રાજમહેલ આગળ લાવવામાં આવ્યાં. ભરતે આજ્ઞા કરી કે દરેક જણે પોતાની માટે નક્કી કરેલા રથમાં બેસવાનું છે. ભરત અને શત્રુઘ્ન ઉઘાડે પગે પોતાને માટે રાખેલા રથની બાજુએ ચાલતા હતા.

લોકો એમ માનતા હતા કે, તેઓ થોડેક દૂર સુધી, થોડાક સમય માટે પગે ચાલશે, પણ ભરત રથમાં બેસવાની ઈચ્છા રાખતા ન હતા, પછી ભલે ગમે તેટલું દૂર ચાલવાનું હોય. કૌશલ્યા તે સહન કરી શક્યાં નહીં. તે બોલ્યા, “પુત્ર, હું તને ચાલતો જોવાનું સહન કરી શકતી નથી. છેવટે થોડો સમય માટે તો રથમાં બેસ.” તે સાંભળીને ભરતે જવાબ આપ્યો, “માતાજી, આ તો હું મારા પાપોનું પ્રાયશ્ચિત કરી રહ્યો છું. ઉઘાડે પગે રામ અને સીતા વનમાં ચાલવાથી જે સહન કરી રહ્યાં છે, તેના થોડાક અંશ જેટલું માર્ગ પર ચાલવાથી મારે શું સહન કરવું પડે છે? જ્યારે તેઓ ઉઘાડે પગે ચાલી રહ્યા છે, ત્યારે તેમના દાસ એવા મારે રથમાં બેસવું તે ખૂબ અનુચિત કહેવાય. તમારી આજ્ઞાનો ભંગ કરવા બદલ મને ક્ષમા કરો, અત્યારે હું જેમ કરી રહ્યો છું તેમ ચાલવાની મને રજા આપો.”

તે દરમિયાન રાજગુરુ વશિષ્ઠ અને તેમનાં પત્ની અરુંધતી જે આગળ ચાલતા રથમાં બેઠાં હતાં, તેમણે પોતાનું વાહન થોભાવ્યું અને તેમણે ભરતના નિશ્ચયને જોઈને તેમને પ્રાર્થના કરી કે છેવટે અમારા રથમાં બેસીને રથને હાંકવાનું કામ કરો, પણ ભરત અડગ હતા. તે બોલ્યા, ‘હું રામનો સેવક છું, હું માત્ર તેમના રથ સાથે જ બંધાયેલો છું. જ્યાં સુધી હું તેમના રથનો સારથિ બનવાની તક પ્રાપ્ત નહીં કરું ત્યાં સુધી હું કોઈ પણ રથમાં નહીં બેસું અથવા બીજા ઘોડાઓની લગામ મારા હાથમાં નહીં પકડું, આ મારી પ્રતિજ્ઞા છે.’ વશિષ્ઠે આગ્રહ કરવાનું છોડી દીધું, ભરતને રામ પ્રત્યે જે પ્રેમ અને પૂજ્યભાવ હતા તે જોઈને તેઓ ખૂબ રાજી થયા.

પહેલે દિવસે રાત પડી ત્યારે તેઓ તમસા નદીના તટ પર પહોંચી ગયાં; બીજે દિવસે તેઓ ગોમતીના તટે પહોંચ્યાં. એ ગોગ્રા નદીની ઉપનદી છે, જ્યારે ગોમતી એ ગંગાની ઉપનદી છે. અંધારું થયું એટલે વાહનો થોભાવી દેવામાં આવ્યાં. મંત્રીએ સૈનિકોને આજ્ઞા કરી કે યોગ્ય માન જાળવીને પધ્ધતિસર બધાં લોકોને ભોજન પીરસો. ખરેખર, આખી મુસાફરી દરમિયાન જેને જે કામ સોંપવામાં આવતું તેને તે દરકારપૂર્વક અને ઉત્સાહપૂર્વક કરતા. કોઈને પણ કશી તકલીફ ન પડે તે બાબત તેઓ ખૂબ દરકાર રાખતા હતા.

ત્રીજે દિવસે સવારે તેમણે મુસાફરી ચાલુ કરી. જ્યારે અંધારું પડ્યું, ત્યારે તેઓ શૃંગીવેર પુર પહોંચી ગયા. નિષાદ રાજે વિશાળ જનમેદની અને કૂચ કરતી સેના જોઈ. તે ગૂંચવણમાં પડી ગયા કે ભરત શા માટે વનમાં જઈ રહ્યા હતા, અને શા માટે તેમણે પોતાની સાથે ચતુરંગ સેના રાખી હતી? તે બધાંનો શો અર્થ હતો? તેણે તે રહસ્ય ઉકેલવાનો પ્રયત્ન કર્યો. આ અસાધારણ પ્રક્રિયાની તરફેણમાં અને વિરુદ્ધમાં તેમણે પોતાના મનમાં દલીલો કરી. તે મનમાં વિચારવા લાગ્યા કે જ્યારે વૃક્ષ ઝેરી છે ત્યારે તેનું ફળ પણ ચોક્કસ ઝેરી હોવાનું જ. ભરતની યોજનાઓને ઊંધી વાળવા માટે તેમણે બધા પ્રયત્નો કર્યા, તેમણે પોતાના માણસોને આજ્ઞા કરી કે 'દરેક નાવડીને ગંગાના ઊંડાણમાં ડુબાડેલી રાખો અને ભરતને નદી પાર કરવાનું કોઈ સાધન ન આપો. જીવને જોખમે પણ, તે જનસમૂહને સામે પાર જતા અટકાવો.'

નિષાદરાજ પોતાનાં ધનુષ બાણ સાથે આક્રમણ કરવા માટે તૈયાર બનીને ઉભા. ભરતની સેના પોતાની સેના કરતાં ઘણી વધારે બળવાન હતી, છતાં પણ પોતાના વહાલા રામની ખાતર તે પોતાના પ્રાણનું બલિદાન આપવા માટે રાજી હતા.

આવનાર યુદ્ધ માટે ગુહે પોતાની જાતિના બધા લોકોને તૈયાર રહેવા સાવધાન કર્યા. પછી તે ભરતને મળવા ચાલ્યા. ભરત શત્રુ તરીકે આવ્યા છે કે મિત્ર તરીકે, કે પછી તે એક તટસ્થ માણસ તરીકે થોડા સમયના મુલાકાતી તરીકે આવ્યા છે કે જેમને વિશે ઝાઝી ચિંતા કરવાની જરૂર નથી, તે શોધી કાઢવા માટે તે ભરતને મળવા માગતા હતા. તે જાણતા હતા કે ભરત રાજવંશના રાજકુમાર છે, એટલે તેમને ભેટ આપવા માટે ગુહે મોટા જથ્થામાં પુષ્પો, માછલાં, માંસ અને ફળો પોતાની સાથે લીધાં.

તે બધી વસ્તુઓ ભેટમાં આપવાની પ્રતિક્રિયા ભરત કેવી કરે છે તે પરથી તે ભરતનો સાચો આશય જાણી લેવા માગતા હતા. કંદમૂળ ફળ એ સાત્વિક આહાર છેઃ જો ભરત તે વસ્તુ સ્વીકારે, તો તેમને મિત્ર માનવા. મારી નાંખેલાં પશુઓનું માંસ એ ભોજન છે; જો ભરત તે સ્વીકારે તો તેમને

મધ્યમી તટસ્થ માનવા, શત્રુ પણ નહીં અને મિત્ર પણ નહીં. જો ભરત આતુરતાપૂર્વક માછલાં સ્વીકારે, તો તેમને શત્રુ માનવા, કારણકે માછલાં એ તામસિક આહાર છે.

આ બધી ભેટો લઈને નિષાદરાજ ગુહ ભરત પાસે ગયા. પ્રથમ પગલે જ તેમને શુભ શુકન થયાં. તેમની નજર વશિષ્ઠ મુનિ પર પડી. દોડીને તે તેમની પાસે ગયા અને પોતાનું નામ બોલીને તે તેમને પગે પડ્યા. ગુરુએ તેમને રામના મિત્ર તરીકે ઓળખ્યા. વશિષ્ઠે તેમને આશીર્વાદ આપ્યા અને ભરતને પાસે બોલાવીને તેમણે કહ્યું કે-આ રામના મિત્ર ગુહ છે.

તે શબ્દો સાંભળીને ભરત તરત જ ગુહને પ્રેમપૂર્વક ભેટી પડ્યા અને ભરતે તેમને કુશળ સમાચાર પૂછ્યા. ભરતે ગુહને પૂછ્યું કે રામ તમને કેવી રીતે મળ્યા? જ્યારે ગુહે કહ્યું કે-આ નદીના તટ પર રામે આખી એક રાત મારી સાથે ગુજારી છે, ત્યારે ભરતે તે રાત્રિનું વર્ણન સાંભળવા બહુ ઉત્સુકતા બતાવીઃ વર્ણનના અમૃત માટે તેમની આંખો અને કાન તૃષાતુર બની ગયાં.

નિષાદ રાજે રામની ખૂબ ખૂબ પ્રશંસા કરી. તેમણે રામ-સીતા-લક્ષ્મણ થોડો સમય આરામ કરી શકે તે માટે પોતે જે છાપરાવાળી ઝૂંપડી તૈયાર કરી હતી તે ભરતને બતાવી. રાત્રે લક્ષ્મણ સાથે ગુહને જે વાર્તાલાપ થયો હતો તે પણ તેમણે વર્ણવી સંભળાવ્યો. તે બધું સાંભળીને ભરત અને શત્રુઘ્ન પોતાની આંખોમાંથી વહેતા અશ્રુપ્રવાહને રોકી શક્યા નહીં. તેઓ પોતાના હૃદયમાં ઉભરાતા શોકના આવેગને દબાવી શક્યા નહીં. તે જોઈને ગુહને ખાતરી થઇ ગઈ કે તેમને રામ માટે સાચી ભ્રાતૃભાવની લાગણી છે, તેમનામાં રામ પ્રત્યે જરા પણ શત્રુભાવ ન હતોઃ તેમની ભક્તિ અને સાચા દિલનું સમર્પણ જોઈને ગુહના મન પર પ્રબળ પ્રભાવ પડ્યો.

સીતા,રામ અને લક્ષ્મણના ઉપયોગ માટે બનાવાયેલી ઝૂંપડીઓને ભરતે ઝીણવટથી જોઈ. એમણે ઈચ્છ્યું કે તેમનું દરકારપૂર્વક જતન કરવામાં આવે, જેથી તેમને કશું નુકસાન ન થાય. વશિષ્ઠ ગુરુની આજ્ઞાનુસાર ભરતે, પોતાની માતાઓ સાથે, ગંગાના પવિત્ર જળમાં વિધિપૂર્વક સ્નાન કર્યું. ભરતે ગુહને કહ્યું કે-રામે જયાં રાત ગાળી હતી તે સ્થાને અમને લઈ જાઓ. પવન વેરવિખેર બની ગયેલા દર્ભ ઘાસના ઢગલા તરફ આંગળી ચીંધીને ગુહ બોલ્યા કે-રામ અને સીતાએ તે રાતે અહીં આરામ કર્યો હતો, આ સૂકા ઘાસની પથારી પર. ભરત અને શત્રુઘ્ને તે પવિત્ર સ્થાનને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. ભરત વિલાપ કરવા લાગ્યા, ‘અફસોસ! જાડી, મૃદુ રેશમી પથારી પર સૂવા ટેવાયેલા મારા સ્વામી આવા કઠણ પદાર્થ પર કેવી રીતે ઊંઘી શક્યા હશે? અરેરે, તે પવિત્ર માતા સીતા આ તકલીફને કેવી રીતે સહન કરી શક્યાં હશે?’ શોકાભિભૂત બનેલા ભરત થોડા સમય માટે તે સ્થાનમાંથી ખસી શક્યા નહીં.

ઊભા થઇને ભરતે ગુહને વિનંતી કરી કે- મને તે સ્થાનો બતાવો કે જેમનાં પર રામે, સીતાએ અને લક્ષ્મણે પોતાના પગ મૂકીને તેમને પવિત્ર બનાવ્યાં છે. ગુહે તેમને એક અશોક વૃક્ષ પાસે લઈ ગયા, જેની છાયામાં થોડોક સમય બેસીને તેમણે ફળો ખાધાં હતાં. તે સ્થાનને પવિત્ર માનીને, બન્ને ભાઈઓ પૂજ્યભાવ પૂર્વક તેના પર આળોટ્યા.

જ્યારે તેઓ રામ, સીતા અને લક્ષ્મણ વડે પવિત્ર બનાવેલાં સ્થાનોમાં ફરતા હતા ત્યારે બંને ભાઈઓને અવર્ણનીય વેદના થતી હતી. તેમની નમ્રતા પૂજ્યભાવ અને ભક્તિ જોઈને નિષાદરાજનું હૃદય દ્રવીભૂત બની ગયું. જ્યારે ભરતને દેવી મહાલક્ષ્મીરૂપ, જનક રાજાનાં ખૂબ વહાલાં પુત્રી, દશરથ રાજાના પુત્રવધુ, બલિષ્ઠ રામના પત્ની સીતાએ જે અગવડો સહન કરી હતી તેનો વિચાર આવ્યો ત્યારે તે પોતાની વેદનાને શમાવી શક્યા નહિ. ભરતે ગુહને કહ્યું કે, ‘અયોધ્યાવાસીઓ નગરીમાં વધુ સમય રહી શકશે નહિ, કારણ કે પવિત્ર દંપતી રામ સીતાએ તે નગરીનો ત્યાગ કર્યો છેઃ તેમને એમ લાગે છે કે અયોધ્યા વનમાં પરિવર્તિત થઇ છે, કારણ કે તેમાં રામ નથી. હું પણ તેમના શોકને સહન કરી શકતો નથી. મને પણ એમ જ લાગ્યું છે કે જ્યાં રામ છે ત્યાં અયોધ્યા છે. એટલે હું, મારા અનુયાયીઓ અને અયોધ્યાવાસીઓ સાથે, રામની પવિત્ર હાજરીમાં જવા આવ્યો છું.’

ગુહને પરિસ્થિતિનો ખ્યાલ સ્પષ્ટ રીતે આવી ગયો. ગજદળ, અશ્વદળ, રથદળ, પાયદળ સાથે આખી સેના લઈને ભરત વનમાં રામ પાસે જવા માગતા હતા, તે જોઈને ગુહે પોતાના મનમાં પહેલાં આવેલા બધા વિચારો ત્યજી દીધા. ભરતના આશયો વિશે પોતાના મનમાં જે શંકાઓ જન્મી હતી તે બદલ તેમણે ભરતની ક્ષમા માગી. ભરતે કહ્યું કે, ‘તમારો ભય સ્વાભાવિક છે. તમે કાંઈ ખોટું કર્યું નથી, કારણ કે સાચી વાત એ છે કે હું સાચે જ એક દુષ્ટ, જંગલી માણસ છું. રામને જે વનવાસ મળ્યો છે તેમાં હું કારણભૂત છું. તે એક જ ગુના બદલ મને મારી નાખવો જોઈએ. મને મારી નાખનારને કશું પાપ નહીં લાગે.’ જ્યારે ભરત આમ કઠોરતાપૂર્વક પોતાની જાતને ધિકકારી રહ્યા હતા ત્યારે ગુહે પોતાને ક્ષમા આપવા વિનંતી કરી.

નિષાદ રાજધાની શૃંગીવેરપુરમાં સમાચાર ફેલાઈ ગયા કે ભરત ગંગા તટે આવ્યા હતા. તે સાંભળીને ગુહના પ્રજાજનો રામના ભાઈનું સન્માન કરવા માટે એકઠા મળીને ચાલ્યા. ભાઈઓનાં સૌંદર્યને અને પ્રતાપ ને જોઈને તેમણે પોતાની આંખો તૃપ્ત કરી. તેમણે પોતાના હૃદયને સંતોષ થાય ત્યાં સુધી તેમની પ્રશંસા કરી. તેમણે તે બંન્નેને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. તેમણે ગોળગોળ રીતે રાણી કૈકેયીને ઠપકો આપ્યો. આટલા બધા ક્રૂર બનવા બદલ તેમણે વિધાતાનો દોષ કાઢ્યો. તેમણે ખૂબ આંસુ સાર્યા અને અનેક રીતે રામની પ્રશંસા કરી. તેમણે ભરતને, શત્રુઘ્નને, તેમની સાથેના બધાં

સ્ત્રી-પુરુષોને તથા બાળકોને પ્રાર્થના કરી કે તમે તમારી સાથે રામને, સીતાને અને લક્ષ્મણને પાછાં લઈ આવજો.

રામના વિયોગથી થતા દુઃખના આ પ્રદર્શનને જોઈને ભરત મૂંગા બની ગયા. એમના મુખ પર આંસુના રેલા વળ્યા. “એમની પ્રાર્થના કરવી એ મારું કામ છે, તે પ્રાર્થનાઓનો શો જવાબ મળે છે તેનો આધાર રામની કૃપા પર છે. હું તો માત્ર તેમનો દાસ છું. રામ પર દબાણ કરનાર હું કોણ? મારી પ્રાર્થનામાં સાથે જોડાઓ. તમારા હૃદયના ઊંડાણમાંથી પ્રાર્થના કરો કે રામ અયોધ્યા પાછા આવે.

તેમનું હૃદય જરૂર આપણ દુઃખ જોઈને પીગળી જશે. તે આપણી ફરજ છે. તમારી પ્રાર્થનાઓ મારી પ્રાર્થનાઓને સફળ બનાવવામાં મદદ થાઓ. રામ જગતનો ઉદ્ધાર કરવા આવ્યા છેઃ તે લોકોની પ્રાર્થનાઓનો અસ્વીકાર નહીં કરે.” નિષાદોની જરૂરિયાતો અને શક્તિઓને અનુરૂપ રીતે ભરતે તેમને આશ્વાસન આપ્યું. તે દરમિયાન પૃથ્વી પર અંધકાર છવાઈ ગયો. ભરતે નિષાદરાજને પોતાના માણસોને ઘેર પાછા જવાની આજ્ઞા કરવાનું કહ્યું. ગુહ વડે લવાયેલાં ફળો ભરતે અને તેમની સાથે આવેલાં લોકોએ ખાધાં અને આખી રાત તેમણે રામ વિશે અને તેમના મહિમા વિશે વાતો કરવામાં ગાળી.

જ્યારે પૂર્વ આકાશમાં નવા દિવસની લાલિમાં પથરાઈ ગઈ, ત્યારે ભરતે મંત્રીને બધા લોકોને જગાડવાનું કહ્યું. તેમણે પોતાના ભાઈ સાથે પવિત્ર ગંગામાં સ્નાન કર્યું. માતાઓએ પણ સ્નાન કરી લીધું; મુસાફરીમાં આગળ વધવા માટે દરેક જણ તૈયાર થઈ ગયા. નિષાદરાજ ગુહે તે બધાં લોકોને, રથોને, અશ્વોને અને ભરત સાથે આવેલી ચતુરંગ સેનાને નદી પાર કરવા માટે પૂરતી નાવડીઓ એકઠી કરી. તે બધાંને નદી પાર કરાવવાનું કાર્ય ઝડપથી પૂરું કરી દેવામાં આવ્યું. બધાં નદી પાર કરી ગયાં તે બાબતની ખાતરી કરી લીધા પછી, ગુહ ભરતને માર્ગ બતાવવા માટે જંગલમાં આગળ ચાલ્યા. બ્રાહ્મણો અને રાજ ગુરુ વશિષ્ઠ એક સમૂહમાં ચાલતા હતા, અયોધ્યાવાસીઓ બીજા એક વિશાળ સમુદાયમાં તેમની પાછળ ચાલતા હતા; તેમની પાછળ ચતુરંગી સેના ચાલતી હતી. એ રીતે ચાલીને ભરત ગંગાના અને યમુનાના સંગમસ્થાન પ્રયાગમાં બપોરે પહોંચી ગયા. ભરત કદી પગપાળા આટલું બધું ચાલ્યા ન હતા, એટલે તેમનાં તળિયાં સૂજી ગયાં, તેમાં બળતરા થતી હતી. છતાં તે આગળ ને આગળ ચાલતા જ રહ્યા કારણ કે તે પોતાની પીડાને, પોતે રામને આપેલા દુઃખનું પ્રાયશ્ચિત માનતા હતાઃ તેમણે તે બધાની ઉપેક્ષા કરી, કારણ કે તેમને તો માત્ર તે વખતે રામ જે દુઃખ સહન કરી રહ્યા હતા તેનું જ ભાન હતું.

પ્રયાગને ત્રિવેણી કહેવામાં આવે છે, કારણ કે ત્યાં આગળ ગંગાનો, યમુનાનો અને સરસ્વતીનો ત્રણ નદીઓનો સંગમ થાય છે. તેથી સ્થાનની પવિત્રતા ત્રણ ગણી બની જાય છે. તે બધાંએ વિધિપૂર્વક સ્નાન કર્યું. ભરતના દર્શન કરવાની તક મળવાથી પ્રયાગના તાપસોનાં, બ્રહ્મચારીઓના, મુનિઓના અને સંન્યાસીઓના હૃદય આનંદવિભોર બની ગયાં. તે બધા માંહ્યો માંહ્ય કહેવા લાગ્યા કે ઓહ, ભરતની આસપાસ રામના જેવું તેજો મંડળ છેઃ હકીકતમાં તે રામના જેવા દેખાય છે. ભરતને જોનાર દરેક માણસ ભાગ્યે જ આંખની પલક મારતો કે રખેને તેટલા સમય માટે પોતે ભરતનાં દર્શન ગુમાવી બેસે.

પ્રયાગમાં આવેલા ભરદ્વાજ આશ્રમના લોકોએ જાણ્યું કે ચતુરંગી સેના, માતાઓ અને મંત્રીઓ સાથે ભરત અને શત્રુઘ્ન અહીં આવ્યા છે. ભરદ્વાજ મુનિએ પોતાના શિષ્યોને મોકલ્યા, અને આખા સમુદાયને આશ્રમમાં આવવા નિમંત્રયો. તે નિમંત્રણને આજ્ઞા માની લઈને ભરતે પ્રવર ભારદ્વાજને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. ભરદ્વાજે ખભો ઝાલીને તેમને ઊભા કર્યા અને પ્રેમપૂર્વક પોતાની પાસે ખેંચ્યા. તેમણે તેમને તાજા બનાવી દે તેવા ઠંડા પીણા આપ્યાં. તેમણે જોયું કે ભરત શરમના માર્યા, ભયપૂર્વક નીચું મુખ રાખીને બેઠા હતા. તેમને ભય હતો કે મુનિ જે પ્રશ્નો પૂછે તે દ્વારા, રામના વનવાસમાં પોતાનો ફાળો છે તે હકીકત પ્રગટ થાય. ભારદ્વાજે તેમના મૌનનું અને અજંપાનાનું કારણ જાણી લીધું; તે બોલ્યા, “ભરત તમારે જરા પણ ડર રાખવાની જરૂર નથી. જે બન્યુ છે તે બધું હું જાણું છું નસીબ આગળ કોઈનું કશું ચાલતું નથી. તમારી માતાએ જે વરદાનો માંગ્યાં તેમનાથી શા માટે દુઃખી થાઓ છો? તેને માટે કૈકેયીનો કશો દોષ કાઢી શકાય તેમ નથી. ભગવાનના સંકલ્પે તેમને તેવાં વરદાનો માંગવા પ્રેર્યાં. હું જાણું છું કે કૈકેયી રામને પોતાના પ્રાણ સમાન ચાહે છે. એટલે તેમના મને જે વળાંક લીધો તેનું કારણ કોઇ માનવ વિચારના કે તર્કના ક્ષેત્રમાં શોધવાની જરૂર નથીઃ તેનું કારણ તો ભગવાનની દિવ્ય યોજનામાં શોધવાનું છે. ઘટનાઓનું મૂલ્યાંકન કરીને દુનિયા કૈકેયીનો દોષ કાઢે, વેદોમાં ગવાયેલી જિહ્વાની અધિષ્ઠાત્રી, દેવી સરસ્વતીનો દોષ કાઢે પણ એમ સમજો કે જે કાંઈ બન્યું છે તે સર્વશક્તિમાન ભગવાનની ઇચ્છા મુજબ બન્યું છે.

ભરત, દુનિયા તમારી નિષ્કલંક કીર્તિનાં ઉત્સાહપૂર્વક ગાન કરશે. વેદોના બોધોને આચરણમાં મૂકીને દ્રષ્ટાંતરૂપ બનતા અને વેદોના પ્રભાવને બતાવી આપતા તમારા જેવા લોકોને કારણે વેદોની કિંમત વધારે અંકાશે. સંકોચ ન કરશો. પિતા જે પુત્રને રાજ્ય સોંપે તેનો તે રાજ્યનું શાસન કરવાનો અધિકાર ગણાય છે. સત્યના વફાદાર અનુયાયી, મહાત્મા દશરથ રાજાએ રાજ્ય તમને આપ્યું છે અને રાજાઓના ધર્મ અનુસાર શાસન કરવાની તમને આજ્ઞા કરી છેઃ તે આજ્ઞા તમારે પાળવી જોઈએ.

રામના વનવાસને પરિણામે અને વિપત્તિઓ પેદા થઈ છે. તે ઘટનાથી આખી દુનિયા શોક મગ્ન બની ગઈ છે. અત્યારે પોતે કરેલાં પાપને કારણે તમારી માતા ખૂબ પશ્ચાતાપ કરી રહ્યાં છે. પણ તમને તો કોઈ પાપનો સ્પર્શ થયો નથીઃ તમે નિર્દોષ છો. અત્યારે તમે રાજ્યનું શાસન ચલાવો તો તેથી તમને કશું કલંક લાગવાનું નથી. હકીકતમાં, તમે રાજ્યની લગામ તમારા હાથમાં લીધી છે તે જાણીને રામ રાજી થશે.

મારે એ પણ કહેવું જોઈએ કે અત્યારે તમે જે ધ્યેય સાથે જઈ રહ્યા છો તે સાચે જ ખૂબ સ્તુત્ય છેઃ તમારો હેતુ ખૂબ પ્રશંસનીય છે, કારણકે રામનાં ચરણકમળ પ્રત્યેની ભક્તિ એ સર્વ સમૃધ્ધિનું અને પ્રગતિનું ઉદભવ સ્થાન છે.ભરત, હું હિંમતપૂર્વક કહું છું કે તમારા જેવો સદ્દગુણી અને ભાગ્યશાળી બીજો કોઈ નથી. તમે રામના વહાલા નાનાભાઈ હોવાથી તમારી યોગ્યતા સિદ્ધ કરી છે. વનમાં જતાં જતાં રામે અમારા આશ્રમને પાવન કર્યો છે. તે રાતે, મધ્યરાત્રિ સુધી રામ મોટે ભાગે તમારી અને તમારા સદ્દગુણોની જ વાત કરતા હતા. પ્રયાગમાં પવિત્ર સ્નાન કરવા માટે તે લોકો મારી સાથે ગયાં હતાં. સ્નાન કરતાં કરતાં પણ તેઓ તમને યાદ કરતા હતા. અયોધ્યા છોડતી વખતે, તે તમને અને શત્રુઘ્નને ન મળી શક્યા તેનો તેમને અફસોસ હતો. તમારા પ્રત્યે રામને જે પ્રેમ છે  તેનું હું માપ કાઢી શકતો નથી.

વળી પોતાનો આશ્રય લેનાર લોકોના શોકને દૂર કરવા રામ હંમેશાં તત્પર હોય છે. સમગ્ર વિશ્વ તેમનું કુટુંબ છેઃ બધાં તેમનાં સગાં સંબંધીઓ છે. હું માનું છું કે, તમે માનવસ્વરૂપ રામની મમતા છો. તમે જેને કલંક માનો છો તે એક પદાર્થ પાઠ છે,  દ્રષ્ટાંત રૂપ  છે,  પ્રેરણા છે  એમ હું માનું છું. ભરત તમારે શોકના ભારથી કચરાઈ ન જવું જોઈએ. તમારી પાસે તો ચિંતામણિ (કામનાઓ પરિપૂર્ણ કરનાર હીરો) છે, તો પછી હું ગરીબ છું એમ માનીને તમે શા માટે વિલાપ કરો છો? તેમ કરવું તે તમારે માટે યોગ્ય નથી. સીતાનાં,રામનાં અને લક્ષ્મણનાં દર્શન એ તો ખરેખર નિધિ છે, જેની શોધ બધી આધ્યાત્મિક સાધનાઓ કરી રહી છે. મને તે સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું,  કારણ કે મેં તે દર્શનનો આનંદ મારી આંખોને આપ્યો હતો; હું તેમની સાથે વાતો કરી શક્યો હતો; તેમની પાસે રહી શક્યો હતો અને તેમનો સ્પર્શ પણ કરી શક્યો હતોઃ મને તેમના યજમાન બનવાનો વિશેષ અધિકાર અને આનંદ સાંપડયો હતો. કદાચ મારા સદ્દભાગ્યનો અમુક અંશ જમા રહ્યો હશે કારણકે હવે મને તમારાં દર્શનનો આનંદ પણ પ્રાપ્ત થયો છે. મારું હ્રદય હવે આનંદવિભોર બની ગયું છે. રામ અમારી ખાતર વનમાં ગયા છે, જેથી વનમાં રહેતા તપસ્વીઓની આકાંક્ષાઓ પરિપૂર્ણ થાય, અમારી પવિત્રતામાં વૃધ્ધિ થાય. અમે ખરેખર ધન્ય છીએ.”

મહાન મુનિ ભરદ્વાજે આમ રામની અને તેમના સદ્દગુણોની પ્રશંસા કરી બોલતાં તેમની આંખોમાંથી હર્ષનાં આંસુ નો પ્રવાહ વહેવા લાગ્યો. ભરતનું અને શત્રુઘ્નનું મન રામમાં અને તેમના અસીમ પ્રેમમાં  તલ્લીન બની ગયું હતું. તેમને લાગતું હતું કે અમે તેમના ભાઈઓ છીએ તે અમારું સદ્દભાગ્ય છે. પણ તે મૂર્તિમાન પ્રેમની હાજરીથી પોતાને દૂર રહેવું પડયું તે વિચારથી તેમનો આનંદ તરત વિરમી ગયો.એટલે તેઓ અસહ્ય શોકમાં, અનિર્વચનીય દુઃખમાં વિલીન બની ગયા. પ્રણિપાતની સ્થિતિમાંથી ઉભા થઈને,  દુઃખથી રુંધાઈ ગયેલા કંઠ સાથે ભરત બોલ્યા, "ગુરુજી, તમે ભૂત, ભવિષ્ય, વર્તમાનને જાણો છો. તમે તદ્દન સત્ય જ કહ્યું છે. તમે પરમ સત્યના સ્વામી છો, કૌશલ્યમાં અને શક્તિમાં રામ કરતાં કોઈ ચઢિયાતો નથી.  તમારી આગળ મેં સત્ય જ બોલવાનો નિર્ણય કર્યો છે. લોકોના મનને અને તેમાં  અત્યારે શું  ચાલી રહ્યુ છે તે રામ જાણે છે. મારી માતાએ જે અન્યાય કર્યો તે બદલ મારા મનમાં અત્યારે દુઃખ નથી. તેમના પર આવી પડેલી વિપત્તિ બદલ લોકો મારો દોષ કાઢશે તેનો મને ડર નથી. મને સ્વર્ગ માટે અયોગ્ય ગણવામાં આવે તેની મને નિરાશા પણ નથી.

મારા પિતાએ ઉચ્ચ કીર્તિ પ્રાપ્ત કરી છે. તે મરણને પામ્યા છતાં પણ તેમનો યશ આખા જગતમાં ફેલાઈ ગયો છે. જ્યારે લક્ષ્મણને લઈને તેમના વહાલા પુત્રે વિદાય લીધી, તે જ ક્ષણે તેમણે પરપોટા જેવા શ્વાસ ને છોડી દીધો. તે કરુણ ઘટનાના આઘાતને તે જીરવી શક્યા નહીં. એટલે તેમની ચિંતા કરવાની હવે કશી જરૂર નથી. પણ સીતા, રામ અને લક્ષ્મણ ઉઘાડે પગે વનમાં વિચરી રહ્યાં છે. તાપસનાં વલ્કલ વસ્ત્રો પહેરીને તેઓ કુશ ઘાસની સાદડીઓ પર બેસે છે. તેઓ પંર્ણકુટીઓમાં નિવાસ કરે છે, સૂર્યના તાપ વડે તેઓ તપ્ત બને છે. વરસાદથી તેઓ ભીંજાઈ જાય છે,ટાઢથી તેઓ ધ્રૂજે છે. તેઓ મુશ્કેલીઓ સહન કરે છે. વનમાં તેઓ અકથ્ય સંકટો કરે છે, નહીં! વારુ.હવે મને કહો કે તેમની તકલીફોનું કારણ માત્ર હું જ નથી? રાત-દિવસ આ શોકમય હકીકત મારા કાળજાને કોરી ખાય છેઃ ખોરાક મારા જઠરમાં જવાની ના પાડે છે, નિદ્રા મારી આંખોનાં પોપચાં બિડવાની ના પાડે છે. મારી માતાની આ દુષ્ટતા મારા હૃદયમાં કટારની પેઠે ભોંકાઇ રહી છે. મારા રાજ્યાભિષેક માટે તેણે જે કાવતરું રચ્યું તે મારા વિનાશ માટેનું પાંજરું બની ગયું છે. મારા હૃદયને કોરી ખાતું દુઃખ કોઈ પણ ઉપાયથી શાંત પડે તેમ નથી. કશું પણ તે દુઃખને મટાડી શકે તેમ નથી. જ્યારે રામ અયોધ્યા પાછા આવશે ત્યારે તે દુઃખનો અંત આવશે. તે દુઃખ દૂર કરવાનો બીજો કશો જ ઉપાય નથી."

ભરતના તે શબ્દો સાંભળીને એકત્રિત થયેલા તાપસોને આનંદ થયો. ભરદ્વાજે તેમને કહ્યું, "હે પુત્ર, હવે જરાપણ શોક કરીશ નહીં; રામનાં ચરણકમળો પર દ્રષ્ટિ પડતાં જ તારો શોક ચોક્કસ અદ્રશ્ય થઇ જશે." તાપસોએ પણ તેમને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. તે દરમિયાન મહામુનિ

ભરદ્વાજે એક શિષ્યને ઇશારો કર્યો કે ભરત અને શત્રુઘ્ન પાસે કંદમૂળ ફળ લાવીને મૂક. તેમણે પોતાના શિષ્યોને આજ્ઞા કરી કે પરિચારકો, મંત્રીઓ, દરબારીઓ માટે અને અયોધ્યાવાસી લોકો કે જેમણે કોઇ પણ ફરિયાદ કર્યા વગર રામનાં દર્શન માટેની ઉત્સુકતાથી માર્ગની અનેક તકલીફો વેઠી છે અને જે પોતાના સ્વામીના વિયોગથી ખૂબ દુઃખી મનવાળા બની ગયા છે તેમને માટે ભોજન વ્યવસ્થા કરો.

પૂજ્ય ભાવપૂર્વક ગુરુની આજ્ઞા માથે ચઢાવીને શિષ્યોએ બધાં અતિથિઓને નાસ્તામાં ખૂબ ભોજન આપ્યું; બન્ને રાજકુમારોના, તેમનાં કુટુંબોના, મંત્રીઓના,દરબારીઓના, પંડિતોના અને બ્રાહ્મણોના આતિથ્ય માટે પરિશ્રમ પૂર્વક ઉત્સવ જેવી વ્યવસ્થા કરવામાં આવી. ભરદ્વાજ મુનિની રહસ્યમય સંકલ્પ શક્તિથી બધી વસ્તુઓ પરિપૂર્ણ માત્રામાં હાજર થઇ ગઈ. તેથી આશ્ચર્યચકિત થઈ ગયા.

પણ એમ કહેવું જોઈએ કે માત્ર બે ભાઈઓ જ નહિ, પણ અયોધ્યામાંથી આવેલો સમગ્ર સમુદાય તે ભપકા અને પુષ્કળતાને ક્ષુદ્ર સમજતો હતો. તેમને તે જરા પણ મનોહર લાગ્યાં નહિ. અત્તરો, સુગંધી પુષ્પોના ગોટા, મધુર રસવાળાં ફળો, અને સ્વાદિષ્ટ આકર્ષક વાનગીઓ જોઈને બધા આશ્ચર્યમુગ્ધ બની ગયા. ભરત અને શત્રુઘ્નન માટે જે તેજસ્વી આસનો ખાસ મૂકવામાં આવ્યાં હતાં તે અવર્ણનીય હતાં.

જ્યારે બધું તૈયાર થઈ ગયું ત્યારે મુનિએ દરેક જણને ખાસ બનાવેલ ભોજન ખંડમાં નિમંત્ર્યા. બધાં તે અદ્દભૂત સુંદર સ્થાનમાં પ્રવેશ્યાં. રાજગુરુને અને તેમનાં પત્નીને તેમને માટે ખાસ ઈલાયદાં રાખેલાં આસનો પર લઈ જવામાં આવ્યાં. રાણીઓ પણ પોતાને માટે આચ્છાદિત કરાયેલા સ્થાનમાં આવી. તેમને અંદર જવા માટે પરિચારકો માર્ગની બંને બાજુએ પંક્તિ બંદ્ધ ઉભા રહ્યા હતા. શોક ભાર નીચે ચગદાઈ ગયેલી હોવા છતાં, રાણીઓએ મુનિની આજ્ઞામાં સંમતિ આપી.

તે સમયે મુનિના તેજસ્વી મુખવાળા યોગ્ય માનપૂર્વક તે વિખ્યાત આશ્રમના રીત રિવાજ અનુસાર, ભરતને અને શત્રુઘ્નને અંદર આવ્યા. યુવાન તપાસો માર્ગની બંને બાજુએ ઉભા રહ્યા હતા. તેઓ ચામર ઢોળતા હતા અને શાસ્ત્ર સૂક્તોનો પાઠ કરતા હતા. પોતાને માટે રાખેલાં ભવ્ય આસનો પાસે બન્ને ભાઈઓ આવી પહોંચ્યા. પાસે આવ્યા કે તરત જ તેમણે પોતાનાં મસ્તક નમાવ્યાં. પૂજ્યભાવપૂર્વક દંડવત પ્રણામ કર્યા. શિષ્યોના હાથમાંથી તેમણે ચામરો લઈ લીધાં અને સિંહાસનોની એક એક બાજુએ ઊભા રહીને, પૂજ્યભાવ પૂર્વક તેમણે ચામરો ઢોળવાનું શરુ કર્યું;

આસનો ઉપર બેસવાને બદલે તેઓ આસનોની પૂજા કરી રહ્યા હતા. સિંહાસનોની કરાતી પૂજાના ભાવ દર્શનને જોઈને બધાં આશ્ચર્યે - ચકિત બની ગયાં.

જ્યારે મુનિએ તેમને સિંહાસનો પર બેસવાનું કહ્યું, ત્યારે તેમને પગે પડીને ભરત અને શત્રુઘ્ને વિનંતી કરી,"ગુરુજી આ સિંહાસનો સીતાનાં અને રામનાં છે, અમારાં નહિ. અમને તેમના પર બેસવાનો અધિકાર નથી. આ પવિત્ર આશ્રમમાં માત્ર તે બે જણને જ લક્ષ્મીદેવીને અને નારાયણને સિંહાસનો પર બેસવાનો હક છે. અમે તેમના દાસો છીએઃ આ તેમની સેવા કરવાની રજા અમને આપો. ?" તે સાંભળીને તાપસો અને આખો સમાજ આનંદવિભોર બની ગયાઃ તેમણે તેમની કદર કરી. બંને ભાઈઓને રામ માટે જે ખૂબ ઊંડો પ્રેમ હતો તેની તેઓ માંહ્યો માંહ્ય પ્રશંસા કરવા લાગ્યા. તેમની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. બંને ભાઈઓની શ્રદ્ધા અને તે શ્રદ્ધાની સુસ્થિરતા જોઈને તાપસો આશ્ચર્ય ચકિત બની ગયા.

ભાઈઓ પોતાને માટે લાવવામાં આવેલી અનેક વાનગીઓ સિંહાસનોને ધરાવી મનમાં એવું ચિત્ર ખડું કરી રહ્યા હતા કે આ સિંહાસનો પર બેસીને મનોહર આકૃતિઓવાળાં રામ સીતા તે નૈવેધ આરોગે છે. થોડા સમય પછી આ રકાબીઓમાં મુકાયેલી વાનગીઓના તેમણે ભાંગીને ટુકડા કર્યા, પછી પૂજ્યભાવ પૂર્વક તે નૈવેધ પોતાની આંખોને અડકાડીને તે પવિત્ર ભોજન લીધું. અયોધ્યાના વડાઓએ, મંત્રીઓએ, પરિચારકોએ અને નાગરિકોએ ભોજન ન લેવા બદલ ભરદ્વાજ મુનિની ક્ષમા માગી; તેમણે કહ્યું કે રામના વિયોગના દુઃખથી વિવશ બનેલા અમે આ ખોરાક લઈ શકતા નથી, તેમણે ભોજન લેવાનો ઈન્કાર કર્યો, કારણ કે તેમને એમ લાગતું હતું કે માત્ર રામનું દર્શન જ અમને સંતોષની લાગણી આપી શકે તેમ છેઃ અમે તે અમૃતમય મિજબાનીને ઝંખી રહ્યા છીએ. મુનિના આતિથ્યનું ધોરણ જેટલું ઊંચું હતું તેટલી જ ઊંડી આ લોકોની ગ્લાનિ હતી. તે બોલ્યા કે અમે રામનાં દર્શન માટે ખૂબ આતુર છીએ, તેથી અમે ખાઈ શકીએ એમ નથી. આખરે મુનિને તેમની ઇચ્છા આગળ નમતું જોખવું પડ્યું; મિજબાની લેવા માટે તે તેમને સમજાવી શક્યા નહિ.

પ્રભાત થયું અને બધાં જ વનમાં આગળ વધવા તૈયાર થઈ ગયાં. તેમણે મુનિને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને વિદાય માગી. પરિચારકો માર્ગ બતાવવા આગળ ચાલતા હતા; તેમની પાછળ પાછળ પાલખીઓ અને રથો જતાં હતાં; નિષાદરાજ ગુહના ખભા પર હાથ રાખી ભરત પાછળ ચાલતા હતા. તે મૂર્તિમાન ભ્રાતૃભાવ અને ભક્તિ સમાન લાગતા હતાં. કાંટા પથરાથી બચવા માટેના તેમણે પગે જોડા પહેર્યા ન હતા. સૂર્યના બળતા તાપથી બચવા માટે તેમણે માથે છત્રી ઓઢી ન હતી. તેમણે કોઈને પોતાને માથે છત્રી ઓઢાડવાની રજા ન આપી, તેમણે કોઈને

પગરખાં લાવવાની રજા ન આપીઃ પણ પૃથ્વીને તેમના પર દયા આવી; તેણે ભરતના માર્ગને મૃદુ અને મધુર બનાવી દીધો. આખી મુસાફરી દરમિયાન શીતળ અને મંદ પવન વાતો હતો. ભરતની અને પોતાની વચ્ચે સૂર્યે એક વાદળને રાખ્યું.

સાંજ પડી ત્યારે તેઓ યમુનાના કિનારે પહોંચ્યાં. આખી રાત તટ પાસે નૌકાઓ એકઠી થતી રહી હતી એટલે સઘળો સમુદાય એકી વખતે નદી પાર કરી શક્યો. પછી તેમણે સ્નાન કર્યું અને આભાર વૃતિથી ખૂબ પૂજ્યભાવપૂર્વક  પવિત્ર નદીને  સાષ્ટાંગ પ્રણિપાત કરીને તેઓ આગળ ચાલ્યા.

ત્યાંથી ભરતે અને શત્રુઘ્ને તાપસોનાં વલ્કલો ધારણ કરીને આગળ ચાલવા માંડયું. તેમની સાથે હૃદયમાં રામ સીતાનાં ચિત્રો રાખીને, મંત્રીઓ, રાજકુમારોના સાથીદારો અને પરિચારકો ચાલતા હતા. માર્ગમાં આસપાસનાં ગામડાંના લોકો પસાર થતા જન સમુદાયને જોઈને આશ્ચર્ય મુગ્ધ બની ઊભા હતા. ઘેરથી નદીએ પાણી ભરવા આવેલી સ્ત્રીઓએ પોતાના ઘડા જમીન પર મૂકી દીધા; તેઓ એક પણ મટકું માર્યા વગર બંને ભાઈઓને જોઈને દિગ્મૂઢ બનીને ઉભી રહી. તેમને લાગ્યું કે આ તે જ બે ભાઈઓ, રામ અને લક્ષ્મણ છે, જેઓ ફરી આ રસ્તેથી પસાર થઈ રહ્યા છેઃ તો આ વખતે સીતા તેમની સાથે નથી. સીતાને બદલે આ વખતે તેમની સાથે રથદળ, અશ્વદળ, ગજદળ અને પાયદળ છે, આયુધધારી સેના છે. તેમને આશ્ચર્ય થયું કે આ વખતે સીતા કયાં હશે? ખૂબ ઉત્સાહપૂર્વક તેમણે તે જનસમુદાયમાં સીતાની શોધ કરી; નિરાશ થવાથી તેઓ પોતાની સખીઓ સાથે ગપસપ વાતો કરવા લાગી.

તે સમૂહમાંની એક સ્ત્રી બોલી, ‘તે દિવસે જ્યારે આપણે રામ લક્ષ્મણને જોયા, ત્યારે તેઓ શરીર સૌંદર્યથી, યૌવનથી, સદ્ગુણથી અને બુદ્ધિથી પ્રકાશતા હતા. પણ આજે આ બેના મુખ પર શોકનું વાદળ છવાયેલું છે. એટલે આ બે જણ તે ન હોઈ શકે, જે તે દિવસે અહીંથી પસાર થયા હતા.’ રાજ પરિવાર સાથે આવેલા એક દૂતે તેમની વાતચીત સાંભળીઃ તેણે તે ભરત ને કહી.

તે દરમિયાન તે સ્ત્રીઓને ખબર પડી કે આ બે જણ રામના ભાઇઓ છે. તેઓ રામનાં દર્શન કરવા જ્યાં રામ હોય ત્યાં જઈ રહ્યા છે. તે સાંભળી એક કઠોર સ્વભાવવાળી સ્ત્રી ગુસ્સામાં તડૂકી ઉઠી, ‘પોતાના પિતાએ આપેલા રાજ્ય પર શાસન કરતો આ માણસ આયુધોવાળી સેના સાથે, પોતાના ભાઈ રામનાં દર્શન કરવા જાય છે, તેની સામે જુઓ તો ખરી! તેને કંઈ શરમ છે?”

તેને વચ્ચે રોકીને બીજી એક સ્ત્રી બોલી ઉઠી,, “બહેન એમ ન બોલીશ. આપણા રાજા દશરથનું સંતાન કઠોર હૃદયવાળું ન હોઇ શકે. ચતુરંગ સેના સાથે તે રામ પાસે પ્રાર્થના કરવા જતા હશે કે અયોધ્યા પાછા પધારો અને રાજ્ય સિંહાસન પર બિરાજો.”

ત્રીજી એક સ્ત્રીએ તે અર્થઘટન સ્વીકાર્યું અને તે બોલી, ‘હા, હા, પૃથ્વી પર કયા દરમાં કયો સાપ રહે છે તે કોણ જાણે છે? કોઈપણ માણસ બીજાના સ્વભાવ વિશે કશું પણ કહી શકે નહીં.બીજાઓને કાર્યમાં પ્રેરિત કરતાં હેતુઓ અને લાગણીઓ બાબત કોણ નિર્ણય આપી શકે? તે હેતુઓ અને લાગણીઓ ખૂબ ઉચ્ચ પ્રકારનાં પણ હોય જે વિશે આપણે જરા પણ જાણતા ન પણ હોઈએ. પણ રામ સત્યના અડગ અનુયાયી છે. કોઈપણ માણસ દલીલો કરીને તેમને પ્રાર્થના કરે, પણ ૧૪ વર્ષની મુદત પૂરી કર્યા પહેલાં તે કદી અયોધ્યા પાછા ફરશે નહીં. હું આમ માનું છું.’ તેણે પોતાની ઉદાત ભાવનાઓ આ રીતે વ્યક્ત કરી.

જાસૂસોએ આ ગ્રામીણ સ્ત્રીઓના વાર્તાલાપની જાણ યોગ્ય રીતે ભરતને અને શત્રુઘ્નને કરી. ગામડાંની અભણ સ્ત્રીઓ આટલી આશ્ચર્યજનક માત્રામાં રામ ની મહત્તાને પારખી ગઈ છે તે જાણીને તેમને આનંદ થયો. લોકો રામનાં ગુણોની અને પોતાની નમ્રતાની તથા ભ્રાતૃભક્તિની જે પ્રશંસા કરતા હતા તે સાંભળતાં સાંભળતાં તેઓ આગળ ચાલ્યા. પ્રતિક્ષણ તેઓ પોતાના મનને રામમાં જ કેન્દ્રિત કરતા હતા.

આગળ ચાલતાં તેમને અનેક બ્રાહ્મણો, તપસ્વીઓ, સંન્યાસીઓ અને બીજા પવિત્ર માણસો મળ્યા. તે બધા રામની અને તેમના સદ્‌ગુણોની પ્રશંસા કરવાના સુખપ્રદ કામમાં ગુંથાયેલા હતા. તેમને જોઈને ભરતે તેમને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને પૂછ્યું કે આપ ક્યાંથી આવી રહ્યા છો? જ્યારે તે પવિત્ર લોકોએ પોતાના હર્ષોન્માદ શાંત કરવા પ્રયત્ન કર્યો અને આખરે જવાબ આપવા માટે પોતાના કંઠને સ્વસ્થ કરવામાં તેઓ સફળ થયા ત્યારે ભરત ઉત્કટ આતુરતાપૂર્વક તેમને નિહાળી રહ્યા હતા. જ્યારે લોકોએ કહ્યું કે અમે સીતાના, રામના અને લક્ષ્મણના દર્શન કરીને પાછા આવી રહ્યા છીએ, ત્યારે બન્ને ભાઈઓ તેમને પગે પડ્યા અને આંખોમાંથી હર્ષાશ્રુ વહાવતા વહાવતા ઊભા થયા.

તેઓ બોલ્યા, ‘ઓહ, તમે કેવા નસીબદાર છો? અમને કહો, કહો કે તેઓ કેટલા દૂર છે? તેઓ ક્યાં છે?’ ભાઈઓએ આ પવિત્ર લોકોના કૂશળ સમાચાર પણ પૂછ્યા. તેમણે કહ્યું કેઃ તમારે હજી થોડેક વધારે દૂર મુસાફરી કરવી પડશે. એટલે બંને ભાઈઓએ તે રાત ત્યાંજ ગાળવાનો નિર્ણય કર્યો.

સવાર પડી અને તેમણે જોયું કે પોતે ચિત્રકૂટ પર્વતની બહુ નજીક છે. એટલે રામ, સીતા અને લક્ષ્મણને મળવાની ઉત્કંઠાથી તેમણે બમણી ઝડપથી પોતાની મુસાફરી ચાલુ રાખી. બપોરે તેમણે મંદાકિની નદીનો ખળખળ અવાજ સાંભળ્યો. તેઓ સ્પષ્ટતાપૂર્વક ચિત્રકૂટ શિખરને જોઈ શકતા હતા.

શિખર નજરે પડ્યું કે તરત જ અયોધ્યાના નાગરિકો અને બન્ને ભાઈઓ જમીન પર પૂજ્યભાવપૂર્વક દંડવત પ્રણામ કરીને પડ્યા. પછી ઊભા થઈને તેઓ વધુ ઝડપથી આગળ ચાલ્યા. જે લોકો ખૂબ થાકી ગયા હતા અને વધુ પરિશ્રમ માટે નિરાશ બની ગયા હતા તેમને એમ લાગ્યું કે પોતાનામાં ઓચિંતી હાથી જેટલી શક્તિ આવી ગઈ છે. પોતાની શારીરિક સ્થિતિની પરવા કર્યા વગર તેઓ ઝડપભેર ચાલવા લાગ્યા. જે લોકોએ પાલખીઓ ઉંચકી હતી અને જેમના પગનાં તળિયા માંથી લોહી નીકળતું હતું, તેમનામાં જય જય નો નાદ કરવાથી વધારે બળ આવ્યું. તેઓ રામ લક્ષ્મણનું નામ જપતાં જપતાં આગળ ચાલ્યા.

તે દિવસે પરોઢ સમય પહેલાં રામ જાગી ગયા હતા. તેમણે સીતા ને કહ્યું કે રોજના કરતાં આજે મારા-પિતા ચેતનામાં વારંવાર આવ્યા કરે છે. તે સાંભળીને સીતા બોલ્યાં, ‘સ્વામી તમે જાણો છો કે મને કદી સ્વપ્નો આવતાં નથી. પણ આજે રાત્રે મને એક અદ્દભૂત સ્વપ્ન આવ્યું હતું. હું એમ પણ કહી શકું કે ખરેખર તો એક સ્વપ્ન ન હતું. સ્વપ્નમાં મેં જોયું કે તમારા વિયોગ ને લઈને ભરત અને શત્રુઘ્ન દુબળા પડી ગયા છે. સ્વપ્નમાં મેં જોયું કે તમારા સિવાય અયોધ્યામાં એક ક્ષણ પણ રહેવાનું અશક્ય લાગતાં, તેઓ આપણી તરફ આવી રહ્યા છે. તેમની સાથે માત્ર અયોધ્યાના લોકો જ નહીં, પણ કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી રાણીઓ પણ છે.’ આ અનુભવ વર્ણવતાં વર્ણવતાં તેમની આંખોમાં આંસુ ઉભરાયાં.

રામે લક્ષ્મણને પાસે બોલાવીને કહ્યું, ‘ભાઈ તેં સીતાના સ્વપ્નની વાત સાંભળી, નહીં! વારુ.આ સ્વપ્ન સારા સમાચારોને સૂચવતું નથી. કારણકે સીતાએ બીજાં બધાંને પણ જોયાં અને મેં માત્ર પિતાને, પિતાને એકલાને, બીજાઓ સાથે સાથસંબંધ વગર ના જોયા. મને એ એક અપશુકન લાગે છે. આવ, આપણે સ્નાન કરી લઈએ તે શ્રેષ્ઠ છે.’ તે મુજબ ત્રણેય જણે નદી માં જઈને સ્નાન કર્યું.

તે જ વખતે પંખીઓનાં ટોળાં આકાશમાં ઊડવા લાગ્યાં. ઉત્તર દિશાનો ભાગ ધૂળના ગાઢ વાદળથી આચ્છાદિત થઈ ગયો. ઘણાં પશુ-પંખીઓ ડરના માર્યા ઝડપભેર ભાગી જતાં હતાં. ઉડી જતાં હતાં. આ અસાધારણ ઘટના જોઈને લક્ષ્મણ તેનું કારણ શોધી કાઢવા એક વૃક્ષ પર ચઢયા.

તેમણે જોયું કે અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળ સાથે સેના તેઓ જ્યાં હતા ત્યાં આવી રહી હતી. તેમણે અનુમાન કર્યું કે તે સેનાની મોખરે એક રાજા હતો. તેમણે રામને તે માહિતી આપી કે જલદી પર્ણશાળામાં પાછા જવું એ શ્રેષ્ઠ છે.

તે દરમિયાન જંગલના ભીલો, કિરાતો અને બીજી ટોળીઓના માણસો રામ પાસે દોડી આવ્યા અને બોલ્યા કે એક લશ્કરી સેના આ બાજુ આવી રહી છે. તે સેનાના રાજવી નેતાના રથ પર એક વટવૃક્ષ ચિહ્નવાળો ધ્વજ છે. રામને, સીતાને અને લક્ષ્મણને ખાતરી થઈ ગઈ કે ભરત પોતાના તરફ આવી રહ્યા છે; તે બાબતમાં હવે તેમને જરા પણ શંકા રહી ન હતી. તે સમયે લક્ષ્મણ ક્રોધથી કંપવા લાગ્યા. તેમણે દલીલ કરી કે, "રામનાં દર્શન માટે આવવું હતું તો તેમાં ચતુરંગ સેના સાથે લાવવાની શી જરૂર હતી? તે દુષ્ટ નારીએ, તેની માતાએ તેને સલાહ આપી હશેઃ જંગલના નિવાસસ્થાનમાં આયુધો રહિત રહેતા એકલા રામ પર હુમલો કરવાની અને તે અયોધ્યામાં પાછા આવી રાજ્ય ન કરે તેવી તેની દુષ્ટ યુક્તિમાં ભરતે સમંતિ આપી હશે આવું મારું અનુમાન છે" પોતાનામાં પ્રગટેલા ક્રોધની જ્વાળાઓથી લક્ષ્મણ લગભગ બળ્યા ઝળ્યા થઈ ગયા. તેમની આંખો અંગારા જેવી લાલચોળ બની ગઈ. તેમના શબ્દો તલવારના પ્રહારો જેવા તીક્ષ્ણ બની ગયા. રામે લક્ષ્મણમાં પરિવર્તન જોયું. તે બોલ્યા, "લક્ષ્મણ ઠંડો પડ, વિક્ષુબ્ધ ન બની જઈશ, શાંત થા. ભરત સદ્ગુણોમાં દ્રઢ છે. તેનો પ્રેમ અમેય છે. જેમ સરોવરને સૌંદર્યમાં કમળ વૃદ્ધિ કરે છે, તેમ તે ઈશ્વાકુવંશની ગરિમામાં વૃદ્ધિ કરે છે. વિશુદ્ધ, નિષ્કલંક, પવિત્ર માણસ પર દોષારોપણ કરવું એ યોગ્ય નથી." આમ ભરતના મનના હેતુઓના ચોક્કસ સ્વરૂપનું વર્ણન કરીને રામ, લક્ષ્મણના ક્રોધના આવેગને શાંત પાડવામાં સફળ થયા. થોડાજ સમયમાં ભરતે પોતે કેટલાક વનવાસીઓ દ્વારા સંદેશો મોકલ્યો કે મારા ભાઈ શત્રુઘ્ન સાથે, અમારા પરિચારકો અને અનુયાયીઓ સાથે હું રામનાં દર્શન ખોજતો આવ્યો છું. તે સુખદ સમાચાર આવવાથી રામ રાજી થયા. શરદઋતુના સરોવરો પેઠે, તેમનાં નેત્રકમળો આંસુથી ઉભરાઈ ગયાં.

જ્યારે ત્વરાપૂર્વક સ્નાન કરીને રામ, લક્ષ્મણ અને સીતા પોતાની પર્ણકુટિમાં આવતાં હતાં ત્યારે આ બધું બન્યું. જ્યારે તેઓ પર્ણકુટિમાં પહોંચ્યા ત્યારે ભરતે તેમને જોયાં. તેમનું હૃદય દુઃખથી ચિરાઈ ગયું. ખૂબ દુઃખપૂર્વક તેમણે 'રામ' એવી ચીસ પાડી; રામને પગે પડયા અને જમીન પર પડીને ડૂસકાં ભરવા લાગ્યા. એ લોકોના વિયોગથી ભરત જે વ્યથા અનુભવી રહ્યા હતા તે લક્ષ્મણે જોઈ. તેમને ખ્યાલ આવી ગયો કે ભરતના આશયો વિશેનો પોતાનો ખ્યાલ તદ્દન ખોટો હતો. તેમને હૃદયમાં ભયંકર પશ્ચાતાપ થવા લાગ્યો. શોકના ભારથી તેમનું મસ્તક નીચે નમી પડયું. ભરત અને શત્રુઘ્ન સાથે તેમણે ખૂબ આંસુ સાર્યા.

રામે પોતાના ભાઈઓને જમીન પરથી ઉઠાવી લીધા. તે તેમની શોકની લાગણીઓને શાંત કરવા લાગ્યા. એટલામાં કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી રાણીઓ, મંત્રીઓ, રાજગુરૂ વશિષ્ઠ, પંડિતો, અયોધ્યાના નાગરિકો અને સેનાના સભ્યો પાસે આવી ગયાં. રામને જોતાં તેમને શોક અને હર્ષ બંને થયા; પોતાના વહાલા રાજકુમારને જોઈને તેમને જે હર્ષ થયો તે, પર્ણકુટિની પાસે તાપસનાં વલ્કલ વસ્ત્રો પહેરેલા રામને જોઈને તેમને શોક થયો તેને ભૂંસી શક્યો નહિ. તેમણે વિલાપ કર્યો, રુદન કર્યું, શોકનાં અને આભારવૃતિનાં આંસુ સાર્યા, તેમનાં ચિરાઈ ગયેલાં હ્રદયોમાંથી રામ! રામ! અવાજ નીકળ્યો તે પૃથ્વીના અને આકાશના વિશાળ વિસ્તારમાં ફેલાઈ ગયો.

રામે મૃદુ અને મધુર શબ્દોમાં તેમને પોતાની લાગણીઓ પર કાબુ રાખવા સમજાવ્યા. પછી તે માતાઓ પાસે ગયાઃ પણ દુર્ભાગ્યની અને દુઃખની મૂર્તિઓ સામે મીટ માંડી શક્યા નહિ. આવી પડેલી વિપત્તિથી તે સભાન બન્યા. પણ થોડા જ સમયમાં તેમણે પોતાની જાતને આશ્વાસન આપી શાંત પાડી. પોતાના પિતા મૃત્યુ પામ્યા તેથી તેમને શોક થયો. પણ થોડા જ સમયમાં તે સ્વસ્થ બન્યા. લક્ષ્મણને પોતાની પાસે ખેંચીને તે હકીકત તેમને જણાવી. લક્ષ્મણને માહિતી મળે તે માટે, તેમણે પોતાના વંશના વફાદાર મંત્રી સુમંત્રને વિનંતી કરી કે અમને બધી વિગતો જણાવો અયોધ્યાના રાજ્ય વહીવટ સંબંધી બધી હકીકતો જણાવો. તે સાંભળીને શોકના ભારને સહી ન શકતા સુમંત્ર નીચે પડી ગયા. ઊભા થવાનો પ્રયાસ કરતાં, ડૂસકાં વચ્ચે તે બોલ્યા, “લક્ષ્મણ, હવે પછી આપણને દશરથ ક્યાં મળવાના હતા? રામના, સીતાના અને તમારા વિયોગના દુઃખની જવાળાઓથી તે બળીને ખાખ થઈ ગયા.આયોધ્યા જંગલ બની ગઈ છે. તમે જ્યાં જુઓ ત્યાં શોક જ નજરે પડે છે. તમે જે કાંઈ સાંભળો તે વિલાપ જ હોય છે. માત્ર માણસોએ જ નહિ, પણ તમે જ્યારે ચાલ્યા ગયા ત્યારે પશુ-પંખીઓ પણ પોતાના પ્રાણ ત્યજી દીધા. જે જીવી રહ્યા છે, તેઓ તમારા પ્રત્યાગમનની આશાથી જીવી રહ્યા છે.” તે સાંભળીને લક્ષ્મણ ખૂબ રડ્યાઃ તે જવાબ ન આપી શક્યાઃ તે ઝાડના ઠૂંઠાની પેઠે ઉભા રહ્યા.

એક પણ શબ્દ બોલ્યા સિવાય લક્ષ્મણ રામ પાસે ગયા અને લથડતે અવાજે બોલ્યા, “આવી ભયાનક વિપત્તિ આવી પડશે એવી મને સ્વપ્નમાં પણ કલ્પના ન હતી. આપણે આપણા પિતાને મૃત્યુ સમયે પણ મળી ન શક્યા.” રામ તેમને આશ્વાસન આપતાં બોલ્યા, “જે બની ગયું છે તેનો શોક કરવો નિરર્થક છે. ભૌતિક શરીરો પાણીના પરપોટા પેટે ક્ષણભંગુર છે. તે ફૂટી જાય જ અને અદ્રશ્ય થઈ જ જાય, આજે નહિ તો કાલે.” રામે અનેક નીતિ વાક્યો કહ્યાં. પછી બન્ને ભાઈઓ કોઈ સગું વહાલું મરી જાય ત્યારે વિધિપૂર્વક જે સ્નાન કરવું પડે છે તે સ્નાન કરવા માટે નદીએ ગયા.

તે દરમિયાન સીતા પોતાની સાસુઓ પાસે ગયાં અને તેમણે ખૂબ પૂજ્યભાવપૂર્વક તેમનાં ચરણસ્પર્શ કર્યાં. તેમણે રાજગુરુનાં પત્નીને પણ સાષ્ટાંગ પ્રણિપાત કર્યાં. તે અયોધ્યાવાસી સ્ત્રીઓને પણ મળ્યાં અને તેમને મધુર સ્વાગત દ્વારા યોગ્ય માનપૂર્વક રાજી કરી. જ્યારે તેમની નજર સીતા પર પડી, ત્યારે રાણીઓએ મોટેથી રુદન કર્યું; અયોધ્યામાંથી આવેલી સ્ત્રીઓએ તેમના સુંદર રાજકુમારની સ્થિતિ જોઈ અને તેઓ પણ શોક વશ બનીને વિલાપ કરવા લાગી. દશરથના મૃત્યુના સમાચાર જાણીને સીતાએ વારંવાર રાણીઓને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તે બોલ્યાં, "અરેરે! આપણું કેવું મોટું દુર્ભાગ્ય છે! અમારો વિયોગ સહન ન કરી શકવાથી રાજાએ પ્રાણ છોડ્યા." દશરથના મૃત્યુના સમાચારથી સીતાના હ્રદયને વ્રજઘાત થયો. ઘટનાઓએ જે વળાંક લીધો હતો તેથી સીતાએ અને રાણીઓએ લાંબો સમય રુદન કર્યું. તે દિવસે કોઇપણ ખાઈ-પી શક્યું નહીં. તેમને ખાવાનું મન જ ન થયું. આખો દિવસ અને રાત તેમણે શોકમાં વિતાવ્યાં.

સૂર્યોદય થતાં વશિષ્ઠે રામને મરણોત્તર ક્રિયા કરવાનું કહ્યું. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તેમણે તે મરણ ક્રિયા કરી. રામ પોતે જળને પાવન કરનાર મંત્ર ભણ્યા કે ગંગાનાં, ગોદાવરીનાં, સરસ્વતીનાં, નર્મદાનાં, સિંધુનાં અને કાવેરીનાં જળ આ પાત્રોમાં આવો અને તેમાંના જળને પવિત્ર બનાવો. એટલે તે વિધિ પાવન અને ખૂબ સફળ બની ગઈ.

ત્યાર પછી કુલગુરુએ, દરબારના મંત્રીઓએ, રાણીઓએ અને અયોધ્યાના નાગરિકોએ પૂરા બે દિવસ રામ, સીતા અને લક્ષ્મણ સાથે ગાળ્યા. બે દિવસ પુરા થયા પછી રામ, ગુરુ પાસે આવીને બોલ્યા, "ગુરુજી, આ અયોધ્યાવાસી નાગરિકો માત્ર જળ જ પીએ છે, અને કંદમૂળ જ ખાય છેઃ તેઓ બહુ દુઃખી છે. ભરત, શત્રુઘ્ન, અને માતાઓ સામે જોતાં મારી એક ક્ષણ મને યુગ જેટલી લાંબી લાગે છેઃ તમે અયોધ્યા પાછા જાઓ એ શ્રેષ્ઠ છે. તમે તમારો સમય અહીં ગાળો છોઃ રાજા સ્વર્ગે સિધાવ્યા છે. તમારે પાછા જવાની અગત્ય પર મારે વધારે આગ્રહ કરવો તે હું યોગ્ય માનતો નથી. કૃપા કરીને જે ખૂબ કલ્યાણકારી હોય તેનો જલ્દી અમલ કરો." એમ બોલીને રામ વશિષ્ઠને પગે પડ્યા.

વશિષ્ઠે જવાબ આપ્યો, "રઘુવંશના નાથ, રામ! તમે આમ શા માટે બોલો છો? તમને ખ્યાલ નથી કે આ લોકો કેટલા બધા સુખી અને સંતુષ્ટ થયા છે, કારણ કે તમારી મનોહારિતા જોવાનું સદ્દભાગ્ય તેમને સાંપડ્યું છે."

જ્યારે લોકોએ સાંભળ્યું કે રામે તેમને અયોધ્યા પાછા જવાની વિનંતી કરી છે, ત્યારે મધ્ય દરિયે વાવાઝોડામાં સંપડાયેલી નૌકાની પેઠે, બધા ભયભીત અને નિરાશ બની ગયા, પણ જ્યારે તેમણે વશિષ્ઠને પોતાની તરફેણમાં દલીલ કરતા સાંભળ્યા, સઢમાં અનુકૂળ પવનલહરી ભરાઈ છે,

એવી નૌકાની પેઠે, તેઓ સ્વસ્થ બન્યા. તેમને દિવસમાં ત્રણ વખત મંદાકિની નદીમાં સ્નાન કરવાનું, પોતે જાતે વનમાંથી આણેલાં કંદમૂળ ફળનો સાદો આહાર ખાવાનું, અને સૌથી વધારે તો રામ, સીતા અને લક્ષ્મણનાં દર્શનથી પોતાની આંખોને તૃપ્ત કરવાનું સદ્ભાગ્ય સાંપડયું હતું, તે છોડીને તેમને અયોધ્યા પાછા જવાનો વિચાર ગમ્યો નહીં.

સીતા સાસુઓની સેવામાં ગૂંથાયેલા રહેતાં; તેમની જરૂરિયાતો પહેલેથી જાણી લઈને તે તેમની સેવા કરવા ખડે પગે તૈયાર રહેતાં, તે તેમને આશ્વાસન આપતાં કહેતાં કે, વનમાં હું મારા દિવસો ખૂબ સુખપૂર્વક ગાળું છું; મને કશાની ખોટ નથી. પોતાના ધૈર્ય અને કૌશલ્યથી તે સાસુઓને આશ્ચર્ય ચકિત કરી દેતાં. આવા પ્રતિકૂળ સંજોગોમાં સીતા આટલો બધો આનંદ પ્રાપ્ત કરી શકે છે, તે વિચારથી માતાઓ રાજી થઈ જતી. સીતાને હિંમતપૂર્વક શોકનો સામનો કરતાં જોઈને માતાઓ પણ વધુ સહેલાઈથી પોતાનું દુઃખ સહન કરવા લાગી.

ભરત રાતે એક ક્ષણ પણ ઊંઘતા નહીં, અને દિવસે તેમને ભૂખ લાગતી નહીં. રામનું મુખ જોઈને લોકો સુખી થતા, પણ તે મુખ જોઈને ભરત અને શત્રુઘ્ન દુઃખી થતા. તેઓ તે દુઃખ વધારે વખત સહન કરી શક્યા નહીં; તેઓ વશિષ્ઠ પાસે ગયા અને તેમને પગે પડ્યા. તેમણે પ્રાર્થના કરી કે સીતા સાથે રામ અયોધ્યા પાછા ફરે તેમ તેમને સમજાવો. અનેક પ્રકારે પોતાનું દુઃખ વ્યક્ત કરીને તેઓ આતુરતાપૂર્વક ગુરુજીને પ્રાર્થના કરવા લાગ્યા. ગુરુજી બહુ સારી રીતે જાણતા હતા કે, પોતાના આદર્શો પ્રત્યે રામને બલિષ્ઠ શ્રદ્ધા છે. તે સત્યને અડગ રીતે વળગી રહે છે; પોતાના પિતાની આજ્ઞા પાળવાનો તેમનો નિશ્ચય અડગ છે. ભરતના શોકથી તે એટલા બધા સંચાલિત બની ગયા હતા કે રામને સમજાવવામાં પોતે કશી કચાશ રાખી નથી એવી ખાતરી ભરતને થાય તે માટે તેમણે રામ સાથે વાત કરવાનો નિશ્ચય કર્યો.

રામને પોતાની પાસે બોલાવીને વશિષ્ઠ બોલ્યા, "રામ, ભરતની પ્રાર્થના સજ્જનોની ઈચ્છા અનુસાર, લોકોનાં હિત જળવાય તે રીતે, રાજનીતિના સિદ્ધાંતો અનુસાર અને વેદોની આજ્ઞા અનુસાર વર્તો. આ શબ્દોમાં ગુરુજીના પ્રત્યેના પ્રેમને વ્યક્ત થયેલો રામે જોયો. તે જાણતા હતા કે ભરત કદી ધર્મમાનથી ચ્યુત નહીં થાય, તે મન વચન કર્મ દ્વારા મારી આજ્ઞાઓનું હૃદયપૂર્વક પાલન કરશે. તે હંમેશાં મારાં પગલાંને અનુસરશે અને મારી સુખ-સમૃદ્ધિ માટે કોશિશ કરશે. તેથી તે રાજી થયા. એટલે મુનિના પ્રસ્તાવના જવાબમાં તે મૃદુતાપૂર્વક અને મધુરતાપૂર્વક થોડાંક કલ્યાણકારી વાકયો બોલ્યા, "ગુરુજી, તમે મારા સાક્ષી છો, મારા પિતાનાં ચરણ મારા સાક્ષી છે; હું એટલું ભારપૂર્વક કહીશ કે મારા ભાઈ લક્ષ્મણ જેટલું વહાલું મને બીજું કોઈ નથી; મને ભરત જેટલો વહાલો છે તેટલો વાહલો દુનિયામાં

કોઈપણ માણસને પોતાનો ભાઈ નહિ હોય. પોતાના ગુરુનાં ચરણોમાં ભક્તિ રાખનાર માણસો સાચે જ નસીબદાર છે. તમને ભરત પર ખુબ પ્રેમ અને કરુણા છે, તે ભરતનો મહાન નિધિ છે. ભરત મારા કરતાં નાનો છે, એટલે તેની હાજરીમાં પ્રશંશા કરતા હું સંકોચ અનુભવું છું. મારો હવે એવો અભિપ્રાય છે કે ભરતે પોતાના મનની વાત જણાવવી જોઈએ." એમ બોલીને રામે વશિષ્ઠને દંડવત પ્રણામ કર્યા અને પોતાને સ્થાને બેઠા.

વશિષ્ઠે ભરત સામે જોયું, કારણ કે તેઓ રામને સીધો જવાબ આપી શકે તેમ ન હતું. તે જાણતા હતા કે, ભરત રાજા થવાના છે. તે બોલ્યા, "ભરત, બધો સંકોચ અને શંકા ત્યજી દો. રામ તમારા મોટાભાઈ છે. તે ખૂબ કરુણાળુ છે, તમારું હૃદય તેમની આગળ ખુલ્લું કરો. તેમને તમારા મનની વાત જણાવો." મુનિના તે શબ્દો સાંભળીને ભરત ને લાગ્યું કે વશિષ્ઠ રામના મનની વાત જાણી ગયા છે; તે બંને કૃપાપૂર્વક મારી ઇચ્છા પૂર્ણ કરશે. ઘટનાના વળાંકથી તે રાજી થયા.

ભરત તેમની આગળ સ્થિર ઉભા રહ્યા. કમળની પાંખડીઓ જેવાં તેજસ્વી અને લાલ આંસુ તેમની આંખોમાંથી પડતાં હતાં. તે બોલ્યા, "જે કહેવાનું છે તે બધું પૂજ્ય મુનિએ રામને કહી દીધું છે, બધાના વતી તેમણે જે અપીલ કરી છે તેમાં મારે ખાસ ઉમેરવાનું શું બાકી હોય? હું મારા રામના સ્વભાવને બરાબર જાણું છું. અનિષ્ટ કરનારાઓ પ્રત્યે પણ તેમને ક્રોધ થતો નથી.મારે માટે તેમને અપાર પ્રેમ છે, તેની હું ના પાડી શકું તેમ નથી. તેમની સામે ઊભા રહેતાં મને શરમ આવે છે, પણ તેમનાં દર્શનથી અને મારા પ્રેમને કારણે, મને આનંદ થાય છે. ગમે તેટલો લાંબો સમય હું તેમનાં દર્શન કરું તોપણ મારી આંખો ધરાતી નથી. રામ પ્રત્યેના મારા પ્રેમ ને ભગવાન સહન કરી શક્યા નહીં, ભાઈ ભાઈ વચ્ચેના આટલા બધા પ્રેમને તે સહન કરી શક્યા નહીં, એટલે તેમણે આ દુઃખની યોજના ઘડી અને તેમાં માતાને કારણ બનાવી. હું જાણું છું કે, આમ કહેવાથી મને યશ કે માન મળવાનું નથી. મારી પોતાની માતાનો દોષ કાઢવાથી હું કેવી રીતે મારી અધિક્તા સ્થાપિત કરી શકવાનો હતો? જ્યારે કોઈ માણસ પોતાની જાતને નિર્દોષ જાહેર કરે છે ત્યારે શું તે કથન માત્રથી તે નિર્દોષ સિદ્ધ થઈ શકે ખરો? હું પોતે કહેવામાં સંકોચ અનુભવું છું, કારણકે મને પોતાને જ આશંકા છે કે, મારી માતા નબળા મનની છે અથવા હું સારો અને બુદ્ધિશાળી છું. એમ કહેવામાં મને પોતાને જ ખાતરી નથી. તળાવોમાં રહેતી માછલીઓની છીપોમાં શું મોતી પાકે ખરાં? મારા શોક માટે મારે બીજાઓને શા માટે દોષ કાઢવો જોઈએ? મારું કમનસીબ સાગર જેટલું વિશાળ છે. હું જાણું છું કે, પાપોને પરિણામે આ બધી કરુણ કથા બની છે. મારા દુઃખ માંથી છટકવા માટે હું ચારેય દિશાઓમાં કોઇક ઉપાય શોધી રહ્યો છું. હવે હું જોઈ શકું છું કે તેનો ઉપાયો માત્ર એક જ છે. મારા ગુરુ મહાન મુનિ વશિષ્ઠ છે. સીતા અને રામ મારા પરમ શાસકો છે. એટલે મને ખાતરી છે કે બધું ઠીક ઠીક થઈ રહેશે. સ્વામી, હું બીજા કશાની

ઈચ્છા રાખતો નથી. રામ, તમારા આ દાસની આ એક ઇચ્છા પૂરી કરો. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન દશરથ રાજાના ભૌતિક સંતાનો છે. એટલે એ ચારેય જણ પોતાના પિતાની આજ્ઞાઓનું પાલન કરવા બંધાયેલાં છે. એવી કોઇ મર્યાદા કે નિયમ નથી કે પિતાની આજ્ઞા આ પુત્ર પાળે કે બીજો પુત્ર પાળે. અત્યાર સુધી તમે તેમની આજ્ઞા પાળવાની જવાબદારી ઉપાડી છે. હવે વનવાસનો ભાર પાડવાનો અમારો વારો આવ્યો છે. સીતાએ, રામે અને લક્ષ્મણે અયોધ્યા પાછા જવું જોઈએ અને અમે બે જણા ચૌદ વર્ષ સુધી વનમાં જઈશું. અમને આ વરદાન આપો અને આ આશીર્વાદ આપો." એમ બોલીને ભરત રામને પગે પડ્યા.

ભરતની તે પ્રાર્થના સાંભળીને વશિષ્ઠ ની આંખોમાં હર્ષાશ્રુ ઉભરાયાં. રામ આ દલીલોથી છેતરાયા નહીં. તે બોલ્યા, "ભરત મને લાગે છે કે તારી વિચારસરણિ તું ધારે છે તેટલી વજુદવાળી નથી. એમ વર્તવું બરાબર નથી. તે સિવાય તું મારી પાસેથી બીજું ગમે તે માગી લે." ભરતે જવાબ આપ્યો, "ભાઈ, તો પછી લક્ષ્મણની પેઠે મને અને મારા ભાઈને તમારી સાથે રહીને તમારી સેવા કરવા દો. તેથી અમને પૂરું સંતોષપ્રદ, પવિત્ર જીવન પ્રાપ્ત થશે." રામે તે પ્રાર્થનાનો પણ સ્વીકાર ન કર્યો. તે બોલ્યા, ભરત, મારે માટે અને તારે માટે પણ પિતાની આજ્ઞાનો ભંગ ન જ થવો જોઈએ. પિતાની આજ્ઞા આપણે પૂજ્યભાવપૂર્વક માથે ચઢાવવી જોઈએઃ કાંઈ પણ બોલ્યા સિવાય આપણે તેનું પાલન કરવું જોઈએ. આપણા બધાને માટે ખૂબ વધારે યોગ્ય કર્મ એ છે કે પિતાએ મને જે આજ્ઞા કરી છે તે મારે પાળવી અને તને જે આજ્ઞા કરી છે તે તારે પાળવી. આપણે આવી નિરર્થક વાતોમાં વખત ન બગાડવો જોઈએ, અને ખોટી આશા રાખીને અયોધ્યાથી આટલે દૂર સુધી આવેલા લોકોને દુઃખ ન આપવું જોઈએ. તે લોકો સાથે, તું તને આપવામાં આવેલી અયોધ્યામાં પાછો જા અને ધર્મપૂર્વક તેનું શાસન ચલાવ. મને સોંપવામાં આવેલું કામ હું કરીશ." ભરત કે બીજું કોઈ રામના આ નિર્ણયાત્મક કથન વિરુદ્ધ દલીલ કરી શક્યું નહીં. તેમને બધાને સ્વીકારવું પડ્યું કે, તે ધર્મ માર્ગ હતો.

ભરત શોકથી અભિભૂત બની ગયા. વિલાપ કરતાં તે બોલ્યા, "જે માતાને રામ, સીતા અને લક્ષ્મણ શત્રુરુપ જણાયાં તેના પુત્ર એવા મારા સિવાય બીજા કોના પર ભગવાન આવું અસહ્ય દુઃખ નાંખે? હા, ભાઈ, મેં સાંભળ્યું છે કે સીતા, રામ અને લક્ષ્મણ વનવાસ આવ્યાં છે; કાંટા, પથરાથી બચવા માટેનાં પગરખાં પહેર્યા સિવાય તમે ઉઘાડે પગે વનમાં વિચરો છો તે પણ મેં સાંભળ્યુ છે. આ સમાચારે મારા મન પર તીક્ષ્ણ ભાલાઓની પેઠે, ઘા કર્યા છે ; પણ પાપી,હોવાને કારણે હું જીવી રહ્યો છું; નહિ તો મેં ક્યારનુંય મારું શરીર ત્યજી દીધું હોત.જયારે ગુહને એવી શંકા થઇ કે હું મારા ભાઈ સામે દ્રોહ કરવા જઈ રહ્યો છું, અને જ્યારે પોતાનું સૈન્ય લઈને મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો,

ત્યારે પણ મારો પ્રાણ આ દેહમાં ટકી રહ્યો. ખેદની વાત છે કે મારું હૃદય હીરા કરતાં પણ વધારે કઠોર છે ; તેથી આટલા બધા પ્રહારો થયા છતાં તેના ટુકડા થઈ ગયા નથી.

જે કરુણાકથાનું હું કારણ છું તેને હું ઠંડે કલેજે નિહાળી રહ્યો છું. હું એટલો બધો કમનસીબ છું કે શોકના આટલા બધા પ્રહારો થવા છતાં હું ખડો રહીં શકું છું. મારી માતામાં એવું તો ભયંકર ઝેર છે કે શરમને લીધે વીંછીઓ અને સર્પો પણ પોતાના અભિમાન કારક વિષને ત્યજી દે; હું એવી માતાનો પુત્ર છું. એટલે ભગવાન મને મારા નસીબનાં પરિણામોમાંથી કેવી રીતે છટકી જવા દે?" ભરત એવી આત્મવ્યથા કરી રહ્યા હતા, તેમના શોકને, પશ્ચાતાપને, વિનમ્રતાને, ભ્રાતૃપ્રેમને અને પૂજ્યભાવને જોનારાં નાગરિકો, રાણીઓ, મુનિઓ અને બીજા બધા લોકો, બરફ પર પડેલી કમળની પાંખડીઓની પેઠે, કરમાઈ ગયાં, દુઃખી બની ગયાં. ભરતના શોકને દૂર કરવા માટે તેમણે ભરતને પુરાણોમાંથી ઘણી ઘટનાઓ યાદ કરાવી.

પછી રામે ભરતને કહ્યું, "ભાઈ, તું શા માટે નિરાશ બને છે? તારો શોક નિરર્થક છે. નસીબમાં કશો ફેરફાર થઈ શકતો નથી. સર્વત્ર, સર્વસમયે, સારા અને સદ્દગુણી લોકો તને માન આપશે; જે લોકો તારા પર વક્રતાનું દોષારોપણ કરશે. તેઓ આ જન્મમાં અને પછીના જન્મોમાં દુઃખી થશે. અને પોતાની માતાનો ધિકકાર! જે લોકો સતત સદ્દગુણી સમાજમાં ઉછર્યા નથી અથવા જેમણે ગુરુને ચરણે બેસીને તાલીમ લીધી નથી, માત્ર તેવા કમનસીબ લોકો જ માતાનો તિરસ્કાર કરવાનો ગુનો કરે. ભરત, લોકો લાંબા સમય સુધી તારા નામને યાદ કરશે. તારા નામને યાદ કરનાર લોકો તેના અદષ્ટ પ્રભાવતથી, પોતાના દુર્ગુણોનો ત્યાગ કરવા સમર્થ બનશે. તું આ જગતમાં કીર્તિ પ્રાપ્ત કરીશ અને પરલોકમાં આનંદ પ્રાપ્ત કરીશ. તારા આદર્શોથી અને તારા શાસનથી જગત ટકી રહેશે. ભરત, તિરસ્કારને અને પ્રેમને દબાવી શકાતા નથી, હૃદયમાં સંતાડી રાખી શકાતા નથી. તેમને હૃદયમાં દબાવી રાખવાના ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે, પણ તે ચોક્કસ પ્રગટ થવાના જ. હું તારા સ્વભાવને બહુ સારી રીતે જાણું છું. સત્યની ખાતર રાજાએ મને વનમાં જવા દીધો અને ખૂબ વહાલા એવા મારો વિયોગ સહન ન કરી શકવાથી તેમણે પ્રાણ ત્યાગી દીધા. મારા અથવા તારા જેવા પુત્રોએ તેવા પ્રેમાળ પિતાના વચનને માન ન આપવું તે બરાબર નથી. માટે વધુ આનાકાની ન કરીશ. તારે મને જે કહેવાનું હોય તે કહે, તું જે જાણવા માગતો હોય તે મને પૂછ, અને તને સોંપેલી જવાબદારી ઉપાડવાનો નિર્ણય કર. તારે માટે આ શ્રેષ્ઠ માર્ગ છે." રામે તે શબ્દો ભાર મૂક્યો.

પોતાની વહાલી ઇચ્છાઓ વ્યક્ત કરવાની ભરતને તક મળી નહિ, પણ પોતાની એક આખરી માંગણી પર મક્કમ રહીને તે બોલ્યા, " રામ, જે રાજ્ય તમે ત્યજી દીધું છે, જે તમને વનવાસ

અપાવવાને કારણે કલંકિત બન્યું છે, તે રાજય પર શાસન કરવાનું મને પસંદ નથી. મને તે રાજ્ય માટે પ્રેમ પણ નથી. હું કદી તમારી ઈચ્છા વિરુદ્ધ, તમારી આજ્ઞા વિરુદ્ધ જઈ શકું તેમ નથી. હું કદી પણ તેમ નહીં કરું, જો તમે જરા પણ ગુસ્સો કર્યા સિવાય, મારા પર તમારી પ્રેમાળ દ્રષ્ટિ ફેંકશો, તો હું મારી જાતને ધન્ય માનીશ. લક્ષ્મણ લાંબા સમય સુધી, અત્યાર સુધી, તમારી સેવા કરી છે ; તેમને શત્રુધ્ન સાથે અયોધ્યા પાછા મોકલો મને તમારે ચરણે તેમનું સ્થાન લેવાની રજા આપો.

તેથી બંને જણને કીર્તિ મળશે. લક્ષ્મણ રાજ્ય વહીવટમાં નિષ્ણાત છે. તે વહીવટનાં બધાં ક્ષેત્રોમાં ડહાપણપૂર્વક અને સારી રીતે રાજ્યશાસન કરશે અને સ્વર્ગવાસ પામેલા પિતાના આત્માને સંતોષ આપશે. મારી પ્રાર્થના સ્વીકારો, મને તમારી સાથે રાખો મારી વિનંતીનો સ્વીકાર ન કરશો તમારી હાજરીમાંથી મને લાત મારીને કાઢી ન મૂકશો. " આમ કરુણતાપૂર્વક આજીજી કરતા ભરતે રામના પગ પકડી લીધા.

ભરત આગળ બોલ્યા, " અથવા કૃપા કરીને સીતા સાથે અયોધ્યામાં પાછા જાઓ અને ત્યાં રહો. અમે ત્રણ ભાઈઓ વનમાં રહીશું. તમે કહેશો તે પ્રમાણે અમે અહીં અમારું જીવન વિતાવીશું. તેથી ઊલટું, જો તમે મારા પર આ રાજ્યનો બોજો નાખશો, તો હું તે ભાર ઉપાડી નહીં શકું. હું જીવી નહીં શકું. મને તમારાં ચરણો પાસે રાખો અને રાજ્ય કરતાં હજાર ગણો વધારે ભાર મારા પર લાદો, હું તે ભાર રાજીખુશીથી, ઉત્સાહપૂર્ણ આનંદ સાથે ઉપાડીશ. મને રાજનીતિનાં કે નીતિમયતાનાં શાસ્ત્રોનું જ્ઞાન નથી. તમે જાણો છો કે શોકનિમગ્ન માણસની બુદ્ધિ બહેર મારી જાય છે. જ્યારે કોઈકનો સેવક સામો જવાબ આપે અને તેમના અજ્ઞાન પ્રત્યે અંગુલી નિર્દેશ કરે, ત્યારે ખુદ શરમ પોતે શરમાઈ જાય છે. મને તે સ્થિતિમાં ન મુકશો. રામ મારું હૃદય તદ્દન ખુલ્લું કરીને હું મારી લાગણીઓ તમને જણાવું છું. હું માત્ર જગતના કલ્યાણમાં વૃદ્ધિ કરવાની ઈચ્છા રાખું છું. કૃપા કરીને આપણા દરેક માટે શ્રેષ્ઠ માર્ગનો નિર્ણય કરો. અમારા આશયો બાબત શંકા ન કરશો; અમારા પર તમારી કૃપા વરસાવો અને અમને આજ્ઞા કરો. અમે વફાદારીયુક્ત પૂજ્યભાવ - પૂર્વક તમારી આજ્ઞાઓને માથે ચઢાવીશું. જરા પણ આનાકાની કર્યા સિવાય તેમનો અમલ કરીશું. "

ભરતના આ શબ્દો સાંભળીને તે વિશાળ જન સમુદાય ખૂબ આનંદ પામ્યો, તે બધાનાં હૃદય કરુણા અને આભાર વડે પીગળી ગયાં. ભરતે પોતાના ભાઈ રામમાં જે પ્રેમ અને શ્રદ્ધા મૂક્યાં હતાં તેમની તેમણે અનેક પ્રકારે પ્રશંસા કરી. ભરતની ઊંડી ભક્તિનો તેમના પર ખૂબ પ્રભાવ પડ્યો. એકી અવાજે બધાંએ પ્રાર્થના કરી," હે સ્વામી રામ, ભરતની વિનંતી સ્વીકારો. દશરથના ચાલ્યા જવાથી લોકોનાં લાંબો સમયથી પ્રસ્થાપિત બનેલાં યશ અને સુખ પણ ચાલ્યાં ગયાં છે ! જગત દયાજનક રીતે

અનાથ બની ગયું છે. આયોધ્યા, એક અનાથ બાળકની પેઠે, વિલાપ કરી રહી છે. પોતાના પતિ વડે ત્યજાયેલી સતી સ્ત્રીની પેઠે, તે પોતાના ભાગ્યને રડી રહી છે. "

તે દરમિયાન (અટ્લી રાણી ) કૈકેયી માટે તો આપણે શું કહીશું ! તે ત્યાં ઉભાં હતાં, શોક તેમનાં હૃદયને કોરી ખાતો હતો. પોતાનાં દુષ્ટ કૃત્યોને કેવી રીતે સમજાવવાં તે શોધી કાઢવા માટે તે આતુર હતાં. એકલા રામને મળવાની તેમણે ઘણી કોશિશ કરી, જેથી તે રામની માફી માંગી શકે ; પણ તેમાં તે સફળ નીવડ્યાં નહીં. તે રામને પોતાનું મુખ બતાવતાં પણ શરમાતાં હતાં. જે રામને આટલા બધા ચાહતાં હતાં તેમના પર તે આટલાં બધાં દુ:ખો અને મુશ્કેલીઓ કેવી રીતે નાંખી શક્યાં તે બાબતનું તેમને આશ્ચર્ય થતું હતું. રામ તેમના પ્રાણ સમાન હતા. એટલે તેમને ખાતરી થઈ કે, હું એકલી કદી તેમને આટલા બધા દુ:ખી ન જ કરી શકું. તેમણે અનુમાન કર્યું કે, મારામાં પ્રવેશ કરેલી કોઈ દુષ્ટ શક્તિની અસરે ઘટનાઓની કરુણ પરંપરા સર્જી હોવી જોઈએ. પણ તેમણે પોતાની જાતને કહ્યું કે, પોતે પોતાના બચાવમાં ગમે તે કહે, પણ દુનિયા મને કદી માફ નહીં કરે. આવી શંકાઓથી ચિરાઈ જતાં કૈકેયી વાત કરવા માટે રામ પાસે જઈ શક્યાં નહીં; તેઓ રામને છોડીને દૂર પણ જઈ શક્યાં નહિ, કારણ કે તે પોતાના હૃદયના ભારને ફગાવી દેવા માગતાં હતાં. દુર્બલ, ભયભીત બનીને લથડતે પગે તે ત્યાં ઊભાં રહ્યાં.

રામે તેમના વિક્ષોભને જોયો અને તક ઝડપી લઇને તે તેમને પગે પડવા માટે અને તેમના પ્રત્યે સન્માન બતાવવા માટે તેમની પાસે ગયા.

કૈકેયી તે તકની રાહ જોઈ રહ્યાં હતાં. રામ ના પગ પકડીને તે બોલ્યાં, "પુત્ર, તમે મારા કરતાં બહુ નાના છો. તમે મારા પુત્ર છો, છતાં જ્ઞાનથી અને સદ્દગુણોથી તમે સમગ્ર જગતના સ્વામી છો. જ્યારે હું તમારા પગ મારા હાથમાં પકડું છું, ત્યારે હું કશું પાપ કરતી નથી. આવો, અયોધ્યા પર રાજ્ય કરો. મારા પાપની ક્ષમા આપો; માત્ર તેથી હું મારા પર જે અપકીર્તિ લાવી છું તે ધોવાશે. જો તેમ ન બને તો ભરતને તમારાં ચરણો પાસે રાખો. મને એટલું વરદાન આપો ; તેથી હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી મારા મનને શાંતિ મળશે. મારી આ ઈચ્છા પૂર્ણ થયા પછી મને જીવવાની ઈચ્છા નથી. જે બે વરદાનની પૂર્ણતા માટે કોઈ ખૂબ ક્રુર રાક્ષસી પણ ઈચ્છા ન કરે તે માટે મેં ઈચ્છા કરી. હું કૈકેયી રાજ ની પુત્રી હતી, જ્યારે મેં તે વરદાનો માંગ્યા હતાં? કે પછી જ્યારે મારામાં કોઈ દુષ્ટ ભૂત પ્રવેશ્યું હતું, ત્યારે હું તે શબ્દો બોલી હતી? કે પછી તે વખતે હું કોઈ દુષ્ટ ગ્રહની ઝેરી અસર હેઠળ હતી? તે હું જાણતી નથી, કહી શકતી નથી. " રામના હાથ દ્રઢતાપૂર્વક પોતાના હાથમાં પકડીને કૈકેયી ખૂબ વ્યથામાં મોટેથી રડવા લાગ્યાં.

તેમની દશા જોઇને રામની આંખોમાં આંસુ આવ્યાં. પોતાના મૃદુ અને મધુર શબ્દો વડે તેમણે કૈકેયીને આશ્વાસન આપ્યું. તે બોલ્યા, 'માતા, તમે જરા પણ, કશું ખરાબ કર્યું નથી. માનવોનો સમૂહ એક કાગડાઓનું ટોળું છે. તે કોઈ પણ કારણ વગર, નિયમ વગર, મોઢેથી 'કા, કા' કરે છે. માણસો સત્ય જાણવા પ્રયત્ન કરતા નથી. તેમના અજ્ઞાનમાં તેઓ પોતાની મરજી મુજબ ગમે તેમ બકે છે. તમે બધો અર્થ સમજીને, તમારી સ્વતંત્રતા ઇચ્છાથી વરદાનો માંગ્યા ન હતાં. મેં તેમ બનો એવો સંકલ્પ કર્યો હતો, અને તેથી જ આ બધું બન્યું છે. મેં જે કામ કરવા માટે અવતાર લીધો છે અને જે કામ મારે કરવાનું છે તે સિદ્ધ કરવામાં તમે ઘણી મદદ કરી છે, તે બદલ શરૂઆતમાં જ આભાર પ્રદર્શિત કરવાને બદલે મેં તમારી પાસે દલીલો કરાવી તે માટે મને ખૂબ પસ્તાવો થાય છે. જે બની ગયું છે તેનો શોક ન કરો. જો તમે તેમ કરશો, તો તે મારા કામ પર પડછાયો ઢાળશે, તે મારા દિવસોને અપશુકનિયાળ બનાવી મૂકશે. માતા! મને આશીર્વાદ આપો, મારા પર તમારો પ્રેમ વરસાવો. માતા, મને આશીર્વાદ આપો." અમે પ્રાર્થના કરીને રામ કૈકેયીને પગે પડ્યા.

જ્યારે રામ બોલ્યા ત્યારે કૈકેયીના મનને થોડી શાંતિ મળી. બીજી રાણીઓએ, કૌશલ્યાએ અને સુમિત્રાએ તે વાર્તાલાપ સાંભળ્યો. જ્યારે તેમણે જાણ્યું કે, એ તો માત્ર ભગવાનના દિવ્ય સંકલ્પનું નિર્દોષ  કારણ માત્ર છે, ત્યારે તેમને પણ પોતાની બહેન કૈકેયીને આશ્વાસન આપ્યું. છતાં કૈકેયી પોતાની ઇચ્છાને ચીટકી રહ્યાં અને પ્રાર્થનાને વળગી રહ્યાં કે, રામે ગાદીનો સ્વીકાર કરવો જોઈએ અને લક્ષ્મણે, ભરતે તથા શત્રુધ્ને તેમની સેવા કરવી જોઈએ. સીતાએ અયોધ્યાના મહારાણી બનવું જોઈએ અને લક્ષ્મણે, ભરતે તથા શત્રુધ્ને તેમની સેવા કરવી જોઈએ. રાજ સભામાં તેમના વફાદાર સાથીઓ બનવું જોઈએ. તે બોલ્યાં કે આ યશને જોતી જોતી, આનંદને માણતી માણતી, મૃત્યુ મારા જીવનનો અંત આણે ત્યાં સુધી મારું જીવન ગાળીશ. તેમણે વારંવાર તે શબ્દોનું પુનરુચ્ચારણ કર્યું અને પોતાની ઈચ્છા પૂરી કરવા માટે દબાણ કર્યું.

આમ પ્રાર્થના કરવામાં, દલીલો કરવામાં, આશ્વાસન આપવામાં, સમજૂતીઓ આપવામાં, શોક ને શાંત પાડવામાં, રડવામાં અને દિલાસો દેવામાં તેમણે ચાર દિવસો અને ચાર રાતો વનમાં વિતાવ્યાં. તેમનાં બધાંનાં મનમાં એક ઈચ્છા સવાર થઈ બેઠી હતી કે રામને રાજધાનીમાં પાછા આવવા સમજાવવા. છેવટે રામે રાજગુરુ વશિષ્ઠને તથા ભરતને રાણીઓ તથા નાગરિકો સાથે અયોધ્યા પાછા જવાનું ફરમાવ્યું. તે અજ્ઞાનના સમાચારથી તેમનામાં નિરાશા છવાઈ ગઈ. તે બોલ્યાં, "જ્યાં રામ હોય તે સ્થાન અમારે માટે લાખો સ્વર્ગો કરતાં પણ વધારે આનંદપ્રદ છે. અમે રાજધાનીમાં પાછા નહિ જઈએ. જેમને દેવોએ ત્યજી દીધા છે, માત્ર તેવા લોકો જ જ્યાં રામ છે તે વન પ્રત્યે પોતાની પીઠ ફેરવશે. ઓહ, કેવું પરમ સદ્દભાગ્ય અહીં અમારી રાહ જોતું ખડું છે ! પવિત્ર મંદાકિની નદીમાં

સ્નાન, ક્ષુધા શાંત કરવા માટે સ્વાદિષ્ટ ફળો, આંખોને મનોહર અને હૃદયને આનંદપ્રદ એવાં રામ, સીતાનાં દર્શન, આનાથી બીજું સ્વર્ગ ક્યાં હોઈ શકે? આનાથી બીજું સુખ કયું હોઈ શકે? "

માંહ્યો માંહ્યો તેઓ આ પ્રમાણે વાત કરવા લાગ્યા. તેમણે નિર્ણય કર્યો કે, જો અમારે પાછા ફરવાનું હોય તો ગમે તે ઉપાયે અમારે રામને પાછા ફરવા સમજાવવા જોઈએ. દરેક જણ મધુરતમ પ્રેમમાં ઝબકોળેલા શબ્દોમાં પોતાની અંતરતમ ઇચ્છા વ્યક્ત કરવા લાગ્યું. છેવટે એક ડાહ્યા વૃધ્ધ બ્રાહ્મણ બોલ્યા, "ઠીક, જો આ વનમાં રામનાં કલ્યાણમય, સુખપ્રદ સહવાસ માટે યોગ્ય ઠરવાનાં સદ્દભાગ્ય અને સદ્દગુણો આપણે ધરાવતા હોઈએ, તો તેઓ આપણને અહીં રાખવામાં સંમતિ આપે. જો તે આપણા નસીબમાં ન હોય, તો આપણું દુર્ભાગ્ય જ રામના હૃદયને કઠોર બનાવી દેશે અને રામ આપણને પાછા અયોધ્યામાં કાઢી મૂકશે. જો રામ કૃપા નહિ કરે, તો બીજું કોણ કરી શકશે? જો આપણે રામની હાજરીમાં આપણા દિવસો ન ગાળી શકીએ, તો પછી આપણે આપણા દિવસો ક્યાં ગાળીએ તે મહત્વનું નથી. રામથી વેગળા એવા આપણે જીવતાં મડદાં છીએ." જ્યારે બ્રાહ્મણે બોલવાનું પૂરું કર્યું, ત્યારે તે બધાં બોલી ઉઠ્યા કે સાચી વાત, સાચી વાત, આ શબ્દો તદ્દન સાચા છે.

જ્યારે દશરથ રાજા મૃત્યુ પામ્યા, ત્યારે રાજગુરુ વશિષ્ઠે જનકને સંદેશો મોકલ્યો હતો. તે સંદેશો મળ્યો કે તરત જ તે અને રાણી સુનયના દશરથના મૃત્યુથી વિયોગ પામેલા લોકોને આશ્વાસન આપવા માટે અયોધ્યા આવ્યાં હતાં. પછી બનેલી ઘટનાઓ વિશે તેમને જાણવા મળ્યું હતું. જ્યારે આવીને ભરતે પોતાની માતાઓ, રાજગુરુ અને લોકોના આગેવાનો સાથે ચિત્રકુટ જવાનો નિર્ણય કર્યો હતો, ત્યારે જનક અને તેમનાં રાણી પણ તેમની સાથે આવ્યાં હતાં. સીતાને અને રામને મળવાની અનુકૂળ તકની તેઓ ઘણા લાંબા સમયથી રાહ જોતાં હતાં.

તે દરમિયાન સીતાનાં માતાએ એક દાસીને મોકલી, કે જા, કૌશલ્યા અને બીજી રાણીઓને મળી શકાય તેમ છે કે નહિ તે ખબર કાઢી લાવ. દાસી ઉતાવળથી તેમના નિવાસસ્થાને ગઈ. તે દિવસે જયેષ્ઠ માસના શુક્લ પક્ષની એકાદશી હતી, જે દિવસે સુનયના વનમાં ત્રણેય રાણીઓને મળ્યાં હતાં. કૌશલ્યાએ રાણી સુનયનાનું સન્માન કર્યું અને તેમને પ્રેમપૂર્વક એક આસન પર બેસાડયાં. તે પ્રથમ દિવસ હતો કે જ્યારે રાણીઓ જનકનાં પત્નીને મળ્યાં હતાં.

જ્યારે રાણી સુનયના અયોધ્યાની રાણીઓને - કૌશલ્યાને, સુમિત્રાને અને કૈકેયીને મળ્યાં, ત્યારે તેમને એમ લાગ્યું કે, આમના પ્રેમપૂર્ણ વાર્તાલાપથી, એમની સુકોમળ રીતભાતથી, એમના કરુણાપૂર્ણ સાથથી કઠોરમાં કઠોર હીરો પણ પીગળી જાય. સુનયનાએ જોયું કે રાણીઓનાં શરીર દૂબળાં પાતળાં પડી ગયાં હતાં, તેમનાં મસ્તક શોકના ભારથી નમી પડ્યાં હતાં, તેમની આંખો તેમના

પગ આગળની જમીન પર સ્થિર હતી, તેમની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો. ત્રણેય રાણીઓ સીતાના અને રામના સદ્દગુણોની પ્રશંસા કરી રહી હતી, પણ તેમ કરતાં તે અટકી પડી, કારણ કે તેમના હૃદયમાં પ્રગટ થતાં શોકનાં મોજાંઓએ તેમના શબ્દોને ડૂસકાંમાં અને વિલાપમાં ડુબાડી દીધા હતા. તેઓ શોકના ઉભરાને અટકાવી શક્યાં નહીં.

શું બોલવું તે રાણી સુનયનાને સમજાયું નહીં. છેવટે બોલ્યાં, " માતા, અત્યારે આ શોક કર્યાથી શું વળવાનું હતું? વિધાતાએ વસ્તુઓને આવો વક્ર વળાંક આપ્યો છે. દૂધ પરની તરને કાપવા માટે હીરા જેવી ધારવાળા ચપ્પુનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આપણે જીવનપ્રદ, સ્વર્ગના અમૃત વિશે સાંભળ્યું છે, પણ આપણે તેને જોયું નથી. પણ અત્યારે આપણને તેટલી જ શક્તિવાળું વિષ જોવાનો વિશિષ્ટ અધિકાર સાંપડયો છે. આપણે માત્ર કાગડાઓને, બતકોને, ગીધડાંને અને ઘુવડોને જ જોયાં છે. પણ આપણે માનસ - સરોવરમાં રહેતા સ્વર્ગીય હંસને જોયા નથી. હે રાણીઓ, નસીબની લીલા વિપરીતતા અને વિસંગતિઓથી ભરેલી હોય છે, બાળકોની સ્વચ્છંદી ક્રીડાની પેઠે તેમની પહેલેથી આગાહી કરી શકાતી નથી. " આમ રાણીઓને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરતાં જ્નના સુનયના પોતે જ પોતાનાં આંસુઓને રોકી શકયાં નહીં.

તે સાંભળીને કૌશલ્યા બોલ્યાં, "હે સુનયના, આ બધું કોઈ ખાસ વ્યક્તિના દોષને કારણે નથી. સુખ અને દુઃખ, લાભ અને હાનિ એ માણસોએ પોતે મન, વચન, કર્મ દ્વારા કરેલાં કર્મોના ફળ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, અવશ્યમેવં ભોક્તવ્યં કૃતં કર્મ  શુભાશુભમ ! શુભ કે અશુભ કરેલાં કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. કર્મની મુશ્કેલીઓથી ભરેલી પ્રક્રિયાને માત્ર ભગવાન જ જાણે છે. તે કર્મ અનુસાર ફળ આપે છે. હે રાણી, દરેક જણને ભગવાનની આજ્ઞા માથે ચઢાવી જ પડે છે. આપણે ભ્રાંતિમાં ગૂંચવાઈ પડ્યા છીએ અને નિરર્થક શોક કરીએ છીએ, જ્યારે આપણે શોક કરીએ છીએ, ત્યારે પૂર્વજન્મોમાં આપણે કરેલાં પુણ્યોએ શા માટે આપણને છોડીને ચાલ્યા જવું જોઈએ? આ કાર્ય કારણનો નિયમ, સૃષ્ટિના પ્રારંભથી પહેલાંના સમયથી જગત પર શાસન ચલાવે છે ; આપણી ખાતર શું તે નિયમને એક બાજુએ હડસેલી શકાય ખરો? તે એક પાગલ આશા છે." અનેક નિસાસા મૂકીને કૌશલ્યાએ આશ્વાસન આપવાનો પ્રયાસ પૂરો કર્યો.

ત્યાર પછી સુનયના રાણી આમ બોલ્યાં, " માતાઓ, તમે બધી ખૂબ ભાગ્યશાળી છો, કારણકે દશરથ રાજાએ પુણ્ય વડે એવી કીર્તિ પ્રાપ્ત કરી છે કે જે થોડાક જ રાજાઓને મળી હશે. તમે એવી ઉદાત્ત વ્યક્તિની પત્નીઓ છો. તમે ધર્મમૂર્તિ, પ્રેમમૂર્તિ, રામની માતાઓ છો, જે રામનું હૃદય કરુણાપૂર્વક સર્વ પ્રાણીઓને આલિંગન આપે છે. તમે સર્વ જગતમાં સર્વ કીર્તિ પ્રાપ્ત કરી છે. તમે

હમણાં જે કહ્યું તે આખરી સત્ય છે. બધા માણસોને ખભે, દોરડા વડે બંધાયેલા પાટિયા પરથી આગળ પાછળ લટકતા બે ઘડા હોય છે - એક ઘડામાં સુખ હોય છે અને બીજા ઘડામાં દુઃખ. બંનેને - સુખદુઃખને સરખી માત્રામાં માણસે ઉંચકી જવું પડતું હોય છે. જો માણસને દુઃખ ન આવે, તો તે સુખને સુખ તરીકે ઓળખી શકે નહીં, નહીં! વારુ.ન સુખાલ્લભ્યતે સુખમ્ ! સુખમાંથી સુખ આવતું નથી. સુખ પછી દુઃખ આવે જ છે, નહીં! વારુ." શોકમય અવાજમાં નિઃસાસા મૂકતાં કૌશલ્યા બોલ્યાં, "જો સીતા, રામ અને લક્ષ્મણ વનમાં રહેશે, તો ઘણી વિપત્તિઓ આવશે. હું જાણું છું કે ભરત રામના વિયોગમાં જીવી શકશે નહીં. સીતાને, રામને અને લક્ષ્મણને જોતાં મને જે દુઃખ થાય છે તેનાથી વધારે દુઃખ મને ભરતને જોતાં થાય છે. ભરતનો વિચાર કરતાં હું ભયભીત બનીજાઉં છું." સુમિત્રાએ અને કૈકેયીએ કહ્યું કે - એ સાવ સાચું છે. ભરતની દશા જોઈને તેઓ પણ દિલગીર બની ગયાં હતાં.

પછી સુમિત્રા બોલ્યાં, "માતાજી, તમારા આશીર્વાદથી અને શુભેચ્છાઓથી આપણા પુત્રો અને પુત્રવધૂ ગંગાનદી જેટલાંપાવન, વિશુદ્ધ છે. અત્યાર સુધી ભરતે કોઈ દિવસ પોતે રામનો ભાઈ છે એવો દાવો કરીને રામ પાસે કદી કોઈ વસ્તુનો હક્કદાવો કર્યો નથી. પણ અત્યારે તે સાત્વિક અને ધર્મ્ય રીતે માગણી કરે છે કે - રામે મારી ઈચ્છાઓ પૂર્ણ કરવી જોઈએ. ભરતમાં જે સદ્દગુણો છે, જે નમ્રતા છે, હૃદયની જે વિશાળતા છે, ભ્રાતૃભાવ છે, શ્રદ્ધા અને શ્રદ્ધાની અડગતા છે, હિંમત અને સુસ્થિરતા છે, તે સદ્દગુણો ભરતને એક મહાન વ્યક્તિ બનાવે છે. તે સદ્દગુણોનું વર્ણન ખુદ સરસ્વતી દેવી પણ કરી શકે તેમ નથી. એક માછલીના છીપલા વડે શું સમુદ્રને માપી શકાય? સર્વ સમયે અને સર્વ પરિસ્થિતિઓમાં ભરત રાજકુળનો એક પ્રકાશમય પ્રદીપ છે. અત્યાર સુધી લોકોને તે વાતનો ખ્યાલ આવ્યો ન હતો. હીરાની કિંમત આંકતા પહેલાં તેને તપાસવો પડે, સુવર્ણ સાચું અને સુંદર છે તેનો નિર્ણય કરવા સોનાને કસોટીના પથ્થર પર ચકાસી જોવું પડે છે. અત્યારે આપણે તેમના વિશે નિરાશાજનક રીતે ન બોલવું જોઈએ, અત્યારે આપણી તર્ક બુદ્ધિ શોકની અસર હેઠળ છે. સંતાન-સંબંધી આસક્તિને કારણે ભ્રાંતિવશ બની ગઈ છે." પોતાના આશ્વાસનના શબ્દો સમાપ્ત કરતાં કરતાં સુમિત્રાએ પોતાનાં આંસુ લૂછ્યાં.

તેમના શબ્દો સાંભળીને મિથિલાનાં રાણી સુનયનાએ મનમાં વિચાર્યું, "સાચે જ અયોધ્યાની આ રાણીઓ ઉદાત્તતામાં બીજી રાણીઓ કરતાં ચઢિયાતી છે; સામાન્ય રીતે માતાઓ કરતી હોય છે તેમ તેઓ પોતાનાં બાળકોનાં વખાણ કરતી નથી. તેઓ શોક્યોના પુત્રોના સદ્દગુણોની પ્રશંસા કરે છે, જે જગતની સામાન્ય સ્ત્રીઓના સ્વભાવ કરતાં તદ્દન વિરુદ્ધની વસ્તુ છે. પોતાની શોક્યોના પુત્રોનાં કેવાં વર્ણન અને વખાણ કરે છે! પોતાના અને શોક્યોના પુત્રો વચ્ચે કશો ભેદભાવ ન રાખતી આ રાણીઓ

આખા જગતની ગૃહિણીઓ માટે આદર્શરુપ છે. ઓહ, કેવી હૃદયની વિશાળતા! પ્રેમની લાગણીની કે વિશુદ્ધિ અને પરિપૂર્ણતા!"

થોડીક હિંમત એકઠી કરીને કૌશલ્યા સુનયના પ્રત્યે બોલ્યાં, "હે મિથિલાનાં રાણી, તમે જ્ઞાનનિધિ જનક રાજાનાં પત્ની છો. તમને કોણ સલાહ આપવાની હિંમત કરી શકે? અમે તો અમારા અજ્ઞાનમાં બબડીએ છીએ. હું તમને વિનંતી કરું છું કે, વહેલામાં વહેલી તકે, જ્યારે જનક રાજા સાંભળવાની મનોદશામાં હોય ત્યારે, તમે તેમને મારા આ શબ્દો કહેજોઃ રામને સમજાવો કે તે ભરતને થોડો સમય પોતાની પાસે રાખે. લક્ષ્મણે થોડોક સમય તેમની સાથે ગાળ્યો છે. લક્ષ્મણ અયોધ્યા જાય અને રાજ્ય વહીવટ પર દેખરેખ રાખે; શત્રુઘ્ન અયોધ્યામાં લક્ષ્મણને તેમના કામમાં મદદ કરે. જો રામ સંમત થાય તો બીજી બધી સમસ્યાઓનો ઉકેલ ઝટ આવી જશે. મને ભરતની સ્થિતિ જોતાં ખૂબ ચિંતા થાય છે. રામ પ્રત્યેની ભરતની આસક્તિ અને પ્રેમ બહુ ઊંડા અને સૂકોમળ છે, રાજા સ્વર્ગે સિધાવી ગયા છે ; રામ વનમાંથી પાછા અયોધ્યા નહીં આવે.જો ભરતને રામનો વિયોગ અસહ્ય થઈ પડશે, તો તે કદાચ મૃત્યુ પામશે. પછી રાજ્ય એ જીવતું મડદું બની જશે. ભવિષ્યનો અને આગામી વિપત્તિઓનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે મારું હૃદય ચિંતાથી અને ભયથી ચિરાઈ જાય છે." કૌશલ્યાએ પોતાના હાથો વડે સુનયનાના હાથ જોરથી પકડી લીધા અને પોતાનું આ કામ પરિપૂર્ણ કરવા, આ હેતુ સિદ્ધ કરવા અને બધાને આનંદ આપવા તેમને વિનંતી કરી.

કૌશલ્યાના હૃદયના પ્રેમને તથા ધર્મમાર્ગમાં અડગતાને જોઈને સુનયના ખળભળી ઉઠયાં. તે બોલ્યાં, "માતા, તમારામાં સાચી નમ્રતા અને સદ્દગુણો છે. જેમ અગ્નિ પર ધુમાડો સ્વાભાવિક હોય છે, તેમ તમારી ભદ્રતાની અને ઉદાત્તતાની સ્વાભાવિક અભિવ્યક્તિ છે નમ્રતા અને સદ્દગુણ. જનક રાજા મન, વચન, કર્મથી સદા તમારી સેવા કરવા તત્પર છે ; તે હંમેશા મદદ કરવા આતુર છે, પણ દીવો શું સૂર્યને પ્રકાશિત કરી શકે? દેવોનું કાર્ય કરવા માટે રામ વનમાં આવ્યાં છે. તે કામ પૂરું કર્યા પછી તે ચોક્કસ અયોધ્યામાં આવી રાજ્ય કરશે. તેમના બાહુઓનું બળ ખાતરીપૂર્વક બધાં અવ માનવ, માનવ અને પાર માનવ પ્રાણીઓની વહેલામાં વહેલી ઈચ્છાઓ પૂર્ણ કરશે. આ સંદેશો મુનિ યાજ્ઞવલ્ક્યે આગળ ઘણા સમય પહેલાં પ્રગટ કર્યો હતો ; તેમના શબ્દો કદી અસત્ય બને નહીં."

એટલું બોલીને રાણી સુનયના, રાણી કૌશલ્યાને પગે પડ્યાં; તેમની રજા લઈને અને સ્થાન છોડી જવાની ઈચ્છાથી, તે સીતાની પર્ણકુટીમાં ગયાં. જ્યારે તેમણે સીતાને જોયાં, ત્યારે તે શોકાભિભૂત બની ગયાં. તે પોતાનાં આંસુને રોકી શક્યા નહીં. સીતા પાસે દોડી જઇને તેમણે સીતાને

આલિંગન આપ્યું. સીતાએ અનેક પ્રકારે પોતાની માતાને આશ્વાસન આપ્યું. તેમણે હિંમત આપી ; શ્રદ્ધા રાખવાનું કહ્યું. સીતાએ પોતાની માતાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. વલ્કલ વસ્ત્રો પહેરેલાં સીતા તપ કરતાં શિવ પત્ની પાર્વતી જેવાં, સુનયને લાગ્યાં. પોતાની અંદરની લાગણીઓને અભિવ્યક્ત કરતાં તે બોલ્યાં, "પુત્રી, તું સાચે જ મારી સીતા છે, કે પછી તું પાર્વતી છે?" સીતાને નખશિખ નિહાળીને તે આશ્ચર્યમાં અને આનંદમાં ગરકાવ થઈ ગયાં.

છેવટે સુનયના બોલ્યાં, " હે સીતા, તેં તારા માત-પિતાના કુળને અને તારા સાસુ સસરાના કુળને બંને કુળોને પાવન બનાવ્યાં છે. તારો યશ જગતમાં બધે વ્યાપી જશે. તારી કીર્તિનો પ્રવાહ બે તટો વચ્ચે સદા વહેશે. મિથિલાના અને અયોધ્યાના બે રાજવંશો વચ્ચે વહેશે. ગંગાના તટ પર ત્રણ તીર્થસ્થાનો છેઃ હરિદ્વાર, પ્રયાગ અને સાગર સંગમ, જ્યાં તે સમુદ્રને મળે છે. તારી વિશુદ્ધ કીર્તિનો પ્રવાહ તે ત્રણેય તીર્થો ને પાવન બનાવો, પવિત્ર મંદિરો બનાવો." પોતાની માતાના પ્રેમમાંથી વહેતા આ સત્ય શબ્દો સાંભળીને સીતા ચીસ પાડી ઊઠ્યાં. તેમણે જાણે શરમની લાગણી થઈ હોય તેમ પોતાનું મસ્તક કૂટયું અને તે બોલ્યાં, "માં, આ તમે કેવા શબ્દો બોલો છો? મારી વાત સાથે શો સંબંધ છે? મારી અને પવિત્ર ગંગા વચ્ચે સામ્ય હોઈ શકે? " એમ બોલીને ગંગાને તેમણે સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તેમની ક્ષમા યાચી.

સુનયના સીતાને ભેટી પડ્યાં. તેમણે સુકોમળ પ્રેમ વડે સીતાના મસ્તકને પંપાળ્યું અને તે બોલ્યાં, "સીતા, બધી ગૃહિણીઓએ તારા શબ્દોનું અનુસરણ કરવું જોઈએ, તેમણે તેમાંથી ધડો લેવો જોઇએ." તેમ સાંભળીને સીતા બોલ્યાં, "મા, જો હું તમારી સાથે વધારે સમય ગાળીશ તો રામની સેવામાં વિલંબ થશે, માટે કૃપા કરીને મને તેમની હાજરીમાં જવાની રજા આપો." માતા સીતાની ઈચ્છા જાણી ગયાં; તેમને લાગ્યું કે મારે તેમને અવરોધરૂપ ન બનવું જોઈએ. સીતાને ખૂબ લાડ કરીને છેવટે તે બોલ્યાં કે, "પુત્રી, તારી ઇચ્છા અનુસાર જા અને રામની સેવા કર. સીતા, માતાના પગે પડ્યાં અને પછી રામની સેવા કરવા ચાલ્યાં.

સીતાની પોતાના પતિ પ્રત્યેની પૂજ્યભાવપૂર્ણ ભક્તિનો અને તેમના બીજા સદ્દગુણોનો વિચાર સુનયના લાંબા સમય સુધી કરી રહ્યાં. જ્યાં સુધી સીતા દ્રષ્ટિ ગોચર રહ્યાં, ત્યાં સુધી તેમણે પોતાની આંખો તેમના પર જ સ્થિર કરી. સીતાને જોતાં અને તેમની પ્રશંસા કરતાં સુનયના તે જ સ્થાને ખડાં રહ્યાં. જ્યારે પોતાની દાસીએ આવીને તેમને ભાવ સમાધિમાંથી જગાડ્યાં, ત્યારે તે જાગ્યાં. દાસી બોલી કેઃ માતાજી, સીતા અંદર ગયાં, હવે આપણે આપણાં નિવાસસ્થાને જવું જોઈએ. પોતાનાં આંસુ લૂછીને સુનયના ધીમે પગલે પોતાની ઝૂંપડીએ ગયાં.

તે સમય સૂર્યાસ્ત થયો. એટલે રામ,લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સાયં સ્નાન કરવા માટે તથા સાયં સંધ્યા કરવા માટે નદીએ ગયા. પંડિતો, બ્રાહ્મણો, મંત્રીઓ અને બીજા લોકો પણ તેમની સાથે ગયા. સ્નાન સંધ્યા કરીને તેમણે કંદ ફળ ખાધાં અને તે બધા પોત પોતાને સોંપાયેલા વૃક્ષ હેઠળ પથારીમાં ઊંઘી ગયા. જ્યારે પ્રભાત થયું અને બધાઓએ પ્રાતઃ સંધ્યા કરી લીધી ત્યારે તે બધા રામની ઝુંપડીની આસપાસ એકત્રિત થયા. મોહક સ્મિત સાથે રામ બહાર આવ્યા. આખા ટોળામાંથી પસાર થઈને તેમણે દરેકને કુશળ સમાચાર પૂછયા.

જ્યારે રામ પોતાની પાસે આવ્યા ત્યારે ભરત તેમને પગે પડ્યા. ભરત બોલ્યા, 'સ્વામી મારા હૃદયમાં એક ઈચ્છા ઉદભવી છે. ભય અને શરમને કારણે હું તે તમારી આગળ વ્યક્ત કરી શકતો નથી.' તે સાંભળીને પોતાના વહાલા ભાઈના મસ્તકને પંપાળતા રામ બોલ્યા, 'મને કહેવામાં તું શા માટે સંકોચ અનુભવે છે? આવ, મને તારી ઈચ્છા જણાવ.' એટલે ભરત બોલ્યા, 'ભાઈ, આ ચિત્રકૂટની આસપાસના આશ્રમો, નદીતટ પરના પાવન ઘાટો, આ ગાઢ જંગલની ખીણો, તેમાં પરિભ્રમણ કરતાં જંગલી પશુઓ, સરોવરો, ઝરણાં, જળ ધોધો જોવાની મને ઈચ્છા છે. તમારાં ચરણકમળો વડે તે બધાં પવિત્ર બની ગયેલાં છે. આયોધ્યાવાસીઓને તે પાવન સ્થળો જોવાની ખૂબ ઉત્કંઠા છે.'

રામે જવાબ આપ્યો, "ભરત, તારી ઈચ્છા બહુ સ્તુત્ય છે.અત્રિમુનિની રજા લઈને તું આનંદપૂર્વક તે સ્થળો જોઈ શકે., તે સાંભળીને ભરત બહુ રાજી થયા. તે મુનિને તથા રામને ચરણે પડ્યા. પછી શત્રુઘ્ન તથા અયોધ્યાવાસીઓની સાથે, ઘણા આશ્રમો અને બીજાં પવિત્ર સ્થાનો જોવા માટે તે વનની અંદરના ભાગમાં ગયા.

રસ્તામાં તેમણે પર્વતની બાજુએ એક કુવો જોયો. તે કૂવામાં બધી પવિત્ર નદીઓનું અને પાવન સરોવરનું પાણી હતું. ભરતે પૂજયભાવપૂર્વક તે જળને પોતાના મસ્તક પર છાંટ્યું ; તે પાવન કૂવા આગળ તેમણે સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. જળ પર પડેલાં સૂકાં પાંદડાંને અને કચરાને તેમણે પોતાના હાથ વડે દૂર કર્યાં. આજે પણ આખા જગતમાં તે કુવો ભરત કુવો તરીકે વિખ્યાત છે.

• • •

## સિંહાસન પર પાદુકાઓની સ્થાપના

નિવાસના છઠ્ઠે દિવસે સ્નાન સંધ્યાથી પરવાર્યા પછી ભરતે શત્રુઘ્નને, પરિચારિકોને અને અનુયાયીઓને પોતાની પાસે બોલાવ્યા. રામ સાથે વાત કરવાની અનુકૂળ ક્ષણની તે રાહ જોઈ રહ્યા હતા અને તે ક્ષણ મળતાં, તેઓ પોતાના આસન પરથી ઊભા થયા અને રામ ને સાષ્ટાંગ પ્રણિપાત કરવાની હિંમત એકઠી કરી. પ્રણામાંજલિ રચીને ભરતે રામને પ્રાર્થના કરી કે "ઈશ્વાકુ રાજવંશના તિલક રૂપ હે રામ, તમે દરેક રીતે મારી ઇચ્છા પૂર્ણ કરી છે. મારી ખાતર તમે સર્વ પ્રકારનાં દુઃખો ભોગવવાનો નિર્ણય કર્યો છે. મારી ખાતર તમે અનેક જાતની તકલીફો વેઠો છો. હે નાથ, હવે હું તમારી આજ્ઞા ની રાહ જોઉં છું. ચૌદ વર્ષ સુધી હું તમારા પ્રત્યાગમનની રાહ જોઇશ અને રાજ્યમાં તમારી સેવા કરીશ. વનવાસ પૂરો થતાં સુધી હું તમારાં ચરણકમળોનાં દર્શન કરી મારી આંખોને તૃપ્ત કરી શકું તેવો માર્ગ મને બતાવો. તે વિયોગનાં ચૌદ વર્ષ હું ગાળી શકું તે માટે જરૂરી હિંમત મને આપો. રામ, તમારા પ્રજાજનો, તેમનાં કુટુંબો, વિશાળ રાજયના રહેવાસીઓ, બ્રાહ્મણો, પંડિતો બધાંજ આધ્યાત્મિક રીતે ઉત્સુક છે, તમારી પ્રત્યે પૂજ્યભાવપૂર્ણ ભક્તિની ગ્રંથિથી સંકળાયેલાં છે. તમે તેમના પ્રત્યે જે પ્રેમ રાખો છો તેના વડે તેઓ દુઃખની પીડા સહન કરી રહ્યાં છે. જો આત્મ સાક્ષાત્કાર માટે મને તમારો વિયોગ થવાનો હોય તો મને તે આત્મ સાક્ષાત્કારની પણ પરવા નથી. તમે તમારા સેવકોની આંતર લાગણીઓ જાણો છો. તેમની ગહનતમ ઈચ્છાઓને જાણો છો. આ જન્મમાં અને પછી પણ તમે મને માર્ગદર્શન આપી મારા લક્ષ્ય પ્રત્યે જઈ શકો તેમ છો. તે ખાતરીને લીધે હું ટકી રહ્યો છું, તેના બળથી હું જીવી રહ્યો છું. તે ખાતરી ને લીધે હું આ સર્વ દુઃખને ઘાસના સૂકા તણખલા સમાન લેખું છું. અત્યાર સુધી મેં તમારી આગળ મારા શોકનું વર્ણન કર્યું છે. જાણે કે તે મારા મસ્તક પરનો ભાર ન હોય. તે મારી ભૂલ હતી. તે બદલ મને ઠપકો આપવામાં તમે સંકોચ ન કરશો."

તે સાંભળીને સભાએ ભરતના કથનને વધાવી લીધું, તેની કદર વ્યક્ત કરી.જેમ સ્વર્ગીય રાજહંસ, મિશ્રિત કરેલા દૂધ જળ માંથી દૂધ લઈ લે છે અને જળનો ત્યાગ કરે છે, તેમ ભરતે અસત્યમાંથી સત્ય જુદું કરી દીધું હતું અને માત્ર સત્યને જ વ્યક્ત કર્યું હતું.

દુઃખી લોકો પ્રત્યે કરુણાવાન એવા રામે ભરતના વિશુદ્ધ હૃદયમાંથી નીકળેલા આ શબ્દો સાંભળ્યા. સ્થળ, સમય, અને સંજોગોને અનુરૂપ શબ્દોમાં રામે જવાબ આપ્યો, "ભાઈ, ઘરમાં રહેતા એવા તારું અને વનમાં રહેતાં એવાં અમારું રક્ષણ અને પાલન પોષણ એક પરમાત્મા જ કરે છે. દુન્યવી વ્યવહારની દૃષ્ટિએ જોતાં, વશિષ્ઠ ગુરુ અને રાજા જનક તારા રક્ષકો અને માર્ગદર્શકો છે.

મને કે તને સ્વપ્નમાં પણ કોઈ તકલીફ નડવાની નથી; નહિ જ નહિ. આપણા પિતાની આજ્ઞાનું ચુસ્તપણે પાલન કરવું એ આપણો પરમ ધર્મ છે ; માત્ર તે જ આપણું ઇચ્છિત કલ્યાણ કરશે અને આપણને સનાતન કીર્તિ અપાવશે. તે ધર્મ માર્ગને વેદોએ સંમતિ આપી છે; વેદો કહે છે કે જે માણસ માતાને, પિતાને અને ગુરુને પૂજે છે, તેમની આજ્ઞા માને છે અને ધર્મને માર્ગે ચાલે છે, તે બધાંને માટે ઉદાત્ત દ્રષ્ટાંત રૂપ બને છે.

આ સત્યથી સદા સભાન રહેજે; શોકના આવરણને ફેંકી દે. રાજ્યનો ભાર ઉપાડી લે. ચૌદ વર્ષ સુધી ન્યાયપૂર્વક પ્રમાણિકતાપૂર્વક તારા આદર્શો અનુસાર રાજ્ય ચલાવ. રાજા એ રાજ્યનું મુખ છે. મુખ ખાય છે અને પાન કરે છે, અને તેથી શરીરનાં બધાં અંગોને બળ મળે છે, તે કાર્યશીલ બને છે. રાજા પોતાની પ્રજાના બધા વિભાગોનું પાલન પોષણ કરે છે, તેમને ટકાવી રાખે છે. મનમાં બધા ગમાઓ અને અણગમાઓ રહેલા હોય છે; તે જ રીતે, રાજકારણના ક્ષેત્રમાં રાજા બધી ગતિઓના સંચારના નિધિ છે." રામે ભરત આગળ રાજકારણી નીતિના અનેક ઉપયોગી સિદ્ધાંતોનું વિવરણ કર્યું. પણ રામના ઉપદેશથી ભરતના મનને શાંતિ મળી નહિ; તે ખૂબ વિક્ષુબ્ધ થઈ ગયા હતા. વિદાયની ક્ષણ પાસે આવી રહી હતી; એટલે માતાઓ, ગુરુઓ,મંત્રીઓ દિગ્મૂઢ બનીને ઉભાં હતાં. પોતાની અપાર કરુણાપૂર્વક, રામે ઓચિંતી પોતાની પાદુકાઓ કાઢીને ભરતને આપી. ભરતે પૂજ્ય ભાવપૂર્વક તેમને પોતાના હાથોમાં લઇ પોતાના મસ્તક પર પધરાવી. તેમની બે આંખોમાંથી ગંગાના અને યમુનાના પ્રવાહો પેઠે આંસુ રેલાયાં.

ભરત પોતાના આનંદને શબ્દોમાં વ્યકત કરી શક્યા નહિ. તે બોલ્યા, "દયાના સાગર વડે પહેરાયેલી આ માત્ર પાદુકાઓ જ નથી. આ સમગ્ર માનવજાતિના જીવનની સમૃદ્ધિની રક્ષિકાઓ છે. આ રામના ભ્રાતૃપ્રેમ ના કિંમતી ખજાનાને સંઘરી રાખતી પેટીઓ છે, રઘુવંશની રાજવી કીર્તિને સાચવી રાખતા દુર્ગને રક્ષતાં આ બે દ્વારો છે ; હમેશાં સત્કાર્યોમાં પરોવાયેલા આ બે હાથ છે ; તે વિશ્વની બે સાચી આંખો છે ; તે આપણી સાથે આવતાં રામ સીતાનાં બે પ્રતીકો છે."

ભરતે તે રીતે પાદુકાઓની સ્તુતિ કરી. આનંદની અને આભારવૃતિની લાગણી સાથે તે પાદુકાઓની આસપાસ નૃત્ય કરવા લાગ્યા. હાજર રહેલા બધા લોકો રામને પગે પડ્યા, અને રામની કૃપાની ભવ્યતાનો તેમણે સ્વીકાર કર્યો.

ભરતે રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને જવાની રજા માંગી. જે સંતોષપૂર્વક ભરતે પાદુકાઓ સ્વીકારી તેની સામે કદર કરી. રામે ભરતને પોતાની પાસે ખેંચીને ખૂબ પ્રેમપૂર્વક અને આનંદથી આલિંગન આપ્યું. શત્રુઘ્ન પણ રામને પગે પડ્યા. રામે તેમને ખૂબ પ્રેમપૂર્વક આલિંગન

આપ્યું અને રાજ્યનું શાસન કરવાની ફરજો બાબત ઘણી સૂચનાઓ આપી. તેમણે શત્રુઘ્નને કહ્યું કે, "ભરતને રામ જ ગણજે રાજ્યમાં શાંતિ અને સમૃદ્ધિ સ્થાપવાના કામ માં ભરતને મદદ કરજે, તેના ટેકા રૂપ બનજે, તેને સલાહ આપજે."

પછી ભરત અને શત્રુઘ્ન લક્ષ્મણને ભ્રાતૃપ્રેમથી ભેટયા અને બોલ્યા, "ભાઈ તમારું નસીબ ખરેખર મહાન છે. તમારું ભાગ્ય શ્રેષ્ઠ છે. જગતમાં તમારા જેવો ભાગ્યશાળી બીજો કોઈ નથી." તેમણે હૃદય ધરાય ત્યાં સુધી લક્ષ્મણની પ્રશંસા કરી અને વિદાય લીધી. લક્ષ્મણે પણ તેમને પાસે બોલાવીને કહ્યું કે રામની પાદુકાઓ સર્વે પ્રકારનાં કલ્યાણનું ઉદભવસ્થાન છે. તેથી તે પાદુકાઓનો ઉપહાર પ્રાપ્ત કરનાર તમે સાચે જ બીજા કોઈ પણ માણસ કરતાં વધારે ભાગ્યશાળી છો. લક્ષ્મણે તેમને સલાહ આપી કે 'આ પાદુકાઓ રુપી દાનને માટે યોગ્ય હો તેવી રીતે વર્તજો અને સદાને માટે રામ ની કૃપા પ્રાપ્ત કરજો ; હવે તે તમારી ફરજ છે. ' લક્ષ્મણ આ વાત તેમને યાદ દેવરાવી.

પછી બન્ને ભાઈઓ સીતા પાસે ગયા અને તેમને પગે પડ્યા. તેમને જોઈને તેઓ પોતાનો શોક શમાવી શક્યા નહિ. તેઓ ડૂસકાં ભરવા લાગ્યા. સીતાએ તેમને અનેક પ્રકારે મૃદુતાપૂર્વક અને મધુરતાપૂર્વક આશ્વાસન આપ્યું. તે બોલ્યાં, "રામ રૂપી બખ્તર સિવાય દુનિયામાં શું એવી કોઈ બીજી વસ્તુ છે, જે માણસને રક્ષા કરી શકે? તમે ખરેખર ધન્ય છો. ચૌદ વર્ષ, ચૌદ ક્ષણોની પેઠે, જલ્દી પસાર થઈ જશે અને રામના પ્રત્યાગમનથી રાજ્ય શાંતિમાં અને સમૃદ્ધિમાં સ્મિત કરશે. ધીરજપૂર્વક અને ભક્તિપૂર્વક રાજ્ય વહીવટ ચલાવજો ; રામે સૂચવેલી માર્ગદર્શનની રેખાઓમાંથી જરા પણ સ્ખલિત ન થશો ; તેના ચુસ્ત પાલનથી તમે તમારી બધી ઈચ્છાઓ પૂર્ણ કરી શકશો."

પછી ભરત અને શત્રુઘ્ન સીધા જનક રાજા પાસે ગયા અને દ્રષ્ટાંતરૂપ પૂજ્યભાવથી તેમને પગે પડ્યા. પછી બંને ભાઇઓ બોલ્યા, "હે નાથ, તમારામાં એટલી બધી કરુણા છે કે દશરથના મૃત્યુ સમાચાર સાંભળતા વેંત તમે અયોધ્યા આવ્યા અને રામના વનવાસ વિશે સાંભળતા તમે વનમાં આવ્યા. તમારી આંખો વડે તમે અમારી દશા જોઈ, અને તે કટોકટીના દિવસો દરમિયાન અમને આશ્વાસન આપ્યું. અમે ધૈર્ય રાખીએ તે માટે તમે યોગ્ય સલાહ આપી. તમારી આંતર ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે આટલી બધી તકલીફ લઈને જંગલમાં આવ્યા. તમે અમારા દુઃખમાં ભાગ લીધો અને રામને અયોધ્યા પાછા આવવાનું સમજાવવામાં તમે બહુ મૂલ્યવાન ફાળો આપ્યો. જ્યારે અમારી તે દલીલો નિષ્ફળ નીવડી, ત્યારે તમે અમને આશીર્વાદ આપી અમને સમૃદ્ધિશાળી બનાવ્યા. અમે પૂજ્યભાવપૂર્વક તમારો આભાર માનીએ છીએ. અમે વધારે તો શું કહીએ કે કરીએ? અમને તમારા ખૂબ અસરકારક અને બળપ્રદ આશીર્વાદોની જરૂર છે." દિલની સચ્ચાઇપૂર્વક અને આભારવૃત્તિપૂર્વક

બોલાયેલા બે ભાઈઓના શબ્દો જનકે સાંભળ્યા.જનકે તેમની પ્રતિક્રિયાઓનું, લાગણીઓનું, ચારિત્ર્યનું અને આચરણનુ ઊંચું મૂલ્ય આંકયું. જનકે તેમને પોતાની પાસે બોલાવ્યા અને પ્રેમપૂર્વક પંપાળ્યા, તેમના કેશ પસવાર્યા.

તે બોલ્યા, "પુત્રો, રામે નિયત કરેલા માર્ગે ચાલજો અને તેમની કૃપા પ્રાપ્ત કરજો. હું હવે અહીંથી સીધો મિથિલા જઇ રહ્યો છું." મંત્રીઓ,ખંડિયા રાજાઓ, બ્રાહ્મણો, મુનિઓ, તાપસો અને તે ભાઈઓ સાથે આવેલા બીજા લોકો એક પછી એક રામ, સીતા અને લક્ષ્મણ પાસે ગયા અને તેમને પગે પડ્યા. પછી તેમની વિદાય લઈને તે બધા ઘર તરફ ચાલ્યા. તેમનાં હૃદય શોકના ભાર તળે ચગદાઈ ગયાં હતાં. સીતા, રામ અને લક્ષ્મણ માતાઓ પાસે ગયાં; તેમણે તેમને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને એમને આશ્વાસન આપતાં કહ્યું, "જરા પણ ચિંતા ન કરશો. તમારી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં પ્રવૃત રહેજો. પિતાજીએ આપણી સમક્ષ જે અપેક્ષાઓ અને આદર્શો રજૂ કર્યા છે તે હંમેશાં નજર આગળ રાખજો." પોતાને વિષે બોલતાં તેમણે કહ્યું કે, ચૌદ વર્ષ તો ચૌદ ક્ષણોની પેઠે સુખપૂર્વક અને શાંતિપૂર્વક વિતાવી દઈશું." તે શબ્દો સાંભળીને રાણીઓ નિશ્ચિંત બની.

કૈકેયીને પગે પડીને તેઓ બોલ્યાં, "રામને વનવાસ મળ્યો તેમાં તમે જરાપણ જવાબદાર નથી. તમે અમારે મન સદા પૂજ્ય છો. તમારો આશય કોઈ દિવસ અમને હાનિ પહોંચાડવાનો ન હતો. અમે તમને ખાતરી આપીએ છીએ કે અમે હંમેશા તમારે માટે પ્રાર્થના કરીશું; તમે અમારા વનવાસ બાબત જરાપણ ચિંતા કરશો નહિ. પશ્ચાતાપના ભારને હિંમતપૂર્વક સહન કરી લેજો. ભરતને માથે ઓચિંતી બે વિપત્તિઓ આવી પડી હતી, પિતાનું મૃત્યુ અને ભાઈનો વનવાસ; એટલે ઉશ્કેરાઈ જઈને તે અવિચારી રીતે ઉદ્ધતાઈપૂર્વક બોલી ગયો હતો. તે બે ઘટનાઓ માટે તે જેને જવાબદાર ગણતો હતો તે વ્યક્તિ પ્રત્યે તેનું લોહી ઉકળી ઉઠ્યું હતું. તમે તેની માતા છો એ વાતની પણ તેણે દરકાર નહીં કરી." રામે, સીતાએ અને લક્ષ્મણે કૈકેયીને કહ્યું કે તે માટે તમે ભરતનો દોષ ન કાઢશો, તે અવિવેક બદલ તેને ક્ષમા આપજો.

જ્યારે રામ બોલી રહ્યા હતા, ત્યારે પોતે કરેલા અન્યાયથી કૈકેયી શરમથી હતાશ બની ગયાં હતાં. તે રામની સામે જોઈ શકતાં ન હતાં; તે મનમાં વિચારી રહ્યા હતાં કે 'ખેદની વાત છે કે કરૂણ હૃદયવાળા સદ્દગુણયુકત મનવાળા, શુદ્ધ સુવર્ણ જેવા નિષ્કલંક પુત્ર પર આટલું બધું દુઃખ નાંખવામાં હું નિમિત બની… આ ભીષણ જંગલમાં તેમને ચૌદ વર્ષ ગાળવાં પડશે તેમાં હું શું કારણભૂત નથી? અરે, મેં કેવું પિચાશી કૃત્ય કર્યું ? પણ શું તે મેં પોતે સ્વતંત્ર રીતે કર્યું હતું? કે પછી

મને નિમિત્ત બનાવીને રામે ઘટનાઓના તેવા વળાંક માટે સંકલ્પ કર્યો હતો? સત્ય ગમે તે હોય પણ હું છટકી જઈ શકું નહિઃ મેં ખૂબ ભીષણ પાપ કર્યું છે.'

ફેરવી ન શકાય તેવા ભૂતકાળ બદલ કૈકેયી શોક વડે અભિભૂત બની ગયાં. સીતાના બંને હાથ પકડીને તેમણે સીતાની માફી માંગી, પણ તરત જ તેમણે ઉમેર્યું, 'ના, ના. આવી વિશુદ્ધ અને સૂકોમળ નારી પર આવું અસહ્ય દુઃખ લાવનાર પાપણી ને તમે ક્ષમા આપો તે ન્યાય નથી.' પોતાના દુર્ભાગ્ય બદલ તે ખૂબ વિલાપ કરવા લાગ્યાં. જ્યારે અને જેમ જેમ તક મળી, ત્યારે અને તેમ તેમ અયોધ્યામાંથી આવેલા દરેક જણે સીતાની, રામની અને લક્ષ્મણની રજા લીધી અને પછી તેઓ પોતપોતાના રથમાં બેઠાં.

રથ ચાલ્યો ત્યાર પહેલાં રામ, સીતા અને લક્ષ્મણ દરેક રથની પાસે ગયાં. તેમાં બેઠેલા દરેકને તેમણે આશ્વાસન આપ્યું અને જવા માટે સમજાવ્યા. સીતા, રામ અને લક્ષ્મણ ગુરુને પગે પડયાં, તેમની ક્ષમા માગી, અને બોલ્યાં કે અમે તમને અને તમારાં પત્નીને ખૂબ તકલીફ આપી છે; અમારી ઇચ્છા મુજબ અમે તમારી સેવા કરી શકતાં નથી તે બદલ અમે દિલગીર છીએ ; તમારી સેવા કરવી એ અમારી ફરજ હતી. પછી તેમણે ગુરૂને જવાની વિનંતી કરી.

અલબત્ત, વશિષ્ઠ બ્રહ્મજ્ઞાની અને મહર્ષિ હતા, એટલે તે સીતાની અને બીજાઓની અંતર લાગણીઓ જાણતા હતા. તેમણે બંને ભાઈઓની તથા સીતાની ભક્તિની અને ધર્મમાર્ગને ચીટકી રહેવાની અડગતાની કદર કરી. વશિષ્ઠ અને તેમનાં પત્ની રામની હાજરીમાંથી દૂર થવા ઇચ્છતાં ન હતાં, કારણ કે તેઓ રામના સદ્દગુણોની ખૂબ આસક્તિ રાખતાં હતાં. તે ત્રણેય જણે જંગલની એક બાજુએ ઊભા રહી પ્રણામાંજલિ રચી, દરેક રથને અને અંદર બેઠેલા લોકોને આવજો કહ્યું. તે દ્રશ્યને જોઈને વજ્ર સમાન કઠોર હૃદય પણ પીગળી ગયું. તે ત્રણની હૃદયની વિશાળતાને તથા સહાનુભૂતિને જોઈને વશિષ્ઠ અને અરુંધતી ખૂબ પ્રભાવિત બન્યાં.

પછી રામે પોતાની સામે નિષાદરાજ ગુહને પોતાના અનુયાયીઓ સાથે ઊભેલા જોયા. તેમની પાસે જઈને રામે પોતાના ભાઈ કરતાં પણ તેમને વધારે દ્રઢ આલિંગન આપ્યું. તેમણે ગુહને પ્રેમપૂર્ણ આજીજીઓ દ્વારા શાંત પાડ્યા, આશ્વાસન આપ્યું અને ડહાપણપૂર્વક પોતાના વિયોગને સ્વીકારી લેવા સમજાવ્યા. ઘટનાઓના પરિવર્તનને મિટાવવા માટે ગુહ કાંઈ કરી શક્યા નહિ. એટલે તે રામને પગે પડ્યા, ખિન્ન હૃદયે ઉભા થયા, અને જોઈ શકાય ત્યાં સુધી રામની મનોહર મૂર્તિને જોઈ રહ્યા અને પછી ચાલી નીકળ્યા.

બધા જ લોકોએ વિદાય લીધી ત્યાં સુધી સીતા, રામ અને લક્ષ્મણ એક ઘટાદાર વૃક્ષ નીચે ઉભા રહ્યાં. તે દરમિયાન જનક રાજાએ પણ પોતાના માણસો સાથે મિથિલા જવાની તૈયારી કરી. રામે અને લક્ષ્મણે પોતાના સાસુ-સસરાને દંડવત પ્રણિપાત કર્યા; સીતા પોતાનાં માતા-પિતાને પગે લાગ્યાં. માતા-પિતાએ સીતાને આલિંગન આપ્યું. પ્રેમપૂર્ણ કોમળતાથી તેમના મસ્તકને પંપાળ્યું. તે બોલ્યા, 'પુત્રી, તારા હિંમત યુક્ત નિશ્ચયથી અને પતિ પ્રત્યેની તારી ભક્તિથી અમને ખૂબ કીર્તિ પ્રાપ્ત થશે ; તારે લઈને અમારા કુટુંબ અને વંશ પાવન બન્યાં છે. અમે ઘણાં વ્રતો અને તપ કર્યા હોવાં જોઈએ ; નહિ તો તું અમારા વંશમાં ક્યાંથી જન્મે?' તેમણે સીતાની ખૂબ પ્રશંસા કરી અને પોતાનો આનંદ વ્યક્ત કર્યો. તેમણે ખાતરી આપી કે, 'સીતા તને કશી જરૂરિયાત, દુઃખ નહીં પડે. રામ તારા જીવનના પ્રાણ પેઠે તને વહાલા છે. તું આ ઝૂંપડીમાં રહે છે, તેથી અમે તે જાણીએ છીએ. તને કોઈ મુશ્કેલી સ્પર્શી નહિ શકે. પણ તમે બે ભિન્ન વ્યક્તિઓ છો, એટલે અવારનવાર તમારી સામે સમસ્યાઓ અને ગૂંચવણ ઊભી થવાની. પણ તે નસીબની લીલા છે. પસાર થઈ જતાં વાદળ છે.' તેમને શાંતિ અને સંતોષ પ્રાપ્ત કરાવવા માટે જનકે તેમની આગળ ઘણાં વેદાંતનાં સત્યોની રજૂઆત કરી. પછી તે પણ આશ્રમ છોડીને મિથિલા જવા નીકળ્યા.

અયોધ્યાના અને મિથિલાના લોકો જ્યાં સુધી દ્રષ્ટિગોચર હતાં ત્યાં સુધી સીતા, રામ અને લક્ષ્મણ તે વૃક્ષની છાયામાં ઉભા રહ્યાં. પછી તેઓ પોતાની પર્ણકુટિમાં ગયાં; ત્યાં રામે ભરતના અને શત્રુઘ્નના ઉત્સાહનું, ભક્તિનું, શ્રદ્ધાનું, આદર્શમય પ્રેમનું અને વફાદારીનું તથા રાજ્યના પ્રજાજનોની પ્રેમપૂર્ણ આસક્તિનું કદરપૂર્વક વર્ણન કર્યું; સીતા અને લક્ષ્મણ ધ્યાનપૂર્વક તે સાંભળી રહ્યાં; તેમનાં હૃદયમાં પણ તે જ લાગણીઓનો પડઘો ઊઠતો હતો. તે બધાંની વિદાયથી તેમનાં હૃદય દુઃખી બની ગયાં; તેઓ વધારે વખત રહ્યાં હોત તો તેઓ રાજી થાત. વાતચીત દરમિયાન તેઓ ઘણીવાર દશરથના મૃત્યુને યાદ કરતાં; રાજાનો પોતાની પ્રત્યેનો પ્રેમ યાદ કરતાં તેમની આંખોમાં આંસુ ઉભરાતાં. તેમની દશા જોઇને રામનું મુખ સ્મિતથી પ્રકાશિત બન્યું. તેમણે જીવનનાં રહસ્યને અને તેના અર્થને ઉકેલવાની ચાવી સમજાવ્યાં. આમ વનની શાંતિમાં તેમણે ઘટનાપૂર્ણ દિવસ ગાળ્યો.

તે દરમિયાન વનના પ્રદેશમાંથી અયોધ્યાના વસ્તીવાળા પ્રદેશ તરફ જતાં તાપસો, મુનિઓ, બ્રાહ્મણો, ભરત અને શત્રુઘ્ન, કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, મંત્રીઓ અને નાગરિકોનો સમુદાય પોતાના શોકના ભારને શમાવી શક્યો નહિ. જેમ જેમ તે દૂર જતાં અને અયોધ્યાની પાસે આવતાં, તેમ તેમ શોકનો ભાર વધારે ને વધારે વજનદાર બનતો ગયો. રામની હાજરીમાં પોતે જે પાંચ દિવસ ગાળ્યા હતા તે દરમિયાન બનેલી ઘટનાઓ એકબીજાને વર્ણવવામાં તેમણે પોતાનો સમય ગાળ્યો. તેઓ રામના આદર્શોની, પ્રેમની, કરુણાની અને સ્નેહની પ્રશંસા કરતાં હતાં ; ભોજન માટે કે નિદ્રા માટે

તે માર્ગમાં વચ્ચે ક્યાંય અટક્યાં નહીં, કારણ કે તેમને ભૂખ લાગતી ન હતી અને ઊંઘ આવતી ન હતી. રામના વિયોગના શોકે એ બધી ગૌણ જરૂરિયાતોને ભગાડી મુકી હતી.

બીજે દિવસે તેઓ મહાન ગંગા પાસે આવી પહોંચ્યાં. નિષાદરાજ ગુહે નદી પાર કરવા માટે નૌકાઓનો બંદોબસ્ત કર્યો ; થાકી ગયેલા લોકો માટે અને પ્રસિદ્ધ દરબારીઓ માટે ગુહે ખૂબ પ્રમાણમાં નાસ્તાની પણ ગોઠવણ કરી. પણ કોઈએ કશું ખાધું નહીં કારણકે સીતાના, રામના અને લક્ષ્મણના વિયોગથી તેમનાં હૃદય ખૂબ ખિન્ન બની ગયાં હતાં. ગુહ ને ખુશ કરવા માટે, તેનું દિલ ન દુખાય તેટલા માટે તેઓ નાસ્તાની રકાબીઓ આગળ બેઠાં, વાનગીઓને આંગળી વડે સ્પર્શ કર્યો, અને પછી ઊભાં થઈને તે વાનગીઓને ફેંકી દીધી. અરે, ઘોડાઓને પણ ખાવાની ઈચ્છા ન હતી. તેમણે ખાવાનો ઇન્કાર કર્યો. તે જોઈને રાજગુરુ વશિષ્ઠ બોલ્યા કે જુઓ રામ તો સર્વમાં રહેલા અંતર્યામી છે, આત્મા છે; દરેક પ્રાણીમાં રહેલી તે બુદ્ધિ છે, ચેતના છે.

બધા લોકોને થોડાક કલાક આરામ કરવાની પણ ઈચ્છા ન હતી; ભરતે સીધા, માર્ગમાં વિલંબ કર્યા સિવાય અયોધ્યા જવાનો નિર્ણય કર્યો હતો. અયોધ્યાના દુઃખી થતા નાગરિકો સમક્ષ તે રામની પાદુકાઓ રજૂ કરવા અને તેમને થોડુંક આશ્વાસન અને થોડીક હિંમત આપવા ભરત બહુ ઉત્સુક હતા. એટલે તે સમુદાયે ગોમતી અને સરયૂ નદીઓને પાર કરી અને ચાર દિવસ મુસાફરી કર્યા બાદ તેઓ અયોધ્યાની ભાગોળે પહોંચ્યાં.

અયોધ્યાનાં જે વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓ, તે વિશાળ સમુદાયની સાથે રામને સમજાવીને પાછા આવી રાજ્ય કરવાનું કહેવા વનમાં જઈ શક્યાં ન હતાં તે આ સમુદાયના સુખમય પ્રત્યાગમનની રાહ જોઈ રહ્યાં હતાં. થાકથી અને ખૂબ ચિંતાથી તેમની આંખો લગભગ અંધ બની ગઈ હતી. જ્યારે તેમણે રથોનાં પૈંડાનો ઘરરરરર અવાજ સાંભળ્યો ત્યારે તેઓ માર્ગોમાં દોડી આવ્યાં અને રથોમાં ડોકિયાં કરીને પૂછવા લાગ્યાં કે અમારા સ્વામી રામ ક્યાં છે ? પણ થોડા જ સમયમાં રાતનું અંધારું થયું ; તેઓ પોતાનાં ઘરમાં પાછાં ગયાં. સૂર્યોદયનાં પ્રથમ કિરણોમાં અમે અમારા વહાલા રાજકુમારનાં દર્શન કરીશું એવી આનંદપૂર્ણ આશામાં તેમણે રાત વિતાવી. બીજી સવારે તેઓ નિરાશ થયાં, પણ તેમને થોડોક સંતોષ પણ પ્રાપ્ત થયો કારણ કે તેમને જાણવા મળ્યું કે રામ વનમાંથી પાછા ફર્યા ન હતા પણ તેમણે પોતાના પ્રતિનિધિઓ રૂપે પોતાની પાદુકાઓ મોકલી આપી હતી.

તે દરમિયાન ભરતે રાજગુરુને અને રાજ્યસભાના મંત્રીઓને બોલાવ્યા અને તેમને રાજ્ય વહીવટનાં ભિન્ન ભિન્ન કામો સોંપ્યાં. તેમને બજાવવાની ફરજો અદા કરવા માટેની સત્તા તેમને સોંપી. પછી શત્રુઘ્નને પોતાની પાસે બોલાવી તેમણે કહ્યું, " તારે રાણી - માતાઓને આશ્વાસન આપવાનું અને

તેમનું પાલન-પોષણ કરવાનું કામ કરવાનું છે. " ભરતે બ્રાહ્મણોની અને પંડિતોની સભા બોલાવી. તેમને પ્રણામાંજલિ કરીને તે બોલ્યા કે - હું તમારી નાની-મોટી બધી ઈચ્છાઓ પૂર્ણ કરીશ કારણ કે - તમે જ મારાં અને પ્રજાજનોનાં શ્રેષ્ઠ હિતો માં વૃદ્ધિ કરી શકશો તે હું જાણું છું, તમારે જરા પણ સંકોચ રાખ્યા વગર તમારી માંગો મને જણાવવી.

ભરતે અયોધ્યાના નાગરિકોની, પ્રજાના નેતાઓની સભા બોલાવી અને રાજધાનીમાં તથા વનવાસમાં રામ જ્યાં રહેતા હતા તે સ્થાનમાં જે બન્યું હતું તેનું વર્ણન કર્યું. તેમણે રામ સાથે પોતાને થયેલી વાતચીતનો સાર આપ્યો. તેમણે કહ્યું કે, " રામ ચૌદ વર્ષ સુધી વનમાં રહે તે દરમિયાન તમારે આ રામની પાદુકાઓને ખુદ રામ જ માનીને પૂજવી. તે પાદુકાઓ આપણા બધાંની રક્ષા કરશે, તે આપણો આશ્રય છે. રામની પાદુકાઓ જ આપણા પર શાસન ચલાવે છે, એવો દૃઢ વિશ્વાસ રાખીને, રામને આપણા હૃદયોમાં સ્થાપીને, આપણે જીવીશું. રામ પાછા આવ્યા પછી પોતે જ રાજ્ય કરશે, તેમની અંગત હાજરીનો લાભ અને સલાહ સૂચનો આપણને આપશે, હૃદયમાં પ્રાર્થના કરતાં કરતાં આપણે આ ક્ષણથી જ તે સુખમય દિવસની રાહ જોવી તે આપણી ફરજ છે. "

પછી ભરતે પાદુકાઓને સિંહાસન પર પધરાવવાનું શુભ મુહૂર્ત નક્કી કર્યું કારણ કે તેમની દ્રષ્ટિ વસ્તીનાબધા વર્ગોને આનંદ મળે એના પર હતી; રાજગુરુના, પંડિતોના, તાપસોના, પુરોહિતોના, મંત્રીઓના, દરબારીઓના, પ્રજાના નેતાઓના અને સામાન્ય નાગરિકોના આનંદ પર હતી. તે ઉત્સવ ઉજવવા માટે મોટા ભવ્ય પ્રમાણમાં ગોઠવણ તેમણે કરાવી.

તે દિવસે ભરતે કૌશલ્યાને, સુમિત્રાને અને કૈકેયીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને પછી પોતાના મસ્તક પર પાદુકાઓ પધરાવી સિંહાસન પાસે ગયા. વશિષ્ઠના આશીર્વાદ માટે પ્રાર્થના કરીને, એકત્રિત થયેલાં બધાં લોકોની રજા લઈને, તેમણે તે પાદુકાઓને સિંહાસન પર સ્થાપી અને તેમના પ્રત્યે પૂજ્યભાવપૂર્વક વફાદારી પ્રદર્શિત કરી. તેમણે પોતાની બધી જવાબદારીઓ સલામતીપૂર્વક પાદુકાને સોંપી.

પછી ધર્મના ચુસ્ત પાલક, અદ્વિતીય વીર, ભરત ચાલીને નંદીગ્રામ ગામે ગયા. ત્યાં તેમણે પોતાને માટે ઝુંપડી તૈયાર કરાવી હતી. રામ અને લક્ષ્મણની પેઠે તેમણે જટાઓ ધારણ કરી ; તેમની પેઠે ભરતે વલ્કલ વસ્ત્રો ધારણ કર્યા, પોતાને માટે ખાસ ખોદી કાઢેલી ગુફામાં તે રહેવા લાગ્યા. તે વનમાં તાપસોના જેવો જ ખોરાક લેતા અને પોષાક પહેરતા. તેમના કાર્યો, વિચાર અને શબ્દો પણ તપસ્યામય અને આધ્યાત્મિક હતાં.

સ્વર્ગના રાજા ઇન્દ્ર જેને અપ્રાપ્ય માનીને તેની પ્રશંસા કરતા હતા તે અયોધ્યાના ભોગવિલાસપૂર્ણ જીવનનો ભરતે ત્યાગ કર્યો. સમૃદ્ધિના દેવ  કુબેર પણ જેની ઈર્ષા કરતા હતાં તે રાજમહેલના સમૃદ્ધિ જીવનનો તેમણે ત્યાગ કર્યો. તે નાનકડા ગામમાં, ઝૂંપડીમાં બીજાઓ ન જુએ તેમ રહેવામાં તે સુખ માનતા હતા. તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી રામ વનવાસમાંથી પાછા ન આવે, ત્યાં સુધી હું કોઈનું પણ મુખ જોઇશ નહીં. તેમનું મન રામમાં એકાગ્ર  હતું;  વનમાંથી તે પાછા આવ્યા તે દિવસથી તેમનું મન  રામનું ચિંતન કરવા લાગ્યું હતું;  દિવસે દિવસે તેમનું શરીર દુબળું-પાતળું પડતું ગયું. પણ જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ તેમના મુખ પરનું આધ્યાત્મિક તેજ વધતું ગયું. રામ પ્રત્યેની તેમની ભક્તિ વધતી ચાલી. તે સિદ્ધિ પ્રાપ્ત કરેલા વિશુદ્ધ આત્મા બની ગયા. તેમના હૃદયના આકાશમાં તારાઓ ભવ્ય નક્ષત્ર માળાના રૂપમાં પ્રકાશતા હતા; તેમની નીચે તેમની લાગણીઓ, ક્ષીર સાગરની પેઠે, શાંત, ગહન અને વિશુદ્ધ પ્રકાશતી હતી.

• • •

## દંડકારણ્ય

જ્યારે ભરત આમ પોતાના દિવસો નંદીગ્રામમાં રામનું સતત ધ્યાન કરતા કરતા ગાળતા હતા, ત્યારે દૂર વનમાં ચિત્રકૂટ શિખર પર સીતા, રામ અને લક્ષ્મણ તેમની ભક્તિને અને તેમના સમર્પણભાવને વખાણી રહ્યાં હતાં. તેઓ પોતાની શાંત, વનની પર્ણકુટિમાં સુખી હતાં.એક દિવસ જયંત નામના એક મૂર્ખે રામના પરાક્રમને માપવાનો પ્રયત્ન કર્યો. કીડી સમુદ્રના ઊંડાણને માપવાનો પ્રયત્ન કરે તેના જેવું તેનું તે સાહસ મૂર્ખાઈ ભરેલું અને આપઘાત સમાન હતું.

કેવળ તોફાનથી પ્રેરાઈને તેણે કાગડાનું રૂપ ધારણ કર્યું. સીતા રામની પાસે બેસીને વનના સુંદર દ્રશ્યને જોવામાં મશગુલ બની ગયાં હતાં. તે કાગડો સીતા પાસે આવ્યો અને તેણે સીતાના કોમળ પગનાં તળિયામાં ચાંચ મારી; સીતાના પગના તળિયામાંથી લોહી વહેવા લાગ્યું; લોહીના પ્રવાહને જોઈને રામે જમીન પર પડેલા, સૂકા ઘાસનું એક તણખલું ઉપાડીને કાગડા તરફ નાંખ્યું.

જેને હાનિ ન કરી હોય તેવા કોઈને પણ રામ ઈજા ન પહોંચાડે. પણ જરૂર પડે, અને તેમ કરવાની ફરજ પડે, ત્યારે રાહુ પણ ચંદ્રને ગળી જાય છે, નહીં! વારુ. રામે પણ તેમ જ કર્યું હતું ; રામ કદી કોઇ નિર્દોષ માણસને ઈજા ન પહોંચાડે. પણ તે ઘાસનું તણખલું એક અગ્નિની વિશાળ જ્વાલા બની ગયું; અને જ્યતં પ્રત્યે તે જ્વાળા ગઈ. જયંત જ્યાં જ્યાં ગયો, ત્યાં ત્યાં જ્વાળાએ નિર્દયતાપૂર્વક તેનો પીછો પકડ્યો. અસહાય અને ભયભીત બનીને કાગડાએ પોતાનું પૂર્વરૂપ ધારણ કર્યું. જયંત રામને પગે પડયો અને તેણે રામની ક્ષમા માંગી. ઈન્દ્રને ખબર પડી કે પોતાનો પુત્ર જ ગુનેગાર હતો; તેને પણ પોતાના પુત્રની ઉદ્ધતાઈ અને અપૂજ્યભાવ બદલ પશ્ચાતાપ થયો.

જયંતે રામને સાષ્ટાંગ પ્રણિપાત કરીને ક્ષમા યાચી. તેણે કહ્યું, હું મૂર્ખ છું ; મને મારા કૃત્યની અધમતાનો ખ્યાલ ન આવ્યો; મને તમારા કોપમાંથી, આ અગ્નિથી બચાવો.

પોતાની જાતને આટલી બધી નમ્ર બનાવી દીધેલા, બિચારા જયંત પર રામને પર દયા આવી. તેને એક આંખે કાણો બનાવીને રામે તેને જીવતો જવા દીધો. જે ઘાસનું તણખલું અગ્નિ શસ્ત્ર બની ગયું હતું તેને રામે અક્રિય કરી દીધું ; તે જેવું હતું તેવું તણખલું બની ગયું. પોતે ખૂબ અધમ ગુનો કર્યો હતો, છતાં રામે તેને નામની શિક્ષા કરીને જવા દીધો હતો, એટલે જયંતે રામનો આભાર માન્યો. તે લાંબા સમય સુધી ચિત્રકૂટ શિખર પર રહ્યો, જ્યાં સીતા, રામ અને લક્ષ્મણ નિવાસ કરતાં હતાં.

માર્ગશીર્ષ માસના શુક્લ પક્ષની દશમને દિવસે રામે તેને પોતાના નિવાસ સ્થાનની દક્ષિણ દિશામાં જવાની આજ્ઞા કરી.

સીતાએ, રામે અને લક્ષ્મણે પણ ચિત્રકૂટનો ત્યાગ કર્યો. તેઓ મહામુનિ અત્રિના આશ્રમમાં આવી પહોંચ્યાં. પોતાના આશ્રમમાં આવવાનો રામ ઈરાદો રાખે છે તે વાત મુનિએ પોતાના શિષ્યો પાસેથી પહેલેથી જાણી લીધી હતી. જ્યારે રામ આશ્રમની નજીક આવી પહોંચ્યા, ત્યારે મુનિ રામ - સીતા - લક્ષ્મણનું સ્વાગત કરવા વનને માર્ગે ખૂબ દૂર સામે ગયા. રામની કૃપા વડે અત્રિ એટલા બધા આનંદવિભોર બની ગયા હતા કે તેમણે ખૂબ હર્ષાશ્રુ સાર્યાં. તે બોલ્યા કે, "તમારા આગમનથી સાચે જ મારી ઉચ્ચતમ ઈચ્છા પરિપૂર્ણ થઇ છે. આજે મારાં તપ ફળ્યાં છે." તે દિવસે સાંજે અત્રિ મુનિએ પોતાના શિષ્યોની એક સભા ભરી અને તેના પ્રમુખ તરીકે રામ માટે એક ઉચ્ચ આસન મૂકાવ્યું. તે દરમિયાન મુનિના પત્ની અનસૂયા સીતાની જરૂરિયાતો પૂરી પાડી રહ્યાં હતાં. તે સીતાને પણ સભામાં લઈ આવ્યાં. પછી મુનિએ હાજર રહેલા શિષ્યો સમક્ષ તે પ્રસંગની પવિત્રતાનું, રામ-સીતા-લક્ષ્મણની શક્તિઓનું અને તે ત્રણના રૂપોમાં અવતરેલી દિવ્ય શક્તિઓનું વર્ણન કર્યું. અનસૂયાએ સીતાના સદ્‌ગુણોની પ્રશંસા કરી,અને તેમણે નારીની ફરજો બાબતે તથા દરેક સ્ત્રીએ જે આદર્શોને વહાલા ગણવા જોઈએ તે આદર્શો બાબત પવિત્ર બોધ આપ્યો. સીતા બોલ્યાં, " દરેક વ્યક્તિમાં, હસ્તીમાં, પ્રાણીમાં, સાહજિક રીતે નારીતત્વ રહેલું છે. જો કે જગતની રંગભૂમિ પર પુરુષો અને સ્ત્રીઓ પોત પોતાના નર અને નારી તરીકે ભાગો ભજવે છે. પણ જ્યારે તેમનાં બળનો, લાગણીઓનો અને વલણોનો આપણે વિચાર કરીએ છીએ, ત્યારે બધાં જ મૂળભૂત રીતે નારી જાતિ છે. વિશ્વમાં એક મારા પતિ રામ જ નર તત્વ છે, પુરૂષ તત્વ છે. તેમનામાં મારૂ અને તારું, શોક અને હર્ષ - એવો કોઈ ભેદ નથી. તે મૂર્તિમાન બળ છે. સનાતન પુરુષ - જાતિ રૂપ પરમાત્મા સનાતન નારીરૂપ પ્રકૃતિને પરણ્યા છે. પ્રકૃતિ અનેક અને ભિન્ન ભિન્ન રૂપ વાળી દેખાય છે, પણ વાસ્તવિક રીતે એક અભિન્ન અદ્વૈત છે. " આમ સીતાએ અત્રિ મુનિનાં પત્ની અનસૂયા આગળ રામ - તત્વના સત્યને પ્રગટ કર્યું.

રામ, સીતા અને લક્ષ્મણે અત્રિ મુનિના આશ્રમમાં ખૂબ સુખમય સમય ગાળ્યો. તેમણે આશ્રમવાસીઓને તથા શિષ્યોને સદાચારની અનેક સમસ્યાઓ બાબત સુંદર બોધ આપ્યો, પછી મુનિની રજા લઈને તેમણે જંગલમાં પોતાની મુસાફરી શરૂ કરી. જ્યારે તે ગયાં, ત્યારે આશ્રમવાસીઓએ શોકનાં આંસુ વહાવ્યાં. તેમણે રામની સાથે વનમાં આગળ જવાનો નિર્ણયાત્મક પ્રયત્ન કર્યો, પણ જે આશ્રમજીવન માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું તે જીવનને ચાલુ

રાખવા માટે તેમને અટકી જવું પડ્યું. લાચાર હોઈ, તેમને પોતાના હૃદયોના દિવ્ય સ્વામીની વિદાય જોવી પડી.

શિકારની શોધમાં નીકળેલાં, વનમાં પરિભ્રમણ કરતાં, ભયાનક પશુઓની ગર્જનાના પડઘા વનમાં પડી રહ્યા હતા. અનેક પ્રકારનાં પીંછાંવાળાં પક્ષીઓ વૃક્ષો પર બેસીને મધુર સંગીત રેલાવી રહયાં હતાં. દરેક પંખીનું સૌંદર્ય અને સંગીત ભિન્ન ભિન્ન અને વિશિષ્ટ હતું. તેમના કલરવ કાનને શાંતિ પમાડે તેવા હતા. એમ લાગતું હતું કે, તેમણે રોમાંચના એક નવીન જગતમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે તેઓ ભીષણ ભવ્યતાના આ પ્રદેશમાંથી પસાર થતાં હતાં, ત્યારે તેમની નજર એક સુંદર આશ્રમ પર પડી, જેના મધ્ય ભાગમાં એક મનોહર મંદિર હતું. લક્ષ્મણ આગળ ચાલ્યા, તેમણે માર્ગમાં પડેલી ઝાડીઓ ને દૂર હડસેલી દઈને માર્ગને સ્વચ્છ કર્યો. માથા પર લટકતી અને મુસાફરોને ઇજા પહોંચાડવા માટે ડરાવતી કંટકમય લતાઓને લક્ષ્મણે ભાંગી નાખી. તે સ્વચ્છ માર્ગે રામ અને સીતા હવે સહીસલામતીપૂર્વક આવી શકે તેમ હતું. જ્યારે તેઓ આશ્રમના સીમાડા પર આવી પહોંચ્યાં ત્યારે તેમની નજરે એક મનોહર બાગ દેખાયો, તેમાંનાં ફળવૃક્ષોની અને પુષ્પવૃક્ષો ની સારી રીતે દેખરેખ રાખવામાં આવી હતી, તેમને પ્રેમપૂર્વક ઉછેરવામાં આવ્યાં હતાં. તે વૃક્ષોના શીરોભાગ બહુ સુંદર અને મનોહર હતા, પાકાં રસવાળાં ફળોનાં વજન હેઠળ શાખાઓ નીચે વળેલી હતી. તે જોઈ સીતાને આનંદ થયો, તે થાકને ભૂલી ગયાં. તે રામની પાછળ ચાલતાં હતાં અને આસપાસની પ્રકૃતિના રોમાંચને ઝીલતાં હતાં. જ્યારે કેટલાક આશ્રમવાસીઓએ તેમને આવતાં જોયાં, ત્યારે તેઓ ત્વરાપૂર્વક પોતાના ગુરુ પાસે દોડ્યા.

રામનું, સીતાનું અને લક્ષ્મણનું સ્વાગત કરવા ગુરુ ઝડપભેર મુખ્ય દરવાજે આવ્યા. તેમની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં. અતિથિઓનું યોગ્ય સ્વાગત, આતિથ્ય કરવામાં આવ્યું. તેમને અંદર લઈ જઈને તાજાં બનાવી દે તેવાં ઠંડાં પીણાં આપવામાં આવ્યાં. તેમની આગળ સ્વાદિષ્ટ કંદમૂળ મૂકવામાં આવ્યાં. આદર સત્કારથી અતિથિઓ બહુ રાજી થયાં, તેમણે તે સાદો નાસ્તો કર્યો. સાંજે તેમણે સ્નાન અને સાયં - સંધ્યા કર્યાં. રામે આશ્રમવાસીઓ સમક્ષ આચારના તથા વર્તનના અનેક આદર્શો પર પ્રવચન કર્યું. તેમણે આશ્રમવાસીઓને કહ્યું કે : તમને હેરાન પરેશાન કરતી શંકાઓ બાબત તથા ધર્મશાસ્ત્રોના અર્થઘટનના અઘરા મુદ્દાઓ પર તમે પ્રશ્નો પૂછી શકો છો. તેમણે ખૂબ ઉત્સાહપૂર્વક તે તકને ઝડપી લીધી. રામે પણ સરળ અને સંતોષકારક શબ્દોમાં ખાતરીપ્રદ સ્પષ્ટ સમજૂતીઓ આપી. ખરેખર, આશ્રમવાસીઓએ પૃથ્વી પર સ્વર્ગનો અનુભવ કર્યો. તેઓ પરસ્પર

આનંદપૂર્વક કહેવા લાગ્યા કે રામની હાજરી એ સ્વર્ગમાં ખુદ ભગવાન સાથે સાધેલા સંપર્કની ઉન્નતિકારક અનુભૂતિ છે.

જ્યારે પરોઢ થયું ત્યારે રામે, સીતાએ અને લક્ષ્મણે સ્નાન તથા પ્રાતઃ સંધ્યા કર્યા. આશ્રમવાસીઓએ રહેવા માટે ખૂબ આગ્રહ કર્યો, પણ તેમણે કહ્યું કે, લોકોએ કોઈને પોતાનાં વ્રતોના, પ્રતિજ્ઞાઓના અને નિશ્ચયોના પાલનમાં અવરોધ ન કરવો જોઈએ ; અમે નિર્ણય કર્યો છે કે અમારે કોઇ પણ આશ્રમમાં કે સ્થાનમાં એક રાત કરતાં વધારે ન રહેવું. જ્યારે તેમણે પોતાની મુસાફરી પાછી શરૂ કરી અને તેઓ જંગલમાંથી પસાર થતાં હતાં, ત્યારે વિરાધ નામનો ભયંકર રાક્ષસ ઓચિંતો દેખાયો અને તે તેમના પ્રત્યે ભયંકર રીતે ધસ્યો. તેને જોઈ સીતા સ્વાભાવિક રીતે જ ભય પામ્યાં. પણ થોડા જ સમયમાં તેમણે હિંમત એકઠી કરીને વિચાર કર્યો કે, જ્યારે સિંહ સમાન રામ મારું રક્ષણ કરવા મારી પડખે છે, ત્યારે આ લંગડા શિયાળથી ડરવાનું કોઈ કારણ નથી. તે ભલે ગર્જે. તે રામની પાછળ ઊભાં રહ્યાં અને શું બને છે તે નિહાળવા લાગ્યાં. તે દરમિયાન લક્ષ્મણે પોતાના ધનુષમાંથી રાક્ષસને એક તીક્ષ્ણ બાણ માર્યું. થોડા જ સમયમાં તેમણે તેના પર અનેક અસ્ત્રોની વૃષ્ટિ કરી. જ્યારે વિરાધ ઘાયલ થયો, ત્યારે તેનો ક્રોધ ભભૂકી ઊઠયો અને મૂર્તિમાન મૃત્યુ તથા વિનાશ રૂપ બની ને તે લક્ષ્મણ પર કૂદ્યો. રામે જોયું કે પોતાના ભાઈ યુદ્ધ કરીને થાકી ગયા હતા, એટલે તેમણે પોતાના બળવાન ધનુષ પર અર્ધચંદ્ર સમાન બાણ ચઢાવ્યું અને રાક્ષસ ઉપર છોડ્યું. રાક્ષસ જે ત્રિશુલને આમ તેમ વીંઝતો હતો તેના તે બાણે કટકા કરી નાંખ્યા અને પછી તે બાણે રાક્ષસના મસ્તકને છેદી નાંખ્યું. તે જ વખતે તેના પડેલા મડદાંમાંથી એક તેજસ્વી, સ્વર્ગીય આકૃતિ પ્રગટ થઈ.

પોતાના દિવ્ય સ્વામી કુબેરના શ્રાપથી વિરાધ પૃથ્વી પરનો રાક્ષસ બન્યો હતો. તે કુબેરની સેવા કરતાં ગંધર્વોમાંનો એક હતો. પાછળથી દયા લાવીને તેને કહ્યું હતું કે જ્યારે તું રામના બાણથી મૃત્યુ પામીશ, તે જ ક્ષણે તું રાક્ષસ મટી જઈશ અને પાછો ગંધર્વ બની જઈશ. તે ગંધર્વ પોતાના ઉદ્ધારક રામને પગે પડ્યો. તેણે રામની ખૂબ સ્તુતિ કરી, અને પછી ગંધર્વ લોકમાં ચાલ્યો ગયો.

રામે જમીન પર પડેલા રાક્ષસના વિશાળ દેહને દાટી દીધો અને તેની મરણોત્તર ક્રિયા કરી; તે જ વખતે તે સ્થળ પર વૃષ્ટિ થઈ, જાણે કે તે કરુણા જોઇને દેવો હર્ષાશ્રુ ન વહાવતા હોય! પછી રામે શરભંગ મુનિના આશ્રમમાં પ્રવેશ કર્યો. જ્યારે તેઓ આશ્રમમાં પ્રવેશી રહ્યાં હતાં ત્યારે તાપસો અને મુનિઓ રાક્ષસરાજ રાવણનાં આક્રમણોથી થતાં જુલમ વિશે વાતો કરી રહ્યા હતા. જ્યારે તે તાપસોને અને મુનિઓને તેમની મુલાકાતનો અર્થ સમજાયો, ત્યારે તેમને ખાતરી થઈ ગઈ કે હવે અમારા ભયનો જલ્દી અંત આવશે. જ્યારે શરભંગ મુનિએ રામની દિવ્ય મનોહર મૂર્તિ જોઈ ત્યારે તે ભાગ્યે જ

પોતાની આંખોને સાચી માની શક્યા. તેમને શંકા થઇ કે આ સ્વપ્ન છે કે ભ્રાંતિ છે, કે અતિશય ધ્યાન કરવાને પરિણામે થતો કોઈ વિચિત્ર અનુભવ છે? પણ થોડા જ સમયમાં તેમણે પોતાના સદ્દભાગ્યની વાસ્તવિકતાનો ખ્યાલ આવી ગયો. પોતાની લાંબા સમયની ઈચ્છા પૂર્ણ થયાથી તે આનંદવિભોર બની ગયા; તેમને લાગ્યું કે છેવટે મારી તપસ્યા ફળી છે. તેમણે તે ત્રણેયનું ખૂબ આતિથ્ય કર્યું.

પોતાના હ્રદયને સંતોષ થાય ત્યાં સુધી મુનિએ રામનાં ગુણગાન કર્યા, 'હે રામ , ઋષિમુનિઓના મનને તૃપ્ત કરી દેતા જળ પર ભવ્યતા પૂર્વક ગતિ કરતા તમે સ્વર્ગીય રાજહંસ છો. હાશ! આજે મેં જીવનનું લક્ષ્ય સિધ્ધ કર્યું છે. હે રામ, હું આધ્યાત્મિક સાધના જાણતો નથી. મેં માત્ર પ્રેમના માર્ગ દ્વારા જ તમારી પ્રાપ્તિ કરી છે. હવે મારી આંખોને તમારાં દર્શન થયાં છે તેમને બીજું કશું જોવાની જરૂર નથી. તમે તે દિવસે વચન આપ્યું હતું કે હું મુનિઓની ઈચ્છાઓ પૂર્ણ કરીશ. ઠીક, હવે તમારે વચન પાળવાનું છે. મારી આ ઈચ્છા છે કે મારો પ્રાણ આ દેહને છોડી દે ત્યાં સુધી તમે તમારા આ ખૂબ મનોહર રૂપમાં મારી સાથે ઉભા રહો. તમારું દર્શન કરતાં કરતાં હું મારા શરીરને છોડી દેવા માંગું છું,' તેમણે તેવી વિનંતી કરી.

થોડી જ મિનિટોમાં એક ચિતા રચવામાં આવી. મુનિ ઉદાસીન બનીને ચિતાની ટોચ પર બેઠા. ચિતા સળગાવવામાં આવી. મુનિની આંખો રામ દર્શનના આનંદથી ચમકતી હતી. પોપચાં ઉઘાડબીડ કરતાં ન હતાં, દ્રષ્ટિ સ્થિર બની ગઈ હતી. પોતાના હ્રદયમાં રામની, સીતાની અને લક્ષ્મણની મૂર્તિઓ સ્થિર કરીને શરભંગે પોતાના દેહને ભસ્મીભૂત બનાવી દીધો. છેવટ સુધી જે રામને તે પૂજતા હતા તેમના રૂપનું પ્રતિબિંબ મુનિના હ્રદયના નીલ, શાંત જળોએ પાડ્યું. તેમનો આત્મા પોતાની સામે ઊભેલા વૈશ્વિક પરમાત્મામાં વિલીન થઇ ગયો.

જોકે શરૂઆતમાં આશ્રમવાસીઓ પોતાના ગુરુની વિદાયથી શોક કરી રહ્યા હતા. પણ થોડા જ વખતમાં તેમને ખ્યાલ આવી ગયો કે વિરલ આશીર્વાદનું અદ્વિતીય સદ્દભાગ્ય પોતાના ગુરુજીને સાંપડયું હતું. ભગવાન પોતે માનવરૂપમાં તેમની સમક્ષ આવ્યા હતા અને મુનિને પોતાની ભવ્યતામાં અને પ્રકાશમાં વિલીન કરી દીધા હતા. તેમને લાગ્યું કે અમે પણ તે કૃપાદાનમાં ભાગીદાર બન્યા છીએ. તેમણે રામની અનેક પ્રકારે સ્તુતિ ગુરુજીની ભસ્મ હાથમાં લઈને તેમણે પુજ્યભાવપૂર્વક તથા આભારવૃતિપૂર્વક પોતાના કપાળ પર તે ભસ્મનો લેપ કર્યો.

શરભંગના ચિતા પ્રવેશના સમાચાર સાંભળીને બીજા આશ્રમોના રહેવાસીઓ પણ તે આશ્રમમાં આવ્યા . તેઓ રામને પગે પડ્યા. તેમણે રામની અને તેમના કરુણામય જીવનકાર્યની પ્રશંસા કરી. તે બોલ્યા, 'હે નાથ, શરભંગ કેટલા બધા નસીબદાર ! આ વિસ્તારમાં ઘણા મુનિઓ

રાક્ષસોની અતૃપ્ય ક્રૂરતાના ભોગ બની ગયા છે. પણ શરભંગને તો ભગવાને પોતે આશીર્વાદ આપ્યા. તેમણે પોતાનો દેહ અને પોતાનું જીવન ભગવાનને સમર્પિત કરી દીધાં. હે નાથ, અમને ક્રૂર શત્રુઓથી બચાવો. આ રાક્ષસોની સતામણીથી મુક્ત બનીને અમે અમારી આધ્યાત્મિક સાધનાઓમાં પ્રગતિ કરી શકીએ એવું કરો. છેવટે અમે જે ફળ માટે પ્રયાસ કરીએ છીએ તે અમને કૃપાપૂર્વક આપો . અમારી દ્રષ્ટિમાં આપની હાજરી. '

તે દરમિયાન સુતીક્ષ્ણ નામના મુનિએ આગળ આવીને રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. તે વિખ્યાત મુનિ અગસ્ત્યના શિષ્ય હતા. તે અદ્વિતિય ભક્ત હતા. તેમનું મન રામ પ્રત્યેના પ્રેમથી સંતૃપ્ત હતું. તેમને સુસ્થિર શ્રદ્ધા હતી કે માત્ર પ્રેમ દ્વારા જ ભગવાનની પ્રાપ્તિ થઇ શકે છે. રામ સિવાય ભગવાનના બીજા કોઈપણ રૂપનું ચિત્ર તે પોતાનાં મનશ્ચક્ષુ સમક્ષ લાવી શકતા નહીં. પોતાની એક ક્ષણ પણ વ્યર્થ ન થાય તેટલા માટે આંખોનો પલકારો માર્યા વગર તે રામને એકાગ્ર દ્રષ્ટિથી જોઈ રહ્યા. રામનાં દર્શનથી તેમનું હૃદય ભક્તિમાં દ્રવિત થઈ ગયું.

તે બોલ્યા, "હે નાથ, શું તમે મને આશીર્વાદ આપવા માટે જ અહીં આટલે દૂર આવ્યા છો? મને શું તમે તમારા પ્રેમસ્વરૂપમાં લીન નહીં બનાવી દો? તમે આ પૃથ્વી પર આ સગુણરૂપે પધાર્યા છો; છતાં પણ શું તમારી એવી ઈચ્છા છે કે મારે તમારા તમારા નિર્ગુણરૂપને પૂજવું ? ના, હું આ નામ રૂપને ચાહું છું ; મને કોઈ વિધિ આવડતો નથી. હું માત્ર એટલું જ જાણું છું કે પ્રેમ સ્વરૂપ એવા તમે માત્ર પ્રેમથી જ પ્રાપ્ત થાઓ છો. તીવ્ર આકાંક્ષાથી જ ભગવાન મળે છે. મને કહો શું તે પૂરતી નથી? હે જન્મ મૃત્યુની પીડામાંથી ઉગારનાર, પ્રેમ દ્વારા ભગવાનની સેવા જેવી પ્રભાવશાળી બીજી કોઈ પૂજા નથી, નહીં! વારુ. તમારા ગુણ ગાવા, તમારું ધ્યાન કરવું અને તે પ્રક્રિયા દ્વારા અવર્ણનીય આનંદ પ્રાપ્ત કરવો આનાથી વધારે આનંદ બીજી કઈ વસ્તુ આપી શકે ? " પોતે ક્યાં છે અને પોતે શું કરી રહ્યા છે તેના ખ્યાલ સિવાય સુતીક્ષ્ણ નૃત્ય કરવા લાગ્યા. તેમની આંખોમાંથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. તે જે આનંદ અંદર અનુભવી રહ્યા હતા તેનાથી અજ્ઞાત લોકોને તે પાગલ લાગ્યા. રામ, મુનિના અંદરના આવેગને જાણતા હતા. તેમણે મુનિને પોતાની પાસે ખેંચી તેમને પ્રેમપૂર્વક આલિંગન આપ્યું. મુનિને ભાનમાં લાવવા માટે રામે મૃદુ, મધુર શબ્દો ઉચ્ચાર્યા. જ્યારે રામ તેમના હાથ પકડી રહ્યા હતા, ત્યારે તે મહાન મુનિ સમાધિની પરમ સ્થિતિમાં ડૂબી ગયા. તે અવિચાલ્ય, અવિચલિત પૂતળા જેવા બની ગયા. રામ તેમને ભાનમાં લઈ આવ્યા. ભાનમાં આવતા વેંત તેમણે રામને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

તેમણે પોતાના બે હાથ મસ્તક પર જોડયા અને પૂજ્યભાવપૂર્વક પોતાનો આનંદ વ્યક્ત કર્યો, તે બોલ્યા, "નાથ, માણસ જે ભ્રાંતિના વનમાં રઝળે છે તેને બાળી નાંખનાર તમે દાવાગ્નિ છો. સજ્જનોના હૃદય કમળ સૌંદર્યમાં અને સુગંધમાં ખીલી ઊઠે તે માટેના તમે સૂર્યમંડળ છો. તમે રાક્ષસરૂપી હાથીઓનાં ઝૂંડનો વિનાશ કરનાર વનરાજ (સિંહ )છો. હર્ષ શોક ભરેલા જન્મ-મરણના ચક્રમાં ઉડનાર પંખીનો વિનાશ કરનાર તમે ગરુડ છો; હે નાથ, તમારી આંખો કમળ સમાન મનોહર છે. મારી આંખો તમારા પ્રકાશમય રૂપના સકળ સૌંદર્યનું પાન કરવા અશક્તિમાન છે. સીતાની આંખો રૂપી બે ચકોર પંખીઓને આનંદિત કરવા માટે શીતળ ચાંદની વરસાવનાર તમે ચંદ્ર છો. શંકા ગ્રસ્ત માણસોનાં અને નાસ્તિકોનાં મનમાં પેદા થનાર સર્પોનો શિકાર કરનાર તમે ગરુડ છો. જ્યારે તમારી આંખોનો નાનકડો દ્રષ્ટિપાત તેમના પર પડે છે, ત્યારે સર્વ ક્રૂરતા, ગૂંચવાડા અને વિપત્તિ બળીને ખાખ થઈ જાય છે." તેમણે આમ અનેક પ્રકારે રામની પ્રશંસા કરી અને તે તક મળવાથી સુતીક્ષ્ણ મુનિને ખૂબ આનંદ થયો. રામનાં દર્શન કરવાની અને પોતાના હૃદયમાં તેમની મૂર્તિને સુસ્થિર રીતે સ્થાપવાની તક તેમણે ઝડપી લીધી. તેમને સમયનું અથવા દેહની જરૂરિયાતોનું કશું ભાન રહ્યું નહીં. રામના પ્રકાશનું દર્શન અને પાન કરતી વખતે તેમણે આંખોનો એક પણ પલકારો માર્યો નહીં.

થોડા સમય સુધી રામે તેમની સામે જોયા કર્યું. પછી તેમના ખભા પર પોતાના હાથ મૂકીને રામે તેમને ઊભા કર્યા અને રામ બોલ્યા, "સુતીક્ષ્ણ, તમારામાં બધા સદ્દગુણો છે. તમે મારી પાસેથી ઈચ્છિત વરદાન માંગો; હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ." મુનિએ જવાબ આપ્યો, " હે દીન વત્સલ, અનાથના નાથ, મારી આ ઈચ્છા છે. સીતા અને લક્ષ્મણ સાથે તમે હંમેશાં મારા હૃદયના ઊંડાણમાં નિવાસ કરો. રામે 'તથાસ્તુ' કહ્યું. પછી તેમની સાથે રામ અગસ્ત્યના આશ્રમમાં ગયા. સીતા અને લક્ષ્મણ તેમની પાછળ પાછળ ચાલ્યાં.

થોડેક દૂર ગયા પછી તેમણે પાસે વહેતી નદીનો રેવ સાંભળ્યો. જ્યારે તેઓ નદી પાસે ગયાં ત્યારે તેમણે વહેતા પાણીની પેલે પાર એક પર્વતનું શિખર જોયું. મધ્યમાં સુંદર પુષ્પ ઉદ્યાનો હતાં; સરોવરની મધ્યમાં આવેલા કમળ જેવો, અગસ્ત્યનો આશ્રમ સુગંધી પુષ્પોની શેતરંજી પર હોય એમ લાગ્યું.

તે દ્રશ્યના સૌંદર્યને વર્ણવવાની શક્તિ શબ્દોમાં નથી. તે મનોહર દ્રશ્યને જોઈને સીતા, રામ અને લક્ષ્મણ દિગ્મૂઢ બની ગયાં. તે આશ્રમનું વાતાવરણ એવું તો આશ્ચર્યજનક રીતે આધ્યાત્મિક હતું કે સ્વભાવથી જ એકબીજાના શત્રુ એવાં જળચર પ્રાણીઓ, સ્થલચર પ્રાણીઓ, દરેક જાતનાં પશુ-

પંખીઓ ભય અને વૈર વૃતિ ત્યજીને એકબીજાની સાથે રહેતાં હતાં અને ક્રીડા કરતાં હતાં. નદીના તટ પર બેસીને ધ્યાનમાં નિમગ્ન થયેલા એવા અનેક તાપસોને અને મુનિઓને તેમણે દીઠા.

જ્યારે તેઓ આશ્રમની નજીક આવી પહોંચ્યાં, ત્યારે સુતીક્ષ્ણ તે સુખદ સમાચાર ગુરૂજીને આપવા માટે આગળ દોડ્યા. ગુરુને પગે પડીને તે બોલ્યા, " હે મહાન ગુરુ, હે દયાસાગર, સીતા અને લક્ષ્મણ સાથે દયા મૂર્તિ રામ અયોધ્યાના રાજકુમાર આપણા આશ્રમમાં આવી રહ્યા છે. રાત-દિવસની દરકાર કર્યા વગર, વર્ષો સુધી આધ્યાત્મિક સાધના દ્વારા તમે જેમનાં દર્શનની ખોજ કરી રહ્યા હતા તે તમારી પાસે આવ્યા છે. આહ, આજનો દિવસ કેવો ધન્ય છે ! આ આપણું કેટલું મોટું સદ્દભાગ્ય!" સુતીક્ષ્ણ પોતાની જાતને ભૂલી ગયા, આનંદવિભોર બની ગયા.

તે સાંભળી અગસ્ત્ય એકદમ પોતાના આસન પર ઊભા થયા અને ઝડપથી બહાર આવ્યા. તેમણે ત્રણેય જણને પોતાની તરફ આવતાં જોયાં. મુનિની આંખોમાં આંસુ ઊભરાયાં. 'નાથ, નાથ ' બોલીને તે આગળ દોડયા અને રામને પગે પડ્યા. રામને આલિંગનમાંથી મુક્ત કરવા તે ઇચ્છતા ન હતા. જેમ લતા વૃક્ષના થડને બાઝી પડે તેમ તે રામને વળગી પડીને ઉભા રહ્યા.

જ્યારે અગસ્ત્ય રામને, સીતાને અને લક્ષ્મણને પોતાના આશ્રમમાં લઈ ગયા, ત્યારે તે પોતાના હૃદયમાં ઊભરાતા આનંદને સમાવી શક્યા નહીં. મુનિએ તેમને ઉચ્ચ આસનો પર બેસાડ્યાં. તેમણે મીઠાં મૂળ ફળ મંગાવ્યા અને નાસ્તો કરાવ્યો અને પછી તેમણે રામને તેમણે કરેલી મુસાફરી બાબત પૂછ્યું. રામના જવાબોને અગસ્ત્ય આંખો બંધ કરીને આનંદપૂર્વક સાંભળતા હતા; તેમની આંખોમાં હર્ષાશ્રુ ઊભરાતાં હતાં, તેમના મુખ પર સુખમય સ્મિત ફરકતું હતું. છેવટે તે બોલ્યા, "હે નાથ, મને ખાતરી થઇ ગઈ છે કે મારાથી વધારે ધન્ય માણસ બીજો કોઈ નથી; ભગવાન નારાયણ પોતે પધાર્યા છે. તે મારા આશ્રમમાં રહે છે. " આભારવૃતિ યુક્ત અને ભક્તિપૂર્ણ શબ્દોમાં તેમણે પોતાના આનંદને વ્યક્ત કર્યો.

રામ બોલ્યા, "હે મુનિ શ્રેષ્ઠ, મારે તમારી પાસે કશું ગુપ્ત રાખવાનું નથી. વનમાં શા માટે આવ્યો છું તે તમે સારી રીતે જાણો છો. મુનિઓની અને તાપસોની તપસ્યામાં અવરોધ કરનાર રાક્ષસોની જાતિનો હું સંહાર કેવી રીતે કરું, અને ભગવાન સમર્પિત સેવકોને રાક્ષસોના જોખમોમાંથી કેવી રીતે બચાવું તે વિશે મને માર્ગદર્શન આપો; હું તે મુજબ કરીશ. હું તમારી સલાહની રાહ જોઈ રહ્યો છું. શીતલ હેમંત ઋતુમાં કમળ પુષ્પો ચીમળાઈ જાય છે અને મરી જાય છે. રાક્ષસોને ચીમળાઈ જવાની અને મરી જવાની ઋતુ પાસે આવી ગઈ છે."

રામના તે શબ્દો સાંભળીને અગસ્તયે સ્મિત કર્યું. તે બોલ્યા, " નાથ, સર્વજ્ઞ છો છતાં તમે મને શા માટે પૂછો છો તે મને સમજાતું નથી; તમે મને આશીર્વાદ આપી રહ્યા છો કે મારી પરીક્ષા કરી રહ્યા છો, તેનો નિર્ણય હું અસમર્થ છું. છતાં પણ તમારા દર્શનના, સ્પર્શના અને સંભાષણના પ્રભાવથી હું તમારા પ્રશ્નનો અર્થ પકડી શક્યો છું. તે પણ તમારી કૃપા છે. તમારી સૃષ્ટિ રૂપ, તમારી પુતળી જેવી, તમારી દાસીઓ, એવી માયા સદા સર્વદા તમારી ભમ્મરનો ઈશારો જોતી જોતી તમારે પગે પડીને તમારી આજ્ઞાઓનું પાલન કરવા ખડે પગે તૈયાર રહે છે. તમે આપેલી કુશળતા વડે, માયા પૃથ્વી પર અને સ્વર્ગમાં બધાં પ્રાણીઓનું સર્જન કરે છે."

તમારી માયાને જીતવી કઠિન છે. તે પ્રાણીઓને પાર વગરની હેરાન ગતિ આપે છે. તેની યુક્તિ પ્રયુક્તિઓના શિકાર બનનાર લોકોને તે ખૂબ સતાવે છે; બધા આ હકીકતને જાણે છે. તમારી માયા ફિક્સ વૃક્ષ જેવી છે જે બધે પ્રસરી ગયેલી છે; વિશ્વના ગોળાઓ તે વૃક્ષનાં ફળો છે, પ્રાણીઓ અને પદાર્થો તે ફળોમાં રહેતાં જંતુઓ કીડા છે; ફળ બહારથી સુંદર દેખાય પણ જ્યારે તેને ખોલવામાં આવે છે, ત્યારે તેમાં તરવરતા સેંકડો કીડા નજરે પડે છે.

આ બાહ્ય જગતમાં અને તેના ક્ષણભંગુર પદાર્થોમાં આસક્તિવાળા લોકો તમારાથી ભય પામે છે, કારણ કે કાળરૂપે તમે તેમની ક્રૂર યોજનાઓનો વિનાશ કરો છો. વિશ્વ પોતે તમારી વાસ્તવિકતા પર આરોપિત એક દેખાવ માત્ર છે. રામ, બધાં જગતો તમને પૂજે છે. તમે સામાન્ય માનવીની પેઠે મારાં સલાહસૂચનો માગો છો. માણસોની પેઠે તમે મારી પ્રશંસા કરો છો, તેથી મને હસવું આવે છે.

અત્યારે હવે મને કશાની દરકાર નથી. મારી ઈચ્છા છે કે સીતા અને લક્ષ્મણ સાથે તમે આશ્રમમાં રહો. હું એ જ વરદાન માંગું છું. હું હંમેશાં તમારા સગુણરૂપને પસંદ કરું છું, નિર્ગુણ રૂપને નહીં. હું તે સિદ્ધાંતમાં માનું છું અને તેનો ઉપદેશ કરું છું. તે મારો આદર્શ છે, મારું પ્રિય લક્ષ્ય છે, મારી અભીપ્સા છે.

એટલે તમે મને આ વરદાન આપો. તમારા ભક્તોને ઉચ્ચ સ્થાન આપવું અને પોતે કશું જાણતા ન હો તેમ એક બાજુએ પશ્ચાદભૂમિમાં સરકી જવું એ તમારી લીલા છે. પણ મને ઉન્નત ન કરશો. ઊંચે ન ચઢાવશો. મારાં સલાહ સૂચનો ન માંગશો. તમારી ઇચ્છાઓને સ્વીકારવી અને તમારાં પગલાંને અનુસરવાં એ મારી ફરજ છે. હે પિતા, મને તમારી માયામાં ફસાવશો નહીં. અહંકારની ભ્રમણામાં મને સપડાવશો નહીં, મને તમારી લીલાનું લક્ષ્ય ન બનાવશો."

તે સાંભળી રામ બોલ્યા, " હે પૂજ્ય મુનિ, આ પ્રદેશના તમે ભુમિયા છો એટલે મારે રહેવા માટે કઈ જગ્યા પસંદ કરવી તે મને જણાવો તેમાં શી હરકત છે? દરેક જણ તમારી પાસેથી એવી અપેક્ષા તો રાખે જ, નહિ! વારુ." અગસ્ત્યે જવાબ આપ્યો , " સ્વામી તમે મને આજ્ઞા કરી છે, એટલે હું તરત જ તેનું પાલન કરીને તમને જવાબ આપીશ. અહીંથી થોડે જ દૂર પવિત્ર ગોદાવરી નદી વહે છે. યુગોથી તે નદી મુક્ત રીતે વહી રહી છે. જેનાં પાણી કદી સુકાતાં નથી તે નદીની પાસે દંડકારણ્ય છે. જ્યારે તમે ત્યાં નિવાસ કરીને તે સ્થાનને પાવન બનાવશો ત્યારે ત્યાં સંતોષપૂર્વક અને સુખપૂર્વક રહેતા ઋષિ-મુનિઓને તમે આશીર્વાદ આપ્યા એમ ગણાશે. કારણ કે તે વન પ્રદેશ અને તેનો રાજા એક શ્રાપથી પીડાય છે."

તે સાંભળીને રામ વચ્ચે બોલ્યા, " ગુરુજી, સીતા તે શ્રાપની કથા સાંભળવા ઈચ્છા રાખે છે. મને કથા વિગતવાર કહો." અગત્સ્ય તે વિનંતીનો મર્મ સમજી ગયા અને બોલ્યા, "હે સનાતન વિશ્વ લીલાના નિયામક (સુત્રધાર), એક સમયે પંચવટી પ્રદેશમાં દુકાળ પડયો હતો. બધા મુનિઓએ અને તાપસોએ ગૌતમ મુનિના આશ્રમમાં આશ્રય લીધો. પોતાની તપસ્યા વડે યોગ શક્તિઓ પ્રાપ્ત કરેલા ગૌતમ તેમની બધી જરૂરિયાતો પૂરી પાડતા હતા. દુકાળ પતી ગયા પછી બધા મુનિઓએ પોતાના નિવાસ સ્થાનોમાં જવાનો નિર્ણય કર્યો.

પણ તેમનામાં કેટલાક જુઠ્ઠા, દંભી તાપસો હતા. તેમણે કાવતરું કરીને ગૌતમને બદનામ કરવાની યોજના ઘડી અને તેઓ એક મરવા પડેલી ગાયને આશ્રમના ઉદ્યાનમાં એક લીલાછમ મનોહર સ્થાનમાં લઈ આવ્યા. ગૌતમે જોયું કે ગાય ડાંખલી પરથી એક સુંદર ફૂલને ખાવાની તૈયારીમાં હતી. તેમણે તે ગાયને હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો. પણ મુનિનો પહેલો ધક્કો વાગતાં જ ગાયે પ્રાણ છોડી દીધા. કાવતરાખોર તાપસોએ તરત જ તેમને ગૌહત્યાનું પાપ લાગ્યું છે એમ કહ્યું.

તેમણે ગૌતમનો જ્ઞાતિની બહાર રહેતા શુદ્રની જેમ, નાસ્તિકની જેમ તિરસ્કાર કર્યો. ગૌતમે શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો કે ગાય પોતાના ધક્કાને કારણે મરી ગઈ હતી કે પછી તેનું આયુષ્ય પુરું થઈ જવાને કારણે મરી ગઈ હતી. આ મહત્વના પ્રશ્નનો જવાબ શોધી કાઢવા માટે તે ઊંડા ધ્યાનમાં બેઠા. થોડા જ સમયમાં તેમને માલૂમ પડ્યું કે આ તો તાપસ શત્રુઓએ રચેલી એક યુક્તિ હતી. તેમના અધમ તિરસ્કાર પાત્ર સ્વભાવ પ્રત્યે ગૌતમને ખૂબ અણગમો પેદા થયો. તે બોલ્યા, "આવા નીચ મનવાળા પુરુષોથી દૂષિત બનેલા આ સ્થાનમાં કોઈ સારા સંતો આવીને નહીં રહે. તે યક્ષ રાક્ષસોનું નિવાસસ્થાન બની જશે."

એક બીજી ઘટનાએ આ શ્રાપની અસરમાં વૃદ્ધિ કરી હતી. આ પ્રદેશના રાજા દંડે પોતાના ગુરૂ ભૃગુની પુત્રી પર બળાત્કાર ગુજાર્યો હતો. પોતાની પુત્રીએ કરુણતાપૂર્વક કહેલી વિતક કથા ભૃગુએ સાંભળી ; ક્રોધના આવેશમાં તેમણે આ પ્રદેશ ઉપર ધૂળનો વરસાદ વરસાવ્યો. એટલે આ પ્રદેશમાં ખૂબ કાદવ ભરાઈ ગયો અને સમય જતાં તે એક ગાઢ જંગલ બની ગયો. તે દુષ્ટ રાજાના નામ પરથી આ પ્રદેશનું નામ દંડકારણ્ય પડયું છે. હે રઘુવંશના મુકુટ રત્ન રામ, મને ખાતરી છે કે જ્યારે તમે તે વનમાં નિવાસ કરશો, ત્યારે રાક્ષસોનો વિનાશ થઇ જશે અને શ્રાપ દૂર થઈ જશે. તાપસો અને સાધકો ફરી ત્યાં રહેવા આવશે અને પોતાની તપસ્યામાં પ્રગતિ કરશે. આ સાફસૂફીથી અને નિષ્પત્તિથી માનવ જાતિને સર્વત્ર લાભ થશે. મારે તમને કહેવું જોઈએ કે શ્રાપ આપનાર મુનિ પણ તમારાં દર્શનથી સુખી થશે, કારણ કે ક્રોધ કર્યાનો તેમને પશ્ચાતાપ થાય છે."

જ્યારે અગસ્ત્યે દંડકારણ્યની કથા પૂરી કરી, ત્યારે રામ બોલ્યા કે - ભલે હું એમ કરીશ. ત્યાં નિવાસ કરીશ. તેમણે અગસ્ત્ય મુનિની રજા લીધી અને સીતા તથા લક્ષ્મણ સાથે દંડકારણ્ય તરફ ગયા. તેમનાં જતાં પહેલાં અગસ્ત્યે પોતાની તપસ્યા વડે દિવ્ય ઉદ્દભવસ્થનોમાંથી પ્રાપ્ત કરેલાં આયુધોને લાવીને રામના હાથમાં મૂક્યાં. તે બોલ્યા, " આ આયુધોને વાપરવાની મને ઈચ્છા નથી. હવે તે એવી યોગ્ય વ્યક્તિના હાથમાં આવ્યાં છે કે જે પવિત્ર હેતુઓ માટે તેમનો ઉપયોગ કરશે. રામ, તમે મારી ઢાલ છો, મારું બળ છો, મારું પરાક્રમ છો; આ આયુધો મને બચાવી નહીં શકે, પણ તમે મને બચાવી શકશો. મને તમારી કૃપા પ્રાપ્ત થઈ છે, જે સૌથી વધારે બળવાન આયુધ છે. તમે મારા આશ્રય છો, દુર્ગ છો, મારી છાતીનું અભેદ્ય બખ્તર છો. "

સીતા, રામ અને લક્ષ્મણ દંડકારણ્યમાં પ્રવેશ્યાં કે તરત જ સૂકાં વૃક્ષો લીલાંછમ બની ગયાં; તે કોમળ ખખડાટ કરતાં પાંદડાંના સમૂહોથી આચ્છાદિત થઈ ગયાં; દુર્બળ નિષ્પ્રાણ લતાઓ એકદમ જીવતી,હાલતી અને સક્રિય બની ગઈ; તેમણે અનેક સુગંધી પુષ્પોને જન્મ આપ્યો; વન એકદમ મનોહર લીલુંછમ બની ગયું; તેમાં પુષ્કળ રંગબેરંગી પુષ્પો ખીલી ઊઠ્યાં. તે ત્રણેય જણે પોતે નિવાસ કરી શકે તેવી એક જગ્યા શોધી કાઢી; તે પંચવટી હતી, જે સ્થાનનો નિર્દેશ અગસ્ત્યે કર્યો હતો.

ત્યાં તેમને વૃદ્ધ ગૃધ્રરાજ જટાયુ મળ્યો. તે દશરથનો મહાન મિત્ર હતો. સ્વર્ગના દેવોને મદદ કરવા જ્યારે દશરથ યુદ્ધે ચઢતા ત્યારે જટાયુ તેમની સાથે જતો. રામે જટાયુને દશરથના મૃત્યુના સમાચાર આપ્યા, અને તેના શોકને દૂર કર્યો. રામે જટાયુને પોતાને વિશે, સીતા વિશે, લક્ષ્મણ વિશે અને પોતાના બીજા ભાઈઓ વિશે વાત કરી. તે ત્રણ જણે ગોદાવરીના તટે એક પર્ણકુટિ

બાંધવાનો નિશ્ચય કર્યો. જટાયુ તેમનો ગાઢ મિત્ર બની ગયો; તેની મારફતે તેમને તે પ્રદેશનું વધારે સ્પષ્ટ ચિત્ર પ્રાપ્ત થયું. તે રાત્રે તેઓ એક વૃક્ષ હેઠળ તાજગી મળે તેવી નિદ્રામાં ઊંઘી ગયાં.

• • •

# પંચવટી

રામ થોડોક લાંબો સમય ગોદાવરી પર આવેલી પંચવટીમાં રહેવા ઇચ્છતા હતા, એટલે એક વિશાળ વૃક્ષની શીતળ છાયામાં થડનો ટેકો લઈને તે બેઠા. પોતાના ભાઈને પાસે બોલાવીને રામે કહ્યું, "ભાઈ લક્ષ્મણ, આ પ્રદેશમાં એક સુંદર અને આરામમય સ્થાન નક્કી કર અને ત્યાં તને ગમે તેવી એક સુંદર નાનકડી ઝૂંપડી બાંધ."

લક્ષ્મણને તે આજ્ઞા કટાર ભોંકાઈ હોય તેવી લાગી. તેમની પીડા અસહ્ય બની ગઈ. દુઃખ પૂર્વક રડતાં રડતાં તે રામને પગે પડ્યા અને બોલ્યા, " આ કઠોર અજ્ઞાને પાત્ર બનવા જેવો મેં શો ગુનો કર્યો છે?" તે વર્તણૂક જોઈને સીતા અને રામ આશ્ચર્યચકિત બની ગયાં. રામ બોલ્યા, "લક્ષ્મણ, તું આટલો બધો દિલગીર કેમ છે તે મને સમજાતું નથી ; તેં કોઈ દિવસે માટે જીભે બોલાયેલા કઠોર શબ્દો સાંભળ્યા છે? તને કે બીજા કોઈને હું કઠોર શબ્દો કહું એટલો બધો શું હું પાગલ બની ગયો છું? તું મારી ઇચ્છાઓ અને જરૂરિયાતો પૂરી કરે છે અને પ્રાણની પેઠે મારી સેવા કરે છે. તો પછી હું તને કઠોર શબ્દો કેવી રીતે કહી શકું? તું નકામો, નિરર્થક દુઃખી થાય છે. આખરે મેં તને કહ્યું છે શું? મેં તો માત્ર એટલું જ કહ્યું કે જગ્યા પસંદ કરીને ત્યાં આપણે રહેવા માટે એક ઝુંપડી બનાવ. બસ, એટલું જ કહ્યું હતું ને ? "

પછી લક્ષ્મણે પોતાના હાથ વડે પોતાના કાન બંધ કર્યા અને દિલગીરી પૂર્વક કહ્યું, 'રામ રામ ! આ શબ્દો હું સાંભળી શકતો નથી.' રામ તે શોકના અભિનયથી આશ્ચર્ય પામ્યા. પણ લક્ષ્મણ પ્રાણામાંજલિ રચીને બોલ્યા,"હે નાથ, મારામાં 'હું' જેવું કશું રહ્યું નથી. સીતા અને રામ જ મારો નિધિ છે. મારું સર્વસ્વ છે. મને કોઈ સ્વતંત્ર ઈચ્છા નથી. મને કોઈ સ્વતંત્ર સંકલ્પ નથી. રામની ઈચ્છા છે, મારી ઈચ્છા છે. રામનો સંકલ્પ મારો સંકલ્પ છે, મારે માટે તે આજ્ઞારૂપ છે.તે આજ્ઞાનું પાલન કરવું એ જ મારી ઈચ્છા, મારો સંકલ્પ છે. બીજી કોઈ વસ્તુની પરવા ન કરતો એવો હું તમારો ગુલામ છું, તો તો પછી 'તું તારી ઇચ્છા મુજબ ઝૂંપડી માટે જગ્યા પસંદ કર.' એ શબ્દો હું કેવી રીતે સહન કરી શકું? મારામાં પસંદ કરવાની શક્તિ કે વલણ છે ખરું? જો મારામાં મારી પસંદગી જેવું હોય, તો હું કેવી રીતે રામનો સેવક બની શકું? હું આ વિશિષ્ટ અધિકાર અને સુખ માટે કેવી રીતે યોગ્ય બની શકું? તેનો અર્થ તો એ થયો કે હું પૃથ્વી પર જીવવા માટે લાયક નથી. મારું જીવન માત્ર બોજારૂપ અને શરમજનક છે. " પોતાનો શોક સહી ન શકવાથી ડૂસકાં ભરતાં લક્ષ્મણ ઊભા રહ્યા.

રામ તેમની દશા જોઈ. માયાળુ શબ્દો વડે તેમણે લક્ષ્મણને આશ્વાસન આપ્યું, " ભાઈ તારું હૃદય ખૂબ પવિત્ર છે. મેં તો તે શબ્દો માત્ર દુન્યવી અર્થમાં વાપર્યા હતા. એમ માનવાની ભૂલ ન કરીશ કે તારા ભાઈને તારા સમર્પણભાવની ખબર નથી. શોક ન કર. "

લક્ષ્મણ પર સ્મિત વરસાવતા રામ બોલ્યા, "ભાઈ, તારી ભક્તિની વિશુદ્ધિ અને તારી સેવાની સચ્ચાઈ જોઈને મને આનંદ થાય છે. તારા આશયો નિર્દોષ અને ઉન્નત છે. હવેથી એવા શબ્દો કહીને હું તને દુઃખી નહીં કરું. મેં તો માત્ર તારી સાથે સામાન્ય ભાષાનો પ્રયોગ કર્યો હતો, બસ એટલું જ; તેથી ખોટું ન લગાડીશ. આવ આપણે બંને જઈએ અને સ્થાન પસંદ કરીએ." એમ કહીને રામે સીતાને અને લક્ષ્મણને સાથે લીધાં. થોડેક દૂર ચાલીને રામ ઊભા રહીને બોલ્યા કે ઠીક, અહીં પર્ણશાળા બનાવ.

તે શબ્દો સાંભળીને લક્ષ્મણ ખૂબ હર્ષપૂર્વક બોલ્યા, "ઓહ, સાચે જ હું ધન્ય છું. મારી ફરજ તમારી આવી આજ્ઞાઓનું પાલન કરવાની છે, મારી પોતાની ઇચ્છા કે સંકલ્પ અજમાવવાની નહીં." તે પોતાના મોટાભાઈને પગે પડ્યા. પછી તે ઉભા થયા અને પર્ણશાળા બનાવવા માટે ડાળી ડાંખળાં એકત્રિત કરવાના કામમાં પરોવાયા.

સીતાને અને રામને ખ્યાલ આવી ગયો કે લક્ષ્મણનું મન બહુ લાગણી પ્રધાન છે, તેમની બુદ્ધિ સુકોમળ રીતે સૂક્ષ્મ છે. તેમની શ્રધ્ધા અને ભક્તિની ગહનતા યાદ કરીને તે બંને ખૂબ રાજી થયાં. સીતા ઘણી વાર રામ આગળ કબુલ કરતાં કે અયોધ્યાના જીવન કરતાં આ વનજીવન મને વધારે આનંદ છે, કારણ કે લક્ષ્મણ જેવો ભાઈ તમારી સાથે છે અને તમારી સેવા કરે છે.

જ્યારે સીતાએ અને રામે લક્ષ્મણ વડે બનાવાયેલી પર્ણશાળા જોઈ, ત્યારે તેઓ તેની સુંદરતાથી, મોહક સાદાઈથી તથા જેમાં એ ચમકતી હતી તે પ્રેરણા પદ પરિવેશ થી રાજી થઈ ગયાં. સીતાએ પર્ણશાળામાં પ્રવેશ કર્યો. પોતાના દિયરની ચતુરાઈથી અને કલામય રસિકતાથી તેઓ આશ્ચર્ય પામ્યાં. પર્ણશાળા આટલી બધી ઝડપથી રચી નાખવા બદલ અને તેમાં ઉપયોગી વિભાગો રાખવા બદલ તેમણે લક્ષ્મણની પ્રશંસા કરી.

તે પર્ણશાળામાં તે ત્રણેય જણ સુખપૂર્વક પોતાના દિવસો ગાળવા લાગ્યાં. રામે પંચવટીને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે, અને ત્યાં પોતાના જેવી પર્ણશાળામાં તે રહે છે એ સમાચાર બધે પ્રસરી ગયા એટલે તેમનું સન્માન કરવા માટે રોજ રોજ તાપસોનાં ટોળાં ત્યાં આવવાં લાગ્યાં; તેઓ પોતાના શિષ્યોને પણ પોતાની સાથે લાવતા. તેઓ પેટ ભરીને રામનાં દર્શન કરતાં. તેમને રામ સાથે

વાત કરવાનું અને રામ ની વાતો સાંભળવાનો સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું. પછી રસ્તામાં રામની પ્રશંસા કરતા હતા તેઓ અને અનિચ્છાપૂર્વક પોતાના આશ્રમોમાં પાછા જતા.

ઘણા લોકો શાસ્ત્રો સમજવામાં પોતાને નડતી મુશ્કેલીઓનો જવાબ મેળવવા માટે, નીતિશાસ્ત્ર અથવા કર્મકાંડના શાસ્ત્રો સમજાવવામાં તેમને જે મુશ્કેલીઓ નડતી તેનો ઉકેલ પ્રાપ્ત કરવા માટે રામ પાસે આવતા; કેટલાક રામ પાસે સ્પષ્ટીકરણ મેળવવા આવતા કે અમે જે તપસ્યા અને સાધના કરી રહ્યા છીએ તે બરાબર અને કલ્યાણપ્રદ છે કે નહીં. રામ બધા ધર્મોના સ્વામી હતા. તે બધાં શાસ્ત્રોને પૂર્ણ રીતે જાણતા હતા. એટલે રામના જવાબોથી અને સૂચનોથી તેમને પૂરો સંતોષ થતો, દરેક જણને આનંદપૂર્ણ સંતોષ થતો.

તે પ્રશ્નોમાં અને ઉત્તરોમાં ચાર પ્રકારના પ્રશ્નો સ્પષ્ટ રીતે સમજવા જેવા છે. પ્રશ્નોને સામાન્ય રીતે ચાર વિભાગોમાં વહેંચી નાંખવામાં આવે છેઃ ૧. શૂદ્ર ૨.નિમ્નકક્ષાના ૩. ઠીકઠીક, સામાન્ય પ્રકારના અને ૪. પ્રશસ્ય. જે પ્રશ્નો બીજાઓ સાથે ચર્ચા ઉભી કરવા અને તેમનો પરાજય કરવા પૂછવામાં આવે છે તે શુદ્ર છે; પોતાની ચતુરાઈ, હોશિયારીનું પ્રદર્શન કરવા માટે જે પ્રશ્નો પૂછાય છે તે નિમ્ન પ્રકારના છે. પોતાની બુદ્ધિઅને તર્કશક્તિ બતાવવા માટે પુછાતા પ્રશ્નો સામાન્ય પ્રકારના ત્રીજા વર્ગના છે. પોતાની શંકાઓ દૂર કરવા માટે દિલની સચ્ચાઈપૂર્વક પૂછાયેલા પ્રશ્નો પ્રશસ્ય છે, તે શ્રેષ્ઠ વર્ગના છે. મુનિઓ સંન્યાસીઓ અને તાપસો માત્ર આ ચોથા પ્રકારના પ્રશ્નો લઈને રામની પાસે આવતા, એ કહેવાની જરૂર નથી.

તાપસોને જોઇને રામ લક્ષ્મણ ખૂબ આનંદ પામતા. રામ જે આદર્શો પ્રસ્તુત કરતા તે સરળ, સમજવા સહેલા, ધર્મશાસ્ત્રોને અનુરૂપ, જટિલતા વગરના અને આશ્વાસનપ્રદ હતા. તે સાંભળીને ઘણા તાપસો રામની પ્રશંસા કરતા, તેમનો આભાર માનતા, પૂજ્યભાવપૂર્વક તેઓ રામનાં સ્તુતિગીતો ગાતા. તેઓ કહેતા, 'હે પરમ ગુરુ, હે ભૂત-ભવિષ્ય વર્તમાનને જાણનારના સર્વજ્ઞ રામ, તમારા સિવાય બીજો કોણ અમારો સ્વામી અને મુક્તિદાતા બની શકે? તમે મુનિઓનાં હૃદયમાં નિવાસ કરો છો. તમે અમને મળ્યા તે અમે કરેલી તપસ્યાનું ફળ છે. અમે કેટલા બધા નસીબદાર છીએ? અમારી ઇચ્છાઓ પરિપૂર્ણ થઇ.' તેઓ કમને રામની વિદાય લેતા ; તેમની આંખોમાં હર્ષનાં અને શોકનાં આંસુ ઉભરાતાં.

તેમાનાં થોડા રામની પર્ણશાળાથી થોડે દૂર આવેલાં વૃક્ષો હેઠળ રહ્યા; તેમણે પોતાના આશ્રમોમાં નહીં જવાનો નિર્ણય કરી લીધો હતો. તેઓ આસપાસથી ફળ મૂળ એકત્રિત કરતા અને રામનાં દર્શનની તક માટે આતુર રહેતા. જ્યારે કોઈક વાર રામ પર્ણશાળામાંથી બહાર આવીને આમ

તેમ ફરતા ત્યારે વૃક્ષ પાછળ રહીને તેઓ રામના અવિસ્મરણીય દર્શન કરી લઈ પોતાની આંખોને તૃપ્ત કરતા. આમ તેઓ ખૂબ સંતોષપૂર્વક પોતાના દિવસો વિતાવતા .

પોતાની પાસે આવતા દરેક જણનું હૃદય ચોરી લેતા. રામની એકાગ્ર ભક્તિમાં તે લોકો પાગલ બની જતા. તેમને લાગતું કે, હવે અમારે માત્ર રામના દર્શન કરવા અને તેમનું નામ જપવું, એ જ અમારી સાધના છે. પોતાની પાસે એકત્રિત થયેલા લોકો આગળ રામ રાત દિવસ ધર્મ અને સાધના બાબત પ્રવચનો કરતા.

તે ઘણીવાર લક્ષ્મણને પોતાની પાસે બોલાવીને કહેતા, 'ભાઈ, આ પવિત્ર કામ માટે આવેલો હું , અયોધ્યામાં કેવી રીતે રહી શકું? ત્યાં રહીને હું રામાયણના આગલાં પ્રકરણો કેવી રીતે ભજવી શકું? હું આ હેતુ માટે આવ્યો છુંઃ સારા અને સજ્જન લોકોનું પાલન પોષણ, તેમની રક્ષા, જગતની શાંતિ અને કલ્યાણ માટે ભયરૂપ પાપનો અને અનિષ્ટનો, સંહાર, ધર્મ્ય પ્રવૃતિઓની અને સદાચારની વૃદ્ધિ હવે આ કામ આગળ ધપશે. ' આમ રામ પોતાના આશયની અને પૃથ્વી પર પોતે લીધેલા અવતારના અર્થની લક્ષ્મણને જાણ કરતા.

અવાર નવાર તે માનવ જાતિના ઉધ્ધાર માટેના પોતાના બોધનો પ્રચાર કરવા લક્ષ્મણને સાધન બનાવતા, અને તેમને નીતિ અને પ્રગતિના આદર્શોનો બોધ કરતા. એકવાર રામ બોલ્યા, 'લક્ષ્મણ ! શરીર માટે પ્રેમ, દરેક પ્રકારની માલમિલકત માટે આસક્તિ, 'હું ' અને 'તું' નો સંઘર્ષ પેદા કરતો અહંકાર, માણસ જે રીતે પોતાની પત્ની સાથે, બાળકો સાથે, માલમિલકત સાથે બંધનોમાં ફસાય છે તે આ બધાં મૂળ ભ્રમણાનાં માયાનાં પરિણામો છે. તે ભ્રાંતિ મૂળભૂત, રહસ્યમય અને આશ્ચર્યકારક છે. માયા બધી હસ્તી અને વસ્તુઓ ઉપર, બધી જાતનાં જીવંત પ્રાણીઓ ઉપર પોતાનો પ્રભાવ સ્થાપે છે. દશે દશ ઇન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો) પૈકી દરેકને પોતાના અધિષ્ઠાતા દેવ હોય છે. તેમની માયા વિષયગત જગતને જુએ છે અને તેમાંથી આનંદ પ્રાપ્ત કરે છે ; તેવા આનંદનો દરેક અંશ માયા રચિત હોય છે અને તેથી તે ભ્રાંતિમય, ક્ષણભંગુર અને ઉપરછલ્લો હોય છે.

માયાનાં બે રૂપ છેઃ એક વિદ્યા માયા અને બીજું અવિદ્યા માયા. અવિદ્યા માયા ઘણી અધમ હોય છે, તે અતિશય દુઃખ પેદા કરે છે. તેમાં ખેંચાયેલા લોકો તેના પ્રવાહનાં ઊંડાણોમાં ડૂબશે, હર્ષ-શોક ની સનાતન જાળમાં ગૂંચવાઈ જશે. ભગવાનની પ્રેરણાથી વિદ્યામાયાએ આ વિશ્વ રચ્યું છે, કારણકે તેનામાં પોતાનામાં કોઈ સાહજિક શકતિ નથી. ભગવાનની હાજરીમાં જ તે ત્રિગુણમય વિશ્વની (પ્રપંચની) રચના કરે છે. તે ત્રણ ગુણો સત્વ, રજસ્ અને તમસ્ છે, તેમાંનો એકલો અથવા

બીજા બે સાથે સંમિશ્રિત બનેલો ગુણ એ પ્રાણીઓનું લક્ષણ છે. સત્વ એટલે સમતોલ સ્વભાવ, રજસ્ એટલે લડાયક, લાગણીપ્રધાન સક્રિય સ્વભાવ, તમસ્ એટલે શુષ્ક, જડ સ્વભાવ.

સાચો આત્મસાક્ષાત્કાર કરેલો જ્ઞાની તે છે, કે જેણે જ્ઞાતિના અને સમાજના, ઉંમરના અને દરજ્જાના સર્વ અધિકારોનો અને બધી ફરજોનો ત્યાગ કર્યો છે અને જે સદા સર્વદા બ્રહ્મચેતનામાં જ રહે છે. તે સમજ્યો હોય છે કે અહીં અનેકતા નથી, પણ એક પરમ તત્વ જ છે. (સર્વ ખલવિદં બ્રહ્મ, નેહ નાનાસ્તિકિંચન) તે જાણે છે કે સમગ્ર વિશ્વ માત્ર બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન કશું જ નથી.

હે લક્ષ્મણ, તારે જાણવું જોઈએ કે, ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર) એ એક જ બ્રહ્મનાં ત્રિગુણાત્મક સત્વ, રજસ્ અને તમસ્ એ દરેકમાંનાં પ્રતિબિંબો માત્ર છે.

રજોગુણ બ્રહ્મા તરીકે મૂર્તિમંત બને છે, સત્વગુણ વિષ્ણુ તરીકે અને તમોગુણ રુદ્ર અથવા શિવ અથવા ઇશ્વર તરીકે ઓળખાય છે. સમગ્ર વિશ્વ આ ગુણો દ્વારા અથવા તેમના સંમિશ્રણો દ્વારા એક જ બ્રહ્મનો આવિર્ભાવ છે. એટલે જ્ઞાની પુરુષ તે ત્રણેય ગુણોથી પર જઈને માત્ર એક જ ઉદ્દભવ સ્થાન રૂપ બ્રહ્મની ખોજ કરે છે. માત્ર તેવો માણસસ જ 'વૈરાગી ' નામને યોગ્ય છે, કારણ કે તેને કશાં રાગ અથવા ગમા અણગમા હોતા નથી.

રામ, કેટલીકવાર સીતાને અને લક્ષ્મણને પોતાની પાસે બેસાડી ને સમજાવતા કે, ' જ્યાં સુધી જીવાત્મા પોતાના માયા સાથેના સંબંધને અને પરબ્રહ્મ સાથેના સંબંધને બરાબર સમજતો નથી, ત્યાં સુધી તે કદી મુક્તિ પ્રાપ્ત કરતો નથી, પરબ્રહ્મમાં વિલીન થઇ જતો નથી. તેને નામ રૂપની મર્યાદાઓમાં, ભ્રાંતિની શૃંખલાઓમાં, બંધાઈ રહેવું પડે છે અને અમુક ખાસ વ્યક્તિ જ રહેવું પડે છે. પણ જ્યારે તે પોતાને પરમાત્માની મૂર્તિ જુએ છે, પોતાનામાં અને પરબ્રહ્મમાં કશો ભેદ જોતો નથી, ત્યારે સૂર્યોદય થતાં જેમ ધૂમ્મસ અદ્રશ્ય થઈ જાય છે તેમ માયા અદ્રશ્ય થઈ જાય છે. આ સાચું આત્મજ્ઞાન છે, કારણ કે વ્યક્તિ પરમાત્મા જ છે, જે નામ રૂપવાળા દેહમાં ઉપાધિ દ્વારા પ્રતિબિંબિત થાય છે.'

તમારાં પદ અને તમારી પાસેની અપેક્ષાઓને યથાયોગ્ય શાસ્ત્રોક્ત આચારસંહિતાનું આચરણ કરો (સ્વધર્મ ), તે દ્વારા તમે અનાશક્તિ મેળવશો. યોગ અર્થાત્ પરમાત્મા સાથેની સંયુક્તિની ખોજ કરવાનો અભ્યાસ કરો, જે દ્વારા તમને જ્ઞાન પ્રાપ્ત થશે. આધ્યાત્મિક પ્રગતિમાં જ્ઞાન એ છેલ્લું પગલું છે. તે પરિપૂર્ણતાને પ્રાપ્ત કરાવે છે. મહત્તમ પ્રેમપૂર્વક પરમાત્માને પૂજવા, તે ભક્તિ કહેવાય છે. ભક્ત ઉપર હું કૃપા વરસાવું છું. ભક્તિ તેને પૂર્ણ સમૃધ્ધિ આપશે. ભક્તિ, હૃદયમાંથી સ્વયંભૂ રીતે

ઉદ્દભવે છે. તે બહારની વ્યક્તિઓ કે વસ્તુઓ પર આધાર રાખતી નથી. જેણે પરમાત્માને પોતાની જાત સમર્પિત કરી દીધી છે તેવા માણસને ભક્તિ જ્ઞાન પણ બક્ષે છે. ભક્તિ જે આનંદ આપે છે, તે અદ્વિતિય અને અમેય હોય છે. માણસ ભક્તિમાર્ગે ચાલવાની શરૂઆત કેવી રીતે કરે છે ? કોઈ સજ્જનની, સંતની, મુનિની, આત્મસાક્ષાત્કારી માણસની કરુણાથી ભક્તિની શરૂઆત થાય છે. ભક્તિમાર્ગ માણસોને જલ્દી મારી પાસે લઈ આવે છે." આવા પ્રવચનો સાંભળતાં સાંભળતાં સીતા અને લક્ષ્મણ પોતે ક્યાં છે, કઇ સ્થિતિમાં છે, તે બધું ભૂલી જતાં. આધ્યાત્મિક માર્ગનાં આકર્ષણો પર રામ જે ઉત્સાહથી પ્રવચનો કરતા, તે ઉત્સાહથી રામ પણ બધું બાહ્ય ભાન ભૂલી જતા. લાંબા સમય સુધી તેઓ આત્મનિરીક્ષણ કરતાં અને આંતર પ્રકાશની અને આનંદની ખોજ કરતાં.

એક દિવસ, લક્ષ્મણ આ ગહન સત્યો અને મૂલ્યવાન સલાહસૂચનો પર ચિંતન કરી રહ્યા હતા અને પર્ણશાળાની આસપાસ નજર રાખી રહ્યા હતા. તેમણે એક મહાન વૃક્ષની છાયામાં ઉગવા મથતા લીંબુના એક નાનકડા છોડને જોયો. તે છોડને લઈ જઈને ઝૂંપડીની પાસે રોપવાની અને દરકારપૂર્વક તેને ઉછેરવાની તેમને ઈચ્છા થઈ. તે ખૂબ પ્રેમપૂર્વક અને ધ્યાનપૂર્વક તે છોડને મૂળમાંથી ખોદીને કાઢતા હતા, તેટલામાં રાવણની દુષ્ટ અને દુર્ગુણી બહેન શૂર્પણખા ત્યાં આવી ચઢી.

તેની આંખો લક્ષ્મણ કે તરત જ લક્ષ્મણના દેહની ફરતેના પ્રકાશમય તેજોમંડલથી મોહમુગ્ધ બની ગઈ. તે વિલક્ષણ દ્રશ્ય જોઈને તે દિગ્મુઢ બની ગઈ. તેણે ઓચિંતુ એક મનોહર સુંદરીનું રૂપ ધારણ કર્યું અને પ્રેમમય ચેનચાળા કરતી કરતી તે લક્ષ્મણ ની પાસે આવી. પણ લક્ષ્મણે તેની તરફ બિલકુલ ધ્યાન આપ્યું નહીં. તેમણે પોતાનું કામ ચાલુ રાખ્યું. તેમના પર તે સુંદરીના દર્શનની કશી અસર પડી નહિ ; શૂર્પણખા તે ઉપેક્ષાને સહન શકી નહીં. પાસે આવીને તે કરુણ અવાજમાં બોલી, "હે સ્વામી, મને શા માટે નિરાશામાં ડુબાડી દો છો? મારી અસહ્ય ઉત્સુકતાને શાંત કરો, તમારી પ્રેમપૂર્ણ, સુખપ્રદ આંખ મારા ઉપર માંડો. " લક્ષ્મણે તેને કશો જવાબ આપ્યો નહીં ; તેમણે તેના શબ્દો સાંભળ્યા પણ તેની ધૃષ્ટતા પર તેમણે સ્મિત કર્યું. તેમણે વૃક્ષની છાયામાં સહીસલામતીપૂર્વક તે છોડને ઉખાડવાનું ચાલુ રાખ્યું. શૂર્પણખાની ધીરજ ખૂટી ગઈ. તેણે લક્ષ્મણને પોતાની પ્રત્યે આકર્ષવા ની તૈયારી કરી. પણ પાછા ખસી જતાં લક્ષ્મણ બોલ્યા, 'માતા, હું શ્રી રામનો ગુલામ છું. હું સ્વતંત્ર માણસ નથી. હું જે કાંઈ નાનકડું કામ પણ કરું છું તે તેમની આજ્ઞાથી જ કરું છું.' પોતે તેણીને જે સલાહ આપવા માંગતા હતા તેની પ્રસ્તાવના રૂપે બોલાયેલા લક્ષ્મણના આ શબ્દો સાંભળીને તથા તે કોની સાથે વાત કરી રહ્યા હતા તે જાણવાના કુતુહલથી સીતા અને રામ પર્ણશાળામાંથી બહાર આવ્યાં. રામે શૂર્પણખાને જોઇ ; તેણે એક સુંદરીનું રૂપ ધારણ કર્યું છે તે પણ તેમણે જાણી લીધું. તે બધી સંભવિત ઘટનાઓ માટે તૈયાર થઈ ગયા. તે દરમિયાન શૂર્પણખા

લક્ષ્મણને 'બાયલો', ' લુચ્ચો' વગેરે ગાળો ભાંડવા લાગી અને તેમના ઉપેક્ષાભર્યા વર્તનના ઉપહાસમાં મોટેથી હસવા લાગી. તેણે રામને જોયા ન હતા, તેનું સમગ્ર ધ્યાન અને ક્રોધ માત્ર લક્ષ્મણ પર જ કેન્દ્રિત થયાં હતાં. તે આજીજીપૂર્વક કહેવા લાગી, 'હૈ ખુબ સુંદર પુરુષ, મને પરણ અને સુખી થા. હું તને પ્રસન્નતા આપીશ, ખૂબ વફાદારીપૂર્વક તારી સેવા કરીશ.' લક્ષ્મણે તેને જવાબ આપ્યો કે, 'હે સુંદરી હું ગુલામ છું, જો હું તને પરણું તો તારે ગુલામ તરીકે રહેવું પડશે. ' પછી પોતાના મજાકભર્યા જવાબને આગળ ચલાવતાં તે બોલ્યા, 'ઠીક, રામ મારા સ્વામી છે. જો તું તેમને પરણે, તો હું તારો ગુલામ બનીશ.' શૂર્પણખાએ તેમની વાત સાચી માની. તેણે માન્યું કે, એ એક સરસ પ્રયુક્તિ છે. લક્ષ્મણે અંગુલિનિર્દેશ કરીને બતાવેલી પર્ણશાળા તરફ તે વળી. ત્યાં તેણે દ્વાર આગળ ઉભેલી, પોતાની સામે હસ્તી એક ખૂબ સુંદર સ્ત્રી જોઈ અને તેમની પાસે મૂર્તિમાન મોહકતારૂપ પુરુષ રમને ઉભેલા જોયા.

શૂર્પણખામાં આવેગમય કામવૃત્તિ ઉભરાઈ આવી. તે રામ પાસે દોડી ગઈ. પોતાના દુઃખને કારણે રડતાં રડતાં તે બોલી કે, કામદેવ, સૌંદર્યના દેવ, મને પત્ની તરીકે સ્વીકારો. રામે તેને પાઠ ભણાવવાનો નિશ્ચય કર્યો, અને પોતાની સમક્ષ જે હાસ્યજનક પરિસ્થિતિ ખડી થઈ હતી, તેમાંથી થોડીક મજાક ગમ્મત મેળવવાનો નિર્ણય કર્યો. સ્મિતપૂર્વક તે બોલ્યા, 'હે સુંદરી, હું તને પરણી શકું તેમ નથી, કારણ કે મેં એકપત્ની વ્રત સ્વીકાર્યું છે, મારી પત્ની અહીં મારી સાથે જ છે. મારા ભાઈ લક્ષ્મણને પણ પત્ની છે, પણ તે અહીં નથી. એટલે એને પરણ અને સુખી થા. તારે માટે તે યોગ્ય પુરુષ છે. તેની પાસે જા.' આ સાંભળીને તે લક્ષ્મણ પાસે ગઈ અને ફરી તેમને આજીજી કરવા લાગી કે, તમારા ભાઈએ આપણા લગ્નમાં સંમતિ આપી છે, એટલે વિલંબ ન કરો, મારો સ્વીકાર કરો. હવે તેનું વલણ ખૂબ વિનમ્ર અને મૃદુ બની ગયું હતું. લક્ષ્મણને તેની મનોદશાની બેહુદાઈનો તાગ મળી ગયો. તેમને વધારે મજાક કરવાની વૃત્તિ થઇ. તેમણે તેને અનેક વાર રામ પાસે મોકલી અને રામે તેને અનેકવાર લક્ષ્મણ પાસે મોકલી. છેવટે તે એટલી બધી નિરાશ અને કામાંધ બની ગઈ કે તેનો રાક્ષસી સ્વભાવ તેનામાં ફરી ભભૂકી ઊઠયો. તેની વક્ર બુદ્ધિ તેને એમ કહેતી હતી કે આ કામવૃતિના સાહસમાં સીતા જ મારા માર્ગમાં આડખીલીરૂપ છે. રામ મને પરણી શકે તેમ નથી, કારણ કે સીતા તેમની પાસે છે. જો સીતાને દૂર કરવામાં આવે તો રામ જરૂર મારી વિનંતીનો સ્વીકાર કરે. એટલે તેણે સીતા પર હુમલો કર્યો. તે સીતાને મારી નાંખીને ગળી જવા તૈયાર થઈ ગઈ, કારણ કે તે પૂરેપૂરી રાક્ષસી હતી. તે જોઇને લક્ષ્મણ રામની આજ્ઞાની રાહ જોતા, તૈયાર થઈને ઉભા. રામને ખ્યાલ આવ્યો કે તે સ્ત્રી ખૂબ આગળ વધી ગઇ હતી, તેને ગમે તે પ્રકારે અટકાવવી જોઈએ. તેમને લાગ્યું કે નખથી કામ સરતું હોય

ત્યારે કુહાડી વાપરવાની જરૂર નથી. હાથ ઊંચો કરીને તેમણે પોતાની આંગળીઓ પર ચાર ગણ્યા અને લક્ષ્મણ સામે જોયું .

લક્ષ્મણ તરત જ તે આજ્ઞાનો મર્મ સમજી ગયા; ચાર ગણીને રામે ચાર વેદોને સૂચવ્યા છે. વેદોને શ્રુતિ કહેવામાં આવે છે. શ્રુતિ એટલે કાન. લક્ષ્મણની બુદ્ધિ બહુ તીક્ષ્ણ હતી એટલે તે રામના જરા જેટલા સંકેતને પણ બરાબર સમજી જતા. રામે હાથ આકાશ પ્રત્યે ઊંચો કર્યો હતો. આકાશ એ પાંચમું મહાભૂત છે. તેનું લક્ષણ શબ્દ છે; એ બ્રહ્મનું પ્રતીક છે. તેને શબ્દ બ્રહ્મ કહેવામાં આવે છે. ભગવાન સ્વર્ગમાં રહે છે; ઊંચો હાથ કરીને રામે સ્વર્ગ સૂચવ્યું હતું. સ્વર્ગને સંસ્કૃતમાં નાક પણ કહેવામાં આવે છે. તેનો બીજો અર્થ થાય છે નાક (નાસિકા). રામે તે અભિનયો કર્યા કે તરત જ લક્ષ્મણ પોતાની તલવાર ઉગામીને રાક્ષસી પ્રત્યે દોડયા, તેમણે તેને જમીન પર નીચે પાડી દીધી. 'તેની ધૃષ્ટતા માટે તેને સજા થવી જ જોઈએ' એમ બોલીને લક્ષ્મણે તેનાં નાક કાન કાપી નાંખ્યાં. શૂર્પણખાએ એવી મોટેથી બૂમ પાડી કે આખું વન કંપી ગયું. પોતાનું સાચું રાક્ષસીરૂપ ધારણ કરીને તેણે ચીસ પાડી,' શું આ યોગ્ય છે, ન્યાયપુરઃસરનું છે? તમારી પાસે આવેલી સ્ત્રીને તમે ક્રૂરતાપૂર્વક આવી કદરૂપી કેવી રીતે બનાવી મૂકી શકો? હું મારા ભાઈ રાવણને અહીં લઈ આવી આ ક્રૂર કર્મનું વેર લઈશ', એમ બોલીને જંગલમાં અદ્રશ્ય થઈ ગઈ.

તે સીધી દંડકારણ્યમાં રાક્ષસ નેતાઓ, ખર અને દૂષણ પાસે ગઈ અને વિલાપ કરતાં બોલી, 'તમારી બહેનના થયેલા અપમાનને અને ઈજાને તમે કેવી રીતે મૌનપૂર્વક સહન કરી શકો છો? શેને માટે તમારામાં આટલી બધી વીરતા અને બળ છે? તમે તે વીરતાને અને બળને બાળીને ખાખ કરી નાંખો તે વધારે સારું છે. શું તમે પૌરુષવાળા છો? તમે તમારી જાતને શું 'પુરુષ' કહી શકો તેમ છો? તમને અને તમારી વીરતા બાબતની બડાસને ધિક્કાર હો !' તેને શું બન્યું હતું તે, તે બે રાક્ષસો સમજી શક્યા નહીં. તેને કોણે આવી કરુણ રીતે કદરૂપી બનાવી મૂકી હશે તે તેઓ સમજી શક્યા નહીં. તેમણે તેને પૂછ્યું કે તને કોણે આવી ઈજા પહોંચાડી તે અમને કહે, અમે અમારા બળ વડે તેનું વેર લઈશું.

તે સાંભળીને શૂર્પણખાએ પોતાની વિતક કથા કહેવાનું શરૂ કર્યું. તેણે રામનાં અને લક્ષ્મણનાં સૌંદર્યનાં અને મનમોહક સ્વરૂપનાં વર્ણનથી શરૂઆત કરી, તે સાંભળીને તે બે ભાઈઓ ખૂબ ઉશ્કેરાઇ ગયા. તે બોલ્યા, તે નકામી વાતોથી તું તારો અને અમારો સમય શા માટે બગાડે છે? અમને કહે કે તને કોણે ઈજા કરી, કોણે તને વિકૃત બનાવી દીધી? પછી શૂર્પણખાએ વનમાં જે બન્યું હતું તે બધું કહી સંભળાવ્યું.

જેનાં નાક કાન કાપી નાંખવામાં આવ્યાં હતાં, તેવી પોતાની બહેનની દશા જોઈને ખર અને દૂષણ ખૂબ ક્રોધે ભરાયા. તેમણે ૧૪૦૦૦ રાક્ષસોની સેના એકઠી કરી અને તેની સાથે તેઓ જેમણે શૂર્પણખાને આ રીતે શિક્ષા કરી હતી તે રામની અને લક્ષ્મણની સાથે યુદ્ધ કરવા ચાલી નીકળ્યા. રાક્ષસ યોદ્ધાઓ એવા તો અપરાજેય હતા કે કોઈ તેમને સ્વપ્નમાં પણ હરાવી શકે નહીં; તેઓ કદી પાછા પડતા નહિ, કોઈનાથી ડરતા નહીં. તેઓ યુદ્ધમાં અપરાજેય હતા. ભયંકર સમૂહોમાં, પાંખોવાળા પર્વતોની પેઠે, તેઓ ઝડપભેર ખીણોમાં થઈને આગળ વધ્યા. તેમના પગ હેઠળ પૃથ્વી કંપી ઉઠતી હતી. તેમાંના દરેક જણ ની પાસે ખતરનાક આયુધો હતાં.

નાક કાન વગરની, વિધવા શૂર્પણખા, લોહી નીતરતા મુખ સાથે, સૈન્યની આગળ ચાલતી હતી, તે વેર લેવા માટે આતુર બની ગઈ હતી. જ્યાં તે રામ-લક્ષ્મણને મળી હતી તે લીલા સ્થાન પ્રત્યે તે સૈન્યને દોરી રહી હતી.

પણ તેમને અપશુકન થવા લાગ્યાં. લોહી નીતરતું મુખ, વિધવા અને વ્યંગ મુખ ત્રણેય અપશકુનો ગણાય છે. શૂર્પણખામાં તે ત્રણેય હતાં; યુદ્ધભૂમિ પર કૂચ કરતા રાક્ષસોને સારાં-માઠાં શુકનોની કશી ખબર ન હતી, તેઓ તો માત્ર પોતાના શારીરિક અને ભૌતિક બળમાં અને અધમ યુક્તિ પ્રયુક્તિઓ માં વિશ્વાસ રાખતા હતા ; તેથી તેઓ દિવ્ય પરમાત્માના બળ સામે અને ધર્મ શક્તિઓ સામે ટકી શકતા નથી.

ધર્મના પાલન વડે અને ભગવાનની કૃપા વડે ઉત્પન્ન થયેલી શક્તિઓનો પ્રતિકાર કોણ કરી શકે? રાક્ષસો કદી ધર્મ પ્રત્યે કે પરમાત્મા પ્રત્યે ધ્યાન આપતા જ નહીં. તેઓ તો શારીરિક બળથી સંપન્ન થવામાંજ પોતાની બધી શક્તિઓને અને ચતુરાઈને એકાગ્ર કરતા. પોતાનાં આયુધોના અને દુષ્ટતાના અભિમાનવાળા તેઓ જંગલમાં આગળ ચાલ્યા. તેઓ શરણાઈઓ વગાડતા હતા, સિંહોની પેઠે ગર્જના કરતા હતા, જંગલી હાથીઓની પેઠે બરાડા પાડતા હતા, પોતાનાં પરાક્રમોનાં ગુણગાન કરતા હતા, જંગલી નૃત્યોમાં નાચી કૂદી રહ્યા હતા. તેમને કદી એવો ખ્યાલ ન આવ્યો કે અમારો હુમલો ગરુડ પર ચકલીએ કરેલા આક્રમણ જેવો છે.

દૂરથી શૂર્પણખાએ અંગુલિનિર્દેશ કરીને પોતાના બે ભાઈઓને રામનો આશ્રમ બતાવ્યો. રાક્ષસોને પૂરેપૂરા ઉશ્કેરવા માટે સેનાએ એકઠા મળીને ચીસ પાડી કેઃ મારી નાંખો, પકડો, ખૂન કરો. પછી રાક્ષશો આગળ વધ્યા. આશ્રમની નજીક આવીને તે બે ભાઈઓએ મોટે અવાજે રામને પડકાર કર્યો કે, 'હે ખૂબ દુષ્ટ, કમનસીબ માનવી, તે અમારી બેનને વિરુપ બનાવવાની ધૃષ્ટતા કરી છે, હવે તારા જીવનને બચાવ.

રામને તેમના આગમનની પહેલેથી ખબર હતી; તેમણે લક્ષ્મણને આજ્ઞા કરી કે, "સીતાને ગુફામાં મૂકી આવ અને સાવધાન થઇ જા. મારી જરાપણ ચિંતા કરીશ નહીં. મારું કદી અનિષ્ઠ થાય જ નહીં. " લક્ષ્મણ રામના બળને જાણતા હતા, એટલે તેમણે તરત જ તેમની આજ્ઞાનું પાલન કર્યું. રામના વિજય બાબત તેમને જરા પણ શંકા ન હતી. તે સીતાને ગુફામાં લઈ ગયા અને પોતાનાં ધનુષ બાણ સજ્જ કરીને ત્યાં ઉભા.

રામ આશ્રમ આગળ ઊભા. તેમનું મુખ સ્મિત વડે ચમકતું હતું. તેમનું કોદંડ ધનુષ યુદ્ધ માટે તૈયાર હતું. તેમણે તેની પણછ ખેંચી રાખી હતી. રામે મૃદુતાપૂર્વક પોતાની જટા પર પોતાના હાથ ફેરવ્યા, એટલે રાક્ષસોએ રામના કેશના શિખર ભાગમાંથી નીકળતી લાખો આંખોને આંજી નાખી દે તેવી જ્વાળાઓ જોઇ. તેમને રામના બાહુઓ અનેક ફેણોવાળા, મોટા સર્પો જેવા દેખાયા. જેમ સિંહ હાથીને જોઈને દાંત કચકચાવે છે અને આગામી નિશ્ચિત વિજયનો આનંદ માણે છે, તેમ રામરૂપી સિંહ બીધેલા હાથીઓનાં ટોળાં સામે તિરસ્કારપૂર્વક અને ભયંકર બનીને ખડા રહ્યા. ધાંધલ ના અવાજમાં બૂમો સંભળાતી હતી કે, 'તેને વિરૂપ બનાવનાર આ અહીં ઊભો, તેને પકડો, મારી નાંખો.' પણ તે બૂમને કાર્યાન્વિત કરવા માટે આગળ આવવાની હિંમત કોઈ કરી શક્યું નહીં. તેમને ખૂબ હિંમત આપવામાં આવી, ચઢાવવામાં આવ્યા, પણ રામ પાસે આવવાની હિંમત કોઈ કરી શક્યું નહીં.

રાક્ષસોના શાપો અને બૂમો વનમાં પ્રસરી ગયાં. જંગલી પશુઓ આશ્રયસ્થાન શોધવા માટે આમ તેમ દોડ ભાગ કરવા લાગ્યાં, થોડાંક પશુઓ સીતા જ્યાં હતા તે ગુફા તરફ દોડ્યાં. લક્ષ્મણને તેમની પ્રત્યે સહાનુભૂતિ ઉપજી, તેમણે તેમને અંદર જવા દીધાં, જેથી તે પશુઓ નિર્ભય અને નિશ્ચિંત બને. તેમણે આ પશુઓને આશરો આપ્યો, તેમનું સ્વાગત કર્યું, કારણ કે તે જાણતા હતાં કે તે ભીષણ વિપત્તિમાં આવી પડેલાં છે.

રામને વીંટળાઈ વળેલા રાક્ષસો તેમની સુંદરતાથી અને મનોહરતાથી એટલા બધા અભિભૂત થઇ ગયા કે તેમણે કશું જ કર્યું નહીં, સિવાય કે, તેઓ રામના તેજને ટગર ટગર જોઈ રહ્યા. કેટલાક તો તેમના પ્રભાવનું વર્ણન કદી આનંદ માણવા લાગ્યા. ધણા ખરા તેમની પ્રશંસા અને કદર કરવામાં ભાન ભૂલી ગયા. બધાને રામ પ્રત્યે પ્રેમ અને પૂજ્યભાવ પ્રગટયાં, કોઇએ તેમની સામે આયુધ ઉગામ્યું નહીં કે ક્રોધ પૂર્ણ દ્રષ્ટિ નાંખી નહીં.

શૂર્પણખા પણ તે પ્રશંસામાં જોડાઈ. આશ્ચર્યચકિત બનીને પોતાની પાસે ઊભેલા ખર - દૂષણ પ્રત્યે તે બોલી, "ભાઈઓ, આપણી સમક્ષ કેવું અનુપમ સૌંદર્ય ઊભું છે ! આજ સુધી મેં કદી આવું

સૌંદર્ય, આવી અદા, આવી વિશુદ્ધ સંવાદમયતા, આવું સંગીતમય શરીર જોયું નથી. તેમને મારી નાખશો નહીં, તેમને પકડીને મને સોંપી દો. "

તે બે ભાઈઓ પણ મોહમુગ્ધ બની ગયા હતા. તેમણે જવાબ આપ્યો, " બહેન, અમે પણ કદી આવું મૂર્તિમંત સૌંદર્ય જોયું નથી. જેમ જેમ અમે તેમની વધારે નજીક જઈએ છીએ, તેમ તેમ તે અમને વધારે આકર્ષણની ગ્રંથિમાં બાંધે છે, અમને તેમના પ્રત્યે જરા પણ ક્રોધ કે દ્વેષ નથી. જેમ જેમ અમે તેમની સામે વધારે વખત જોઈ રહીએ છીએ તેમ તેમ અમારા હૃદયમાં વધુ ને વધુ હરખ ઉભરાય છે. કદાચ અહીં રહેતા ઋષિ મુનિઓ જેને આનંદ કહે છે તે જ આ લાગણી હશે. "

ખર પોતે જાતે રામ સાથે વાત કરવા માગતો ન હતો. એટલે તેમણે એક દૂતને તેમની પાસે મોકલ્યો કે - જા, જાણી લાવ કે એ કોણ છે, એમનું નામ શું છે ? એ ક્યાંથી આવ્યા છે ? વનમાં શા માટે આવીને રહ્યા છે ? વગેરે.

દૂતે રામ પાસે આવીને તે સવાલો પૂછ્યા. તેની વર્તણૂક પ્રત્યે સ્મિત કરીને રામ બોલ્યા, 'ભાઈ, સાંભળ, હું ક્ષત્રિય છું. તારા સ્વામી જેવાં જંગલી પશુઓનો શિકાર કરવા માટે હું વનમાં આવ્યો છું, હું યમરાજથી પણ બીતો નથી. જો તમારામાં તાકાત હોય તો આવો, મારી સાથે યુદ્ધ કરો અને વિજયી બનો. નહીં તો અહીંથી પાછા ચાલ્યા જાઓ, અને તમારી જાતને મૃત્યુના મુખમાંથી ઉગારી લો. જે લોકો રણભૂમિમાંથી ભાગી જશે તેમને હું મારી નાખીશ નહીં. " દૂતે આ સંદેશો અક્ષરશઃ ખર દૂષણને સંભળાવ્યો. તે સાંભળીને તે બે ભાઇઓએ પોતાનાં આયુધો, ભાલા, કુવાડીઓ, ગદાઓ, ધનુષો, બાણો ઉપાડયાં અને બૂમો પાડી. તે અવાજનો આકાશમાં પડઘો પડ્યો. તેમણે પોતાનાં અસ્ત્રોની રામ પર વૃષ્ટિ કરી. રામે એક જ બાણથી તે બધાં અસ્ત્રોને છેદી નાંખ્યાં. રામે ફેંકેલા બીજાં બાણોએ, અગ્નિની કે વિજયની પેઠે, રાક્ષસોનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો. પાછા ભાગી જતા રાક્ષસો ચીસો પાડવા લાગ્યાઃ 'હે પિતા', 'મને બચાવો' વગેરે. તે ખૂબ દુઃખી અને નિરાશ બની ગયા.

તેમને ભાગી જતા જોઇને ખર, દૂષણ અને તેમનો કનિષ્ઠ ભાઈ ત્રિશરા બોલ્યા કે રાક્ષસો,યુદ્ધમાંથી ભાગી ન જશો, પાછા ભાગી જનારને આપણા પોતાના સૈનિકો ત્યાં જ મારી નાંખશે. એટલે તેમણે માંહ્યો માંહ્ય યોજના ઘડી કે ઠીક, બીજાને હાથે ગમે ત્યાં જ મરવું તેના કરતાં તો રામને હાથે મરવું સે વધારે સારું છે.

એટલે તેઓ રણમેદાનમાં પાછા આવ્યા, અને જ્યાં રામ ઊભા હતા ત્યાં ધસી ગયા, પણ તેમની મનોદશા યુદ્ધ કરવાની ન હતી. તેઓ રામની મનોહરતાથી અને તેજ થી એટલા બધા મંત્રમુગ્ધ બની ગયા હતા કે તેમના દિવ્ય સૌંદર્યને એકી ટસે જોતા તેઓ ઊભા રહ્યા.

તે દરમિયાન રામે સંમોહન છોડ્યું, જે શત્રુઓને ભ્રાંતિ પમાડે છે, ગૂંચવાડામાં નાંખી દે છે. તેને પરિણામે દરેક સૈનિક પોતાની પાસે ઊભેલા માણસને શત્રુ તરીકે જોયો. ખરે અને દૂષણે તેમને રામને મારી નાંખવા પ્રોત્સાહિત કર્યા હતા, એટલે તેઓ 'આ રહ્યા રામ, રામ આ રહ્યા ' એમ બોલીને એકબીજા ઉપર તૂટી પડ્યા; ખૂબ આનંદપૂર્વક તેમણે એકબીજાને મારી નાંખ્યા.તે સમગ્ર સ્થાન પર રાક્ષસોનાં કપાઈ ગયેલા અંગો વેરવિખેર થઈ ગયાં, લોહીની નદીઓ વહેવા માંડી, માંસ ખાવા માટે ગીધોનાં અને કાગડાઓનાં ટોળાં ત્યાં એકઠાં થયાં. તે દિવસે ૧૪૦૦૦ રાક્ષસો યુદ્ધભૂમિ પર એક વ્યક્તિ સામે ઊડા હતા! 'રામ, રામ ' બોલતા બધા રાક્ષસો મરી ગયા. પોતાના વફાદાર સૈનિકો સહિત ખર અને દૂષણ પણ મરી ગયા.

તે ભીષણ યુદ્ધ પૂરું થતાં, સીતા અને લક્ષ્મણ, રામ પાસે આવ્યાં. તેમણે રામને સાષ્ટાંગ દંડવત પ્રણિપાત કર્યા. રામે લક્ષ્મણને જમીન પરથી ઉઠાડયા અને તેમણે અડધા કલાક ચાલેલા યુદ્ધમાં બધા ૧૪૦૦૦ રાક્ષસોનું અને તેમના બે સ્વામીઓનું જે રીતે મૃત્યુ થયું હતું તેનું વર્ણન કર્યું. દેખીતા હર્ષ સાથે, એમણે આ બનાવોનું વિગતે વર્ણન કર્યું અને વચ્ચે વચ્ચે તેઓ સ્મિત ફરકાવતા, મલકાતા રહ્યા. તે દરમિયાન સીતાની નજર રામ પર ફરી વળતી હતી કે તેમને કશે ઈજા તો થઈ નથી ને! બીજે દિવસે તાપસોના અને મુનિઓના સમૂહો, પોતાના શિષ્યો સાથે રામના પંચવટી આશ્રમમાં આવ્યા કારણ કે તેમણે સાંભળ્યું હતું કે અયોધ્યાના રાજકુમારે એકલાએ બધા રાક્ષસ સૈન્યનો સંહાર કર્યો હતો.તેમણે રામની બહાદુરીની અને ધનુર્વિદ્યામાં કુશળતાની પ્રશંસા કરી. તેમાંના કેટલાક, જેમણે ભાવિ દર્શનની શક્તિ પ્રાપ્ત કરી હતી તેઓ ખૂબ નમ્રતાપૂર્વક રામ પાસે આવ્યા અને બોલ્યા, ' હે નાથ, ભાવિ દિવસોમાં તમારે સાવધાન અને ચપળ રહેવાનું છે. રાક્ષસો ન્યાયની અને ધર્મની મર્યાદાઓથી અને નિયમોથી વિરુદ્ધ હોય છે. બધાંને હાનિ પહોંચાડવી એ તેમનો દૈનિક કાર્યક્રમ હોય છે, પોતાની સ્વાર્થમય ઈચ્છાઓ પૂર્ણ કરવી એ તેમનું ઉચ્ચતમ લક્ષ્ય હોય છે. તેમ કરવામાં તેઓ સાધનોની કે રીતની દરકાર કરતા હોતા નથી. તેમના મોટા ભાઈ રાવણમાં ખૂબ વધારે શક્તિ છે, તેના સૈન્યમાં લાખો યોદ્ધા છે. શૂર્પણખા ચોક્કસ એની પાસે જઈ પોતાના નસીબ બાબત રડશે, વિલાપ કરશે ; રાવણ તેનો પક્ષ લેવામાં અને વિરૂપ બનાવનાર પર વેર લેવામાં ખચકાશે નહીં. '

તેમણે રામ-લક્ષ્મણને અગાઉથી આ ચેતવણી આપી, પોતે જાણતા હતા તે બધી માહિતી પણ આપી. રામ સ્મિતપૂર્વક તેમની વાત સાંભળીને બોલ્યા કે, ' હા, હા, હું તે જાણું છું. હું ખાસ તે કામ માટે જ અહીં આવ્યો છું. ' રાવણ સાથે યુદ્ધ કરવાની સુખપ્રદ ઘટનાની તે આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય એમ રામે ડોકું હલાવ્યું, પણ તે કાંઈ વધારે બોલ્યા નહીં. ભાવિને ન જાણતા હોય તેમ નિર્દોષ બનીને તે બેઠા રહ્યા .

લક્ષ્મણ સામે ફરીને, આંખમાં મટકું મારીને, રામ બોલ્યા કેઃ વાત તેં સાંભળીને ? મુનિઓ તરફ વળીને તે બોલ્યા, 'કૃપા કરીને તે બાબત જરા પણ ચિંતા ન કરશો, હું બધી પરિસ્થિતિઓને પહોંચી વળવા તૈયાર છું. ' તે ખાતરીપૂર્ણ કથન સાંભળીને મુનિઓને આશ્વાસન મળ્યું. રામે તેમનામાં હિંમત અને શ્રદ્ધા સ્થાપ્યાં. મુનિઓને વિશ્વાસ થઈ ગયો કે રાક્ષસો વડે હેરાનગતિ પામ્યા સિવાય અમે શાંતિપૂર્વક અમારાં અધ્યયનો અને સાધનાઓ ચાલુ રાખી શકીશું. પછી તેઓ પોતાના આશ્રમોમાં ગયા.

મુનિઓની કરેલી આગાહીઓ મુજબ, શૂર્પણખા તરત જ પોતાના ભાઈ રાવણ પાસે ગઈ. તે ખૂબ રુદન કરી રહી હતી. તે સાંભળીને લંકાના રાક્ષસોને ભય લાગ્યો કે અમારા પ્રદેશ પર કોઈ વિપત્તિ આવી પડી છે. તેઓ માર્ગો પર બહાર આવ્યા અને એકઠા મળીને તેનાં વિશે માંહ્યો માંહ્ય ચર્ચા કરવા લાગ્યા. શૂર્પણખા રાક્ષસરાજ રાવણ ના મુલાકાત ખંડમાં ગઈ અને ક્રોધપૂર્વક તેને ગાળો ભાંડવા લાગી. હાજર રહેલા બધા રાક્ષસો તેથી આશ્ચર્યચકિત બની ગયા.

તેનો દેખાવ રાક્ષસી હતો, તેનું શરીર લોહીથી છંટાઈ ગયું હતું, તેના શબ્દોમાં ક્રોધનું વિષ ભરેલું હતું. રાવણને ખ્યાલ આવ્યો કે, કોઈકે તેને મહાન ઈજા કરી છે. તેની દશા જોઇને રાવણને આઘાત લાગ્યો. પોતાના સિંહાસન પરથી તેને ગર્જના કરી કે બહેન, જે બન્યું હોય તેનું મને વિગતવાર વર્ણન કર.

શૂર્પણખાએ જવાબ આપ્યો, "ભાઈ, જો તું સાચો રાક્ષસ હોય, વર્ષો સુધી તપ કરીને તે મેળવેલી પાર માનવ શક્તિઓ જો સાચી હોય, તો આવ, તારું વીર્ય, હિંમત અને શૌર્ય બતાવવાનો સમય આવી ગયો છે. ઉભો થા, તારા પર આવી પડનાર વિપત્તિઓ પ્રત્યે બેદરકાર ન રહે, સુરાપાન કરીને ગમે તેવું ન બનવા દે.

પંચવટીમાં જે ઘટનાઓ બની રહી છે તેમના પર તેં ધ્યાન આપ્યું નથી. ત્યાં કોણ આવ્યું છે, શા હેતુ માટે આવ્યું છે, કયું કામ કરવા આવ્યું છે તે બાબત તું ગાફેલ રહ્યો છે. રાક્ષસોનો વિનાશ

કરવાનો નિશ્ચય કરીને બે રાજકુમારો દંડકારણ્યમાં પ્રવેશ્યા છે. લાખો રાક્ષસોને જમીનદોસ્ત કરી નાંખે છે. તેમણે ખરને તથા દૂષણને ટુકડા કરીને મારી નાંખ્યા છે. યુદ્ધભૂમિ પર તેમણે આંખના પલકારામાં હજારો રાક્ષસોનું અસ્તિત્વ મિટાવી દીધું છે. તેમની વીરતા અવર્ણનીય છે. તેમનું શારીરિક સૌંદર્ય આહ" એટલું બોલીને શૂર્પણખા અટકી ગઈ, મૌન ઉભી રહી અને પોતાને મોહ પમાડનાર સૌંદર્યનું ધ્યાન કરવા લાગી. તે વાત સાંભળીને રાવણ ખૂબ ગુસ્સે થઈ ગયો, તેણે દાંત પીસ્યા; જાણે પડકાર ફેંકતા હોય તેમ તેણે પોતાની સાથળો ઠોકી. તે બોલ્યો, " શું ? અધમ એવા તેમણે ખર દૂષણને મારી નાંખ્યા છે ? કદાચ તેમણે મારું નામ નહિ સાંભળ્યું હોય. હું ખર દૂષણને ટેકો આપવા તેમની પીઠ પાછળ છું તે તેમણે નહીં સાંભળ્યું હોય, મારા બળ વિશે અને વૈરવૃતિ વિશે તેમણે નહિ સાંભળ્યું હોય."

હાજર રહેલા લોકો આગળ રાવણે પોતાની બડાશો હાંકવા માંડી. શૂર્પણખા વચ્ચે બોલી ઊઠી, "હે દુષ્ટતાની મૂર્તિ, જ્યારે તારો શત્રુ તારા મસ્તક પર નાચી રહ્યો છે, ત્યારે તું તારી જાતની અને તારી અજેયતાની પ્રશંસા કરતો, બાયલાની પેઠે અહીં બેસી રહ્યો છે, તે આ સિંહાસન પર બેસનાર સમ્રાટને છાજતું નથી. કદાચ તને ખબર નહીં હોય કે, સંન્યાસીઓ પોતાની સોબતના સંગ દોષથી વિનાશ પામે છે, રાજાઓ પોતાની સેવામાં રાખેલા મંત્રીઓને લીધે વિનાશ પામે છે, પ્રશંસાની ઈચ્છા વડે જ્ઞાનનો વિનાશ થાય છે, સુરાપાનથી લજ્જાનો વિનાશ થાય છે. ઠીક, ભાઈ તે નાનકડાં અને ક્ષુદ્ર છે એમ માની અગ્નિની, રોગની, શત્રુની, સર્પની અને પાપની ઉપેક્ષા ન કર; જ્યારે તે વૃદ્ધિ પામે છે, ત્યારે તે મહાન અનર્થ પેદા કરે છે.માટે ત્વરા કર, આનાકાની ન કર. "

શૂર્પણખાના આ શબ્દોએ રાવણના કાનમાં દ્વેષનું વિષ રેડયું. તે જોઈને તેના બીજા ભાઈ કુંભકર્ણે સ્મિતપૂર્વક પૂછ્યું કે કોણે તારાં નાક કાન કાપી નાંખ્યાં? તેણે મોટેથી રુદન કરતાં તેને જવાબ આપ્યો કે અફસોસ છે ! તે રાજકુમારોએ જ દુષ્ટ કાર્ય કર્યું છે.

પછી રાવણે તેને થોડુંક આશ્વાસન આપ્યું અને પૂછયું, "બહેન, નાક મુખની ઉપર છે, કાન મુખની બે બાજુઓ પર છે. એક ઝટકા વડે તે બંને કાપી શકાય નહિ. મને કહે કે, જ્યારે તેમણે તારાં નાક કાન કાપી નાખ્યાં, ત્યારે શું તું ઘસઘસાટ ઊંઘતી હતી? આ તો સાચે જ આશ્ચર્યજનક કહેવાય. હાજર રહેલા લોકોને પણ તે કેમ બન્યું હશે, તે બાબત આશ્ચર્ય થયું. શૂર્પણખાએ જવાબ આપ્યો, "ભાઈ, જ્યારે તે મૃદુ મધુર હસ્તોએ મારા શરીરને સ્પર્શ કર્યો ત્યારે હું દેહ ભાન, અરે આસપાસના પ્રદેશનું પણ ભાન ભૂલી ગઈ હતી. હું તેમનાં સુંદર મુખોની માધુરીનું આંખો વડે પાન કરી રહી હતી ત્યારે તેમણે શું કર્યું તેનું મને ભાનરહ્યું ન હતું. તે રાજકુમારોનાં દર્શનમાં હું એટલી બધી તલ્લીન બની ગઈ હતી કે મને મારી જાતનું કે આસપાસનું કંઈ ભાન રહ્યું ન હતું. તેમની સાથે વાતચીત કરવાથી મને જે

હર્ષોન્માદ થયો હતો, તેને હું કેવી રીતે વર્ણવું? તેઓ હંમેશાં આનંદપૂર્ણ સ્મિત ઉભરાવતા રહે છે, તે સિવાય તેમનું બીજું કશું વલણ કે પ્રતિકાર્ય હોતું નથી. તેમની સુંદરતા જોઇને પુરુષો પણ તેમના પર વારી જાય. તેઓ ખરેખર કામદેવની મનોહર આકૃતિઓ છે. મેં અત્યાર સુધી કોઈ એવા મનોહર પુરુષોને જોયા નથી. આપણા રાક્ષસોનાં બળને, આપણી અધમ યુક્તિ પ્રયુક્તિઓને, આપણી અસાધારણ આકૃતિઓને, આપણા કદરૂપા દેખાવને ધિક્કાર હો ! આપણે ખરેખર ધૃણાસ્પદ છીએ. તમે એકવાર તેમને જુઓ અને તમે પ્રતિજ્ઞાપૂર્વક કહેશો કે મારી વાત સાચી છે. શા માટે? જે રણભૂમિ પર ગયા તે ખર અને દુષણ પણ તેમની સાથે યુદ્ધ કરવા રાજી ન હતા. તેઓ વિરોધ કરીને મને આજીજીપૂર્વક પૂછતા હતા કે આ મૂર્તિમાન સુંદરતા અને કલ્યાણમયની સાથે વેર બુદ્ધિ કેવી રીતે કરી શકીએ, તેમના પર કેવી રીતે આક્રમણ કરી શકીએ?" દરબારમાં એકઠા થયેલા મંત્રીઓ અને સભાજનો આનંદપૂર્વક અને દિગ્મૂઢ બનીને આ વર્ણન સાંભળી રહ્યા. શૂર્પણખાના શબ્દોથી રાવણ ગૂંચવાડામાં પડી ગયો. શૂર્પણખાએ દોરેલું રામનું ચિત્ર કંઈક એવું હતું કે જેણે એને ઘણો આનંદ અને શાંતિ આપ્યાં. તે રામનું ધ્યાન કરવામાં તલ્લીન બની ગયો. મનમાં તે ઈચ્છા કરી રહ્યો કે, મારે તે દિવ્ય સુંદરતાની મૂર્તિનાં દર્શન કરવાં જોઈએ. પોતાની બહેનના શબ્દો સાંભળીને મનમાં ભભૂકી ઉઠેલો ક્રોધ ધીમે ધીમે ઓગળી ગયો. પંચવટીમાં જે બન્યું હતું તેની શાંતિપૂર્વક તપાસ કરવાનો તેણે નિર્ણય કર્યો.

એટલે તેણે પોતાની બહેનને કહ્યું, "બહેન, મને કહે કે એ બે ભાઈઓ પંચવટીમાં એકલા જ રહે છે કે તેમની સાથે બીજા લોકો પણ છે ? તેમની સાથે અનુયાયીઓ, સાથીદારો કે દરબારીઓ છે? શૂર્પણખાએ જવાબ આપ્યો, ' ના, તેમની પાસે અંગરક્ષકો, સગાં વહાલાં કે યોદ્ધાઓ નથી. તેમાંના મોટા ભાઈ રામની પત્ની તેમની સાથે છે. અતિશય સુંદર છે. તે આ બે કરતાં વધારે સુંદર છે. તે મનુષ્ય સ્વરૂપમાં રતિ દેવી જ છે ; આ બે ભાઈઓ તેની સાથે પંચવટીમાં રહે છે. તેઓ વનની ખુલ્લી જમીન પર કે ખીણોમાં મુક્ત રીતે નિર્ભયતાપૂર્વક વિચરે છે ; હકીકતમાં અત્યાર સુધી મેં તેવી સુંદર સ્ત્રી જોઈ નથી. સ્વર્ગમાં કે પૃથ્વી પર તેના જેવી બીજી કોઈ સુંદરી અસ્તિત્વ ધરાવતી નથી. "

• • •

## યુક્તિખોર દુષ્ટ રાક્ષસ

શૂર્પણખાના શબ્દો સાંભળીને રાવણની કામવૃત્તિનો આવેગ જાગૃત થયો. તે વિનાશકારી મૂર્ખાઈનો ગુલામ બની ગયો. તેણે રામ અને લક્ષ્મણ પ્રત્યેના દ્વેષને ફગાવી દીધો અને સીતાનું હરણ કરી લાવવાની યોજનાઓ ઘડવા લાગ્યો. તે ઇંતેજારી અને અજંપામાં ડૂબી ગયો. તે ક્ષુધા તૃષાને ભૂલી ગયો. સીતા માટે તેનામાં એવો મોહ ઘર કરીને બેઠો. જ્યારે શૂર્પણખા સભામાં રામ લક્ષ્મણના તેજને અને સૌંદર્યને વર્ણવી રહી હતી ત્યારે વિભીષણ ત્યાં બેઠા હતા. શૂર્પણખા વડે કહેવાયેલી કથા સાંભળીને તેમના હૃદયમાં આનંદ વ્યાપી ગયો, તેમની આંખોમાં આંસુ ઉભરાઈ ગયાં. તેમણે તે દિવ્ય સૌન્દર્યવાળી આકૃતિઓને પોતાના હૃદય મંદિરમાં સ્થાપી ; તેમનું દર્શન કરવાની અને તેમને પગે પડવાની તક માટે તે ખૂબ ઝંખવા લાગ્યા. પોતાની જાતને તેમણે પૂછ્યું કે, "તેઓ મારો સ્વીકાર કરશે? મારો ઉદ્ધાર થશે ? શું હું તેમના આશીર્વાદ માટે યોગ્ય છું ? "તેઓ ચોક્કસ દિવ્ય છે. તે રાક્ષસોની દુષ્ટ જાતિનો સંહાર કરવા માટે માનવ રૂપમાં પૃથ્વી પર અવતર્યા છે. " મનમાં તેમણે પોતાનું સર્વસ્વ તેમને સમર્પિત કરી દીધું. તે ક્ષણથી તે તેમના મહિમાના સતત ધ્યાનમાં જીવવા લાગ્યા.

પૂર્વ જન્મોમાં પ્રાપ્ત કરેલી યોગની ઊંચી ભૂમિકાઓ પરથી રાવણ નીચે પડયો હતો અને તેથી તે રાક્ષસ બનીને વિચરતો હતો. સાચી રીતે તો તે પરમાત્માનો પરમ ભક્ત હતો, પોતાની ચેતનાના ઊંડાણમાં તે નારાયણથી સભાન હતો. તે જાણતો હતો કે રામ એ પોતે જ છે; દેવોને આનંદ અને શાંતિ આપવા માટે અને પૃથ્વી પરના રાક્ષસોનો સંપૂર્ણ વિનાશ કરવા માટે તે માનવરૂપમાં અવતર્યા છે. નારાયણને પ્રાપ્ત કરવા માટે બીજો કોઈ માર્ગ ન હતો, એટલે તેણે નરી દુષ્ટતા કેળવીને, હિંસાખોર દ્વેશ કેળવીને, પોતાને મારી નાંખવા માટે રામને બોલાવવાના હતા. અલબત્ત, આ પ્રકારની ભક્તિને મૂર્ખાઈભરેલી અને અયશસ્કર ગણી શકાય. પણ તેનો આંતરહેતુ તો, આત્મ વિનાશના અને નારાયણને સમર્પણના કાર્ય દ્વારા જન્મમરણના સાગરને તરી જવાનો જ હતો.

દરમિયાન, એનાં દેહ અને મન રાક્ષસી આવેગોની નીપજ હોવાને કારણે અને રાક્ષસી આહારની મદદથી વિકસેલાં હોવાથી, એણે પોતાની અંદર રહેલી દિવ્યતાની ઉપેક્ષા કરી જે, દિવ્ય રામમાં વિલીન થવાનો સાદ પાડતી હતી. તેણે પોતાના રાક્ષસી સ્વભાવ પર આધાર રાખ્યો અને અનુવર્તી દુષ્ટતા ભરી શક્યતાઓ અને શક્તિઓ જાગ્રત કરી. તેનાં વ્યક્તિત્વની દિવ્ય અને રાક્ષસી બાજુઓ, એક પછી બીજી, એમ જાગ્રત થતી અને પછી ડૂબી જતી. ક્ષણે ક્ષણે તેમ બનતું. છેવટે તેણે મનમાં પાકી ખાતરી કરી લીધી કે તે બે ભાઈઓ માત્ર રાજકુમારો જ છે, તેથી વધારે કાંઇ નહીં. તેણે તે બે ભાઈઓ ને મારી નાંખીને, પોતે જેમાં મોહ પામ્યો હતો તે નારીનું હરણ કરી લાવવાનો નિશ્ચય કર્યો.

તેણે પોતાની બહેનને વચન આપ્યું કે, આ રીતે તારાં નાક-કાન કાપી નાંખવામાં આવ્યાં છે તેનું હું વેર લઈશ. તેણે સભાને બરખાસ્ત કરી. તેણે મુસાફરી માટે રાજ રથ લઈ આવવાની આજ્ઞા અનુચરોને આપી. રથમાં એકલો બેસીને તે ચાલી નીકળ્યો; તે સમુદ્રતટ પર આવેલા મારીચના નિવાસસ્થાનમાં ગયો, તેની પાસે બેઠો અને જે બન્યું હતું તે બધું વિગતવાર કહી સંભળાવ્યું. તેણે મારીચને પોતાની યોજનામાં ભાગ ભજવવાનું કહ્યું, પણ મારીચે જવાબ આપ્યો, "એકવાર મને રામ લક્ષ્મણના બળનો અનુભવ થઈ ગયો છે ; તેણે રાવણને સમજાવવા લાંબા સમય સુધી દલીલો કરી. પણ કામવૃતિને લઈને રાવણ ધર્મ તથા નીતિમયતા પ્રત્યે અંધ બની ગયો હતો, એટલે તેણે મારીચને ધમકી આપી કે જો તું મારું કહ્યું નહિ માને, તો હું તને શિક્ષા કરીશ. મારીચે મનમાં વિચાર કર્યો કે રાવણ જેવા રાક્ષસને હાથે મરવું તેના કરતાં રામને હાથે મરવું એ વધારે સારું છે ; રાવણે મૂકેલા પ્રસ્તાવ સાથે તે સંમત થયો અને કાવતરામાં પોતાને જે ભાગ ભજવવાનો હતો તેને માટે તે તૈયાર થયો.

રાવણ મારીચ સાથે દંડકારણ્યમાં ગયો. માર્ગમાં રાવણે પોતાના સાથીદારને પોતે જે યુક્તિ પ્રયુક્તિ નક્કી કરી હતી તે સમજાવી. તેણે કહ્યું કે, " તારી રાક્ષસી શક્તિઓ વડે તું એક સુંદર સુર્વણ મૃગનું રૂપ ધારણ કર અને રામ, સીતા અને લક્ષ્મણ જ્યાં છે તે આશ્રમ આગળ વિચરણ કર." મારીચને કબૂલ થવું પડ્યું, કારણ કે રાવણના ક્રોધમાંથી છટકવાનો બીજો કોઈ માર્ગ ન હતો. રાવણે તેને કહ્યું, "રામ તને પકડવા પ્રયત્ન કરશે. તારે તેમને પાછળ પાછળ ખૂબ દૂર જંગલમાં લઈ જવા. પછી તારે દુઃખમય સ્વરમાં, રામની પેઠે જ ચીસ પાડવી કે, 'હે સીતા, હે લક્ષ્મણ.' પછી રથ દૂર રાખીને તે બંને આશ્રમ તરફ ગયા.

જ્યારે આ કપટ જાળ રચાઈ રહી હતી, ત્યારે ઓચિંતુ રામને લાગ્યું કે, જે કામ માટે હું આવ્યો છું તેની પરિપૂર્તિ કરવાનો સમય આવી પહોંચ્યો છે. તેમણે લક્ષ્મણને તે દિવસ માટે કંદ ફળ લાવવા માટે મોકલ્યા. યોગ્ય સમય આવ્યો છે. એમ વિચારીને તેમણે સીતાને કહ્યું, "હે સહચરી, તું બધું જાણે છે. આપણે બંને શા કામ માટે પૃથ્વી પર આવ્યાં છીએ તે આપણે બંને કરીએ છીએ; તે કામ હવે આપણને બોલાવી રહ્યું છે ; હવે આપણે પૂરા ઉત્સાહપૂર્વક તેની શરૂઆત કરવાની છે. તારો સ્વભાવ અને તારાં લક્ષણો ઉદાત્ત અને પવિત્ર છે, તેમનું માપ નીકળી શકે તેમ નથી. આપણે બંનેએ અગ્નિતત્વ સાથે સંબંધિત વિધિઓ દ્વારા આ માનવ શરીરો ધારણ કર્યા છે. અગ્નિદેવે પોતે યજ્ઞના અગ્નિની જ્વાળાઓમાંથી જે પાયસ આપ્યું હતું. તેમાંથી મારા દેહનો પ્રાદુર્ભાવ થયો છે. જ્યાં યજ્ઞ કરવાનો હતો અને યજ્ઞ વેદિ રચવાની હતી તે ભૂમિને પવિત્ર હળ દ્વારા ખેંચવામાં આવેલી તે ભૂમિમાંથી તું પ્રગટી છે. આપણાં શરીરો અગ્નિમાંથી જન્મ્યાં છે અને અગ્નિની ઉષ્મા વડે ટકી રહ્યાં છે. એટલે હે સીતા, તું તારા દિવ્ય ગુણોને અને તેજને અગ્નિમાં સ્થાપ અને હવે પછી એક સામાન્ય

માનવીની પેઠે વર્તજે. હું પણ એક સામાન્ય માનવીની પેઠે વિચરીશ અને કાર્ય કરીશ, તારે માટે શોક અને ચિંતા પ્રદર્શિત કરીશ, વિયોગનું દુઃખ અને એકલતાનો શોક પ્રદર્શિત કરીશ. જગત આપણી એ વર્તણૂંકને જ લક્ષમાં લેશે અને આપણને સામાન્ય માનવો માનશે. લોકો તેને દુન્યવી વર્તણૂક તરીકે અને સ્વાભાવિક પ્રતિક્રિયાઓ તરીકે સ્વીકારશે. યાદ રાખજે કે આપણું નાનામાં નાનું કાર્ય જગતના ગૃહસ્થો માટે આદર્શરૂપ બનાવવાનું છે. આપણે પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં આદર્શરૂપ બનવાનું છે. તે બધાં કાર્યો સત્ય અને ધર્મ સાથે સુસંગત હોવાં જોઈશે. આપણી ક્રિયાઓ ધર્મશાસ્ત્રોમાં આપેલી આજ્ઞાઓ સાથે સુસંગત હોવી જોઈએ. આપણે આપણા  જીવનને તે દ્રષ્ટાંત રૂપ બને તેવું ઘડવાનું છે, જેથી સામાન્ય માનવોને પ્રેરણા મળે અને તેઓ આદર્શોને અનુસરવા પ્રેરાય. રાવણનો અને રાક્ષસોનો સંહાર થાય ત્યાં સુધી આપણે આ નાટક ભજવવાનું છે.

માટે, તારા દિવ્ય તેજને અગ્નિદેવને જાળવવા માટે સોંપી દે અને માયાની જાળમાં ફસાયેલી સામાન્ય નારીની પેઠે વિચર. કારણ કે, કારણ વગર પરિણામ નીપજતું નથી. આપણે પરિણામને નિષ્પન્ન કરવાનું છે, અર્થાત્ રાવણ અને તેની જાતિનો વિનાશ એ અંત લાવવા અને તેનું વાજબીપણું પુરવાર કરવા આપણે કોઈ એક કારણ  ઉભું કરવું પડશે. રાવણનો મૂળભૂત દોષ છે કામવૃતિનો આવેગ. આપણે જગત સમક્ષ તે દોષને ઉપસાવીને રજૂ કરવાનો છે. તેથી આપણે એવી એક પરિસ્થિતિ ઊભી કરવી પડશે કે જેથી તે કામવૃતિના આવેગમાં તારું હરણ કરી જાય. જગતને એમ લાગવું જોઈએ કે, રાવણનાં ભગવાન પ્રતિનાં સમર્પણ ભાવ અને ભક્તિ, ઉચ્ચતમ કક્ષાનાં નથી, કારણ કે જો તે સમર્પણ ભાવ ઇન્દ્રિય સુખની કામનાથી અને અનીતિમય આકાંક્ષાઓથી દૂષિત બને, તો તે શા કામનો છે? અશુદ્ધ અને કલંકમય ચેતનામાંથી પ્રગટ થતાં કાર્યો અને વર્તણૂક, કામવૃતિ વડે દૂષિત બનેલી ભગવાનની ભક્તિ, કાદવ સમાન અધર્મ છે; માનવજાતિના કલ્યાણ માટે હવે આ સત્યો પર આપણે ભાર મૂકવાનો છે .

માનવ જાતિના કલ્યાણ માટે એમ પણ જાહેર કરવાની આવશ્યકતા છે કે, પાર માનવ સિદ્ધિઓ મેળવવાની ઈચ્છાથી કરાયેલાં આધ્યાત્મિક સાધના, તપ, ધાર્મિક વિધિઓ, ક્ષુદ્ર અને નુકસાનકારક છે.  આપણે રાવણને માનવજાતિ સમક્ષ એક ચેતવણી રૂપે આગળ ધરવાનો છે કે માણસ ગમે તેટલાં દિવ્ય વિધિઓ અને કાર્યો કરે તો પણ જો તે રાક્ષસી આવેગોનો અને કામનાઓનો ત્યાગ ન કરે, તો તેનું  એક જ પરિણામ આવે છે - સમયને અપવિત્ર અને નિષ્ફળ બનાવવાનું.

સીતા, આ બધાં ઉપરાંત આપણે એક સૌથી વધારે મહત્વની વિચારણા કરવાની છે કે રાવણને એક શાપ આપવામાં આવ્યો છે અને તેનાં પરિણામોથી મુક્ત થવાનો ઉપાય પણ તેને

કહેવામાં આવ્યો છે. તે ઉપાય પૂર્ણ રીતે અજમાવાય તે આપણે જોવાનું છે. તે શાપના અંતનો સમય આવી ગયો છે. આજે કે આવતીકાલે આપણો વિયોગ થવાનો છે. અલબત્ત, આપણે અવિભાજ્ય તત્વો છીએ, આપણને કશું વિભિન્ન રાખી શકે તેમ નથી, છતાં બધા લોકો આપણને વિયુક્ત માને તેવો દેખાડો આપણે કરવાનો છે. હવે જા, અને તારું દિવ્ય રૂપ અગ્નિને સોંપી આવ. ફળ - મૂળ લઈને લક્ષ્મણનો પાછા આવવાનો સમય થયો છે અને રાવણ પોતાની વિકૃત બુદ્ધિ સાથે તૈયાર છે.

મારે તને એક બીજું રહસ્ય પણ કહેવાનું છે. રાક્ષસોના સંહારમાં તારે તારો ભાગ ભજવવાનો છે. તારી શક્તિ અગ્નિમાં છે, એટલે બહારથી એમ દેખાય કે તું રાવણની દેખરેખ હેઠળ છે, પણ તું જે અગ્નિમાં હવે સમાઈ ગઈ હશે તેમાંથી પ્રગટીને તારે લંકાને બાળીને ભસ્મીભૂત કરી દેવી પડશે. લંકાને અગ્નિ વડે બાળી નાંખવાની નથી, પણ અગ્નિના રૂપમાં તારે બાળી મૂકવાની છે અને રામે રાવણને મારી નાંખવાનો છે. તે દિવ્ય સંકલ્પ છે; આ સત્યની ઘોષણા કરવાની છે. આ રહસ્યને લક્ષ્મણથી પણ ગુપ્ત રાખવાનું છે. આ પ્રયાસમાં લક્ષ્મણ આપણું કરણ છે. જ્યારે આ કામ પૂરું થશે અને આપણે અયોધ્યામાં ફરી પ્રવેશ કરીશું, ત્યારે તું જ્યાં રહેલી હશે તે અગ્નિમાંથી ફરી હું તારો સ્વીકાર કરીશ. તે કાર્ય પણ હું જગત માટે બોધરૂપે કરીશ. હવે નાટક શરૂ થાય છે." રામે અને સીતાએ પોતાનાં કાર્યની યોજનાનો નિર્ણય કરી લીધો અને તે બંને રાવણની પ્રયુક્તિની ઘટનાઓની રાહ જોવા લાગ્યાં.

તે ક્ષણથી રામનાં અને સીતાનાં બધાં કાર્યો અને વર્તન વિયોગની વેદનાઓ, ચિંતાની મૂંઝવણો, દુઃખના નિસાસા, શોકના નિઃશ્વાસો નક્કી કરેલા નાટકના અભિનયો અને પ્રતિકાર્યો હતાં; તે બિલકુલ સાચાં ન હતાં, કારણ કે સીતાનો અને રામનો વિયોગ કેવી રીતે સંભવી શકે? પોતાનાં વર્તન દ્વારા તેઓ માનવજાતિને કેટલા મૂલ્યવાન બોધપાઠો જ શીખવવાની ઈચ્છા રાખતા હતા.

તે ક્ષણે લક્ષ્મણ, હાથમાં ફળો અને બીજી ખાદ્ય સામગ્રી લઈને, પ્રવેશ્યા. તેમણે આ સાદુ ભોજન કર્યું, અને પાસેની નદીનું શીતળ, સ્વચ્છ પાણી પીધું. પછી મનોહર દ્રશ્યની પ્રશંસા કરતાં તેઓ બેઠાં અને વનનાં શાંત વાતાવરણને મલિન બનાવી દેનાર ક્રૂરતાઓને યાદ કરવા લાગ્યાં. વનજીવનની મધુરતા અને પવિત્રતા વિશે તેઓ વાત કરવા લાગ્યાં. થોડે દૂર રાવણ અને મારીચ પોતાની દુષ્ટ યોજનાને સફળ બનાવવા માટે આશ્રમમાં કેવી રીતે પ્રવેશ કરવો તેની દલીલો કરી રહ્યા હતા. રાવણની કામવૃત્તિથી અને વિપરીત બુદ્ધિથી મારીચને ખૂબ કંટાળો આવ્યો હતો, પણ પોતાને જે ભાગ ભજવવાનો હતો તેની ના પાડવાની હિંમત તેનામાં ન હતી. રાવણ જેવા દુષ્ટ રાક્ષસને હાથે મરવાની ઈચ્છા તેને ન હતી, એટલે રાવણે તેને જે ભાગ ભજવવાનું કહ્યું હતું તેનો તેણે સ્વીકાર કર્યો, તેમ કરવામાં તે સંમત થયો. મારીચે એક મનોહર સુવર્ણમૃગનું રૂપ ધારણ કર્યું, જે

ચોક્કસ સીતાની અને રામની પ્રશંસાને આકર્ષી શકે. તે મનમાં વિચાર કરવા લાગ્યો, "આહ, આજનો દિવસ કેવો મંગલમય છે! થોડી જ ક્ષણોમાં મને પૃથ્વી પરની ત્રણ સૌથી વધારે મનોહર વ્યક્તિઓનાં દર્શનના આશીર્વાદ પ્રાપ્ત થશે! મારા પર સીતાની નજર પડશે, અને પછી આહ, રામ મારો પીછો કરશે. તેના હાથમાં ધનુષ બાણ હશે. આહ, હું કેટલો બધો નસીબદાર છું! હું તો દાસ છું, જેણે રામને પગલે પગલે ચાલવાનું છે ; પણ આજે મારા સ્વામી મને અનુસરશે. અલબત્ત, મને ખબર છે કે હું એક બહુ અધમ પાપ કરી રહ્યો છું ; પણ મને તેમ કરવાની ફરજ પડી છે. હું રાજીખુશીથી તે કાર્ય નથી કરી રહ્યો, પણ મારી પાસે બળજબરીથી તે કામ કરાવવામાં આવે છે , એટલે મને તે પાપ નહીં લાગે. મેં ગમે તેવાં પાપ કર્યાં, પણ જ્યારે રામના હાથ વડે જોડાયેલું બાણ મને વાગશે ત્યારે મારું આ કૃત્રિમ રૂપ અદ્રશ્ય થઇ જશે; તે મારું સુખમય ભાવિ હશે. શું બધા લોકો આવા અંતની આશા સેવી શકે ખરા? શું બધા તેને પ્રાપ્ત કરી શકે ખરા? મારું બીજું પણ એક સદ્દભાગ્ય હશે. જ્યારે હું પ્રાણ છોડીશ, ત્યારે મારી આંખો રામ પર ચોંટેલી હશે! તે દિવ્ય સૌન્દર્ય મારી સામે ખડું હશે; તેમનું મધુર નામ મારી જીભ પર હશે. આહ! મારું જીવન કેવું સફળ બન્યું છે ! મારા કરતાં વધારે નસીબદાર કોઈ નથી."

ધીમે ધીમે આશ્રમ પ્રત્યે જતાં મારીચ આવા વિચારો કરી રહ્યો હતો. સર્વજ્ઞ રામ અને સર્વજ્ઞ સીતા તેના આગમનની રાહ જોઈ રહ્યાં હતાં. ખચકાતાં ખચકાતાં અને કંપતા હૃદય સાથે મૃગ આશ્રમ નજીક આવ્યું. તેણે પોતાની આંખો રામ અને સીતા પર સ્થિર કરી અને થોડીક વાર ઉભું રહ્યું. પછી તે આમતેમ કુદવા લાગ્યું. પછી લતાઓની ઝાડીમાં બારીકાઈથી નજર કરતું, માત્ર કુતૂહલને વશ બનીને, તેણે તેમાં પ્રવેશ કર્યો અને થોડી વારમાં જ પાછું બહાર આવ્યું. સીતાએ, રામે અને લક્ષ્મણે તેના કૂદકા જોયાં, અને તેના દેખાવને વખાણ્યો. તેની ચામડી સુવર્ણમય હતી તે જોઇને તેમણે નિર્ણય કર્યો કે, આ કોઈ વિચિત્ર જાતનું મૃગ છે. તેમણે તેનાં ખાસ લક્ષણો જોયાં અને તેઓ તેની મનોહરતાથી આકર્ષાયા. સીતા બોલ્યાં,"જો આ મૃગ મારી પાસે હોય, તો હું મારો સમય બહુ સુખપૂર્વક વ્યતિત કરી શકું. તમે બંને જ્યારે તમારા ખાસ કામમાં પરોવાયેલા હો, ત્યારે હું આ પાળેલા અદ્વિતીય મૃગ સાથે રમત કરીને સુખ પ્રાપ્ત કરું. કૃપા કરીને આ તેજોમય નાનકડા પશુને મારે માટે પકડી લાવો. શું તમો આ મારી નાનકડી ઈચ્છા પૂર્ણ ન કરો? જ્યારે હું એકલી હોઉ, ત્યારે તે મારું મનોરંજનનું સાધન બનશે. તેને રમતું જોઈને હું તને લાડ કરીશ." તે રહસ્યમય મૃગ પ્રત્યે ખૂબ આસક્તિ બતાવીને સીતાએ તેવી આજીજી કરી. તે જોઈને લક્ષ્મણ પોતાના આસન પરથી ઊભા થયા અને બોલ્યા કે - માતાજી હું તમારે માટે તેને લાવી આપીશ. રામે તેમને અટકાવ્યા. તે જાણતા હતા કે- તે મૃગ માત્ર મારા હાથમાં જ પડશે. જેની આ પ્રસ્તાવના હતી તે ભજવવાના નાટકની લક્ષ્મણને કશી ખબર ન હતી. રામ બોલ્યા, "લક્ષ્મણ તેને કશી ઈજા કર્યા વગર તેને પકડવાનું છે એટલે મારે તેનો પીછો

કરીને તેને પકડવું પડશે. સીતાની આ ઇચ્છા મારે જ પૂર્ણ કરવાની છે." તે સાંભળીને લક્ષ્મણ ચૂપ થઈ ગયા અને રામની આજ્ઞા અનુસાર બેસી ગયા.

રામ અને સીતા બંને, નાટકનાં હવે પછીનાં દ્રશ્યો જાણતાં હતાં. એટલે તે વાત ગુપ્ત રાખીને રામ બોલ્યા,"લક્ષ્મણ, આ વન રાક્ષસોનું નિવાસસ્થાન છે. બે દિવસ પહેલાં જ્યારે તેમના આગેવાનોએ, ખર અને દૂષણે - આપણા પર આક્રમણ કર્યું હતું, ત્યારે શું બન્યું હતું તે યાદ કર. તેમનાં સગાંવ્હાલાં અને સાથીદારો, સૈન્ય સાથે આવીને આપણા પર આક્રમણ કરે, એટલે હંમેશાં બાણને ધનુષ પર ચઢાવેલું રાખવાની અને ખૂબ ચપળતાંપૂર્વક ચારેય દિશાઓમાં નજર રાખવાની જરૂર છે. ખુબ દરકારપૂર્વક સીતાની ચોકી કર. કોઈપણ સંજોગોમાં સીતાને એકલી ન મૂકીશ.આ મૃગ મારી પાસેથી છટકી જઈને દૂર જંગલમાં પણ જતું રહે, મારે તેને જીવતું પકડવાનું છે; તે કાર્ય સિદ્ધ કરવામાં મને થોડો સમય પણ લાગે.પ્રસંગને અનુરૂપ તારી બુદ્ધિનો અને શારીરિક વીરતાનો ઉપયોગ કરજે અને હું બહાર હોઉ તે દરમિયાન જોખમ આવી પડે તેમાંથી સીતાને બચાવજે."

પછી રામે મૃગનો પીછો કર્યો અને દેખાતા બંધ થઈ ગયા. મૃગ આગળ જોતું ન હતું; તે પોતાની આંખો, પાછળ રામ પર રાખીને દોડતું હતું. તે જોઈને રામ હર્ષ પામ્યા. રામ જાણતા હતા કે તે મૃગ પોતાનો મહાન ભક્ત મારીચ હતો, જેણે રામ તત્વનો અને રામની શક્તિનો સાક્ષાત્કાર કર્યો હતો.એટલે રામે પણ પોતાની આંખો મૃગ પર સ્થિર કરી હતી, અને તે ખૂબ રસપૂર્વક તેનો પીછો કરતા હતા.એક ક્ષણ મૃગ નજીક પકડાવાના અંતરે આવી ગયું,પણ રામને વધારે દૂર ખેંચી જવા માટે તેણે એક લાંબો કૂદકો માર્યો. અને આ પ્રલોભનકારી પીછો કરવામાં મજા આવતી હતી,પણ તેવી રીતે થોડો સમય ગાળ્યા પછી રામે ધનુષ પર બાણનું અનુસંધાન કર્યું અને મૃગને લક્ષ્ય કરીને બાણ છોડ્યું.

જ્યારે તે મૃત્યુ કારક બાણ મૃગને વાગ્યું, ત્યારે મારીચે વેદનાપૂર્વક ચીસ પાડી કે, "હે સીતા, હે લક્ષ્મણ" અને પછી તે ભૂમિ પર પડ્યું.સીતા અને લક્ષ્મણે તે ચીસ સાંભળી. તે બૂમ સંભળાઈ કે તરત જ સીતા બોલ્યાં, "તમે સાંભળ્યું? તે તમારા ભાઈનો અવાજ છે. તે તમને મદદ માટે બોલાવે છે. તરત જ જાઓ, વિલંબ ન કરો. રાક્ષસો અનેક રૂપો ધારણ કરવાની વિદ્યા અને યુક્તિ પ્રયુક્તિઓમાં કુશળ હોય છે. પોતાની આકૃતિઓ અને સ્વભાવો બદલીને તે ઘણી વિપત્તિઓ પેદા કરે છે." અવાજ જે દિશામાંથી આવ્યો હતો તે તરફ લક્ષ્મણ ત્વરાપૂર્વક જાય એવું તેઓ ઈચ્છતાં હતાં.

લક્ષ્મણ બુદ્ધિશાળી હતા. સાચાં અનુમાન તારવવામાં વિવેકશક્તિનો ઉપયોગ કરવાથી તે ટેવાયા હતા. તે પોતાના ભાઈની આજ્ઞાઓનું પાલન ચુસ્તપણે કરતા હતા; તેને પોતાના પ્રાણ સમાન

મૂલ્યવાન માનીને તે રામની આજ્ઞાઓને પૂજતાં. એટલે તે બોલ્યાં, "માતાજી, રામ પર કોઈ વિપત્તિ આવી શકે જ નહિ. રાક્ષસ ગમે તેટલો છળકપટવાળો હોય, પણ તે રામનો વાળ વાંકો કરી શકે નહિ. તેમણે કેવા સપાટાબંધ હજારો રાક્ષસોનો સંહાર કર્યો હતો તે તમે જોયું છે, નહીં! વારુ.ચિંતા ન કરશો, હિંમત ધારણ કરો અને શાંત થાઓ. થોડા જ સમયમાં રામ સાજાસમા આશ્રમમાં પાછા આવશે."

તે જ સમયે, 'હે સીતા, હે લક્ષ્મણ'- એ અવાજ દૂરથી ફરી સાંભળીને સીતા વધારે વિક્ષુબ્ધ બની ગયાં, વધારે ગૂંચવાડામાં પડ્યાં. તે બોલ્યાં, "લક્ષ્મણ, તમે આટલી કઠોર રીતે કેમ વર્તો છો? હું તમારા આશયોને સમજી શકતી નથી. જલ્દી જાઓ, જલ્દી જઈને તમારા ભાઈ પર જે સંકટ આવી પડયું છે તેનો અંત આણો. તેમને મદદ કરો, જાઓ." તેમણે અનેક પ્રકારે પોતાના ભયને ચિંતાને વ્યક્ત કર્યા અને લક્ષ્મણ પોતાને છોડીને જાય તે માટે ખૂબ પ્રયત્નો કર્યા.

અલબત્ત, સીતા સારી રીતે જાણતાં હતાં કે રામને કદી મુશ્કેલી આવે જ નહિ; પણ વસ્તુઓ એવી રીતે આકાર લે તે જરૂરી હતું, જેથી ભાવિ ઘટનાઓનો પાયો રચાય; તે બૂમોએ જેના પર ખૂબ અસર કરી છે તેવા આજ્ઞાની માણસની પેઠે તે વર્તવા લાગ્યાં.લક્ષ્મણે તેમને અનેક પ્રકારે ખાતરી આપી, તેમણે કરૂણ રીતે આજીજી કરી કે- હું મારા ભાઈની આજ્ઞાનો ભંગ નહિ કરું. તે સાંભળીને સીતાએ દલીલ અને વિનંતીઓ કરવાનું બંધ કર્યું. છેવટે લક્ષ્મણ બોલ્યા, "માતાજી, રામની આજ્ઞા એ મારા પ્રાણ છે, હું તે આજ્ઞાને મારા પ્રાણ સમાન માનું છું. રામે મને જે આજ્ઞા કરી હતી કે સીતાને એકલી છોડીશ નહિ, હંમેશાં તેની રક્ષા કરજે, તે આજ્ઞા શું તમે સાંભળી ન હતી? એટલે ગમે તે થાય, અહીંથી હું એક પગલું પણ દૂર નહીં જાઉં."

લક્ષ્મણને દૂર મોકલવા સીતા ઇચ્છતાં હતાં કારણ કે રાવણ આશ્રમમાં આવવાનો હતો. રાવણનો અને રાક્ષસોનો સંહાર કરવા માટે રામે તે યોજના ઘડી કાઢી હતી. સીતાને રામનો સંકલ્પ પૂર્ણ કરવાનો હતો, એટલે તેમણે લક્ષ્મણ જાય તેટલા માટે પોતાના શબ્દોને વધારે તીક્ષ્ણ અને અપ્રિય બનાવ્યા.

લક્ષ્મણે પોતાની હથેળીઓ વડે પોતાના કાન બંધ કરી દીધા; સીતાએ મુકેલા આક્ષેપોને અને આરોપોને તે સાંભળી શક્યા નહિ. તેમણે પ્રાર્થના કરી કે માતાજી, તમે મારા પર જે ક્રોધ ઠાલવશો તેને હું સહન કરી લઈશ. પણ જ્યારે સીતા વધારે કઠોર બન્યાં અને કહ્યું કે- જો તું નહિ જાય, તો હું રામની મદદે જઈશ, ત્યારે લક્ષ્મણને કોઈ વિકલ્પ રહ્યો નહીં. તે વધારે સહન કરી શક્યા નહીં. રામને ખોળી કાઢવા અને તેમને મદદ કરવા સીતા વનમાં વિચરે, તે વાતને તે મંજૂરી આપી શક્યા નહીં, એટલે ભારે હ્રદયે રામને શોધવા તે આશ્રમમાંથી બહાર ચાલ્યા.

જતાં જતાં લક્ષ્મણે સીતાને વિનંતી કરી કે, "તમે આશ્રમમાં જઇ બારણાં બંધ કરી દેજો, બહાર નીકળશો નહી; તમે સાવધાન રહેજો, ખૂબ કાળજી રાખજો." પછી કમને તે આશ્રમની બહાર નીકળ્યા, તેમનામાં ચાલવાની શક્તિ રહી ન હતી. પાછા વળીને તેમણે વન દેવતાઓને પ્રાર્થના કરી કે- સીતા પર નજર રાખજો, તેમની રક્ષા કરજો. તેમણે આશ્રમની આજુબાજુ ચાર રેખાઓ દોરી, તેમનામાં રહસ્યમય અને બળવાન મંત્રશક્તિ આવાહન કરીને સ્થાપી અને પછી તેમણે સીતાને કહ્યું, "કોઈ પણ સંજોગોમાં; ગમે તેટલું દબાણ થાય તો પણ, આ રેખા ઓળંગી બહાર જશો નહીં."

લક્ષ્મણમાં બધા જ સદ્દગુણો હતા. તે બે ભિન્ન ભિન્ન આજ્ઞાઓ પ્રત્યેની વફાદારીઓમાં સપડાઇ ગયા હતા. તેમને રામની આજ્ઞા વિરુદ્ધ કામ કરવાનું બળજબરીપૂર્વક કહેવામાં આવ્યું હતું. તેમને સીતાને એકલાં અરક્ષિત મૂકીને જવાનું હતું. તેમનું હૃદય ભયભીત બની ગયું, પગ ઉપડતા ન હતા, છતાં તે ચાલી નીકળ્યા. દરેક ડગ ભરતાં તે મુખ પાછું ફેરવીને આશ્રમ તરફ જોતા હતા.

તે જ વખતે રાવણે એક ઋષિનું રૂપ ધારણ કરી લીધું. તે તકની જ રાહ જોઈ રહ્યો હતો. પોતાના નામ વડે તે દેવોમાં અને રાક્ષસોમાં ભય પેદા કરે એવી શક્તિ તેનામાં હતી, છતાં પણ તેને એક લુચ્ચા કૂતરાની પેઠે, ચોરી પૂર્વક આવવું પડ્યું. આસપાસ બધે નજર નાંખીને તે ચોરીછૂપીથી આશ્રમમાં પ્રવેશ્યો, તેનું હૃદય કંપતું હતું. જ્યારે તેણે મુખ્ય દ્વારમાં થઈને અંદર પ્રવેશવાનો પ્રયત્ન કર્યો, ત્યારે લક્ષ્મણની દોરેલી રહસ્યમય રેખાઓ તેની સામે અગ્નિની જ્વાળાઓ જેવી જીભો બહાર કાઢતી દેખાઈ. તેને ભય થયો કે તેની યોજનાઓ નિષ્ફળ નીવડશે અને પોતાનું કાંઈક વધારે બૂરું થશે, એટલે તે રેખાઓની બહાર ઉભો અને બોલ્યો કે, "ગૃહિણી, મને ભિક્ષા આપો."

સીતાએ અવાજ સાંભળ્યો. તે જાણતાં હતાં કે તે રાવણ છે. તે પોતાની હથેળીઓમાં કંદ ફળ લઈ આવ્યાં અને બારણા આગળ ઊભાં રહ્યાં, પણ ભિક્ષા લેવા માટે પાસે જવાની રાવણની હિંમત ચાલી નહીં. તે બોલ્યો, "મારી પ્રતિજ્ઞા છે, એટલે હું કોઈ આશ્રમ પાસે નહીં આવું." સીતા પોતાના હાથમાં ભિક્ષા આપે એમ તે ઈચ્છતો હતો. સીતાએ જવાબ આપ્યો, "ના, મારા દિયરે દોરેલી રેખાને હું ઓળંગી શકીશ નહિ. હે અતિથિ, તમે અહીં આવો અને મારી પાસેથી ભિક્ષા લો." તે સાંભળીને, બનાવટી ભિક્ષુક બોલ્યો, "શ્રીમતી, હું રેખા ઓળંગી ને અંદર નહીં આવું. રેખાની પેલી બાજુએ રહીને અપાયેલી ભીક્ષા પણ હું નહીં સ્વીકારું, મારા જેવા તાપસ માટે તે યોગ્ય નથી. તમે બહાર આવો, મને ભિક્ષા આપો. મને બહુ ભૂખ લાગી છે." તેણે પોતાનો ભાગ એવી રીતે, અનેક નિસાસા મુકવાનો અભિનય કરીને, ભજવ્યો કે સીતાએ રેખાને ઓળંગીને, તેની પાસે જઈને હાથમાંની ભિક્ષા આપવાનો નિર્ણય કર્યો.

આ બધું એક ક્ષણમાં બની ગયું. સીતા રેખાને ઓળંગીને બહાર આવ્યાં કે તરત જ રાવણે તેમને પોતાના હાથ વડે ખેંચી લીધાં અને તેમને ઊંચકીને તે રાહ જોતા એક રથમાં લઇ ગયો. સીતાના વિલાપ પ્રત્યે તેણે કશું ધ્યાન આપ્યું નહીં. તેણે ખૂબ વેગપૂર્વક રથને દૂર હંકારવા માંડ્યો. સીતાએ ચીસ પાડી કે, "હે રામ, લક્ષ્મણ, આવો અને મને આ દુષ્ટ રાક્ષસથી બચાવો." પંચવટીની આજુબાજુના તાપસોએ અને વનવાસીઓએ ચીસ સાંભળી, પણ તેઓ વિલાપ કરનાર વ્યક્તિને બચાવી શક્યા નહીં. વિલાપના અવાજથી સમગ્ર લીલુંછમ વન ભૂખરું બની ગયું. "હે રામ, હે સ્વામી! મને બચાવો, બચાવો, આ રાક્ષસથી બચાવો" એ અવાજનો પડઘો વનમાં છવાઈ ગયો; તેણે બધાં ચરઅચર પ્રાણીઓને શોકગ્રસ્ત કરી મૂક્યાં. રથમાં સીતા રાવણને બોધ કરી રહ્યાં હતાં, "રાવણ, તું આત્મવિનાશ માટેનો એક રાજમાર્ગ ચણી રહ્યો છે; તું તારા સામ્રાજ્યનો; તારી પ્રજાનો, તારા વંશનો સમૂળો નાશ કરી રહ્યો છે. મુખ પર હાસ્ય સાથે આ અધમ કાર્ય કરી રહ્યો છે, પણ એક એવો દિવસ આવશે જ્યારે આંખોમાં આંસુ સાથે તારે આનો બદલો ચૂકવવો પડશે. હે અધમ દુષ્ટ રાક્ષસ, તારા જેવા તપ કરેલા માણસને આ દુષ્ટ કાર્ય છાજતું નથી." સીતાએ તેને ખૂબ સલાહ અને ચેતવણી આપી. તેમણે પોતાને બચાવવા માટે રામને અને લક્ષ્મણને બૂમો પાડી.

ગતિ કરતા રથમાંથી આવતી અરજીઓની ચીસો ગીધરાજ જટાયુએ સાંભળી. તેમણે સીતાનો અવાજ ઓળખી લીધો. તેમને ખ્યાલ આવ્યો કે, સીતા રાવણના રથમાં છે. તેમનું અપહરણ કરનાર, દુષ્ટ રાવણ સાથે વૃદ્ધાવસ્થાને કારણે પોતે યુદ્ધ કરી શકે તેમ નથી તે બાબત જટાયુને દુઃખ થયું. રાવણને ન રોકવો તે તેમને યોગ્ય લાગ્યું નહિ. પોતાના સ્વામી પાસેથી તેમની પત્નીનું અપહરણ કરી જનારની પકડમાંથી સ્ત્રીને બચાવવા જેવી સેવા બીજી કોઈ નથી, એમ જટાયુ જાણતા હતા. જરૂર પડે તો પોતાના જીવનનું બલિદાન આપવાનો નિર્ણય કર્યો; તે રાક્ષસની પકડમાંથી સીતાને બચાવવાનું પવિત્ર કાર્ય કરવાનો અને તે સેવાના કાર્યમાં પોતાની બધી શક્તિનો અને કુશળતાનો ઉપયોગ કરવાનો, તેમણે નિશ્ચય કર્યો. ઉપર ગોળાકારે ઊડતાં ઊડતાં જટાયુએ બૂમ પાડી, "સીતા ડરશો નહીં. હું આ ક્રૂર બદમાશને મારી નાંખીશ અને તમને છોડાવીશ. હું તમને રામ પાસે મૂકી આવીશ." તેમણે રથના માર્ગમાં ઊડવા માંડયું. રાવણને અનેકવાર પોતાની તીક્ષ્ણ ચાંચ મારી મારી; રાવણના શરીરમાંથી ખૂબ લોહી વહેવા માંડ્યું. પોતાની પાંખો વડે તેમણે રથ ઉપર પ્રહારો કર્યા, અને ભયંકર વાયુ વડે તેણે રથના વેગને રોકવાનો પ્રયત્ન કર્યો. ઊડતાં ઊડતાં તેમણે રાવણને સુંદર સલાહ આપી, "ખુબ મોડું થઈ જાય ત્યાર પહેલાં તારી જાતને સુધારી લે. રાવણ, આ પગલાંથી તારું કલ્યાણ થવાનું નથી. સીતાને છોડી દે અને સલામતીપૂર્વક ઘેર જા; નહીં તો, જેમ પતંગિયા અગ્નિમાં પડીને બળી મરે છે તેમ તું, તારી જાતે રામના ક્રોધાગ્નિમાં ભસ્મીભૂત થઇ જશે. તારું અભિમાન તારો

સર્વનાશ સર્જશે. બીજાની પત્નીનું હરણ કરવું એ ભયંકર પાપ છે. માત્ર પાપી હૃદય જ બીજાની પત્ની માટે ઝંખે છે અને તેની શોધમાં ભટકે છે. કુતરાં અને શિયાળવાં કરતાં પણ વધારે ખરાબ,અધમ પશુઓ જ આટલી ઊંડાઇ સુધી નીચે ઉતરે છે. તું એક પાગલની પેઠે વર્તી રહ્યો છે, જે પોતાને ભવિષ્યમાં આવનાર દુઃખ પ્રત્યે ધ્યાન આપતો હોતો નથી. વિચાર કર કે આના કરતાં વધારે જંગલી ગુનો બીજો કોઈ હોઈ શકે ? અરે, તારાં માતા-પિતાએ એવું તે કેવું પાપ કર્યું હશે, કે જેમને પેટે તારા જેવો પુત્ર જન્મયો? તું માત્ર તારા શારીરિક બળ પર જ, તારી ધન સંપત્તિ પર જ, તારા કાબૂ હેઠળના માણસો પર જ નજર રાખે છે અને તેથી તારું મગજ ફરી ગયું છે. પણ સાંભળ તે બધું બળીને ખાખ થઇ જશે. તપસ્યા વડે તેં પ્રાપ્ત કરેલી શક્તિઓ, સિદ્ધિઓ પણ એક ક્ષણમાં નાશ પામશે. જો બીજા રાક્ષસો તારી પત્નીઓની કામના કરે અને તેમનું અપહરણ કરે તો તું શાંત અને નિષ્ક્રિય રહીશ ખરો ? હકીકતમાં જે લોકો પોતાની કે બીજાઓની પત્નીઓને માન આપે છે, તેઓ કદી પોતાના મસ્તક પર દુર્ભાગ્ય નોતરશે નહીં."

આવી સોનેરી સલાહ આપીને જટાયુ વેગપૂર્વક દોડતા રથની સાથે થોડેક દૂર સુધી ઊડય. જટાયુના શબ્દો સાંભળીને સીતાને ખૂબ આશ્વાસન મળ્યું, આવી સુંદર રીતે વ્યક્ત કરાયેલી ભાવનાઓ સાંભળીને તેમને ખૂબ રાહત થઈ.

જટાયુ રથને અટકાવવામાં સફળ થયા. સીતાને રથમાંથી ઉતારી તેમણે તેમને એક વૃક્ષ હેઠળ બેસાડ્યાં. પછી તે રાવણ સાથે યુદ્ધ કરવા લાગ્યા, પણ વૃદ્ધાવસ્થાને કારણે તે લાંબો સમય યુદ્ધ કરી શક્યા નહિ. થોડા સમયમાં તે હારી ગયા પણ યુદ્ધ દરમિયાન તેમણે રાવણના મસ્તક પરથી મુગટને અને થોડાક વાળને ખેરવી લીધા. તેમણે રાવણનાં શરીરને એવી તો ભયંકર રીતે ચાંચો મારી કે રાવણનાં અનેક અંગોમાંથી લોહી વહેવા લાગ્યું. તેમની ચાંચના અને વિસ્તૃત પાંખોના પ્રહારોથી રાવણને ખૂબ ઇજા થઇ ; તેનું અભિમાન ઉતરી ગયું. છેવટે રાવણે છેલ્લો ઉપાય અજમાવ્યો. તેણે પોતાની તલવાર ખેંચી અને તીક્ષ્ણ ધાર વડે તેણે જટાયુની પાંખો કાપી નાંખી. નિરાધાર બનીને તે જમીન પર પડ્યા ; ગીધો માટે પાંખો પ્રાણરૂપ હોય છે, એટલે વ્યથાપૂર્વક રામનું નામ બોલીને તે ભૂમિ પર પડ્યા.

તે બોલ્યા, "મારા સ્વામીની ખાતર હું મન મૂકીને લડયો, પણ મારો પ્રયાસ કામ લાગ્યો નહીં; આ પણ રામની જ ઈચ્છા છે. જગતનું કલ્યાણ કરવા માટે રામે આ બધી યોજના ઘડી હશે, નહીં તો રામની મરજી વગર શું કોઈપણ માણસ સીતાનું હરણ કરી શકે ખરો? હવે મારી રામ પ્રત્યે એક જ પ્રાર્થના છે. હું તેમને મળું અને આ સમાચાર હું જાતે તેમને આપું ત્યાં સુધી મારે મારા પ્રાણ ટકાવી

રાખવા જોઈએ ; તેનાથી મહત્તમ કામ મારે જીવનમા કરવાનું રહ્યું નથી. " એમ બોલીને, આંખો મીચી દઈને, જટાયુ પ્રાર્થનામાં તલ્લીન બન્યા.

તે દરમિયાન રાવણે ફરી સીતાને રથમાં બેસાડ્યાં અને ખૂબ વેગપૂર્વક તેણે રથને મારી મૂક્યો. જટાયુએ તેને વેગપૂર્વક જતો જોયો; સીતા મદદ માટે બૂમો પાડતાં હતાં તે તેમણે સાંભળી. પોતે વધારે પ્રતિરોધ ન કરી શક્યા તેથી જટાયુને ખૂબ દુઃખ થયું. પોતાનાં આંસુઓના સરોવરમાં તે પડી રહ્યા. તેમનું હૃદય રામને ઝંખતું હતું, તેમની જીભ રામના નામને રટતી હતી. જટાયુને ખ્યાલ આવી ગયો કે - "જ્યારે મૃત્યુ પાસે આવે છે, વિપત્તિ થોડાં જ ડગલાં દૂર હોય છે, ત્યારે પ્રકૃતિ અચિંતિત રીતે વર્તે છે, તે ચેતવણી આપવા માટે, બોધ આપવા માટે, તેમ કરતી હોય છે; વસ્તુઓ ઊલટા સૂલટી બની જાય છે. આ રાવણ પણ તે રીતે વર્તે છે, કારણ કે તેનો વિનાશ પાસે આવ્યો છે; તેનાં સગાં સંબંધીઓ પૃથ્વીના મુખ પરથી ભુંસાઈ જવાનાં છે. " આ સત્યનો વિચાર કરતા કરતા તે જમીન પર પડી રહ્યા; તે પોતાની સંકલ્પ શક્તિ વડે, રામના આગમનની પ્રતીક્ષા કરતા કરતા પોતાની જાતને જીવતી રાખી રહ્યા હતા

સુવર્ણ મૃગને માર્યા પછી રામ જંગલનાં ઉંડાણોમાંથી પંચવટીમાં પાછા ફર્યા. તેમણે મનમાં વિચાર્યું કે જો કે આ મારી યોજનાની શરૂઆત માત્ર છે , પણ તે દિવ્ય યોજના છે એવી ખબર લોકોને તાત્કાલિક પડી જવી ન જોઈએ; મારે હવે પછી એક સામાન્ય માનવ તરીક વર્તવાનું છે. તે અડધે માર્ગે આવ્યા ત્યાં તેમણે લક્ષ્મણને સામે આવતા જોયા. રામે વિચાર્યું કે, દેખાતી કરુણ કથાની પીઠમાં જે નિગૂઢ હેતુ રહેલો છે તેની ખબર લક્ષ્મણને પણ ના પાડવી જોઈએ. એટલે જાણે તે મનમાં ક્ષુબ્ધ બન્યા હોય તેમ, તેમણે લક્ષ્મણને પૂછ્યું, 'ભાઈ', લક્ષ્મણ,તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. આશ્રમમાં સીતાને એકલી છોડીને તું અહીં આવી ગયો છે. તું કેવી રીતે તેમ કરી શક્યો ?સીતાને અનાથ છોડીને તું આટલો દૂર સુધી આવી ગયો ! અફસોસ! તું રોજ-રોજ રાક્ષસજાતિની દુષ્ટતાને જુએ છે; તો પછી તું સીતાને એકલી છોડીને અહીં કેવી રીતે આવી શક્યો ? અરેરે,સીતા નું શું થયું હશે ? મને દહેશત છે કે, કોઈ વિપત્તિ જરૂર આવી પડી છે. મને લાગે છે કે, સીતા આશ્રમમાં નથી. ખેદની વાત છે, હવે આપણે શું કરીશું? આપણું ભાવિ કેવું હશે? "

તે વિલાપ સાંભળીને લક્ષ્મણ પોતાના ભાઈના પગે પડ્યા અને બોલ્યા, "ભાઈ, તમે જાણો છો કે હું તમારા મનના સંકલ્પો અનુસાર વર્તુ છું ; પ્રસંગ ગમે તે હોય, હું સદા સર્વદા મારી જાતને, મારા પ્રાણને પણ તમારે ચરણે સમર્પિત કરી દેવા તત્પર રહું છું. શું હું કદી પણ તમારી આજ્ઞાનો ભંગ કરું ખરો? પણ આ વખતે તેમ બન્યું. મારી ભવિતવ્યતાએ તમારી આજ્ઞાનો ભંગ કરવા મને પ્રેર્યો. હું

શું કરી શકું? તે બનાવટી મૃગના ગળામાંથી જે અવાજ આવ્યો કે -'હે સીતા, હે લક્ષ્મણ' તે આશ્રમ સુધી પહોંચ્યો, જે સાંભળીને સીતાએ મને તરતજ તમારી મદદે દોડી જવા માટે અનેક પ્રકારે આગ્રહ કર્યો. હું આ રાક્ષસોની યુક્તિ પ્રયુક્તિઓથી પરિચિત છું. એટલે મેં તેમને પગે પડીને કહ્યું, ' મને ક્ષમા આપો, રામને જરા પણ ઈજા થાય નહીં, કોઈ જોખમ તેમની નજીક જઈ શકે નહીં. જે ચીસ આપણે સાંભળી તે રાક્ષસોની જુઠ્ઠી ચાલબાજી છે. '

તે ચીસ અમે બીજી વાર સાંભળી તે પછી તેમની હિંમત ખૂટી ગઈ. તે અવાજ બરાબર તમારા અવાજ જેવો જ હતો. એટલે સીતાએ પોતાની વાસ્તવિકતાની, સગાઈ સંબંધની, નીતિની અને કુટુંબની નીતિની ઉપેક્ષા કરી.તે જે શબ્દો બોલ્યા તે બોલવા કે સાંભળવા જેવા નથી. હું વધારે સહન કરી શક્યો નહીં. એટલે મેં તેમને દરેક પ્રકારની સાવચેતી રાખવાની સૂચના આપી. તેમને સલામત રાખવા માટે હું બધું કરી છૂટયો, પછી જ હું આશ્રમમાંથી બહાર આવ્યો. તમે આ અપરાધ માટે મને જે શિક્ષા કરશો, તેના બદલારૂપે જે પગલું ભરશો તે હું હર્ષપૂર્વક સ્વીકારીશ. "

એમ બોલીને લક્ષ્મણ રામને પગે પડ્યા. પછી રામ બોલ્યા," લક્ષ્મણ કારણ ગમે તે હોય, પણ તારે તેમને એકલાં મૂકીને આવવું જોઈતું ન હતું. મને લાગે છે કે, આપણે જઈશું ત્યારે સીતા આશ્રમમાં નહીં હોય. વનમાં આવ્યા પછી રાક્ષસોના અપહરણમાંથી આપણે સીતાની રક્ષા ન કરી શક્યા, તો પછી આપણે 'અમે વીરો છીએ' એવું અભિમાન કેવી રીતે લઈ શકીએ? જ્યારે આવતીકાલે લોકો વાતો કરશે કે રામ અપહરણના સંકટમાંથી પોતાની પત્નીને બચાવી શક્યા નહીં , ત્યારે શું તું તે સહન કરી શકીશ ? એવી વાતો સાંભળીને તારું મન શું શાંત રહી શકશે? અફસોસ ! હું આ દુઃખદ ઘટના શી રીતે સહન કરીશ? " દુઃખથી અને શોકથી સામાન્ય માણસ પેઠે તેઓ વિલાપ કરવા લાગ્યા. પોતાની ભિતિ સાચી છે કે નહિ તે શોધી કાઢવા માટે તેમણે આશ્રમ તરફ દોટ મૂકી.

રામે સૂચવ્યું હતું તેમ, સીતા આશ્રમમાં ન હતાં. દેખીતી અસહ્ય વેદનામાં રામ તેમના અદ્રશ્ય થઈ જવાને કારણે વિલાપ કરવા લાગ્યા ; તે દુઃખ સહન ન કરી શકવાથી લક્ષ્મણ નીચે ગબડી પડ્યા. આવી વિપત્તિનું હું જ કારણ છું એમ જાણીને તેમને પોતાના જીવનનો ત્યાગ કરી દેવાનું મન થયું, પણ તેમને તરત જ ખ્યાલ આવી ગયો કે, જો હું મારા જીવનનો ત્યાગ કરીને આ જગતમાંથી વિદાય થઈશ, તો રામને વધારે ચિંતા થશે, તે વધારે ગૂંચવાડામાં પડી જશે. જો પોતે મરી જાય તો રામને વનમાં શોકમગ્ન બનીને એકલા પરિભ્રમણ કરવું પડશે, કોઈ તેમને ભોજન કે પાણી આપનાર નહીં હોય. સીતાના વિયોગથી રામને જે વ્યથા થઈ હતી તેને તે સહન કરી શક્યા નહિ ; રામને શાંત પાડવા માટે, આશ્વાસન આપવા માટે તેમને શબ્દો જડ્યા નહીં, તેમની જીભ ચાલી નહીં. તે દિવસે

જે બન્યું હતું તેની પર લક્ષ્મણ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. થોડા જ સમયમાં એવું નિગમન તારવ્યું કે,"તે રામના પોતાના સંકલ્પનું પરિણામ હોવું જોઈએ. મારા ભાઈ કોઈ સામાન્ય માનવી નથી. અત્યારે જે કાંઈ બની રહ્યું છે તે માનવજાતિની પ્રગતિ અને સમૃદ્ધિ લાવવા માટે નક્કી કરાયેલા નાટકનો એક ભાગ માત્ર છે, કારણકે જે બીજા બધાનાં આંસુ હર્ષપૂર્વક લૂંછે છે, જે જગતના રક્ષક છે, અત્યાર સુધી જેમણે જરા પણ શોક કર્યો નથી, તે રામ એક સામાન્ય માનવીની પેઠે પોતાની પત્નીના વિયોગમાં રુદન કરતા હતા, વિલાપ કરતા હતા !" આ બધી ઘટનાઓ જોઈને લક્ષ્મણ સહેલાઈથી અનુમાન કરી શક્યા કે , તે બધું રામ વડે નિર્દેશિત નાટકનો એક ભાગ જ માત્ર છે. લક્ષ્મણ સારી પેઠે જાણતા હતા કે, સીતાનો જોટો સદ્દગુણોમાં જડે તેમ નથી. આવી અસાધારણ રીતે વિશુદ્ધ નારીને માથે આવી વિપત્તી આવી પડી તે સમજાવી શકાય તેમ નથી ; તેને એક જ રીતે સમજી કે સમજાવી શકાય કે આ બધું એક નાટકનું એક દ્રશ્ય છે, અથવા રામ વડે ઘડાયેલી દિવ્ય યોજનાનો એક ભાગ છે. રામની આજ્ઞા સિવાય કોઈ પણ જગ્યાએ , કોઈપણ માણસ નાનકડું કાર્ય પણ કરી શકે નહીં, છતાં પોતાના દ્રષ્ટાંત દ્વારા માનવને ન્યાયનો, પ્રામાણિકતાનો, અનાસક્તિનો, ભક્તિનો, સદ્દગુણોનો, સત્યનો, નીતિમત્તાનો અને નમ્રતાનો માર્ગ બતાવવા માટે રામ અને સીતા જે નાટક ભજવી રહ્યાં હતાં તેનો અર્થ છે ; પોતે તો માત્ર અભિનેતા તરીકે, પોતાને જે ભાગ સોંપવામાં આવ્યો હોય તે સારામાં સારી રીતે ભજવવાનો છે. એવા વિચારોમાંથી બળ પ્રાપ્ત કરીને લક્ષ્મણ, રામ પાસે આવ્યા, તેમને પગે પડ્યા અને બોલ્યા,"ભાઈ, હું જાણું છું કે તમે વિશ્વરૂપી નાટકના સૂત્રધાર છો. તમે ન કરી શકો એવું કશું જ નથી, તમે ન જાણતા હોય એવું કશું જ નથી; જે કાંઈ બને છે તે તમારા સંકલ્પ અનુસાર જ બનતું હોય છે. તમારી જાણ વગર આ ઘટનાઓ બની જ શકે નહિ. હું તે માન્યતામાંથી જરાપણ વિચલિત નહીં થાઉ, દ્રઢતાપૂર્વક તે માન્યતા હું ધરાવું છું; હું માનું છું કે આ ઘટનાઓ દ્વારા જગતની શાંતિમાં વૃદ્ધિ કરવાની અને રાક્ષસજાતિનો વિનાશ કરવાની તમારી યોજના છે. મારું મન મને આ વાત ગુપ્ત રીતે કહી રહ્યું છે, મારી શ્રધ્ધામાં અડગ રહેવાનું કહી રહ્યું છે. આ નાટકની પીઠમાં આ સત્ય રહેલું હોવું જોઈએ. મને સત્ય કહો અને મારા મનને શાંતિ આપો, એવી મારી આપને વિનંતી છે. "

રામે સ્મિતપૂર્વક જવાબ આપ્યો, "લક્ષ્મણ તું મારા દેહનું અંગ છે, એટલે તારાથી મારે શું ગુપ્ત રાખવાનું હોય? તેં સત્યને પકડી પાડ્યું. ધર્મને ટકાવી રાખવા માટે, તેને પુષ્ટ કરવા માટે મેં અવતાર લીધો છે. તેમ કરવા માટે મારે ધર્મ તથા અધર્મ આચારણનાં અનેક દ્રશ્યો રચવાં પડે છે. રડતા બાળકને શાંત પાડવા માટે વાતોનો, રમત-ગમતનો, રમકડાનો, ઘૂઘરાનો, ગીતોનો અને હીચકાનો હાલરડાંનો આશ્રય લેવો પડે છે. જરૂરી દૂધનું પાન બાળક કરે તે માટે તેની માતાને ત્યાં ને

ત્યાં અનેક યુક્તિ પ્રયુક્તિઓ ઘડવી પડે છે. તેમનો હેતુ હોય છે બાળકને દૂધ વડે પોષણ આપવાનો. પણ આ ગીતો, હિંડોળા, રમકડાં, વાતો, યુક્તિ પ્રયુક્તિઓ અને ગલીપચી કેટલાં બધાં ઉપયોગી સાધનો છે તેનો વિચાર કર, જેમનાથી બાળકની ક્ષુધા તૃપ્ત થાય છે, તે રડતું બંધ થઈ જાય છે. તેવું જ તે બધાનું પણ કારણ છે. ભૂખ કેવી રીતે સંતોષાય અને શોકનો અંત કેવી રીતે આવે તે શોધી કાઢવા માટે તમારે એ બધાં કારણોનો સરવાળો કરવો પડે છે. તે જ રીતે, વહાલા ભાઈ, વિશ્વની માતા રૂપ એવા મારે ધર્મની પુનઃસ્થાપના માટે અને અધર્મનો નાશ કરવા માટે આવા અનેક પ્રકારે કાર્ય કરવું પડે છે. શોકને દૂર કરવો અને આનંદ પ્રાપ્ત કરવો એ બે લક્ષ્યો સિદ્ધ કરવા માટે આ બધી ઘટનાઓની યોજના ઘડાઇ છે. તે અર્થ શૂન્ય ઘટનાઓ નથી. સામાન્ય લોકો પોતાની સમક્ષ જે આદર્શો રજૂ કરવામાં આવે છે તેના પાયા પર પોતાના વર્તનને આધારિત કરે છે. એટલે સ્વામી અને નેતા તરીકે, મારે એવી રીતે આચરણ કરવું પડે છે કે જેથી તેમની આગળ આદર્શ સદાચાર રજૂ થાય. જો હું મારા આદર્શને આચરણમાં ન મુકૂં તો હું તેમનો સ્વામી અને નેતા હોવાનો દાવો ન કરી શકું. જ્યારે પોતાનાં જે તે સ્થાનો માટે અયોગ્ય લોકો સ્વામીઓ અને નેતાઓ બની બેસે છે, ત્યારે ધર્મ ગ્લાનિ પામે અને અધર્મની બેફામ વૃદ્ધિ થઈ જાય છે. એટલા માટે હે ભાઈ, યાદ રાખ કે સ્વામી તરીકેની અથવા નેતાઓ તરીકેની સત્તા ધરાવતા લોકોએ પોતાના બોધ અનુસાર આચરણ રાખવું જોઈએ; પોતાના પ્રામાણિક પ્રયત્નો દ્વારા તેમણે પોતે જેનો બોધ કરે છે તે આદર્શો સિદ્ધ કરવા જોઈએ. આ રીતે વર્તવાથી તેમને ભગવાનની કૃપા અને મનુષ્યોની આભાર વૃત્તિ પ્રાપ્ત થાય છે.

પોતે જે ભાગ ભજવી રહી છે તેને સીતા જાણે છે. આ બે શરીરો, મારું અને સીતાનું શરીર, માત્ર શરીરો તરીકે જ મિલનના આનંદને અને વિયોગના શોકને પ્રગટ કરે છે; દુઃખ અને સુખ, રૂદન અને વિલાપ બધું જ ભ્રાંતિમય અને અવાસ્તવિક છે; મેં જે અવતાર ધારણ કર્યો છે તેની જરૂરિયાતોને, દબાણોને, તથા બીજી મર્યાદાઓને તે શરીરો અનુસરે છે. મારી વાસ્તવિકતાનું રહસ્ય, તારામાં વિશ્વાસ રાખીને, હું તારી આગળ પ્રગટ કરું છું. ખ્યાલમાં રાખજે કે, કથા જેમ જેમ પ્રગટ થાય તેમ તેમ સમય, કાર્યકારણ, દેશ-પ્રસંગ અને સ્વીકાર કરનાર આ બધાં સાથે સુસંગત બને તેવી રીતે તારે પણ વર્તવાનું છે. બીજાઓની બુદ્ધિથી આ દિવ્ય રહસ્ય પર છે. એટલે તારે પણ આ બાબતમાં મૌન રહેવાનું છે અને નિયમો અનુસાર તારે તારો ભાગ ભજવવાનો છે. આપણે જે કાર્ય માટે આવ્યા છે તેના ઉપર જ આપણે આપણું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે."

આ રહસ્યસ્ફોટ પછી તેઓ તરત જ સીતાની શોધના કામમાં ડૂબી ગયા. બંને જણે આ શોધ દરમિયાન પોતાને ભજવવાનો ભાગ ખૂબ દિલની સચ્ચાઈપૂર્વક, યશસ્ય અને વાસ્તવિક રીતે ભજવ્યો. માત્ર બે ભાઈઓએ જ નહીં, પણ સીતાએ પણ પરમ ઉદાત્તતા પ્રદર્શિત કરી અને

સ્થીરતાપૂર્વક અને દિલની સચ્ચાઈપૂર્વક પોતાનો ભાગ ભજવ્યો; જો કે જ્યાં તેમને કેદ રાખવામાં આવ્યાં હતાં ત્યાંના રાક્ષસો ચોકીદારો ક્રૂરતાપૂર્વક તેમને ધમકાવતા હતા અને બિવડવતા હતા. તે જરા પણ ડગ્યા કે તાબે થયા નહીં. પોતાની જાતને બચાવવા માટે અને પોતાની વિશુદ્ધને જાળવી રાખવા માટે અને પોતાના નિશ્ચયને બહાદુરીપૂર્વક ચીટકી રહ્યાં. તેમણે જરા પણ દુષિત થયા સિવાય પોતાના સતીત્વના વ્રતનું પાલન કર્યું. તે બંને પક્ષોએ જે નાટક ભજવ્યુ, તેમાં દરેક ગૃહસ્થ માટે અને દરેક વ્યક્તિ માટે ધર્મના આચરણનો ઉચ્ચતમ આદર્શ રજૂ કરવામાં આવ્યો હતો. તેણે બધાં માતા-પિતાઓ, પત્નીઓ, પતિઓ, ભાઈઓ અને મિત્રોના આદર્શમય આચરણની શ્રેષ્ઠ રેખાઓ રજૂ કરી હતી; તે બધાંએ કેવી રીતે પોતાનાં વચનો પાળવાનાં છે અને પોતાના સદ્દગુણોને પુષ્ટિ આપવાની છે તે બોધપાઠ રજૂ કરવામાં આવ્યો હતો. વધારે વિસ્તાર કરવાની શી જરૂર? લક્ષ્યની સિદ્ધિ માટે માર્ગ બતાવે તેવા બીજા કોઈપણ ગ્રંથમાં નૈતિક સૂત્રોની અને તેમનાં વ્યવહારમય રૂપની આવી વિવિધતા અને આટલી પ્રચુરતા મળતી નથી. સર્વ પરિસ્થિતિઓમાં અને બધી સ્થિતિઓમાં સદાચારના બોધ માત્ર રામાયણના જ દરેક પાના પર જોવા મળે છે. માનવજન્મને કેવી રીતે કૃતાર્થ બનાવવો, રાજ્યનું શાસન કેવી રીતે ચલાવવું, લોકોની પ્રતિક્રિયાઓનું નિયમન કેવી રીતે કરવું અને લોકોની ઈચ્છાઓને કાબુમાં રાખે અને પરિપૂર્ણ કરે તેવા કાયદાઓ કેવી રીતે ઘડવા આ બધું આપણને રામાયણ શીખવાડે છે. જો માત્ર રામાયણનું જ ઝીણવટપૂર્વક અધ્યયન કરવામાં આવે અને દૈનિક જીવનમાં આચરણ કરવામાં આવે, તો બધાં ક્ષેત્રોમાં માનવજાતિ શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે.

સીતા કેવી રીતે, શા માટે, ક્યારે, અને ક્યાં ગયાં તેની માહિતી શોધી કાઢવા માટે રામે અને લક્ષ્મણે, આયુધોથી સજ્જ બનીને, આશ્રમનો ત્યાગ કર્યો. તે પ્રદેશનાં દરેક તળાવ પર અને દરેક ટેકરી પર તેમણે સીતાની શોધ કરી. તેમને કોઇ નિશાની પ્રાપ્ત થઈ નહીં. આમ આગળ ચાલતાં, તેમણે ભાંગેલાં બાણ અને લોહીના ડાઘા થયેલાં યુદ્ધનાં ચિહ્નો જોયાં. રામે પોતાના ભાઈનું ધ્યાન તે તરફ ખેંચ્યું. તે બોલ્યા, " અહીં યુદ્ધ થયું હોય એમ લાગે છે. " કયા બે વચ્ચે યુદ્ધ થયું હતું તે માહિતી મેળવવા માટે તેમણે આસપાસ તપાસ આદરી. તેમણે એક સાચા રાજવી પ્રતિભાવાળા ગીધને જોયો જે જમીન પર પડેલો હતો, મુસીબતથી શ્વાસ લઇ રહ્યો હતો ; પણ તે આંખો બંધ કરીને પૂજ્યભાવપૂર્વક રામના નામનો જપ કરતો હતો. ભાઈઓ સીધા તે પક્ષી પાસે ગયા, પ્રેમપૂર્વક તેમણે તેનું મસ્તક અને શરીર પંપાળ્યુ. જ્યારે તેને રામના કોમળ હાથનો સ્પર્શ થયો ત્યારે તે પંખીમાં થોડુંક બળ આવ્યું. તેણે પોતાની આંખો ઉઘાડી અને આસપાસ જોયું, ઓચિંતું બધાં જગતોને મોહ પમાડે તેવું રામનું સુંદર રૂપ જોયું, તેનામાં ઓચિંતુ હર્ષનું અને શોકનું પુર ઉભરાયું. ઘવાયેલું, અશક્ત પંખી પોતાનાં અંગોને હલાવી શકતું ન હતું, પાસું પણ ફેરવી શકતું ન હતું, એટલે તે ધીમેથી સરકીને

આગળ આવ્યું અને તેણે પોતાના મસ્તકને ઊંચું કરીને રામનાં ચરણોમાં મૂક્યું. રામે તેના મસ્તકને પોતાના ખોળામાં લીધું અને મૃદુતાપૂર્વક પંપાળીને તેને ભાનમાં આણ્યું અને સક્રિય બનાવ્યું. મંદ અવાજમાં જટાયુ બોલ્યો, "હે નાથ, ન્યાયનો, પ્રમાણિકતાનો ત્યાગ કરી, વર્ષો સુધી તપ કરીને પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ ફેંકી દઈ, પોતાના દુષ્ટ ઇરાદાઓને તાબે થઈને, રાવણ જ્યારે રથમાં બેસાડીને આ વનમાં સીતા માતાનું હરણ કરી જતો હતો, જેવી રીતે કૂતરો ચોરી ચૂપકીદીથી ચાલે અને શિયાળ લુચ્ચાઈપૂર્વક ચાલે તેમ, ત્યારે સર્વ જગતોનાં માતા,જનક રાજાના પુત્રી 'રામ, રામ' કહી વિલાપ કરી રહ્યાં હતાં. તેથી આખું વન શોકથી છવાઇ ગયું હતું. મેં તે વિલાપ રુદન સાંભળ્યાં, પણ કોણ રુદન કરતું હતું તે હું જાણતો ન હતો. હું પાસે ઉડયો અને સીતા માતા વિપત્તિમાં આવી પડ્યાં હતાં તે જોઈને મને ખૂબ આશ્ચર્ય અને દુઃખ થયાં; હું શાંત ન રહી શક્યો. હું વૃદ્ધ અને અશક્ત હતો. છતાં મેં તમારું નામ લીધું, જેથી મારામાં બળ અને હિંમત આવ્યાં અને મેં રાવણ સાથે યુદ્ધ કર્યું. મેં તેના શરીરમાં એવા જોરથી ચાંચો મારી કે તેના શરીરમાંથી ખૂબ લોહી વહેવા માંડ્યું. તેણે સીતાને એક વૃક્ષની છાયામાં મૂક્યાં અને તેણે મારી સાથે ભીષણ યુદ્ધ કર્યું. તેણે ચક્રાયુધ લઈને મારી પાંખો કાપી નાંખી. હું સીતા સાથે તેની આગળ જવાની મુસાફરીને અટકાવી શક્યો નહીં એટલે મારા પરાજયથી રુદન કરતો અને તમારાં આગમનની રાહ જોતો હું અહીં પડયો છું. હું બહુ કમનસીબ છું, કારણ કે મેં તે બદમાશને સીતાનું હરણ કરી જતો જોયો, છતાં હું માતાજીને બચાવી શક્યો નહીં. " તે શબ્દો બોલતાં, જટાયુની આંખોમાં નિરાશાનાં આંસુ ઉભરાયાં.

રામે પણ બહુ રસ અને ચિંતા વ્યક્ત કર્યા. જટાયુ પ્રત્યે તે બોલ્યા, "હે પક્ષીરાજ, હું કદી તમારી મદદને ભૂલી નહિ જાઉં; તમે કરેલું કાર્ય તમને પરલોકમાં આનંદ આપશે. દિલગીર ના થશો. "એમ કહીને રામે પોતાની જટાઓ વડે તેમની પાંખોને સાફ કરી. લક્ષ્મણ તેમની તરસ છીપાવવા માટે અને તેની તાજગી આપવા માટે જલ્દી પાણી લઈ આવ્યા. રામે જટાયુના મુખમાં ટીપે ટીપે પાણી રેડ્યું. તે સદ્દભાગ્યથી જટાયુ આનંદ પામ્યા ; આનંદથી તેમનું મુખ ચમકી ઉઠ્યું. જટાયુ બોલ્યા, "રામ, હું તમારા પિતા કરતાં પણ વધારે નસીબદાર છું, કારણકે મરતી વખતે તેમને તમારે હાથે પાણી પીવાની તક મળી ન હતી. તમારા સુવર્ણમય હસ્ત વડે હું પાણીનો છેલ્લો ઘુંટડો પ્રાપ્ત કરી શક્યો ! હું તમારા ખોળામાં સુઈ શક્યો. હું તમારાં દર્શનના અમૃતનું પાન કરી શક્યો ; છેલ્લા શ્વાસ વખતે હું તમારા મનોહર મુખ કમળના ચિત્રથી મારી આંખોને તૃપ્ત કરી શક્યો. મને ખાતરી છે કે હું તમારામાં વિલીન થઈ જઈશ. સાચે જ હું ધન્ય છું." પછી જટાયુ નિર્મલ અવાજે બોલ્યા, " રામ, તે દુષ્ટ રાક્ષસ રાવણ દક્ષિણ દિશામાં ચાલી નીકળ્યો. ઘણું ખરું, તે લંકા પહોંચી ગયો હોવો જોઈએ. માટે, સીધા લંકા જાઓ, તે દુષ્ટ જણનો વિનાશ કરો અને માતાજીને તમારી પાસે પાછાં લાવો." જટાયુ વધારે બોલી

શકયા નહીં. માત્ર એક વખત 'રામ' આમ ચીસ પાડી અને તેમણે છેલ્લો શ્વાસ લીધો. રામે એના પ્રાણને પોતાનામાં વિલીન થવા દીધો; આ પક્ષીના શરીરની અંત્યેષ્ટિ કરી અને વિદાય સ્નાનવિધિ કરી. આ ક્રિયા કર્મ કર્યા પછી તેમણે દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું; આ દરમ્યાન એમના મનમાં દક્ષિણના પ્રદેશો અને સીતાની યાતનાઓનું ચિત્ર હતું. માર્ગમાં અજામુખી નામની રાક્ષસીની આ લોકો પર નજર પડી અને તેમનાં શારીરિક સૌંદર્યને જોઈને તે મોહિત થઈ ગઈ. તે મનમાં બોલી, "ઓહ, કેવું મનોહર સૌંદર્ય! કેવું મનોહર સૌંદર્ય! આંખને તે કેટલો આનંદ આપે છે! મારે તેમને પરણવું જોઈએ અને સુખ ભોગવવું જોઈએ." એમ નિશ્ચય કરીને તેણે લક્ષ્મણનો હાથ દાબ્યો અને તેમને પોતાના તરફ ખેંચ્યા. લક્ષ્મણે અનુમાન કર્યું કે, તેને શૂર્પણખા જેવો જ રોગ લાગુ પડ્યો છે. તેમણે તે રાક્ષસીનો પણ તેવો જ તિરસ્કાર કર્યો; તેમણે તેનાં અંગ કાપી નાંખ્યા અને તેને કડક બોધપાઠ ભણાવ્યો.

જે વનમાં થઈને તેઓ પસાર થતાં હતાં તે, તેમાં વસતા રાક્ષસો જેટલું જ , ભયંકર હતું ; તેમાં જંગલી પશુઓ રહેતાં હતાં. તેઓ ખૂબ ભયંકર ગર્જનાઓ કરતાં હતાં. તે દ્રશ્યો અને અવાજો વડે કઠોરમાં કઠોર હૃદય પણ કંપી ઊઠે. જ્યારે ભાઈઓ આગળ ચાલ્યા, ત્યારે તેમણે કબંધ નામના રાક્ષસને જોયો. તેનું શરીર ખૂબ વિકૃત અને કદરૂપું હતું; આગળ આવીને તેણે તેમને આગળ જતા રોક્યા. તેની અપાર્થિવ ગર્જનાઓથી જંગલ કંપી ઉઠ્યું. તેણે રામને અને લક્ષ્મણને પકડી જવાનો પ્રયત્ન કર્યો, પણ ત્યાર પહેલાં તો રામે તેને મારી નાખ્યો. તે રાક્ષસને માથું ન હતું. તેના હાથ ખૂબ લાંબા હતા, તેનું મુખ તેના ઉદરના મધ્ય ભાગમાં હતું. તે વનપ્રદેશ માટે તે ખૂબ ભયરૂપ હતો. તેના હાથના ઝપાટામાં જે કાંઈ આવે તેને તે ખાઈ જતો તેને મારી નાંખીને રામે ત્યાંના વનવાસીઓને એક ભીષણ શત્રુ વગરના કર્યા.

મરતી વખતે કબંધને પોતાનો શત્રુ કોણ હતો તેનો ખ્યાલ આવ્યો. તેણે રામને ઓળખ્યા અને તે બોલ્યો, "સ્વામી એક શ્રાપને કારણે હું આવો હાસ્યાસ્પદ ક્રૂર રાક્ષસ બની ગયો હતો ; આજે તમે મને તે શ્રાપમાંથી મુક્ત કર્યો છે. તમારાં દર્શનથી મારાં પાપ ખતમ થઈ ગયાં." રામના પગે પડીને કબંધ બોલ્યો કે અંતરાય કે વિલંબ વગર તમારું કામ સફળ થશે ; તમે જરૂર દુષ્ટ બળો પર વિજય મેળવશો.

સર્વ સાથે પ્રેમ રાખતા, ઉદાર હૃદયવાળા રામ તે સ્થાનથી પગપાળા આગળ ચાલ્યા, તેમની સાથે માત્ર તેમના ભાઈ જ હતા. થોડા જ સમયમાં તેમને એક વૃદ્ધ સ્ત્રી મળી જે ખૂંધી હતી. તે પોતાના મસ્તકને ટટ્ટાર રાખી શકતી ન હતી, તેને આંખે બરાબર દેખાતું ન હતું, તેના હાથ ધ્રુજતા હતા. પોતાના હાથમાં ફળોની ટોપલી લઈને તે તેમના તરફ આવતી હતી. તેણે આ ભાઈઓની

મનોહર મૂર્તિઓ જોઈ. તેણે અનુમાન કર્યું કે , વનમાં ઋષિ આનંદપૂર્વક અને ઉત્તેજનાપૂર્વક જેમનું વર્ણન કરે છે, તે જ આ બે જણ છે. ટોપલી જમીન પર મૂકીને તે માર્ગ વચ્ચે ઊભી રહી. તે પૂજ્યભાવપૂર્વક 'રામ - રામ ' બોલતી હતી અને આભાર પ્રદર્શિત કરતી હતી ; લક્ષ્મણે અનુમાન કર્યું કે અમને ઇજા પહોંચાડવા માટે આવું રૂપ ધારણ કરીને કોઈ કપટી રાક્ષસ આવ્યો છે. પણ રામ જાણતા હતા કે આ અનુમાન ખોટું હતું. તેમણે પ્રસ્તાવ મૂક્યો કે ચાલો આપણે આ વૃદ્ધ સ્ત્રીના આશ્રમ પાસેના, નજીકના વૃક્ષ હેઠળ બેસીએ. વૃદ્ધ શબરીએ બંનેની કમળની પાંખડીઓ જેવી આંખો જોઈ, તેમના વાંકડિયા વાળ જોયા , ઘૂંટણ સુધી પહોંચતાં લાંબા હાથ જોયા અને રામનો નીલ શ્યામ રંગ જોયો. તે પોતાના આનંદને અંદર સમાવી શકી નહીં, પોતાના પૂજ્યભાવને દબાવી શકી નહીં. દોડીને તે બંને ભાઈઓને પગે પડી. તેણે પૂછ્યું કે તમે ક્યાંથી આવો છો ? તમારાં નામ શાં? રામે સ્મિતપૂર્વક, ઠંડે પેટે જવાબ આપ્યો, "માં, અમે અયોધ્યામાંથી આવીએ છીએ. અમે વનમાં રહીએ છીએ, મારું નામ રામ છે. મારા આ ભાઇનું નામ લક્ષ્મણ છે." તે સાંભળીને શબરી બોલી ઊઠી , "પિતાજી , મારી ઘણા સમયની ઈચ્છા પૂર્ણ થઈ છે . હું રાત દિવસ તમારા આગમનની પ્રતીક્ષા કરી રહી હતી. તમારાં દર્શન માટે દૂર નજર ફેંક્યા કરવાથી મારી આંખો જડ બની ગઈ છે, મને બરાબર દેખાતું નથી. મને સફળતા પ્રાપ્ત થઇ છે, મારી આકાંક્ષા ફળી છે , મારું જાગરણ અને અને મારા ઉપવાસો ફળ્યાં છે, આહ! હું ધન્ય બની ગઈ છું. આ મારા ગુરુની કૃપાનું પરિણામ છે. આ ભગવાનની રહસ્યમય યોજના છે." તે ટોપલીને રામ પાસે લઈ આવી. રામે તેને પૂછ્યું કે, "તમે ગુરૂનો ઉલ્લેખ કર્યો, તે ગુરૂ કોણ છે ?"

તે બોલી, "તેમનું નામ મતંગ ઋષિ છે. પણ આ આશ્રમમાં સ્ત્રીઓને શિષ્ય તરીકે રાખવામાં આવતી નથી , એટલે હું વૃક્ષો અને જાળી પાછળ સંતાઈ રહીને તેમનો બોધ સાંભળતી હતી. મારા ગુરુ અને બીજા ઋષિઓ નદીએ સ્નાન કરવા જતા, અને હું તેમના માર્ગમાંથી કાંટા દૂર કરીને તેમની સેવા કરતી. મોટે ભાગે હું જમીન પર આળોટીને કાંટા ઝાંખરા દૂર કરતી, કારણકે મારે તે માર્ગને પ્રભાત કાળ પહેલાં સાફ કરી દેવાનો હતો. તેમના પગને ઇજા ન થાય તે માટે હું પથરા અને કાંકરા પણ તે માર્ગમાંથી દૂર કરતી હતી. બીજા શિષ્યોની પેઠે હું કંદ ફળ ખાઈને ગુજારો કરતી હતી. અદ્રશ્ય રહીને હું મારા ગુરુની સેવા કરતી અને જંગલની અંદરના ભાગોમાં મારા દિવસો વિતાવતી. મહાત્મા મતંગ મારા હૃદયની ઝંખનાઓને જાણતા હતાં. એક દિવસ તેમણે મને કહ્યું, "માતાજી, તમારી અવસ્થા ખૂબ વૃદ્ધ થઈ ગઈ છે; જો તમે આટલી બધી મહેનત લેશો તો તમે થાકી જશો, એટલે આશ્રમમાં આવો, ત્યાં રહો અને ખૂબ આરામ કરો. જ્યારે હું આશ્રમની સેવામાં મારા દિવસો ગાળી રહી હતી, ત્યારે ઋષિને પોતાના દેહનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ. તેમણે મને પોતાની પાસે બોલાવી અને કહ્યું, ' શબરી, હું જે કામ માટે આવ્યો હતો તે પૂરું થઈ ગયું છે, હવે મેં આ શરીરને છોડી દેવાનો નિર્ણય કર્યો છે. તું

આશ્રમમાં જ રહેજે. થોડા સમય પછી રામ આ વનમા આવશે ; તેમને આ આશ્રમમાં લઈ આવજે અને બને તેટલી તેમની થોડી ઘણી સેવા કરજે. તેમનાં ચરણોના સ્પર્શથી આ આશ્રમને પાવન થવા દેજે .' મેં તેમની વાતનો ખૂબ વિરોધ કર્યો. તેમના સિવાય હું આશ્રમમાં કેવી રીતે રહી શકું ? એમ મેં તેમને કહ્યું . હું બોલી કે તમે જ્યાં જાઓ છો ત્યાં તમે મને તમારી સાથે લઈ જાઓ. મારા ગુરુ મારી ઈચ્છાપૂર્ણ કરવાની ઈચ્છા રાખતા ન હતા. તેમણે કહ્યું કે તારે અહીં રહી રામના આગમનની પ્રતીક્ષા કરવાની છે; તારે તે જવાબદારી પૂર્ણ કરવાની છે, તે આનંદને ગુમાવવાનો નથી. તે દિવસથી તમારું સ્વાગત કરવા માટે હાથ પહોળા કરીને, ક્ષિતિજ પર મીટ માંડીને, આ નિર્બળ શરીરને ધારણ કરીને, તમારાં દર્શન અને સેવા કરવા અહીં જેવી રહી છું. હે રામ, હે સ્વામી, હે દીન વત્સલ, હે ઋષિઓના હૃદયમાં નિવાસ કરનાર રામ, મારા ગુરુની ઈચ્છા આજે પૂર્ણ થઈ છે. આશ્રમ અહીંથી થોડા જ ફીટ દૂર છે. કૃપા કરી તેમાં પ્રવેશ કરી તે પાવન કરો." એમ કહીને શબરી રામને પગે પડી અને પોતાના ગુરુની છેલ્લી પ્રાર્થના સ્વીકારવા માટે આજીજી કરવા લાગી.

શબરીની ભકિત અને તેના સમર્પણ-ભાવને જોઈને રામ સ્વાભાવિક રીતે જ રાજી થયા. તે મૂર્તિમાન સ્વયંભૂ પ્રેમ હતા. એટલે તે ઊભા થયા, પોતાના ભાઈની સાથે આશ્રમ તરફ ચાલ્યા અને તેમાં રામે પ્રવેશ કર્યો. ઓ! શબરી આનંદવિભોર બની ગઈ. તે આનંદની બધી મર્યાદાઓને વટાવી ગયો, ઊર્મિ-તરંગની સનેનાટીમાં અને વાણીમાં તે પ્રગટ થયો. તે નારી-રત્ન અત્યાર સુધી થોડાંક ડગલાં ભરવા પણ અશકિતમાન હતી, પણ હવે તેનામાં હજાર હાથીઓનું બળ આવી ગયું. તે હર્ષપૂર્વક નદીએ ગઈ અને થોડા જ સમયમાં શીતળ, સ્વચ્છ, પીવા યોગ્ય જળ લઈ આવી. ટોપલીમાંનાં ફળ પ્રથમ તેણે ચાખ્યાં, અને તેમાંનાં પાકાં મિષ્ટ ફળ તેણે બંને ભાઈઓને આપ્યાં, જયારે તેઓ ફળ ખાતા હતા, ત્યારે તે સુખપૂર્વક જોઈ રહી, કૃતજ્ઞતાપૂર્વક તેમનાં મનોહર મુખ નિહાળ્યા કર્યા. જયારે તે ખાઈ રહયા, ત્યારે તેણે તેમના પગ ધોયા અને તેમના ચરણ-સ્પર્શથી પાવન બનેલા ચરણોદકને પોતાના મસ્તક પર પધરાવ્યું. તે બોલી, “ હે નાથ, હવે મને કોઈ કમી રહી નથી. હવે મારે શેને માટે જીવવું ? અત્યાર સુધી હું રામનાં દર્શનના સદ્ભાગ્ય માટે જીવતી રહી હતી. તે દર્શન મને મળી ગયું, હવે મારા પ્રાણને, મારા જીવનને તમારાં ચરણ-કમળમાં વિલીન કરી દઈ મારો ઉદ્ધાર કરો. મુનિઓ અને સંતો પાસેથી તમારી યશ-ગાથા ખૂબ સાંભળી છે, આજે મેં તમારાં પ્રત્યક્ષ દર્શન કર્યા છે. હું ખૂબ ખૂબ આભાર માનું છું, હું આનંદવિભોર બની ગઈ છું.” તેણે ખૂબ ભકિતપૂર્વક આપેલાં ફળ રામે સ્વાદપૂર્વક માણ્યાં. તે ખાતાં ખાતાં રામ બોલ્યા, “ મા, આ ફળ તમારા હૃદય જેટલાં જ મધુર છે. સાચે જ, આ ફળો વૃક્ષ પર ઊગેલાં નથી, કારણ કે, જંગલમાં ઊગેલાં ફળ આટલાં મિષ્ટ નથી હોતાં; નહિ જ, તે આટલાં

મિષ્ટ ન જ હોઈ શકે. આ ફળો જીવનના પવિત્ર વૃક્ષ પર, વિશુદ્ધ મનની ડાળીઓ પર પ્રેમના સૂર્યપ્રકાશમાં ઊગેલાં છે. ફળોના સ્વાદને વખાણતાં વખાણતાં રામે તે ફળો ખાધાં.

રામની એવી મનોદશાને જોઈને લક્ષ્મણ અવર્ણનીય રીતે સુખી બન્યા કારણ કે તેમણે ઘણા સમયથી, રામને આવી આનંદપૂર્વક રીતે ફળો ખાતા જોયા ન હતા. પહેલાં તો લક્ષ્મણને ફળો છોલવાં પડતાં, રામની આગળ મૂકવાં પડતાં અને જયારે તે ઘણી આજીજીઓ, પ્રાર્થનાઓ કરે ત્યારે રામ થોડાંક ફળ ચાખતા હતા. રામને સીતાનો વિયોગ એટલો બધો સાલતો હતો. લક્ષ્મણ બહુ આગ્રહ કરે, ત્યારે રામ અડધું ફળ પરાણે ખાતા. રામ ફળોનો જે જથ્થો ખાતા તેનાથી કદી લક્ષ્મણને સંતોષ થતો ન હતો. આજે શબરીએ વૃક્ષો પરથી ગરી પડેલાં, પાકાં ફળો રામને આપ્યાં. રોજ રોજ તે ફળોને વીણી લાવતી, ધૂળ ખંખેરી નાંખીને તેમને સાફ કરતી અને સંઘરી રાખતી; પછી જયારે રામ આવતા નહિ ત્યારે તે ફળોને રામનો પ્રવિત્ર પ્રસાદ માનીને ખાઈ જતી. રોજ રોજ તે રામ માટે મધુર ફળ વીણી લાવવા માટે વનમાં વિચરતી. આમ ફળો પ્રેમથી અને ભકિતથી સભર બની જતાં, અને ફળો બમણાં સ્વાદિષ્ઠ બની જતાં. લક્ષ્મણે જોયું કે આ કારણે રામ આનંદપૂર્વક તે ફળો ખાતા હતા. તે આનંદવિભોર બની ગયા, તેમણે શબરીની સુયોગ્ય બદલો પ્રાપ્ત કરેલી ભકિતની પ્રશંસા કરી. લાંબા સમય સુધી કરેલાં .આધ્યાત્મિક અધ્યયન અને સાધના વડે શબરીને જે દિવ્ય આનંદ પ્રાપ્ત થયો હતો તેની લક્ષ્મણને કદર હતી.

રામ સામે બે હાથ જોડીને શબરી બોલી, “ સ્વામી, હું અધમ જ્ઞાતિની છું. મેં કેળવણી લીધી નથી, એટલે મારી બુદ્ધિ મંદ અને મૂર્ખાઈભરેલી છે. હું કોઈ ધર્મશાસ્ત્ર ભણી નથી. હું અધમથી પણ અધમ છું. હું કેવી રીતે તમારી સ્તુતિ કરી શકું, તમારા યશનું વર્ણન કરી શકું ? મારામાં શબ્દોના ઉપયોગની કુશલતા નથી, મેં મારી તર્ક-બુદ્ધિને વિકસાવી નથી. ભગવાનનાં દર્શન માટે મેં શાસ્ત્રોક્ત તપસ્યા કરી નથી. આધ્યાત્મિક સાધનામાં હું હજી નિમ્નતમ કક્ષા પર છું. મારું બળ એક જ છે અને તે પરમાત્મા પ્રત્યે પ્રેમ. મારો બીજો કોઈ આશ્રય નથી. પણ તમારી કૃપા અસીમ છે.” રામ એકાગ્રતાપૂર્વક તેના શબ્દો સાંભળી રહ્યા હતા. તેની ચિબુક ઊંચકીને રામે સીધું તેની આંખોમાં જોયું. પછી તે બોલ્યા, “માતા, મને માત્ર ભક્તિની જરૂર છે; બીજી બધી વસ્તુઓ ગૌણ છે. હું વિદ્વત્તા, બુદ્ધિ, મોભો, સામાજિક પ્રતિષ્ઠા, જ્ઞાતિ જેવી બીજી વસ્તુઓ તરફ ધ્યાન આપતો નથી. મારી દષ્ટિમાં તેમની કશી કિંમત નથી. આધ્યાત્મિક સાધનાઓ અને તપસ્યાઓ વડે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ કરતાં પ્રેમથી પરિપૂર્ણ ભક્તિની મધુરતા મને બહુ ગમે છે, હું માત્ર તેની જ ખોજ કરું છું. જે મનુષ્યમાં પ્રેમ નથી તે જળ વગરના વાદળ જેવો, ફળ વગરના વૃક્ષ જેવો, વસૂકી ગયેલી ગાય જેવો અ-ફળદ્રુપ છે. તે હંમેશાં ભગવાનથી દૂર જ હોય છે, તેને કદી ભગવાનની કૃપા પ્રાપ્ત થતી નથી. શબરી, નવ પ્રકારની

ભક્તિઓમાં માણસ ગમે તે એક વ્યક્તિને સુસંગતતાપૂર્વક અનુસરી શકે છે. પણ તારામાં હું નવેય ભક્તિઓ પરિપૂર્ણ બનેલી, સિદ્ધ થયેલી જોઉં છું, એટલે આધ્યાત્મિક પ્રાપ્તિમાં હું તારા કરતાં અધિક બીજા કોઈને જોતો નથી. હું સાચે જ સર્વે પ્રકારે આનંદ પામ્યો છું, કારણ કે, તે મને વિશુદ્ધ, સુસ્થિર, નિઃસ્વાર્થ ભકિત આપી છે; આ ભકિત તારા હૃદયમાંથી ઉદ્દભવતો પ્રેમ છે; અને આ પ્રેમ બધી દિશાઓમાં, બધાં પ્રાણીઓ પ્રત્યે વહી રહ્યો છે,તેં સ્વપ્નમાં પણ કોઈનો દોષ જોયો નથી. તેથી તારું મન ખૂબ વિશુદ્ધ બની ગયું છે. સુખ આવતાં તારું મન ખીલી ઊઠતું નથી, અને દુઃખ આવતાં તે ચિમળાઈ જતું નથી. બધી રીતે તે ધન્ય છે."  રામ વડે બોલાયેલા આ બોધના શબ્દોનું શબરીએ પાન કર્યું. તે બોલી, "રામ, ભગવાનને પ્રસન્ન કરવામાં બધી શક્તિઓ ખર્ચવી તેના સિવાય બીજો કોઈ માર્ગ ભકત માટે નથી, નહીં! વારુ. હું બીજા કશાની ઈચ્છા રાખતી નથી. આજે મારા પિતા, મારા ભગવાન મારા જીવનના સ્વામી, સર્વ જગતના સ્વામી, સર્વ સૃષ્ટિના સ્વામી મારી આગળ પ્રત્યક્ષ થયા છે. હે જનકનાં પુત્રી જાનકીના-સીતાના-સ્વામી, હું કેવી રીતે મારા સદ્દભાગ્યનું માપ કાઢી શકું ?" એમ બોલતાં શબરીએ સીતાને યાદ કર્યા, અને બે ભાઈઓને પણ ઓચિંતું પોતાની દશાનું ભાન થયું. રામે તેને કહ્યું, "ઓહ! શબરી, અત્યાર સુધી તેં સુખમાં, ચિંતામુક્ત આનંદમાં તરતા રાખ્યા હતા, પણ અત્યારે તેં અમને શોકમાં ગરકાવ કરી દીધા છે. શબરીને પશ્ચાત્તાપ થયો. તેણે ભયપૂર્વક પોતાનું મસ્તક ઊંચું કર્યું, અને તે બોલી કે "હે નાથ, તમે આ શું કહી રહ્યા છો ? મારા અવિવેક બદલ મને ક્ષમા આપો."  પછી તે રામને પગે પડી.

રામે તેને પૂછ્યું, "શબરી, તું સીતા માટે કંઈ જાણે છે ? તેમને વિશે તે કશું પણ સાંભળ્યું છે ?" શબરીએ જવાબ આપ્યો, "શું, હું સીતા વિશે નથી જાણતી? જે માણસ રામ-તત્વને જાણે છે તે સીતા-તત્વને, સમસ્ત નારીજાતિના રત્નને, સગુણના મુકુટને, નારીત્વના પ્રકાશને જાણે જ. ઓહ, તેમનું કેવું પરમ સદ્દભાગ્ય છે ! તે મારા રામનો પડછાયો છે. મારા ગુરુ મતંગ ઋષિએ મને સીતા-તત્વ વિશે જે બોધ કર્યો છે તે મારે તમને કહેવો જોઈએ. અલબત્ત, તમારાથી કશું અજ્ઞાત નથી. પણ તમે મને સીતા વિશે હું કાંઈ જાણું છું તેવો પ્રશ્ન પૂછયો, એટલે હું જે જાણું છું તે તેમને કહીશ. રાક્ષસ-જાતિનો સંહાર કરવા માટે-પોતાનું જીવન-કાર્ય પરિપૂર્ણ કરવા માટે રામે મંથરાના અને કૈકેયીના મનને ભ્રાંતિમાં નાંખી દીધાં હતાં. મારા ગુરુએ મને કહ્યું હતું કે- 'તે કારણે રામ, સીતા અને લક્ષ્મણ વનવાસમાં આવ્યાં છે. તેઓ આશ્રમોની મુલાકાતે જશે, મુનિઓને આશીર્વાદ આપશે, અને મુનિઓની સાધનાઓમાં અને યજ્ઞ વિધિઓમાં અવરોધ કરનાર રાક્ષસોનો સંહાર કરશે. તે એક એવી યોજના ઘડી કાઢશે કે જેના વડે રાક્ષસ જાતિઓ સાથે ગાઢ રીતે સંકાળાયેલો રાવણ એક એવો ભાગ ભજવવા માટે લલચાશે, કે જેનો કેન્દ્ર-ભાગ હશે સીતાનું અપહરણ. અપહરણ કરાયેલાં સીતા, સાચાં સીતા માતા નહિ હોય, પણ તેમની

ખોટી છાયા-માત્ર હશે. સીતામાતા અને રામ આ વનમાં આવશે અને તેમની મુલાકાતથી તું અદ્વિતીય રીતે બડભાગી બનીશ. રામ સુગ્રીવ સાથે મૈત્રી કરશે, જે સુગ્રીવે (આપણા આશ્રમની પાસે આવેલી) ઋષ્યમૂક-ટેકરીઓ પર આશ્રય લીધો છે. કારણ તેનો મોટો ભાઈ વાલી તેના પર ભયંકર આક્રમણો કરે છે. સુગ્રીવ મારફતે રામ સીતાની શોધનું કાર્ય પૂર્ણ કરશે.' હે રામ.. તમે ઘડેલા વિશ્વ નાટકના તમે સૂત્રધાર છો. મારા ગુરુએ તમારા નાટકની ઘટનાઓ વર્ણવી બતાવી હતી. સમગ્ર વિશ્વ તમારી રંગભૂમિ છે, તમારો સંકલ્પ વિશ્વના ભાવિનું નિર્માણ કરે છે; તે વિશ્વની સ્થિરતાને અને પ્રગતિને ટકાવી રાખે છે; જે કાંઈ બને છે તે તમારા સંકલ્પનો જ આવિર્ભાવ હોય છે. તમારા સંકલ્પ સિવાય નાનું-મોટું કશું જ કદી બની શકતું નથી.

હે સ્વામી, જાણે તમે તમારી પોતાની યોજનાથી અજાણ હો તેમ, તમે આ નાટકમાં ભાગ ભજવી રહ્યા છો. સીતા-વિયોગથી તમને દુઃખ થતું હોય તેવો દેખાડો તમે કરો છો. જે લોકો મૂર્ખ હોય છે, જેમને આત્માની વાસ્તવિકતામાં શ્રદ્ધા નથી હોતી, અથવા જે નાસ્તિક હોય છે, તેઓ જ આ દુ:ખને સાચું માની લે છે. જે લોકો દિવ્યતા અને તેમનાં રહસ્યોથી અભિજ્ઞ હોય છે, જે લોકો ભકતો અને સાધકો છે અને જેઓ ભગવાનનો પોતાની જ વાસ્તવિકતા-રૂપે સાક્ષાત્કાર કરવા માગે છે, તેઓ આ દુ:ખને, શોકને સાચાં નહિ માને. તમે સર્વ કાર્યોના કર્તા છો. માણસ ગમે તેટલો બળવાન હોય, પણ તે તમારા સંકલ્પનો વિરોધ કરી શકતો નથી, તેમાં અવરોધ ડાલી શકતો નથી. સર્વે ઘટનાઓ પ્રત્યે લોકોની સારાં-નરસાં તરીકેની પ્રતિક્રિયાઓ તમારા સંકલ્પ અનુસાર જ થતી હોય છે; લોકો પોતે તેમના કર્તા નથી. અજ્ઞાનીઓ જ માને કે અમે અમારાં કાર્યોના કર્તા છીએ. રામ, ધૃષ્ટતા બદલ મને ક્ષમા આપજો. તમારી હાજરીમાં મેં વધારે પડતું બોલી નાંખ્યું છે. " એમ બોલીને શબરી રામને પગે પડી. તેણે આંતર-યોગાગ્નિ પ્રગટ કર્યો, જેને પરિણામે તેનો દેહ ભસ્મીભૂત બની ગયો; જેને તે પુજતી હતી તે રામ તત્વમાં તેનો પ્રાણ  વિલીન થઈ ગયો.

• • •

## મદદગારનો સ્વીકાર

આમ રામે અને લક્ષ્મણે શબરીની ઊંડી આકાંક્ષાઓ પૂર્ણ કરી અને તેના વિદાય લેતા આત્માને પરમ આનંદથી સભર ભરી દીધો . સિંહોની પેઠે ગતિ કરતા, વૃદ્ધ શબરીની ભકિત વિશે તથા તેના અમેય સમર્પણભાવ વિશે વાતો કરતા, બંને ભાઈઓ જંગલમાં આગળ ચાલ્યા. ઝડપથી મુસાફરી કરતા તેઓ પર્વતમાળાની નજીક આવી પહોંચ્યા. તે ટેકરીઓ પર સુગ્રીવે પોતાના મંત્રીઓ અને દરબારીઓ સાથે આશ્રિત બનીને રહ્યો હતો. ટેકરીઓની પાસે આવતા તે બે ભાઈઓને સુગ્રીવે જોયા. તેમના ઉદાત્ત ચહેરાને અને તેમની બળવાન ગતિને જોઈને સુગ્રીવ આશ્ચર્ય પામ્યો. તેઓ કોઈ દિવ્ય વંશના દેખાતા હતા. પોતના નિવાસ સ્થાન પાસે આવતાં અપરિચિત મુખોની સુગ્રીવ હંમેશાં ચાંપતી તપાસ રાખતો હતો, કારણ કે તેને ભય હતો કે પોતાનો મોટો ભાઈ વાલી કોઈ મૃત્યુના કે વિપત્તિના દૂતોને મોકલી તેના અત્યારના નિવાસ સ્થાનમાં પણ તેને હેરાન કરે. ટેકરીઓ પરના પોતાનાં નિવાસ-સ્થાન તરફ જતા બધા માર્ગો પર તે નજર રાખતો હતો. તે બે અપરિચિત વ્યકતિઓની ગતિથી અને ભવ્યતાથી તેને ડર લાગ્યો. તેઓ કોણ હતા અને શા કામ માટે આવ્યા હતા, તે તરત જાણવા માટે તે આતુર બન્યો. એટલે તેણે હનુમાનને પોતાની પાસે બોલાવીને કહ્યું . “હે બળવાન મહાવીર, તમે પેલી બે તેજસ્વી વ્યક્તિઓને જોઈ? જરા પણ વિલંબ ન કરો. જાઓ અને તપાસ કરી લાવો કે, તેઓ કોણ છે, ક્યાંથી આવ્યા છે અને અહીં શા માટે આવ્યા છે. તમે જેટલી એકઠી કરી શકો તેટલી માહિતી તમે લઈ આવો. જો અકસ્માત તેઓ વાલી વડે મોકલાયેલા હોય તો મને નિશાની કરીને સૂચિત કરજો. હું તે નિશાનીની રાહ જોતો રહીશ. છાતી પર તમારું મસ્તક નમાવજો, એટલે હું સમજી જઈશ. હું તરત જ આ ટેકરી પરથી બીજી ટેકરી પર જવાની વ્યવસ્થા કરી લઈશ.”

બધી કટોકટીઓને પહોંચી માટે સુગ્રીવે હનુમાનને વિવિધ સૂચનાઓ આપી. છલંગો અને કુદકા મારીને હનુમાન તે અજાણી વ્યક્તિઓ તરફ ગયા. તેમની પાસે પહોંચ્યા પછી તે ખૂબ પૂજયભાવપૂર્વક તેમને પગે પડ્યા અને બોલ્યા, “હે પ્રકાશમય દેવો, તમે મારામાં ઊંડું આશ્ચર્ય અને કુતુહુલ પેદા કરો છો, તમારાં મનોહર રૂપો કોઈ વિચિત્ર ઝંખનાપૂર્વક મારા મનને આકર્ષી રહ્યાં છે. તમે ખૂબ સુકોમળ અને નિર્દોષ દેખાઓ છો . સાચેજ, તમે માત્ર માનવો નથી, તે બાબતની મને ખાતરી થઈ ગઈ છે. હું અનુમાન કરું છું કે - તમે પૃથ્વી પર અવતરેલા નર - નારાયણનું દિવ્ય યુગલ છો. તમે મને કહેશો કે, કોઈ સેવકો કે ભોમિયા વગર, તમે જંગલમાં શા માટે વિચરો છો ? ” હનુમાને ખૂબ નમ્રતાપૂર્વક અને પૂજ્યભાવપૂર્વક એ પ્રશ્ન પૂછયો. રામે હનુમાનની ભકિતની અને નમ્રતાની કદર કરી. તેમણે સ્મિતપૂર્વક જવાબ આપ્યો, “અમે અયોધ્યાના રાજા દશરથના પુત્રો છીએ . અમારા

પિતાની ઈચ્છા - અનુસાર અમે વન - પ્રદેશમાં પ્રવેશ કર્યો છે; આ મારો નાનો ભાઈ લક્ષ્મણ છે . મારું નામ રામ છે. મારી પત્ની પણ મારી સાથે વનમાં આવી હતી; પણ અમે જયારે પંચવટીમાં રહેતાં હતાં, અને અમે બે જણ અમારી ઝૂંપડીમાંથી બહાર ગયા હતા, ત્યારે કોઈ રાક્ષસ મારી પત્નીનું હરણ કરી ગયો. હવે અમે તેની શોધમાં આ પ્રદેશમાં ફરી રહ્યા છીએ. અમારો આશય તે કયાં છે તે જાણવાનો અને તેમને પાછાં લાવવાનો છે." રામે હનુમાનને જરા પણ સંકોચ વગર સ્પષ્ટ હકીકતો કહી સંભળાવી, જેથી પોતે તે પર્વતની ટેકરીઓ પાસે શા માટે આવ્યા છે તે સમજાઈ જાય. રામ બોલ્યા, "ઠીક, મેં તમને મારી પૂર્વ ઘટનાઓ અને કથા સંભળાવી; હવે તમારે વિશે બધું જાણવા માગું છું." હનુમાનને ખ્યાલ આવી ગયો કે તે બે ભાઈઓ પોતાના સ્વામીઓ છે. એટલે તેમનું પૂજ્યભાવપૂર્વક સન્માન કરવા તે ફરી તેમને પગે પડયા. પછી હનુમાન ઊભા થયા અને એક બાજુએ ઊભા. તેમની આંખોમાંથી હર્ષનાં અને ભકિતનાં આંસુ વહી રહ્યાં હતાં . તે બોલી શકયા નહિ .

છેવટે હિંમત એકઠી કરીને, એ પ્રણામાંજલિ કરીને લથડાતે અવાજે બોલ્યા, "સ્વામી, હું તો એક મૂર્ખ અજ્ઞાની છું તેથી મેં તમને એવો પ્રશ્ન પૂછ્યો હતો. મારી ધૃષ્ટતા અને મૂર્ખાઈ બદલ મને ક્ષમા આપો. હે રાજાધિરાજ, જાણે તમે સામાન્ય હો અને તમને કહેવામાં આવે ત્યારે જ તમે અમારી પૂર્વ ઘટનાઓને જાણી શકો તેમ હો તેવી રીતે , તમે મને અમારી પૂર્વ ઘટનાઓ અને વર્તમાન સ્થિતિઓ વિશે પૂછી રહ્યા છો. શું એ યોગ્ય છે ? તમે અમારામાં જે ભ્રાંતિનું આવરણ નાંખો છો તેના વડે બંધાયેલો હું, તમે કોણ છો તે જાણી શક્યો નહિ. હે સ્વામી, તમે બળવાન અને અજેય છો . સેવક કેવી રીતે સ્વામી સમાન હોઈ શકે ? તમારી યુક્તિ અને યોજના બધાં પ્રાણીઓને ભ્રાન્તિવશ બનાવી દે છે . હું એક ઘોષણા કરવા ઇચ્છું છું , જેને માટે સ્વામી સાક્ષી છે. મારા સ્વામીની પૂજા કરવા સિવાય બીજું કશું કાર્ય હું જાણતો નથી . સ્વામીનું બળ સેવકની રક્ષા કરે છે , ભરણપોષણ કરે છે, તો પછી સેવકને ભય કેવો? સ્વામીનું બળ એ સેવકની ઢાલ છે." એમ કહી હનુમાને પોતાનું મૂળ રૂપ ધારણ કર્યું . હનુમાનને જોઈને રામ આનંદવિભોર બની ગયાં. તું મને લક્ષ્મણ જેટલો વ્હાલો છે એમ કહીને રામ તેને ભેટી પડ્યા. રામે હનુમાનને પોતાની પાસે ખેંચી લીધા, પ્રેમપૂર્વક તેમને લાડ કર્યા, તેમનું મસ્તક પંપાળ્યું, મૃદુતાપૂર્વક તેમના કપાળને અને મુખને સ્પર્શ કર્યો. તે બોલ્યા, " હનુમાન, જે લોકો મારી સેવા કરે છે અને એમ માને છે કે , સેવા અને મુક્તિનું શ્રેષ્ઠ સાધન છે, તેમના પર હું સૌથી વધારે પ્રેમ વરસાવું છું." તે સાંભળીને હનુમાન બોલ્યા, "હે સ્વામી , વાનરજૂથોના રાજા સુગ્રીવે અનેક સંજોગોને કારણે, પોતાના મોટાભાઈ વાલીની શત્રુતા વહોરી લીધી છે. વાલીએ તેમને રાજ્ય બહાર મૂકયા છે, વનમાં દેશવટો આપ્યો છે; એટલે સુગ્રીવ વનમાં રહે છે. તે પણ તમારો સેવક છે. તે તમારા સ્નેહ અને આશીર્વાદ માટે યોગ્ય છે . તેમના પર કૃપા કરો અને તે અત્યારે જે અપકીર્તિમાં સબડી રહ્યા છે તેમાંથી

તેમને બચાવો. સીતાની શોધમાં લાખો વાનરોને જગતમાં બધે મોકલવાની સત્તા અને શક્તિ તે ધરાવે છે. તે વાનરોના રાજા છે , તે કામમાં તે જરૂર વિજય પ્રાપ્ત કરશે." હનુમાને સુગ્રીવની અનેક શક્તિઓનું અને સદ્દગુણોનું વિગતવાર વર્ણન કર્યું અને રામને તેની મૈત્રી કરવા સમજાવ્યા; જ્યારે રામે તેમાં સંમતિ આપી ત્યારે બંને ભાઈઓને તે પોતાના ખભે બેસાડીને પર્વતમાળા પર લઈ ગયા, જ્યાં સુગ્રીવ રહેતો હતો.

રામને અને લક્ષ્મણને જોઈને સુગ્રીવને આનંદ થયો. રામ વનમાં અને પોતાની પાસે શા માટે આવ્યા હતા, તે સુગ્રીવ સમજી ગયો. બંનેને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ પ્રગટી ; બન્ને એકબીજાના દુ:ખને સમજી ગયા. મૈત્રીની ગ્રંથિથી પોતે બંધાયા હોય એવો બંનેને અનુભવ થયો. સુગ્રીવ રામને અને લક્ષ્મણને પગે પડ્યો,તેણે તેમનું પૂજ્યભાવપૂર્વક આતિથ્ય કર્યું. રામે સુગ્રીવને ખાતરી આપી કે હું તારા ભયને દૂર કરીશ, તારા દુઃખને દૂર કરીશ. રામ તો મૂર્તિમાન કરુણા હતા. સુગ્રીવે પણ વચન આપ્યું કે હું રામની સેવામાં સર્વસ્વનું, મારા જીવનનું પણ, બલિદાન આપીશ. તે સનાતન મૈત્રીની પ્રતિજ્ઞા અગ્નિની સાક્ષીએ લેવામાં આવી કારણ કે દરેક જીવતાં પ્રાણીના હૃદયમાં અગ્નિ ઉષ્મા - રૂપે હાજર છે. આંતર ચેતનામાં હાજર રહેલો અગ્નિ પ્રતિજ્ઞાનો ભંગ કરાવનાર કોઈપણ આડાઈને કે અનિશ્ચયાત્મકતાને બાળીને ભસ્મ કરી શકે છે. હકીકતમાં અગ્નિ (સૂક્ષ્મ દિવ્ય તેજ અને પ્રકાશ, જે અગ્નિનું છે) એ રામાયણમાં મુખ્ય તત્વ છે. યજ્ઞવેદીમાંથી અગ્નિદેવ જે અમૃતમય પાયસ લઈ આવ્યા હતા તેમાંથી જ રામ જન્મ્યા હતા; સીતા અને રામનાં લગ્ન અગ્નિની સાક્ષીએ થયાં હતાં, અગ્નિએ લંકાનો વિનાશ કર્યો. જ્યારે રાવણ સીતાનું હરણ કરીને તેમને લંકામાં લઈ ગયો, ત્યારે સીતા - તત્વને અગ્નિમાં સ્થાપવામાં આવ્યું હતું. જ્યારે યુદ્ધમાં રામનો વિજય થયો ત્યારે અગ્નિમાંથી સીતા તત્વને પાછું પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. તેનો સૂચિતાર્થ એ છે કે, અગ્નિ સાથેના સંપર્કથી રામનું હૃદય વિશુદ્ધ બન્યું હતું , હૃદયના કચરાને દૂર કરવામાં આવ્યો હતો. રામ એ પરમ જ્ઞાનનું પ્રતીક છે . તે પરમ નીતિમયતાનું પ્રતીક છે. એટલે અગ્નિનું સાક્ષી તરીકે આવાહન કરીને સુગ્રીવ સાથેની મૈત્રી - સંધિ દ્રઢીભૂત અને પવિત્રિકૃત કરવામાં આવી. રામનું સત્ય સુગ્રીવને જણાવીને , તે જે ધ્યેય ( મિશન ) માટે આવ્યા હતા તે જણાવીને, લક્ષ્મણે સુગ્રીવની શ્રદ્ધાને ઊંડી બનાવવાનો અને મૈત્રીની ગ્રંથિને દઢ બનાવવાનો પ્રયત્ન કર્યો .

તેમણે સીતા અને તેમની દિવ્યતા વિશે પણ વાત કરી; તે બોલ્યા, ‘તે મિથિલાના રાજાની પુત્રી છે. એટલે તે સતત મંથન દ્વારા , સાધના દ્વારા જ જીતી શકાય અને તેમના આશીર્વાદ મેળવી શકાય એમ છે.” તે સાંભળીને સુગ્રીવને હર્ષાશ્રુ ઊભરાયાં. તે બોલ્યા, “એક દિવસે જ્યારે હું મારા મંત્રીઓ સાથે મંત્રણા કરી રહ્યો હતો, ત્યારે મેં આકાશમાંથી ‘ રામ ’ એવો અવાજ સાંભળ્યો હતો . તે

અવાજ પુષ્પક -વિમાનમાંથી આવતો હતો, જે વિમાન આકાશમાં ઊડી રહ્યું હતું . અમે તે વિચિત્ર દશ્ય જોઈ રહ્યા હતા ત્યારે તેમણે અમે જયાં ઊભા હતા ત્યાં એક લૂગડે બાંધેલી પોટલી નાંખી હતી. તે રત્નજડિત ઘરેણાંની પોટલી હતી, અમે તેને સાચવી રાખી છે. ખૂબ સંભવ છે કે, રાવણ નામનો રાક્ષસ તેમનું હરણ કરી ગયો છે, કારણ કે હજી સુધી એવો કોઈ અન્યાય નથી કે જે રાવણે ન કર્યો હોય. તે ભીષણ કૃત્ય કર્યાની જેના પર સુગ્રીવને શંકા હતી, તે રાક્ષસ સામે સુગ્રીવે ક્રોધપૂર્વક પોતાના દાંત કચકચાવ્યા.રામે કહ્યું કે - રત્ન - આભૂષણોની પોટલી લાવો . તે સાંભળીને સુગ્રીવ પોતે ઉઠ્યો અને જે ગુફામાં તેણે સંતાડી રાખી હતી ત્યાંથી તેને લઈ આવીને રામની આગળ મૂકી. તે પોટલીનું લૂગડું વલ્કલનો એક ટુકડો હતું , જે વલ્કલ વસ્ત્ર કૈકેયીએ સીતાને પહેરવા માટે ફેંક્યું હતું , જે પહેરીને સીતા વનવાસમાં જાય.તે વલ્કલ લૂગડાં ને આ પ્રમાણે ઓળખીને લક્ષ્મણે આંસુ સાર્યા તે જોઈને સુગ્રીવ અને હનુમાન પણ દિલગીર થઈ ગયા. રામે ગાંઠ છોડીને પોટલી ખોલી અને તે આભૂષણો તેમણે લક્ષ્મણને બતાવ્યા તથા પૂછ્યું કે આ સીતા પહેરતી હતી તે જ આભૂષણ છે ને? લક્ષ્મણે જવાબ આપ્યો, “તે હું કહી શકતો નથી, કારણ કે મેં કદી માથું ઊંચું કરીને સીતા સામે જોયું નથી. હું માત્ર મારા ભાભીના નૂપુરને ઓળખું છું, કારણ કે રોજ હું તેમનાં ચરણોમાં દંડવત પ્રણિપાત કરતો હતો. હા, હું ખાતરી આપું છું કે આ નૂપુર (ઝાંઝર ) તે જ છે જે સીતાજી પહેરતાં હતાં. વનમાં ચાલતાં હું તેમની પાછળ ચાલતો હતો. તમે જાણો છો કે, તમે હંમેશાં સીતાની આગળ ચાલતા હતા અને હું પાછળ - પાછળ ચાલતાં ચાલતાં હું માત્ર તેમના પગ જ જોતો હતો, એટલે આ નૂપુર સીતાનાં છે એમ તેમને હું બરાબર ઓળખું છું.” સીતા વડે ફેંકાયેલાં આભૂષણોને જોઈને રામ - લક્ષ્મણ શોકમગ્ન થઈ ગયા; તેઓ પોતાનો નાટકનો ભાગ બરાબર ભજવતા હતા . સુગ્રીવે અને હનુમાને બંને ભાઈઓ પર ચિંતા - પૂર્ણ દષ્ટિપાત કર્યો. સુગ્રીવ તેને વધારે સહન કરી શકયો નહિ; તે બોલ્યો, “ સ્વામી , શોકને વશ ન થશો , આજે જ હું સીતાને શોધી કાઢવાની અને દુષ્ટ રાવણનો નાશ કરવાની યોજના અમલમાં મૂકીશ. સીતાને લાવીને હું તમને બંનેને સુખી કરીશ. આ મારું પવિત્ર વચન છે, મારી પ્રતિજ્ઞા છે.”

તે વચન સાંભળીને રામને ખૂબ સંતોષ થયો. તે બોલ્યા, “તું અહીં વનમાં રહે છે અને રાજધાનીમાં નહિ , તેનું કારણ મને વિગતવાર જણાવ." પછી સુગ્રીવે , માળામાં પરોવેલા મણકાની પેઠે , સુસંગત રીતે પોતાની વીતક કથાની ઘટનાઓનું વર્ણન કર્યું . કોણ પોતાનાં માતા - પિતા હતાં , પોતાનું સાચું નિવાસસ્થાન કર્યું હતું, પોતાની અને મોટાભાઈની વચ્ચે કયાં કારણોને લઈને વેર બંધાયું હતું તે બધાનું તેણે વર્ણન કર્યું. રામને લાગ્યું કે મારી અને સુગ્રીવની કથા લગભગ એક સરખી છે, ખાસ કરીને પત્નીના વિયોગની બાબતમાં અને રાજય - નિકાલની ( વન - વાસની ) બાબતમાં. તેમને લાગ્યું કે સુગ્રીવ પ્રામાણિક અને ન્યાયી છે અને વાલી શિક્ષાને પાત્ર છે, કારણ કે, તેણે પોતાના

ભાઈની પત્નીનું હરણ કર્યું હતું , જે ગુનો વાનરોની નીતિ અનુસાર અક્ષમ્ય હતો .

રામે સુગ્રીવને તેની જન્મકથા વિશે પૂછયું . સુગ્રીવે જવાબ આપ્યો ,"હું તમારે ચરણે મારા જન્મનો અને વંશનો ઇતિહાસ નિવેદિત કરીશ. એકવાર બ્રહ્માએ એક વાનરના રૂપનું નિર્માણ કર્યું; તે વાનર ખૂબ બળવાન હતો, પણ તેની ગતિ અને તેનાં કૃત્યો સ્વચ્છંદી હતાં. એટલે બ્રહ્મા તેનું નામ ઋક્ષરાજ પાડ્યું. જ્યારે તેણે પોતાના નિવાસ સ્થાન માટે વાનર પૂછયું, ત્યારે બ્રહ્મા બોલ્યા કે જા વનમાં જઈને રહે , કારણ કે ત્યાં તું સ્વછંદ અનુસાર વિચરી શકીશ; રાક્ષસને તું જુએ કે તરત જ તેને મારી નાંખજે, અને વનવિસ્તારને તેનાં દુષ્કૃત્યોથી બચાવજે. ઋક્ષરાજ દક્ષિણ પ્રદેશમાં ગયા અને બ્રહ્માની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા. એક દિવસ ઋક્ષરાજ પોતાની તૃષા છિપાવવા માટે એક સરોવરમાં ગયા. જ્યારે તેમણે સ્વચ્છ જળની સપાટીમાં પોતાનું મુખ ઝબકોળ્યું, ત્યારે તેમણે પોતાનો પડછાયો- પ્રતિબિંબ જોયું; મારી રાહ જોઈને બેઠેલો આ કોઈ શત્રુ છે , એમ માનીને ચિંતિત બન્યા. સરોવરની બહાર નીકળીને તેમણે સરોવરના કિનારા પર બધે શત્રુની શોધ કરી. જ્યારે પોતે ગર્જના કરતા હતા, ત્યારે ' સરોવરમાં શત્રુ ગર્જના કરતો હતો; પોતે દાંત પીસતા હતા ત્યારે તે પણ દાંત પીસતો હતો; તે બધા અવાજોનું અને અભિનયોનું પ્રતિબિંબ પાડતો હતો. વધારે વખત પોતાની જાતને કાબૂમાં ન રાખી શકવાથી , શત્રુને ગુંગળાવી મારવા તેમણે સરોવરમાં ઝંપલાવ્યું, જેથી તે એક નારી બની ગયા. આશ્ચર્ય પામીને તે સ્ત્રી કિનારા પર આવી, સૂર્ય તરફ મુખ કરીને તેમની કૃપા માટે પ્રાર્થના કરવા લાગી. ખૂબ મનોવ્યથાપૂર્વક તેણે ઈન્દ્રને પણ પ્રાર્થના કરી. સૂર્યની કૃપાથી તેને એક પુત્ર- સુગ્રીવ (હું પોતે) પ્રાપ્ત થયો અને ઈન્દ્રની કૃપાથી તેને બીજો પુત્ર - વાલી, મારો ભાઈ પ્રાપ્ત થયો . આ બે બે પુત્રો પ્રાપ્ત કર્યા પછી તે ફરી પાછી ઋક્ષરજ બની ગઈ ! બંને પુત્રોને લઇ ઋક્ષ બ્રહ્મા પાસે સલાહ લેવા ગયા . તેમણે બ્રહ્મા આગળ જે બન્યું હતું તે બધું વર્ણવી બતાવ્યું . બ્રહ્મા બોલ્યા " હે, વાલી અને સુગ્રીવ , દક્ષિણ પ્રદેશમાં જઈ કિષ્કિંધામાં સ્થિર થાઓ . સર્વ જગતોના સ્વામી, વિશ્વના પરમેશ્વર , અનેક નામોવાળા ભગવાન , રઘુકુલમાં દશરથ રાજાના પુત્ર રામ તરીકે જન્મશે . પોતાના પિતાની ઈચ્છા અનુસાર તે વનમાં આવશે. તે અનેક પાર-માનવ પરાક્રમો કરશે. તે એક સામાન્ય માનવની પેઠે વર્તશે . પોતાનાં પરિભ્રમણોમાં તે કિષ્કિંધા આવશે અને તમારા મિત્ર બનશે. તેમનાં દર્શનનું . તેમની સાથે સંભાષણનું અને તેમના ચરણ - સ્પર્શનું સદ્ભાગ્ય તમે પ્રાપ્ત કરશો . તેથી તમારું જીવન ધન્ય બની જશે."

બ્રહ્માના તે વચનને અમે સાંભળ્યું . જે સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થવાનું હતું તેથી અમે આનંદ પામ્યા . અમે જપ તપ , યજ્ઞ - વિધિ એવું કશું જ કર્યું નથી . તે દિવસે બ્રહ્માએ અમારા પર જે કૃપા કરી હતી તેનાં પરિણામે અમનેબુદ્ધિ - શક્તિઓ અને બીજી પ્રાપ્તિઓ થઈ છે. બ્રહ્મા બોલતા બંધ

થયા એટલે અમે તેમને પ્રણામ કરીને કિષ્કિંધામાં આવ્યા ; તે જંગલમાં રહેતા રાક્ષસોને અમે મારી નાખ્યા . એક દિવસ માયાનો પુત્ર , માયાવી નામનો રાક્ષસ અમારી સામે વેર લેવા માટે ચઢી આવ્યો. મધ્ય - રાત્રિએ તેણે અમને ઘેરો ઘાલ્યો અને ભયંકર અંધાધૂંધી ફેલાવી દીધી . મારા મોટાભાઈ વાલી એક ક્ષણ માટે પણ શત્રુની તે ધૃષ્ટતા સહન કરી શકયા નહિ. વાલીએ પોતાના સમગ્ર બળપૂર્વક શત્રુ પર હુમલો કર્યો અને માયાવી ભયનો માર્યો ભાગી ગયો. માયાવી એક ગુફામાં સંતાઈ ગયો .વાલીએ તેનો પીછો પકડ્યો. હું પણ વાલીની પાછળ - પાછળ શત્રુનો પીછો કરી રહ્યો હતો . માયાવીએ જ્યાં આશ્રય લીધો હતો તે ગુફામાં પ્રવેશતા પહેલાં વાલીએ મને કહ્યું , 'ભાઈ હું શત્રુને મારવા માટે ગુફામાં જાઉં છું. તું પ્રવેશદ્વાર પર ચાંપતી નજર રાખ , શત્રુ બહાર છટકી ન જાય.' જ્યારે મેં વાલીને પૂછયું કે, કેટલા સમય સુધી હું તમારી રાહ જોઉં , ત્યારે તે બોલ્યા કે - પંદર દિવસો અને પંદર રાત્રિઓ સુધી ચાંપતી નજર રાખજે. સોળમે દિવસે હું ગુફામાંથી બહાર ન આવું, તો માની લેજો કે માયાવીએ મને મારી નાખ્યો છે; પછી તું પાછો કિષ્કિંધા જજે . મેં પૂરા ત્રીસ દિવસ સુધી વાલીની રાહ જોઈ . ત્યાર પછી ગુફામાંથી લોહીની ગંધ આવવા લાગી. મેં અનુમાન કર્યું કે, તે મારા ભાઈના લોહીની ગંધ છે . મને ભય થયો કે માયાવી કદાચ ગુફામાંથી  બહાર આવે , એટલે મેં ગુફાના દ્વાર આગળ એક મોટી શિલા મૂકી. વધારે રાહ જોવી તે મૂર્ખાઈ છે એમ માનીને હું ઘેર પાછો ગયો . મેં મારા સાથીદારોને અને શુભેચ્છકોને એકત્રિત કર્યા અને હવે શું કરવું તે બાબત તેમની સલાહ લીધી . અમે માન્યું કે - વાલી જેવા વીરને  મારનાર માયાવી સાચે જ એક ભયંકર શત્રુ હોવો જોઈએ ; એટલે હું ભયપૂર્વક મારા દિવસો ગાળવા લાગ્યો.

રાજધાનીના નિવાસીઓને એવો ખ્યાલ આવ્યો કે અમારી ચારેય બાજુએ શત્રુઓ છે , એટલે એવા કપરા સંજોગોમાં અમારે માથે કોઈ રાજા હોવો જોઈએ . તેમણે આજીજી કરી કે - વાલી મરી ગયા છે, એટલે તેમની જગ્યાએ તમે રાજ્ય ચલાવો. તે સત્તા સ્વીકારવાની મારી ઈચ્છા ન હતી, પણ દબાણ કરીને તે લોકોએ તે સત્તા મારા પર લાદી . બે - ત્રણ દિવસ પછી વાલી રાજધાનીમાં આવ્યા . તેમણે માયાવીને મારી નાંખ્યો હતો અને તે દુષ્ટ શત્રુથી દેશને મુક્ત કર્યો હતો . મને રાજાના પદ પર જોઈને વાલીને ખૂબ ક્રોધ ચઢ્યો . તેણે અનુમાન કર્યું હતું કે પોતે ગુફામાંથી જીવતો બહાર ન આવી શકે તે માટે મેં ગુફાના દ્વારને મોટી શિલાથી બંધ કરી દીધું હતું. મારા પર ખરેખર તો જે લાદવામાં આવ્યું હતું તે મેં પચાવી પાડ્યું હતું એમ તેણે માન્યું . તે માટે તેમણે મારા પર વેર વાળવાનો નિશ્ચય કર્યો . તે મારી સાથે હું જાણે અધમથી પણ અધમ હોઉં એમ વર્તવા લાગ્યા . મારા નાનામાં નાના ગુના અથવા ભૂલ બદલ તે મારા પર અનેક આરોપો કરવા લાગ્યા . તેમણે મારી બધી સત્તાઓ અને પદો પાછાં લઈ લીધાં અને તે મારો તિરસ્કાર કરવા લાગ્યા , જાણે કે હું તેમના ઘરનો એક નોકર ન

હોઉં . તેમણે મને કુટુંબના , ઘરમાંથી બળજબરીથી બહાર કાઢી મૂક્યો. તેમણે મારી પત્નીને પોતાની પાસે રાખી. એક દિવસ મારો વિનાશ કરવાનો નિશ્ચય કરીને તેમણે મારી સાથે ક્રૂરતાપૂર્વક યુદ્ધ કર્યું . હું તેમની શૂરવીરતાનો સામનો કરી શક્યો નહિ, એટલે કિષ્કિંધા**માંથી** નીકળી જઈને મેં અહીં આશ્રય લીધો. વાલીએ આગ્રહ રાખ્યો કે મારા ટેકેદારો અને મિત્રો રાજધાનીમાં ન રહે. એટલે તેઓ પણ અહીં આવી મારી સાથે રહેવા લાગ્યા . મારી પત્નીએ મારી પાસે આવવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ વાલીએ તેને મારી પાસે આવવા દીધી નહિ. પોતાની જ પત્ની હોય તે રીતે તેની સાથે વ્યવહાર કરવા લાગ્યા." પોતાની કથા કહેતાં કહેતાં સુગ્રીવની આંખોમાં આંસુ ઊભરાઈ ગયાં. રામે તેને આશ્વાસન આપ્યું અને તેની દશા સાથે સહાનુભૂતિ વ્યકત કરી. તેમણે તેને ફરી ખાતરી આપી કે- હું દુષ્ટતા સામે, ઉપદ્રવ સામે તારી રક્ષા કરીશ.

સુગ્રીવ બોલ્યો, ‘હું અનાથ જેવો આ ટેકરી પર રહું છું , કારણ કે આ એક જ સ્થાન છે જ્યાં મારો વેરવૃત્તિવાળો ભાઈ આવી શકે તેમ નથી . એક મુનિએ તેને શ્રાપ આપ્યો છે કે તારે આ ટેકરી પર જવું નહિ , નહિ તો હું ક્યારનોય તેને હાથે મરી ગયો હોત . '

રામે પૂછ્યું કે- હે મિત્ર , વાલીને તે શ્રાપ કેવી રીતે મળ્યો હતો? સુગ્રીવે જવાબ આપ્યો, "સ્વામી, માયાવીનો ભાઈ દુંદુભિ એક મહાન વીર હતો. શૂરવીરતામાં અને શારીરિક બળમાં કોઈ તેની બરાબરી કોઈ કરી શકે તેમ ન હતું. પોતાના બળનું પ્રદર્શન કરવા તે પર્વતો અને સમુદ્રો સાથે આનંદ પૂર્વક બાથ ભીડતો. એક દિવસ , તેણે પોતે જે પર્વતને ભાંગીને ચૂરા કરી નાંખ્યા હતા, તે પર્વતની આગળ ઊભો રહીને તે પોતાના હિંમતભર્યા પરાક્રમોને કારણે હર્ષ માણી રહ્યો હતો. તે વખતે તેણે અદ્રશ્ય અવાજ સાંભળ્યો , ‘ દુંદુભિતારા મગજને આટલું બધું ગુમાવી ન દઈશ. સાવધાન બન. તારા કરતાં પણ એક વધારે બળવાન વ્યકિત જીવે છે , જે પંપા સરોવરના તટ પર આનંદપૂર્વક પરિભ્રમણ કરે છે. તે વાનરોનો નેતા છે, તેનું નામ વાલી છે. જ્યારે તે શબ્દો કાન પર પડયા ત્યારે તે એક ભયંકર પાડાનું રૂપ લઈને કિષ્કિંધા પર ધસી આવ્યો, જ્યાં પંપા સરોવર આવેલું છે. તેણે પોતાનાં શીંગડા વડે પૃથ્વીને ખેડી, ટેકરીઓમાં અને ખીણોમાં થઈને તે ગર્જના કરવા લાગ્યો અને પોતાના ઉચ્ચ અભિમાનનું અને અભેદ્ય શક્તિનું પ્રદર્શન કરવા લાગ્યો.દરેક ડગલે તેનો ક્રોધ વધારે જંગલી બનતો જતો હતો. આસપાસ બધે ભય વ્યાપી ગયો. જ્યારે તે પૃથ્વીમાં પોતાના શિંગડા ભેરવતો, ત્યારે વૃક્ષો જડમૂળથી ઉખડી જઈને જમીન પર પડતાં. તેની ક્રૂરતાથી બધાનાં હ્રદય કંપી ઊઠયાં. જ્યારે ચંદ્રને ગળી જવાનું સાહસ કરતા રાહુની પેઠે , તે વાલીના પ્રદેશ પર આક્રમણ કરી રહ્યો હતો ત્યારે વાલીએ તેને જોતાંવેંત તેના પર હુમલો કર્યો.બંને વિચિત્ર લાગતા શત્રુ એકબીજા પર વિજય પ્રાપ્ત કરવા માટે યુદ્ધ કરી રહ્યા. તેઓ ભીષણ યુદ્ધ કરતા બે હાથીઓ જેવા લાગતા હતા. તે યુદ્ધ છ

કલાક કરતાં વધારે સમય ચાલ્યું. છેવટે વાલીએ દુંદુભિ પર એક ખતરનાક પ્રહાર કર્યો.ભારે ધરતીકંપમાં જેમ પર્વતનું શિખર પટકાઈને જમીન પર પડે તેમ દુંદુભિ લથડતે પગે જમીન પર પડ્યો અને મૃત્યુ પામ્યો. તે આઘાત એવો જબરદસ્ત હતો કે તેની સાથે અનેક મહાન વૃક્ષો પણ જમીનદોસ્ત થઈ ગયા. વિજયથી વાલી એટલો બધો મદોન્મત થઈ ગયો હતો કે તેણે મડદા ને ચીરી નાખ્યું. તેણે એક અડધિયાને દક્ષિણ દિશામાં નાખ્યું અને બીજા અડાધિયાંધને ઉત્તર દિશામાં નાંખ્યું, પરંતુ તે લોહી નીગળતો, માંસ અસ્થીનો સમૂહ એક આશ્રમ ઉપર પડ્યો. તે પવિત્ર સ્થાન પર લોહીનો વરસાદ વરસ્યો, જેણે શાંતિપૂર્વક ધ્યાનમાં બેઠેલા તેમજ પવિત્ર વેદ મંત્રો ભણી રહેલા તાપસોને દૂષિત કર્યા. મહાન મુનિ મતંગનો આ આશ્રમ હતો. તે નદીએ સ્નાન કરવા ગયા હતા . જ્યારે તે પાછા આવ્યા, ત્યારે તેમણે તે સ્થાન પર બધે રકત - બિંદુઓ જોયાં. તરત જ તે ભયંકર રાક્ષસના મડદાના અડધિયા પાસે આવ્યા. તે પોતાના ક્રોધને શમાવી શક્યા નહિ. પરમાનંદમાં સ્નાન કરવા ઝંખતા પોતાના શિષ્યોને લોહીમાં સ્નાન કરવું પડ્યું હતું , તે બાબતને તેઓ ક્ષમા કરી શક્યા નહિ . આવું પાપ કરવાની કોણે હિંમત કરી હશે તે શોધી કાઢવા તે એક ક્ષણ થોભ્યા. તેમનો ક્રોધ કાબૂમાં ન રહ્યો , ક્રોધને કારણે તે ભૂતકાળનો કે ભવિષ્યકાળનો વિચાર કરી શક્યા નહિ . તેમણે ભીષણ શ્રાપ આપ્યો કે - જો દુષ્ટ પાપી વાલી આ ટેકરી પર આવશે અથવા આ ટેકરી પર નજર નાંખશે તો તેના મસ્તકના બે ટુકડા થઈ જશે . તેમણે આવો જે શ્રાપ આપ્યો , તે શ્રાપથી ડરીને વાલી આ ટેકરી પર આવતો નથી . તે આ સ્થાનની પાસે પણ આવી શકતો નથી અને તેના પર નજર પણ નાંખી શકતો નથી. આ સંજોગથી હું હિંમતપૂર્વક અહીં રહું છું. મને કોઈ અવરોધ નડતો નથી . પણ મેં મારી પત્નીને અને સગાંસંબંધીઓને ગુમાવી દીધાં છે.” સુગ્રીવે રામને કશું પણ ગુપ્ત રાખ્યા વગર પોતાની કથા કહી સંભળાવી .

ઘણા સમયથી સુગ્રીવને દુઃખ આપતી વાલીની દુષ્ટતા વિશેની કથા સાંભળીને રામ વ્યાકુળ બની ગયા . તેની ક્રૂરતાની યાદીમાંની કોઈ બીજી વધારે વાત સાંભળવા માગતા ન હતા . રામ અધર્મ કૃત્યોને સહન કરી શકતા ન હતા . દુર્ગુણના વર્ણનમાં તેમને રસ પડતો ન હતો . તેમણે સુગ્રીવને આશ્વાસન આપ્યું . તેમણે ખાતરી આપી કે વાલી કેવળ શારીરિક બળ અને ભૌતિક -શક્તિ ઉપર જ આધાર રાખે છે , ભગવાનની ભકિત અને ધર્મ દ્વારા મેળવાતા બળની અને શક્તિની તે ઉપેક્ષા કરે છે , એટલે તે શિક્ષામાંથી છટકી શકશે નહિ . રામે પ્રતિજ્ઞા લીધી કે , ચૌદેય બ્રહ્માંડો ભલે મારી પ્રતિજ્ઞાનો વિરોધ કરે , પણ હું એક જ બાણથી વાલીને મારી નાખીશ , તેના દુષ્ટ જીવનનો અંત આણીશ . તેમણે કહ્યું, “જે માણસ પોતાના મિત્રના દુઃખની ઉપેક્ષા કરે છે અથવા શત્રુની અર્થહીન બડાશની ઉપેક્ષા કરે છે, તેનું મુખ કદી જોઈશ નહિ . કોઈ થોડો સમયનો લાભ પ્રાપ્ત કરવા માટે , કોઈ તીવ્ર કામનાને

સંતોષવા માટે, અથવા કોઈ અધમ કાર્યમાં ઝંપલાવવા માટે જ મિત્રની પસંદગી ન કરીશ . મિત્રોને પરસ્પર ખૂબ ઊંડો પ્રેમ હોવો જોઈએ. જે મિત્રના હૃદયમાં પ્રેમ નથી, જેના મુખને પ્રેમ તેજસ્વી બનાવતો નથી, તે ખરાબ અને અનિચ્છનીય મિત્ર કહેવાય. તેવા ખોટા મિત્રોના હૃદય વક્ર અને દૂષિત હશે. લુચ્ચો નોકર, લોભી , કંજુસ અને દુષ્ટ મનવાળાં પત્ની કે પતિ અને ખોટા મિત્ર આ ચાર જણ જીવનને દુ:ખી બનાવે છે- ભાલાની પેઠે, ભોંકાતા ખીલા ની પેઠે. માટે હે સુગ્રીવ, તું શોક ન કર; મારી શારીરિક, માનસિક, વાચિક,બધી શક્તિઓ સાથે હું તને મદદ કરીશ. વાલી ખૂબ બળવાન છે તેથી શું થઈ ગયું? તને તારા પોતાના બળની ખબર નથી. તેના બળના વિચારથી તું ગૂચવાડામાં પડી ગયો છે, બસ એટલું જ. તેથી તું શંકાઓ કરે છે અને ડરે છે.તને વિશ્વાસ ને હિંમત આવે ત્યાં પહેલાં, કદાચ તું મારી શક્તિઓને ચકાસી જોવાની ઈચ્છા રાખે છે. મારામાં તારી શ્રદ્ધા ઊંડા મૂળ ઘાલે તે ખાતર, તું મને ગમે તે કાર્ય કરવાનું કહે. હું બળ બતાવી આપીશ અને તારા હૃદયને હિંમતથી ભરી દઈશ, ત્યાર પછી હું વાલી સાથે યુદ્ધ કરીશ અને તેને મારી નાખીશ.” સુગ્રીવ રામમાં વિશ્વાસ મૂકે અને ચિંતાનો તથા ભયનો ત્યાગ કરે તે માટે રામે મૃદુતાપૂર્વક સુગ્રીવની પીઠને પંપાળી. સુગ્રીવ રામના પરાક્રમને જોવા બહુ આતુર હતો. શ્રદ્ધા માટે તે કોઈક ટેકો પણ માગી રહ્યો હતો. તે બોલ્યો, “રામ, એક વાર મેં અને મારા ભાઈએ સાત વિશાળ તાડનાં વૃક્ષો પર અમારું બળ અને અમારી કુશળતા અજમાવવાનીઈચ્છા કરી હતી. એક જ બાણથી તે સાતેય વીંધી નાંખવાનો અમે પ્રયત્ન કર્યો હતો. મારાથી માત્ર ત્રણ જ વૃક્ષો વિંધાયાં, પણ મારા ભાઈ વાલીએ પાંચ વૃક્ષોને વીંધી નાંખીને તેમને નીચે પાડી દીધાં. તેની શકિતની માત્રા એટલી હતી. વાલીને હરાવવા માટે તેનાથી પણ વધારે બળ જોઈએ; તમારામાં તે સાતેય વૃક્ષોને વીંધવાની, વાલી કરતાં પણ વધારે શકિત છે કે નહિ તે જોવા માટે હું બહુ જ આતુર છું.’

પછી સુગ્રીવ અને તેના દરબારીઓ રામને તે સ્થાને લઈ ગયા જ્યાં રાક્ષસી તાડનાં સાત વૃક્ષો આકાશને ભેદતાં ઊભાં હતાં. તેમણે રામને વૃક્ષોને વીંધી નાંખવાનું કહ્યું. તેઓ માંહોમાંહ વાતો કરવા લાગ્યા કે વાલીએ જે પાંચ વૃક્ષોને વીંધી નાંખ્યાં હતાં તેમના કરતાં આ વૃક્ષો ચાર-પાંચ ગણા મોટાં છે, એટલે જો રામ આમાંનાં બે વૃક્ષોને પણ વીધી નાંખે, તો તેમને વાલી કરતાં પણ વધારે બળવાન માનવા પડે. તે વૃક્ષોની હાર-માળાને જોઈને રામે સ્મિત કર્યું અને સુગ્રીવને પોતાની પાસે બોલાવીને કહ્યું, “સુગ્રીવ, મારી નજરે આ વૃક્ષો નબળાંમાં નબળાં અને નાનામાં નાનાં છે.” પછી રામે પોતાના ધનુષ પર બાણનું સંધાન કર્યું, તેમણે તે સાતેય વૃક્ષોને વીંધી નાંખ્યાં. તે બધાં વૃક્ષોને તેમનું બાણ દૂરના એક પર્વત પર લઈ ગયું. રસ્તામાંની શિલાઓના તે બાણે ચૂરા કરી નાંખ્યાં. સુગ્રીવનું હૃદય આશ્ચર્યથી અને ભક્તિથી ઊભરાઈ ગયું. તેણે રામને દંડવત પ્રણીપાત કયાં અને તે બોલ્યો, “રામ, સો વાલીઓ પણ આ પરાક્રમ ન કરી શક્યા હોત. હું સાચે જ નસીબદાર છું; હવે મારે જીવનમાં

કોઈ ચિંતા રહી નથી, કારણ કે મને તમારી મૈત્રી પ્રાપ્ત થઈ છે. જો કે એ કે વાલી સાથે મારે વિરોધ થયો છે, પણ આજે હજારગણા બળવાળા વાલીને મેં સૌથી વધારે ગાઢ મિત્ર તરીકે પ્રાપ્ત કર્યા છે, મારી ભૂલ બદલ મને ક્ષમા કરો. આ રીતે તમારી શકિતઓની પરીક્ષા લેવાની ક્ષુદ્રતા મારા મનમાં હતી તેથી મને શરમ આવે છે. હું સાચે જ ભાગ્યશાળી છું, કે મને આ રૂપમાં ખુદ ભગવાનની મૈત્રી સાંપડી છે. આજે મારી દુઃખ-કથાનો અંત આવ્યો છે. હું થોડા જ સમયમાં મારી કિષ્કિંધાને ફરી પ્રાપ્ત કરીશ- એ આશા મારા હૃદયમાં ઊગી છે. હું મારી પત્ની અને મારાં બાળકો સાથે ફરી સુખમય જીવન જીવી શકીશ. તેથી હું સાચે જ બહુ સુખી બન્યો છું. તે મિનિટોમાં, કલાકોમાં કે કેટલા દિવસોમાં સિદ્ધ થશે, ક્યારે અને કેવી રીતે, તે બાબતની શંકાઓ જ મારા મનમાં ઊછળી રહી છે. અલબત્ત, તેનો આધાર રામ પર, રામના સંકલ્પ પર છે. તે જે ક્ષણ નક્કી કરશે તે ક્ષણે મારી તે ઈચ્છા પૂર્ણ થશે."

સુગ્રીવને સમજ પડી ગઈ કે, માત્ર રામ જ પોતાને મદદ કરી શકશે. પોતે માત્ર રામ પર જ આધાર રાખવાનો છે. તેણે રામને દંડવત પ્રણિપાત કર્યા અને તે બોલ્યો, “રામ, તમારો સંકલ્પ, તમારી કરુણા જ મારો એક માત્ર આધાર છે. તમે મારા શોકનો અંત ક્યારે લાવવા માગો છો ? હે રામ, સાંભળો. અત્યાર સુધી હું વાલીને મારો મોટામાં મોટો શત્રુ માનતો હતો અને તેનાથી ભયભીત બની ધ્રૂજતો હતો; અત્યારે મને જણાય છે કે તેણે મારા પર મોટો ઉપકાર કર્યો છે. તેના ડરથી હું પર્વત-માળા પર રહેતો હતો. હું અહીં હતો  તેથી તો હું તમારા આગમનને જોઈ શક્યો, તમને મળી શક્યો, તમારી મૈત્રીનો આશીર્વાદ પ્રાપ્ત કરી શક્યો; એટલે આ બધી ઘટનાઓનું મૂળ કારણ વાલી છે. તેણે સાચે જ મારા પર ઉપકાર કર્યો છે. રામ, સ્વપ્નમાં આપણે બીજા કોઈ માણસ સાથે લડતા હોઈએ છીએ, તેને ખૂબ ધિક્કારતા હોઈએ છીએ, તેનો વિનાશ કરવા બધા ઉપાયો કરતા હોઈએ છીએ, પણ જાગતા વેંત, પથારીમાંથી ઊઠતાં વેંત, આપણે જાણીએ છીએ કે તે તિરસ્કાર અને સંઘર્ષ જૂઠ્ઠા હતા, બિનપાયાદાર હતા. તમારાં દર્શને મને મારા સ્વપ્નમાંથી જગાડ્યો છે, જે સ્વપ્નમાં હું વાલીનો તિરસ્કાર કરતો હતો, તેનાં બધાં કાર્યોને દુશ્મનાવટ-ભરેલાં માનતો હતો. મારાં અજ્ઞાનને કારણે મેં તેની સાથે યુદ્ધ કર્યું હતું. હવે મેં તમારાં દર્શન કર્યાં છે, તમારા બોધને સાંભળવાનો લાભ મને મળ્યો છે. એટલે હું તે સ્વપ્નમાંથી જાગી ગયો છું. તમારા ચરણોના સ્પર્શથી મને સત્યનું દર્શન થયું છે. લાંબા સમયનાં મારાં તિરસ્કાર, ઈર્ષ્યા, લોભ, અહંકાર, વાલી પ્રત્યેની વેર બુદ્ધિ, વેર લેવા માટેની મારી યોજનાઓ મને વધારેને વધારે નિર્બળ બનાવતાં હતાં. મારું જૂનું દેવું પતાવી દેવા માટેની અનુકૂળ ક્ષણની એકાગ્રતા-પૂર્વક ઝંખનામાં હું ડૂબી ગયેલો રહેતો હતો; તે તપને લઈને મને આપની કૃપા સાંપડી. તમે મને પ્રાપ્ત થયા અને મારી વ્યથા તપસ્યા બની ગઈ, મારા ક્રોધનું પ્રેમમાં રૂપાંતર થયું. સ્વામી, મને આશીર્વાદ આપો, મારા પર કૃપા વરસાવો. હવે મને મારું રાજ્ય ફરી પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી. નિયતિએ મારી પત્નીની અને

મારાં બાળકોની કારકિર્દી નક્કી કરી રાખેલી છે; ઘટનાઓના ક્રમને બદલવા હું શું કરી શકું તેમ છું ? હું તે બાબત કશી ચિંતા નહિ કરું. જો તમે મને તમારી સેવા કરવાનો આનંદ આપશો, મારા બાકીના જીવનમાં તમારી હાજરીમાં રહેવા દેશો, તો મારે માટે તે બસ છે. "

જ્યારે સુગ્રીવ એવી પ્રાર્થના કરી રહ્યો હતો, ત્યારે રામે તેના મસ્તકને મૃદુતાપૂર્વક પંપાળીને કહ્યું, " હે પુત્ર, તું જે શબ્દો બોલ્યો છે તે તદ્દન સાચા છે. રાજ્યો અને સત્તા, હર્ષ અને શોક, ક્રોધ અને ચિંતાઓ, માલ-મિલકતો અને વિશિષ્ટ અધિકારો, સારી અને ખરાબ વસ્તુઓથી સ્વપ્નો બનતાં હોય છે. તારામાં રહેલું પરમાત્મ-તત્વ, ભગવાનની નિકટતા એ જ માત્ર વાસ્તવિક છે પણ યાદ રાખ કે, મારી પ્રતિજ્ઞા, મારું આપેલું વચન કદી ખોટું સિદ્ધ થતું નથી. ગમે તેમ બને, પણ હું તને તારું રાજ્ય આપીશ; તેનું શાસન કરવાની જવાબદારીમાંથી તું છટકી જઈ શકે નહિ; આવતી કાલે જ તારે વાલી સાથે યુદ્ધ કરવાનું છે, તે યુદ્ધમાંથી તું છટકી જઈ શકે નહિ. ચાલ તૈયાર થઈ જા. " રામ ઊભા થયા. હાથમાં ધનુષ-બાણ લઈને, સાથે સુગ્રીવને રાખીને, રામ અને લક્ષ્મણ આગળ ચાલ્યા. હનુમાનને અને બીજાઓને ટેકરી પરના નિવાસસ્થાનમાં જ રહેવાની છૂટ આપવામાં આવી. રસ્તામાં સુગ્રીવને જરૂરી સલાહસૂચનો આપવામાં આવ્યાં. પછી તેને એકલાને નગરીના મુખ્યદ્વાર પાસે જઈ વાલીને પડકાર ફેંકવાનું કહેવામાં આવ્યું. રામની તે આજ્ઞા અનુસાર, સુગ્રીવ કિષ્કિંધા નગરી આગળ આવી ઊભો, અને તેણે એવી ભયાનક રીતે પડકારની બૂમ પાડી કે દુર્ગની દીવાલો કંપી ઊઠી. તે બૂમ વાલીને કાને પડી કે તરત જ વાલી, પગ તળે છૂંદાયેલા નાગની પેઠે, પોતાની પથારીમાંથી ઊઠયો અને યુદ્ધ કરવા માટે તથા સુગ્રીવને ભગાડી મૂકવા માટે તૈયાર થઈને બહાર નીકળ્યો. તેને ખબર હતી કે-મારો ભાઈ જ મને યુદ્ધ માટે પડકાર ફેંકી રહ્યો છે.

તે વખતે તેની પત્ની તારાએ તેના પગ પકડ્યા, અને વાલીનો પોતાનો પુત્ર થોડા દિવસ પહેલાં જ શબ્દ બોલ્યો હતો તેની વાલીને યાદ દેવડાવી. તારા બોલી, " સ્વામી જેમણે સુગ્રીવની મદદ માગી છે તે ભાઈઓ સામાન્ય માનવો નથી. તેમનામાં બળવાન શક્તિઓ છે. અત્યાર સુધી સંતાઈ રહેલો સુગ્રીવ, નવીન વિશ્વાસ અને હિંમત ધારણ કરીને, હવે આવ્યો છે. તમને પડકાર ફેંકવાની હિંમત પણ તેણે કરી છે. આગળ-પાછળનો વિચાર કર્યા સિવાય, એવું તે ન કરે. તેણે તે ભાઈઓની શક્તિઓની બાબત ખાતરી મેળવી હોવી જોઈએ, તેમની મદદનું વચન મેળવ્યું હોવું જોઈએ. રામ અને લક્ષ્મણ રાજકુમારોમાં દિવ્ય શક્તિઓ છે; તેમની સાથે યુદ્ધ કરવું તે કલ્યાણકારી નથી." તારાની કરુણ આગ્રહભરી આજીજીઓ સાંભળીને વાલીએ ઉપહાસમય હાસ્ય કર્યું. તે બોલ્યો, "હે ડરપોક નારી, એમ કહેવાય છે કે-રામનું મન સમતાવાળું છે. જો તે સાચું હોય તો તે અમારા બંને પર સમાન દ્રષ્ટિથી જોશે. વળી મેં તેમનું કશું બગાડ્યું નથી, નહીં! વારુ. તેમ છતાં પણ જો રામ મને

મારશે, તો હું એમ માનીશ કે મારો જન્મ અને જીવનનાં વર્ષો ધન્ય બની ગયાં." વાલીનું એવું દ્રષ્ટિબિંદુ જોઈને તારા રાજી થઈ, પણ તે એક ક્ષણ માટે પણ પોતાના સ્વામીનો વિયોગ સહન કરવા તૈયાર ન હતી. એટલે ફરી તે આજીજીપૂર્વક બોલી કે-સ્વામી, જ્યારે નારી વાંધો ઉઠાવે ત્યારે તે અપશુકન ગણાય છે; વગર વિચાર્યે પડકારને ન ઝીલી લેશો. પણ બધી આજીજીઓને ફગાવી દઈને વાલી બોલ્યો કે જ્યારે યુદ્ધ બોલાવી રહ્યું હોય, ત્યારે શુકનોની દરકાર માણસે ન કરવી જોઈએ. કાં તો શત્રુએ મરવું જોઈએ અથવા પોતાના જીવનનો અંત આવવો જોઈએ. એમ બોલીને વાલીએ તારાને એક બાજુ પર હડસેલી દીધી અને ભયંકર ક્રોધ-પૂર્વક ગર્જના કરી તે દુર્ગના મુખ્ય દ્વાર પ્રત્યે ધસી ગયો.

ત્યાં તેણે સુગ્રીવ એકલાને જ જોયો. એટલે તે તેના પર કૂદ્યો. બંનેજણે મુષ્ઠિ-યુદ્ધ કરવા માંડ્યું. તેઓ એકબીજા પર હથોડા જેવા પ્રહારો કરવા લાગ્યા. સુગ્રીવ તે ભીષણ પ્રહારોની વૃષ્ટિ સહન કરી શક્યો નહિ. તેને ભાગી જવાની ઈચ્છા થઈ. મુષ્ઠિ-પ્રહારો વડે અને ખેંચાખેંચી વડે વાલીએ એને એવી વ્યથા પહોંચાડી કે સુગ્રીવ મહામુશીબતે ભાગી ગયો; વાલીને વિજય મળ્યો. આનંદપૂર્વક પોતાની જાંઘોને થાબડતો થાબડતો વાલી દુર્ગમાં ગયો. રામ અને લક્ષ્મણ, ભાગી જતા સુગ્રીવની પાછળ પાછળ ગયા. જ્યારે તેઓ ટેકરી પરના નિવાસસ્થાને પહોંચ્યા, ત્યારે સુગ્રીવ રામને પગે પડયો. નિરાશાથી, પીડાથી, અને ભયથી તેનું હૃદય ભારેખમ બની ગયું હતું. તે બોલ્યો; "સ્વામી, તમે મારી મદદે આવશો એવી મહાન આશાથી પ્રોત્સાહિત બનીને મેં આ યુદ્ધનું સાહસ ખેડ્યું હતું. બધો સમય હું રાહ જોઈ રહ્યો હતો કે, કયારે રામનું બાણ વાલીને વાગે અને તેને પૂરો કરી નાખે. પણ એવું કશું તો બન્યું જ .નહિ. તે પ્રહારોને હું સહન કરી શક્યો નહિ, એટલે જીવન બચાવવા માટે મારે ભાગી જવાનો શરમજનક માર્ગ અપનાવવો પડ્યો. મારા ભાઈના પ્રહારો બહુ બળવાન હોય છે. હું તે પ્રહારો સહન કરી શક્યો નહિ. "

તેને આશ્વાસન આપતાં રામ બોલ્યા, "સુગ્રીવ, શોક ન કર. તેનાં કારણો સાંભળ; તમે બન્ને ભાઈઓ દેખાવમાં અને કુશળતાઓમાં એટલા બધા સમાન છો કે હું તમારા બેની વચ્ચે કશો ભેદ જોઈ શક્યો નહિ, અને તેથી મેં બાણ ન છોડ્યું. " આ શબ્દોનો એક વધારે ઊંડો, આંતર-અર્થ પણ હતો. તે અર્થ આ હતોઃ વાલી પણ રામનાં ચરણોનો ભક્ત હતો. રામ મનમાં બોલ્યા, "વાલી પણ મારો પૂજારી છે, મારી કૃપા માટે તે પણ તારા જેટલો જ ઝંખે છે." સુગ્રીવ તે ગૂઢ અર્થ સમજી શક્યો નહિ. તેણે પ્રાર્થના કરી, "તમે આટલું બધું જાણો છો, તો પછી 'કોણ વાલી અને કોણ સુગ્રીવ છે' તે પણ તમે ન શોધી શક્યા ? હું તમારા શબ્દોને માની શકતો નથી. તમે અમારા બેની વચ્ચે ભેદ કેમ ન પારખી શક્યા, તેનું કારણ હું જાણતો નથી. કદાચ તમારી એવી ઈચ્છા હોય કે મારે મારી શક્તિ પૂરેપૂરી અજમાવવી. જો તેવો તમારો આશય હોત, તો હું શરૂઆતમાં જ તે જોઈ શક્યો હોત. તમે વાલીનું

પતન કરશો એ બાબત મને એટલો બધો વિશ્વાસ હતો કે મેં ગંભીરતાપૂર્વક યુદ્ધ કર્યું નહિ. મેં હળવા હૃદયથી યુદ્ધ કર્યું હતું."

રામે નિરાશ બનેલા, હતાશ બની ગયેલા હૃદયવાળા સુગ્રીવને પોતાની પાસે ખેંચ્યો અને એને આશ્વાસન આપ્યું. તેમણે પોતાનો દિવ્ય હાથ સુગ્રીવના શરીર પર ફેરવ્યો, જેથી એક ક્ષણમાં તેની વ્યથા દૂર થઈ ગઈ, તરત જ તેના ઘા અને ઉઝરડા રુઝાઈ ગયા. આશ્ચર્યચક્તિ થઈ ગયેલો સુગ્રીવ બોલ્યો, " હે રામ, તમારા હાથ ગમે તે વસ્તુને પ્રાપ્ત કરી શકે તેવા છે. તેમાં બધું જ સમાયેલું છે. સર્જન, પાલન, અને સંહાર-ત્રણેય તમારા સંકલ્પને વશવર્તી છે. આ રાજ્ય પર શાસન કરવાની ઈચ્છા મને નથી. તમારી કૃપા જે આનંદ આપી શકે છે તેની સરખામણીમાં રાજ્ય શાસનનો આનંદ કંઈ જ નથી.' રામે તેના શબ્દો પ્રત્યે ધ્યાન આપ્યું નહિ, તે બોલ્યા "તારા આ શબ્દો પસાર થઈ રહેલા વિચારોનાં પ્રતિબિંબો છે. જયારે મારી શક્તિ અને ભવ્યતાનું દર્શન થયું હતું, ત્યારે પણ તું આમ જ બોલ્યો હતો. હું તે શબ્દોને મહત્વ આપતો નથી, કારણ કે હું હૃદયમાં પ્રગટતી વાણીઓની દરકાર વધારે રાખું છું. એવા ઘણા મહાન ભક્તો હોય છે, જેઓ ભગવાનની લીલાનો અને પરમ ભક્તિનો અનુભવ કરે છે ત્યારે તેમનામાં માને છે અને કહે છે કે ભગવાન કરતાં બીજું કશું જ ઉચ્ચતર નથી. પણ થોડા સમય પછી અથવા જ્યારે તેમની માનસિક ઈચ્છાઓ ફળતી નથી ત્યારે તેઓ ભગવાનની જે શક્તિઓને તેમણે અનુભવી હતી અને જોઈ હતી, તેમને વિશે શંકાઓ કરે છે; દુર્બળ શ્રદ્ધાવાળા લોકોનાં મન પર તે આવરણ કરી સત્યને ઢાંકી દે છે, સત્યને વિકૃત બનાવી મૂકે છે. તે બધું કેવી રીતે બને છે, તે હું જાણું છું. એટલે હું એવી લાગણીઓને બહુ મહત્વ આપતો નથી. તારે ફરી તારા ભાઈ સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ જવાનું છે." એમ કહી રામે ફરી યુદ્ધ કરવા માટે સુગ્રીવ પર દબાણ કર્યું.

સુગ્રીવને યુદ્ધ કરવાની ઈચ્છા ન હતી, પણ તેને ખાતરી હતી કે-આ વખતે રામ પોતાનું વચન પાળશે અને વાલીને મારશે. હૃદયમાં વિશ્વાસ રાખીને તે હિંમતપૂર્વક ચાલ્યો. રામે કેટલાંક જંગલી પુષ્પો મંગાવ્યાં. તેમની એક માળા બનાવડાવી અને તે સુગ્રીવના ગળામાં પહેરાવી. તેનો સાચો અર્થ આ હતો: વાલીએ તારાને કહ્યું હતું કે-રામ બધાંને સમાન દ્રષ્ટિથી જુએ છે. તે "સમાન' દ્રષ્ટિએ તેમને વાલીને મારી નાખતા અટકાવ્યા હતા. હવે મેં સુગ્રીવના ગળામાં પુષ્પમાળા પહેરાવીને સૂચવ્યું છે કે સુગ્રીવ પ્રત્યેનો મારો પ્રેમ વધારે મહાન છે, એટલે હું વાલી સાથે ન્યાયપૂર્વક ભિન્ન વ્યવહાર કરી શકું. સુગ્રીવ પાસે એક ખાસ વધારાની વસ્તુ છે-પુષ્પમાળા, જે એમ સૂચવે છે કે તેણે દિવ્ય પ્રેમનું પ્રતીક ધારણ કર્યું છે. પ્રેમને વહેવા માટે કોઈ કારણની જરૂર નથી હોતી. તે કોઈ સ્વાર્થી આવેગમાંથી પ્રગટતો નથી." આમ પ્રોત્સાહિત બનેલા અને વીરતાથી સભર , રામે અને લક્ષ્મણે વાલીના દુર્ગના મુખ્ય દરવાજે જઈ ફરી પડકાર ફેંકવા માટે સુગ્રીવને સમજાવ્યો. તેઓ પાસેના એક

વૃક્ષ પાછળ સંતાઈ ગયા. જ્યારે યુદ્ધ કરવા માટે આતુર વાલી બહાર ધસી આવ્યો અને તેના આવેગ હેઠળ પૃથ્વી કાંપી ઊઠી, ત્યારે સુગ્રીવ ભયભીત બની ગયો. તરત જ પોતાની મદદે આવવા માટે તેણે પૂરા હૃદયથી રામને પ્રાર્થના કરી અને પછી તે શત્રુ સાથે યુદ્ધ કરવા માટે ગયો. પોતાની શક્તિને તથા પ્રાપ્તિઓને સિદ્ધ કરવા માટે સુગ્રીવે ખૂબ શક્તિપૂર્વક યુદ્ધ કર્યું. જ્યારે તેનું બળ ખૂટી ગયું અને તેનામાં થાકનાં પ્રથમ ચિહ્નો દેખાવા લાગ્યા, ત્યારે એકવાર એ 'રામ' બોલ્યો. પોતાના ભક્તોની રક્ષા કરવી એ રામનું પ્રિય કાર્ય છે. એટલે તેમણે તે આહ્વાન સાંભળ્યું કે તરત જ તેમણે પોતાના ધનુષ પર બાણનું સંધાન કર્યું. અને તેને સીધું વાલીના અભિમાની, હૃદય પર છોડયું. વાલીને અસહાયતાથી ચકરી આવી ગઈ અને તે જમીન પર પટકાઈ પડ્યો. તે જ ક્ષણે રામ તેની પાસે આવ્યા, અને પોતાનું દિવ્ય દર્શન તેને આપ્યું.

ખતરનાક બાણથી ઘવાયેલો હોવા છતાં વાલી બેઠો થયો. બળમાં અને હિંમતમાં કોઈ તેની સરખામણી ન કરી શકે તેવો તે હતો. પ્રણામાંજલિ રચીને તેણે પોતાની આંખો તે નીલવર્ણી મૂર્તિ પર, તેમની કમળની પાંખડીઓ સમાન આંખો પર સ્થિર કરી, અંતે હર્ષાશ્રુ વહેવરાવ્યાં; તે ભાગ્યે જ પોતાના આનંદને અંદર સમાવી શક્યો. તે બોલ્યો, "હે રામ, તમે સૌંદર્યની દિવ્યતાભરી કલ્યાણ-મૂર્તિ છો, સર્વ સૃષ્ટિના સ્વામી છો, છતાં તમારે આવું શંકાસ્પદ કાર્ય શાથી કરવું પડ્યું ? જો તમે મને પહેલેથી કહ્યું હોત અને પછી મને મારી નાખ્યો હોત તો હું ખૂબ રાજી થઈને મરત. સુગ્રીવ તમારે માટે જે સત્કાર્ય કરી શકે તે કરવાની શું મેં ના પાડી હોત ? ના, ના. આ કામ આવી રીતે કોઈ ન્યાયી કારણ વગર કરવામાં આવ્યું નથી. ભગવાન કોઈ દિવસ યોગ્ય કારણ સિવાય કોઈ કાર્ય કરે નહિ. બાહ્ય દ્રષ્ટિથી જોતાં, સંભવ છે કે કરાયેલું કાર્ય દિવ્યતાના આપણા ખ્યાલની વિરુદ્ધ જણાય પણ આંતર દ્રષ્ટિથી જોતાં સત્ય પર આધારિત હકીકત સ્પષ્ટ નજરે પડે. મને ખબર છે કે ભગવાનના કાર્યોનો અર્થ સામાન્ય, દુન્યવી દ્રષ્ટિબિંદુથી ન ઘટવો જોઈએ. ભગવાન માનવ-આચરણને મર્યાદિત અને નિયમિત કરતા ગુણોથી પર છે. એટલે લાગણીથી, આવેગથી અથવા પૂર્વગ્રહથી પર એવા દ્રષ્ટિબિંદુથી જ ભગવાનનાં કાર્યો સાચી રીતે સમજી શકાય. પૂર્ણ સમતાથી કરાયેલાં કાર્યો, માત્ર પૂર્ણ સમતાથી જ સમજી શકાય. જો તમે લક્ષણો અને ગુણો વડે સંચાલિત બનો તો સ્વાભાવિક રીતે તમે તદ્દન તેવાંજ લક્ષણો અને ગુણો જુઓ, પછી ભલે તે લક્ષણો અને ગુણો ત્યાં હોય જ નહિ.'

વાલીની બુદ્ધિ બહુ સ્પષ્ટ હતી. એટલે આમ દલીલ કરીને તે બોલ્યો, "રામ, હું તમારાં પરાક્રમને અને કુશળતાને બહુ સારી રીતે જાણું છું. તમે એક જ બાણ વડે માત્ર આ વાલીનો જ નહિ પણ સમગ્ર વિશ્વનો નાશ કરી શકો છો. વળી તમે ફરીથી તે વિશ્વનું સર્જન કરી શકો તેમ છો. છતાં તમે મને જે પાપ કરવા બદલ મારી નાંખ્યો છે તે પાપને હું જાણવા ઈચ્છું છું, કૃપા કરીને જે ભૂલ માટે હું

જવાબદાર હતો તે ભૂલ સ્પષ્ટ રીતે જણાવો. તમે પૃથ્વી પર ફરી ધર્મની સ્થાપના કરવા માટે આવ્યા છો, નહીં! વારુ. મને મારવા માટે તમે એક સામાન્ય શિકારીની પેઠે પાછળ સંતાઈ રહ્યા હતા, તેનો શો અર્થ, શો હેતુ ?"

મરવા પડેલા વાલીની પાસે રામ કૃપાપૂર્વક બેઠા અને બોલ્યા, "વાલી, તું જાણે છે કે મારાં કાર્યો સ્વાર્થમય હેતુઓ વડે પ્રેરિત નથી હોતાં. સીતા કયાં છે તેની શોધ કરવા માટે મેં સુગ્રીવ સાથે મૈત્રી કરી એવા તારા ખોટા ખ્યાલનો ત્યાગ કર. તે હમણાં જ કહ્યું કે તમે પૃથ્વી પર ધર્મની પુનઃ સ્થાપના કરવા માટે માનવ-આકૃતિ ધારણ કરી છે. હવે મને કહે કે- જો હું તારાં અન્યાયી અને દુષ્ટ કાર્યનો માત્ર સાક્ષી જ બનું, તો તું તે વલણને શું કહે ? તું તેને જગતની સેવા કહે કે કુ-સેવા ? ધર્મ કહે કે અધર્મ ? ભાઈની પત્ની, બહેન અને પુત્રવધૂ-તે ત્રણેય માણસને પુત્રી સમાન છે. તેમના પર કુદ્રષ્ટિ કરવી એ પાપ છે, એક ભીષણ પાપ છે. તેવા પાપીને મારવાથી કશું પાપ લાગતું નથી.

સુગ્રીવે તને મારી નાખવાના ઈરાદાથી ગુફાના પ્રવેશદ્વારને બંધ કરી દીધું હતું એવું તારું અનુમાન કેટલું અન્યાયી છે! તે કહ્યું હતું કે તું વધારેમાં વધારે પંદર દિવસ પછી બહાર આવીશ. ત્યાં સુધી તે સુગ્રીવને ગુફાના દ્વાર આગળ રાહ જોવાનું કહ્યું હતું. છતાં સુગ્રીવે પૂરા એક મહિના સુધી આતુરતાપૂર્વક તારી રાહ જોઈ. પછી જ્યારે તેને લોહીની ગંધ આવી, ત્યારે તે દુઃખી થયો કે રાક્ષસે મારા ભાઈને મારી નાખ્યો. તેણે ગુફામાં પ્રવેશ ન કર્યો, કારણ કેતે જાણતો હતો કે વાલીને મારી નાખનાર રાક્ષસનો મુકાબલો તે કરી શકશે નહિ. જ્યારે તેણે ગુફાના દ્વાર પર મોટી શિલા મૂકી, ત્યારે તેનો આશય રાક્ષસને ગુફામાંથી બહાર આવતો રોકવાનો હતો, તેને ગુફામાં જ પૂરી રાખવાનો હતો. નાગરિકોએ તેના પર રાજા બનવાનું દબાણ કર્યું અને સુગ્રીવને તે દબાણને વશ થવું પડ્યું. જ્યારે સુગ્રીવ આ રીતે વર્યો ત્યારે તેણે શો અપરાધ કર્યો હતો ? તું તપાસ કરવા થોભ્યો નહિ. તેણે કદી પણ, જરા પણ તારી આજ્ઞાનો અનાદર કર્યો નથી, કારણ કે તે તને ચાહે છે, પૂજે છે. તે સદા સત્યના માર્ગને ચીટકી રહે છે. પણ તેં તારા હૃદયમાં તેના પ્રત્યે વેર રાખ્યું, જો કે તેમ કરવાનું કશું જ કારણ ન હતું. તારા વધારે પડતા અભિમાને સુગ્રીવને વનમાં હાંકી કાઢયો. જ્યારે તે તેને વનમાં મોકલ્યો, ત્યારે તારે તેની પત્નીને તેની સાથે જવા દેવી જોઈતી હતી. તેને બદલે તે તેને તારી પત્ની તરીકે પસંદ કરી, જેની સાથે તારે પુત્રી જેવો વ્યવહાર કરવો જોઈતો હતો. તું આને પાપ કહે છે કે નહિ ? આના કરતાં વધારે અધમ બીજું કાંઈ પણ નથી. વળી તું આ પ્રદેશના રાજાનું પદ ધરાવે છે. તારે અહીંના લોકોની રક્ષા કરવી જોઈએ, તેમનું પાલનપોષણ કરવું જોઈએ. જ્યાં તું જ પાપોમાં આનંદ માણી રહ્યો છે, તો પછી તું બીજા લોકોને ગુના માટે શિક્ષા કેવી રીતે કરી શકવાનો હતો? કહેવત છે, જેવો રાજા તેવી પ્રજા. પ્રજાજનો રાજા જેવા જ બને છે. એટલે તે જે કર્યું છે, તે વધારે દુષ્ટ અને તિરસ્કારને પાત્ર બની

જાય છે, નહીં! વારુ. "

આમ રામે પોતાના અનંત પ્રેમમાં, વાલીના અપરાધોનું અને પાપોનું સ્પષ્ટીકરણ કર્યું. વાલીએ તે સાંભળ્યું અને તેના પર વિચાર કર્યો. છેવટે તેને પોતાની ભૂલનો ખ્યાલ આવી ગયો, અને તે બોલ્યો, "મારી કુશળતા તમને મારું કાર્ય ન્યાયી છે એમ ઉચ્ચારાવવામાં નિષ્ફળ ગઈ. હવે મને સાંભળો, હું જરાપણ પાપી નથી. જો હું પાપી હોત તો સ્વામીના હાથે છોડેલા બાણથી મારો વધ ન થયો હોત અને હું મારી છેલ્લી ક્ષણો દિવ્યતાના મુખ સામું જોતાં જોતાં અને તેમના મધુર શબ્દો સાંભળતાં-સાંભળતાં કેવી રીતે પસાર કરી શકત?" આવા ખૂબ ઉચ્ચ જ્ઞાનપૂર્વક, પ્રેમનાં અને ભક્તિનાં, આનંદના અને સમપર્ણ-ભાવનાં ઊંડાણોમાંથી બોલાયેલા શબ્દો સાંભળીને રામ ખૂબ રાજી થયા. પછી વાલીના હૃદયમાં ત્યાગની જે સાચી ભાવના હતી તે જગત આગળ જાહેર કરવાની રામે ઈચ્છા કરી- તે બોલ્યા, " વાલી હું તને ફરી સજીવન કરું છું. હું તારી વૃદ્ધાવસ્થાને અને નિર્બળતાને દૂર કરું છું. આવ, તારા શરીરનો ફરી સ્વીકાર કર." તેમણે વાલીના મસ્તક પર પોતાનો હાથ મૂક્યો. પણ જ્યારે તે આમ વાલીને આશીર્વાદ આપી રહ્યા હતા, ત્યારે વાલીએ વચ્ચે પ્રાર્થના કરી, "હે દયાસાગર, મારી એક વિનંતી સાંભળો. માણસ જીવન દરમિયાન ગમે તેટલા પ્રયત્નો કરે, પણ મૃત્યુ ક્ષણે, પરમ મુનિઓની જીભ પર પણ તમારું નામ આવતું નથી. અત્યારે મને આવું અસાધારણ સદ્દભાગ્ય પ્રાપ્ત થયું છે, જ્યારે હું તમારા નામનું ઉચ્ચારણ કરું છું, તમારા રૂપનાં દર્શન કરું છું, તમારા ચરણોનો સ્પર્શ કરું છું અને તમારા શબ્દો સાંભળું છું. જો હું આ તક ચૂકી જાઉં, તે તકને સરી જવા દઉં, તો ફરીવાર આ વસ્તુઓ માટે મારે કેટલા લાંબા સમય સુધી રાહ જોવી પડશે એ કોણ કહી શકે એમ છે ? વધારે જીવવાથી મને બીજી શી મહાન પ્રાપ્તિ થવાની છે ? ના, વધારે જીવવાની મને ઈચ્છા નથી.

સ્વામી, સર્વ જ્ઞાનનું ઉદ્દભવ-સ્થાન એવા વેદો પણ તમને માત્ર 'નેતિ,નેતિ' (આ નહિ, આ નહિ) કહીને વર્ણવે છે. એમ કહી આગળ વધતાં વધતાં વેદો કહે છે કે- "આ, આ '-તે 'આ'ને મેં આજે પકડ્યો છે. શું હું તેને જવા દઈશ? શું આ જગતમાં એવો કોઈ મૂર્ખ હશે કે જે એક જંગલી છોડની ખાતર હાથમાં આવેલા દિવ્ય કક્ષ-વૃક્ષને છોડી દે ? ખુદ બ્રહ્માના માનસિક સંકલ્પમાંથી જન્મેલો, શારીરિક બળવાળો અને તીક્ષણ બુદ્ધિવાળો તથા તે ગુણો વડે વિખ્યાત બનેલો, આ વાલી 'આ શરીર વાસ્તવિક અને મૂલ્યવાન છે' - એમ માનીને તેને ચીટકી રહેવાના પ્રલોભનને વશ નહિ થાય. ના, જો હું તે પ્રલોભનને વશ થાઉં, તો હું અપયશનું લક્ષ્ય બનીશ. વધારે શું કહેવું ? જો આત્મસંતોષ ન હોય, તો પછી બીજા પ્રકારના સંતોષથી શો ફાયદો ! હે સ્વામી, તમારાં દર્શનના અને શબ્દોના પરિણામે હું બધા પ્રકારના દ્વંદ્વોથી અને ભેદભાવોથી પર બની ગયો છું. બીજા બધાથી ભિન્ન એવા એક પરમાત્માનું દર્શન મેં પ્રાપ્ત કર્યું છે. મેં કરેલાં બધાં પાપોનાં ફળ નાશ પામ્યાં છે. તે ફળોની સાથે આ શરીર, જે

તેવાં કર્મોના ફળ-રૂપે મને મળ્યું છે, તેનો પણ નાશ થઈ જવા દો; તે કર્મ-ફળોનો ભાર વહેવા માટે બીજું શરીર મને ન આપશો. " વાલીએ પોતાના દેહને છોડી દેવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાના પુત્રને પાસે બોલાવ્યો અને તે બોલ્યા, ‘ અત્યાર સુધી જે શરીર કામ-વશ હતું તેના વડે આ પુત્ર જનમ્યો છે. તે પુત્ર બળવાન અને સદ્દગુણી, નમ્ર અને આજ્ઞાંકિત છે. હવે હું ઈચ્છું છું કે તમે એને તમારા પ્રેમને યોગ્ય તમારા પુત્ર તરીકે ઉછેરો, તેનું પાલનપોષણ કરો. મેં તેને, તેમને સોંપ્યો છે. " એમ બોલીને તેણે પોતાના પુત્રના હાથ રામના હાથમાં મૂક્યા. રામે વાલીના પુત્ર અંગદને પોતાની પાસે ખેંચી લીધો અને ખૂબ પ્રેમપૂર્વક તેને આશીર્વાદ આપ્યા. રામે અંગદને સ્વીકારી લીધો તે જોઈને વાલીની આંખમાં હર્ષાશ્રુ ઊભરાયાં. તેની આંખો પોતાની આગળ ઊભેલા દિવ્ય રૂપ પર સ્થિર હતી. ધીમે ધીમે તેની આંખો મૃત્યુમાં મિંચાઈ ગઈ. પોતાના ગળામાં પહેરેલી માળામાંથી નીચે ગરી પડતાં પુષ્પોની દરકાર શું હાથી કરે છે ખરો ? તેટલી જ ઉદાસીનતા-પૂર્વક તેણે પોતાના પ્રાણ છોડ્યા.

વાલીના મૃત્યુના સમાચાર સાંભળીને પંપા-નગરના રહેવાસીઓ શોકમગ્ન સમૂહોમાં એકત્રિત થયા. તેની પત્ની તારા પોતાની પરિચારિકાઓ સાથે ત્યાં આવી. તે વાલીના શરીર પર પડીને બેભાન બની ગઈ. તારાનો દુ:ખપૂર્ણ વિલાપ એવો તો તીવ્ર હતો કે પત્થરો પણ સહાનુભૂતિમાં પીગળી ગયા. જયારે તે અવાર-નવાર ભાનમાં આવતી ત્યારે તે પોતાના પતિના મુખ તરફ જોઈને બોલતી કે, "મેં ખૂબ વિરોધ કર્યો હતો. અનેક દલીલો કરી હતી, છતાં પણ તમે બહાર જવા માટે દ્વાર તરક દોડી ગયા. પત્નીએ હંમેશાં પતિની સલામતી અને સુખ માટે સાવધાન રહેવું જોઈએ. પતિના કલ્યાણ માટે પત્નીને જેટલી ફિકર હોય છે તેટલી બીજા કોઈને હોતી નથી; બીજા લોકો ગમે તેટલી ઉચ્ચ પદવી ધરાવતા હોય પણ તેમની સલાહમાં હંમેશાં થોડીક અહંતાનું પ્રમાણ હોય છે. હે નાથ, નસીબ વાંકું હોવાને કારણે મારી સલાહની તમારી પર કોઈ અસર થઈ નહિ. હે સ્વામી, હવે હું કેવી રીતે આ પુત્રને પાલન-પોષણ કરીને મોટો કરીશ ? જે લોકોએ તમને મારી નાખ્યા તેઓ શું તમારા પુત્રને છોડશે ખરા ? હવે અમને કોણ માર્ગદર્શન આપશે ? અમને પાછળ મૂકીને તમને પરલોક સિધાવવાનું કેવી રીતે ગમ્યું? હવે મારે કોની ખાતર જીવવું?”

પછી, તારા રામ પ્રત્યે વળી અને તેણે પોતાનું હ્રદય ખુલ્લું કર્યું. “તમેં મારા પ્રાણ- સમાન પતિને પરલોકમાં મોકલ્યા. પાછળ રહેલી એવી હું, શું બીજાઓની દયા પર જીવું એમ તમે ઈચ્છો છો ? શું એક કુલીન, સદાચારી માણસ અભિમાન લઈ શકે એવી એ ઉચિત વાત છે ? શું એ યોગ્ય છે? જો તમે અમારી પ્રગતિ થાય એમ ન ઈચ્છતા હો, જો તમે અમારા શોકને મટાડવા ન ઈચ્છા હો, તો મને અને મારા પુત્રને મારી નાંખો; જે બાણે એક મહાન વીરને મારી નાખ્યો તે બાણ એક નિર્બળ સ્ત્રી અને એક અનાથ છોકરાને મારી નાખવામાંથી પાછું નહિ પડે, અમને વાલી સાથે મુસાફરીમાં જોડાવા દો. ”

તે રામને પગે પડી અને આશ્વાસન ન આપી શકાય તેમ રુદન કરવા લાગી. રામ બોલ્યા, “તારા, તું શા માટે આટલું રુદન કરે છે ? તું એક વીર-પત્ની છે. આમ ન વર્તીશ, કારણ કે તેથી મને અપયશ પ્રાપ્ત થશે. શાંત પડ, તારી જાત પર કાબૂ રાખ. શરીર ક્ષણભંગુર છે, તિરસ્કાર-પાત્ર છે. વાલી પોતે આ શરીરને અધમ માનતો હતો. ગમે તે દિવસે તે શરીર પડી જાય, એનો અંત આવે. મૃત્યુને કોઈ અટકાવી શકતું નથી. શરીર તો પરમ લક્ષ્યને સિદ્ધ કરવાનું સાધન માત્ર છે, જો તે લક્ષ્ય ધ્યાનમાં રાખવામાં ન આવે, અને જો શરીર દ્વારા એ લક્ષ્ય સિદ્ધ કરવામાં ન આવે તો શરીર એ માત્ર કોલસાનો ઢગલો છે, જેનું ભાવિ અગ્નિમાં બળી જવાનું છે. આ શરીર-રૂપ તરીકે વાલી માટે રુદન કરવું એ મૂર્ખાઈ ભરેલું છે, કારણ કે શરીર તો આ અહીં પડ્યું ! તો પછી શું તું તે દેહમાં રહેલા આત્મા માટે રુદન કરે છે ? એ આત્મા તો સનાતન છે, તે મરતો નથી, ક્ષીણ થતો નથી, ન્યુન થતો નથી. તેનું વિઘટન થતું નથી. જેમણે આત્મ-તત્વનો સાક્ષાત્કાર કર્યો નથી, તેઓ એવી ભ્રમણાથી દુઃખી બનતા હોય છે કે- આ શરીર એ પોતે છે. ત્યાં સુધી તો મોટા મોટા વિદ્વાનો પણ એવી ભૂલ કરતાં હોય છે. શરીર ને .આત્મા માની તેમાં મોહ કરવો એ અજ્ઞાન છે. પોતાના સાચા જાત રૂપ આત્માથી સભાન બનવું એ જ્ઞાન છે. આત્મ-જ્ઞાન એ ધૂળમાંથી હીરો જડ્યા સમાન મૂલ્યવાન સદ્ભાગ્ય છે. આ માંસ સમૂહમાં આત્મા-રૂપી રત્ન રહેલું છે. શરીરમાં વિષ્ઠા મૂત્ર દુર્ગંધ અને ખરાબ લોહી રહેલા છે. તે રોગના જંતુઓ અને સમસ્યાઓ વડે હેરાન થતું હોય છે, તેના ક્ષયને રોકી શકાતો નથી, કોઈક દિવસ તો તેને મરવું જ પડશે. શરીર દ્વારા પ્રાપ્ત થઈ શકતી સિદ્ધિઓ તેને સકારણ ઠેરવે છે. તે માનવ-જીવનનો મુકુટ મણિ છે. પોતાના શરીર દ્વારા તારા પતિએ અનેક વીરતા-ભર્યા અને માનપાત્ર વિજયો પ્રાપ્ત કર્યા હતા. રાજ્ય કરતાં કરતાં તેણે પોતાના સેવકોની અને વફાદાર અનુયાયીઓની રક્ષા કરી હતી, તેમને સમદ્ધિ આપી હતી. જાણે તેઓ પોતાના પ્રાણ સમાન ન હોય, તેણે રાક્ષસોને મારી નાખ્યા હતા. તેને પરમાત્મા પ્રત્યે ઊંડી ભક્તિ હતી. પણ તેણે પોતાના ભાઈનું બૂરું કર્યું. તે પાપ ઉપરાંત, તેણે બીજું કોઈ પાપ કર્યું ન હતું. મારે હાથે તેનું મૃત્યુ, એ પાપનું પરિણામ હતું. માટે માન કે તેનું તે પાપ પણ ધોવાઈ ગયું છે. હવે તારે શોક કરવાનું કોઈ કારણ નથી."

જ્યારે તારાએ આ સલાહના અને આશ્વાસનના શબ્દો સાંભળ્યા, ત્યારે તેના મનમાં જ્ઞાન પ્રગટ થયું, તે શાંત બની. રામે કહ્યું, “તારા, તું જલ્દી ઘેર પાછી જા અને સુગ્રીવ પાસે વાલીની મરણોત્તર ક્રિયા કરાવ.' તેમણે સુગ્રીવને સલાહ આપી કે અંગદને પ્રેમપૂર્વક, દરકારપૂર્વક ઉછેરીને મોટો કરજે. જયારે મરણોત્તર ક્રિયા પતી ગઈ, ત્યારે રામે લક્ષ્મણને રાજધાનીમાં મોકલ્યા અને સુગ્રીવને ગાદી પર બેસાડયા. હનુમાન અને બીજા લોકો પણ નગરીમાં ગયા અને સફળ રાજયવહીવટમાં સુગ્રીષને, પોતે તેમના મિત્રો અને અનુયાયીઓ હોય તેમ, મદદ કરવા લાગ્યા.

રાજયતંત્ર હાથમાં લીધા પછી સુગ્રીવે પોતાની જાતિના વડાઓ અને નેતાઓને એકત્રિત કર્યા. સીતાની શોધ કરવા માટે બધી યોગ્ય વ્યવસ્થા કરવાનો હુકમ તેણે તેમને આપ્યો. સીતાની શોધ માટે બધાં જરૂરી પગલાં લેવાનું તેણે તેમને કહ્યું. પોતે રાજા બન્યો અને તેને જવાબદારીનું માન મળ્યું તેથી સુગ્રીવ રાજી થયો ન હતો. પોતે પોતાના ભાઈના મૃત્યુનું કારણ બન્યો હતો તેથી તે દિલગીર અને શોકમગ્ન બની ગયો હતો. તેને વિચારો આવતા હતા કે “ખેદની વાત છે કે ક્રોધથી માણસ ભયંકર પાપ કરવા પ્રેરાય છે. ક્રોધ દ્વેષ પેદા કરે છે, પ્રેમને મારી નાંખે છે. મને શરમ આવવી જોઈએ. મેં મારા હૃદયમાં પ્રવેશવાની ક્રોધ અને દ્વેષને છૂટ આપી, તેથી મારું કેવું ઊંડું પતન થયું! વાલીએ રામની જે સ્તુતિ કરી હતી તે યાદ કરતાં વ્યથાથી મારું હૃદય ચિરાઈ જાય છે. વાલીમાં આવી ભક્તિ અને આવો સમર્પણ ભાવ હતાં તેની મને સ્વપ્નમાં પણ કલ્પના આવી ન હતી. આહ, તેનું જ્ઞાન અસીમ છે પણ કોઇ તેને તે જ્ઞાન વ્યકત કરવા દેતો ન હતો. હા, ક્રોધ માણસમાં રહેલી દિવ્યતાને દબાવી દે છે. કાળ અને ક્રોધ જીવનને વિપત્તિ તરફ ઘસડી જાય છે." એવા વિચારોથી સુગ્રીવ ખૂબ નિરાશ બની ગયો હોવા છતાં પણ લક્ષ્મણ પાસેથી તેણે રાજ્ય વહીવટનું માર્ગદર્શન મેળવ્યું. તેણે રામને પ્રાર્થના કરી કે નગરીમાં પધારો અને મને તથા મારા પ્રજાજનોને આશીર્વાદ આપો. પણ રામે જવાબ આપ્યો કે મારે વનમાં રહેવાનું છે, કોઈ શહેર કે નગરીમાં પ્રવેશ કરવાનો નથી; નહિ તો મેં મારા પિતાની ઈચ્છાનો ભંગ કર્યો ગણાય. સુગ્રીવે નેતાઓની સભા ભરી અને જાહેર કર્યું કે શરદ ઋતુનો પાછલો ભાગ આવી ગયો છે. એટલે થોડા જ સમયમાં વરસાદ પડશે અને તેથી વાનરયૂથોને ઠંડીમાં અને વાવાઝોડામાં વિચરણ કરવામાં મુશ્કેલી નડશે. એટલે શરદઋતુ પૂરી થાય કે તરત જ તેમણે સીતાની શોધમાં લાગી જવું જોઈએ.તેણે આ સમાચાર રામને અને લક્ષ્મણને પણ જણાવ્યા.રામને તેનાં કથનોની સત્યતાનો ખ્યાલ આવી ગયો. એટલે તેમણે તે પ્રસ્તાવમાં સંમતિ આપી. બંને ભાઈઓ ઋષ્યમૂક-ટેકરી પર જઈ રહ્યા. થોડા જ સમયમાં વરસાદ શરૂ થયો. ઇંચે ઇંચ જગ્યા પર આકાશમાંથી પાણીના ઘડે ઘડા ઠલવાતા હોય તેમ વૃષ્ટિ થવા લાગી. લક્ષ્મણને આહાર માટે કંદમૂળ સમયસર મેળવવામાં મુશ્કેલી પડવા લાગી. ભાઈઓ બહાર નીકળી શકતા નહિ. સૂર્યપ્રકાશ એક વિરલ વસ્તુ બની ગઈ. રામે તે સમયે લક્ષ્મણને મૂલ્યવાન બોધ કરવામાં ગાળ્યો. તે કહેતા, “લક્ષ્મણ, જ્યારે મૂર્ખ,દુષ્ટ પુત્ર જન્મે છે ત્યારે નીતિમયતાનો નાશ થાય છે. જ્યારે ઝંઝાવાત શરૂ થાય છે, ત્યારે વાદળ ભયભીત બની ધ્રુજવા માંડે છે. દુર્જનનો સંગ એ જ્ઞાનના વિનાશની પ્રસ્તાવના છે. સજ્જનોના સંગથી જ્ઞાન ખીલી ઊઠે છે." આમ બંને ભાઈઓ જ્ઞાન સંબંધી, તેની પ્રાપ્તિ અને તેના ઉપાયો સંબંધી વાતો કરવામાં પોતાના દિવસો વ્યતીત કરવા લાગ્યા.

• • •

શોધમાં સફળતા

વૃષ્ટિ બંધ થઈ. જગત પર શરદઋતુ ઊગી. પૃથ્વી લીલીછમ ચમકવા લાગી. બધે ઘાસ ઊગ્યું, પૃથ્વી અનેક રંગોવાળાં પુષ્પોની વેશભૂષાથી સજજ બની ગઈ. જ્યારે હર્ષ વૃદ્ધિ પામે છે, ત્યારે લોભ નિર્બળ બની જાય છે. તેવી રીતે, જ્યારે આકાશમાં અગસ્ત્ય નક્ષત્ર દેખાય છે, ત્યારે વૃષ્ટિ જળ અદ્રશ્ય થઈ જાય છે.જ્યારે મનોકામના અને ભ્રાન્તિ અદશ્ય થઈ જાય છ, ત્યારે મન વિશુદ્ધ અને સ્વચ્છ બની જાય છે . તેવી રીતે નદીઓ પણ સ્વચ્છ અને સ્પષ્ટ બની ગઈ. રામે લક્ષ્મણને કહ્યું , "ભાઈ, હવે સુગ્રીવને ચેતવવો એ ઈષ્ટ છે." લક્ષ્મણે તે આજ્ઞા ધ્યાનમાં લીધી . હનુમાન રોજ આશ્રમની મુલાકાતે આવતા હતા . લક્ષ્મણે તેમને વિનંતી કરી કે- હવે વચન આપેલું કામ કરવા સુગ્રીવને યાદ દેવડાવો . રામની આજ્ઞાઓનું પાલન કરવા હનુમાન હંમેશાં ઉત્સુક અને આતુર રહેતા . એટલે એમણે તરત જ સુગ્રીવને અસરકારક રીતે ચેતવ્યા . સુગ્રીવે બધા વાનર - જૂથોને બોલાવ્યા અને વ્યવસ્થાનો પ્રારંભ કર્યો . સોંપેલા કામ માટે સુગ્રીવે દરેક જણને કામ કરવા જરૂરી નિશ્ચય અને હિંમત આપ્યાં . સોંપાયેલું કામ સફળ થવું જ જોઈએ તેવા નિશ્ચયથી પ્રેરાઈને તેણે તેમને ચારેય દિશાઓમાં મોકલ્યા . તેણે હનુમાનને સમગ્ર આગેવાની સોંપી . હનુમાનની દોરવણી હેઠળ સમગ્ર જૂથે સુગ્રીવની અને રામની ' જય ' પોકારી . આનંદપૂર્વક નાચતા કૂદતા વાનરો ભિન્ન - ભિન્ન દિશાઓમાં ત્વરાપૂર્વક ચાલ્યા . હનુમાન અને પોતાને સોપેલા કાર્યની પવિત્રતા તેમને પ્રેરણા આપી રહ્યાં હતાં .

અનુયાયીઓના સમૂહ સાથે હનુમાન પૂર્વ દિશામાં ગયા . સુષેણ અને માંડવ ઉત્તર દિશામાં ગયા . તેઓ ગંધમાદન પર્વતમાળા , સુમેરુ શિખર , અર્જુન પર્વત , નીલગિરિ પર્વતમાળા અને ત્યાંની ગુફાઓ શોધી વળ્યા . છેવટે તેઓ ઉત્તર સમુદ્રને કિનારે આવી પહોંચ્યા. હનુમાનની આગેવાનીવાળું જૂથ પણ પોતાની શોધમાં એટલું જ આતુર હતું . તેઓ ઊંઘની કે ખોરાકની પરવા કરતા નહિ . રામને ચરણે તેઓ પોતાનાં જીવનને ન્યોછાવર કરી દેવા તૈયાર હતા. રામની સેવાના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવાની જ માત્ર તેમને ઈચ્છા હતી . અદનામાં અદના વાનરથી માંડીને ઉચ્ચતમ વાનર સુધી દરેકને એક સરખી વફાદારી અને સમર્પણની ભાવના હતી. "રામ , રામ , રામ " બોલતા બોલતા તેઓ દરેક ખૂણો ખાંચો, દરેક શિખરને, દરેક ગુફાને અને ઝાડીને, દરેક ખીણને અને નદીતટને જોઈ વળ્યા , કારણ કે જ્યાં માણસ ન પ્રવેશી શકે તેવા પ્રદેશોમાં અને સ્થાનોમાં પણ તેઓ જઈ શકતા .

એક દિવસ તેઓ એક વિશાળ સરોવરને કિનારે આવી પહોંચ્યા. ત્યાં તેમણે એક સ્ત્રીને જોઈ; તે તપસ્યામાં તલ્લીન બની ગઈ હતી . દૂરથી તેમણે તેને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા . તેણે પોતાની

આંખો ઉઘાડી . તેમને થાકી ગયેલા જોઈને તે બોલી, “ હે વાનરો , તમે ખૂબ થાકી ગયેલા અને ભૂખ્યા જણાઓ છો . આ ફળો ખાઈને તમે તાજા બનો . ” તેણે તેમને ખૂબ ખાવાનું આપ્યું . જ્યારે તેઓ તેની આસપાસ બેઠા હતા , ત્યારે તેઓ જે કામ માટે આવ્યા હતા તે બાબત તેણે તેમની પાસેથી સાંભળી . તે બોલી , “ હું રામના નિવાસ - સ્થાને જઈ રહી છું . મારી કથા સાંભળો , મારું નામ સ્વયંપ્રભા છે . હું એક સ્વર્ગના ગંધર્વની પુત્રી છું . હેમા નામની એક અપ્સરા મારી બહેનપણી છે . હું તપ કરી રહી હતી ત્યારે બ્રહ્મા મારી પાસે આવ્યા અને તેમણે મને પૂછયું કે “ તારે શું જોઈએ છે ? હું તારી ઈચ્છા પૂર્ણ કરીશ . ’ મેં જવાબ આપ્યો કે ‘ માનવ તરીકે પૃથ્વી પર વિચરતા ભગવાનનાં મારે દર્શન કરવા છે . ” બ્રહ્મા બોલ્યા : અહીં એકલી રહે ; સમય પસાર થતાં અહીં અનેક બળવાન વાનરો આવશે . તારી વિનંતીથી તેઓ અહીં રોકાશે . તેમની પાસેથી તું રામ વિશે જાણી લેજે ; રામ માનવરૂપમાં અવતરેલા ભગવાન છે . પછી તને રામનાં પણ દર્શન થશે. આહ , તે વરદાન આજે ફળ્યું છે . તેની પહેલી અને બીજી નિશાનીઓ મને પ્રાપ્ત થઈ છે ; એક તમારું આગમન અને બીજી તમે કહી તે રામની કથા તથા તેમના નિવાસ સ્થાનનો હેવાલ . જાણે હવે ત્રીજું , અર્થાત્ રામનું દર્શન પણ સિદ્ધ થયું છે એવી પ્રસન્નતા હું અનુભવું છું . ” આ સ્ત્રી , ભાવાવેશમાં ડૂબી ગઈ હતી અને હર્ષનાં આંસુ સારતી હતી . વાનરો પણ ઘણા લાગણીવશ બની ગયા અને આનંદનાં આંસુ સારવા લાગ્યા . દરમિયાન તે સ્ત્રી આંખો બંધ કરીને મનમાં નિરીક્ષણ કરવા લાગી . તે જોરથી બોલી ઊઠી, “હે વાનરો સમુદ્રતટે એક સુંદર નગરીમાં , એક મનોહર ઉદ્યાનની મધ્યમાં, એકલાં, સર્વથા એકલાં એકલાં સીતા પોતાના ભાગ્ય વિશે વિલાપ કરી રહ્યાં છે. તમે નિઃશંક એમને નજરે જોશો. એ બાબતની ખાતરી રાખો . આત્મ - વિશ્વાસ અને ધૈર્યથી આગળ વધો."

એક દિવસ, મુસાફરી દરમિયાન વાનરોએ નિરાશામાં ડૂબી નિસાસો નાખ્યો “ખેદની વાત છે કે અમારા સ્વામી સુગ્રીવે અમને જે આપી છે, તેને પૂર્ણ થવાના બે જ દિવસ બાકી રહ્યા છે. હજી અમે સીતાનો પત્તો મેળવી શક્યા નથી.” અંગદ તેના સાથીઓ નિરાશ બનીને પોતાના દુર્ભાગ્ય બદલ વિલાપ કરવા લાગ્યા. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેઓ સમુદ્રને કિનારે આવી પહોંચ્યા હતા. તેમાંનો કોઈ સમુદ્રને પાર કરી સીતાની શોધમાં આગળ વધે તેવો ન હતો. એટલે તેઓ સમૂહમાં રેતી પર બેઠા હતા અને નિરાશાપૂર્વક વિલાપ કરી રહ્યા હતા. વૃદ્ધ જાંબુવાને અંગદને અનેક પ્રકારે સલાહ આપી. “તમે શા માટે શોક કરો છો? આપણે આપણાથી બન્યું તેટલું બધું કરી છૂટ્યા છીએ. સ્થાનોને બધું શોધી કરી છૂટયા વળ્યા છીએ છીએ. ફરજમાંથી જરા પણ ચૂક્યા વગર બધાં સ્થાનોને શોધી વળ્યા છીએ, આપણે આળસમાં એક પણ ક્ષણ ગુમાવી નથી. આપણે ભોજન પાણી બાબતે જરા પણ દરકાર કરી નથી. આપણે સતત સીતાની શોધમાં પરોવાયેલા રહ્યા છીએ. આપણા રાજા અને

સ્વામી સુગ્રીવ ભલે આપણા કાર્યના સાક્ષી ન હોય, પણ રામ તેના સાક્ષી છે એ મારી વાતને તમે માનો. એટલે આપણને જ શિક્ષા થાય તેમાં રામ સંમતિ નહીં આપે. આપણને સુગ્રીવના કોપથી ડરવાનું કશું કારણ નથી. આ રામનું કામ છે, એટલે આપણે જીભ વડે તેમનું નામ લઈને અને મનમાં તેમના રૂપને રાખીને તે કામ કરવું જોઈએ ." જ્યારે જાંબુવાન આમ અંગદને આશ્વાસન આપી રહ્યા હતા, ત્યારે સમુદ્રતટ પર એક વૃદ્ધ પક્ષી ઊડીને આવ્યું. તે પોતાના મૃત્યુ પામેલા ભાઈની મરણોત્તર ક્રિયા કરવા માંગતું હતું અને તલના દાણા વડે પવિત્ર બનેલા જળની અંજલિ પવિત્ર સમુદ્રમાં અર્પવા આવ્યું હતું. વાનરો તેની આસપાસ ભેગા થયા. આ પંખીનું રૂપ ધારણ કરીને કોઈ રાક્ષસ તો નહિ આવ્યો હોય - એવી શંકા તેઓ મનમાં કરી રહ્યા હતા. પણ તે પંખીએ પ્રથમ બોલવાની શરૂઆત કરી, "હે વાનરો, મારું નામ સંપાતિ છે. જટાયુ મારા ભાઈ હતા. અમે ગૃધ્રો છીએ . વર્ષો પહેલાં અમે બંને સ્પર્ધા કરી હતી અને સૂર્ય પ્રત્યે ઊડયા હતાં . સૂર્યના બાળી નાખે તેવા તાપને મારા ભાઈ સહન કરી શકયા નહિ, એટલે તે ઊડીને પાછા પૃથ્વી પર આવ્યા પણ અભિમાનને વશ બનીને મેં મારું ઉડ્ડયન ચાલુ રાખ્યું. જેમ જેમ હું ઊંચે ચડતો ગયો, તેમ તેમ મારી પાંખો બળી ગઈ અને નીચે પડી. આકાશનાં ઊંડાણમાંથી હું એક પત્થરની પેઠે નીચે પટકાયો . ચંદ્રમાં નામના એક મુનિ ત્યાંથી પસાર થતા હતા, તેમણે મારી દશા જોઈ. તે મારી પાસે બેઠા અને મને ઘણો બોધ કર્યો . તેમનો બોધ સાંભળવાથી મારું અભિમાન નાશ પામ્યું. તે મુનિ બોલ્યા, "હે, પક્ષીરાજ મારા શબ્દો સાંભળો. આગામી ત્રેતા યુગમાં ભગવાન નારાયણ માનવરુપમાં અવતાર લેશે. રાવણ તેમની પત્નીને કોઇ અજ્ઞાત સ્થળે હરણ કરીને લઈ જશે. તેમની શોધમાં એક વાનર યુથ આવશે. પવિત્ર કાર્યમાં ગૂંથાયેલા, ભગવાનના તે દૂતોનાં દર્શનથી તારું જીવન પવિત્ર અને ધન્ય બની જશે. તે જ વખતે તને નવી પાંખો ફૂંટશે; તે ચિહ્નથી તને તે બાબતની ખાતરી મળી જશે. સીતાને જ્યાં રાખવામાં આવ્યાં હશે તે સ્થાનની માહિતી તેમને આપવી એ તારી ફરજ બની જશે." આજે હું મારા ભાઇ જટાયુની મરણોત્તર ક્રિયા કરવા માટે અહીં સમુદ્રકિનારે આવ્યો છું. તમને જોઈને મને ઘણા સમય પહેલાં બોલાયેલા, મુનિના તે શબ્દો યાદ આવ્યા. તેમનાં શબ્દો મને યાદ આવ્યા કે તરત જ તે સાચા પડ્યા, જુઓ." એટલે વાનરો ઉશ્કેરાટ-પૂર્વક બોલ્યા , " સંપાતિ , તમારી જીવનકથા રહેવા દો . અમારી મુદત બહુ ઝડપથી પૂરી થવા આવી છે , સીતા કયાં છે તે અમને જલ્દી જણાવો. તેમનું શું બન્યું તે વિશે તમે જે જાણતા હો તે અમને કહો . "

સંપાતિએ વધારે બોલવામાં સમય ન બગાડ્યો , "હે વાનરો, એક દિવસ મને અસહ્ય ભૂખ લાગી હતી. મેં મારા પુત્ર સુપર્ણને પાસે બોલાવીને કહ્યું કે, "હે પુત્ર, ઝડપભેર ઊડ, મને કંઈક ખાવાનું લાવી આપ'. હું વૃદ્ધ છું, મારી પાંખો પણ જતી રહી છે. મારી દશા જોઈને સુપર્ણ વનમાં ઊડયો, પણ તે

પાછો આવ્યો નહિ. તેની ચિંતાથી મારી ભૂખની પીડા દબાઈ ગઈ. છેવટે તે થોડુંક માંસ લઈને આવ્યો. ક્ષુધાને કારણે , ડાહ્યાં પ્રાણીઓએ રાખવા સંયમને હું વીસરી ગયો. તેના ખૂબ વિલંબથી હું ખૂબ ગુસ્સે થઈ ગયો હતો . મેં મારા પુત્રને શાપ આપવાનો નિર્ણય કર્યો . તેણે ભયને કારણે મારા પગ પકડી લીધા અને આજીજી - પૂર્વક તે બોલ્યો , “ પિતાજી , મેં એક ક્ષણ પણ બગાડી ન હતી . કૃપા કરીને મારી વાત સાંભળો . અનિવાર્ય રીતે થયેલા વિલંબ બદલ મને ક્ષમા કરો . ” તેણે તે મૃગ માંસ મારી આગળ મૂક્યું. તે ખાઈને મેં મારી ક્ષુધા શાંત કરી . પછી મેં તેને વિલંબનું કારણ પૂછયું .તે બોલ્યો, ' જ્યારે હું જંગલમાં ઊડી રહ્યો હતો, ત્યારે એક વીસ ભુજાઓવાળો અને દશ માથાવાળો માણસ વેગપૂર્વક જઈ રહ્યો હતો. તેની સાથે એક અવર્ણનીય સૌદર્યવાળી સ્ત્રી હતી . તે ખૂબ કરુણ રીતે રડી રહી હતી, વિલાપ કરી રહી હતી . હું જાણી ગયો કે તે પુરુષ , એક રાક્ષસ હતો . એટલે મેં તેના પર આક્રમણ કર્યું , અને મેં રથમાં બેઠેલી તે સ્ત્રીને જોઈ . તે માત્ર ‘રામ, રામ, રામ,’ એ એક જ શબ્દ જપી રહી હતી . તે રાક્ષસને રોકવાના અને સ્ત્રીને બચાવવાના મારા નિષ્ફળ પ્રયાસોને કારણે મને પાછા આવવામાં વિલંબ થયો છે.” જ્યારે મેં તે શબ્દો સાંભળ્યા ત્યારે, હું વૃદ્ધ થઈ ગયો હતો અને મારી પાંખો ગુમાવી દીધી હતી તે બાબતે મને ખૂબ ખૂબ શરમ આવી. હું શોકમગ્ન બની ગયો . મેં અનુમાન કર્યું કે તે પુરુષ, રાક્ષસ હોવો જોઈએ. એટલે મેં મારા પુત્રને પૂછયું કે: તે દશ મસ્તકવાળો રાક્ષસ કઈ દિશામાં જઈ રહ્યો હતો? તેણે જવાબ આપ્યો કે , તે દક્ષિણ દિશામાં જઈ રહ્યો હતો. હું તરત જ બોલી ઊઠ્યો, 'એ ખેદની વાત છે કે તે રાક્ષસ રાવણ છે , જેની વાત મુનિઓ કરી રહ્યા હતા. તે સ્ત્રી દિવ્યમાતા સીતા છે તે બાબતમાં કોઈ શંકા નથી. તે રાક્ષસ કુતરાની પેઠે, શિયાળની પેઠે સીતાને ચોરી ગયો છે. તે પોતાના શિકાર સાથે ભાગી ગયો છે, ક્રોધમાં મેં મારા દાંત પીસ્યા. હું બીજું શું કરી શકું ?" સંપાતિ તે ઘટના વિશે જે જાણતો હતો તે બધું તેણે વાનરોને વર્ણવી બતાવ્યું . "મુનિએ કહ્યું હતું તેમ, હું વાનર યુથોના આગમનની રાહ જોઈ રહ્યો હતો. હું રોજ રોજ આશા સેવતો હતો કે તેઓ અહીંથી પસાર થશે.આજે મારી પ્રાર્થના ફળી છે. મારું જીવન પાવન બન્યું છે."

પછી સંપાતિએ કહ્યું , “ હે વાનરો , લંકા - નગરી સમુદ્ર તટે ત્રિકુટ શિખર પર આવેલી છે . તે નગરીમાં અનેક મનોહર ઉદ્યાનો અને બાગો છે . ત્યાં અશોક વનમાં સીતા પોતાના દુર્ભાગ્યને રડી રહ્યાં છે . તે તમારા આગમનની રાહ જોઈ રહ્યાં છે . એટલે તમે દક્ષિણ દિશામાં આગળ વધો . ”

અંગદે તે પક્ષીને પૂછયું કે- અશોક વનમાં એક વૃક્ષ હેઠળ સીતા પોતાના દુર્ભાગ્યને રડી રહ્યાં છે તે તમે કેવી રીતે જાણ્યું? સંપાતિએ જવાબ આપ્યો, “ગીધની નજર ૪00 યોજન દૂર સુધી જોઈ શકે છે. જો હું વૃદ્ધાવસ્થાને કારણે નિર્બળ ન બની ગયો હોત, તો મેં તમને તમારા કાર્યમાં મદદ કરી હોત .” હવે સમસ્યા એ હતી કે સમુદ્ર પાર કેવી રીતે કરવો? સંપાતિ બોલ્યા, “હે વાનરો, જો તમારામાંથી

કોઈમાં ૧00 યોજન જેટલો કૂદકો મારવાનું બળ હોય, તો રામે તમને સોંપેલા કાર્યમાં સફળતા મળે ” જ્યારે  સંપાતિ એમ બોલી રહ્યો હતો , ત્યારે તેની પાંખો ઊગી , અને જરાક ફરકવા લાગી . તે થોડેક દૂર સુધી ઊડી શકયો , મુનિના શબ્દો સાચા પડયા હતા .

પાંખો પાછી આવવાથી સંપાતિને આશ્ચર્ય થયું . તે બોલ્યો , “ હે બહાદુર વાનરવીરો , રામની આજ્ઞાને પૂર્ણ કરવા માટે , ભૂખને અને તરસને પણ તમારા પ્રયાસોમાં અવરોધ કરવા દીધા સિવાય , તમે સીતાની શોધનું કામ ખૂબ કુશળતાપૂર્વક અને ઉત્સાહપૂર્વક કર્યું છે . તમે સુસ્થિર શ્રદ્ધા અને ઊંડી ભક્તિ બતાવી છે . આ શોધમાં ઘણીવાર તમે તમારા જાનને પણ જોખમમાં મૂકયો છે . રામ તમને સહનશકિત અને બળ આપી રહ્યા છે . તે તમારી પાસે પોતાનું કામ કરાવી રહ્યા છે . હવે તેમનું ધ્યાન કરવું અને પૂરા હૃદયપૂર્વક તેમને પ્રાર્થના કરવી એ તમારી ફરજ છે . જ્યારે તમે તેમ કરશો , ત્યારે તમે સીતાને મળી શકશો અને રામને સંતોષ આપી શકશો . તેમની કૃપાથી તમે સહેલાઈથી સમુદ્ર ઓળંગી શકશો , સીતાને મળી શકશો અને રામના હૃદયને આનંદ આપી શકશો . ભગવાનના હૃદયમાં આનંદ ઉત્પન્ન કરવો એ જ સાચી સિદ્ધિ છે.જે હૃદયો ભગવાનને તે ભેટ આપી શકતા નથી , તેમને વિશે આપણે શું કહીએ ? જે લોકો ભગવાન વડે વિધાન કરાયેલી મર્યાદાઓમાં જીવે છે અને પોતાનાં કાર્યો વડે ભગવાનની ઈચ્છા પૂર્ણ કરે છે , તે લોકો જ ધન્ય છે . બીજા બધા નિષ્ફળ છે . તેઓ તો માત્ર મૂલ્યવાન અનાજ ખાય છે અને આમતેમ ભટકે છે; તેઓ પૃથ્વીને ભારરૂપ છે.” એમ બોલીને સંપાતિ ઊડી ગયો.

તેને ઊડતો જોતા વાનરો તેને ઓચિંતી પ્રાપ્ત થયેલી ઊડવાની શક્તિ જોઈને આશ્ચર્યચક્તિ થઈ ગયા. તેઓ માંહ્યો માંહ્ય કહેવા લાગ્યા, “રામ - નામ અશક્ય વસ્તુને પણ શકય બનાવે છે. તેની મદદથી મૂંગા બોલી શકે છે, લંગડા ટેકરીઓ પર આરોહણ કરી શકે છે. નામજપ વડે પ્રાપ્ત થયેલી કૃપાથી સંપાતિ પોતાની પાંખો પાછી મેળવી શક્યો અને આકાશમાં ઊડી શક્યો . ” સંપાતિના શબ્દો દ્વારા વાનરો યથાર્થ રીતે વસ્તુઓને જોઈ શક્યા, જાણી શક્યા. દરેક વાનર તેના પોતાના બળનો અને કૂદકો મારવાની શકિતનો અંદાજ કાઢવા લાગ્યો. તે દરમિયાન જાંબુવાને તેમને કહ્યું, “મિત્રો, વૃદ્ધાવસ્થાએ મને નિર્બળ બનાવી દીધો છે, મારી કુશળતા અને બળ ઘટી ગયાં છે. રામની આજ્ઞાનું પાલન કરવાના આનંદથી અને તેમના આશીર્વાદના પ્રોત્સાહનથી હું અત્યાર સુધી મારી જાતને ટકાવી રાખી શકયો છું અને તમારી સાથે વિચરી શકયો છું . જયારે ભગવાને વામન અવતાર લીધો હતો અને ત્રિવિક્રમ રૂપ પ્રદર્શિત કર્યું હતું , ત્યારે મારી જુવાનીમાં મારામાં ખૂબ બળ અને બુદ્ધિ હતાં.”

તે સાંભળીને વાનરો રાજકુમાર અંગદની આસપાસ વીંટળાઈ વળ્યાં અને બોલ્યા, “હે રાજકુમાર, કોઈ કાર્યસાધક ઉપાય શોધી કાઢો . આપણામાંથી કોણ સમુદ્રને ઓળંગી શકશે તેનો નિર્ણય કરો.” એટલે અંગદે બધા વાનરોની સભા ભરી અને કહ્યું કે આ સાહસ માટે દરેક જણ પોતપોતાની શક્તિ વર્ણવે એમ હું ઈચ્છું છું. તે સાંભળીને વિકટ ઊભો થઈને બોલ્યો કે, હું વધારેમાં વધારે ૩૦ યોજન સુધી ફૂદકો મારી શકું. નીમ બોલ્યો કે, હે રાજકુમાર, હું, એક ફૂદકામાં ચાલીસ યોજન આવરી લઈ શકું. પણ તેનાથી એક અંગુલિની, પહોળાઈ જેટલું પણ વધારે નહિ. પછી દૂર્ધરે ઊભા થઈને કહ્યું કે, હું સહેલાઈથી ૫૦ યોજનનો ફૂદકો મારી શકું. નલે હાથ લાંબા કરીને, આગળ આવીને કહ્યું કે - હું ૬૦ યોજનનો ફૂદકો મારી શકું. જ્યારે આવી સ્પર્ધામય આપવડાઈ અને કુશળતાનું પ્રદર્શન ચાલી રહ્યું હતું, ત્યારે અંગદ બોલ્યો, "સાંભળો હું એકવાર આ સમુદ્રને ફૂદકો મારીને પાર કરી શકું, પણ પાછા આવવા માટે મારા ફૂદકામાં બળ રહેશે કે નહીં તે બાબત મને શંકા છે. આપણામાંના એક જણે સામે કિનારે પહોંચવાનું છે એટલું જ નહીં, પણ જરૂર પડે તો તેણે રાક્ષસો સાથે યુદ્ધ પણ કરવાનું છે. તેથી તો હું વધારે બળહીન બની જાઉ, પછી મારામાં બળ રહે નહીં. તેટલો લાંબો સમય સુધી ચાલે તેટલી અને આ ત્રણે કાર્યો કરવા માટે જરૂરી શક્તિ મારમાં નથી એવી મને દહેશત છે.

જ્યારે અંગદ આવા નિરાશાજનક શબ્દો બોલ્યો, ત્યારે વાનરોના વડાઓ એકી અવાજે બોલ્યા , “રાજકુમાર , તમે અમારા રાજ્યની ગાદીના વારસ છો . તમે આ કામ કરવા માટે શકિતમાન છો કે નહીં તે ચર્ચા અસંબદ્ધ છે . તમે દરિયો પાર કરીને રાક્ષસોના પ્રદેશમાં જાઓ તે યોગ્ય નથી , તે રાજનીતિથી વિરુદ્ધ છે . આ એવું કામ છે કે જે તમારે રાજયના કોઈ સેવકને સોંપવું જોઈએ . જ્યારે લાખો સેવકો તમારી આજ્ઞા પ્રમાણે વર્તવા તૈયાર છે ત્યારે તમે આ કામ તમારે માથે લો તે યોગ્ય નથી.” જાંબુવાને સૂચવ્યું કે બીજા કોઈ વાનરને આ કામ સોંપવામાં આવે . અંગદે આસપાસ નજર નાખી , અને હનુમાનને જોઈને તે બોલ્યા, “હે વાયુપુત્ર હનુમાન, તમે રામના સમર્પિત સેવક છો . તમારી ભક્તિ સાચે જ ઊંડી છે. અમારામાંથી સૌથી પ્રથમ તમે રામનાં દર્શનથી ધન્ય બન્યા હતા . તમારી બુદ્ધિ, કુનેહ અને નૈતિક દબાણ દ્વારા તમે રામ અને આપણા રાજા સુગ્રીવ વચ્ચે મૈત્રી સ્થાપી હતી. જ્યારે અમે રામનું કાર્ય કરવામાં નડતી મુશ્કેલીઓમાં ગૂંચવાઈ ગયા છીએ , ત્યારે તમે મૌન રાખીને બેઠા છે. હું તમારા મૌનનો અર્થ સમજી શકતો નથી." હનુમાનની વધુ પ્રશંસા કરતાં અંગદ બોલ્યો, “એવું કોઈ સાહસ નથી જેમાં તમે સફળતા પ્રાપ્ત ન કરો. તમે બળવાન છો, ખૂબ બુદ્ધિશાળી છો, તમારામાં બધા સદ્દગુણો છે. તમારી કુશળતાનું, શકિતઓનું , શ્રેષ્ઠ સદ્દગુણોનું મૂલ્યાંકન કરો અને ખડા થાઓ.” અંગદના શબ્દોથી હનુમાનમાં પોતાનું પહેલાનું બળ આવી ગયું. ઓચિંતા અભિનય

સાથે તે ઊભા થયા અને બોલ્યા, “હે વાનરો, તમે બધા અહીં રહો, મારા પ્રત્યાગમનની રાહ જુઓ . તમે આટલા બધા દિવસો સુધી ટેકરીઓ પર, ખીણોમાં, જંગલોમાં અને મેદાનોમાં પરિભ્રમણ કર્યું છે, તમને આરામ માટે થોડો પણ સમય મળ્યો નથી. આ પ્રદેશમાં મળતાં ફળ મૂળ ખાઓ અને અહીં રહો. હું આ ક્ષણે જ સાગરને ઓળંગીશ, લંકામાં પ્રવેશીશ, સીતાને મળીશ અને પાછો આવીશ. રામની આજ્ઞાનું પાલન કરવા સિવાય બીજું કામ નથી. જો આપણે તેમની કૃપા પ્રાપ્ત ન કરીએ, તો આપણે કેવી રીતે આપણા જીવનને ધન્ય બનાવી શકીશું?"

એમ બોલીને હનુમાને વાનર સભાને પ્રણામાંજલિ કરી અને યુવરાજ અંગદની રજા લીધી. વાનરયૂથોએ એકીઅવાજે 'જય રામ, રામનો જય થાઓ' એવી આનંદપૂર્વક ગર્જના કરી. હનુમાને મનમાં મનમાં રામના તેજસ્વી રૂપનું ચિત્ર ખડું કર્યું અને એક છલાંગ મારીને તે તે સમુદ્ર પર આકાશમાં કૂદ્યા - તેમના કૂદકાથી અને ઉડ્ડયનથી ઉત્પન્ન થયેલા ભીષણ ઝંઝાવાતને સહન ન કરી શકવાને કારણે ટેકરીઓ પરનાં વૃક્ષો જડમૂળમાંથી ઊખડી પડ્યાં અને હવામાં ઊડવાં લાગ્યાં; તેમના કૂદકાનો આવેગ એવો તો મહાન હતો કે જે શિખર પર તે ઊભા હતા તે શિખર પાતાળમાં પેસી ગયું . તેમને આકાશમાં ઊડતાં જોઈને સમુદ્ર મનમાં આમ વિચાર કરવા લાગ્યોઃ

“આ હનુમાન રામના સેવક છે. તે 'રામનું કામ કરવાં માટે જઈ રહ્યા છે . આહ , તે કેટલા ભાગ્યશાળી છે ! રામના કાર્યમાં વિજય મેળવવાની બુદ્ધિ અને બળ તેમનામાં છે . સાચેજ રામના બધા ભક્તોમાં તે શ્રેષ્ઠ છે .” હનુમાનના ઉડ્ડયનને જોવાથી સમુદ્રને જે આનંદ થયો તેનાથી તે ગર્જના કરવા લાગ્યો . સમુદ્રમાં ડૂબી ગયેલો મૈનાર્ક પર્વત પાણીની સપાટી પર આવ્યો , કારણ કે રામની સેવા કરનાર ભકતની તે સેવા કરવા ઈચ્છતો હતો . તે બોલ્યો, “હે વાયુપુત્ર , એક કૂદકામાં દરિયાને ઓળંગવા જતાં તમે થાકી જશો . કૃપા કરીને થોડો સમય મારા મસ્તક પર આરામ કરો અને તમે જે સેવા કરી રહ્યા છો તેમાં ભાગીદાર બનવાનું સદ્દભાગ્ય મને આપો.” હનુમાને મૈનાર્કની પ્રાર્થના સાંભળી, પણ તે રોકાયા નહિ . તેમણે મૈનાર્કને નમન કર્યું અને તે બોલ્યા, “મૈનાર્કે, હું રામના કામે જઈ રહ્યો છું . તે કામ પૂરૂં ન થાય ત્યાં સુધી હું આરામનો, ખોરાકનો , કે પાણીનો વિચાર ન કરી શકું . મારે માર્ગમાં થોડોક સમય પણ રોકાવું તે યોગ્ય નથી.” તે થોડુંક આગળ ઉડયા . સુરસ નામના સર્પ - રાક્ષસે અને સિંહિકા નામની રાક્ષસીએ તેમના માર્ગમાં અવરોધ કર્યો , પણ હનુમાને તેમના પર વિજય પ્રાપ્ત કર્યો અને તે લંકાને કિનારે પહોંચી ગયા.

ત્યાં તેમણે અનેક , સૂર્ય પ્રકાશમાં સુંદર લાગતાં બાગો, ઉદ્યાનો, મનોરંજનનાં,કેન્દ્રો જોયા; પોતે ક્યાં છે તે હનુમાન ભૂલી ગયા ; બાગમાં ઉડતાં, રંગબેરંગીન, અનેક જાતના પંખીઓના સમૂહો

જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. પાસેની એક સુંદર ટેકરી પર ચઢીને હનુમાન વિચાર કરવા લાગ્યા કે, આ સફળતા મારી બુદ્ધિનું કે બળનું પરિણામ નથી, તે કેવળ રામની કૃપાનું અને આશીર્વાદ નું પરિણામ છે.નગરીમાં અસાધારણ ભવ્યતાવાળા મકાનો, વિશાળ લાંબા માર્ગો , આકર્ષક ઉદ્યાનો વગેરે જોઈને હનુમાનને આશ્ચર્ય અને શંકા થયા. શંકા એવી થઇ કે આ સ્વર્ગની પોતાની તો પ્રતિકૃતિ નથી ને ! જ્યાં નજર પડે ત્યાં માર્ગોની ચોકી કરતા બળવાન રાક્ષસો દેખાયા. પોતાની ઈચ્છા મુજબ રૂપ ધારણ કરવાની શક્તિવાળી રાક્ષસીઓ નીતિ - ભ્રષ્ટ વિહારમાં ગૂંથાયેલી હનુમાને જોઈ. રાવણે જેમને દાસીઓ બનાવી હતી તે દેવકન્યાઓ, નાગ - કન્યાઓ, ગંધર્વ - કન્યાઓ, માનવ - કન્યાઓ, પોતાની મુક્તિના દિવસોની રાહ જોતી જોતી, મહેલમાં દુઃખી થતી હતી, વિલાપ કરતી હતી. હનુમાને અનુમાન તારવ્યું કે માર્ગોમાં વિચરતાં વિશાળ ટોળાંમાં મારે મૂળ - રૂપમાં વિચરવું એ ડહાપણભરેલું નથી . સૂક્ષ્મ , અદ્રશ્યરૂપ ધારણ કરીને તેમણે નગરીમાં પ્રવેશ કર્યો .

લંકાના પ્રવેશદ્વાર આગળ લંકિની નામની રાક્ષસી ખડી હતી. કોઈપણ પરદેશીને, તેનો આશય ગમે તે હોય , નગરીમાં પ્રવેશ ન કરવા દેવા માટે તેને ત્યાં રાખવામાં આવી હતી . તેણે અંદર પ્રવેશવાનું સાહસ કરતી હનુમાનની અપરિચિત મૂર્તિને જોઈ. ધમકાવતી હોય તેમ તે બોલી , “ત્યાં કોણ જઈ રહ્યું છે ? તું ક્યાંથી આવે છે ? તું કોણ છે? આ પ્રદેશમાં અમે પહેલાં કદી પણ આવું પ્રાણી જોયું નથી..તું લંકાની સરહદ બહારથી તો ન આવી શકયો હોય , કારણ કે લંકાની ચારેય તરફ સમુદ્ર છે . તું કોઈપણ ઉપાયે દરિયો ઓળંગીને આવ્યો છે? મને જાણ કર્યા વગર તું નગરીમાં કેવી રીતે પ્રવેશી શકે ? અટકી જા , જ્યાં છે ત્યાં જ ઊભો રહે .” તેના બબડાટ ઉપર હનુમાને ધ્યાન આપ્યું નહિ . તેની ધમકી ન સાંભળી હોય તેમ , પોતાની પાછળ પોતાના પુચ્છને ખેંચતા હનુમાન આગળ ચાલ્યા . લંકિની વધારે ક્રોધે ભરાઈ , અને ભયંકર બની ગઈ . તેણે ક્રોધપૂર્વક ગર્જના કરી, "હે, દુર્ભાગી મૂર્ખ, શું મારા શબ્દો સાંભળતો નથી ? " હનુમાને તેના વિરોધને અને પ્રશ્નોને બાજુએ હડસેલી દીધી, મુખ પર સ્મિત કરી તે દરવાજા પ્રત્યે ચાલ્યા. લંકિની બરાડી ઊઠી, “હે પશુ, મારી આજ્ઞાઓનો ભંગ કરનારનું હું ભક્ષણ કરી જઈશ. યાદ રાખજે, થોડીક ક્ષણોમાં જ હું તારાં હાડકાં ચાવી જઈશ . સાવધાન!” લંકા નગરીમાં પ્રવેશ કરતી વખતે નાનકડા વાનર બની ગયેલા હનુમાન પ્રત્યે તે ધસી આવી. જયારે તે બરાબર સામે આવી ત્યારે હનુમાને પોતાની નાનકડી મુષ્ટિને સખત બનાવીને એક બળવાન પ્રહાર કર્યો. તે બેભાન બનીને ભૂમિ પર પડી . તેના મુખમાંથી લોહી વહેવા માંડયું . થોડાક સમય પછી તે ભાનમાં આવી; હનુમાનને પકડવા માટે તે પાગલની પેઠે દોડી . પણ જ્યારે હનુમાને તેના પર બીજો મુષ્ટિ પ્રહાર કર્યો, ત્યારે એ પ્રહારને તે સહન કરી શકી નહીં . તે ભૂમિ પર પડીને ફરી ઊભી થઈ શકી નહિ . પણ ખૂબ પ્રયત્ન કરીને તે બેઠી થઈ , અને પ્રણામાંજલિ રચીને તે બોલી, “હે આશ્ચર્યકારક

રૂપવાળા પ્રાણી , ખૂબ સમય પહેલાં , જ્યારે રાવણને ઘણાં વરદાનો આપીને બ્રહ્મા - ત્રિમૂર્તિમાંના પ્રથમ દેવ - પાછા જતા હતા , ત્યારે તે ઓચિંતા રાવણની સામે જઈને બોલ્યા હતા કે જ્યારે એક વાનરના બળવાન પ્રહારથી તારા દ્વારપાળને ખતરનાક ઈજા થશે , ત્યારે જાણજે કે તારો પતનકાળ આવી પહોંચ્યો છે . પછી તારી શકિતઓ તને કામ નહિ આવે . તે ઘટનામાંથી ચેતવણી લેજે કે તારું મૃત્યુ નજીક આવી પહોંચ્યું છે . ભગવાનનું કામ કરવા માટે ભગવાનની આજ્ઞાથી તે વાનર લંકામાં પ્રવેશ કરશે . તેના આગમનને રાક્ષસોના વિનાશની આગાહી સમજજે. આ વાત ખ્યાલમાં રાખજે" . બ્રહ્માએ સૂચિત કરેલા દૂત તમે છો . તમારા પાવન હાથના સંપર્કથી મારું શરીર પાવન બન્યું . હું કેવી ભાગ્યશાળી ! તમે મને જે પ્રહાર કર્યો તે કેવો રોમાંચક અને મૃદુ હતો ! " એમ કહી હનુમાને જે અંગ પર પ્રહાર કર્યો હતો તે પંપાળવા લાગી .

દરમિયાન તેના શબ્દો પર ધ્યાન ન આપતા, નિંદા - સ્તુતિની દરકાર ન કરતા, હનુમાન, શ્વાસે શ્વાસે 'રામ, રામ, રામ,' જપતા લંકા નગરીમાં, પ્રવેશ્યા. છતાં પણ એક વિચાર તો તેમને સતાવી રહ્યો હતો: સીતા ક્યાં હતાં તેની માહિતી કોણ આપશે? સીતાને જોઈને આ જ તે છે એવી ખાતરી કેવી રીતે પ્રાપ્ત કરવી ? કોઈ જોઈ ન શકે તેટલા માટે તેમણે સૂક્ષ્મ રૂપ ધારણ કર્યું . તે એક વૃક્ષ - શિખર પરથી બીજા વૃક્ષ - શિખર પર જવા લાગ્યા, તે બજારોમાં અને રાક્ષસોની વચ્ચે બધે વિચર્યા ; કોઈ તેમને જાણી શકયું નહિ . ઓચિંતી તેમની નજર એક મકાન પર પડી , જે મકાન ( રામ જેના અવતારે છે તે વિષ્ણુના ) હરિના મંદિર જેવું હતું. તેની આસપાસ તુલસીનો બાગ હતો . પ્રવેશદ્વાર ઉપર સુંદર રીતે હરિનું નામ કોતરેલું હતું . મંકાન ચોક્કસ વિષ્ણુ ભગવાનનું મંદિર હતું. તેમને આશ્ચર્ય થયું કે આ દ્વાર પર હરિનું નામ કયાંથી , કેવી રીતે આવ્યું ? તેમણે નિર્ણય કર્યો કે ચોક્કસ આ એક પવિત્ર સ્થાન છે .

હનુમાનનું કુતૂહલ જાગૃત થયું. તેમણે તે મકાનના છાપરા પર કૂદકો માર્યો અને બારીમાંથી અંદર ડોકિયું કર્યું કે અંદર શું બની રહ્યું છે. તે જ વખતે એક માણસ આળસ મરડીને પથારીમાંથી ઊઠી રહ્યો હતો. તે હરિનું નામ લઈ રહ્યો હતો. તે નામ સાંભળીને હનુમાનને ખૂબ આનંદ થયો. લંકામાં પણ હરિનું નામ લેનાર લોકો છે, તે જાણીને તેમને હિંમત આવી. એટલે તેમણે વધારે હિંમતપૂર્વક અને ઓછા ભયપૂર્વક સીતાની શોધ કરવાનો વિચાર કર્યો. તેમને લાગ્યું, "આ ઘરનો માણસ ભક્ત અને સજ્જન દેખાય છે. કદાચ તે મને સીતાની ભાળ આપશે. કદાચ તેને હું મારો મિત્ર બનવા સમજાવી શકીશ, કારણ કે અમે બંને એક જ ભગવાન પ્રત્યે વફાદાર છીએ." એમ વિચારીને હનુમાને બ્રાહ્મણનું-પુરોહિતનું રૂપ ધારણ કર્યું, અને તે એ ઘરમાં પ્રવેશ્યા. એક ક્ષણ માટે તો, તે ઘરના માલિક વિભીષણને તે અપરિચિત બ્રાહ્મણ માટે શંકા થઈ, પણ તેમણે નિર્ણય કર્યો કે તે ગમે તે હોય, પણ બ્રાહ્મણ હોવાને

કારણે તેમનું સન્માન કરવું જોઈએ. વિભીષણ આગળ આવ્યા અને તેમણે હનુમાનને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. પછી તે બોલ્યા, "ગુરુજી, તમારું વતન કયું છે ? તમે કયાંથી આવ્યા છો ? રસ્તામાં તમને કોઈએ જોયા નહિ અને રાક્ષસોએ હેરાન કર્યા નહિ-એ કેવી રીતે બન્યું ? રાક્ષસો જે ક્રૂર કાર્યો કરે છે તેમનું વિભીષણે વર્ણન કર્યું અને હનુમાનની ધૃષ્ટતાની અને નિર્ભયતાની પ્રશંસા કરી. હનુમાને જવાબ આપ્યો, "હું હરિનો સેવક છું. મારું નામ હનુમાન છે. હું રામની આજ્ઞાથી આવ્યો છું." પછી હનુમાને વિસ્તારપૂર્વક રામના સદ્દગુણોનું અને ઉત્કૃષ્ટતાઓનું વર્ણન કર્યું. હનુમાને જોયું કે પોતે જ્યારે રામના ગુણો વર્ણવી રહ્યા હતા, ત્યારે વિભીષણની આંખોમાંથી આંસુ ઊભરાતાં હતાં. વિભીષણે મનમાં વિચાર્યું, "ઓહ, આજનો દિવસ કેટલો બધો સુખમય! હું કેટલો બધો નસીબદાર છું! આજે પથારીમાંથી ઊઠતાં-વેંત મને આવી રામની યશગાથા સાંભળવાની મળી, જેથી મને ખુબ શાંતિ અને આનંદ પ્રાપ્ત થયાં."

હનુમાનને સમજાયું કે આ ઘટનાઓ રામની કૃપાને કારણે બની હતી. ભયના પ્રદેશમાં, લંકામાં આવો હરિમાં તલ્લીન બનેલો માણસ રહે છે તે જોઈને હનુમાન આશ્ચર્યચક્તિ બની ગયા. તેમણે પૂછયું કે : શ્રીમાન, તમે આ અધમ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક કેવી રીતે જીવી શકો છો ? વિભીષણે જવાબ આપ્યો, "તે રામની - ભગવાનની કૃપા છે. ભગવાન આપણે કેટલો વખત જીવવું તેનો નિર્ણય કરે છે અને તેટલું આપણે જીવીએ છીએ; તેમાંથી છટકી શકાતું નથી. તે વિષયગત જગતના સ્વામી છે અને તેથી કોઈપણ માણસ તેમના નિયમોનો ભંગ કરી શકતો નથી, તે નિયમમાં ફેરફાર કરી શકતો નથી. શું જીભ મુખમાં સતત હાલ્યા કરતી નથી કે જે મુખમાં તીક્ષ્ણ ધારવાળા દાંત તેની આસપાસ રહેલા છે? તેવી જ રીતે હું અહીં રહું છું. મારી વાત રહેવા દો; તમને કયા કામ માટે અહીં મોકલવામાં આવ્યા છે, તે મને કહો." હનુમાનને ખ્યાલ આવી ગયો કે વિભીષણ એક સજ્જન હતા. તેવા માણસોના સંગમાં સારાં જ પરિણામો આવે. વિભીષણના સવાલોના જવાબ આપતા પહેલાં તેમણે અનેકવાર રામનું નામ લીધું અને પોતે જે કામ માટે આવ્યા હતા તે ધાર્મિક, વિશુદ્ધ મનવાળા વિભીષણ આગળ ખુલ્લું કરવાની રામની રજા માંગી. હનુમાનને લાગ્યું કે વિભીષણથી કોઈપણ વાત ગુપ્ત રાખવી તે યોગ્ય નથી. પ્રાસ્તાવિકરૂપે તેમણે પૂછયું કે : તમારું નામ શું - તમે લંકામાં શું કરો છો? હનુમાનની નમ્રતાથી અને સારી રીતભાતથી પ્રભાવિત થયેલા વિભીષણે જવાબ આપ્યો, "શ્રીમાન, હું એક ભાગ્યહીન માણસ છું. હું રાવણનો ભાઈ છું. મારું નામ વિભીષણ છે. હું બહુ કરુણાજનક સ્થિતિમાં છું, કારણ કે મારા હૃદયને સંતોષ થાય તે રીતે હું હરિના નામને જપી શકતો નથી." તે સાંભળીને હનુમાનને લાગ્યું કે પોતાના સવાલનો જવાબ મળી ગયો છે. તે આનંદમાં કૂદ્યા અને બોલ્યા કે : હું રામનો દૂત છું, હું સીતાની શોધમાં આવ્યો છું. એક ક્ષણમાં વિભીષણ હનુમાનને પગે પડયા અને તેમણે

પૂછ્યું, "શ્રીમાન, મારા રામ અત્યારે કયાં છે? ઘણા સમયથી હું તેમનાં દર્શન માટે ઝંખું છું, પણ મને તેમનાં દર્શનનો અધિકાર આપે તેવા સદ્દગુણો મારામાં નથી. હું રાક્ષસ-જાતિનો છું. શું મને તેમનાં દર્શનની તક મળી શકશે ? મેં કશી સાધના કરી નથી, તપ કરવાની અને બીજી વિધિઓ કરવાની મને અહીં સ્વતંત્રતા નથી. તે સદ્દભાગ્ય માટે મેં હજી અધિકાર પ્રાપ્ત કર્યો નથી. શું રામ મને આશીર્વાદ આપશે ?" તેની અરજ સાંભળીને હનુમાનનું હૃદય સહાનુભૂતિમાં પીગળી ગયું.

હનુમાને આશ્વાસન આપ્યું, "વિભીષણ, રામ માત્ર હૃદય પર જ ધ્યાન આપે છે. તે કૌટુંબિક સંબંધોની, ધાર્મિક સંબંધોની અથવા સાધન-સંપાદનની પરવા કરતા નથી; તે માત્ર લાગણીઓ વડે અને લાગણીઓની વિશુદ્ધિ વડે પ્રસન્ન થાય છે. તમારા આદર્શોની ઉચ્ચતાને કારણે અને તમારા દૈનિક જીવનની વિશુદ્ધિને કારણે એ આશીર્વાદ આપશે, તમે જેની અભીપ્સા સેવો છો તે દર્શન તે તમને આપશે. શોક ન કરો. તેમની કૃપા અને કરુણા વિશે હું જે કહી રહ્યો છું તેની ઉત્તમ સાબિતી માટે તમે મારો જ દાખલો લો. હું વાનર છું. સ્વચ્છંદિતાએ અમારી જાતિનું ખાસ લક્ષણ છે. તોફાની,રમતિયાળ, ક્ષુદ્ર-મન અને વાનર એ બે પર્યાય-શબ્દો બની ગયા છે.હું શાસ્ત્રોથી તદન અનભિજ્ઞ છું, તપસ્યાનો તો હું અર્થ પણ જાણતો નથી. મેં શાસ્ત્રોકત વિધિ અનુસાર નામ-જપ કર્યો નથી. હું પવિત્ર નદીઓની તીર્થયાત્રાએ ગયો નથી. તો પછી રામે મને કેવી રીતે આશીર્વાદ આપ્યા? કારણ કે તે, લોકોમાં ચેતનાને સંકોરતા પ્રેમ અને તેમને પ્રેરણા આપતી લાગણીઓ માત્ર પર જ ધ્યાન આપે છે. તમારી બાબતમાં પણ તે માત્ર વિશુદ્ધ લાગણીઓને જ લક્ષમાં લેશે. એ વિશ્વાસ રાખો, શંકા ન કરો."

તે શબ્દો વડે આશ્વાસન પ્રાપ્ત કરીને વિભીષણે સીતાને લંકામાં કેવી રીતે લાવવામાં આવ્યાં હતાં તે વાત કરી. હનુમાને ખોરાક કે પાણી લેવાની ના પાડી, કારણ કે જ્યાં સુધી પોતે સીતાને મળીને રામનો સંદેશો ન આપે ત્યાં સુધી તેમણે ભોજન-પાણી ન લેવોને નિશ્ચય કર્યો હતો. જરા પણ વિલંબ કર્યા વગર તે સીતાની શોધમાં લાગી જવા ખૂબ આતુર હતા પણ વિભીષણે તેમને સાવચેતીપૂર્વક અને ધીમે ધીમે આગળ વધવાની, અને જતાં પહેલાં રાવણના સામ્રાજયના બળની તથા નબળાઈઓની માહિતી મેળવી લેવાની સલાહ આપી. વિભીષણે પોતે કેટલાક વિસ્તાર-પૂર્વક આ મુદ્દાઓ પર માહિતી આપી. પછી તેમણે હનુમાનને પોતાનું કાર્ય કરવા જવા માટે રજા આપી. સીતા લંકામાં છે તે જાણીને હનુમાન એટલા બધા ખુશ થઈ ગયા કે સીતા ચોક્કસ કયાં, કઈ સ્થિતિમાં છે તે વિભીષણને પૂછવાનું પણ તે ભૂલી ગયા! તેમણે અનેક હવેલીઓમાં પ્રવેશ કરીને ત્યાં સીતાની શોધ કરી. તેમણે પથારીમાં પડેલાં સુરાપાન અને નૃત્યથી મત્ત બનેલાં અને ભોગ વિલાસની ક્ષુદ્રતાથી પટકાયેલાં સ્ત્રીઓનાં વૃંદ જોયાં. રામે વર્ણવેલાં સીતાનાં લક્ષણોને તથા તેમની ઉત્કૃષ્ટતાઓને યાદ રાખીને તેમણે તે ઘરોમાં દરેક સ્ત્રીનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું, પણ સીતાને મળી શકયા નહિ.

નિરાશાપૂર્વક તે એક ટેકરી પર કૂદ્યા. તેમણે લાંબા સમય સુધી તે પરિસ્થિતિ પર વિચાર કર્યો કે, “મારું કામ પૂરું કર્યા સિવાય, સીતાને મળ્યા સિવાય, તેમને આશ્ર્વાસન આપ્યા સિવાય હું શું મોઢું લઈને રામ પાસે પાછો જાઉં ? તેના કરતાં તો હું પેલા સમુદ્રમાં ડૂબી મરું તે વધારે સારું છે. ખેદની વાત છે કે મારું જીવન ધૂળ-ધાણી થઈ ગયું. મને ધિક્કાર હો.”

તે જ ક્ષણે એક સુંદર, સ્વચ્છ, લીલોછમ, દૂર ચમકતો, એક બાગ તેમની નજરે પડયો. તે ટેકરી પરથી નીચે ઊતર્યા. તેમને ખ્યાલ આવ્યો કે બાગ ઊંચી હવેલીઓ વડે વીંટળાયેલી ખીણમાં છે, એટલે જમીન પરથી હું તે સ્થાનને નહિ શોધી શકું. હવે શું કરવું તે તેમને સમજાયું નહિ. તે ત્વરાપૂર્વક વિભીષણને ઘેર ગયા. રામ- નામના જપમાં તલ્લીન બનેલા વિભીષણને તેમણે જોયા; હનુમાનને જોઈને વિભીષણ મૈત્રીભરી અને પ્રસનકારી રીતે હનુમાનની પાસે આવ્યા. તેમણે પૂછયું કે : હનુમાન, તમે સીતાને મળ્યા? હનુમાને પોતાની નિરાશા વ્યકત કરી. પણ વિભીષણે તેમને માહિતી આપી કે, “હનુમાન, અશોક નગરીમાં અશોકવન નામની એક વાટિકા છે; ત્યાં તેમને ભયંકર અને બળવાન રાક્ષસોની વચ્ચે રાખવામાં આવ્યાં છે. મારી પત્ની અને મારી પુત્રી તેમની સેવામાં તેમની સાથે છે.” વિભીષણે હનુમાનને અશોકવનમાં જવાનો માર્ગ પણ બતાવ્યો. હનુમાન એક ક્ષણ પણ ત્યાં રોકાયા નહિ, ક્ષણમાં તે બાગમાં પહોંચી ગયા. તેમને જોનાર રાક્ષસોએ બૂમો પાડવા માંડી કારણ કે તેમની આકૃતિ તેમને અપરિચિત અને વિશિષ્ટ હતી. તે જોઈને હનુમાનને લાગ્યું કે મારી આકૃતિ મને જાહેર કરી દે છે, બધાંનું ધ્યાન ખેંચે તેવી છે. એટલે તેમણે નાનકડા કદનું રૂપ ધારણ કર્યું. કોઈ જુએ નહિ તેમ, પર્ણોના ગુચ્છો પાછળ સંતાતા- સંતાતા તે અશોક વનમાં પહોંચ્યા.

ત્યાં તેમણે એક સ્ત્રીને એક વૃક્ષ નીચે બેઠેલાં જોયાં. ભોજન અને નિદ્રા ન લેવાને કારણે તે દૂબળાં પાતળાં બની ગયાં હતાં. ભયંકર ચોકીદાર રાક્ષસો તેમને ધમકી આપી રહ્યા હતા કે, તારી ઈચ્છા બદલ, તારો નિશ્ચય પડતો મૂકી દે. તે દરમિયાન ઘોડેસ્વારોની એક ભવ્ય ટુકડી તે સ્થાને આવી. આગળના ભાગમાં દુંદુભિઓ અને શરણાઈઓ વાગી રહ્યાં હતાં. તેમની પાછળ હનુમાન એક રાજાને આવતો જોઈ શકયા. તેણે ભવ્ય પોષાક પહેર્યો હતો, રત્ન-જડિત આભૂષણો સજ્યાં હતાં. તેની પાછળ સેંકડો દાસીઓ આવતી હતી. તેમના હાથમાં રત્નો ભરેલી મધુર સુગંધી ભેટો રાખેલી, સુંવાળાં રેશમી વસ્ત્રોથી ભરેલી થાળીઓ હતી. પાસેના એક વૃક્ષના શિખર પર પર્ણોની લીલી છાયામાં બેસીને હનુમાન તે દશ્ય જોઈ રહ્યા હતા. તે રાવણ હતો, કારણ કે તે સીતાને તેમનો પ્રેમ પોતાને અર્પણ કરવા આજીજીઓ અને પ્રાર્થનાઓ કરી રહ્યો હતો. જો સીતા ન માને, તો કઠોર શિક્ષા કરવાની ધમકીઓ આપીને તે સીતા પાસેથી સંમતિનું વચન માગી રહ્યો હતો. તે આસપાસના લોકોને ઉશ્કેરી રહ્યો હતો કે સીતાને દુઃખ આપો, તેને ઈજા કરો. હનુમાને તે સાંભળ્યું. તે આખી ધમકી દરમિયાન તે નિર્બળ,

દૂબળી-પાતળી નારીએ એકવાર પણ રાવણની સામે જોયું નહિ. તે બોલ્યાં, "હે મૂર્ખ, દુષ્ટ, અધમ માનવી, મારા પર માત્ર રામનો જ અધિકાર છે, બીજા કોઈનો નહિ. તેમના વિયોગના દુઃખની જ્વાળાઓમાં હું મારા દેહને બાળીને ખાખ કરી નાંખીશ, પણ હું મારા નિશ્ચયમાંથી ચળીશ નહિ. આ મારી વાત માન અને સાવધાન બન."

હનુમાને તે ભારપૂર્વક બોલાયેલા શબ્દો સાંભળ્યા. તેમને ખ્યાલ આવી ગયો કે તે સીતા જ હતાં, બીજું કોઈ નહિ, તે જાણી તેમના મનને શાંતિ થઈ.થોડા જ સમયમાં પોતાના પરાજયની નિરાશાથી દુભાયેલો અને પરાભવથી ક્રોધિત બનેલો રાવણ વધારે ક્રૂર વાણી બોલવા લાગ્યો. તે પ્રસ્તાવ પર વિચાર કરવાની અને તાબે થવાની તેણે સીતાને એક મહિનાની મુદત આપી. પછી તે, ઘોડેસ્વારો તથા દાસીઓ વાટિકામાંથી બહાર નીકળી ગયાં. તેમનાં બધાંના ગયા પછી સીતાએ સ્વર્ગ તરફ પોતાનું મસ્તક ઊંચું કરીને નિસાસા મૂક્યા. તે બોલ્યાં, "રામ, હજી પણ તમારા હૃદયમાં કરુણા પેદા થતી નથી ? તમે શા માટે મને આવી વેદનાની શિક્ષા કરી છે ? આમાંથી હું ક્યારે છૂટીશ ?" એમ બોલી રડવા લાગ્યાં.

ત્રિજટા નામની એક રાક્ષસી તેમની એક ચોકીદાર હતી. તેને રામનાં ચરણ-કમળમાં ખૂબ આસકિત હતી. તે એક પવિત્ર ભકત હતી. તેને દુન્યવી જ્ઞાન તથા આધ્યાત્મિક અનુભૂતિ બંને હતાં. સીતાની ચોકી કરનાર, પોતાની સહચરીઓને તેણે કહ્યું, "અરે સહચરીઓ, ગઈ કાલે રાતે મને એક સ્વપ્ન આવ્યું, જે મારે તમને કહેવું જોઈએ. પણ પ્રથમ, ચાલો આપણે સીતાની સેવા કરીએ, તેમને પૂજીએ અને તેમની કૃપા પ્રાપ્ત કરીએ, મારા સ્વપ્નની કથા સાંભળો. એક વાનર લંકામાં પ્રવેશ્યો, તેણે રાક્ષસોને માર્યા, અને લંકાને બાળી. રાવણ નગ્ન હતો, તેણે એક ગધેડા પર સવારી કરી હતી અને ઝડપભેર તે દક્ષિણમાં જઈ રહ્યો હતો. તેનું માથું મુંડન કરેલું હતું. વળી તેના હાથ તેના દેહથી કપાયેલા હતા. વિભીષણને લંકાના સિંહાસન પર બેસાડવામાં આવ્યા હતા. પ્રદેશને ખૂણેખૂણે રામનું નામ પ્રતિધ્વનિત થઈ રહ્યું હતું. પછીરામે સીતાને લાવવા માટે દૂત મોકલ્યો. હે રાક્ષસ વંશની બહેનો! યાદ રાખો, મને કદી સ્વપ્ન આવતાં નથી. હજી સુધી મેં કોઈ સ્વપ્ન જોયું નથી. એટલે મને ખબર છે કે મારું સ્વપ્ન સાચું પડે જ. સ્વપ્નામાં જેવું બન્યું હતું તેવું જ બરાબર બને. વળી આ સ્વપ્ન સાચું પડવામાં બહુ સમય લાગવાનો નથી. ચારપાંચ દિવસમાં મેં સ્વપ્નમાં જોયેલી ઘટનાઓ બનશે." તે સાંભળીને રાક્ષસીઓ આશ્ચર્યચકિત બની ગઈ. તેમણે તરત જ સીતાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને પછી પોત-પોતાના દૈનિક કાર્યક્રમમાં મશગૂલ બની ગઈ.

ત્રિજટાના વર્તનને જોઈને સીતા બોલ્યાં, "ત્રિજટા, રામે પોતે જ તને આ ચોકીદારોના

સમૂહમાં અહીં મોકલી આપી હોવી જોઈએ. સાચે જ લંકામાં રહેલી તારા જેવી થોડી સ્ત્રીઓને લઈને મારા જેવી કમનસીબ સ્ત્રીઓ પોતાનું સતીત્વ અને પોતાના સદ્દગુણો ટકાવી શકી છે; નહિ તો મારા જેવી સ્ત્રીઓની શી દશા થઈ હોત ? રાવણે જે હમણાં જ કહ્યું તે સાંભળ્યું ને ? તેણે મને એક મહિનાની મુદત આપી છે. જો તે મુદત દરમિયાન રામ નહિ આવે તો આ શરીરના ટુકડા થઈ જશે, અને ગીધ તથા કાગડા તેને ખાઈ જશે. હું રામની પત્ની છું, એટલે હું આ શરીરના તેવાં ભીષણ દુર્ભાગ્યને કદી પણ સહન કરી શકું નહીં. મને એવી કોઈ યોજના બતાવ જેથી ખૂબ જલદીથી આ શરીરને છોડી શકું." વૃક્ષની શાખા પર બેઠેલા હનુમાને તે શબ્દો સાંભળ્યા. સીતાના તેવા નિરાશાસૂચક શબ્દો સાંભળીને તેમને ખૂબ દુ:ખ થયું. સીતાના શબ્દો સાંભળીને ત્રિજટા તેમને પગે પડી અને તેમને ખાતરી આપી કે, "માતાજી, નિરાશ ન થશો, રામ કોઈ સામાન્ય માનવી નથી; બળમાં અને ગૌરવમાં તેમનો જોટો જડે તેમ નથી. તે જરૂર તમને બચાવી લેશે. થોડા સમયમાં તે અહીઁ આવી પહોંચશે અને પોતાના હાથમાં તમારો હાથ પકડશે. હિંમત ન ગુમાવશો." તેણે પ્રેમપૂર્ણ શબ્દોથી સીતાને આશ્વાસન આપ્યું અને પછી તે ઘેર ગઈ.

તે તક ઝડપી લઈને હનુમાન કૂદીને નીચેની ડાળી પર આવ્યા. તેમણે રામે આપેલી મુદ્રિકા બરાબર સીતાની આગળ નાખી. તે વિશુદ્ધ કિરણોવાળી જ્વાલા જેવી ચમકતી હતી. ખૂબ આનંદપૂર્વક હનુમાન 'રામ, રામ, રામ' એવો ઉચ્ચાર કરવા લાગ્યા. વીંટીને જોઈને સીતા આશ્ચર્યચકિત થઈ ગયા ને બોલ્યાં, "શું આ સત્ય છે? કે પછી હું સ્વપ્ન જોઈ રહી છું? તે સાચું હોઈ શકે? મારા સ્વામીએ પોતાની સુવર્ણ-અંગુલિ પર પહેરેલી આ સોનાની વીંટી લંકામાં કયાંથી હોય? આ રાક્ષસી માયા છે કે પછી ભ્રમણા? ના, તે મારા પતિની વીંટી છે એમ જાણ્યા પછી મારે તેને હાથમાં લેતાં સંકોચ ન રાખવો જોઈએ. જો હું તેને હાથમાં ન લઉં તો મને પાપ લાગે " એમ બોલીને સીતાએ તે મુદ્રિકા હાથમાં લીધી અને પૂજય ભાવપૂર્વક પોતાની આંખોને અડકાડી. તેમની આંખો માંથી આભારવૃત્તિસૂચક આંસુઓ સરી પડયાં. તે બોલ્યાં કે-હે રામ, શું તમે મને આ મુદ્રિકા દ્વારા તમારી હાજરીનો, તમારાં દર્શનનો આનંદ આપી રહ્યા છો ? પછી તેમણે પોતાનું મસ્તક ઊંચું કર્યું.

ત્યાં તેમણે એક વૃક્ષની શાખા પર બેઠેલો, એક નાનકડો વાનર જોયો. તે સતત ખૂબ ભક્તિપૂર્વ કે 'રામ, રામ જપી રહ્યો હતો. એક ક્ષણમાં સીતાને ત્રિજટાના સ્વપ્નની સાંભળેલી વાત યાદ આવી ગઈ. તે આનંદપૂર્વક બોલી ઉઠયાં, "આહ, શુભ દિવસો જલ્દી પાસે આવી રહેલા જણાય છે. દશ માસથી મેં લંકામાં રામ નામનો ઉચ્ચાર સાંભળ્યો નથી. આજે હું એક સજીવ પ્રાણીને તે પવિત્ર નામને ઉચ્ચાર કરતો જોઈ રહી છું. મને મારા પતિની જેને હું ખૂબ ચાહું છું તે વીંટી પણ પ્રાપ્ત થઈ." તે પોતાની આનંદમય ઉત્તેજનાને અંદર સમાવી શકયાં નહિ. સીતાએ કોઈપણ અજાણી વ્યકિત સાથે

લાંબા સમય સુધી વાત કરી ન હતી. તેમણે તે વાનર સામે જોઈને, તેને ઉદ્દેશીને કહ્યું, "હે વાનર, તું કોણ છે ? આ વીંટી તું કયાંથી લાવ્યો?" તે વાનરમાં તેઓ પૂરો વિશ્વાસ મૂકી શકયાં નહિ, કારણ કે માહિનાઓ સુધી રાક્ષસોએ ધારણ કરેલાં અનેક રૂપોથી તે છેતરાયાં હતાં. વાનરની પ્રમાણિકતા જાણી જોવા માટે તેમણે તેને અનેક રીતે પ્રશ્નો પૂછયા. અવારનવાર તે રામની કુશળતા બાબત પણ પૂછતાં. રામ વનમાં એકલા છે તે વિચારથી તેમની આંખોમાંથી પુષ્કળ અશ્રુધારાઓ વહેવા માંડી. સીતા ફરીથી હર્ષ અને શોક વચ્ચે ઝૂલવાં લાગ્યાં; હનુમાને તેમની દશા જોઈ. રામ પ્રત્યે પોતે જે પ્રેમની અને વફાદારીની ગ્રંથિ રાખતા હતા તેને તે સીતાથી મુક્ત રાખી શક્યા નહિ. તેમણે રામની વંશ-કથા, તેમનાં પરાક્રમો અને પોતે રામને મળ્યા ત્યાં સુધીની પોતાની કથા, બધું જ સીતાને કહી સંભળાવ્યું. તે કથા સાંભળી સીતા, જાણે રામ પોતાની સામે જ ઊભા હોય તેમ, સુખી બન્યાં. અયોધ્યામાં અને વનમાં રામ પોતાને પડખે છે, એવું ચિત્ર તેમના મનમાં ખડું થયું. તે એટલા બધાં ઉત્તેજિત બની ગયાં કે તે પોતાની જાતને અને સ્થિતિને ભૂલી ગયાં. થોડા જ સમયમાં તે સભાન બન્યાં, પોતે કયાં હતાં તે તેમને યાદ આવ્યું. તે બોલ્યાં, "હે વાનર, તેં મને જે બધું સંભળાવ્યું તેથી હું રાજી થઈ છું, પણ મને એક પ્રશ્ન પૂછવા દે. તું એક દુર્બળ નાનકડો વાનર છે અને આ નગરીમાં કુશળ ચોકીદારો રાખવામાં આવ્યા છે, તો પછી તું કેવી રીતે આ નગરીમાં પ્રવેશી શકયો ? રાક્ષસો તને પકડી ન શક્યા; આ જગ્યાને તેં શોધી કાઢી અને તું અહીં આવ્યો એ બધું શી રીતે શકય બન્યું ? હનુમાને જવાબ આપ્યો, 'માતાજી, મારામાં શું બળ છે, અને શી કુશળતા છે ? હું તો રામનો સેવક છું. તેમનો દાસ છું, ગુલામ છું. રામ પોતાને જે કાંઈ કરવું કરાવવું હોય તે મારી પાસે કરાવે છે. તેમના સિવાય હું એક ક્ષણ પણ જીવી શકું નહીં. હું તેમના હાથનું રમકડું છું. તે જેમ દોરી ખેચે તેમ હું રમું છું. મારી કોઈ સ્વતંત્ર ઈચ્છા કે સંકલ્પ નથી." પછી હનુમાને રામની ભવ્યતાનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું અને પ્રભાવક રીતે પોતાની ભક્તિ અને પોતાનો સમર્પણ ભાવ પ્રગટ કર્યા. તેમના તે શબ્દો સાંભળવા એ એક ખૂબ ઉત્તેજના પેદા કરે તેવી ચીજ હતી.

રામે હનુમાનને એવી કેટલીક ઘટનાઓની વાત સીતાને કહેવા માટે કરી હતી કે જેમને તે બે જણ સિવાય બીજાં કોઈ જાણતું ન હતું . રામે કહ્યું હતું , " એવું પણ બને કે સીતા તારા શબ્દોને ન પણ માને , તારે વિશે તે શંકા કરે . ત્યારે હું તેમને આ ઘટનાઓ યાદ કરાવજે, જે ઘટનાઓને અમે બે જણ જ જાણીએ છીએ ." એટલે હનુમાને તે ખાસ ઘટનાઓ વર્ણવવાની શરૂઆત કરી. " માતા સીતા , રામે મને તમને તે જણાવવાનું કહ્યું છે કે એક વાર એક દુષ્ટ કાગડાએ તમને ઈજા પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો . રામે તેને મારી નાંખી તમને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો." તે સાંભળી સીતા મોટેથી રડી પડ્યાં અને બોલ્યાં, "હનુમાન તે વખતે મારા પ્રત્યે રામ એટલા દયાળુ હતા, અત્યારે તે મને આ

દુઃખમાંથી છોડાવવા આટલો બધો વિલંબ કેમ કરી રહ્યા છે ? રામ દયાના સાગર છે . હા , પણ તે મારા નસીબ પ્રત્યે શા માટે આટલા બધા કઠોર હૃદયના બની ગયા છે ? ના, ના, મારી ભૂલ થાય છે . રામ તો મૂર્તિમાન કરુણા છે . તેમને એવો ભાગ ભજવવાનો છે, જેમાં આવા કઠોર હૃદયનો તેમને દેખાડો કરવો પડે છે , બસ એટલું જ . હનુમાન તું કોઈ સામાન્ય વ્યકિત નથી , કારણ કે રામ સામાન્ય વ્યકિતઓસાથે એટલો ગાઢ સંબંધ ન રાખે , નિમ્ન કોટીના માણસો સાથે તે પોતાની મુદ્રિકા ન મોકલે . તું તેમનો દૂત છે, એટલે તું કેટલો બધો નસીબદાર છે! એકવાર મને તું તારું મૂળ કદ અને રૂપ દેખાડ."

એટલે હનુમાન નીચે જમીન પર આવ્યા, અને પૂજ્યભાવપૂર્વક પ્રણામાંજલિ રચીને સીતા સામે ઊભા રહ્યા . જ્યારે સીતાએ તેમને એક વિશાળ ભયંકર કદ ધારણ કરતા જોયા , ત્યારે તેમને શંકા થઈ કે આ કોઈ રાક્ષસની માયા તો નહિ હોય . તેમણે આંખો મીંચી દીધી અને તે એક બાજુએ ખસી ગયાં. તેમની શંકાનો અને ભયનો ખ્યાલ આવી જતાં હનુમાન બોલ્યા, "માતાજી , હું રાવણ કે તેનો કોઈ દુષ્ટ રાક્ષસ નથી . હું રામનો વફાદાર સેવક છું . મારું શરીર વિશુદ્ધ , પવિત્ર , અદ્વિતીય તેજસ્વી છે . રામ મારા પ્રાણ સમાન છે . મારી વાતને સત્ય માનજો . તમે મને રામનો સાચો દૂત કદાચ નહિ માનો, એવું અનુમાન કરીને તેમણે પોતાની આંગળીએથી આ વીંટી તમને આપવા માટે મને આપી . મારી સાથે સુગ્રીવ , જાંબુવાન , અંગદ અને બીજા હજારો વીરો આવ્યા હતા. પણ રામની કૃપાથી હું એકલો જ સમુદ્ર ઓળંગવામાં શક્તિમાન બન્યો હતો, તે બધા સમુદ્રને કિનારે છે. દુષ્ટ રાક્ષસ રાજા તમને અહીં લઈ આવ્યો છે, તે વાત તમને જટાયું અને શબરી પાસેથી જાણવા મળી હતી. ત્રણ દિવસ પહેલાં સંપાતિ પાસેથી અમને વળી પાછું જાણવા મળ્યું કે તમે અહીં છો, ત્યારે તમે જાણે અમારી આંખો સમક્ષ જ હો એટલા અમે રાજી થઈ ગયા હતા. શુભ સમાચાર લઈને હું પાછો જાઉં એવી રામ અને લક્ષ્મણ મારી વાટ જોઈ રહ્યા છે. જો તમે મને રજા આપો તો હું તરત જ પાછો જઈશ અને તેમને તમારા કુશળ સમાચાર જણાવીશ."

સીતાએ આજીજી કરી, "હનુમાન, તું આ સ્થાને પાછો આવીશ કે નહીં અથવા ક્યારે આવીશ તે હું જાણતી નથી. કૃપા કરીને અહીં એક દિવસ વધારે રહે, અને રામ- લક્ષ્મણની વાતો કરી મને આનંદ પમાડ." પણ પોત પોતાની વિવિધ ફરજો બજાવવા માટે રાક્ષસીઓ એકત્રિત થઈ, એટલે હનુમાન પોતાનું નાનકડું રૂપ ધારણ કરીને વૃક્ષની ડાળી પણ કુદીને બેઠા.

હનુમાને જે કહ્યું હતું તે બધાં પર વિચાર કરતાં કરતાં સીતા વૃક્ષ હેઠળ બેઠાં. તે બધી વાતોનો વિચાર કરતાં તેમને ખૂબ આનંદ થયો. પોતાના મસ્તક પરની શાખા પર બેઠેલા હનુમાન પર

આશીર્વાદ વરસાવતી આંખો તેમણે સ્થાપી. તે દિવસે તેમને ભૂખ કે તરસ લાગી નહીં. પોતાને માટે જે ફળ અને પેય પદાર્થો ચોકીદાર રાક્ષસીઓ લાવી હતી તેમને તે અડકયાં પણ નહિ. તેમની કરુણ દશા જોઈને હનુમાનનું કોમળ હૃદય ઘવાયું . સીતા તેમને દુ:ખની મૂર્તિરૂપ જણાયાં. ચોકીદાર રાક્ષસી જે કઠોર અને તીક્ષ્ણ શબ્દો સીતાને કહેતી હતી તે હનુમાને સાંભળ્યા. તેમણે ક્રોધપૂર્વક દાંત કચકચાવ્યા કારણ કે  પોતાની ઈચ્છા મુજબ તે તેમને સજા કરી શકે તેમ ન હતા. પોતે શું કરવું  તેની આજ્ઞા માત્ર સીતા જ આપી શકે તેમ હતું.

થોડાક સમય પછી વિભીષણની પત્ની શરમા અને તેની પુત્રી ત્રિજટા વૃક્ષ પાસે આવ્યાં અને તે વૃક્ષ નીચે બેઠેલાં સીતાને પગે પડ્યાં; તેમણે સીતાના કુશળ સમાચાર પૂછયા. તે બે જણ સીતા માટે પક્ષપાત ધરાવતાં હતાં, એટલે સીતાએ કહ્યું કે ત્રિજટાનું સ્વપ્ન સાચું પડ્યું છે. તે સ્વપ્ન અનુસાર એક વાનર ખરેખર લંકામાં પ્રવેશ્યો છે. જે બન્યું હતું તે સાંભળીને શરમાએ અને ત્રિજટાએ ખૂબ ઉત્સાહ અને ઉત્તેજના પ્રદર્શિત કર્યાં. બધી વિગતો જાણવા માટે તેમણે સીતાને પ્રશ્નો પૂછવા માંડ્યા. સીતાએ તેમને શાખા પર બેઠેલો વાનર અને  તેના વડે લવાયેલી મુદ્રિકા બતાવી. પૂજ્યભાવપૂર્વક તે બંનેએ તે મુદ્રિકાને પોતાની આંખ પર દબાવી. હનુમાન સીતા એકલાં પડે તે તકની રાહ જોઈ રહ્યા હતા. થોડા જ સમયમાં તે તક તેમને પ્રાપ્ત થઈ . જમીન પર છલાંગ મારીને હનુમાન મંદ અવાજમાં સીતાને કહ્યું, “માતાજી, ચિંતા ન કરશો , શોક ન કરશો . મારી પીઠ પર બેસી જાઓ . હું તમને એક ક્ષણમાં રામ અને લક્ષ્મણ પાસે લઈ જઈશ , જ્યાં તેઓ તમારા સમાચારની રાહ જોઈને બેઠા છે." સીતા તે યોજના સ્વીકારે તે માટે હનુમાને ઘણી આજીજીઓ કરી. સીતાએ જવાબ આપ્યો, "હનુમાન, તને આમ બોલતો સાંભળીને હું સાચે જ બહુ રાજી થઈ છું. હું વિયોગના શોકમાં ડૂબી ગઈ છું. તોફાની સમુદ્રમાં નૌકાની પેઠે, તારા મધુર શબ્દો મને આશ્વાસન આપે છે. પણ શું તું જાણતો નથી કે મારા પતિ સિવાય બીજા કોઈનો સ્પર્શ હું કદી કરતી નથી? તો પછી હું કેવી રીતે તારી પીઠ પર બેસી શકું?  તેનો વિચાર કર." સીતાના આ શબ્દો તીક્ષ્ણ અને માર્મિક હતા; જેનાથી હનુમાનનું હૈયું ઘવાયું. એક અપમાનજનક પગલું સૂચવવા બદલ તે હનુમાનની ક્ષુદ્રતા અને અભિમાનને ખુલ્લાં પાડતા હતા.

પણ થોડાજ સમયમાં હનુમાન સ્વસ્થ બની ગયા અને બોલ્યા, “ માતાજી, શું હું તમારો પુત્ર નથી? પુત્ર પોતાની માતાને પીઠ પર બેસાડીને લઈ જાય તેમાં શું ખોટું છે? તેથી શું બૂરું પરિણામ આવવાનું હતું?” તેમણે વિવિધ દલીલોથી અને મુદ્દાઓથી પોતાના વિચારને ટેકો આપ્યો. સીતા બોલ્યાં :અલબત્ત મારે અને તારે માટે માતાની અને પુત્રની લાગણીઓ સાચી છે , પણ દુનિયા તેને માટે શું ધારશે તેની કલ્પના કર; આપણે તે બાબતનો વિચાર કરવાનો છે, નહીં! વારુ.આપણે એવી રીતે જીવવું જોઈએ કે જેથી આપણું જીવન બીજાઓ માટે આદર્શરૂપ બને;આપણે એવી રીતે ન વર્તવું

જોઈએ કે જેથી બીજા લોકો આપણો ઉપહાસ કરે અથવા તિરસ્કાર કરે. કોઈ પણ આપણી તરફ ઉપહાસમય આંગળી ન ચીંધી શકે તે રીતે આપણે વર્તવું જોઈએ. સૌથી વધારે મહત્ત્વનું તો એ છે કે આપણાં કાર્યોને પરિણામે આપણને આત્મ - સંતોષ પ્રાપ્ત થવો જોઈએ. જ્યારે હું જાણું છું કે મને એવો આત્મસંતોષ પ્રાપ્ત નહિ થાય, ત્યારે હું કદી તેવાં કાર્યો કરીશ નહિ. ભલે મારા પ્રાણ ચાલ્યા જાય,પણ મને બીજાની મદદની જરૂર નથી. બીજાની મદદ હું ઈચ્છતી પણ નથી.

વળી મારા રામને તો મને દુઃખ આપનાર અધમ રાક્ષસનો નાશ કરવાનો છે; તે જવાબદારી તેમણે અદા કરવાની છે, બીજા કોઈએ નહીં. તેમણે પોતે આ લંકામાં આવવું જોઈએ. આ રાવણને મારવો જોઈએ અને પોતાના હાથમાં મારો હાથ પકડીને આ સીતાને પાછી લઈ જવી જોઈએ તે સાચા વીરનું લક્ષણ છે , અને રામ આવા સાચા વીર છે. આ રાવણને જો, ચોરની પેઠે તે જુદું રૂપ ધારણ કરીને આવ્યો અને મારા સ્વામી પાસેથી મને ચોરી ગયો. પણ રામ મૂર્તિમાન ધર્મ છે, તે સદાચારના નિયમોનું પાલન કરે છે. તે આપેલું વચન પાળે છે. જ્યારે એવા સમાચાર પ્રસરે કે રામે એક વાનર મોકલ્યો અને રાવણની જાણ વગર તે સીતાને લઈ ગયો, ત્યારે રામની અપકીર્તિ થાય. તું સૂચવે છે તે પ્રમાણે અહીંથી ચાલ્યા જવામાં ચોક્કસ રામનો દ્રોહ છે. આપણે અધમ યુક્તિ પ્રયુક્તિનો આશ્રય ન લેવો જોઈએ. આપણે રામના યશને આપણા પ્રાણસમાન જાળવી રાખવો જોઈએ. તેમની કીર્તિ એક દેવત્વ છે, જેને આપણે આપણા હ્રદયમાં પૂજીએ છીએ. આપણે મન-વચન-કર્મથી તે કીર્તિને સાચવવી જોઈએ. આ કારણોસર તારો પ્રસ્તાવ મને સંતોષ આપી શક્યો નથી." હનુમાને તેમના નિષ્કલંક સદ્દગુણોની અને તેમના સ્વામી પ્રત્યેના સ્થિર પૂજ્યભાવની, તેમના આદર્શોની ઉચ્ચતાની પ્રશંસા કરી. પોતાના મનમાં તેમણે સીતાની પ્રશંસા કરી અને પ્રેરણા પ્રાપ્ત કરવા માટે તેમના શબ્દો યાદ કર્યા. તે બોલ્યા, "માતાજી મને ક્ષમા કરો. મેં મારી સગી આંખે તમારી વેદના જોઈ અને તમારા વિયોગથી રામ જે દુઃખ વેઠે છે તે પણ જોયું , એટલે તમને સ્વામીનાં ચરણ - કમળમાં જેમ બને તેમ જલ્દી લઈ જવા માટે મારા મનમાં આવો વિચાર ઉદ્દભવ્યો. જો તે ખોટો હોય તો મને ક્ષમા કરો . ” ખૂબ પશ્ચાત્તાપ કરતા હનુમાન વારંવાર સીતાને ચરણે પડયા .

ત્યારે સીતાએ તેમને અનેકવાર પૂછયું કે , “ રામની અને લક્ષ્મણની સ્થિતિ વનમાં કેવી છે ? પુરુષોની ચિંતા શા માટે કરવી ? તે ગમે તે બોજો કે પીડા સહન કરી શકે છે . તેઓ ધૈર્યપૂર્વક પત્નીઓનો વિયોગ સહન કરી શકે છે . પણ સ્ત્રીઓને પતિનો વિયોગ બહુ સાલે છે . ” હનુમાન બોલ્યા , "માતાજી , અલબત્ત રામ અને લક્ષ્મણ ક્ષેમકુશળ છે . પણ તેમને સામાન્ય પુરુષો સાથે ન સરખાવશો ; તે યોગ્ય નથી , વ્યાજબી નથી . અરેરે ! પ્રતિક્ષણ રામ તમને યાદ કરે છે, તમારા વિયોગ વિશે વિચાર કરે છે અને તેથી ક્ષુધા - તૃષાની દરકાર કરતા નથી. જ્યારે લક્ષ્મણ તેમને પ્રેમપૂર્વક થોડાંક

ફળ ખાવાનો અથવા પાણી પીવાનો આગ્રહ કરે છે ત્યારે જ તે ખાય છે અથવા પીએ છે . મને એકપણ પ્રસંગ યાદ નથી કે જ્યારે સ્વેચ્છાપૂર્વક પાણીનો એક ઘૂંટડો પણ પીધો હોય . એમ માનવાની ભૂલ ન કરશો કે તેઓ તમને ભૂલી ગયા છે અથવા તમારી ઉપેક્ષા કરી રહ્યા છે .

લક્ષ્મણ હંમેશાં રામને પોતાની પાંપણ પેઠે સાચવે છે. તે રામના પ્રાણનો શ્વાસ છે. તે તમારા વિયોગની પીડા અનુભવે છે અને પોતાના ભાઈની પીડાના સાક્ષી છે. રામની દરકાર રાખવા સિવાયની બીજી બધી બાબતોમાં તે શીલા જેવા લાગણીહીન બની ગયા છે. તે હિંમતનું અને નભી રહેવાની શક્તિઓનો પરિપૂર્ણ અને અચૂક ઉદ્દગમસ્થાન છે. તેમણે આ દશ મહિના નિદ્રા કે ખોરાક લીધા નથી.

જ્યારે હનુમાન ભાઈઓની કરુણ દશા વર્ણવી રહ્યા હતા , ત્યારે સીતાએ નાટક કર્યું અને રામને પોતા પ્રત્યે જ પ્રેમ છે તેથી આશ્ચર્યચકિત બનવાનો અભિનય કર્યો. તે વારંવાર બોલ્યાં, 'હા , તું પણ માત્ર પુરુષોનાં દુઃખને જ વર્ણવી શકે છે. તું સ્ત્રીઓના શોકને કેવી રીતે માપી શકે, કેવી રીતે જાણી શકે ?' હનુમાને, રામના શોકનું જે વર્ણન કર્યું , તે પોતે ન માનતા હોય તેવો તેમણે દેખાડો કર્યો. તમે હનુમાનનું ધ્યાનથી નિરીક્ષણ કર્યું અને તેમના જ્ઞાનની અને શક્તિઓની પ્રશંસા કરી. રામ અને હનુમાન કેવી રીતે એકબીજાને મળ્યા હતા અને પરસ્પર પ્રેમ અને વફાદારી વડે કેવી રીતે બંધાયા હતા તે બધું યાદ કર્યું. તેથી સીતાને, ખુબ આનંદ અને સંતોષ પ્રાપ્ત થયાં. આખરે તેમને હનુમાનમાં અને તે જે કામે આવ્યા હતા તે કામમાં વિશ્વાસ બેઠો.

હનુમાને વારંવાર આજીજી કરી, “માતાજી, આ ભિન્નતાની લાગણી શા માટે ? શા માટે તમે દિવસો અને મહિનાઓ દુ:ખમાં અને વ્યથામાં લાગણી ગાળો છો ? કૃપા કરીને મારી પીઠ પર બેસો . હું તમને એક ક્ષણમાં રામની હાજરીમાં લઈ જઈશ . ” સીતાએ જોયું કે એમની નૈતિક , આધ્યાત્મિક , ન્યાયસંગત અને મૃત્યુદુન્યવી દલીલોની વિરુદ્ધ જઈને પણ હનુમાન પોતાનો કક્કો ખરો કરાવવા બહુ ચિંતિત હતા . એટલે તેમણે તે સંબંધી વાતચીત બંધ કરવા માટે એકચતુરાઈ ભરેલી યુક્તિ શોધી કાઢી . -તે બોલ્યા કે , “ હનુમાન, રામની આજ્ઞાઓનું કડકાઇથી પાલન કરનાર સેવકોમાંનો તું એક છે કે નહીં ?" હનુમાને જવાબ આપ્યો કે,"હા, રામની આજ્ઞાનું પાલન ન કરવા કરતાં અથવા તેમની આજ્ઞાથી વિરુદ્ધ વર્તવા કરતાં તો હું મારા જીવનનો ત્યાગ કરવાનું વધારે પસંદ કરું." પોતાનાં કથન પર ભાર મૂકવા માટે તેમણે પોતાના હાથ વડે પોતાની છાતી ઠોકી. સીતા બોલ્યાં, "ઠીક, આ વાતનો વિચાર કર, રામે તને શી આજ્ઞા છે - હું જ્યાં હોઉં ત્યાં મને શોધી કાઢીને, મને મળીને મારી માહિતી લઈ આવવાની કે મને તારી સાથે તેમની પાસે લઈ જવાની?" તે પ્રશ્નથી હનુમાન મૂંગા બની ગયા, તે

પોતાની દલીલો, આજીજીઓ ચાલુ રાખી શક્યા નહિ. તે બોલ્યા, “માતાજી, મને ક્ષમા કરો, મારા પ્રસ્તાવનાંપરિણામો બાબત મેં આટલો ઊંડો વિચાર કર્યો ન હતો. હું ફરી આપની ક્ષમા માગું છું."ત્યાર પછી હનુમાને તે બાબતને કદી છેડી નહિ.

• • •

## લંકા દહન

હનુમાન જાણતા હતા કે લંકામાં વધુ સમય ગાળવો એ નકામું હતું.તેમને લાગ્યું કે રામને સીતા વિશેના સુખપ્રદ સમાચાર પહોંચાડવા એ સૌમાટે સારું હતું. તેમણે સીતા પાસે વિદાય માંગી. તે બોલ્યાં, જા જલ્દીસલામત રીતે જા, અને રામને કહેજે કે અહીં જલ્દી આવીને મને લઈ જાઓ. "તેમણે આશાનાં અને દુઃખનાં આંસુ સાર્યાં.  તે દ્રશ્યની કરુણતા જોઈને હનુમાન દુઃખી થયા. તેમના બહાદુર હૃદયમાં શોક ઊભરાઈ ગયો. સીતાને આશ્વાસનઆપતાં તે બોલ્યા, “થોડા જ સમયમાં સ્વામી રામ આ લંકાને ઘેરો ઘાલશે.તે વાનરોની સેના સાથે આવશે. તે રાક્ષસ-સૈન્યોનો સંહાર કરશે, તમને બચાવશે અને અયોધ્યામાં લઈ જશે."

પણ સીતા આશ્વાસન લઈ શક્યાં નહિ. તેમને મનમાં શંકા હતી. તેબોલ્યાં, “હનુમાન તું શું કહી રહ્યો છે? જે રાક્ષસો પાસે અનેક રહસ્યમયયુક્તિઓ-પ્રયુક્તિઓ છે અને જેઓ વધારે બળવાન છે તેમની સાથે શું વાનરસેના યુદ્ધ કરીને તેમનો સંહાર કરી શકશે? તે બે ભાઈઓ, રામ અને લક્ષ્મણ આ રાક્ષસો સાથે યુદ્ધ કરીને તેમને કેવી રીતે હરાવશે ? રાક્ષસો પર વિજય એ એક અશક્ય સ્વપ્ન છે. તેને પરિણામે તો મારું મરણ થશે. રણભૂમિ પર તમને આટલા બધાને મરવા દેવા કરતાં તો હું રાજીખુશીથી મારા પ્રાણ છોડી દઈશ અને તમારા બધાનાં જીવનને બચાવીશ.” સીતા એમ વિલાપ કરતાં હતાં. તેમને અટકાવીને હનુમાન બોલ્યા, “માતાજી, રુદન ન કરશો.અમે વાનરો રામના દાસ છીએ. અમે બધા જ માનીએ છીએ કે રામ અમારું બળ છે, અમારી હિંમત છે. અમે અમારા શ્વાસે-શ્વાસે રામનું નામ અંદર લઈએ છીએ, અમારાં જીવન માટે બીજું કોઈ સ્રોત નથી, ઉદ્દગમસ્થાન નથી. એટલે જો આ રાક્ષસોમાંનો દરેક જણ પોતાની દુષ્ટતાને, રાક્ષસતાને હજાર-ગણી વધારી મૂકે, તો પણ અમે વાનરો સહેલાઈથી તેમનો નાશ કરી શકીએ. તેરાક્ષસો ગમે તેટલા કુટિલ અને દુષ્ટ હોય, તો પણ અમે તેમને જરૂર હરાવીશકીશું. તમને અમારા બળ વિશે અને કુશળતા વિશે શંકા થાય છે કારણ કેઅમે અમારાં સામાન્ય રૂપમાં તમને દેખાઈએ છીએ. યુદ્ધમાં હું જે રૂપ ધારણ કરી શકીશ તે હું તમને દેખાડું. ” હનુમાન આકાશ સુધી ઊંચા બની ગયા, તે સુવર્ણ પેઠે પ્રકાશના પર્વત-શિખર જેવા બનીને ઊભા, જે જોઈને સીતા આશ્ચર્યચકિત થઈ ગયાં. તે બોલ્યાં, “હનુમાન અટકી જા, અટકી જા, બસ તારી જાતને મર્યાદામાં રાખ. જો રાક્ષસો તને જોશે તો તું જલ્દી રામ પાસે પાછો નહિ જઈ શકે.” સીતાએ વિરોધ કર્યો અને હનુમાનને તેમનું મૂળ રૂપ ધારણ કરવાની આજીજી કરી. હનુમાને પોતે ધારણ કરેલા ભયંકર રૂપનો ત્યાગ કર્યો અને તે તરત જ એક શાંત નાનકડા વાનર બની ગયા. તે સીતાને પગે પડયા અને જવા લાગ્યા, પણ સીતાની દશાને અને તેમના શોકમગ્ન મુખને જોઈને હનુમાનના પગ જવા માટે

ઊપડયા નહિ.

જ્યાં સીતા હતાં તે સ્થાનથી પાછા ફરતાં હનુમાને એક વાટિકા જોઈ, તેમાંથી સ્વાદિષ્ટ ફળોને ચૂંટીને તેમણે તે પેટ ભરીને ખાધાં. કાચાં અને વધેલાં ફળ તેમણે એક બાજુ પર નાંખી દીધાં. તે જોઈને વાટિકાનો એક રાક્ષસ ચોકીદાર તેમને બિવડાવીને ભગાડી મૂકવા આવ્યો, પણ હનુમાનના એક પ્રહારથી તે જમીનદોસ્ત થઈ ગયો. તે ચોકીદારોના આગેવાન પાસે દોડી ગયો, જે ભયપૂર્વક પોતાના ઉપરી અધિકારી પાસે દોડ્યો અને તે વળી પોતાનાઉપરી પાસે દોડ્યો. આમ વાટિકામાં ઉત્પાત મચાવતા વાનર વિશેના સંદેશા રાજા રાવણ પાસે પહોંચ્યા. રાવણને તે અનિષ્ટસૂચક લાગ્યા. વાનરના તે તોફાનથી અને પોતાને કરેલા અપમાનથી રાવણ ખૂબ ક્રોધે ભરાયો. તે ક્રોધની જવાળાઓ આકાશ સુધી પહોંચી. તેણે તે ધૃષ્ટ પશુને હરાવીને પકડી લાવવા સેંકડો રાક્ષસો મોકલ્યા. તેઓ નિષ્ફળ નીવડયા એટલે રાવણે તાલીમ લીધેલા, ખૂબ શસ્ત્ર-સજ્જ, હજારો રાક્ષસ-સૈનિકોને વાટિકામાં મોકલ્યા. હનુમાન ત્યાં તેમના આક્રમણની રાહ જોતા ઊભા હતા. તે મોટી સેના પણ વાનરને ઈજા કરી શકી નહિ, તેમને વાટિકામાંથી ભગાડી મૂકી શકી નહિ. હનુમાને પોતે જે વૃક્ષ પર બેઠા હતા તે વૃક્ષની એક સુકાઈ ગયેલી ડાળી ભાંગી, તેનો આયુધ તરીકે ઉપયોગ કર્યો. રામનું નામ લેતા લેતા તે ડાળીને તે ચારેય તરફ ધુમાવવા લાગ્યા અને તે રીતે પોતાના તરફ ફેંકાયેલા દરેક અસ્ત્રને બીજી બાજુએ મોકલી દેવા લાગ્યા. તે જોઈને રાક્ષસોને આશ્ચર્ય થયું કે, આ કોણ છે? શું તે દેવોનો કોઈ દૂત છે? કે લંકાના વિનાશનો સંદેશવાહક છે ? પરાજય પામેલા રાક્ષસો પોતાના શિબિરમાં પાછા ગયા, તેમના મનમાં એવી આગાહી થઈ રહી હતી કે જરૂર કોઈ વિપત્તિ આવી પડવાની છે. રાવણ આગળ પોતાના પરાજયના એવા સમાચાર આપવાની હિંમત તેમનામાં રહી ન હતી. 'તમે આ ખાસ કામ માટે પસંદ કરાયેલા, અસંખ્ય રાક્ષસોને યુદ્ધ કરવા મોકલ્યા હતા, પણ અમે તે કામ સિદ્ધ કરી શક્યા નથી. જ્યારે વાનર એક ગર્જના કરતો, ત્યારે આપણા સેંકડો રાક્ષસો ભયને કારણે મૃત્યુ પામતા, પૃથ્વી કંપવા લાગતી, તે ગર્જના નગરીની દરેક હવેલીમાંથી વારંવાર પ્રતિધ્વનિત થતી. તે જોઈને અમારા સેનાપતિઓએ તમારી પાસે આવી સમાચાર આપવાનો નિર્ણય કર્યો કે આ કોઈ સામાન્ય શત્રુ નથી. આ કોઈ દુષ્ટ વિપત્તિની આગાહી સૂચકતા છે.' રાવણ આગળ આવીને તે રાક્ષસોએ એ પ્રમાણે કહ્યું. જરા પણ સંકોચ વગર તેમણે સીધી હકીકત રજૂ કરી કે જો વાનરને ઈચ્છા મુજબ પરિભ્રમણ કરવા દેવામાં આવશે, તો આપણા દેશ પર મહાન સંકટ ચોક્કસ ઊભું થશે.

એટલે રાવણે પોતાના પુત્ર અક્ષયકુમારને કસાયેલા, હજારો રાક્ષસ-યોદ્ધાઓની સેના સાથે વાટિકામાં મોકલ્યો. પણ હનુમાને એક ક્ષણમાં અક્ષયકુમારને મારી નાંખ્યો અને રાવણને પોતાના વહાલા પુત્રના મૃત્યુ પર વિલાપ કરવો પડ્યો. રાજકુમારના મૃત્યુના અને સેનાની કતલના

સમાચારથી આખો પ્રદેશ ભયથી કંપવા લાગ્યો. લોકો માંહ્યો માંહ્ય મંદ અવાજે કહેવા લાગ્યા કે આ કોઈ સામાન્ય વાનર નથી, તે કોઈ દિવ્ય વાનર હોવો જોઈએ, સીતાને લંકામાં લઈ આવ્યાના પાપનું વેર લેવા માટે તે ભયંકર વાનર આવ્યો છે. ઘણા લોકો હૃદયના  ઊંડાણમાં સીતાને પ્રાર્થના કરવા લાગ્યા કે લંકાને આ વાનરથી બચાવો, કારણ કે તેઓ એવો ભય રાખતા હતા કે સીતાની વેર-વૃત્તિએ આ વાનરનું રૂપ ધારણ કર્યું છે. રાવણે મેઘનાદને બોલાવીને કહ્યું કે આ નવા આક્રમણખોરનો વિનાશ કર. તેણે લાખો રાક્ષસોને મેઘનાદની સાથે મોકલ્યા. મેઘનાદ પોતાના રથમાં બેઠો અને ભપકાભેર પોતાની વીર સેનાને દોરી જવા લાગ્યો. તેઓ આગેકૂચ કરતા હતા, ત્યારે તેમના બળથી અને તેમની ક્રોધપૂર્ણ ચાલથી પૃથ્વી અને આકાશ આશ્ચર્યચકિત બની ગયાં. તેમના યુદ્ધ નિનાદથી આકાશ ભેદાઈ ગયું. તે સૈન્યને અને બખ્તરધારીઓને જોઈને બધા આશ્ચર્ય પામ્યા અને તેની પ્રશંસા કરવા લાગ્યા.

હનુમાને તેમની આગેકૂચને જોઈ, તેમના રણશિંગાંનો અવાજ સાંભળ્યો, પણ તેમણે તેની કશી પરવા ન કરી. તે એક વિશાળ વૃક્ષની નાનકડીની ડાળી પર બેઠા અને રાક્ષસોના ચેનચાળાની મઝા માણવા લાગ્યા. રાક્ષસ- સૈનિકો પાસે આવીને ચારેય બાજુએથી હનુમાન પર બાણોનો વરસાદ કરવા લાગ્યા. કાન ચીરી નાખે તેવી ગર્જના કરીને હનુમાન નીચે કૂદ્યા. એક વિશાળ વૃક્ષને જળમૂળથી ઉખાડી નાંખી તે તેને ચારેય બાજુએ ઘુમાવવા લાગ્યા. પોતાની તરફ આવતાં બાણોની વૃષ્ટિને તે રીતે તેમણે દૂર કરી. તે બાણો ખૂબ વેગપૂર્વક પાછાં વળ્યાં અને બાણ ફેંકનાર રાક્ષસોને જ તે વાગ્યાં. તેથી એટલા બધા રાક્ષસો મરી ગયા કે બહુ થોડા જ રાક્ષસો યુદ્ધ કરવા જીવતા રહ્યા. મેઘનાદ પર પણ એક પ્રહાર થયો. તેને લોહીની ઊલટી થઈ, તે જમીન પર આળોટવા લાગ્યો. એટલે તેણે પોતાની પાસેના પવિત્ર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરવાનો નિશ્ચય કર્યો. તે જાણતો હતો કે ત્રણ દેવોમાંના પ્રથમ દેવ બ્રહ્માએ રાવણને કહ્યું હતું કે માનવને અને વાનરોને હાથે તારું મરણ થશે. તે વિપત્તિ ટાળવાનો તેણે નિર્ધાર કર્યો. યોગ્ય મંત્રો, ભણીને તેણે બ્રહ્માસ્ત્ર છોડ્યું. એવા મંત્રો વડે પાવન બનેલા અને બ્રહ્માને સમર્પિત થયેલા આયુધ પ્રત્યે હનુમાનને બહુ પૂજ્યભાવ હતો. એટલે તેમણે તેનો વિરોધ ન કર્યો. તેમણે તે અસ્ત્રને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. એટલે મેઘનાદ સહેલાઈથી તેમને સર્પ-રજ્જુ વડે બાંધી શક્યો.

આનંદિત બનેલા રાક્ષસોએ તે સુખપ્રદ સમાચાર તરત જ રાવણને પહોંચાડ્યા. માર્ગમાં, બંધાયેલા વાનરને જોવા માટે લાખો લોકો એકઠા થયા. હનુમાનને જરા પણ ભય કે ચિંતા થતાં ન હતાં. તે શાંત બનીને ચાલતા હતા. ટોળાં જોવામાં તેમને મઝા પડતી હતી. તે તેમના તરફ સ્મિત કરતા હતા. છેવટે તે રાવણના સભાગૃહમાં પહોંચ્યા. સભાગૃહમાં શકિતનો અને વિલાસનો ભપકો હતો. હનુમાને તેની ઉપેક્ષા કરી. તેથી તેમાં એકત્રિત થયેલા દરબારીઓ અને મંત્રીઓ દિગ્મૂઢ બની ગયા; વાનરની વિચિત્ર આકૃતિ જોઈને રાવણ ખડખડાટ હસી પડયો, પણ બીજી જ ક્ષણે તે આગામી

મૃત્યુના ભયથી વ્યાકુળ બની ગયો. પણ તે સમયે તેનામાં ખૂબ ક્રોધ વ્યાપી ગયો હતો. તેણે પૂછ્યું, “હે વાનર, ખરેખર તું કોણ છે ? તું કોના બળનું પ્રદર્શન કરી રહ્યો છે, તું કોના બળોનો ઉપયોગ કરી રહ્યો છે ? તેં શા માટે આ વાટિકાને અને બાગને ઉજ્જડ કરી મૂકયાં ? તું બંધનમાં છે છતાં પણ તને શરમ નથી આવતી. તું ઊંચું મસ્તક રાખીને ચારેય બાજુએ જોઈ રહ્યો છે. મને સાચો જવાબ આપ. "

તેના પ્રશ્નો સાંભળીને હનુમાન પેટ પકડીને હસ્યા. પોતાના જવાબો માટે તેમણે વાણીની એવી શેલીનો અને એવા શબ્દોનો ઉપયોગ કર્યો કે જેને સમજવાની શકિત તેમની આસપાસ ઊભેલા રાક્ષસોમાં ન હતી. પણ રાવણ અલંકાર-શાસ્ત્રમાં અને વ્યાકરણમાં નિષ્ણાત હતો. તે હનુમાનની ભાષાને બરાબર સમજી શકયો. તેમની બેની વચ્ચેનો સંવાદ શ્રોતાઓને બે પ્રતિભાશાળી વ્યક્તિઓ વચ્ચે ચાલતી ચર્ચા જેવો લાગ્યો. પોતે અજેય છે, એમ બતાવવા માટે રાવણે હનુમાન આગળ અનેક જાદુઈ ચમત્કારોનું પ્રદર્શન કર્યું, પણ હનુમાન અવિચલિત રહ્યા. તે બોલ્યા, “રાવણ, હું તારી વીરતાને જાણું છું કે તું હજાર હાથો વડે યુદ્ધ કરે છે. મને વાલી સાથેના તારા વિખ્યાત યુદ્ધની , પણ ખબર છે. પણ મેં શો અપરાધ કર્યો છે ? મને ભૂખ લાગી હતી. મેં થોડાંક વૃક્ષો જડમૂળથી ઉખેડી નાંખ્યાં. તે મારો સ્વભાવ છે. વૃક્ષના શિખર પર બેસવું એ મારી સ્વાભાવિક પ્રકૃતિ છે, ટેવ છે. અલબત્ત, દરેક જણ પોતપોતાના જીવનની સલામતી ઈચ્છે છે, પોતાના શરીરની રક્ષા કરવા ઈચ્છે છે. તારા સૌનિકો ભયંકર રીતે દુષ્ટ છે. તેમણે મને ઈજા પહોંચાડી; મેં તેમને ઈજા કરી; તેઓ તે ઈજા સહન ન કરી શકયા અને મૃત્યુ પામ્યા. જાતને બચાવવા માટે મેં તેમની સાથે યુદ્ધ કર્યું. તારા પુત્રના બાણે મને આ બંધન સ્વીકારવાની ફરજ પાડી છે. પણ બદલામાં હું તને છેતરવાનો પ્રયત્ન કરતો નથી. મારી એક ઈચ્છા છે, અને તે મારા સ્વામીની આજ્ઞાનું પાલન કરવાની. ધ્યાનપૂર્વક મારી વાત સાંભળ. અંગત અભિમાનનો અને આબરૂનો ત્યાગ કર. તારા વંશની ભવ્યતા પર, તું જે કુટુંબમાં જન્મ્યો છે તેની મહત્તા પર વિચાર કર. યાદ રાખ કે તું બ્રહ્માનો પ્રપૌત્ર છે. તું મહાન પુલસ્ત્યનો પૌત્ર છે. તું વિશ્રવાનો પુત્ર છે. આ ભપકાનો અને સત્તાનો સંગ્રહ કરવાની ભ્રમણાનો ત્યાગ કર. ભકતોના ભયનો નાશ કરનાર, ઇક્ષ્વાકુ  વંશના મુકટ-મણિ, રઘુવંશના મૂલ્યવાન રત્નરૂપ રામની તારા હૃદયમાં પૂજા કર, તેમને તાબે થા, સમર્પણ કર, તેમનો આશ્રય લે. રામની આગળ કાળ પણ ભયભીત બનીને કાંપે છે. તેમની સાથે દુશમનાવટ કરવી એ તને છાજતું નથી. મારી વાત સાંભળ સીતાને રામનાં ચરણ-કમળમાં મૂકી આવ, તે ચરણોમાં જે કૃપા વહે છે તેનું ધ્યાન કર; સદા સર્વદા લંકાનું રાજય કર. તારા પિતામહ પૂલસ્ત્યની કીર્તિ, કોઈ પણ કલંક લાગ્યા વગર, જગતના બધા ખૂણાઓમાં પહોંચે અને યાવચ્ચંદ્ર દિવાકરૌ (સૂર્ય અને ચંદ્ર આકાશમાં પ્રકાશે ત્યાં સુધી) ટકી રહે તેવું કર. તારે તારા વંશની આબરૂને જરા પણ બટ્ટો ન લગાડવો જોઈએ. તારા અભિમાનનો અને તારી ભ્રમણાનો ત્યાગ કર. હે સમ્રાટ, ચોમાસામાં

પર્વતમાળાઓ પરથી નીકળતી નદીઓમાં પૂર આવે અને તે ભયંકર રીતે આગળ વહેવા લાગે છે, પણ થોડાંક અઠવાડિયા બાદ તે સુકાઈ જાય છે, તે નદીઓમાં નહિ જેવું પાણી રહે છે. તારી સત્તા અને ધન-સંપત્તિ થોડા જ સમયમાં સુકાઈ જશે, અદ્રશ્ય બની જશે. તે સત્તાના અને ધન-સંપત્તિના ઉદ્દગમસ્થાન-રૂપ રામની પૂજા કર, પછી તે કદી પણ સુકાઈ નહિ જાય, કારણ કે રામ શાંતિ અને સમૃદ્ધિના અખૂટ ઉદ્દભવ- સ્થાન છે. તે હંમેશાં પરિપૂર્ણ છે. તેમને કંઈ ગુમાવવાનું નથી, પણ તેમની પાસેથી તને લાભ થશે. હે રાવણ, હું ખુલ્લા મન થી, કશું પણ બકાત રાખ્યા સિવાય, તને આ કહું છું. રામ પ્રત્યેના દ્વેષથી અંધ બનેલા કમનસીબ માણસને કોઈ બચાવી શકતું નથી, મારી સલાહ સ્વીકાર.

હનુમાનના આ શબ્દો મૃદું અને કલ્યાણકારી હતા; તે જ્ઞાનથી અને નીતિથી ભરપૂર હતા, પણ રાવણ તે સલાહનો લાભ ઉઠાવવા તૈયાર ન હતો. તે બોલ્યો, ‘મૂર્ખ, મારે શું કરવું તેની સલાહ આપવાની તું ધૃષ્ટતા કરે છે? તને ધિક્કાર હો, ધિક્કાર હો ! મૃત્યુ તારી પાસે આવ્યું છે; નહિ તો તે મારી હાજરીમાં આવું લાંબું ભાષણ કરવાની હિંમત ન કરી હોત. તારો બબડાટ બંધ કર, તારું મ્હોં બંધ કરી દે, ' હનુમાને તેની આજ્ઞા ન માની. તેમણે સામો ધડાકો કર્યો, ‘રાવણ, તારા શબ્દો તારો વિનાશ સૂચવે છે. ખેદની વાત છે કે તું પાગલ બની ગયો છે. સમય જતાં તને મારા નિદાનનું સત્ય સમજાશે. થોડા જ દિવસોમાં તને સમજાઈ જશે કે કોનું મોત પાસે આવ્યું છે, મારું કે તારું?"

જ્યારે પૂરી નિર્ભયતાપૂર્વક, મર્યાદા ચૂકીને હનુમાન આમ બોલ્યા ત્યારે રાવણના ક્રોધનો પાર ન રહ્યો. અગ્નિ વરસાવતો, પડકારમાં પોતાની જાંઘોને થાબડતો, તે ઊભો થયો. તેણે પોતાના અનુયાયીઓને તે અસંબદ્ધ રીતે બોલનાર વાનરને મારી નાંખવાની આજ્ઞા કરી. સર્પપાશથી બંધાયેલા હનુમાન જયાં બેઠા હતા ત્યાં દરેક જણ ધસી ગયો. તે જ ક્ષણે રાવણના ભાઈ વિભીષણ,પોતાના પરિચારકો સાથે, સભાગૃહમાં પ્રવેશ્યા. તેમણે પોતાના મોટાભાઈને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, અને તે વિરોધપૂર્વક બોલ્યા, “હે સ્વામી, દૂતને મારવો તે યોગ્ય નથી. રાજધર્મમાં કાર્યમાં સંમતિ નહિ આપે. તેને બીજી કોઈ રીતે સજા કરો, પણ મોતની સજા ન ફટકારો.” રાવણના મંત્રીઓએ તેમના અભિપ્રાયને ટેકો આપ્યો અને કહ્યું કે વિભીષણનું સૂચન સૌથી વધારે ઉદાત્ત સત્ય છે. તેમના સાચા-ખોટાના વિચારો પ્રત્યે રાવણે ઉપહાસમય હાસ્ય કયું. છતાં જરાક નીચે ઊતરીને તે બોલ્યો કેઃ તેને વિરૂપ કરી મોકલી આપો. મંત્રીઓએ ભેગા થઈને તેને કેવી રીતે વ્યંગ કરવો તે બાબત વિચારણા કરી. તેઓ એવા નિગમન પર આવ્યા કે વાનરોને પોતાની પુંછડી બહુ વહાલી હોય છે. તેઓ તેમને લાંબા સમય સુધી લાંબી અને બળવાન રાખવા ઈચ્છતા હોય છે. કોઈકે સૂચન કર્યું કે શ્રેષ્ઠ શિક્ષા આ છે કે તેના પુચ્છને આગ ચાંપો. બધા લોકોએ એકદમ તે યોજનાનો સ્વીકાર કર્યો. તે વિચારની ભભકથી તેઓ ખૂબ આનંદ પામ્યા. તેઓ મંદ અવાજે બોલ્યા, “પુચ્છ વગરનો વાનર તેના સ્વામી પાસે જશે,

અને તેનું વેર વાળવા માટે તે સ્વામીને અહીં લઈ આવશે, ત્યારે આપણે તેના સ્વામીના બળને અને પૌરુષને જોઈશું.' ગૃહમાં અતિશય ગુસપુસ થતી રહી.

હનુમાન રક્ષસોની ગતિઓને જોઈ રહ્યા હતા, તેમની મસલતોને સાંભળી રહ્યા હતા અને બધો સમય મનમાં હસી રહ્યા હતા. જ્યારે તેઓએ વાતચીત બંધ કરી ત્યારે હનુમાન એકાએક પ્રચંડ હાસ્ય કરી ઊઠયા! તેમની એવી અપમાનજનક વર્તણૂકથી રાક્ષસો ગુસ્સે થયા. તેઓ કાપડ અને તેલ મેળવી લાવ્યા અને તેમણે કાપડના તાકા બાંધવાની અને તેમને તેલમાં ઝબોળવાની પ્રક્રિયા શરૂ કરી; પણ જેમ જેમ તેઓ કાપડ વીંટવા લાગ્યા તેમ તેમ તેમનું પુચ્છ લાંબુ ને લાંબુ થતું ગયું. માઈલો સુધીના લાંબા કાપડના તાકા અને તળાવો ભરી તેલ મંગાવવામાં આવ્યાં. તે અદ્ભૂત સમાચાર નગરીમાં બધે પ્રસરી ગયા. તે જોવા માટે પુરુષોનાં, સ્ત્રીઓનાં અને બાળકોનાં ટોળે ટોળાં સભાગૃહ તરફ દોડ્યાં. તે દરમ્યાન વાજાં વગાડનાર લોકો તે વરઘોડાની આગળ ચાલ્યા. રાક્ષસોનાં ટોળાં તાળીઓ પાડવા લાગ્યાં. હનુમાનની પૂંછડી પર તેલ રેડાયેલા તાકા વીટાળવામાં આવ્યા હતા તે સ્થિતિમાં તેમને લંકાની શેરીઓમાં ફેરવવામાં આવ્યા. છેવટે નગરીનો કેન્દ્રીય ચોક આવ્યો. ત્યાં, આતુર નાગરિકોના વિશાળ ટોળા સામે, હનુમાનની પૂંછડીના છેડાને આગ ચાંપવામાં આવી. હનુમાને ઓચિંતું પોતાનું સૂક્ષ્મરૂપ ધારણ કર્યું. એટલે તેમના નાગપાશ શિથિલ બનીને નીચે જમીન પર પડી ગયા. હવે તે પોતાનું સ્વાભાવિક રૂપ ધારણ કરીને આમ તેમ કૂદી શકવા લાગ્યા. એક કૂદકે, તે એક સુવર્ણ પ્રાસાદના શિખર પર ચડી ગયા. તે ‘રામ, રામ, રામ' એમ મોટેથી બોલ્યા. રાક્ષસો ભયભીત બની કાંપવા લાગ્યા, કારણ કે ઓચિંતો બળવાન વાયુ પ્રગટ થયો અને ખૂબ વેગપૂર્વક વાવા લાગ્યો. હનુમાન હવામાં કૂવા. તેમનો આનંદ અંદર સમાતો ન હતો. પોતાની બળતી પૂંછડી સાથે તે એક હવેલી પરથી બીજી હવેલી પર કૂદતા હતા. તેમનું પુચ્છ લાંબું અને લાંબુ બનતું ચાલ્યું. એક શેરીમાંથી બીજી શેરીમાં તે ગતિ કરતા, તેમ તેમ દાવાનળનું કદ વધવા લાગ્યું. લંકાનાં બધાં મકાનો તે દાવાનળમાં બળવા લાગ્યાં. તે રાખના ઢગલા બની ગયાં. પોતાની પત્નીઓ અને બાળકોને લઈને રાક્ષસો નાસ- ભાગ કરવા લાગ્યા. પોતાની જીંદગી બચાવવા માટે તેઓ પોતાનાં ઘરોનો ત્યાગ કરીને ભાગ્યા; ગૂંચવાડામાં વૃદ્ધિ કરવા માટે પશુઓ, ઘોડા, ખચ્ચરો, હાથીઓ પોતાના વાડાઓમાં ભાગીને દુ:ખપૂર્વક, વ્યથાપૂર્વક આમતેમ દોડવા લાગ્યાં. સમગ્ર નગરી વિલાપોના, બૂમોના, રુદનના, ગર્જનાઓના અને ઢોલનગારાંના અવાજથી આવૃત થઈ ગઈ. “ઓહ, અમને બચાવો; ઓહ, અમને કોઈ સલામત સ્થાને લઈ જાઓ', એવી દુ:ખપૂર્ણ ચીસો સ્ત્રીઓનાં અને બાળકોનાં ગળામાંથી નીકળવા લાગી, અને આકાશમાં પ્રતિધ્વનિત થવા લાગી.

મંદોદરી રાણીએ તે વિલાપ સાંભળ્યો. તેમણે રાજમહેલના ચોકીદાર સૈનિકોને પોતાની પાસે

બોલાવ્યા અને આજ્ઞા કરી કે બાળકો અને સ્ત્રીઓને રાજમહેલમાં આશ્રય આપો. તેમણે પોતાની ભીતિ કબૂલ કરી અને પોતાના શોકને વ્યકત કર્યો. “અરેરે! રાવણની આડાઈ રાક્ષસ જાતિનો વિનાશ કરી રહી છે. રાક્ષસ જાતિના સંપૂર્ણ નાશથી જ આ આપત્તિનો અંત આવશે. મેં અને મારા દિયર વિભીષણે તેમને ખૂબ સલાહ આપી હતી. અમે પ્રણામાંજલિ રચીને તેમને પ્રાર્થનાઓ કરી હતી . પણ તેમણે ધ્યાન આપવાનો ઇન્કાર કર્યો. અમે વિલાપ કરતાં કહ્યું હતું કે આનો અંત રાક્ષસોનો વિનાશમાં આવશે. પણ કહેવત છે તેમ, જ્યારે વિનાશ પાસે આવે છે, ત્યારે બુદ્ધિ બહેર મારી જાય છે. રાવણ માટે ખરાબ દિવસો પાસે આવ્યા છે ; અને તેથી તે આવી અધમ રીતે વર્તી રહ્યા છે." મંદોદરી જ્યાં જ્યાં દ્રષ્ટિ ફેંકતાં ત્યાં ત્યાં અગ્નિની ભયંકર જિહ્વાઓ તેમની સામે તાકીને જોઇ રહી. તે જ્વાળાઓમાં કુદતા હનુમાન પણ તેમની નજરે પડતા. દરેક ઘરમાંથી બૂમ ઉઠતી હતી કે : હનુમાન, અમને બચાવો, આ ઘરને બચાવો. પ્રણામાંજલી રચીને તે ઘરના લોકો પ્રાર્થના કરતા કે અમારાં બાળકો પર દયા લાવો. રાવણના નાનાભાઈ કુંભકર્ણની પત્નીએ દોડીને પ્રાર્થના કરી કે, "હે રામના દૂત, મારા પતિ નિદ્રાધીન છે. અમારા ઘરને આગ ન લગાડશો. મારા પતિ બળીને મરી ન જાય તેટલું જોજો"

લંકા સંપૂર્ણ વિનાશની પીડામાં પટકાઈ પડી; રાવણને પણ થોડા જ સમયમાં તે વિપત્તિની જાણ થઈ . તેણે સૈનિકોને આજ્ઞા કરી કે વાનરને આયુધો અને ગદાઓ વડે ઘેરી લો. તેમની પાસે આવનાર સૈનિકોને હનુમાનની તે બળતી પૂંછડીથી ઘણા લોકો મરી ગયા. સ્ત્રીઓ ઘોંઘાટપૂર્વક વાદળોને પ્રાર્થના કરતી હતી કે: વરસાદ વરસાવો અને અગ્નિ પ્રસરે નહિ તેવું કરો .મલયવાહને તેમની દશા જોઈ. તે મનમાં બોલ્યો કે, ‘ વરસાદથી હોલવાઈ જાય તેવો આ અગ્નિ નથી, આ તો સીતાનો અસહ્ય શોક છે.' બીજાઓ બોલ્યા કે, આ તો રાવણ સામેના ક્રોધની જ્વાળા છે; તેણે શ્રાપના અગ્નિરૂપમાંથી પસાર થવાનું છે. તે આખી નગરીને બાળીને ભસ્મ કરી દેશે. વિશાળ જ્વાળાઓ એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતી હતી, તેમનામાં થાકનું કોઈ ચિહ્ન જણાતું ન હતું. હનુમાન કેટલીક વાર પોતાને નાના બનાવી દેતા, કેટલીકવાર રાક્ષસી કદના જેટલા મોટા બનાવી દેતા, પણ તે ગમે તેવું કદ ધારણ કરે, છતાં વિનાશની ગતિ તો તેની તે જ રહી. ચારેય બાજુએ જ્વાળાઓનો ભડભડાટ અને નીચે પડતી દીવાલોનો ધબ અવાજ સંભળાતો હતો.

સીતાએ તે સમાચાર સાંભળ્યા. તમે મસ્તક ઊંચું કરીને વાટિકાને વીંટળાઈ વળેલો ધુમાડો અને તેજ જોયાં; ધુમાડાથી આકાશ કાળું બની ગયું હતું. વાટિકા પણ ખૂબ તપી ગઈ હતી , જેથી તેમાં કોઈને આરામ મળે તેમ રહ્યું ન હતું.સીતાએ જરા પણ વિલંબ કર્યા વગર અગ્નિદેવને બોલાવ્યા અને પ્રાર્થના કરી કે રામના સાચા ભક્ત હનુમાનને તમે બચાવજો . તેમણે કરુણામય હૃદયથી પ્રાર્થના કરી હતી, એટલે હનુમાન માટે અગ્નિ ઠંડો અને રાહતકારી બની ગયો.

રાવણે વડાઓની સલાહ માની ન હતી , જ્યારે તેને યોગ્ય માર્ગ બતાવવામાં આવ્યો ત્યારે તે હલકટ વાતોમાં રાચ્યો હતો, તેથી તેને નુકસાન અને અપકીર્તિ પ્રાપ્ત થયાં . એક આંખ - મીચકારા જેટલા સમયમાં તેના સામ્રાજ્યની રાજધાની અગ્નિ વડે અસ્તિત્વમાંથી ભુંસાઈ ગઈ , માત્ર નિદ્રાધીન કુંભકર્ણના ઘરને અને ભક્તશ્રેષ્ઠ વિભીષણના ઘરને અગ્નિએ સાફ કરી નાંખ્યાં ન હતાં . હનુમાને સમુદ્રમાં કૂદકો માર્યો અને આગ હોલવવા માટે પોતાના પુચ્છને જળમાં ઝબોળ્યું. પછી તેમણે એક નાનકડા વાનરના રૂપને ધારણ કર્યું અને તે સીતા પાસે ગયા . તેમણે સીતાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તે બોલ્યા કે, “માતાજી , તમે મને જે કહ્યું છે તે બધું રામને નિવેદન કરીશ . હું તમને ખરેખર મળ્યો છું તે પ્રમાણિત કરવા માટે મને કોઈ નિશાની આપો . '

સીતાએ થોડીક વાર વિચાર કર્યો , પછી પોતાના મસ્તક પરથી રત્નજડિત ચૂડામણિ લઈને તેમણે તે હનુમાનના હાથમાં મૂક્યો . હનુમાને પૂજ્યભાવપૂર્વક તેને પોતાની આંખોએ અડકાડ્યો અને પછી તે આનંદપૂર્વક ફરી સીતાને ચરણે પડ્યા . આશીર્વાદ આપતાં સીતા બોલ્યાં , “ હનુમાન ,રાવણ મારા પર જે દુઃખ વરસાવી રહ્યો છે તેને તારી સગી આંખે જોયું છે , એટલે તેનો વિસ્તાર કરવાની જરૂર નથી. સ્વામીને કહેજે કે તે મને તેમનાં દર્શનનું સદ્ભાગ્ય પ્રદાન કરે. તું કહેજે કે તેમનાં દર્શન માટે સીતા વારંવાર પ્રાર્થના કરે છે. તેમને કહેજે કે એક માસ દરમિયાન, લક્ષ્મણ સાથે તેમણે લંકાને ઘેરો ઘાલવો જોઈએ. હનુમાન , તને રામ વિશે વાતો કરવામાં અને તારી પાસેથી રામ વિશે વાતો સાંભળવામાં આ ત્રણ તારા દિવસ મેં બહુ સુખમાં ગાળ્યા છે . મારું હૃદય શાંત અને શીતળ બન્યું છે. તારા ગયા પછી હું મારા રાત દિવસ કેવી રીતે ગાળીશ તેની કલ્પના હું કરી શકતી નથી. મારી સ્થિતિ એક સૂકા તળાવની માછલી જેવી બની જશે. અલબત્ત, સર્વજ્ઞ સ્વામી સદા-સર્વદા મારી સંભાળ રાખે જ છે, પણ તેમનાં ચરણ કમળના દર્શનથી હું ક્યારેય મારી આંખોને આનંદ પમાડીશ?" હનુમાને પોતે આપેલી ખાતરીઓ અને કથનો વડે તેમના મનમાં શ્રદ્ધા અને હિંમત સ્થાપવાનો પ્રયત્ન કર્યો વારંવાર તેમણે પ્રાર્થનાઓ કરી, દલીલો કરી અને સીતાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા . છેવટે તેમણે વિદાય લીધી.

અશોક - વાટિકામાંથી જતાં પહેલાં હનુમાને એક વિદાય- ગર્જના કરી, જેનાથી પૃથ્વી કંપી ઊઠી અને લંકા - દ્વીપનાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો ભયથી ધ્રુજી ઉઠયા . જરા પણ વધુ વિલંબ કર્યા વગર હનુમાન સમુદ્ર તટ પર પહોંચી ગયા . તેમણે પોતાના મનને રામના વિચારથી અને પોતાની આંખોને રામની મોહકતાથી ભરી દીધાં. એક ક્ષણમાં કૂદકો મારીને સમુદ્રને પાર કરી ગયા અને સામે કિનારે પહોંચી ગયા. તે દિવસે કાર્તિક - માસની પૂર્ણિમા હતી .શીતળ ચાંદની હૃદય માટે ચંદનના લેપ સમાન હતી. રામના નામે તેમનામાં બળ અને આનંદ સ્થાપ્યાં અને હનુમાનનો વિજય થયો હતો.

દૂરની ક્ષિતિજમાંથી આવતા હનુમાનને જેમણે જોયા હતા તે વાનર યૂથોને અવર્ણનીય આનંદ થયો. તેમનાં મુખો ખીલી ઊઠયાં. હનુમાનને નજીક ને નજીક આવતા જોઈને તેઓ એક નવીન તેજથી ચમકી ઊઠયા. રામે તેમને જે કામ સોંપ્યું હતું તે પૂર્ણ થયાથી તેઓ આનંદવિભોર બની ગયા .

પૂરા ત્રણ દિવસ સુધી તેમણે હનુમાનના પ્રત્યાગમનની રાહ જોઈ હતી. તેમના કલાકો નિરાશાપૂર્વક શુષ્કતાથી પસાર થયા હતા. હવે તેમણે પર્ણોનાં અને પુષ્પોનાં વસ્ત્રો સજ્યાં. હનુમાન કિનારે ઊતરે ત્યારે તેમને છાતી સાથે ચાંપવા માટે તેઓ તટ પર ગોઠવાઈ ગયા. હનુમાન જમીન પર ઊતર્યા કે તરત જ તેમણે હનુમાનને લંકામાં શું બન્યું તે વિશેના, ' સીતા વિશેના અને તેમની કુશળતા વિશેના, લંકાના સંજોગો અને સ્થિતિઓ વિશેના પ્રશ્નો પૂછયા. ઉત્સાહપૂર્વક હનુમાને તેઓ જે જાણવા માગતા હતા તે બધું કહી સંભળાવ્યું અને પછી તે રામ પાસે જવા નીકળ્યા .

થોડા જ સમયમાં તેમણે મધુવનમાં પ્રવેશ કર્યો અને તેમાં ઊગેલાં ફળોને પેટ ભરીને ખાધાં , કારણ કે સીતા ક્યાં છે તે શોધી કાઢ્યા પછી તેઓ મધુવનમાં વિહાર કરી શકે એવું સુગ્રીવે તેમને વચન આપ્યું હતું. મધુવનના ચોકીદારોએ તેમને પ્રવેશ કરતા અટકાવ્યા, પણ તેઓ તો અંદર ઘૂસી જ ગયા. એટલે ચોકીદારો પોતાનાં સ્વામી પાસે દોડી ગયા અને કહ્યું કે લૂંટ અટકાવવામાં અમે નિષ્ફળ ગયા છીએ. જ્યારે સુગ્રીવે તે સાંભળ્યું, ત્યારે તે બોલી ઊઠયા, ‘ઓહ, તેમને વિજય પ્રાપ્ત થયો છે. રામે તેમને જે કામ સોંપ્યું હતું તે તેમણે પૂર્ણ કર્યું છે.' સુગ્રીવ ખૂબ રાજી થયા. સુગ્રીવે ચોકીદારોને કહ્યું , ‘આ તો આનંદનો ઉત્સવ છે. ચિંતા ન કરો.’ તે દરમિયાન વાનર યુથો આવી પહોંચ્યા; તે પોતાના સ્વામીને રાજા ને પગે પડ્યા. સુગ્રીવ સ્મિતપૂર્વક બોલ્યા કે, મને જાણ થઈ છે કે તમે યાત્રાનું ફળ સિદ્ધ કર્યું છે . વાનરોએ જવાબ આપ્યો, “હે સ્વામી, તમારી કૃપાથી અને શુભેચ્છાઓથી અમે અમારા પ્રયાસમાં સફળ થયાં છીએ . એક મહાન વીરે વિજય પ્રાપ્ત ક્યો છે.' તેમણે અમને નવું જીવન પ્રદાન કર્યું છે . જો અમે જીવતા રહ્યા હોઈએ અને તમારી સાથે વાત કરી રહ્યા હોઈએ તો તેનું કારણ તે જ છે.' પછી તેમણે સુગ્રીવને લંકાની પરિસ્થિતિ વિશે તથા સીતાની દશા વિશે વિસ્તારપૂર્વક વર્ણન કહી સંભળાવ્યું. તે સાંભળીને સુગ્રીવ ઓચિંતા ઊભા થઈ ગયા અને બોલ્યા કે , આપણે એક મિનિટ પણ વિલંબ અહીં નહિ કરીએ . પછી બધા ત્વરાપૂર્વક રામ પાસે ગયા . કામ પૂરું કરીને વાનરો પોતાની પાસે આવી રહ્યા છે તે જાણીને, રામ અને લક્ષ્મણ એક શિલા પર બેઠા અને ત્વરાપૂર્વક આવતા વાનરોને જોઈ રહ્યા . ઉત્તેજનાપૂર્વક કૂદકા મારતા તે આવ્યા અને રામને ચરણ પડ્યા.

પ્રથમ તો રામે તેમને કુશળ સમાચાર પૂછયા. તે દરમિયાન, વાનરોનો સૌથી મોટો આગેવાન જાંબુવાન ઊભો થયો અને બોલ્યો, “જેમણે તમારી કરુણા પ્રાપ્ત કરી છે તેઓ સાચે જ ધન્ય

છે. તેથી તે બધા સદ્દગુણોને પ્રાપ્ત કરે છે. તેવા માણસની કીર્તિ ત્રિભુવનમાં ફેલાઈ જાય છે." જાંબુવાને હનુમાનની અનેક રીતે પ્રશંસા કરી. હનુમાને ઊભા થઈને રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. તેમણે વિગતવાર લંકાનું વર્ણન કર્યું . તેમણે આનંદનાં આંસુ અને હમદર્દી સાથે સીતાની દશા વર્ણવી, અને ખૂબ દરકાર અને સાવચેતીપૂર્વક જે ચૂડામણિ લાવ્યા હતા તે રામના હાથમાં મૂક્યો. રામે હનુમાનને છાતી સરસા ચાંપ્યા. તે બોલ્યા કે : હે વાયુપુત્ર, મને સીતા વિશે, તેની દશા વિશે અને તેની લાગણીઓ વિશે વધુ કહે .

હનુમાન બોલ્યા , " હે મારા જીવનના સ્વામી , એ વર્ણવવું અશક્ય છે. તે હાડકાંનો માળો બની ગયાં છે , કારણ કે તે ભોજન લેતાં નથી અને ઊંઘતાં પણ નથી . તમારાં દર્શન માટે તે પ્રતિક્ષણ પ્રાર્થના કરે છે . તમારાં નામનો જપ અને તમારું ધ્યાન કરવા સિવાય તેમને બીજું કામ નથી . તેમણે તમને મારી મારફતે અસંખ્ય પ્રણિપાતો મોકલ્યા છે ; લક્ષ્મણને ઘણીવાર યાદ કરીને તેમણે પુષ્કળ આંસુ સાર્યા હતાં . રોજ સાંજે અને સવારે તેમની પાસે આવીને , રાવણ જે ખંજર ભોંકવા જેવા શબ્દો બોલે છે તે મેં મારા કાન વડે સાંભળ્યા છે. માતાજી તેના બબડાટ પ્રત્યે જરા પણ ધ્યાન આપતાં નથી . તે હંમેશાં તમારા વિયોગની વ્યથામાં અને તમારા જ વિચારોમાં સમય ગાળે છે . " રામને પગે પડીને હનુમાન બોલ્યા કે, આ ક્ષણે જ સીતાને બચાવી લો .તે સાંભળીને લક્ષ્મણ વેર લેવાની વૃત્તિથી પ્રગટેલા ક્રોધપૂર્વક ઊભા થઈ ગયા અને સીતાની સ્થિતિ યાદ કરીને રડવા લાગ્યા . લંકામાં રહેલાં સીતાનું ચિત્ર તેમના હૃદયને બાળતું હતું . છેવટે તે બોલ્યા કે , " ભાઈ , વિલંબ ન કરો . મારાં ભાભીને બચાવો. રામે સ્મિતપૂર્વક જવાબ આપ્યો , " લક્ષ્મણ , ઉતાવળ ન કર . યોગ્ય સમયની પ્રતીક્ષા કર , દરેક પગલું ભરવા માટે યોગ્ય સમય હોય છે . શોક આક્રમણ કરે ત્યારે નિરાશ ન બન , સુખ વહી આવે ત્યારે છલકાઈ ન જા .'રામે તેમને મૃદુ અને શાન્તિપ્રદ ભાષામાં આશ્વાસન આપ્યું .

પછી રામે હનુમાનને પોતાની પાસે બોલાવ્યા અને પોતાની તદ્દન નજીક બેસવાનું કહ્યું . તેમણે હનુમાનને પોતાના પગ પાસે બેસાડ્યા . પછી રામે તેમને પૂછયું , "હનુમાન, રાવણે લંકામાં જે શાસન સ્થાપ્યું છે તે કેવા પ્રકારનું છે? તે લંકાને કેવી રીતે બાળી?" હનુમાન બોલ્યા, "સ્વામી, એવું કંઈ જ નથી કે જે તમે ન જાણતા હો. હું વાનરોના બળ વિશે શું કહું ?અમે તો માત્ર એક શાખા પરથી બીજી શાખા પર કુદકા મારતાં પશુઓ છીએ . અમે સમુદ્રના એક કિનારાથી સામેના કિનારા સુધી કેવી રીતે કૂદી શકીએ? રાક્ષસોને કેવી રીતે હંફાવી શકીએ ? આગથી લંકાનો કેવી રીતે નાશ કરી શકીએ ?

આ બધું તો તમારી કૃપાનું અને તમારા મહિમાનું પરિણામ છે. તમારું નામ, જે બળ અને હિંમત આપે છે તેમણે અમને આ બધી વસ્તુઓ સિદ્ધ કરવામાં મદદ કરી છે. હું મારી જાતે કશું જ

કરવા શક્તિમાન નથી. મારી પાસે તમારી જે મુદ્રિકા હતી તેણે  મારી રક્ષા કરી છે અને મને દોરવણી આપી છે. હે સ્વામી , મદ્રિકા જોઈને અને તેને હાથમાં પકડીને માતાજી કેટલાં બધાં સુખી બન્યાં હતાં ! તેમને શંકા થઈ હતી કે આ સ્વપ્ન છે કે રામે ખરેખર તેમને આ મુદ્રિકા મોકલી આપી છે; પણ આખરે તે શ્રદ્ધામાં દઢ બન્યાં હતાં. તેમના શોકે, તેમની અપાર વેદનાએ લંકામાં આગ ચાંપી હતી અને તેનો વિનાશ કર્યો હતો, મેં નહિ, તમે મને કરણ તરીકે પસંદ કર્યો અને મનેહથિયાર તરીકે વાપરી આ બધાં મહાન કાર્યો સિદ્ધ કયાં, એ તમે મને આપેલો આશીર્વાદ માત્ર છે. કારણ કે ભકતો તમને બહુ વહાલા હોય છે. સ્વામી, જેણે તમારી કૃપા પ્રાપ્ત કરી છે તેને માટે કશું જ અશકય નથી.'

દિલની સચ્ચાઈથી અને નમ્રતા ભરેલા તે શબ્દો સાંભળીને રામ બહુ રાજી થયા. લક્ષ્મણ તરફ વળીને તે બોલ્યા, “ભાઈ, વિલંબ વગર યુદ્ધની તૈયારી કર.” પૃથ્વીને કંપાવી મૂકે તેવાં એકત્રિક થયેલાં સૈન્યોને તથા સુગ્રીવ અને જાંબુવાન જે તૈયારીઓ કરી રહયા હતા તે જોઈને દેવોને પણ આશ્ચર્ય અને સંતોષ થયાં. વાનર - યોદ્ધાઓએ રામનો ચરણસ્પર્શ કર્યો અને વિજયગર્જના કરી. પોતાની કરુણાપૂર્ણ અને કલ્યાણકારી દ્રષ્ટિ વડે રામે તેમને આશીર્વાદ આપ્યા. દરેક વાનર-યોદ્ધો પંખોવાળો પર્વતશિખર બની ગયો; ડગલે ને પગલે આનંદવિભોર બનીને તેઓ આગેકુચ કરવા લાગ્યા; આગળ પગલું માંડતા જ તેમને શુભ શુકન થવા લાગ્યાં. અશોક-વાટિકામાં તે જ ક્ષણે સીતાને પણ શુભ-સંકેતની લાગણી થઈ. રાવણને અશુભ ઘટનાઓની આગાહી કરતાં અપશુકનો થવા લાગ્યાં. જાંબુવાને અને વાનરોએ મોટાં વૃક્ષો ઉખાડી લીધાં, અને તે પોતાનાં શાસ્ત્રો હોય તેમ તેઓ વૃક્ષોને વીંઝવા  લાગ્યા. માર્ગમાં તેઓ એવી યુદ્ધ-ગર્જનાઓ કરવા લાગ્યા કે તેમના પગ હેઠળ પૃથ્વી કંપી ગઈ અને આકાશ ગર્જનાઓથી વ્યાપ્ત થઈ ગયું. અવારનવાર તેઓ ‘રામચંદ્રની જય' બોલતા-બોલાવતા હતા. લંકામાં દરેક રાક્ષસ આગામી દિવસોમાં પોતાનું શું થશે તે બાબત ચિંતિત બની ગયો. તેઓ પોતાના ભયની વાત માંહ્યોમાંહ્ય મંદ અવાજ વડે કરતા, કારણ કે તેઓ રાવણથી ખૂબ બીતા હતા.

લંકામાં જયાં જયાં રાક્ષસોના સમૂહો એકત્રિત થતા, ત્યાં ત્યાં રામના દૂતે જે સંકટ લંકા પર વરસાવ્યું હતું તેને વિશે જ તેઓ વાતો કરતા હતા. તેમને આશ્ચર્ય થતું કે સેવકમાં આવી જબરદસ્ત વીરતા છે, તો પછી તેના સ્વામીના આક્રમણમાં તો કેવીયે વીરતા હશે ! રામમાં આક્રમણ કરવાનું અમેય સામર્થ્ય છે એવું તેઓ મનમાં રામનું ચિત્ર દોરતા, રાવણની રાણી મંદોદરીની દાસીઓએ રાક્ષસોના ભય વિશે રાણીને વાત કરી. મંદોદરીનું મન ભયથી અને ચિંતાથી વ્યાકુળ બની ગયું. તેમને ખ્યાલ આવ્યો કે રાક્ષસોનો ભય ઘટનાઓના સાચા મૂલ્યાંકન પર આધારિત હતો. રાવણે પોતાને એકાંતમાં મળે છે અને તે પોતાની વાત સાંભળે તેવી મનોદશામાં હોય તેવી તકની તે રાહ જોવા

લાગ્યાં. તેવી તક મળતાં મંદોદરી બોલ્યાં, “સ્વામી, સર્વજ્ઞ રામ સાથે વેર ન વિકસાવશો. તમે પોતે જ એવો અભિપ્રાય વ્યકત કર્યો હતો કે રામ કોઈ સામાન્ય માનવી નથી. જયારે બહેન શૂર્પણખાની આકૃતિને વિરૂપ કરી દેવામાં આવી ત્યારે તમારી સેના તે બદલ વેર લઈ શકી ન હતી, તમારી સેના રામને ઈજા પહોંચાડી શકી ન હતી, રામ પાસે પશ્ચાત્તાપ કરાવી શકી ન હતી. હવે તેમની સામે કેવી રીતે ઝઝૂમી શકવાના હતા ? આ રાજયમાં પ્રવેશેલા દૂતને પણ તેઓ બાંધીને શિક્ષા કરી શકયા ન હતા; આપણી એટલી બધી કમનસીબી છે. જયારે એક સેવક આવો ભય પ્રવર્તાવી ગયો અને નિરાશા પેદા કરી ગયો, ત્યારે તેના જેવા લાખો સેવકો કેટલી બધી ભયંકર વિપત્તિઓ પેદા કરશે ? માટે કૃપા કરીને મારી વિનંતિ સાંભળો, વિભીષણની દરકાર હેઠળ અથવા તમારા મંત્રીઓ સાથે સીતાને પાછાં મોકલી આપો. સીતા પણ કોઈ સામાન્ય સ્ત્રી નથી, આદર્શ સતી છે. ધાર્મિક સ્વભાવમાંથી ઉત્પન્ન થતી તે મૂર્તિમાન આધ્યાત્મિક શકિત છે. તેવી વ્યકિતને દુ:ખ આપવાથી તમારું કલ્યાણ નહિ થાય. મારી વિનંતિનો સ્વીકાર કરો, સીતા રામને પાછાં સોંપી દો. તેમ કરવાથી તમારું અને આપણી રાક્ષસજાતિનું કલ્યાણ થશે; નહિ તો જેમ સર્પ દેડકાંને ગળી જાય છે, તેમ રામનાં બાણ રાક્ષસ- સૈન્યને ગળી જશે. જક્કીપણાનો અને અભિમાનનો ત્યાગ કરો, આડાઈ ત્યજી દો, સીતાને રામને ચરણે સમર્પિત કરો. " આમ કરુણાજનક આગ્રહ કરીને મંદોદરી રાવણને પગે પડયાં.

મિથ્યાભિમાની અને અજ્ઞાની રાવણે મંદોદરી તરફ જોયું, અને અટ્ટહાસ્ય કરીને તેણે જવાબ આપ્યો, “ધિક્કાર છે તને ! સુકોમળ સ્ત્રીઓ જલદી બી જાય છે; તે તેમનો સ્વભાવ હોય છે. ભયમાંથી પેદા થતા તેમના શબ્દો સદ્દભાગ્યને પણ દુર્ભાગ્યમાં પલટી નાંખે છે. જયારે વાનરો આપણે દ્વારે આવી પહોંચશે ત્યારે રાક્ષસો ચોક્કસ તેમનું ભક્ષણ કરી જશે, મારું નામ સાંભળીને દેવો પણ ખૂબ ભયથી કંપવા લાગે છે. આ વૃક્ષો પર રહેનારાં પશુઓથી તું શા માટે આટલી બધી ડરે છે ? તારા ભયને ધિક્કાર છે ! તારું મ્હોં લઈને મારી પાસેથી જતી રહે.” એમ બોલીને અભિમાનપૂર્વક, મૂર્તિમાન ધૃષ્ટતા સમાન રાવણ રાજસભામાં ગયો. તે પછી મંદોદરી મનમાં વિલાપ કરવા લાગ્યાં, “અરેરે ! ભવિતવ્યતા એક પ્રચંડ કરુણકથાની યોજના ઘડી રહી છે; મારે માટે તેણે શું નક્કી કર્યું છે ? તેનું અનુમાન કરવું એ પણ ભયાનક છે.” શોકના ભાર તળે ચગદાઈ ગયેલાં, બીજું શું કરવું તેની જેમને સૂઝ પડતી નથી એવાં મંદોદરી પોતાના ખંડમાં જઈ પથારી પર આળોટવા લાગ્યાં. તેમને અનેક વિચારો વ્યગ્ર બનાવી મૂકતા હતા.

રાવણે બધા મંત્રીઓને સભા-ગૃહમાં એકઠા કર્યા અને તેમને કહ્યું કે, પરિસ્થિતિનો અંદાજ દરેક જણ આપે. "રામના દૂતે આવીને જે વિપત્તિ આપણા પર વરસાવી તે તમે જાણો છો. હવે આપણે શું કરવું ? કઈ તૈયારીઓ કરવી એ જરૂરી છે ? ભાવિ માટે તમારાં શાં સૂચનો છે ? જરાપણ ભય રાખ્યા

વગર, ખુલ્લા દિલથી મને તમારા અભિપ્રાયો કહો.” મંત્રીઓ એકબીજા સામે જોવા લાગ્યા, દબાવી દીધેલા હાસ્યપૂર્વક ઉપહાસ કરવા લાગ્યા. પણ બોલવાની હિંમત કોઈની ચાલી નહિ. જે કુંભકર્ણ મહિનાઓ સુધી નિદ્રામાં હતો અને જે દાવાનળ હનુમાને સળગાવ્યો હતો તેનાથી અજાણ હતો તે નિદ્રામાંથી જાગ્યો અને સભાગૃહમાં દોડી આવ્યો. તેણે પોતાના મોટા ભાઈને બૂમ પાડીને કહ્યું, “અરે, તમે બડાઈ હાંકતા હતા કે મારા જેવો વીર ત્રિભુવનમાં નથી. તમે જગતોને પડકાર ફેંકતા હતા અને ગમે તેની સાથે યુદ્ધ કરવાની હિંમત કરતા હતા. હવે હું સાંભળું છું કે- એક નાનકડા વાનરે નગરીમાં પ્રવેશ કરીને નગરીને ભસ્મીભૂત કરી નાંખી હતી; શરમની વાત છે. તમારે માટે શરમની વાત છે ! તમે તેને શા માટે જીવતો જવા દીધો ?" તે ઉપહાસમય શબ્દો બોલીને તે પોતાને ઘેર ગયો. પછી અતિકાય નામનો મંત્રી પોતાના આસન પરથી ઊભો થયો અને રાવણ પ્રત્યે બોલ્યો, “સ્વામી, અમે તમારી આજ્ઞાઓનું પાલન કરીશું. જો તમે અમારા પર કૃપાપૂર્ણ દ્રષ્ટિપાત કરશો, તો અમે બધા મનુષ્યોનો અને વાનરોનો વિનાશ કરી દઈશું અને પૃથ્વીના પટ ઉપરથી ભૂંસી નાખીશું. વધારે કહેવાની શી જરૂર છે ?” પછી તે સંતોષપૂર્વક પોતાની જગ્યાએ બેસી ગયો. પછી પોતે ઈચ્છે તે રૂપ ધારણ કરવાની શકિતવાળો, સેનાપતિ મેઘનાદ બોલવા ઊભો થયો, “હે પરમ સ્વામી, તમારું બળ અને તમારી ભવ્યતા જગતમાં બધે પ્રતિધ્વનિત થાય છે. દેવો તમારા દાસ છે. તમારી હાજરીમાં અમારે મનુષ્યોના ભાવિની વાત શા માટે કરવી? કારણ કે દેવો કરતાં વધારે બળવાન કોણ હોઈ શકે ?” તેના શબ્દો અભિમાનથી અને દેખાડાથી પૂર્ણ હતા. કુંભકર્ણના બે અભિમાની, નાસ્તિક પુત્રો, કુંભ અને નિકુંભ પણ તેવું જ બોલ્યા. અકંપને અને બીજા યોદ્ધાઓએ પણ તે જ ગાણું ગાયું. અવારનવાર અદમ્ય મહોદર ઊભો થઈને યુદ્ધમાં જવાની આતુરતા પ્રગટ કરતો, પોતાની જાંઘોને હાથ વડે પછાડવા લાગ્યો. અલબત્ત તેમાંના દરેક જણને આંતરિક ભય થતો હતો, જો કે તે પોતાની વાણીમાં કે મુખ પર ભયને વ્યકત કરતો ન હતો. તેને પરિણામે રાવણ રાજી થઈ ગયો અને તે લોકોની એને હિંમત આપવાની ઈચ્છા ફળીભૂત થઈ. છેલ્લે એક રાક્ષસે ઊભા થઈ પોતાના પ્રત્યે બધાનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો. તે બોલ્યો, “સમ્રાટ, હું બ્રાહ્મણનો વેશ ધારણ કરીને રામ અને લક્ષ્મણ જયાં હશે ત્યાં તેમની પાસે જઈશ. હું તેમને ભોજન માટે નિમંત્રણ આપીશ. જયારે તેઓ મારા આશ્રમમાં આવશે, ત્યારે હું તેમના હાથ-પગ બાંધી દઈશ, જો તમે આ પ્રયુકિતમાં સંમત હો, તો હું તેને અમલી બનાવીશ.”

રાવણ પોતાના મંત્રીઓ તથા બીજાઓ પ્રત્યે ખૂબ પ્રસન્ન થયો. તે દરમિયાન વિભીષણે સભાગૃહમાં પ્રવેશ કર્યો હતો. તેના તરફ જોઈને રાવણે પૂછ્યું કે : ભાઈ, આ મનુષ્યો અને વાનરોના પ્રશ્ન બાબત તમારો શો અભિપ્રાય છે ? વિભીષણે જવાબ આપ્યો, "હે ખૂબ કરુણામય ભાઈ, હું તદ્દન નિષ્કપટતાપૂર્વક યથાશકિત જવાબ આપીશ. હું માત્ર પ્રાર્થના કરું છું કે તમે ધીરજપૂર્વક અને

દરકારપૂર્વક મારી વાત સાંભળો. હે શ્રેષ્ઠ સમ્રાટ, મને ક્ષમા કરો. જો તમે મરણ પછી શુભ પદ ઈચ્છતા હો, જીવતાં અકલંકિત કીર્તિ ઈચ્છતા હો, આ લોકમાં અને પરલોકમાં સુખ-સંપત્તિ ઈચ્છતા હો, તો તમારે બીજાઓની પત્નીઓના સૌન્દર્યની પ્રશંસા કરવાનું છોડી દેવું જોઈએ. તમારા જેવી એક સાદી હસ્તીવાળો માણસ ચૌદ લોકના નાથને કેવી રીતે ઈજા કરી શકવાનો હતો, અવરોધ કરી શકવાનો હતો ? તેમનો વિરોધ કરીને કોઈપણ માણસ જીવતો રહી શકે ખરો ? તેવો માણસ કેવી રીતે સુખી અને સમૃદ્ધ બની શકે ? લોભ, વ્યકિતના બધા સદ્દગુણોને આચ્છાદિત કરી મૂકે છે, કામ અને ક્રોધ વિનાશનાં દ્વાર છે. રામ કોઈ સામાન્ય માનવ નથી. તે યમરાજાનું પણ મૃત્યુ છે. તે કાળના નિયામક છે. માંદગીની, જરૂરિયાતની અથવા નિર્બળતાની તેમના પર અસર થતી જ નથી. તે અજન્મા છે, અને તેથી અમર છે. તેવી દિવ્ય વ્યકિત પ્રત્યેનો તમારો દ્વેષ તમે છોડી દો, અને તેમની પ્રાર્થના કરો કે મને તમારા સેવક તરીકે સ્વીકારો. તેમની પત્ની તેમને સોંપી દો અને તેમની કૃપા પ્રાપ્ત કરો. હું તમારે પગે પડું છું , મારી સઘળી શકિત સાથે તમને આજીજી કરું છું.” વિભીષણની વાત સાંભળીને વૃદ્ધ મંત્રી માલ્યવંતે માથું હલાવીને તેમાં સંમતિ આપી. તે ઊભા થઈને બોલ્યા કે, “સ્વામી, તમારા ભાઈ વિભીષણના શબ્દો સાચા અને ન્યાય-યુકત છે, તે શબ્દોને સ્વીકારવાથી તમારી કીર્તિ વધશે."

પણ તે બંનેની સલાહથી રાવણને ખૂબ ક્રોધ થયો. અંતે ઠપકો આપતાં તે બોલ્યો, “તમે બંને મૂર્ખ છો. આટલા લાંબા સમય સુધી શું કરી રહ્યા છો તેનું તમને ભાન છે ? તમે મારા શત્રુની પ્રશંસા કરી રહ્યા હતા. જયારે આ વિષય પર વિચારણા ચાલી રહી છે ત્યારે તમે આ સભાગૃહમાં હાજર રહેવા લાયક નથી.” તેમને સભાગૃહમાંથી બહાર કાઢવાનો હુકમ રાવણે છોડયો; તે સાંભળીને માલ્યવંત પોતાની ખુરશી પરથી ઊભો થઈ પોતાને ઘેર ગયો. વિભીષણે પોતાના મોટા ભાઈને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને પ્રણામાંજલિ રચીને તે બોલ્યા, “હે રાજા, વેદો અને ધર્મશાસ્ત્રો કહે છે કે દરેક માણસના હૃદયમાં શુભ અને અશુભ બે પ્રકૃતિઓ રહે છે. જયારે શુભ પ્રકૃતિ બળવાન બને છે, સત્તા ધારણ કરે છે ત્યારે તે માણસને આનંદ, શાન્તિ અને દરેક પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે. જયારે દુષ્ટ પ્રકૃતિ બળવાન બની સત્તા ધારણ કરે છે ત્યારે તે માણસ પર દરેક પ્રકારની વિપત્તિ આક્રમણ કરે છે. અત્યારે દુષ્ટ પ્રકૃતિએ તમારા સદ્દગુણી સ્વભાવને વિવશ કરી દીધો છે. એટલે તમને સારી સલાહ આપી તમારા કલ્યાણમાં વૃદ્ધિ કરનાર લોકોને તમે શત્રુ માની લો છો. રાક્ષસો માટે સીતા કાળ-રાત્રિ છે. તમને સીતા માટે દયા કે કરુણા નથી, તે તમારું દુષ્ટ લક્ષણ છે. હું તમારી પાસે એક વરદાનની પ્રાર્થના કરું છું કે કૃપા કરીને મારી વિનંતિ માનો; સીતા રામને પાછાં સોંપી દો. મને ખાતરી છે કે તેથી તમારું કલ્યાણ થશે, તમે સુખી થશો.”

તે સાંભળીને રાવણ ઓચિંતો પોતાના સિંહાસન પરથી ઊભો થયો અને બોલ્યો, “મૂર્ખ, તારું

મોત પાસે આવ્યું છે. મારી કૃપા વડે જ તું જીવતો રહ્યો છે. હવે તું મારા શત્રુઓને તારા કલ્યાણકારી મિત્રો માને છે. તેમના પ્રત્યે તેં શા માટે વફાદારી અને માન વિકસાવ્યાં છે તે હું સમજી શકતો નથી. શું દુનિયામાં એવો કોઈપણ માણસ છે કે જેને હું મારા બાહુબળથી પરાજિત ન કરી શકું ? હું જે ખોરાક આપું છું તે તું ખાય છે, મારા ઘરમાં તું રહે છે, મારા રાજ્યમાં તું રહે છે, તો પછી તું મારા શત્રુઓની પ્રશંસા કેવી રીતે કરી શકે ? દુર્ગનું રક્ષણ કરવા માટે ઉગાડેલા કાંટાના છોડ દુર્ગને જ નુકસાન પહોંચાડી રહ્યા છે. હવે તું મને કોઈ ઉપયોગનો રહ્યો નથી. જા, કોઈ આશ્રમમાં જઈને રહે અને ત્યાં તારા નીતિના અને કલ્યાણના બોધ આપ." એમ બોલીને રાવણે પોતાના પગ પાસે બેઠેલા વિભીષણને લાત મારી. ગમે તેટલા ક્રોધથી તેને લાત મારવામાં આવી હતી તો પણ વિભીષણે પોતાને લાત મારનાર પગને પકડીને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું, "રાજા રામ સત્યનો નિર્ણય લે છે અને તેમનો નિર્ણય કદી નિષ્ફળ જતો નથી. તમારો સમય વીતતો જાય છે, તેવી જ રીતે તમારા અનુયાયીઓનો સમય પણ વીતી રહ્યો છે. હું રામને શરણે જવા માગું છું. તમને બચાવવા માટે હું બધું કરી છૂટયો છું. મારે પસ્તાવવાનું કોઈ કારણ નથી. મેં કંઈ જ ખોટું કર્યું નથી." એમ બોલીને વિભીષણ સભાગૃહમાંથી ચાલ્યા ગયા. પ્રતિક્ષણે રામના નામનો જપ કરતા, ખૂબ આનંદ અને ઉત્તેજનાપૂર્વક તે દરિયો પાર કરીને સામે કિનારે ઊતર્યા. તેમને જોનાર વાનરોએ તેમને રાવણના ગુપ્તચર માન્યા; તેમણે તે વાત પોતાના રાજા સુગ્રીવને કરી. વિભીષણને શિબિરમાં પ્રવેશવા ન દીધા. રામને સમાચાર આપવામાં આવ્યા કે રાવણનો ભાઈ તમારાં દર્શન માટે આવ્યો છે.

રામે સુગ્રીવને પૂછ્યું: એ સમાચાર કોણ લાવ્યું છે ? આ ઘટના વિશે તું શું માને છે ? સુગ્રીવે જવાબ આપ્યો કે - 'રાક્ષસોની યોજનાઓ અને હેતુઓ સમજવા કઠિન છે, કારણ કે તેઓ મરજી મુજબ ભિન્ન-ભિન્ન સમયે વિવિધ રૂપો ધારણ કરી શકે છે; તેથી તેમને સમજવા મુશ્કેલ છે. તે શા માટે આપણી વચ્ચે આવ્યો છે તે હું જાણતો નથી. હું અનુમાન કરું છું કે તે મારી અને વાલીના પુત્ર અંગદ વચ્ચે વિરોધ પેદા કરવા આવ્યો હશે. હું માનું છું કે-તેને વિલંબ કર્યા વગર બંધનમાં રાખી બાજુએ મૂકવો એ સલાહભર્યું છે.' રામે જવાબ આપ્યો, "હે મિત્ર, તારા શબ્દો સાચા છે. રાજનીતિ અનુસાર તેં 'ભેદ પડાવવા માટે તે આવ્યો હશે' એવી વાત કરી. પણ તું મારી પ્રતિજ્ઞા સાંભળ, જે તારી સલાહથી વિરુદ્ધની હશે. મારે શરણે આવનાર બધાનું રક્ષણ કરવું એ મારું વ્રત છે; શરણે આવનાર શત્રુ હોય તો પણ તેની બાબતમાં અપવાદ કરવો એ ખોટું છે. મારે શરણે આવનારનો હું કદી ત્યાગ નહિ કરું-પછી ભલે તેમ કરવાથી લાખો બ્રાહ્મણોની હત્યાનું પાપ લાગવાનું હોય. શક્ય છે કે આપણામાં કુસંપનાં બીજ વાવવા રાવણે તેને મોકલ્યો હોય, તો પણ આપણે તેનાથી ડરવાની શી જરૂર છે ? જો તેના ભાઈથી ડરીને તે અહીં આવ્યો હોય અને જો તે મારું શરણ લે, તો હું મારા પ્રાણની પેઠે તેની રક્ષા કરીશ. એટલે

તેને જલ્દી મારી પાસે લઈ આવ. સુગ્રીવ ને આજ્ઞા પાળવા તરત જ ગયો.

હનુમાન ઝડપભેર તેની પાસે ગયા અને તેમને રામ પાસે લઇ આવ્યા. જ્યારે રામના મુખ-કમળ પર વિભિષણની દ્રષ્ટિ પડી, ત્યારે તેમને ખૂબ હર્ષાશ્રુ ઊભરાયાં. તે ભાગ્યે જ ટટ્ટાર ઉભા રહી શક્યા. રામને પગે પડીને તે મહામુશકેલીથી બોલ્યા, “સ્વામી, મને બચાવો, મને બચાવો. હું આપનો દાસ છું. હે દેવોના પ્રતિપાલક, મારો જન્મ રાક્ષસજાતિમાં થયો છે. હું રાક્ષસોના રાજા રાવણનો નાનો ભાઈ છું, મારું નામ વિભીષણ છે. મારાં અનેક પાપોનેકારણે હું રાક્ષસ જનમ્યો છું. મારા પર જડતાનું અને અજ્ઞાનનું પ્રભુત્વ છે.જેમ ઘુવડ રાત્રિ માટે ઝંખે છે, તેમ હું માત્ર અંધકારમાં જ મોજ માણું છું. તમારા પ્રેમની અને કૃપાની ઝંખના કરતા, તમારે શરણે આવેલાઓનું તમે રક્ષણ કરો છો, પાલન-પોષણ કરો છો. હું મદદ માટે બીજા કોની પાસે જાઉ?” વિભીષણે રામ પોતાને બચાવે અને પોતાનામાં વિશ્વાસ મૂકે તે માટે ખૂબ નમ્રતાપૂર્વક અને ઉત્કટતાપૂર્વક આજીજીઓ કરી, જે જોઈને રામને ખૂબ આનંદ થયો. રામે વિભીષણને પોતાની નજીક ખેંચ્યા, મૃદુતાપૂર્વક તેમને પંપાળ્યા અને ખૂબ પ્રેમપૂર્વક તેમનો બરડો થાબડયો. ખૂબ મધુરતાપૂર્વક રામ બોલ્યા, “મારા વહાલા વિભીષણ, ચિંતા ન કર. મારાં દર્શન માત્રથી તારો રાક્ષસી સ્વભાવ નાશ પામ્યો છે. તું મને લક્ષ્મણ અને સુગ્રીવ જેટલો વહાલો છે.” તે શબ્દો સાંભળીને વિભીષણનો ભય તદન ભુંસાઈ ગયો. પછી રામ બોલ્યા, “હે લંકાના રાજા, તમારા બધા અનુયાયીઓ અને સાથીદારો ક્ષેમ – કુશળ તો છે ને ? લાખો રાક્ષસોની મધ્યમાં તમે કેવી રીતે તમારા દિવસો ગાળતા હતા? તે વાતાવરણમાં તમે કેવી રીતે તમારી ભક્તિને અને ભગવાન પ્રત્યેના સમર્પણ-ભાવને જાળવી રાખી શકતા હતા ?" રામે વિભીષણની પ્રવૃત્તિઓ સંબંધી પણ પ્રશ્નો પૂછયા. છેવટે વિભીષણ બોલ્યા, “હે રઘુવંશના સ્વામી, જ્યાં સુધી હાથમાં ધનુષ-બાણ લઈને તમે હૃદયમાં પ્રવેશ કરતા નથી, ત્યાં સુધી જ કામ, ક્રોધ વગેરે દુષ્ટ આવેગો માણસને સતાવે છે. જ્યારે તમારા સ્વભાવની અને મનોહરતાની ખબર પડે કે તરત જ તે બધા દુષ્ટ આવેગો મનમાંથી ભાગી જાય છે. જ્ઞાનના પ્રકાશથી અણજાણ લોકોના અંધકારમય હૃદયને આસક્તિઓ અને દ્વેષો સતાવે છે. સ્વામી, જ્યારે હું મારી આંખો વડે તમારાં ચરણ-કમળને જોઉં છું, મારા હાથ તથા મસ્તક વડે તેમનો સ્પર્શ કરું છું, ત્યારે મને મારા સૌથી વધારે વહાલાં સ્વપ્નો ફળીભૂત થતાં લાગે છે. મારા ભયનો અને શોકનો નાશ થઈ ગયો છે, મેં જીવનમાં કોઈ દિવસ એક પણ સતકર્મ કર્યું નથી અને છતાં તમે મને આલિંગન આપ્યું. અહા, હું કેવો પરમ સદ્ભાગી !" વિભીષણની આંખોમાંથી આંસુ વહેવાં લાગ્યાં, તે આનંદનાં અને આભારવૃત્તિનાં આંસુ હતાં.

રામ વચ્ચે પડીને બોલ્યા, "વિભીષણ, તમારામાં બધા ઈચ્છનીય સદ્દગુણો છે, નહિ તો તમને આ મારાં દર્શનની, સંસ્પર્શની, મારી સાથે વાતચીત કરવાની તક મળી ન હોત.” તે સાંભળીને

વિભીષાને અપાર આનંદની સનેનાટી થઈ. વારંવાર તે રામને પગે પડયા રામે તેમને કહ્યું કે, "જાઓ, સમુદ્રના પવિત્ર જળમાં સ્નાન કરીને જલ્દી પાછા આવો." એટલે વિભીષણ સમુદ્રતટે ગયા. રામે હનુમાનને સમુદ્રમાંથી પવિત્ર જળનો એક ઘડો ભરી લાવવાનું કહ્યું. જ્યારે સ્નાન કરી આવેલા વિભીષણે રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા ત્યારે, હનુમાન વડે લવાયેલા ઘડામાંથી રામે અંજલિ જળ લીધું અને વિભીષણના મસ્તક પર તે છાંટીને રામ બોલ્યા કે: આ વિધિ વડે હું તમને લંકાના રાજા બનાવું છું.

વિભીષણ ઊભા થઈને બોલ્યા, “હે સ્વામી. મારે રાજયની શી જરૂર છે? જો હું તમારાં આ ચરણ- કમળની પાસે સ્થાન પ્રાપ્ત કરું, તો તેથી મને સંતોષ છે." પણ રામ બોલ્યા કેઃ તમે આ ફરજમાંથી છટકી જઈ શકો નહિ, વિભીષણ બોલ્યા કે તમારી આજ્ઞાને હું માથે ચઢાવું છું નમ્રતાપૂર્વક તેમણે પ્રણામાંજલિ રચી. રામને શરણે આવેલા માણસ પર રામે જે કરુણા અને કૃપા વરસાવી તે જોઈ આજબાજુ ઊભેલા વાનરો આશ્ચર્યચકિત થઈ ગયા. તેમનાં હૃદય આનંદથી ઊભરાઈ ગયાં.

રામ વાનરયૂથોના સેનાપતિને મળ્યા અને બોલ્યા, "સેનાપતિઓ આ વિભીષણને તમારી સાથે રાખો, તેમને તમારાથી જુદા ન ગણશો, પણ તેમને તમારો મિત્ર અને સાથીદાર માનજો. તે મારા પોતાના સ્વજન છે." આ પ્રેમપૂર્ણ શબ્દોથી વિભીષણને ખૂબ હિંમત પ્રાપ્ત થઈ. જલદી તે બધા સમુદ્રતટ પ્રત્યે ચાલ્યા.

• • •

# સેતુ

દરિયા તરફ જોઈને રામે પૂછયું- આપણે કેવી રીતે સમુદ્રને પાર કરીશું? ઘણા વાનરોએ ઉપાયો અને પદ્ધતિઓ સૂચવ્યાં . છેવટે વિભીષણ ઊભા થયા અને રામ પ્રત્યે બોલ્યા, "સ્વામી, સમુદ્રનો જન્મ તમારા પૂર્વજો સાગર અને તેના પુત્રો વડે થયો છે, સમુદ્ર તમારા વંશનો કુળગુરુ છે . જો તમે તેને પાર કરવાનો નિર્ણય કરો તો વાનરો સહેલાઈથી તેને પાર કરી જશે."

તે દરમિયાન રાવણે મોકલેલા ગુપ્તચરને વિભીષણે જોયો . વાનરો તેનેબંધનમાં નાંખીને પોતાના રાજા સુગ્રીવ પાસે લઈ ગયા . સુગ્રીવે હુકમ કર્યો કે - એનાં અંગ કાપી નાંખો . જ્યારે વાનરો આ હુકમનું પાલન કરવા તૈયાર થયા , ત્યારે તેણે બૂમો પાડીને ધમાલ મચાવી દીધી . દુઃખપૂર્વક તેણે બૂમ પાડી કે, "હે વાનરો, હું તમને રામના સોગંદ આપું છું કે મારાં નાક - કાન કાપી નાંખશો નહિ . ” લક્ષ્મણે તેની કરુણ ચીસ સાંભળી . તેણે કહ્યું કે, રાક્ષસને મારી પાસે લઈ આવો. તેમણે રાક્ષસ સાથે મૃદુતાપૂર્વક વાત કરી અને રાવણના દૂતને પીડા આપવા બદલ વાનરોને ઠપકો આપ્યો . તેમણે એક પત્ર લખીને તે રાક્ષસના હાથમાં મૂકયો અને કહ્યું, “આ પત્ર રાવણને આપજે અને હું જે બોલું છું તે જ શબ્દો તેને સંભળાવજે : હે, તારી પોતાની જાતિના સદ્દભાગ્યનો સંહાર કરનાર , છેવટે આજે તો તારામાં પરિવર્તન લાવ , અને રામને પગે પડ, રામ તને ક્ષમા આપશે . તારાં છળ - કપટોને ટેકો આપે તે માટે રાક્ષસજાતિનો વિનાશ ન કર. તે સિવાય મોતથી બચવાનો તારે માટે બીજો કોઈ ઉપાય નથી.” એવી કઠોર અને વજનદાર ચેતવણીઓ સાથે દૂતને તેના સ્વામી પાસે પાછો મોકલવામાં આવ્યો. પોતે જીવતો છટકી ગયો તેથી તે રાક્ષસ ખૂબ આનંદ પામ્યો. તેણે શ્રીરામચંદ્રની જય બોલાવી અને જતાં પહેલાં તે રામને પગે પડયો .

રાવણના સભાગૃહમાં, તેણે બનેલી બધી ઘટનાઓ વર્ણવી અને ખૂબ આનંદપૂર્વક રામની ભવ્ય મોહકતાનું વર્ણન કર્યું, તેણે લક્ષ્મણે આપેલો પત્ર રાવણને આપ્યો. રાવણે તેને પોતાના ભાઈ વિભીષણ વિશે પૂછયું. રાવણ બરડી ઊઠયો, “ વિભીષણને ધિક્કાર છે ! તેના દિવસો ભરાઈ ચૂકયા છે. થોડા જ સમયમાં મૃત્યુ તેને ભરખી જશે. આ અનાજના ભંડારમાં ઉછરેલી તે એક જીવાત છે. લંકા છોડીને તે મારા શત્રુના શિબિરમાં જોડાયો છે. તે મરશે ત્યાં સુધી દુર્ભાગ્ય તેનો પીછો કરશે." પછી તેણે પેલા દૂતને પૂછયું, "આ બહાનું કાઢીને તું એમના શિબિરમાં ગયો હતો. તેં આપણા લશ્કરી બળ વિશે અને વજ્ર જેવા અડગ નિશ્ચય વિશે તેમને વાત ન કરી? તેમની શક્તિ ઓ તથા લશકરી સાધન - સામગ્રી વિશે મને કહે. પ્રણામાંજલિ રચીને સિંહાસન આગળ ઊભો રહ્યો અને બોલ્યો, “સ્વામી, હું પ્રાર્થના કરું છું કે તમે કૃપા કરીને મારી બધી વાત ક્ષમાપૂર્વક ધ્યાનથી સાંભળજો. જે ક્ષણે તમારા

ભાઈ વિભીષણે રામ સાથેની મૈત્રીને મ્હોર મારી તે જ ક્ષણે રામે તેને લંકાનો રાજા બનાવી દીધો , તેના પર જળનો અભિષેક કર્યો . તમારો દૂત બનીને હું તેમના શિબિરમાં ગયો હતો તે જાણીને વાનરોએ મને પકડ્યો અને અનેક પ્રકારનાં દુઃખો આપ્યાં . મેં રામના સોગંદ ખાઈ મને બચાવવા માટે તેમને પ્રાર્થના કરી , એટલે તેમણે , નાક - કાન કાપી નાંખ્યા સિવાય , મને અહીં પાછો આવવા દીધો . મારી પાસે હજાર જીભો હોત , તો પણ હું તે વાનર - સૈન્યોના બળનું વર્ણન કરી શકત નહિ . તેઓ વીર યોદ્ધાઓની કેવી પરંપરા છે ! ઘણા રંગોવાળા , ભિન્ન - ભિન્ન ઉમ્મરના અને કક્ષાના , રાક્ષસી કદવાળા અને બળવાળા વાનરો રામની સેનામાં છે. તેમને જોતાં જ માણસ ભયથી કંપવા લાગે છે. અરે , તેમનું ચિત્ર મન સમક્ષ ખડું કરવું અથવા તેમને વિશે વિચાર કરવો એ પણ એક ભયજનક અનુભૂતિ છે. તમારા પુત્રને મારી નાંખનાર અને આ નગરીને બાળીને ભસ્મ કરી નાંખનાર, તે એક જ વાનરના બળની કલ્પના કરો . તેનું કારણ એક જ છે કે તે બધા વાનરો રામના પોતાના અજબ બળના પ્રતિબિંબો અને પ્રતિધ્વનિઓ છે . તેમનું નાનામાં નાનું વાનર બચ્ચું પણ તે કારણે એક ભયાનક રાક્ષસ જેવું બની જાય છે . અનેક ભિન્ન - ભિન્ન નામોવાળા વાનર - યોદ્ધાઓ છે , દરેકમાં અનેક હાથીઓ જેટલું બળ છે . દ્વિવિદ, મૈન્દ, નીલ, નલ, અંગદ, વિકટ, દધિમુખ, કેસરી, કુમુદ, દજ, ગવાક્ષ અને જાંબુવાન આ સેનાપતિઓ છે . તેમાંના દરેક જણમાં પોતાના રાજા સુગ્રીવ જેટલું બળ અને લશ્કરી કૌશલ્ય છે; તેવા તો તેમની સેનામાં લાખો વાનરો છે, જેમનામાં તેટલું જ બળ છે. તેમની સંખ્યા ગણી શકાય તેમ નથી. તેમનો ક્રોધ અને ભીષણતા એવાં છે કે તે પૃથ્વીનો, સ્વર્ગનો , અને પાતાળોનો જાણે તે ઢગલા હોય તેમ વિનાશ કરી શકે તેમ છે. હે સ્વામી, મેં સાંભળ્યું છે , કે તેમની સંખ્યા ૧૮ પદ્મ છે . દરેક પદ્મને માથે એક વીર સેનાપતિ છે. હે સમ્રાટ, મેં એક પણ એવો વાનર ન જોયો કે જેને પોતાના વિજય બાબતે શંકા હોય , પછી ભલે તે અદનામાં અદનો સેવક વાનર હોય કે ઉચ્ચમાં ઉચ્ચ સેનાપતિ હોય. તેમનામાંના કોઈને આગેકૂચ કરતી વખતે જ્ઞાનતંતુઓ ઢીલા પડી જાય એવું બનતું નથી . તે બધા આ નગરીને પીસી નાંખવા માટે પોતાના સ્નાયુઓને કડક બનાવતા હોય છે . તેઓ માત્ર રામની રજાના સંકેતની રાહ જુએ છે, હજી સુધી રામે તેમને આગેકૂચ માટે રજા આપી નથી.

સમુદ્ર તાબે થઈને તેમને પાર જવા માટે માર્ગ આપે કે ન આપે, પણ તેમણે શિલાનો સેતુ બાંધવાનો અને તે સાહસમાં સફળ થવાનો નિશ્ચય કર્યો છે. તેઓ દાંત કચકચાવીને બડાશ મારે છે કે અમે રાવણને છૂંદી નાખીને તેનો એક મૂઠીભર લોંદો બનાવી દઈશું . તેમની આનંદપૂર્ણ ગર્જના અને તેમના પડકારનો અવાજ સાંભળીને દરેક જણ ભયભીત બની જાય છે. રાવણનું નામ સાંભળીને તેઓ એટલા બધા ગુસ્સે થઈ જાય છે કે તેઓ મોટાં મોટાં વૃક્ષોને ઉખાડી નાંખીને , દ્વેષના ક્રોધપૂર્ણ

પ્રદર્શનમાં, તેમને ચારેય બાજુએ ધુમાવે છે . આ નગરીનો વિનાશ કરવાની આતુરતામાં તેઓ આમતેમ ડોલે છે, ઉભરાઈ જાય છે , બૂમબરાડા પાડે છે . તેમની સેનામાં તેટલાં જ બળવાન ઋક્ષો (રીંછ) પણ છે. તે બધા કરતાં વધારે મહત્વની વાત તો એ છે કે રામ તેમના નેતા છે , જેમનામાં લાખો યમરાજોને અભિભૂત કરવાની શક્તિ છે. શેષનાગને હજાર જીભો છે; તેવા લાખો શેષનાગો એકત્રિત થઈને રામની વીરતાનું અને લશ્કરી કૌશલનું વર્ણન કરવા માંડે , તો પણ તેઓ પોતાના વિષયને પૂરો ન્યાય આપી શકે નહિ . પોતાના ધનુષમાંથી એક બાણ છોડીને તે સમુદ્રને પણ સૂકવી નાંખી શકે તેમ છે . ”

ગુપ્તચર જે બાતમી લઈ આવ્યો હતો તે સાંભળીને રાવણે અટ્ટહાસ્ય કર્યું અને તે બોલ્યો , “ તને ધિક્કાર છે ! આસપાસ વીંટળાઈ વળેલા વાનરોના તથા પેલા બાયલા વિભીષણના બબડાટને સાંભળીને તું તે મુર્ખની આટલી બધી પ્રશંસા કરે છે. માત્ર વાનરોનાં બળને તથા વીરતાને વર્ણવવાં એ નરી મૂર્ખાઈ છે . બસ , બહુ થયું , રહેવા દે , વાનરો કદી આટલા બળવાન હોય ? મેં ઘણા સમય પહેલા આ સુગ્રીવનાં શક્તિ તથા બળ વિશે બહુ સાંભળ્યું છે. રામનો મંત્રી બનેલો , આ બાયલો વિભીષણ શું કરી શકવાનો હતો? શું તે રામની મદદમાં કશી ધન સંપત્તિ , વિજય કે સાધન - સામગ્રી આપી શકેવાનો હતો?

રાવણ જે બુદ્ધિના અભાવનું પ્રદર્શન કરી રહ્યો હતો તેથી દુઃખી બનેલો ગુપ્તચર મનમાં વિલાપ કરવા લાગ્યો. તે પ્રણામાંજલિ રચીને મૌન ઉભો રહ્યો. પછી રાવણે પત્રનું જે પરબિડીયું આવ્યું હતું તે ફાડ્યું. પત્ર વાંચ્યા પછી તેણે તે પત્ર પોતાના સચિવને આપ્યો. તે બોલ્યો, "તું તિત્તિર પક્ષી જેવો છે, જે પોતાનાં બચ્ચાં પર આકાશ તૂટી પડશે એવો ભય રાખે છે ! તે બિચારું પંખી પોતાનાં બચ્ચાંને બચાવવા માટે તેમના પર પોતાના મસ્તકનું છત્ર રચે છે ! શું આકાશ કદી તૂટી પડીને બચ્ચાંને મારી નાંખી શકે ખરું ? શું આ તાપસો, ક્રિયાકાંડ જેમના પર સવાર થઈ બેઠું છે તે પુરોહિતો, જે મને બિવરાવવા પ્રયત્ન કરે છે તેઓ કદી સફળ થઈ શકે ખરા?” ગુપ્તચર શુક થોડા સમય સુધી રાવણના બડાશભરેલા અભિનયોને જોઈ રહ્યો . પછી તે બોલ્યો, “સ્વામી , જે મેં હમણાં કહ્યું તે નર્યું સત્ય છે. તે પત્રમાં જે લખ્યું છે, તે બરાબર કાળજીપૂર્વક વાંચો અને પછી ક્રોધ વગર કે અભિમાન રાખ્યા વગર કાર્ય કરો . સાંભળો, તમે વિકસાવેલી વૈર - વૃત્તિનો ત્યાગ કરો. રામનું હૃદય બહુ કોમળ છે . તે કરુણાળુ છે . તે ત્રિભુવનના સ્વામી છે . જો તમે તેમની પાસે જશો, તો તે તમને રક્ષણ આપશે . તમને કશી ઈજા નહિ થવા દે. તે તમારા બધા અપરાધો માફ કરશે . સીતા તેમને સોંપી દો, મારી પ્રાર્થના પર ધ્યાન આપો."દૂતે આજીજીપૂર્વક રાવણને કહ્યું કે , તમારી

જાતને વિનાશમાંથી ઉગારી લો.

જ્યારે શુક આજીજી કરી રહ્યો હતો , ત્યારે રાવણની આંખો ક્રોધથી અને શરમથી લાલચોળ બની ગઈ. તે વિરોધમાં  ગર્જી ઊઠ્યો, શું તું મને અપરાધી માને છે ? હે મૂર્ખ, મેં તને તે વનમાં બબડતા બાળકને ચરણે તારી જાતને સમર્પિત કરવા મોકલ્યો હતો? આના કરતાં વધારે દુષ્ટતા અને ઉદ્ધતાઈ બીજી શી હોઈ શકે? સિંહાસન પરથી ઉતરીને રાવણે તે દૂતને લાત મારીને સભાગૃહમાંથી બહાર કાઢી મૂક્યો. શુક-રાક્ષસે રામના શિબિરમાં દોડી જઇને ત્યાં આશ્રય મેળવ્યો; પણ તેને ફરી આવેલો જોઈને વાનરોને વેર લેવાનું મન થયું, પરંતુ સુગ્રીવ શુકને રામ પાસે લઈ ગયો. શુકે રામને સાષ્ટાંગ  પ્રણીપાત  કરીને વિગતવાર પોતાની કથા અને પોતાનું ભાવિ કહી સંભળાવ્યાં. તેણે પ્રાર્થના કરી કે આપે જેમ વિભીષણનો સ્વીકાર કર્યો છે, તેમ મારો પણ સ્વીકાર કરો. તમે મારી રક્ષા કરો. કરુણામૂર્તિ રામે વાનરોના નેતાઓને પોતાની પાસે બોલાવ્યા અને તેમને કહ્યું કે તમારા આ નવા ભાઈ શુકનું તમે સ્વાગત કરો . શુક આભારવૃત્તિ વડે અભિભૂત થઈ ગયો અને બોલ્યોઃ કે મારાં જીવને લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે.

પછી રામે લક્ષ્મણને કહ્યું કે , મારાં ધનુષબાણ લઈ આવ. તે ધનુષબાણ લઈ આવ્યા પછી રામે તેમને કહ્યું કે, “ઉદ્ધત લોકો ભલમનશાહી માટે યોગ્ય નથી. તોફાની ક્રૂરતાવાળા મૃદુતા  માટે લાયક નથી. કંજૂસ સ્વભાવવાળા લોકો નીતિબોધ માટે લાયક નથી . અહંકારી લોકો શિખામણ માટે લાયક નથી . લોભી લોકો ત્યાગ પર ભાર મૂકવાથી કશો લાભ ઉઠાવી શકતા નથી. ક્રોધી લોકો શાંતિની સલાહને યોગ્ય નથી . કામાંધ લોકો શાસ્ત્ર - શ્રવણ માટે યોગ્ય નથી . ” એમ કહીને રામે પોતાના ધનુષ પર બાણ સાધ્યું . તે જોઈને લક્ષ્મણને ભય થયો કે હવે સમુદ્રનું આવી બન્યું . બાણ છોડવાની રામે તૈયારી કરી . એટલામાં તો સમુદ્ર ગરમ બની ગયો , તેમાંનાં જળચર પ્રાણીઓને ખૂબ પીડા થવા લાગી . ભયભીત બન્યાં હોય તેમ મોજાં ચીસો પાડવા લાગ્યાં.દરેક મોજું વારાફરતી ગબડતું ગબડતું જ્યાં રામ ઊભા હતા તે જગ્યાએ આવી મૃદતાપૂર્વક તેમનો ચરણ - સ્પર્શ કરવા લાગ્યું , જાણે કે રામને દયા માટે પ્રાર્થના કરતું હોય . તે સમયે આકાશવાણી થઈ , “સવામી, તમારા શિબિરમાં નલ અને નીલ નામના બે સેનાપતિઓ છે . તેમને એક મુનિએ શાપ આપ્યો હતો. અત્યારે તે શાપનો ઉપયોગ આશીર્વાદની પેઠે કરી શકાય તેમ છે. તે કથા સાંભળો .” સમુદ્રે પોતે રામને આ ભીષણ ઘટનાની વિગતો વર્ણવી સંભળાવી .

"એક નદીના તટ પર ઘણા તાપસો ઝૂંપડીઓમાં રહેતા હતા . જયારે તે બે જણ , નલ અને નીલ નાના હતા ત્યારે તેમણે તે આશ્રમમાં પ્રવેશ કર્યો. મુનિઓ ધ્યાન નિમગ્ન હતા. તેઓ

શાલિગ્રામની પૂજા કરતા હતા . નલ અને નીલ શાલિગ્રામને લઈને નદીના જળમાં નાખી દેતા હતા. આ અધર્મ - કૃત્યથી મુનિઓ ગુસ્સે થયા . તેમણે તે બે જણને બે શ્રાપ આપ્યો કે: તે છોકરાઓ , તમે જે વસ્તુઓને પાણીમાં નાખશો તે કદી ડૂબશે નહીં , પણ તરશે . તે તમે જ્યાં નાખી હશે ત્યાં જ રહેશે , પછી ભલે નદીમાં પૂર આવ્યું હોય . એટલે તે બે જણ જે શિલા સમુદ્રમાં નાંખશે તે તે જ સ્થાને તરશે , દરેક શિલા ઉપર તમારું નામ કોતરાવજો. તમારું નામ હલકું છે, જરા પણ ભારે નહિ. આમ મોટા પર્વત શિખરો પણ તરશે અને તે રીતે સેતુ બંધાશે. હું પણ મારો સહાયક ફાળો આપીશ, કારણ કે જ્યારે ખોજ સત્ય માટેની હોય છે ત્યારે સમગ્ર પ્રકૃતિએ આ ખોજ કરવાની સેવા કરવી જોઈએ." રામે બાણ છોડવાનો વિચાર માંડી વાળ્યો, પણ તેમનું સાધેલું બાણ કદી ખાલી જાય નહીં, એટલે તેમણે તે બાણ દૂરના જંગલમાં છોડ્યું, જેને પરિણામે તે વન એક વેરાન રણ બની ગયું .

રામે પોતાના મંત્રીઓને એકઠા કરીને તેમને સમુદ્ર પર સેતુ બાંધવાની આજ્ઞા આપી. હનુમાન બોલ્યા , "સ્વામી, તમારું નામ એવો સેતુ છે કે માણસને બીજો સલામત ક્યો સેતુ હોઈ શકે ? " વૃદ્ધ સેનાપતિ જાંબુવાન બોલ્યો, "સ્વામી આપનું બળતા દાવાગ્નિ સમાન પરાક્રમ આ જળ - રાશિને સૂકવી નાંખી શકે છે . રાવણ અને તેની સેનાની સાથે થનારા યુદ્ધમાં લંકાની જે સ્ત્રીઓ વિધવા બનશે , તેમનાં આંસુથી જરૂર તે ફરી પાછી ભરાઈ જશે."

આ ભકતોની સાચા દિલની સરળ વફાદારી અને વીરતા પ્રત્યે રામે સ્મિત કર્યું. જાંબુવાને નલને અને નીલને , સમુદ્રે પોતે અદ્રશ્ય રહીને આપેલી ખાતરી યાદ કરાવી કે તેમને નાનપણમાં જે શ્રાપ મળ્યો હતો તેનો હવે મારી રીતે ઉપયોગ કરી શકાશે . તેમણે તે બંનેને કહ્યું કે , રામને તમારા હૃદયમાં સ્થાપો અને સમુદ્રમાં ટેકરીઓ , નાની ટેકરીઓ , પર્વતો અને શિલાઓ નાખો. તે સાંભળીને વાનર જૂથો બધી દિશામાં દોડ્યા અને પોતાનાં મસ્તકો પર અને ખભા પર આખી ટેકરીઓને લઈ આવ્યા , જાણે તે રમવાના દડા જેટલી હલકી ન હોય . બધા વાનરો એક લાંબી પંકિતમાં ઊભા રહ્યા અને એક ખભા પરથી બીજા ખભા પર ટેકરીઓને આગળ પસાર કરવા લાગ્યા . તે સમયે તેઓ બધી વખત રામના નામને જપી રહ્યા હતા . અવારનવાર તેઓ મોટા વૃક્ષોને પણ જળમૂળથી ઉખેડી લાવતા અને જ્યાં નલ અને નીલ સાધન - સામગ્રીને સમુદ્ર - જળમાં નાંખતા હતા ત્યાં તેમને એકથી બીજા પ્રત્યે પસાર કરતા .

તે આખો દિવસ તેમણે ખાધા પીધાં વગર કામ કર્યું . એક દિવસમાં તેમણે ૧૪ યોજન લંબાઈ ચણી દીધી . રાતે તેઓ ખૂબ નિદ્રા લઈ તાજા બન્યા. બીજે દિવસે પ્રભાતકાળ પહેલાં બ્રાહ્મ - મુહૂર્તમાં તેઓ ઊઠી ગયા અને પોતાનું કામ તેમણે શરૂ કર્યું . તેઓ આનંદપૂર્વક 'અમારા સ્વામી

રામચંદ્રની જય ' એમ બોલીને પછી ટેકરીઓની અને પર્વતોની શોધમાં તે પ્રદેશના વિવિધ ખૂણાઓમાં ત્વરાપૂર્વક ચાલી નીકળ્યા , તેમણે તે લાવીને સમુદ્ર કિનારે ઢગલો કર્યો, જેથી નલ અને નીલ તેમને ઉપયોગમાં લઈ શકે .

બીજે દિવસે બીજા ૨૦ યોજનની લંબાઈ ચણાઈ ગઈ. ત્રીજે દિવસે તેમણે આગળની ૨૧ યોજનની લંબાઈ ચણી દીધી. ચોથે દિવસે વધુ ૨૨ યોજનની લંબાઈ ચણાઈ ગઈ. પાંચમે દિવસે તેમણે આગળની ૨૩ યોજન લંબાઈ ચણી દીધી . આમ ઉત્સાહપૂર્વક તેમણે 100 યોજન લાંબો પુલ તૈયાર કરી દીધો.

નલ અને નીલ થાકની પરવા કરતાં નહિ,આરામ લેતા નહિ. ઈચ્છા તો માત્ર રામે સોંપેલા કામને પૂર્ણ કરવાની હતી. અને એમ રામ સમક્ષ જાહેર કરવા શક્તિમાન બન્યા કે પુલ તૈયાર થઈ ગયો છે, કારણ કે તેને પૂરો કરવામાં પરિશ્રમ કરનાર વાનરો સમક્ષ તમારાં નામ રૂપ સદા હાજર રહેતાં.

સુગ્રીવ દ્વારા રામને ખબર આપવામાં આવી કે તમે જેને માટે નિશ્ચય કર્યો હતો, તે પુલ ઉપયોગો માટે તૈયાર થઈ ગયો છે. સોંપેલા કામને આટલી ઝડપથી અને સારી રીતે પૂરું કરનાર વાનરોની ભક્તિથી અને ફરજની ભાવનાથી રામ અને લક્ષ્મણ રાજી થયા. વાનરોના રાજા સુગ્રીવ દ્વારા રામે વાનરોની લાંબી પંકિતને આજ્ઞા કરી કે દરેક જણે પોતે લાવેલી ટેકરીને પોતે ઉભો હોય તે જ સ્થળે મૂકવી અને થાણા પ્રત્યે પાછા જતાં થોડોક આરામ કરવો. સુગ્રીવે તે આજ્ઞા વાનરોને સંભળાવી , જેઓ એક ખભા પરથી બીજાના ખભા ઉપર પુલ માટે શિલાઓ અને શિખરો પસાર કરવાના કામમાં ગૂંથાયેલા હતા. તે વખતે હનુમાન ઉત્તર દિશામાંથી, ખૂબ દૂરથી એક મોટી ટેકરી લઇ આવતા હતા. જ્યારે તેમણે તેને ત્યાં મૂકી દેવા માટેની રામની આજ્ઞા સાંભળી , ત્યારે તેમણે તેને ત્યાં જ મૂકી દીધી . તે વૃંદાવન પાસેનું સ્થાન હતું . નીચે ફેંકાયેલા શિખરમાંથી એક મોટી વિલાપની ચીસ સાંભળીને તે આશ્ચર્ય પામ્યા . ચીસ એ હતી કે - ખેદની વાત છે કે મને રામની સેવા કરવાની તક ન મળી . તે ટેકરી આશ્વાસન સ્વીકારતી ન હતી. હનુમાને તે હકીકત રામના ધ્યાન પર આણી. ટેકરીની કદર કરતાં રામે સ્મિત કર્યું. તે બોલ્યા કે: આહ, પર્વતો પણ આ કામમાં ભાગ લેવા ઝંખે છે! તેમનો ઉત્સાહ જોઇને રામે આનંદ વ્યક્ત કર્યો. તેમણે હનુમાનને કહ્યું, "તરત જા, તે ટેકરીને આશ્વાસન આપ. તેને કહે કે દિલગીર ન થઈશ. આગામી દ્વાપરયુગમાં હું તે ટેકરીને મારી હથેળીમાં ઉંચે સાત દિવસ રાત્રિઓ સુધી ધારણ કરીશ. તે સાંભળીને તે શિખર રાજી થઇ જશે." તે ખાતરીએ તેને ગોવર્ધન પર્વત બનાવ્યો, જેને ભગવાને પોતે આપેલા વચન મુજબ ઊંચકી રાખ્યો હતો.

પાંચમે દિવસે રામ સમુદ્રતટ પર બેઠા. પુલ જોઈ ને તે રાજી થયા. તે બોલ્યા, "હે વાનરો, તમારી ભક્તિ અને કાર્યકુશળતા અવર્ણનીય છે. તમારા સમર્પણ ભાવથી તમે મારું હૃદય જીતી લીધું છે." તે વખતે વિભીષણ તેમની પાસે આવીને બોલ્યા , “સ્વામી , આપણે આવતી કાલે લંકામાં પ્રવેશ કરવાનો છે . એટલે મારે આપને એક પ્રાર્થના કરવાની છે. ” રામે જવાબ આપ્યો કે શી પ્રાર્થના તમારે કરવાની છે તે મને કહો . વિભીષણ બોલ્યા , “ રાવણ શિવનો ભકત છે. ભગવાનની તે મૂર્તિ પ્રત્યે તેને ખૂબ આસક્તિ છે . છતાં પણ મને ખાતરી છે કે તે તમારે હાથે મરશે . મારી પ્રાર્થના છે કે તેની શિવભક્તિની સ્મૃતિમાં તમે લંકામાં પ્રવેશ કરતાં પહેલાં અહીં એક શિવલિંગની સ્થાપના કરો, જેથી આ માર્ગે લંકામાં પ્રવેશનાર લોકો, ભાવી સદીઓમાં તે શિવલિંગની પૂજા કરે અને આ ઘટનાઓને યાદ કરે. તેવો અનુભવ પ્રાપ્ત કરનાર સાચે જ નસીબદાર બનશે . લોકો તે લિંગની સ્તુતિ, રામ - લિંગેશ્વર નામથી કરશે . ( રામ વડે સ્થપાયેલું શિવલિંગ ) . સેતુ ભાંગીને તૂટી પડશે , ત્યારે પણ આ શિવલિંગની પૂજા કરનાર લોકો આ સ્થાનને ઓળખી લેશે.” રામ તે સૂચનથી ખૂબ રાજી થયા . તે બોલ્યા , “ હું તમારી ઈચ્છા પૂર્ણ કરીશ. તમે લંકાના ભાવી રાજા છો , તમારી ઈચ્છા પરિપૂર્ણ કરવા હું તૈયાર છું , ભલે તેમાં ગમે તેટલો ભોગ આપવો પડે .” તે સાંભળીને સુગ્રીવે વાનરોને શિવલિંગની સ્થાપના માટે જરૂરી સામગ્રી પ્રાપ્ત કરવાની આજ્ઞા કરી . હનુમાનને મોકલીને સુગ્રીવે એક પ્રભાવશાળી લિંગ મેળવ્યું . સમુદ્રના જળથી રામે લિંગનો વિધિપૂર્વક અભિષેક કર્યો અને તેમાં આવાહન કરીને શકિત અને કૃપાને સ્થાપિત કર્યા. રામના શબ્દોમાં મંત્રશક્તિ હતી , એટલે લિંગને પાવન બનાવવા માટે બીજા કશાની જરૂર ન હતી . વાનરો સ્તુતિ ભણ્યા અને તેમનો આનંદપૂર્ણ અવાજ આકાશમાં પ્રતિધ્વનિત થયો. આસપાસ ઊભેલા વાનર જૂથોએ ‘જય જયનો ’ ધ્વનિ કર્યો . લક્ષ્મણે અને સુગ્રીવે રામને લિંગ યથાસ્થાને પ્રતિષ્ઠિત કરવામાં અને અભિષેકવિધિ પૂર્ણ કરવામાં મદદ કરી .

પછી નિયમિત પંક્તિ રચીને , મનમાં રામની મૂર્તિ રાખીને અને જીભ પર રામનું નામ બોલતા બોલતા વાનરો સેતુ પર આગળ ચાલ્યા. તે દ્રશ્ય અવર્ણનીય અને અદ્દભુત હતું . રામ અને લક્ષ્મણ સેતુ પર ઊભા અને બંને બાજુએ ઊછળતા સાગરને જોવા લાગ્યા . દયાના સાગર રામની હાજરીએ નીચે સમુદ્રનાં તત્વોને જાગૃત કર્યા . રામનાં દર્શન પ્રાપ્ત કરવા મોજાં ઊછળ્યાં . સમુદ્રમાં વસનાર , જળચર પ્રાણીઓ જળ બહાર ડોકું કાઢી જોવા લાગ્યાં, રામનાં દર્શનથી ઉત્પન્ન થયેલા આનંદમાં તે નાચવા કુદવા લાગ્યાં. પોતાની પ્રકૃતિનો ત્યાગ કરીને તેઓ લાંબો સમય સુધી ક્ષુધાપૂર્વક રામના દિવ્ય રૂપને તાકી તાકીને જોવા લાગ્યાં . સેતુના લંકા તરફના છેડે વાનરોએ એક શિબિર તૈયાર કરી દીધો હતો . એટલે જ્યારે વાનર સેનાની આગલી હરોળ ઊંચાઈઓ પર પહોંચી , ત્યારે લંકા -

દ્વીપમાં બધે તે સમાચાર ફેલાઈ ગયા.થોડા જ સમયમાં ધીમી ગતિએ ચાલતા રામ, લક્ષ્મણ, સુગ્રીવ અને વિભીષણ પણ લંકાના દુર્ગના મુખ્ય દરવાજે પહોંચ્યા . રામની આજ્ઞા મુજબ વાનરો આખાં વૃક્ષો ઉપાડી લાવ્યા અને હર્ષપૂર્વક નાચતા નાચતા તેમણે ફળો ખાધાં અને દુર્ગની દીવાલ પરથી ડાળી ડાળખાં નગરીમાં જ નાખ્યાં . તેમણે મોટી શિલાઓ ઊંચકીને દીવાલ પરથી અંદર માર્ગોમાં ફેંકી . દુર્ગની બહાર એકલા ફરતા રાક્ષસોને તેમણે શોધી કાઢ્યા . વાનરો તેમને ચીઢવવા લાગ્યા , દુઃખ આપવા લાગ્યા , તેમનું ગળું મચડીને મારી નાખવાની ધમકી આપવા લાગ્યા . વાનરોની તેવી મસ્તીને અને તોફાનોને રોકી શકયાં નહીં.

થોડા જ સમયમાં રાવણને સમાચાર મળ્યા કે શત્રુ દરવાજા આગળ આવી પહોંચ્યો હતો. રાવણને દશ ગળાં હતાં . પણ બીજાઓ સાથે વાત કરવામાં તે એક જ ગળાનો ઉપયોગ કરતો હતો . પણ અત્યારે તેણે ક્રોધ અને દ્વેષ સહિત દશેય ગળાં વડે ગર્જના કરી . દશ ગળાં વડે બોલવું એ એક અપશુકન છે તે તેને યાદ ન રહ્યું . ઘણા સમય પહેલાં તેને શાપ મળ્યો હતો , કે જ્યારે તું દશેય ગળાં વડે બોલીશ ત્યારે તારું મૃત્યુ નજીક હશે . ગર્જના કર્યા પછી થોડી જ ક્ષણોમાં તેને શ્રાપ યાદ આવ્યો અને તે હકીકતથી તે ભયભીત બની ગયો. તે બીજાં ગળાંને કાબૂમાં રાખવા ગમે તેટલાપ્રયત્ન કરતો, પણ તેનાથી દશેય ગળાં વડે બોલાઈ જતું . આ વિચિત્ર ઘટનાને જેમણે જોઈ તે રાક્ષસોએ કર્યું કે રાવણનું મૃત્યુ પાસે આવ્યું છે, કારણ કે વાનર સેના સાથે રામે અને લક્ષ્મણે લંકામાં પ્રવેશ કર્યો હતો. તેઓ પોતાની પત્નીઓ અને બાળકો સાથે બેસીને વિલાપ કરવા લાગ્યા કે આજકાલમાં અમારું મૃત્યુ થશે. જે થોડો સમય તેમને માટે બાકી રહ્યો હતો તેનો ઉપયોગ મોજમજા કરવામાં ગાળવાનો તેમણે નિશ્ચય કર્યો. કહેવત છે કે જ્યારે વિપત્તિ આવવાની હોય છે, ત્યારે વિવેક જતો રહે છે. રાવણને ખબર પડી ગઈ હતી કે શ્રાપ સાચો પડવા લાગ્યો છે, છતાં પણ તેણે તે ચેતવણીને ગણકારી નહીં ; તેણે માન્યું કે મને કશું થવાનું નથી. તે રાણીવાસમાં ગયો, કારણ કે તેને ભય હતો કે પોતાનું પડી ગયેલું મુખ જોઈને મંત્રીઓને લાગશે કે શ્રાપના ભાનથી હું વ્યગ્ર બની ગયો છું. રાવણ ચિંતામાં અને ભયમાં ડૂબી ગયો, "તેમણે મારી બહેનનાં નાક કાન કાપી નાખ્યાં હતાં, તેમ શું તેઓ મારાં દશ મસ્તકોનાં નાક- કાન કાપી નાખશે કે પછી તે મારાં મસ્તકો જ કાપી નાખશે?" એવો ભય તેને સતાવી રહ્યો હતો.

તે મંદોદરી રાણીને તેના ખંડમાં મળ્યો. રાણીએ જોયું કે રાવણ ઉદાસ હતો. તેમણે રાવણને ડહાપણભરેલી સલાહ આપવાનો નિર્ણય કર્યો. તેમણે રાવણના હાથને પોતાના હાથમાં પકડયો અને તે મૃદુ અને મધુર સ્વરમાં બોલ્યાં, “સ્વામી મહેરબાની કરીને મારી વાત સાંભળો. તમારા ક્રોધનો ત્યાગ કરો. મારા શબ્દોને ધ્યાનમાં લો, તેમના પર દરકારપૂર્વક વિચાર કરો. જેમને આપણે પૂજ્યભાવ અને ભક્તિ વડે જીતી શકીએ તેમ છીએ, તેમને આપણે દ્વેષ અને વિરોધ વડે જીતવાની

યોજના ન ઘડવી જોઈએ. તેવા સંજોગોમાં આપણે કુશળ તર્કબુદ્ધિનો આશ્રય લેવાનો છે. આવા પવિત્ર માણસોનો વિરોધ કરવાથી આપણું કલ્યાણ નહિ થાય. રામ સાથેના યુદ્ધમાં તમે વિજય પ્રાપ્ત કરી શકશો નહિ . આગિયો સૂર્યને ન હરાવી શકે . મારી વાતને માનો . છેવટે આ ક્ષણે તો સીતાને રામ પાસે લઈ જાઓ , તેમને સોંપતી વખત રામને સાષ્ટાંગ પ્રણિપાત કરો અને ક્ષમા માગો; તમારા જીવનનો , લંકાનો તથા બાળકો અને સ્ત્રીઓનાં જીવનનો વિનાશ ન કરો. તમારી ભકિત અને સમર્પણ માટે ખૂબ કીર્તિ તમને પ્રાપ્ત થઈ છે . યુદ્ધ કરવાના નિર્ણયને ચીટકી રહેવું એ તેની સાથે સુસંગત નથી . જો તમે તમારા આ ભયંકર નિશ્ચયને ચીટકી રહેશો તો , તમે અત્યાર સુધી જેમની ભક્તિ કરીને જેમને પ્રસન્ન કર્યા છે , તે શિવ પણ તમારો ત્યાગ કરશે . માત્ર સત્કર્મો જ ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે . ભગવાન આવાં ભયંકર પાપોનો સારો બદલો કેવી રીતે આપી શકે?"

લાંબા સમય સુધી મંદોદરીએ રાવણની રીત - રસમો સુધારવા માટે અને વિનાશમાંથી તેને ઉગારી લેવા માટે પ્રયત્ન કર્યો . તે બોલ્યાં , " સ્વામી , તમે મને પ્રાણ- સમાન વહાલા છે . ધ્યાનપૂર્વક સાંભળો . રામ કોઈ સામાન્ય રાજકુમાર નથી. તે મધુ અને કૈટભને મારનાર વિષ્ણુના અવતાર છે. હિરણ્યાક્ષને અને હિરણ્યકશિપુને પણ તેમણે જ માર્યા હતા. બલિરાજાના મસ્તક પર તેમણે જ પગ મૂક્યો હતો . હજાર હાથવાળા કાર્તવીર્ય અર્જુનના અભિમાનનો તેમણે વિનાશ કર્યો હતો . તો પછી તમે તમારા માત્ર વીસ હાથનો ગર્વ શા માટે રાખો છો ? સમગ્ર જગત તેમને પૂજે છે . તેમનું રૂપ બહુ કલ્યાણકારી છે. ઘણાં વખત પહેલાં તમે જ મને કહ્યું હતું કે પૃથ્વી પરનો ક્રૂરતાનો અને અધર્મનો ભાગ ઉતારવા ભગવાન રામ રૂપે અવતરશે, એમ બ્રહ્માએ તમને કહ્યું હતું . શું તે તમે ભૂલી ગયા છો ? આ બધું જાણવા છતાં , તમે આ માર્ગનો ત્યાગ કરીને સત્યને શા માટે સ્વીકારતા નથી? સતી શિરોમણી, સદ્દગુણીઓમાં શ્રેષ્ઠ , અદ્વિતીય સૌન્દર્યની મૂર્તિ સીતા , રામને પાછાં સોંપી દો . પછી આપણે આપણા પુત્રને ગાદી પર બેસાડીશું અને શાંતિમાં તથા ખૂબ આનંદમાં આપણે આવા દિવસો દિવસો રામની હાજરીમાં ગાળીશું. આહ, તમારો ભાઈ કેટલો નસીબદાર છે! તે રામની કૃપાની શીતળ છાયામાં વિચરે છે. હજી પણ બહું મોડું નથી થઈ ગયું. આ ક્ષણે જ રામની પાસે જાઓ. તેઓ લંકાના પ્રવેશદ્વાર આગળ જ છે . જઈને તેમને પગે પડો અને ક્ષમા માગો."આમ બોલતાં મંદોદરીની આંખમાં આંસુ ઊભરાયાં; સ્વામીને ચરણે આળોટતાં આળોટતાં તેમણે વિનંતી કરી કે," હજી મારી ચેતવણી પર ધ્યાન આપો, તરત જ એવા ઉપાયો લો કે જેથી તમે, તમારું સામ્રાજ્ય, તમારા પ્રજાજનો અને તમારી કીર્તિ બચી જાય." રાવણે તેમને ઊભા કર્યા અને આંખો લુંછી તે બોલ્યો, "હે પ્રિયા, તું શા માટે આટલી બધી પ્રક્ષુબ્ધ બની ગઈ છે ? તેને આટલો બધો ભય ક્યાંથી આવ્યો ? તેં શા માટે તારી હિંમત ગુમાવી દીધી સાંભળ, જગતમાં મારા જેટલો બળવાન કોઈ નથી. મારા બાહુ બળથી મેં આઠેય દિકપાલોને પરાજિત

કર્યા છે. મૃત્યુ મારી પાસે આવવાની હિંમત કરી શકે તેમ નથી. ભયને તાબે ન થઈશ . તું મારા અપાર બળને જાણતી નથી અને તેથી મારી આગળ તે દુર્બળ રામની પ્રશંસા કરી રહી છે," એમ બોલીને તે રાણી પાસેથી સભાગૃહમાં ગયો. ત્યાં જઈને તરત જ સિંહાસન પર બેઠો. મંદોદરીએ તેની હિલચાલનું અને વિચારોની રુખનું નિરીક્ષણ કર્યું. તે મનમાં બોલ્યાં, "કેવા મૂર્ખ છે! પોતાના મિથ્યાભિમાનનો ત્યાગ ન કરનાર લોકોનું આ અનિવાર્ય નસીબ છે. સારી સલાહ તેમના મનમાં પ્રવેશી શકતી નથી. જ્યારે માણસને તાવ આવ્યો હોય ત્યારે તેને ગળી વસ્તુઓ પણ કડવી લાગે છે. અત્યારે રાવણને અભિમાનનો ઝેરી તાવ ચઢયો છે , એટલે અમૃતમય સલાહને વિષ માનીને તે તેનો ઈન્કાર કરે છે. હવે હું શું વધારે કરી શકવાની હતી?" પોતાના મનમાં તેમણે લંકા પર જે વિપત્તિઓ અને શોક આવવાનાં હતાં, તેમનું ચિત્ર ખડું કર્યું . તેમને લાગ્યું કે તે દુઃખ અને શોકના સાક્ષી બનવા કરતાં તો મારે મારા જીવનનો અંત આણવો એ વધારે સારું છે. ભારે હૃદય સાથે, રામનો વિચાર કરતાં કરતાં, તે પોતાના કક્ષમાં ગયાં અને પથારીમાં પડ્યાં.

તે દરમિયાન રાવણે પોતાના મંત્રીઓને બોલાવ્યા, અને આગામી યુદ્ધ માટેની તૈયારીઓ તે કરવા લાગ્યો. તે બોલ્યો, " હે રાક્ષસો, જાંબુવાન જેવા વાનરો અને મનુષ્યો , જે આપણા પર આક્રમણ કરી રહ્યા છે તે આપણા મ્હોંના કોળિયા જેવા પણ નથી. હિંમત ન હારશો , આનાકાની ન કરશો , દલીલ ન કરશો. યુદ્ધમાં ઝંપલાવો. તૈયાર થઈ જાઓ." પણ પ્રહસ્ત પોતાના આસન પરથી ઊભો થયો અને પ્રણામાંજલિ રચીને બોલ્યો , "હે રાક્ષસો , આપણે આપણા ધર્મમાર્ગનો ત્યાગ ન કરવો જોઈએ . હે રાજાધિરાજ, તમારી ઇચ્છાને અનુરૂપ શબ્દો તમારા આ મંત્રીઓ બોલે છે. પણ તેથી સફળતા પ્રાપ્ત નહિ થાય. એક જ વાનર સમુદ્ર ઓળંગીને આ નગરીમાં આવ્યો હતો અને તેણે અનેક આશ્ચર્યજનક કાર્યો કરી બતાવ્યાં હતાં. ત્યારે આ મંત્રીઓ કે આ સૈન્યો તેણે કરેલા વિનાશને અટકાવી શકયાં ન હતાં. તમે કહો છે કે 'વાનરો તો આપણા મુખના કોળિયા છે.' ઠીક , પણ જ્યારે તે વાનર અહીં આવ્યો હતો ત્યારે તેમનાં મુખો કયાં ગયાં હતાં? શું તેમને ભૂખ લાગી ન હતી? આ મંત્રીઓના હોઠમાંથી જે શબ્દો નીકળી રહ્યા છે તે તેમને અત્યારે સુખપ્રદ લાગતા હશે , પણ વખત જતાં તે શબ્દો ભયંકર વિપત્તિઓ લાવશે. સ્વસ્થતાના સમયે આ બધા વિશે વિચાર કરો. આપણા સુનીલ પર્વત પર રામે તંબુ તાણ્યો છે . પોતે બાંધેલા પુલ ઉપર થઈને જેમણે સમુદ્ર પાર કર્યો છે , જેમની પાસે અસંખ્ય વાનરોની સેના છે , તે રામ શું કોઈ સામાન્ય માનવી હોઈ શકે ખરા ? જો તમે તેમ માનતા હો તો તમારી માન્યતાને છોડી દો . શિથિલ જીભ જેમ બોલાવે તેમ ન બબડો . આ મંત્રીઓની વાકછટાને સ્વીકારી ન લો. એમ ન માનશો કે હું બાયલો છું, યુદ્ધથી ડરું છું. મારામાં, મારી સલાહની યોગ્યતામાં અને ઉત્કટતામાં શ્રદ્ધા રાખો. હમણાં જ સીતાને રામની પાસે લઈ જાઓ અને તેમની ક્ષમા

યાચો . તેમ કરવાથી આપણે અને લંકા બચી જઈશું , પછી આપણે દાવો કરીશું કે અમે અમારી જાતિને વિનાશમાંથી ઉગારી લીધી છે . આ વિજ્ય છે , જે આપણે પ્રાપ્ત કરી શકીએ , નહીં તો પરાજય અને વિપત્તિ સહન કરો . અત્યારે જ તૈયાર થઈ જાઓ , તમારી કીર્તિ યાવચંદ્રદિવાકરૌ ટકશે . યાવચંદ્રદિવાકરૌ બદનામી પ્રાપ્ત ન કરો . ”

પણ રાવણે ભીષણ ક્રોધપૂર્વક અને ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો; પ્રહસ્તે આપેલી અણગમતી સલાહ સાંભળીને તે ક્રોધથી કંપતો હતો. જંગલી ગર્જના કરી તેણે પ્રહસ્ત પર અનેક ગાળોનો વરસાદ વરસાવ્યો."હે મૂર્ખ તને આ છળ-કપટ કોણે શીખવાડ્યું? તને આવું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થયું? લોકો કહે છે કે વાંસનાં ઝુંડમાંથી અગ્નિના તણખા પેદા થાય છે . તું મારા કુળમાં તેવા વાંસ જેવો છે . ” રાવણે મોટેથી દાંત કચકચાવ્યા . તેણે કઠોર , જંગલી ગાળો ભાંડી છેવટે તેણે પ્રહસ્તને લાત મારીને સભાગૃહમાંથી કાઢી મૂકયો. પણ જતાં પહેલા પ્રહસ્તે પોતે લીધેલા વલણનું સ્પષ્ટીકરણ કર્યું . તેણે પોતાના. પિતાનોઅને તેમને અંધ બનાવી દેનાર અભિમાનનો તિરસ્કાર કર્યો . તેણે કહ્યું કે, રાવણ પોતાના વંશના વિનાશનું કારણ છે. પણ તેણે આશ્વાસન લીધું કે જેને ખતરનાક પ્રહાર થયો છે અને મરવા પડયો છે , તેને કોઈ દવા અસર કરી શકતી નથી. એટલે મારા પિતાને મારી સારી સલાહ નકામી લાગી . તે સીધો પોતાની માતા પાસે ગયો અને જે બન્યું હતું તે બધું તેણે તેમને કહી સંભળાવ્યું.બંને સંમત થયા કે હવે આપણે કંઈ કહી કે કરી શકીએ તેમ નથી, કે જેથી રાવણ સન્માર્ગે વળે. એટલે તે બંને જણ સાથે બેસીને રામનું તથા તેમની ભવ્યતાનું ધ્યાન ધરવા લાગ્યાં.

સુવેલ ટેકરી ઉપર વાનરોએ રામ અને લક્ષ્મણ માટે એક સુંદર શિબિર બનાવી દીધો . લીલાં પાંડદાં અને પુષ્પો વડે તેમણે મૃદુ પથારીઓ બનાવી દીધી . તેમણે પોતાનું કામ પૂરું કર્યું કે તરત જ તેમને આનંદ આપવા માટે રામ પથારી પર બેઠા . થોડા સમય પછી સુગ્રીવના ખોળામાં માથું મૂકીને રામ ઊંઘી ગયા. પથારીની બન્ને બાજુએ ધનુષો અનેબાણો તૈયાર રાખવામાં આવ્યાં હતાં. વાનરો રાવણને મારી નાખવાની અપેક્ષામાં, પોતાની ચળ આવતી હથેળીઓને ખંજવાળતા હતા . રામે જવાની આજ્ઞા આપી ન હતી, એટલે જ તેઓ બેસી રહ્યા હતા. નસીબદાર હનુમાન અને યુવરાજ અંગદ પૂજ્યભાવપૂર્વક રામના પગ દબાવી રહ્યા હતા. લક્ષ્મણ પોતાનાં ધનુષબાણ સાથે તૈયાર બનીને એકાગ્રતાપૂર્વક રામના મુખને જોતા જોતા પથારી પાસે ખડા હતા. તે ક્ષણે રામે પૂર્વદિશા તરફ નજર કરી . તેમની દ્રષ્ટિ ક્ષિતિજ પર ઊગતા ચંદ્ર પર પડી. તે બોલ્યા કે, “મિત્રો, ચંદ્ર સામે જુઓ, તેમાં એક કાળો ડાઘ છે. તેને શું તમે જોઈ શકતા નથી ? ” દરેક જણે પોતપોતાની રીતે તે કાળા ડાઘને સમજાવ્યો.પણ હનુમાન બોલ્યા, "સ્વામી, ચંદ્ર પર કોઈ કાળો ડાઘ દેખાતો નથી. તે તમારા મુખનું

પ્રતિબિંબ છે, એટલે મને કોઈ ડાઘ કે કલંક ચંદ્રમાં દેખાતું નથી."

રામે તે રાત વાનરો સાથે સુખપ્રદ વાર્તાલાપ કરવામાં અને પ્રસન્નકારક સહચારમાં ગાળી. દિવસ ઊગતાં રામે સમુદ્રમાં સ્નાન કર્યું અને તટ પર પૂજાવિધિ કર્યો. પછી તેમણે સુગ્રીવના મંત્રીઓને અને બીજા આગેવાનોને બોલાવ્યા અને હવે પછી કરવાનાં કામો તેમને સોપ્યાં. પછી બધાએ એકમતે નિર્ણય લીધો કે લંકાને ઘેરો ઘાલતા પહેલાં આપણે વાલીના પુત્ર , વાનર - રાજ્યના યુવરાજ અંગદને વિષ્ટિ માટે રાવણ પાસે મોકલવો. રામે અંગદને બોલાવીને કહ્યું, "પુત્ર, તું બળવાન અને સદ્દગુણી છે. તારે વિષ્ટિકાર તરીકે રામ તરફથી રાવણ પાસે જવાનું છે. તારે કુશળતાપૂર્વક, સાવચેતીપૂર્વક, મૃદુતાપૂર્વક અને ખાતરીપૂર્વક, રાવણ વધારે ગુસ્સે ન થાય તે રીતે , રાવણને સલાહ આપવાની છે. રાવણને તેણે જે અવાજમાં જે વસ્તુઓ કહેવાની હતી, તેના સલાહસૂચનો રામે અંગદને આપ્યાં. રામને સાષ્ટાંગ પ્રણિપાત કરીને અંગદે વિદાય લીધી. જતાં જતાં તેણે કહ્યું, "સ્વામી, તમારી કલ્યાણકારી દૃષ્ટિ વડે મને આશીર્વાદ આપો.મને આ કામ સોંપવામાં આવ્યું છે તેથી હું, સાચે જ નસીબદાર છું.તે કામ કરતાં મારું ગમે તે થાય , પણ મારું જીવન હું તમને સમર્પિત કરી દેવા તૈયાર છું." અંગદના આ શબ્દો સાંભળીને રામનું હૃદય કરુણાથી પીગળી ગયું . રામ આગળ આવ્યા , તેમણે અંગદને છાતી સરસો ચાંપ્યો અને તેને માથે હાથ મૂકીને તેને આશીર્વાદ આપ્યા .

પોતાના હૃદયમાં રામને સ્થાપીને, પ્રતિક્ષણ તેમના રૂપનું ધ્યાન કરતો કરતો અંગદ નગરીમાં ગયો. માર્ગમાં જેણે જેણે તેને અટકાવ્યો તેને, તેણે બાજુ પર હડસેલી દીધો અને અતિ આત્મવિશ્વાસ અને હિંમત પ્રગટ કર્યો. માર્ગમાં તેને રાવણનો પુત્ર મળ્યો. રાક્ષસ રાજકુમારે પૂછયું કે, “હે વાનર, તું કોણ છે, અને ક્યાંથી આવ્યો છે?” અંગદે જવાબ આપ્યો કે હું રામનો દૂત અંગદ છું.” આ સાંભળીને તેણે અંગદને લાત મારવા પોતાનો પગ ઊંચો કર્યો પણ અંગદ તેને માટે બહુ ચપળ હતો. અંગદે તેનો પગ પકડ્યો. તેના શરીરને હવામાં ગોળ ગોળ ઘુમાવ્યું અને પછી તેને જમીન પર પટકયો. તે જોઈને રાક્ષસો ભયભીત બની ગયા. તેમને ખ્યાલ આવી ગયો કે આ વાનરમાં રાક્ષસી બળ છે. ડહાપણ વાપરી તેઓ ચૂપ રહ્યા. વાનરે લંકા બાળી હતી તે પાછો આવ્યો છે, એવા સમાચાર બધે ફેલાઈ ગયા. તેથી બધે ગૂંચવાડો અને ભય વ્યાપી ગયા . અંગદને લાગ્યું કે પોતે જ્યાં જયાં જાય ત્યાં ત્યાં ભયભીત બનેલા લંકાવાસીઓ એની હિલચાલ નિહાળી રહ્યા હતા . પોતાને માર્ગ આપવાનું કહેવાની જરૂર તેને રહી ન હતી. તેને જોતાં જ બધા રાક્ષસો ઝડપથી ભાગી જરૂર જતા હતા.

છેવટે તેણે રાવણના સભાગૃહમાં નિર્ભયતાપૂર્વક પ્રવેશ કર્યો. એક ચોકીદારે ત્વરાપૂર્વક

અંગદના આગમનના સમાચાર રાવણને પહોંચાડ્યા. રાવણે તેને કહ્યું : દૂતને અંદર મારી પાસે લઈ આવ. એટલે અંગદને રાવણ પાસે લઈ જવામાં આવ્યો. અંગદને રાવણ કાળા રંગવાળો, અચેતન પર્વતના જેવો લાગ્યો. તેની વીસ ભૂજાઓ એક રાક્ષસી વૃક્ષની શાખાઓ જેવી દેખાતી હતી. હૃદયમાં જરાપણ ભય રાખ્યા વગર અગંદ સીધો રાવણ પાસે ગયો પણ અંગદને જોઈને સભાગૃહમાં બેઠેલા બધા રાક્ષસોનાં હૃદય કંપી ઊઠયાં. તેઓ મૂર્છિત જેવા બની ગયા. રાવણે અંગદને પૂછયું કે - તું કોણ છે? અંગદે જવાબ આપ્યોઃ હું રામનો દૂત છું. પછી રાવણે પૂછયું- તું શા માટે આવ્યો છે? અંગદે જવાબ આપ્યો, “હે રાવણ તમે અને મારા પિતા જૂના મિત્રો હતા. એટલે તમારા કલ્યાણને લક્ષમાં રાખીને, રામની આજ્ઞાથી હું તમને નક્કર સલાહ આપવા આવ્યો છું.” અંગદે મૃદતાપૂર્વક સમજાવટની રીતે બોલવાનું ચાલુ રાખ્યું , “તમે વિશ્વમાતા જાનકીને લઈ આવ્યા છો, તમે અભિમાન, કામવૃત્તિ અને લોભ પર કાબૂ રાખી શકયા ન હતા. ઠીક, જે બની ગયું તેની વાત જવા દો . પણ જો અત્યારે આ ક્ષણે તમને તમારો અન્યાય સમજાય, અને જો તમે હું કહું છું તમે કરો , તો રામ તમને ક્ષમા કરશે . વિલંબ વગર , હું કહું છું તેમ કરવાનો નિર્ણય કરો ; નહિ તો તમે તમારા પોતાના હાથે જ તમારી જાતિની અને રાજ્યની ઘોર આ જમીનમાં ખોદશો . ” જ્યારે અંગદ એમ બોલ્યા ત્યારે રાવણ બરાડી ઊઠયો , “ હે અધમમાં અધમ વાનર , તું સાચે જ મૂર્ખ છે , કદાચ તને ખબર નહિ હોય કે તું જેને ભગવાન માને છે તેનો હું શત્રુ છું . તારું નામ શું છે ? મારી અને તારા પિતાની વચ્ચે શો સંબંધ હતો ? તારી વાણીનાં પરિણામો પ્રત્યે અંધ ન બનીશ . ”

તે સાંભળીને અંગદે અટ્ટહાસ્ય કર્યું . તે બોલ્યો , “ હે રાક્ષસરાજ , મારું નામ અંગદ છે . મારા પિતાનું નામ વાલી . તમારા બેની વચ્ચે મૈત્રી - સંબંધ હતો." અંગદના શબ્દો સાંભળીને રાવણ અક્કડ અને મૌન બની ગયો. પણ થોડા જ સમયમાં તે પ્રતિક્રિયાને દબાવી દઈને બોલ્યો, “સાચી વાત , સાચી વાત , મને યાદ છે કે પહેલાંના સમયમાં તે નામનો એક વાનર હતો. શું તું એનો પુત્ર છે? વાહ, અંગદ! શું તું તે કુળ રૂપી વાંસમાં તેનો નાશ કરવા જન્મેલો અગ્નિસ્ફૂલિંગ છે?" રાવણનો ઉશ્કેરાટ ભર્યો જવાબ સાંભળીને અંગદ મોટેથી હસી પડ્યો. તે બોલ્યો, "રાવણ, તારા દિવસો ભરાઈ ચૂક્યા છે, થોડા જ સમયમાં તું તારા જુના મિત્ર વાલીને પરલોકમાં મળીશ. રામનો વિરોધ કરવાથી શું પરિણામ આવે છે તે તને કહેશે. તને વીસ આંખો છે, છતાં તું અંધ છે. તને વીસ કાન છે, છતાં તું બહેરો છે. અજ્ઞાનની અંધારી રાતમાં સપડાયેલો તું અભિમાનપૂર્વક ફરે છે અને પોતાની જાતને મહાન જાહેર કરે છે. તું જે જાતિને બચાવવા યોજના ઘડી રહ્યો છે તે નેસ્ત - નાબૂદ થઈ જશે. હે પાપી, અધમ જંગલી , અભિમાનથી અંધ બનેલા બદમાશ રાક્ષસ!” જ્યારે અંગદે ગુસ્સામાં પોતાના દાંત કચકચાવ્યા અને રાવણ પર ગાળોનો વરસાદ વરસાવ્યો , ત્યારે રાવણ પોતાના સિંહાસન પરથી તરત ઊભો થઈ

ગયો અને બૂમ પાડીને બોલ્યો, “હે પોતાની જાતિનો વિનાશ કરનાર વાનર, હું રાજનીતિના નિયમો જાણું છું એટલે મૌનપૂર્વક તારી ઉદ્ધતાઈ સહન કરી લઉં છું . સાવધાન! મારી ધીરજને પણ મર્યાદા છે." રાવણ ક્રોધાગ્નિપૂર્વક અંગદ સામે તાકી-તાકીને જોઈ રહ્યો. પણ તે પ્રદર્શનની અંગદ પર કશી અસર થઈ નહિ. તેણે સામો જવાબ આપ્યો, “હે રાક્ષસરાજ, મેં તારી ધાર્મિકતા વિશે, તારા સદ્દગુણો વિશે અને તારી રાજકારણી નીતિ વિશે ઘણું ઘણું સાંભળ્યું છે. તારી ધાર્મિકતાએ કેવી અદ્દભૂત સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેનો વિચાર કર. બીજાની પત્નીનું હરણ કરી લાવવું, તારા મોટા ભાઈ કુબેરે મોકલેલા દૂતને ફાડી ખાવો, આ તારી રાજકારણી નીતિના દીપ-સ્તંભો છે. જરાપણ શરમ વગર તું તેની બડાશ હાંકે છે. તું તારા સદ્દગુણોની અને નીતિની વાતો કરવાની ધૃષ્ટતા કરે છે ! તારા રાજ્યમાં આવેલા દૂતના પૂંછને તે આગ ચાંપી, અને છતાં તું નિર્લજ્જતાપૂર્વક કહે છે કે હું નિયમોનું પાલન કરું છું. રાક્ષસોનું વર્તન આવું જ હોય છે. તારી જીભ વડે ‘રાજકારણી નીતિ’ શબ્દ બોલવાનો તને અધિકાર નથી. તું અધમમાં અધમ પાપી છે.”

જ્યારે જરાપણ અટકયા સિવાય અથવા ખચકાટ સિવાય અંગદ આમ જવાબ આપી રહ્યો હતો, ત્યારે સભાગૃહમાંના દરબારીઓ ભયચક્તિ બની ગયા. તેનું શું થશે તે બાબત તેઓ આશ્ચર્ય અનુભવતા હતા. રાવણે વાર્તાલાપ ચાલુ કરવા કહ્યું , “હે વાનર સાંભળ, તમારી છાવણીમાં એક પણ એવો વીર છે, જે યુદ્ધમાં મારી સામે ઊભો રહે ? તમારો સ્વામી પત્ની-વિયોગમાં દુ:ખથી ભાંગી પડયો છે, પ્રતિદિન તે વિલાપ જ કર્યા કરે છે. તેનો ભાઈ તેના દુ:ખે દુઃખી બની ગયો છે. અને સુગ્રીવ ? તે તો તને ધિક્કારે છે, તારો વિરોધ કરે છે, કારણ કે તું તેના રાજ્યનો વારસ છે. નદીના કિનારા પર લડતાં બે પંખીઓની પેઠે તમે બંને એક દિવસ પૂરમાં ગબડી પડવાના છો.

તમારા બંનેની આંખો એક જ રાજ્ય પર કેન્દ્રિત થયેલી છે. તો પછી તમે પૂરા હૃદયપૂર્વક, સફળતાપૂર્વક મારી સાથે કેવી રીતે યુદ્ધ કરી શકવાના હતા? જેના પર તમે આધાર રાખો છો, તે મારો ભાઈ બાયલો છે. તમારા નેતાઓમાંનો એક, જાંબુવાન વૃદ્ધાવસ્થાને કારણે ખપ લાગે તેમ નથી. નલ અને નીલ તો માત્ર ઈજનેરો છે, તેમને તલવાર ચલાવવાની કલા આવડતી નથી."

અંગદ રાવણને અટકાવીને બોલ્યો, "રાવણ, એક નાનકડા વાનરે નગરીમાં પ્રવેશ કરીને તેને બાળી મૂકી હતી. કોઈપણ મૂર્ખે એમ માન્યું હતું કે તે કદી શક્ય બની શકે? તમે તે હકીકત સાચી છે એ જાણો છો, અને છતાં કહો છો કે, વાનર કદી વીર યોદ્ધો ન હોઈ શકે. યુદ્ધમાં તમને હરાવી શકે તેવો વીર સેનામાં નથી એમ તમે જ્યારે કહો છો, ત્યારે મને જરા પણ ગુસ્સો થતો નથી. હા, નીતિશાસ્ત્રો કહે છે કે - મૈત્રી અને શત્રુતા સરખે-સરખા વચ્ચે જ હોય.દેડકાને મારી નાંખવા માટે કોઈ સિંહની પ્રશંસા

કરશે ખરો ? ચોક્કસ, તમને મારી નાંખવાનો પ્રયાસ રામના મોભા અને દરજ્જા માટે ઘણું નિમ્ન કામ છે; આવા અધમ, તિરસ્કાર-પાત્ર શત્રુને મારવાથી તેમની કીર્તિ ઘટશે. તે ક્ષત્રિય જાતિના છે; ક્ષત્રિયોનાં આચરણ તથા લક્ષણો માટે વળી નિયમોનું જે વિધાન કરવામાં આવ્યું છે તે ઉચ્ચ અને ઉદાત્ત છે. તું એવો દુર્ગુંણી, અધમ, જંગલી, પાપી છે કે માત્ર વાનરોને હાથે જ મરવા યોગ્ય છે.”

રાવણ મરણિયું હાસ્ય કરી ઊઠ્યો. તે બોલ્યો, “હે જંગલી વાંદરા, તારી કમ્મરે બાંધેલા દોરડાને, તે રજ્જુ હાથમાં ધારણ કરનાર માણસ જેમ ખેંચે તેમ તું નિર્લજ્જ બનીને નાચે છે, કૂદે છે. તે જે યુક્તિ પ્રયુકિતઓ શીખવે તે તું શીખે છે અને તે આજ્ઞા કરે ત્યારે તેનું પુનરાવર્તન કરે છે, જેથી તે માણસને પ્રેક્ષકો પાસેથી થોડાક પૈસા મળે.” આ કટાક્ષ-વચનોને અંગદ સહન કરી શક્યો નહીં. તે બોલ્યો, "તને માત્ર પશુઓ વિશે જ ખબર હોય એમ લાગે છે; તેં ભગવાન વિશે, નસીબ વિશે, ભવિતવ્યતા વિશે કાંઈ પણ જાણવાની દરકાર કરી નથી. શા માટે ? શું વાનરોએ તને, તું જાણતો હતો તેના તેના કરતાં વધારે શીખવાડ્યું નથી? તેમણે તારા ઉદ્યાનને ઉજ્જડ કરી નાંખ્યાં છે, તારા પુત્રને મારી નાખ્યો છે, તારી નગરીને ભસ્મીભૂત બનાવી દીધી છે. હા, હજી પણ તેમને એક વધારે પરાક્રમ કરવાનું બાકી છે. તેમણે તને યોગ્ય શિક્ષા કરવાની છે. તારે જે નસીબ ભોગવવાનું છે તેમાંથી હજી સુધી અમે છટકી જવા દીધો છે. હું માનતો હતો કે સીધી સલાહથી અને નગ્ન સત્યથી તારા હૃદયને સુધારી શકાશે. પણ ના, તારામાં શરમ જેવું કાંઈ નથી. પશ્ચાત્તાપ એટલે શું એ તું જાણતો નથી. તારામાં જરાપણ નીતિ કે પ્રામાણિકતા નથી . કેવું દયાજનક ! તું હજી વિભીષણ સામે ગુસ્સામાં દાંત કચકચાવે છે અને તેને 'બાયલો, દ્રોહી' વગેરે ગાળો ભાંડે છે. તારા દેહના વજનથી તું પૃથ્વીને માટે ભારરૂપ છે; જેટલો જલદી તારો વિનાશ થાય, તેટલું વધારે સારું; તું તારી શેરીઓમાંનાં કૂતરાં કરતાં પણ વધારે ખરાબ છે. તેમનામાં તારા જેવા દુર્ગુણો નથી. થોડા જ વખતમાં તને ખબર પડશે કે તેમનું જીવન તારા જીવન કરતાં વધારે સારું છે."

રૂઢિ - રિવાજનો ત્યાગ કરીને અંગદે રાવણને ગાળો ભાંડવા માંડી. તેવો અગ્નિમય ઠપકો રાવણ સહન કરી શક્યો નહિ. તે ભભૂકી ઊઠયો, “અંગદ, યાદ રાખ કે હું તે પરાક્રમી વીર છું જેણે કેવળ શારીરિક હિંમત વડે કૈલાસ શિખરને ઊંચક્યું હતું, જેણે શિવને ચરણે પોતાના દેહ પરથી ચૂંટીને પુષ્પોનું નહિ, પોતાનાં મસ્તકોનું બલિદાન ચડાવ્યું હતું, જેનું નામ સૌથી વધારે બહાદુર માણસનાં હૃદયમાં પણ ભય પેદા કરે છે, જેના બળનો સ્વીકાર ખુદ શિવે પોતે કર્યો છે, જેનું ચિત્ર પણ ભય પ્રસારી મૂકે છે. તારી અને તારા આશ્રયદાતાઓની પ્રશંસાઓનો બબડાટ કરવો રહેવા દે.” પણ અંગદ ચૂપ રહેવાની મનોદશામાં ન હતો. તેણે પોતાનું આક્રમણ ચાલુ રાખ્યું, “હે અભિમાની મૂર્ખ, આવો બબડાટ બંધ કર. તારા શ્વાસનો ઉપયોગ કોઈ સારા હેતુ માટે કર. રામનાં સ્તુતિગાન કર. તેમને

શરણે જા; નહિ તો અત્યારે જે તારાં મસ્તકો તારા ખભા પર રહેલાં છે, તેમને રામનાં બાણો દડાની પેઠે નીચે ગબડાવી દેશે, અને વાનરો કંદુક ક્રીડા કરતા હોય તેમ તે મસ્તકોને આનંદપૂર્વક લાતો મારશે. હું અમારા રાજા સુગ્રીવનો દૂત છું. કમનસીબે મને રામની આજ્ઞા મળી નથી અને તેમની પાસેથી તે તક હું ઝડપી લેવા માંગતો નથી; નહિ તો એક ક્ષણમાં હું તને મારી નાખત અને તારા મૃતદેહને સમુદ્રમાં ફેંકી દેત."

આ શબ્દો બોલતાં બોલતાં અંગદે વિકરાળ રૂપ ધારણ કર્યું. સિંહની પેઠે, તેણે પોતાની હથેળી વડે જમીનને ધોલો મારી; તે પ્રહારોથી પૃથ્વી એટલી બધી કંપી ઊઠી કે રાવણના દસેય મસ્તક પરના મુકુટો હાલીને પૃથ્વી પર પડી ગયા. રાવણ સિંહાસન પર આળોટવા લાગ્યો. પણ થોડા જ સમયમાં તે પાછો સ્વસ્થ બની ગયો. તે દશ મુકુટોમાંના ચાર મુકુટો અંગદે પોતાના હાથમાં લીધા, અને એવા અચૂક લક્ષ્યથી, એટલા જોરપુર્વક ફેંક્યાં કે તે શિબિરમાં રામના પગ પાસે આવીને પડ્યા. તે વિચિત્ર વસ્તુઓને જોઈને વાનરો આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ તે રત્નજડિત મુકુટો સુંદરતાની માંહ્નો માંહ્ય પ્રશંસા કરવા લાગ્યા. રામ જાણતા હતા કે તે શું છે. તે બોલ્યા કે - આવતા આવતા તે ગ્રહણ પેદા કરનાર રાહુ અને કેતુ જેવા દેખાતા હતા .

તે દરમ્યાન રાવણે આજ્ઞા કરી કે આ વાનરને બાંધો, તેને જવા ન દેશો. તેનું ભક્ષણ કરી જાઓ. પછી તે ત્વરા પૂર્વક મહેલની અંદર ગયો. અંગદે ગર્જના કરી, "તને શરમ હો! બળની અને પરાક્રમની આટલી બધી બડાશો કેમ મારતો હતો? જા તારી જાતને સમુદ્રનાં ઊંડાણોમાં ડુબાડી દે, અને મરતા સુધી તારા શ્વાસને ધારણ કર. હે નારી ચોર મૂર્ખ, કામાંધ જંતુ, યુદ્ધભૂમિ પર હું તારા મુખમાંથી તારી જીભ ખેંચી કાઢીશ અને કાગડાઓને ખાવા માટે તેને ફેંકી દઈશ. મારી ચેતવણીથી સાવધાન બનજે." અંગદ દ્વેષપૂર્ણ ગુસ્સામાં પોતાના દાંત કચકચાવતો હતો. એટલામાં રાવણ પણ પાછો ફર્યો અને તેણે સભાગૃહમાંના રાક્ષસોને કહ્યું , "તેના પગ ઝાલીને તેને ઊંચકો અને જમીન પર પછાડો, તેનું માથું ભાંગી નાંખો." તે સાંભળીને મેઘનાદ પોતાના આસન પરથી ઊઠ્યો અને અંગદના પગ ઝાલીને તેણે તેને બળપૂર્વક ખેંચ્યો, જેથી જમીન પર પડે. બીજા ઘણા રાક્ષસો તેને મદદ કરવા આવ્યા. તેઓ સંખ્યામાં ઘણા હતા. પણ તેઓ અંગદને તસુભર પણ હલાવી શક્યા નહિ. મેઘનાદને પણ અપકીર્તિકર નિષ્ફળતા સાંપડી. છેવટે રાવણે તે અશક્ય કામ કરવાનો પ્રયત્ન કર્યો. અંગદના પગને ઊંચકીને તેને જમીન ઉપર બળપૂર્વક ફેંકવાની તેણે કોશિશ કરી. રાવણની મૂર્ખાઈ પર અંગદ હસ્યો અને બોલ્યો, "રાવણ તારે આ પગ પકડવાના નથી. સાચા સમર્પણ - ભાવથી રામના પગ પકડ . તેથી તું ભયમાંથી અને બંધનમાંથી મુક્ત થઈશ."

એમ બોલીને રાવણની પકડ ઢીલી કરવા માટે અંગદે પોતાના પગ હલાવ્યાં. તેનો આવેગ એવો તો અચિંતિંત અને બળવાન હતો કે રાવણ ભૂમિ પર ગબડી પડ્યો અને બેભાન બની ગયો. તેનાં યશ અને તેજ નાશ પામ્યાં. તેનાં મુખો પર શરમની લાગણી પ્રસરી ગઈ, અને તે દિવસના સમયમાં ચંદ્રની પેઠે ફિક્કો અને ગરીબડોને દેખાવા લાગ્યો. અંગદે તેની દશા જોઈ. તેને લાગ્યું કે મારે આ બાયલા સાથે વધુ સંવાદ ન કરવો જોઈએ. તેને યાદ આવ્યું કે રામે મને રાવણને થોડી સારી સલાહ આપવાનું જ માત્ર કહ્યું છે. અંગદને લાગ્યું કે આ મૂર્ખ સારી સલાહને તાબે નહિ થાય. તે પોતાની ભૂલ નહીં સમજે અને પોતાને નહીં સુધારે. તે પોતાના દુષ્ટ સ્વભાવને ચિટકી રહે છે. માત્ર યુદ્ધ તેના માટે સાચી દવા છે. એવો નિર્ણય કરીને તે રામનાં પવિત્ર ચરણો પાસે જવા ઉપાડ્યો. ત્યાં જઈને તેણે જે બન્યું હતું તે બધું રામને કહી સંભળાવ્યું.

શરમ અને ભયથી અભિભૂત બનેલો રાવણ રાણીઓનો આવાસમાં ગયો. મંદોદરીએ રાવણનો ફિકકો, પરાજય પામેલો ચહેર જોયો. તે બોલ્યાં, "કમ સે કમ, હવે તો તમારી મૂર્ખાઈ ભરેલી આડાઈ છોડી દો. રામ સાથે વેર કરવાથી રાજયનો વિનાશ થશે. તમે લક્ષ્મણ વડે દોરાયેલી રેખાને ઓળંગી શકયા ન હતા, તો પછી યુદ્ધમાં તેમને હરાવવાની આશા કેવી રીતે રાખી શકો? તેમની આગળ તમારી શકિતઓ અને બળ સૂકાં પાંદડાં માત્ર છે. તેમણે મોકલેલા દૂતોને તમારા અનુયાયીઓ પરાજિત કરી શક્યા નહિ. તો પછી જ્યારે તે બે ભાઈઓ લાખો વાનરોની સેના સાથે આ પ્રદેશ પર હુમલો કરશે, ત્યારે તમે તેમને હરાવવાની આશા કદી રાખી શકો ખરા? તમે અંગદના પગને એક વાળની પહોળાઈ જેટલો પણ હલાવી શક્યા નહિ, અને છતાં તમે તેવા લાખો વાનરોને પકડીને બંધનમાં નાખવાની આશા રાખો છો ? આટલા અનુભવો થયા છતાં , તમે તમારાં નિર્ણયને જક્કીપણાપૂર્વક વળગી રહો છો, તેથી મને દુઃખ થાય છે. આપણા પુત્રને મારી નાખવામાં આવ્યો, તમારી નગરીને બાળીને રાખ કરી દેવામાં આવી, તમારાં ઉદ્યાનોને ઉજ્જડ બનાવી નાખવામાં આવ્યાં, અસંખ્ય રાક્ષસોને દડાની પેઠે ઊંચે ફેંકવામાં આવ્યા અને નીચે પડતાં તેઓ મરી ગયા, તે વખતે શું તમારું બળ અને કૌશલ ઊંઘી ગયાં હતાં? આપ - વડાઈનાં કથનો આ વાનરોને કશી ઈજા પહોંચાડી ન શકે."

મંદોદરી આજીજીપૂર્વક બોલ્યાં, "સ્વામી, મારા આ શબ્દો માટે મને ક્ષમા આપજો. જ્યારે તમે રામને માત્ર માનવી માનો છો, ત્યારે તમે એક ગંભીર ભૂલ કરી છે, તે વિશ્વના સ્વામી છે. તમને તેમના બળની અને વીરતાની માત્રાની ખબર છે, નહીં! વારુ.અંગદે જે હકીકતો કહી છે તેમના પર શાંતિથી વિચાર કરો . યાદ કરો, તમારાં બળને અને કૌશલને બતાવવા તમે જનકના દરબારમાં, રાજાઓની સભામાં બેઠા હતા. પણ તમે શિવના ધનુષને તેની સ્થિતિમાંથી જરાપણ ખસેડી શક્યા ન હતા. રામે

તેને રમતમાં ઉપાડી લીધું હતું અને બે ટુકડા કરીને બાજુએ નાંખી દીધું હતું. તમે તમારી સગી આંખો વડે તે જોયું હતું, છતાં પણ જો તમે તમારો મૂર્ખાઈ - ભરેલો દુરાગ્રહ નહિ છોડી દો, તો તે સૂચવે છે કે તમારો વિનાશ હાથવેંતમાં છે. જયારે તમારી બહેન શૂર્પણખાનાં નાક - કાન કાપી નાખવામાં આવ્યાં હતાં, ત્યારે તમે શું કરી શક્યા હતા? આટ - આટલા અનુભવો પછી પણ તમને તમારા બળની અને વીરતાની બડાશો મારતાં શરમ નથી આવતી? રામે વાલીને એક બાણ મારીને મારી નાંખ્યો. શું વાલી એક સામાન્ય શત્રુ હતો? હવે રામે આવીને સુવેલ ટેકરી પર પડાવ નાંખ્યો છે. રામ મૂર્તિમાન ધર્મ અને નીતિ છે; નહિ તો , તમે તમારી જાતને હજી બચાવી શકો તેવી સલાહ આપવા માટે તે શા માટે દૂતને તમારી પાસે મોકલે? આ દૂતે તમારાં મનને રામ પ્રત્યે અભિમુખ બનાવવા પ્રયત્નકર્યો છે પણ તમે તમારા અભિમાનનો ત્યાગ કરતા નથી, તમે રામને સંચાલિત. કરતી તેમની નીતિ - ભાવનાની કદર કરતા નથી. દૂત મોકલનાર, પરમ પવિત્ર પુરુષના સદ્દગુણો તમે સમજતા નથી. તમે પોતે જ તમારા રાજ્યનું અધ:પતન વહોરી રહ્યા છો. સભાગૃહમાં આવેલા દૂત - અંગદને બહાર ફેંકી દેવા હમણાં જ તમે શું કરી શકયા? તેમના શિબિરમાં અંગદ કરતાં વધારે બળવાન અને વિનાશકારી હજારો- ના , ના, લાખો વાનરો છે. મારા શબ્દો ધ્યાનપૂર્વક સાંભળો. આ રાક્ષસી આવેગનો ત્યાગ કરો, જાઓ, રામનું શરણ લો." ભૂતકાળની ઘટનાઓની યાદ આપતા આ સલાહના શબ્દો રાવણના હૃદયમાં તીક્ષ્ણ બાણોની પેઠે ભોંકાયા .

તે દરમિયાન બીજો દિવસ ઊગ્યો. મૂર્તિમાન દુષ્ટ અભિમાન જેવો રાવણ, સભાગૃહમાં ગયો અને સિંહાસન પર બેઠો. તેના મનમાં ખૂબ ઝડપથી અંગદના અને મંદોદરીના શબ્દો ઉગ્રતાથી ઘૂમી રહ્યા હતા. જેમ પૃથ્વી અને આકાશ તેની આસપાસ ગોળ - ગોળ ઘૂમતાં, તેમ તેના મનમાં યોજનાઓ, ભયો, યુક્તિઓ અને અનુમાનો ઘૂમતાં હતાં. પણ તે બધાં યોગ્ય ન હતાં, કારણ રાક્ષસોનો વિનાશકાળ પાસે આવી રહ્યો હતો.

રાવણે વિદ્યુજિજહવને પાસે બોલાવી ને કહ્યું કે, "તારી માયા વડે તું મારી પાસે રામનું મસ્તક અને ધનુષ બાણ લઇ આવ. તેમને જોઈને તે સાચાં છે એમ માનીને સીતા શોકમાં ડૂબી જશે. એક ક્ષણમાં વિદ્યુજિજહવ પોતાના આસન પરથી ઉઠીને સભાગૃહની બહાર ગયો. તે બરાબર રામના જેવાં જ મસ્તક અને ધનુષ બાણ બનાવીને લઈ આવ્યો. તે બરાબર સાચાં હોય તેવાં લાગતાં હતાં, જે જોઈને રાવણ રાજી થયો. તેમને લઈને તે અશોક વનમાં ગયો, જ્યાં સીતાને કેદ રાખવામાં આવ્યાં હતાં. તેમને સીતા સામે ધરીને તે બોલ્યો, "હે સીતા, જેમને માટે તે દુઃખી થઈ રહી છે અને જેમની પ્રશંસા તું રાત - દિવસ કરે છે તે જ વ્યક્તિનાં આ ધનુષ - બાણ અને મસ્તક જો. મેં વાનરસેનાનો સંહાર કરી નાંખ્યો. રણભૂમિમાંથી ભાગી જઈને લક્ષ્મણે પોતાના પ્રાણ બચાવી લીધા. આ બધું ખરેખર

બન્યું છે તેવી તને ખાતરી કરાવી આપવા માટે હું આ મસ્તક અને ધનુષ - બાણ તારી પાસે લઈ આવ્યો છું . તેમને તું જો." એમ કહીને તેણે તેમને સીતા આગળ મૂક્યાં. એક ક્ષણ માટે સીતા શોકાવિષ્ટ બની ગયાં . પણ બીજી જ ક્ષણે તેમણે પોતાની જાતને યાદ આપી કે ચૌદ બ્રહ્માંડોમાં કોઈપણ માણસ એવો નથી કે જે, તે મસ્તકને છેદી શકે.તે જાણી ગયાં કે મને ભય પમાડવા માટે આ એક મેલી યુક્તિ રચવામાં આવી છે. તે ધમકીઓને ફગાવી દઈને બોલ્યાં, “રાવણ, ચોક્કસ તારો સંહાર પાસે આવ્યો છે, નહિ તો તારા મનમાં આવા નીચ , તિરસ્કારપાત્ર વિચારો ઉદ્ભભવ્યા ન હોત. તારામાં તેમની પાસે જવાની પણ હિંમત નથી, તો પછી તેમને મારી નાંખવાની આશા તું કેવી રીતે સેવી રહ્યો છે? તારી તે આશા સ્વપ્નમાં પણ સિદ્ધ થાય નહિ . આ એક મેલી માયાની યુક્તિ છે, જે મને છેતરી શકવામાં નિષ્ફળ ગઈ છે." સીતાએ રાવણનો ઉપહાસ કર્યો, તેનું અપમાન કર્યું. તેને ‘સ્વામી રામની જય' ના પોકારો ચારેય બાજુએ સંભળાયા. બધી દિશાઓમાંથી વાનરોએ નગરીમાં પ્રવેશ કર્યો હતો. ત્વરાપૂર્વક રાવણ સભાગૃહમાં ગયો. પછી વિભીષણની પત્ની - સન્નારી શરમા, સીતા પાસે આવી. તેણે સીતાને આશ્વાસન આપ્યું . તે બોલીઃ માતાજી , આ રાવણ ખેલાડી છે . તે જે કાંઈ કરે તે છળકપટ હોય છે . રામને ઈજા પહોંચાડવાની કોઈનામાં હિંમત નથી. હમણાં જ તેમણે વિજયપૂર્વક વાનરસેના સાથે લંકામાં પ્રવેશ કર્યો છે. વાનરોની ગર્જનાથી લંકા ભેદાઈ ગઈ છે.

• • •

# ઘેરો

જ્યારે અંગદ પાસેથી લંકામાં જે બન્યું હતું તે બધું સાંભળ્યું અને શત્રુનું વલણ અને સાવધાનતા જાણ્યા, ત્યારે રામે બધા મુખ્ય નેતાઓને એકત્રિત કર્યા અને તેમને કહ્યું કે, લંકાના ચારેય દરવાજાઓને કેવી રીતે ઘેરો ઘાલવો તે બાબત નિર્ણય કરો. તે સાંભળીને વાનરરાજ સુગ્રીવ, ઋક્ષરાજ જાંબુવાન અને રાક્ષસરાજ વિભીષણ એકઠા મળ્યા. તેમણે નિર્ણય લીધો કે ચાર સેનાપતિઓ હેઠળ, આપણી સેનાને ચાર વિભાગોમાં વહેંચી નાખવી. પછી તેઓ રામને પગે પડ્યા. તેમના આશીર્વાદથી ઉત્સાહી બનીને તેમણે આક્રમણ કરવાનો હુકમ છોડયો.

રામને હૃદયમાં રાખીને અને હાથમાં શિલાઓ તથા વૃક્ષો લઈને, વાનરો ભયંકર પૂરોમાં આગળ ધપ્યા. લંકા એક અભેદ્ય નગરી ગણાતી હતી, પણ રામના આશીર્વાદથી વાનરો તેને ભેદી શક્યા. નલની આગેવાની હેઠળ પૂર્વ દિશાના દરવાજા પર હુમલો કરવામાં આવ્યો. અંગદની આગેવાની હેઠળના સૈન્યના આક્રમણથી પશ્ચિમ દરવાજો કબજે કરાયો. ઉત્તર દરવાજાનું રક્ષણ રાવણ પોતે કરી રહ્યો હતો, ત્યાં રામે તેની સાથે યુદ્ધ કર્યું. વાનરો પાસે રણશીંગા કે દુંદુભિઓ ન હતાં પણ, ' રામ, રામ' નો ધ્વનિ એકી સાથે બધાનાં ગળામાંથી નીકળતો હતો, જે ધ્વનિ આકાશમાં પ્રતિધ્વનિ થયો. સમગ્ર લંકાનગરી ગૂંચવાડામાં અને ભયમાં ડૂબી ગઈ. મૂર્ખાઈ ભરેલા અભિમાનથી રાવણ અંધ બની ગયો હતો. વિરોધી સેના પર વિજય મેળવવાની આશામાં તે રાચતો હતો. જેમ વાદળો મેરૂ પર્વતના શિખરો પર ગોઠવાયા છે તેમ, રાક્ષસોએ દીવાલો પર, ટાવર પર, અને ગુંબજો પર પોતપોતાનાં સ્થાન લીધાં હતાં. તેઓ દુંદુભિઓ વગાડતા હતા, રણશીંગા ફૂંકતા હતા. તેમનો ' રાવણનો જય' એવો નાદ ' રામનો જય' ના નાદને ભેદતો હતો. દીવાલો પર રહેલા રાક્ષસો નીચે ઊભેલા વાનરો પર શિલાઓનો પ્રહાર કરતા હતા. પણ વચ્ચેથી તે શિલાઓને ઝીલી લઈને વાનરો તે જ શિલાઓ વડે દીવાલો પર ઉભેલા રાક્ષસોને પ્રહાર કરતા હતા, અને તેમનો કચ્ચરઘાણ વાળી દેતા હતા. યુદ્ધ જેમ જેમ ચાલતું ગયું તેમ-તેમ વાનરોને વેગ વધતો ગયો. જે રાક્ષસોને જે સ્થાને વાનરો પકડતા તેમને તે જ જગ્યાએ તેઓ મારી નાખતા હતા. જેમ રાક્ષસી ઝંઝાવાત વાદળો ને ચારેય દિશાઓમાં વેરવિખેર કરી દે છે, તેમ વાનરોના આક્રમણથી ડરીને રાક્ષસો દૂર, સુદૂર ભાગી ગયા અને નગરી પર નિરાશા ફરી વળી.

પોતાનાં મસ્તક પર ઊતરી આવેલી વિપત્તિ માટે સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકો રાવણને દોષ દેવા લાગ્યાં . કેટલાક રાક્ષસો યુદ્ધ છોડી દઈને , પોતાની પત્નીઓ તથા બાળકો સાથે, નિશ્ચિત બનેલા મૃત્યુમાંથી છટકી જવા માટે બહાર ભાગી ગયા . તેવા સમૂહોને જોઈને, ક્રોધપૂર્વક દાંત કચકચાવીને

રાવણે બૂમ મારી કે, "હે બાયલાઓ, યુદ્ધમાંથી ભાગી જશો તો તમને હું રત્ન જડિત તલવારથી કાપી નાખીશ." તે સાંભળીને થોડાક ભાગી જતાં રાક્ષસો નગરીમાં યુદ્ધ કરવા માટે રહ્યા. તે દરમિયાન વાનર વીરોએ શત્રુ સેનાને ભેદી નાખી અને રામના ધ્યાન વડે બળ પ્રાપ્ત કરેલ તેઓ, ખુદ રાવણના આંતર દુર્ગમાં પ્રવેશ્યા અને તેને જમીનદોસ્ત કરવામાં સફળ થયા. તેમણે એક સુવર્ણ સ્તંભ ઉખાડી નાખ્યો અને તેનો આયુધ તરીકે ઉપયોગ કરીને ખુબ સંહાર કરવો શરૂ કર્યો. જે કોઈ રાક્ષસને તે મળતા તેના પર તેઓ તે સ્તંભ વડે પ્રહાર કરતા, પછી તેનું મસ્તક રાવણ આગળ જઈને પડતું. રાત્રીનો અંધકાર થયો, એટલે રાક્ષસો સમક્ષ જેમણે પોતાનું અધિક બળ અને વીરતા બતાવી આપ્યાં છે, તેવા વાનરો રામ પાસે આવ્યા.

રાક્ષસો નિશાચર છે, એટલે રાત્રિ પડતાં તેમની ગર્જનાઓ અને ક્રોધ વૃદ્ધિ પામ્યાં ‘રાવણનો જય હો' એવી તેમની ગર્જનાઓ, સિંહગર્જનાઓની પેઠે, વાનરોના કાન પર પડવા લાગી. વાનરોએ ફરી યુદ્ધમાં ઝંપલાવ્યું. રાક્ષસ સેનાપતિઓ અકંપે અને અધિકાએ પોતાની માયા શક્તિ વડે ચારેય દિશાઓમાં ગાઢ અંધકાર ફેલાવી દીધો, અને અંધકારના આચ્છાદન હેઠળ તેમણે શત્રુસેના પર ધૂળની, શિલાઓની અને રુધિરની ભારે વૃષ્ટિ કરવા માંડી. વાનરો શત્રુ-મિત્ર વચ્ચેનો ભેદ પારખવા અસમર્થ બની ગયા. એટલે તેઓ પૂર્ણ જુસ્સાથી લડી શકયા નહિ. પોતે હિંમત પ્રાપ્ત કરી શત્રુઓ સાથે સારી રીતે લડી શકે તેટલા માટે, તેમણે મોટે અવાજે ‘રામ, રામ” એવી પ્રાર્થના કરવા માંડી. રામે તે અવાજો સાંભળ્યા. તેમણે અગંદને અને હનુમાનને બોલાવીને કહ્યું કે, "રાક્ષસોની માયાએ આ ખળભળાટ મચાવી દીધો છે.'' શત્રુની શરમજનક યુક્તિ-પ્રયુક્તિઓથી તેમને ખૂબ ક્રોધ થયો. પણ રામે શાંતિપૂર્વક પોતાના ભાથામાંથી આગ્નેયાસ્ત્ર (અગ્નિબાણ) કાઢયું અને તેને શત્રુઓએ માયા વડે પેદા કરેલા અંધકાર પ્રત્યે છોડયું. તે અસ્ત્રથી ઉત્પન્ન થયેલા તેજે અંધકારનો વિનાશ કર્યો. આખો પ્રદેશ સુંદર પ્રકાશ વડે પ્રકાશિત બની ગયો. વાનરોએ અને રીંછોએ બમણી શક્તિથી અને ઉત્સાહથી શત્રુનો પરાભવ કરવાનું અને તેમનો સંહાર કરવાનું કામ શરૂ કર્યું. જ્યારે અંગદનો અને હનુમાનનો વિજયી નિનાદ સંભળાયો ત્યારે રાક્ષસો ભાગી ગયા, પણ તેઓ છટકી જઈ શકયા નહિ. વાનરોએ તેમના પગ પકડીને તેમને દૂર દરિયામાં ફેંકી દીધા. રાત આગળ વધી, એટલે રાક્ષસો પોતાના શિબિરમાં પાછા ગયા, તેમનામાં યુદ્ધ કરવાની શક્તિ રહી ન હતી. વાનરો રામ પાસે આવ્યા. જ્યારે રામની દ્રષ્ટિ તેમના પર પડી, ત્યારે તેઓ તાજા, સ્કુર્તિ વાળા બની ગયા. તેમના થાકનું નામ-નિશાન ન રહ્યું.

તે દરમિયાન રાવણે પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું, ‘‘આજે રણભૂમિ પર વાનરોએ હજારો રાક્ષસોને મારી નાખ્યા છે. હવે આપણે તેમને નિષ્ફળ બનાવવા માટે કોઈ યુક્તિ-પ્રયુક્તિ ઘડવાની છે.” એટલે વૃદ્ધ મંત્રી માલ્યવંત ઊભો થયો. તેણે રાવણના પિતાની પણ સેવા કરી હતી. તે

રાવણની માતાનો પિતા હતો. તેણે રાવણને ધર્મના અને નીતિના માર્ગ વિશે અનેક સલાહો આપી. તે ખૂબ વહાલપૂર્વક બોલ્યો, "રાવણ, શાંતિપૂર્વક મારા શબ્દોને સાંભળો. હું સ્પષ્ટ વાત કરું છું તે બદલ મને ક્ષમા આપો. તમે જ્યારથી સીતાનું હરણ કરીને તેમને અહીં લઈ આવ્યા છો, ત્યારથી અપશુકનો થતાં દેખાય છે.તેમનું વિગતવાર વર્ણન કરવું એ શક્ય નથી. પરમ પુરુષ રામના અમેય પ્રતાપનું વર્ણન વેદો પણ પર્યાપ્ત રીતે કરી શકે તેમ નથી. આ વિરાટ પુરુષનો વિરોધ કરવાથી તમારું કલ્યાણ થવાનું નથી, તમને કૃપા પ્રાપ્ત થવાની નથી. આ બાબત પર તમારે બહુ શાંતિપૂર્વક ઊંડો વિચાર કરવો જોઈએ. હિરણ્યાક્ષને તથા હિરણ્યકશિપુને મારનાર રામ જ હતા. તે બધા સદ્દગુણોનો ભંડાર છે. તેમના પ્રત્યે દ્વેષ ન રાખો. તે સમ્રાટ, હું પ્રાર્થના કરું છું કે લંકાને બચાવી લો. સીતા,રામને આપી આવો. તેમાં જરા પણ વિલંબ કરશો નહિ. તરત જ શરણે જવામાં તમારી સહીસલામતી છે." એમ બોલીને માલ્યવંતે રાજાને પોતાનું મસ્તક નમાવ્યું અને પ્રણામ કર્યા. તે શબ્દો સાંભળીને રાવણને ક્રોધ ચઢ્યો. તે બોલ્યો, "તમે વૃદ્ધાવસ્થાને કારણે નિર્બળ છો, તેથી હું તમને માફ કરું છું. નહિ તો હું તમારા કટકા કરી નાખત. સાવધાન થાઓ, ઊભા થઈને મારી દ્રષ્ટિ બહાર ચાલ્યા જાઓ." ક્રોધે ભરાયેલા સાપની પેઠે રાવણે ફૂંફાડો માર્યો; માલ્યવંત ખિન્ન થયો, કારણ કે તેને ભય હતો કે રાવણનું મોત જલ્દી આવી રહ્યું છે.રાવણને અંધ બનાવી મૂકનાર તેના અભિમાનને અને અજ્ઞાનને જોઈને તે મનમાં હસ્યો. તેણે અનુમાન તારવ્યું કે રાવણ વિનાશકારી તકો અને મૂર્ખાઈ-ભરેલાં પ્રતિકાર્યો કરી રહ્યો છે. પોતાને અને પોતાના સામ્રાજ્યને બચાવી લે તેવી સલાહ માનતો નથી, કારણ કે વિધાતાએ તેની કારકિર્દીનો અંત આણવાનું નક્કી કર્યું છે.

તે જ ક્ષણે મેઘનાદ ઊભો થયો અને બોલ્યો, "પિતાજી, આનાકાની ન કરશો, આવતી કાલે સવારના કલાકો દરમિયાન, તમે મારા યુદ્ધ-કૌશલને જોઈ શકશો. હું જે બોલું છું તેના કરતાં કાર્યોમાં વધારે કરી બતાવીશ.' તેની ખાતરીથી રાવણનો ક્રોધ થોડો શાંત પડયો. તેને હર્ષ થયો. તેનામાં હિંમત અને આશા પ્રગટ્યાં. પોતાના પુત્રને પાસે ખેંચીને તેણે વહાલપૂર્વક અને લાડથી પંપાળ્યો. તેણે એના મસ્તકને થાબડયું અને બધા આગળ પોતાના પુત્રની બહાદુરી અને વીર હૃદયની પ્રશંસા કરી. મધ્યરાત્રિએ તે સભા વિખેરાઈ. દરેક સભ્ય ત્વરાપૂર્વક પોતાને ઘેર ગયો, પણ કોઈને જરાય ઊંઘ ન આવી, કોઈને ભૂખ પણ લાગી નહીં. ગમે ત્યારે આવી પડનારી વિપત્તિના ખ્યાલથી બધા ચિંતામાં અને ભયમાં ડૂબી ગયા. તેઓ પથારીમાં આળોટતા હતા, એટલામાં તો સવાર પડી. વાનરોએ અને રીંછોએ બધી દિશામાંથી નગરીને ઘેરો ઘાલ્યો. ગૂંચવાડાએ અને દુ:ખે પોતાનાં મસ્તકો ઊંચાં કર્યાં. તેમની ગર્જનાઓ આકાશમાં પ્રતિધ્વનિત થતી હતી. રાક્ષસ યોદ્ધાઓને પણ પોતાનાં આયુધો લઈને તેમની સામે લડવાનું હતું, કારણ કે તેમને માટે બીજો કોઈ વિકલ્પ ન હતો. આસપાસની દીવાલો પરથી

નગરી પર શિલાઓની ,અને ટેકરીઓની વૃષ્ટિ થવા લાગી. જવાબમાં લાખો રાક્ષસો બાણો વરસાવવા લાગ્યા, તેમજ બીજાં આયુધો વડે લડવા લાગ્યા, જેમના પડઘા આકાશમાં પડતા હતા. પણ વાનરો વડે ફેંકાયેલાં મોટાં શિખરો અને ટેકરીઓ રાક્ષસોને કચરી નાખતાં હતાં, નિર્જીવ ગૂંદો બનાવી દેતા હતા.

વાનરો નગરીમાં ઘસી ગયા છે, એ સમાચારથી ક્રોધે ભરાયેલા મેઘનાદે પોતાનાં શસ્ત્રો લીધાં અને તેમના પર આક્રમણ કરવા આગળ ચાલ્યો. તેની પાછળ ચાલતા રાક્ષસો યુદ્ધ દુંદુભિ અને શંખો વગાડતા હતા. મેઘનાદ, ઈન્દ્રજિત નામથી વિખ્યાત હતો, કારણ કે તેણે યુદ્ધમાં દેવોના રાજા ઈન્દ્રને પણ હરાવ્યા હતા. તે લંકાના સેનાપતિઓમાં મુખ્ય હતો, તે એક ભયંકર યોદ્ધો હતો. જ્યારે વાનરોએ તેને રથમાં બેઠેલો જોયો, ત્યારે તેઓ હિંમત હારી ગયા. શત્રુ-સૈન્યને ભાગી જતું જોઈને મેઘનાદ હર્ષપૂર્વક ગાજ્યો. પોતાના બળવાન ધનુષની પણછ ખેંચીને તેણે વાનરો પર બાણોની વૃષ્ટિ કરી. કાન સુધી પણછ ખેંચીને તે ઝડપપૂર્વક ભયંકર બાણો તાકતો હતો. તે બાણો, પાંખોવાળા સર્પોની પેઠે બધી દિશાઓમાં ઊડતાં હતાં. એટલે વાનરો તેનો સામનો કરતાં ડરતા હતા. તેમનો લડવાનો આવેગ ઓસરી ગયો. યુદ્ધ છોડીને તેઓ પાછા ભાગ્યા. કેટલાક બાણોથી વિંધાઈ ગયા. બીજા વાનરો મૂર્છા પામીને ભૂમિ પર પડ્યા. વાનરોની દશા જોઈને હનુમાનને ક્રોધ ચડયો. ક્રોધ પૂર્વક ખૂદ યમરાજની પેઠે તે મેઘનાદ તરફ ઝડપભેર ગયા. તેમણે પાસેનું એક પર્વત-શિખર ઉપાડીને તે રાક્ષસ-નેતા તરફ ફેંક્યું. મૃત્યુના દૂત જેવા તે શિખરને પોતાની પ્રત્યે ધસી આવતું જોઈને તરત જ મેઘનાદ પોતાની માયા-શક્તિનો ઉપયોગ કરીને આકાશમાં ઊડયો. તેનો રથ, ઘોડો અને સારથિ તે શિખર પડવાથી ચગદાઈ ગયા. મેઘનાદે બીજી અનેક માયાવી યુક્તિ પ્રયુક્તિઓ કરી પણ જેમ એક નાનકડો સાપ ગરુડ રાજને ડરાવી શકે નહિ, તેમ હનુમાનને ભયભીત કરવાની તેની બધી પ્રયુક્તિઓ નિષ્ફળ નીવડી. તેણે આકાશમાંથી અગ્નિ વરસાવ્યો, રુધિર વરસાવ્યું, ધોળે દિવસે તેણે બધે અંધકાર પ્રસારી દીધો. તે અંધકાર એવો તો ગાઢ હતો કે કોઈ પોતાની હથેળી પણ જોઈ શકે નહિ. આવી યુક્તિ-પ્રયુકિતઓથી વાનરો ગૂંચવાડામાં પડી ગયા, નિરાશ બની ગયા. તેમને લાગ્યું કે મારો અંત પાસે આવ્યો છે.

નિરાશાને કારણે રાક્ષસોએ જે માયાવી યુક્તિઓ રચી હતી, તેમને રામ પારખી ગયા. રાક્ષસોની લાચારી જોઈને તે મનમાં હસ્યા. તે જાણી ગયા કે વાનરોએ આત્મ-વિશ્વાસ અને હિંમત ગુમાવી દીધાં છે. એટલે તેમણે એક જ બાણ છોડ્યું. રાક્ષસની માયા કામ ન કરી શકી, તે અલોપ થઈ ગઈ. જાણે આકાશમાં સૂર્ય ઊગ્યો હોય તેમ, પૃથ્વીને ફરી પ્રકાશ પ્રાપ્ત થયો. વાનરોમાં ફરી આત્મ-વિશ્વાસ પ્રગટ્યો અને તેઓ રાક્ષસ-સેના તરફ આગળ વધ્યા. રામની કરુણા-દ્રષ્ટિ તેમના પર પડી

અને તે તાજા બની ગયા. સમગ્ર વાનર સેનાએ રામનો જયજય-કાર બોલાવ્યો અને બધી મુશ્કેલીઓનો સામનો કરવા આગળ વધી ગયા. કશું જ વાનરોને રોકી શકતું ન હતું, કોઈ તેમની આગેકૂચમાં વિલંબ નાખી શકે તેમ ન હતું. તેમની હિંમતમાં અને વેગમાં વૃદ્ધિ માટે લક્ષ્મણ, હનુમાન સાથે જોડાયા. પોતાનાં બળવાન ધનુષ તથા બાણો સાથે તે મેઘનાદ પર તૂટી પડ્યા. રાવણે સાંભળ્યું કે લક્ષ્મણ યુદ્ધમાં કૂદી પડયા છે, એટલે તેણે પોતાના પુત્રની કુમુકે બીજા અનેક યોદ્ધાઓ ત્વરાપૂર્વક મોકલી આપ્યા. વાનરો જરા પણ આરામ લીધા સિવાય, વૃક્ષોથી અને શિલાઓથી લડતા હતા. બંને પક્ષો, ક્રોધને જરાપણ ઓછો થવા દીધા સિવાય, ભીષણ યુદ્ધ કરવા લાગ્યા. ઘણું ખરું યુદ્ધ યોદ્ધાઓ અને નેતાઓ વચ્ચે દ્વન્દ્વ યુદ્ધના રૂપમાં ખેલાતું હતું, વાનરો મુષ્ટિઓથી પ્રહાર કરતા હતા અને પોતાના તીક્ષ્ણ દાંત વડે બચકાં ભરતા હતા, તેથી ઘણા રાક્ષસો મરી ગયા. વાનરો પોતાના નખ વડે ખભા પરથી ઘણાં મસ્તકોને કાપી કાઢતા, ગોખલામાંથી જડિત હાથોને ખેંચી કાઢતા. વાનરોનો જયનાદ નવેય દ્વીપોમાં પ્રતિધ્વનિત થયો. રાક્ષસોનાં મસ્તકવિહોણા મડદાં બધી દિશામાં વેરાયેલાં પડયાં હતાં. તે વિચિત્ર ઘટના જોઈને વાનરો ચિત્ર વિચિત્ર હાસ્ય કરી ઊઠયા. વિશાળ રણભૂમિના બધા આડાઅવળા માર્ગો લોહીની નદીઓથી ભરાઈ ગયા હતા.

લક્ષ્મણ અને મેઘનાદ ભીષણ દ્વન્દ્વયુદ્ધ કરી રહ્યા હતા. કુશાળતામાં અને બળમાં બન્ને એક બીજાની સમાન હતા. ઈન્દ્રજિતે યુદ્ધની ચાલાકીથી નહિ, પણ યુક્તિ-પ્રયુક્તિઓથી લક્ષ્મણને હરાવવાનો નિર્ણય કર્યો. પણ તેની તેવી બધી યોજનાઓ નિષ્ફળ નીવડી.ભયંકર ક્રોધના આવેગમાં લક્ષ્મણે મેઘનાદના રથને ભાંગી નાખ્યો અને તેના સારથીને પણ મારી નાખ્યો. પોતાનું મૃત્યુ હાથવેંતમાં છે એવો ભય પામેલા મેઘનાદે બ્રહ્માએ આપેલી ખૂબ બળવાન શકિતને હાથમાં લીધી અને બરાબર નિશાન તાકીને તેને લક્ષ્મણના હૃદય પ્રત્યે છોડી. તે શકિત લક્ષ્મણના હૃદયમાં વાગી. મુર્ચ્છા પામીને લક્ષ્મણ જમીન પર પડ્યા. હવે નિર્ભય બનેલો મેઘનાદ જમીન પર પડેલા લક્ષ્મણ પાસે આવ્યો અને તેમના દેહને પોતાના શિબિરમાં લઈ જવા માટે તેને ઊંચકવાનો પ્રયત્ન કરવા લાગ્યો.જો કે તેનામાં લક્ષ્મણ જેટલું જ બળ હતું પણ તે લક્ષ્મણના દેહને ઊંચકી શકયો નહિ. તેને મદદ કરવા અસંખ્ય યોદ્ધાઓ આવ્યા. પણ તે બધા નિષ્ફળ નીવડ્યા. લક્ષ્મણ આદિશેષનાગના અવતાર હતા. જે પોતાની હજાર ફણાઓ પર વિશ્વને ધારણ કરે છે, તેમને કોણ ઊંચકી શકે પણ પછી ભલેને અસંખ્ય માણસો તેમને ઊંચકવા માટે ભેગા થાય ? જે લોકોને રામની કૃપા પ્રાપ્ત થઈ છે, માત્ર તેઓ જ લક્ષ્મણને હલાવી શકે.

તે દરમિયાન સાંજ પડી. યુદ્ધ કરતાં આ બે સૈન્યો પોતપોતાના શિબિરોમાં ગયા.રામે વાનરોને પાછા આવતા જોયા. પણ તેમનામાં લક્ષ્મણને તેમણે ન જોયા. તેમણે પૂછયું: લક્ષ્મણ કયાં

છે ? તે જ ક્ષણે હનુમાને લક્ષ્મણના શરીરને પોતાના ખભા પર ઊંચકી પ્રવેશ કર્યો. હનુમાન " રામ રામ " એમ કરુણ પ્રાર્થના કરતા હતા. રામે પોતે વિક્ષિપ્ત અને ચિંતિત બન્યા હોય તેવો દેખાડો કર્યો. પણ તરત તે સ્વસ્થ બની ગયા. તેમણે લક્ષ્મણના દેહને પોતાના ખોળામાં લીધો, અને લાંબા સમય સુધી તે દેહની ઝીણવટભરી તપાસ કરી. તે સમયે વૃદ્ધ જાંબુવાન બોલ્યા, "હે નાથ, આપણે સમય ન બગાડવો જોઈએ. આપણે લક્ષ્મણની સારવાર કરવામાં વિલંબ ન કરવો જોઈએ, અચકાવું ન જોઈએ. આપણે લંકામાંથી સુષેણ વૈધને અહીં લઈ આવવા તે શ્રેષ્ઠ છે; તે ઉપાય જાણે છે." તે ક્ષણે હનુમાને સૂક્ષ્મ માનવરૂપ ધારણ કર્યું અને લંકામાં પ્રવેશ કર્યો. ત્યાં જતાં તેમને મનમાં શંકા થતી હતી કે સુષેણ રામના શિબિરમાં આવવાની વિનંતી સ્વીકારશે કે નહિ. એટલે હનુમાને એક કપટ-રચના કરી. સુષેણ સાથે તેના ઘરને ઉપાડીને, વચગાળાનું અંતર કાપીને, તે ઘરને રામના શિબિરમાં લઈ આવ્યા. સુષેણ ઘરમાંથી બહાર નીકળ્યા. તેમણે પોતાની જાતને રામની હાજરીમાં જોઈ. સુષેણ રામને પગે પડ્યો. તેણે લક્ષ્મણને બચાવી શકે તે ઔષધિ જ્યાં ઉગે છે તે પર્વતનું નામ કહ્યું. રામ વિચારતા હતા કે તે મૂલ્યવાન ઔષધિ લઈ આવવા માટે કોને મોકલવો. હનુમાને રામને સાષ્ટાંગ પ્રણિપાત કરીને કહ્યું કે- મને તે ઔષધિ લઈ આવવાની આજ્ઞા આપો. રામે તે કામ તેમને સોંપ્યું.

તે દરમિયાન રાવણના એક ગુપ્તચરે તેને સમાચાર આપ્યા કે, સુષેણ વૈદ્ય રામ પાસે પહોંચી ગયા છે. આ નવીન ઘટના અને તેનાં પરિણામો બાબત રાવણે કાળનેમિ સાથે વિમર્શ કર્યો. કાળનેમિએ જવાબ આપ્યો, "રાવણ, આ હનુમાન એક અશક્ય, જેની સાથે કામ ન લઇ શકાય તેવી વ્યક્તિ છે. તમે જોતા હતા, અને છતાં તેણે શું લંકાને જલાવી ન હતી? આ હનુમાનને રોકવાની અને જીતવાની મારામાં ખાસ શી કુશળતા અથવા બળ છે ? રામ પર તમે વિજય પ્રાપ્ત કરી શકશો-એ અશક્ય વિચારને ત્યજી દો, જાઓ, રામના ચરણનું શરણ લો. તેથી તમારું કલ્યાણ થશે. તમારાં અભિમાનનો અને દુરાગ્રહને ત્યાગ કરો.'' કાળનેમિએ રાવણને સારી સલાહ આપી, પણ રાવણ તો જુદી જ વસ્તુની અપેક્ષા રાખતો હતો. એટલે રાવણે તેનો તિરસ્કાર કર્યો. ક્રોધથી ધ્રૂજી ઊઠીને તે બબડ્યો કે "તું મારી આજ્ઞા માનવા તૈયાર છે ? જો ના, તો મરવા માટે તૈયાર થઈ જા." કાળનેમિએ વિચાર્યું કે-રાવણના હાથે મરવા કરતાં રામને હાથે મરવું એ વધારે સારું છે, એટલે તે રામના શિબિરમાં ગયો. પોતાની માયા-શક્તિ વડે તેણે એક સુંદર બાગના મધ્ય ભાગમાં એક સરોવર રચ્યું. ઋષિનાં વસ્ત્રો પહેરીને તે સરોવરના તટ પર તે ધ્યાનમાં બેઠો. હનુમાન પર્વત પરની જીવન બચાવનારી ઔષધિ લાવવા નીકળ્યા હતા. તે થાકી ગયા હતા, કારણ કે, મેઘનાદ સાથેના ભીષણ યુદ્ધ પછી તેમને આરામ મળ્યો ન હતો. એટલે તેમણે વિચાર્યું કે, હું અહીં થોડોક આરામ કરું અને શીતળ સરોવરમાંથી થોડુંક પાણી પીઉં તો પછી હું મારી મુસાફરી વધારે ઝડપથી કરી શકીશ. હનુમાન ઋષિને પગે પડયા.

તે ઋષિ રામના નામનો જપ કરતા હતા અને તેમનાં પરાક્રમોની અને ઉદાત્તતાની પ્રશંસા કરતા હતા. હનુમાનને હર્ષ થયો, તે પણ રામનું નામ ગાવા લાગ્યા. ઋષિનો વેશ ધારણ કરેલો. કાળનેમિ બોલ્યો, "હે વાનર, રામ અને રાવણ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. અહીંથી હું રોજ તેના પર બારીક નજર રાખું છું. રામ થોડા જ સમયમાં વિજયી બનશે- તેમાં મને જરાપણ શંકા નથી." તે સાંભળીને હનુમાનને આનંદ થયો. તે બોલ્યા કે - મને ખૂબ તૃષા લાગી છે. ઋષિએ જવાબ આપ્યો કે મારા કમંડળમાં શીતળ, તાજા બનાવી દે તેવું જળ છે. ઋષિએ પોતાનું કમંડળ હનુમાનને આપ્યું. હનુમાન બોલ્યા કે - ગુરુજી, થોડા જળથી મારી તૃષા નહિ છીપે. ઋષિ બોલ્યા કે પાસે જ એક સરોવર છે; તેના સ્વચ્છ જળમાં સ્નાન કર અને જળ પી; તેથી તારામાં સ્ફુર્તિ આવી જશે. હનુમાન સંમત થયા અને સૂચવેલા સરોવર તરફ ચાલ્યા. પોતાના પગ જળમાં ડૂબી જાય ત્યાં સુધી તે સરોવરમાં આગળ વધ્યા. તે જ ક્ષણે સરોવરમાંથી એક મગરે આવીને તેમના પગને પોતાની દુષ્ટ પકડમાં લઇ લીધો. અલબત્ત, તે મગરે તેમને વધુ ઈજા કરી શક્યો નહિ, કારણ કે હનુમાને તેને પોતાના પગ પરથી ખંખેરી નાખ્યો અને પ્રહાર કરી તેને મારી નાંખ્યો. મરી ગયો કે તરત જ મગર એક તેજસ્વી, સ્વર્ગનો દેવ બની ગયો. તે જોઇને હનુમાનને આશ્ચર્ય થયું. તેમણે પૂછયું કે તું કોણ છે ? તે વ્યકિત બોલી, "હે રામના સેવક, તમારાં દર્શનથી અને સ્પર્શથી મારું પાપ ધોવાઈ ગયું છે. કાળનેમિ અને હું સ્વર્ગમાં ઈન્દ્રની રાજસભાના ગાંધર્વો સંગીતકારો હતા. એક દિવસ ક્રોધી સ્વભાવના દુર્વાસા મુનિ ઈન્દ્રની સભામાં આવી ચઢયા. તેમની જંગલી, ભીષણ આકૃતિ જોઈને અમે બંને જણ હસી પડ્યા.એટલે તેમણે અમને બંનેને પૃથ્વી પર રાક્ષસો બની જવાનો શ્રાપ આપ્યો. અમે તેમના પગ પકડ્યા. પશ્ચાત્તાપથી અમે આંસુ સારી રહ્યા હતા; અમે તેમની પાસે દયા માટે પ્રાર્થના કરી. તેમણે અમારા પર કરુણા લાવીને કહ્યું, "ઠીક, તમે લંકામાં જન્મશો. ત્રેતાયુગના છેલ્લા ચતુર્થ ભાગમાં ભગવાન રામ તરીકે અવતરશે. રામ અને લંકાના રાજા રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાશે. તે યુદ્ધમાં રામના ભક્ત સેવક હનુમાન ઔષધિથી લીલાછમ, સંજીવી પર્વત તરફ ઔષધી લેવા માટે જશે. તેમના સંપર્કમાં આવવાથી તમે બંને રાક્ષસદેહોમાંથી મુક્ત થશો.

હે વાનર, જે ઋષિ અહીં પાસે રહે છે અને જેમણે તમને અહીં મોકલ્યા છે તે ઋષિ નથી, તે કાળનેમિ રાક્ષસ છે. તેણે ઋષિનો સ્વાંગ સજ્ર્યો છે." હનુમાન કાળનેમી પાસે આવ્યા અને તેના કાનમાં બોલ્યા,"વ્હાલા ગુરુજી, તમે મને જે બોધ કર્યો તેના બદલામાં હું તમને જે ભેટ આપું છું તે સ્વીકારો. તમે મારા ગુરુ છો, માટે તમને દક્ષિણ આપવી જોઈએ." કાલનેમિને વિચાર થતો હતો કે - હનુમાનને તૃષા છીપાવવામાં અને પાછા આવવામાં આટલો બધો સમય કેમ લાગ્યો? મારું અનુમાન છે કે અહીં મગર તરીકે શ્રાપ ભોગવતાં મારા ભાઈએ મારી ઓળખ તથા ઇતિહાસ વિશે હનુમાનને બધી વાત કરી

હોવી જોઈએ. એટલે પોતાની સામે જ ઊભી હતી અને જેણે પોતાને આવું કથન કર્યું હતું, તે વ્યક્તિ કોણ છે તે જાણવા માટે કાળનેમિએ ખૂબ ઊંડા ધ્યાનમાં બેઠા હોવાનો દેખાડો કર્યો. હનુમાન તેમના સ્વાંગને જાણી ગયા હતા. તેમણે કાળનેમિની ડોક પકડીને મરડી નાંખી; તે મરી ગયો. મરતાં મરતાં તેના હોઠમાંથી 'રામ, રામ' શબ્દો નીકળ્યા.

મડદાને લાત મારીને હનુમાને દૂર ફેંકી દીધું. તે જે ઔષધિ માટે આવ્યા હતા તેની શોધ કરવા તે ત્વરાપૂર્વક દ્રોણ પર્વતમાળા તરફ આગળ વધ્યા. સંજીવી-ટેકરી પર પહોંચ્યા પછી તેમણે પોતાને જોઈતી ઓષધિ બહુ ખોળી, પણ તે ટેકરી પર ઓષધિઓનાં અનેક ઝુંડ ઊગ્યાં હતાં. તેમાંથી તે પોતાને જોઈતી ઔષધિની ઓળખ નક્કી કરી શક્યા નહિ. સમય વીતી જતો હતો. પોતાને પાછા પહોંચી જવામાં ખૂબ વિલંબ થઈ ચૂક્યો હતો. રામની આજ્ઞાને તાબડ-તોબ પાળવાની જરૂર હતી તેનું તેમને ભાન હતું, એટલે તેમણે એક બીજી યોજનાનો આશ્રય લીધો. આખી ટેકરીને પોતાની હથેળીમાં લઈને તે આકાશ-માર્ગે ઊડયા.

રાતના સમયે લંકામાં પાછા જતાં વચ્ચે અયોધ્યા-નગરી આવતી હતી. તે વખતે દુઃખી ભરત જાગતા બેઠા હતા. વનમાં ગયેલા પોતાના ભાઈ માટે અને તેમનાં જીવન માટે તેમને ચિંતા થતી હતી. ઓચિંતા ચાંદની, હનુમાનના અને ટેકરીના પડછાયાથી, અંધકારમય બની ગઈ. ભરતે અનુમાન કર્યું કે - કોઈ રાક્ષસે આ વાનર રૂપ ધારણ કર્યું હોવું જોઈએ અને તે કોઈ દુષ્ટ કાર્ય સિદ્ધ કરવા માટે પર્વત સાથે જઈ રહ્યો છે. તે કાંઈ દુષ્ટતા કરે ત્યાર પહેલાં જ તેના જીવનનો અંત આણવાનો ભરતે નિર્ણય કર્યો. તેમણે પોતાનું ધનુષ હાથમાં લીધું, તેની પણછ પોતાના કાન સુધી ખેંચી, અને બરાબર તાકીને એક બાણ માર્યું. બાણ વાગતાં જ હનુમાને તીક્ષ્ણ ચીસ પાડી-"રામ !"

તે નામ પોતાના કાને પડ્યું કે તરત જ ભરતને આઘાત થયો. તે નીચે પડેલા વાનર પ્રત્યે ત્વરાપૂર્વક ગયા. હનુમાને જે કથા સંભળાવી તેનાથી ભરતને તેમના કામનો અને તે કામની તાત્કાલિકતાનો ખ્યાલ આવી ગયો. તે શોકાવિષ્ટ બની ગયા. તે હનુમાનને ભેટી પડ્યા અને બોલ્યા કે - મારી મૂર્ખાઈ ભરેલી ઉતાવળ બદલ મને ક્ષમા આપો. ભરત રડી પડ્યા. તેમણે પ્રાર્થના કરી, "જો મેં રામને મન-વચન-કર્મ વડે પૂજ્યા હોય, અને તે માર્ગમાંથી હું કદી ચ્યુત ન થયો હોઉં, તો આ વાનરને તેની પહેલાંની સ્વસ્થતા અને બળ ફરી પ્રાપ્ત થાઓ."

જ્યારે ભરતે ખૂબ વિલાપ કર્યો અને એવી દ્રઢ પ્રતિજ્ઞા લીધી ત્યારે હનુમાનની પીડા મટી ગઈ. તે તાજા અને સ્ફૂર્તિવાળા બનીને ઊભા થયા. પછી ભરતના દિલની સચ્ચાઈની કસોટી કરવા માટે તેમના મનમાં એક વિચાર આવ્યો. તે બોલ્યા કે-આપણા સ્વામી અને નાથ રામનો વિજય હો,

રઘુ-વંશના નાથનો વિજય હો ! તે સાંભળીને ભરતના હૃદયને એટલું બધું દુઃખ થયું કે તે ડૂસકાં ભરવા લાગ્યા. તે બોલ્યા, "હે વાનર-શ્રેષ્ઠ, સીતા, રામ અને લક્ષ્મણ કુશળ તો છે ને ? મારાં માતાજી સીતા સુખી છે, સ્વસ્થ છે ?" ગેરહાજર સીતાને અને પોતાના ભાઈઓને યાદ કરતાં ભરતની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયાં. પછી ભરત આગળ હનુમાને જે બધું બન્યું હતું તેનું વર્ણન કર્યું. તે સાંભળીને ભરતને ખૂબ શોક થયો. રણભૂમિ પર લક્ષ્મણ મૂર્છિત થઈ ગયાની વાત સાંભળીને ભરત મૂર્ચ્છા પામ્યા અને ભૂમિ પર પડ્યા. થોડા જ સમયમાં સ્વસ્થ બનીને ભરત બોલ્યા, "હનુમાન, મારા મૂર્ખાઈ ભરેલા કાર્ય માટે ક્ષમા કરો. મારે જરાપણ વધારે વિલંબ ન નાંખવો જોઈએ. લક્ષ્મણને સાજા કરે તેવી મૂલ્યવાન ઔષધિવાળી સંજીવી-ટેકરી લઈને જલ્દી જાઓ."

હનુમાન ભરતને પગે પડયા અને પોતાની હથેળીમાં તે ટેકરી ઉપાડી લીધી. જ્યારે તે વિદાય લઈને ક્ષિતિજમાં ઊડયા, ત્યારે તે દેખાય ત્યાં સુધી ભરતે આંખ મીંચ્યા વગર તેમને જોયા કર્યા. રામની ગતિઓ વિશે કાંઈક જ્ઞાન પ્રાપ્ત કરી શકયા તેથી ભરત રાજી થયા, પણ સીતાની અને લક્ષ્મણની સ્થિતિના ખ્યાલથી તેમને દુ:ખ થયું. ભારે હૃદયે તે ઘેર ગયા અને માતાઓને તે કથા કહી સંભળાવી.

લક્ષ્મણનાં માતા સુમિત્રાને થોડાક સમય માટે શોક થયો, પણ થોડા જ સમયમાં તેમણે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી, કારણ કે તેમને ખ્યાલ આવ્યો કે, રામ પોતાના પુત્રને પડખે હાજર છે. તે મનમાં વિચારવા લાગ્યાં, "મારે પેટે જન્મેલો પુત્ર પોતાના જીવનને રામની સેવામાં સમર્પિત કરે છે, તે મારે માટે પૂરતું આશ્વાસન છે. તેથી મને બહુ સંતોષની લાગણી થાય છે. મારું જીવન ધન્ય બની ગયું છે. પણ મને ચિંતા થાય છે, કારણ કે લક્ષ્મણના નસીબથી રામ દુઃખી થતા હશે; લક્ષ્મણ બેભાન બની ગયા છે, તેથી રામને બહુ લાગી આવતું હશે. પોતાના ભાઈના વિયોગથી તેમને દુઃખ થતું હશે. હે પુત્ર શત્રુઘ્ન, તું રામ પાસે જા અને તેમની પાસે રહે." તે સાંભળીને શત્રુઘ્ન તૈયાર થઈ ગયા અને બોલ્યા કે આનાથી વધારે સદ્દભાગ્ય મારા માટે કયું હોઈ શકે ? પણ ભરતે તેમને રોકયા અને કહ્યું કે-રામની ખાસ આજ્ઞા સિવાય, હું તમને તેમની પાસે ન મોકલી શકું. ભરતે શત્રુઘ્નને આશ્વાસન આપ્યું અને કહ્યું કે-કદાચ રામને તે કાર્ય ન ગમે, તેમના સંકલ્પને નમન કરવું એ હંમેશાં કલ્યાણકારી છે.

તે દરમિયાન રામ લંકામાં લક્ષ્મણના શરીરને સાચવી રહ્યા હતા. આખો દિવસ વીતી ગયો, સાંજ પડી, રાત પડી, મધરાત થઈ. વાનરો રામની આજુબાજુ બેઠા હતા. માનવનો ભાગ ભજવતા રામે હનુમાનના ન આવવાથી ચિંતા વ્યકત કરી, તે બોલ્યા, "મધરાત થઈ, છતાં હનુમાનના આવવાનું કોઈ ચિહ્ન દેખાતું નથી. શું કોઈ અકસ્માતથી તે માર્ગમાં ભૂલા તો નહિ પડ્યા હોય ? હજી

ભાઈ લક્ષ્મણની સ્થિતિ ગંભીર છે, તે હજી બેભાન છે." તેમણે મૃદુતાપૂર્વક લક્ષ્મણનું મુખ પોતાની તરફ ફેરવ્યું, અને અશ્રુપૂર્ણ પ્રેમ સાથે તેને લાડ લડાવતાં બોલ્યા, "ભાઈ, તારી આંખો ઉઘાડ અને મારી તરફ જો. આટલાં બધાં વર્ષો સુધી, આંખનું એક મટકું પણ માર્યા વગર, જરા પણ આરામ કર્યા વગર, તેં મારી ચોકી કરી છે. હું તારા આ મોતને કેવી રીતે સહન કરી શકું? ગઈકાલથી કોઈ મને મૃદુ વાણીથી દિલાસો આપતું નથી." મનુષ્યની પેઠે રામ આમ વિલાપ કરવા લાગ્યા, "ભાઈ, મારી ખાતર તે માતા-પિતાનો અને પત્નીનો ત્યાગ કર્યો. તારે આવવાની કશી જ જરૂર ન હોવા છતાં, તું મારી સાથે વનવાસમાં આવ્યો. તેં કદી પણ તારી તકલીફો પ્રત્યે ધ્યાન આપ્યું નથી. તારો સ્વભાવ સરળ અને મધુર છે, પણ મારી ખાતર તે સૂર્યના તાપનું સ્વાગત કર્યું, વરસાદમાં પલળ્યો, શિયાળાની ઠંડીમાં ધ્રુજારી વેઠી, ભોજન સમયે તું ખાતો નહિ, કારણ કે તારા સમયનો કોઈ નિયમ ન હતો. તું જે ખોરાક લઇ આવતો તે તું મને આપી દેતો. લક્ષ્મણ, મને ખબર છે કે ઘણીવાર તું ભૂખ્યો ખુલ્લી જમીન પર સૂઈ રહ્યો છે. ભાઈ તને એ ખ્યાલ નથી આવતો કે - લાંબા બાર વર્ષ સુધી મારી પ્રેમપૂર્ણ દરકાર મારી પાસેથી ઝુંટવાઈ ગઈ છે ? લક્ષ્મણ, તારી આંખો ઉઘાડ- એકવાર ઉઘાડ અને મારી સામે જો, અત્યારે મને તેની સૌથી વધારે જરૂર છે." રામે પોતાના પ્રેમપૂર્ણ હાથ વડે લક્ષ્મણની ચિબુક પકડી અને એક વાર દ્રષ્ટિપાત માટે ખૂબ દયામણી રીતે તે પ્રાર્થના કરવા લાગ્યા. રામનો શોક જોઈને વાનરો શોકનાં આંસુ સારવા લાગ્યા, ઘણા વાનરો ટેકરીના શિખર પર ઊગેલાં વૃક્ષો પર ચઢ્યા અને હનુમાનના આગમનનાં ચિહ્નો માટે દૂર દૂર મીટ માંડવા લાગ્યા.

થોડા જ સમયમાં પોતાની ઊંચી કરેલી હથેળી પર સંજીવી શિખરને લઈને આવતા હનુમાન દેખાયા. તેમની નજરે હનુમાન મૂર્તિમાન હિંમત જેવા દેખાયા, જે હિંમત કરુણાની ભવ્યતા વડે વધારે હેતજનક બની હતી. જમીન પર ઊતરીને તે વાનરો પાસે આવ્યા. વાનરો બોલ્યા, "પધારો, પધારો, તમે અમારા જીવનને ધન્ય બનાવ્યું છે. જો તમે સવાર પહેલાં ન આવ્યા હોત તો અમે સમુદ્રમાં ઝંપલાવીને અમારાં જીવનનો અંત આણ્યો હોત, કારણ કે અમે લક્ષ્મણના મરી ગયા પછી જીવી શક્યા ન હોત; તમે અમારા જીવનને ઉગારી લીધું છે." જ્યારે રામે હનુમાનને ઔષધિવાળા શિખર સાથે જોયા ત્યારે તે આનંદવિભોર બની ગયા. સુષેણે તરત પોતાને જોઈતી વિશલ્ય-કારણી, સંધાન કારિણી, સૌવર્ણ કારિણી, અને સંજીવ કારિણી ઔષધિઓ પ્રાપ્ત કરી લીધી અને તે લક્ષ્મણને આપી. લક્ષ્મણ પૂરા ભાનમાં આવ્યા અને બેઠા થયા. રામ હર્ષવિભોર બની ગયા, તે પોતાના ભાઈને ભેટી પડ્યા અને તેમને પ્રેમપૂર્વક પંપાળવા લાગ્યા. તે બોલ્યા, "ભાઈ, ભાઈ ! તું અત્યાર સુધી કયાં ગયો હતો?" તેમની આંખોમાંથી હર્ષનાં અને આભાર-વૃત્તિનાં આંસુ વહેવા લાગ્યાં. તે બ્રહ્માનંદ જેવા આનંદમાં ડૂબી ગયા. તે દરિમયાન સંજીવી-શિખરમાંથી વહેતી સ્ફૂર્તિ દાયક હવાના સંપર્કથી કઠોર

યુદ્ધમાં ઘણા દિવસો પહેલાં મરી ગયેલા વાનરો જીવતા થયા અને પહેલાંની પેઠે ફરવા લાગ્યા. તેથી વાનરોને ખૂબ હર્ષ થયો. તેઓ પોતાના સજીવન થયેલા સાથીદારોને અને સગાં-વહાલાંઓને ભેટીને હર્ષપૂર્વક નાચવા લાગ્યા. રામે સુષેણને આશીર્વાદ આપ્યા. તેમણે સુષેણને ખાતરી આપી કે જો રાવણ તમારી સામે કોઈ વેરનાં પગલાં ભરશે, તો હું તમારું રક્ષણ કરીશ. પછી તેમણે હનુમાનને આજ્ઞા કરી કે-તેમના ઘર સાથે સુષેણને લંકામાં તેમને સ્થાને મૂકી આવ, અને લક્ષ્મણની તથા વાનરોની કરેલી સેવાની સ્મૃતિમાં સંજીવી-શિખરને પણ તેમના ઘર નજીક મૂકી આવ. હનુમાને સુષેણની સેવાઓની પ્રશંસા કરી અને પોતાના સ્વામીને તથા સાથીદારોને બચાવી લેવા બદલ તેમનો આભાર માન્યો. તેમને, તેમના ઘરને અને શિખરને હનુમાન લંકામાં યથાસ્થાને મૂકી આવ્યા.

બીજો દિવસ ઊગ્યો. રાક્ષસ-શિબિરમાંથી યુદ્ધ દુંદુભિઓનો ધ્વનિ સંભળાવા લાગ્યો. વાનરો ઉત્તેજિત બની ગયા. પોતાના રક્ષક અને માર્ગદર્શક રામના વિચારથી તેમને ખૂબ બળ પ્રાપ્ત થયું. દરેક વાનરમાં ઘણા હાથીઓના જેટલું બળ આવી ગયું. યુદ્ધ માટે અધીર બનીને તેઓ કૂદવા લાગ્યા. તે દિવસે શત્રુઓનો સેનાપતિ ધૂમ્રાક્ષ હતો. તે મરણિયો બનીને લડ્યો, પણ હનુમાને તેને બીજે દિવસે મારી નાંખ્યો; પછી અકંપ રાક્ષસોનો સેનાપિત બન્યો અને તે ભયંકર યુદ્ધ કરવા લાગ્યો. અંગદે વાનરોના સૈન્યની આગેવાની લીધી, તેણે અકંપને મારી નાંખ્યો. અકંપના મૃત્યુના સમાચાર સાંભળીને પ્રહસ્ત રણભૂમિમાં દોડી આવ્યો, તે ખૂબ મોટી બૂમો પાડતો આવ્યો. રામનું નામ આતુરતાપૂર્વક યાદ કરતા નીલે તેની સાથે યુદ્ધ કરવા માંડયું અને તેના પર છલાંગ મારીને નીલે તેને મારી નાંખ્યો. પછી તેની જગ્યાએ મહોદર આવ્યો. ગર્જનાપૂર્વક હનુમાન તેના પર કૂદ્યા અને તેની સાથે હનુમાને ભીષણ જંગ ખેલ્યો. થોડા જ સમયમાં તેમણે મહોદરના ટુકડા કરી નાંખ્યા.

ત્યાર પછી કુંભકર્ણના બે પુત્રો કુંભ અને નિકુંભે પૂરા પાંચ દિવસ સુધી રાક્ષસ-સૈન્યના સેનાપતિ બનીને યુદ્ધ કર્યું. જે દિવસે તે બંને સ્વર્ગમાં ગયા, જ્યાં રણભૂમિમાં  મૃત્યુ પામનારા વીરો સિધાવે છે.

પોતાના પર સતત પરાજયોની પરંપરા વરસતી જોઇને લંકાના રાક્ષસો ગભરાઈ ગયા. પોતાનું જીવન બચાવવા માટે તેઓ જગ્યાની શોધ કરવા લાગ્યા. ઘણા તાબે થયા અને વાનરોના શિબિરમાં તેમણે આશ્રય લીધો. તેઓ રાવણનો દોષ કાઢતા હતા અને તેને ખૂબ કઠોર ગાળો ભાંડતા હતા. ઘણા મંદોદરી રાણી પાસે ગયા અને તેમને પ્રાર્થના કરી કે, આ સંકટોની પરંપરાને અટકાવો. રાવણ પોતાના પાગલ આવેશોને વશ થયો હતો તેથી મંદોદરી દિલગીર થયાં હતાં. તેમણે રાવણને યુદ્ધ બંધ કરવા માટે સમજાવવાનો પ્રયત્ન કર્યો.

પણ યુદ્ધ તો અવિરત ચાલુ જ રહ્યું. મકરાક્ષ નામનો વીર યોદ્ધો રાક્ષસસેનાનો સેનાપતિ બન્યો. લક્ષ્મણે તેની સાથે યુદ્ધ કર્યું અને તેને મારી નાંખ્યો. થોડી જ વારમાં આવો મહાન વિજ્ય મળવાથી વાનરો હર્ષપૂર્વક નાચવા લાગ્યા અને  રામની જય બોલાવવા લાગ્યા. પોતાના બધા વીર સેનાપતિઓ, એક પછી એક એમ, રણભૂમિમાં માર્યા ગયા તેથી રાવણ શોક અને રુદન કરવા લાગ્યો. તે પોતાના ઊંઘી ગયેલા ભાઈ કુંભકર્ણ પાસે ગયો. તાત્કાલિક ભીષણ ઉપાયો વડે તેને જગાડવાનો પ્રયત્ન કર્યો. રાક્ષસોનાં વિશાળ ટોળાં તેના કાન પાસે એકઠાં થયાં અને મોટા દુંદુભિઓનો ખૂબ નાદ કરવા લાગ્યા. રાવણે સેંકડો મલ્લામ બોલાવ્યા, જેમણે કુંભકર્ણના શરીર પર પ્રહારો કર્યો. ઘણા રાક્ષસોએ તેને ચૂંટીઓ ખણી,  કેટલાક રાક્ષસોએ પોતાની ગદાઓ વડે તેની જાંઘો પર પ્રહારો કર્યા. છેવટે કુંભકર્ણે આંખો ઉઘાડી અને આજુબાજુ જોયું. રાવણે પોતાની નિરાશાની કથા તેને કહી સંભળાવી, તેના પુત્રોના મૃત્યુની વાત પણ કહી સંભળાવી. તે સાંભળીને તેને ખૂબ વેર લેવાની વૃત્તિ જાગી. સાક્ષાત્ યમરાજની પેઠે તે ઊભો થયો. તે બોલ્યો,"હે મૂર્ખ, શું તું કદી વિજય મેળવી  શકે ખરો ? વિશ્વમાતા જાનકીનું હરણ કરી લાવીને તે અક્ષમ્ય રીતે કુળની કીર્તિનો બટ્ટો લગાડ્યો છે. તારું તે દુષ્કૃત્ય અક્ષમ્ય અને અધમ છે, તારી કામવૃતી લંકાનો વિનાશ કરી રહી છે.  કમથી કમ, હવે તો રામને શરણે જા, તેમાં ખોટી આબરૂને આડે ન આવવા દઈશ. ધર્મનું પાલન કરવાની અને અધર્મને દબાવી દેવાની જવાબદારી જેના પર છે, તેવો રાજા સદાચારને અને મર્યાદાને નેવે મૂકે અને બીજાની પત્નીનું હરણ કરી લાવે તે શું યોગ્ય ગણાય ? શું નીતિશાસ્ત્ર તેમાં સંમતિ આપે છે ? તેથી શું આધ્યાત્મિક પ્રગતિ થાય ખરી ? તારે તારા કર્મોનું ફળ ભોગવવું જ રહ્યું .રાવણ, રામ સામાન્ય માનવી નથી. આપણી બહેન શૂર્પણખા કામાંધ બની ગઈ હતી, તેની દુષ્ટતાનું પરિણામ એને ભોગવવું પડયું. તેણે તારી કામવૃત્તિને ઉત્તેજિત કરી અને તને જંગલી અપરાધ કરવા માટે પ્રેર્યો. બદમાશ નારીની વાત સાંભળીને તે વિવેકને અભરાઈએ ચઢાવી દીધો અને તારા પોતાને હાથે તારા મસ્તક પર આ વિપત્તિને નોતરી." કુંભકર્ણે પોતાના જ ભાઈનો દોષ કાઢ્યો, અને લાંબા સમય સુધી તેને સલાહ આપી પણ રાવણ પોતાનો દોષ સ્વીકારવાની મનોદશામાં ન હતો. તે બોલ્યો, “આ વિપત્તિ-વેળાએ મને છોડી ન દેશો. યુદ્ધ માટે સેનાના અગ્રણી બનવા તૈયાર થાઓ. મારા જીવનને બચાવો.”

છટકી જવાનો કોઈ ઉપાય ન હોવાથી, અને ભાઈ પ્રત્યેના પ્રેમને આધીન બનીને કુંભકર્ણ તૈયાર થયો. નાસ્તા માટે તેની આગળ મદિરાનાં પીપો અને માંસના અનેક મણના ઢગલા મૂકવામાં આવ્યાં. એક ક્ષણમાં કુંભકર્ણ તે બધું ખાઈ-પી ગયો. પછી તે રણભૂમિ તરફ ચાલ્યો. તેને આવતો જોઈને તેના નાના ભાઈ વિભીષણ રામના શિબિરમાંથી દોડ્યા. તે પૂજ્ય ભાવ-પૂર્વક કુંભકર્ણને પગે પડયા અને તેમણે પોતાનું નામ જણાવ્યું. કુંભકર્ણ આનંદવિભોર બની ગયો. પ્રેમપૂર્ણ મૃદુતાથી તે

વિભીષણને ભેટી પડ્યો. વિભીષણ પ્રથમ બોલ્યા, "ભાઈ, રાવણે સભાગૃહમાં મારું અપમાન કર્યું, મને લાત મારીને બહાર કાઢી મૂકયો. મેં આ બાબતનો બધી બાજુએથી વિચાર કર્યો, અનેક પ્રકારે રાવણને સલાહ આપી. તેણે મારી સલાહ ન માની, તેણે સત્તા ઘેલા મંત્રીઓની વાત કાને ધરી, તેણે મને અસહ્ય ગાળો ભાંડી, બધા સભાસદો તે સાંભળતા હતા. તે શરમ હું સાંખી શકયો નહિ. હું રામને શરણે આવ્યો. મને નિર્દોષ અને અનાથ જાણીને રામે મારો સ્વીકાર કર્યો, મને આશ્રય આપ્યો." તે સાંભળીને કુંભકર્ણે જવાબ આપ્યો, “સારું કર્યું. ભાઈ ! રાવણ પર મૃત્યુનો પડછાયો ક્યારનોય પડી ચુક્યો છે, તે સારી સલાહ પ્રત્યે ધ્યાન કેવી રીતે આપી શકે? ચોકકસ, તમે તમારા જીવનના લક્ષ્યને સિદ્ધ કરવા માટે જે કર્યું છે તે ઠીક જ છે. હવે તમે વિભીષણ નથી રહ્યા પણ રાક્ષસજાતિના વિભૂષણ (તેજસ્વી ઘરેણાં રૂપ) બની ગયા છો. સુખના સાગર, રઘુવંશના શિરોમણી રામની ઉત્કટતા પૂર્વક સેવા કરવાથી તમે આપણા વંશને ઉદાત્ત બનાવ્યો છે, વિશુદ્ધ કર્યો છે - ભાઈ, જાઓ, સાચા દિલના ઉત્સાહથી રામની સેવા કરો; મારા ભાવિની પરવા ન રાખીને મારે યુદ્ધમાં ઝંપલાવવાનું છે. મારું મૃત્યુ પણ પાસે આવ્યું છે. રામ જાણે છે કે મારું હૃદય રાક્ષસોના રાજા રાવણ સાથે નથી. હું તમને સલાહ આપું છું કે આ કે પેલા પક્ષને તમારી વફાદારી આપશો નહિ ,  માત્ર રામ પ્રત્યે વફાદારી રાખજો." પોતાના ભાઈની એવી સલાહ અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરીને વિભીષણ રામ પાસે ગયા. તેમણે રામને કહ્યું કે હે સ્વામી , કુંભકર્ણ રાક્ષસોમાં પર્વત રાજ છે, તે એક ભીપણ, બહાદુર યોદ્ધા છે, તમારી સાથે યુદ્ધ કરવા આવ્યો છે.

જ્યારે વાનરોએ તે શબ્દો સાંભળ્યા ત્યારે તેઓ એટલા બધા ક્રોધે ભરાયા કે મુખમાંથી અગ્નિની જ્વાળાઓ કાઢતા તેઓ, હનુમાનની આગેવાની હેઠળ, શુત્ર સેના પર તૂટી પડ્યા. તેમણે કુંભકર્ણ પર શિલાઓ અને મોટાં વૃક્ષો ફેંકયાં, પણ કુંભકર્ણ અડગ ઊભો રહ્યો . વાનરોનું આક્રમણ , તેની નજરમાં એક પાગલ હાથીને આંખની પાંપણ વડે મારવા જેવું હતું . ક્રોધથી ઊકળી ઊઠીને હનુમાને તેને એક બળવાન મુષ્ટિ પ્રહાર કર્યો. કુંભકર્ણને ચકરી આવી. પણ થોડા જ સમયમાં તે સ્વસ્થ બની ગયો . તેણે હનુમાનને સામો પ્રહાર કર્યો અને તેમને જમીન પર પાડી દીધા. નલ અને નીલ યુદ્ધમાં જોડાયા, પણ તેઓ પણ કુંભકર્ણના બળ સામ ટકી શકયા નહિ, વાનરસેનામાં ભય વ્યાપી ગયો.  સુગ્રીવને અને અંગદને પણ બળવાન કુંભકર્ણના પ્રહારોનો સ્વાદ મળ્યો. તેઓ ભૂમિ પર ગબડી પડ્યા. કુંભકર્ણ સુગ્રીવને પોતાની બગલમાં દબાવીને  રણભૂમિમાંથી લઈ ગયો; તે બોલ્યો કે - વાનરોના રાજાને લઈ જતા મેં વાનરસેનાને હરાવી છે .

તે દરમિયાન હનુમાન ભાનમાં આવ્યા. તેમને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. તેમણે સુગ્રીવને ક્યાંય જોયો નહિ, એટલે તે તેને શોધી કાઢવા ચિંતિત બન્યા . કુંભકર્ણ પોતાની બગલમાં ઘાલીને સુગ્રીવને લઈ જતો હતો. એટલામાં તે ભાનમાં આવ્યો . તેણે કુંભકર્ણની બગલમાંથી છટકી

જવાનો ખૂબ પ્રયત્ન કર્યો . હનુમાને તેને આ પ્રયત્ન કરતો જોયો અને તેની મદદે દોડી ગયો પણ સુગ્રીવ પોતાને પકડનાર કુંભકર્ણની ચુંગાલમાંથી છટકી ગયો અને તેની સાથે વીરતાપૂર્વક યુદ્ધ કરવા લાગ્યો . તેણે કુંભકર્ણના નાક - કાન કરડી ખાધાં, પરિણામે રાક્ષસને શ્વાસ લેવામાં ખૂબ મુશ્કેલી પડવા લાગી. થોડા જ સમયમાં રામનો જયનાદ બોલાવતા વાનરોની સેના કુંભકર્ણને વીંટળાઈ વળી અને તેના પર શિલાઓની, વૃક્ષોની અને ટેકરીઓની વૃષ્ટિ કરવા લાગી. ક્રોધે ભરાયેલો રાક્ષસ વાનરો પર કૂધો અને હાથમાં જે આવે તે વાનરને પકડી તે ગળી જવા લાગ્યો. ઘણા વાનરો મરી ગયા. આમ કુંભકર્ણ વાનરોને વેર વિખેર કરી દેવામાં સફળ થયો.

એટલે રામે લક્ષ્મણને અને બીજાઓને કહ્યું કે હવે મારે યુદ્ધભૂમિમાં પ્રવેશ કરવાનો સમય આવી પહોંચ્યો છે, તેમાં વિલંબ કરવો એ ઠીક નથી. તેમણે લક્ષ્મણને કહ્યું કે લક્ષ્મણ, મારાં અક્ષય બાણોના ભાથાને અહી લાવ. રામની આજ્ઞાને માથે ચઢાવીને લક્ષ્મણ તરત જ તે ભાથાને લઇ આવ્યા અને તેમણે તે પોતાના ભાઈના હાથમાં મૂકયો. પછી કોદંડ-ધનુષ ધારણ કરીને રામ રણભૂમિ તરફ ચાલ્યા જેમ સિંહ પોતાના શિકાર તરફ જાય તેમ. લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન, અને જાંબુવાન તેમની પાછળ પાછળ ગયા. રામના ધનુષમાંથી છોડેલાં બાણો, પાંખોવાળા સર્પોની પેઠે, ઝડપભેર સીધા શત્રુ તરફ ઊડયાં. તે ચારેય દિશાઓમાં વ્યાપી ગયાં. તેમણે લાખો શત્રુ-યોદ્ધાનો અને વીરોનો સંહાર કર્યો. બાણોના આક્રમણને સહન ન કરી શકવાથી રાક્ષસો ભાગ્યા. બાણોનો પ્રવાહ કદી અટકતો જ નહિ. ધારેલી ઈજા કરીને દરેક બાણ પાછું ભાથામાં આવી જતું. કુંભકર્ણને ખ્યાલ આવી ગયો કે રામ રાક્ષસ સેનાનો સંહાર કરવા માગે છે, એટલે તે ખૂબ ગુસ્સે થયો. ઘવાયેલા સિંહની પેઠે તેણે ગર્જના કરી અને તે યુદ્ધ માં કૂદી પડયો. વાનરોને ભય લાગ્યો, તેઓ ભયપૂર્વક ભાગી જવા લાગ્યા. બીજી કોઈ યોજના કામ નહિ લાગે એમ લાગવાથી રામે એક બાણ છોડ્યું અને કુંભકર્ણના હાથ ખભા આગળથી કાપી નાંખ્યા. તે સમયે તે મંદર-પર્વત જેવો લાગ્યો, જેની પાંખો દેવરાજ ઈન્દ્રે કાપી નાંખી હતી. બૂમ પાડીને તે રામ તરફ ધસ્યો. રામે પણછને પોતાના કાન સુધી ખેંચી અને અનેક બાણો છોડયાં. તે કુંભકર્ણના મુખ પર ખતરનાક વેગપૂર્વક વાગ્યાં. કુંભકર્ણને ચકરી આવી, પણ તે ભૂમિ પર પડયો નહિ. એટલે રામે બીજાં એક બાણ છોડ્યું અને તેનું મસ્તક છેદી નાંખ્યું. કુંભકર્ણ જમીન પર પડયો. મસ્તક કપાઈ ગયા પછી તેનું ધડ દોડવા લાગ્યું, એટલે રામે બીજું એક બાણ છોડી ધડના બે ટુકડા કરી નાંખ્યા.

તેના દેહમાંથી ઓચિંતું તેજ પ્રગટ થયું અને તે રામમાં વિલીન થઈ ગયું. કશી સાધના, જપ, તપ કર્યા વગર જ રાક્ષસને મુક્તિ મળી. તે જીવતો હતો ત્યારે રણભૂમિ પર એક અદ્વિતીય વીર પૈઠે પ્રકાશતો હતો, મર્યા પછી તેને ભગવાનમાં વિલીન થઈ જવાની ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત થઈ. રામ

રણભૂમિ પર ઊભા હતા, તેમના મુખ કમળ પર પ્રસ્વેદનાં ટીપાં દેખાતાં હતાં, તેમના શરીર પર કુંભકર્ણના લોહીના થોડાક છાંટા હતા, જે યુદ્ધ સમયે તેમના પર પડ્યા હતા . તે સંધ્યાકાળનો સમય હતો . બંને સૈન્યો તે દિવસે ખૂનખાર જંગમાં લડ્યાં હતાં, એટલે બંને સૈન્યો પોતપોતાના શિબિરમાં ગયા. રામે જે કૃપા બતાવી હતી તેથી વાનરોનો ઉત્સાહ અનેકગણો વૃદ્ધિ પામ્યો. ઘાસ વડે જેમ અગ્નિ વધુ પ્રજવલિત બને છે, તેમ તેમનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો.

રાતે અને દિવસે રાક્ષસો બળ ગુમાવી રહ્યા હતા . રાવણ ખૂબ વિલાપ કરવા લાગ્યો . કોઈનું આશ્વાસન કામ લાગતું ન હતું . તે એવો નાગ હતો કે જેણે પોતાનો ફણા પરનો મણિ ગુમાવી દીધો હતો . પોતાના ભાઈના છેદાયેલા મસ્તકને પોતાની છાતી સરસું ચાંપીને તે મોટેથી રડવા લાગ્યો. તેના પુત્ર મેઘનાદે તેને અનેક પ્રકારે શાંત પાડવા પ્રયત્ન કર્યો . તે બોલ્યો , “આવતી કાલે હું તમને મારું વીરતાયુક્ત બળ બતાવી આપીશ . હું એક ક્ષણમાં વાનરોના ચૂરા કરી દઈશ. આજે તમને જે શોક થાય છે તેના કરતાં ખૂબ વધારે હર્ષ હું કાલે તમને પ્રદાન કરીશ. ” આમ મેઘનાદ આત્મશ્લાઘા કરવા થોડા જ સમયમાં સવાર થયું. દૂતે રાવણને સમાચાર આપ્યા કે વાનરોએ અને રીંછોએ નગરીને ઘેરો ઘાલ્યો છે, એટલે અસંખ્ય રાક્ષસયોદ્ધાઓ શત્રુ સાથે યુદ્ધ કરવા માટે આગેકૂચ કરવા લાગ્યા. દરેક રાક્ષસ તેને જે વાનર મળતો તેની સાથે પોતાની પૂરી કુશળતાથી અને બળથી યુદ્ધ કરવા લાગ્યો. આખા આખા દિવસ સુધી તેમનો ક્રોધ અવર્ણનીયરીતે ભયજનક હતો. મેઘનાદ પોતાના માયા રચિત રથમાં બેઠો અને આકાશમાં ઊડ્યો. પ્રલયકાળના આકાશના વાદળની પેઠે તેની ગર્જના પડકાર ફેંકી રહી હતી. પ્રબળ આઘાત વડે હોય તેમ, તેની ગર્જનાએ ઘણા વાનરોને જમીનદોસ્ત કરી દીધા, તે ગર્જનાના પ્રતિધ્વનિથી પૃથ્વી કંપી ઊઠી. એક ક્ષણમાં તેણે પોતાની માયાશક્તિથી બનાવટી સીતાને પ્રગટ કર્યા અને તેમને રથમાં બેસાડીને તે રણભૂમિમાં આવ્યો. સૌથી પહેલાં હનુમાને તે જોયું. મેઘનાદે બૂમ પાડી,"હનુમાન, સાંભળ. તમે જે સીતાને પાછી મેળવવા માટે આ યુદ્ધ કરી રહ્યા છો તેને હું આ ક્ષણે જ મારી નાખું છું, જુઓ. તેના મરવાથી આ યુદ્ધનો અંત આવી જશે." એમ બોલીને તેણે પોતાની તલવારથી તે સીતાના ટુકડા કરી નાખ્યા અને તે ટુકડાઓને ફેંકી દીધા. હનુમાન વેરવૃતિ યુક્ત પ્રકોપમાં ડૂબી ગયા. તેમણે વાનરોને જીવન હોડમાં મૂકીને લડવાનું અને રાક્ષસજાતિને ખતમ કરી નાખવાનું કહ્યું. વાનરોએ તેમના પર એવો તો ભયંકર હુમલો કર્યો કે તેઓ નગરીમાં પાછા ભાગી ગયા.

હનુમાન રામ પાસે ગયા અને મેઘનાદે જે દુષ્ટ  કૃત્ય કર્યું હતું તેના સમાચાર રામને કહ્યા. તે સમાચાર સાંભળીને રામે શોકનો દેખાડો કર્યો તે જાણતા હતા કે તે બધું તો, તે રાક્ષસે સર્જેલી માયા હતી, છતાં તેઓ એક સામાન્ય માનવી હોય તેવું નાટક ભજવી રહ્યા હતા. લક્ષ્મણ પણ નિરાશ બની

ગયા. જગતજનનીની ખોટથી તે શોક કરવા લાગ્યા અને નિરાશ બનીને બેઠા. તેમને લાગ્યું કે હવે આ જગતમાં જીવનનો કોઈ અર્થ નથી. જે બન્યું હતું તેના સમાચાર સાંભળીને વિભીષણ રામ પાસે દોડી આવ્યા. તે બોલ્યા, “સ્વામી, તમે આના સત્યને જાણો છો. તે આખી ઘટના એક બનાવટ છે, સીતા જીવતાં છે, ખૂબ દરકારપૂર્વક તેમની રક્ષા થઈ રહી છે. તેમને જ્યાં રાખવામાં આવ્યાં છે ત્યાં માત્ર રાવણ જ જઈ શકે છે. મેઘનાદે માયા-શક્તિથી બનાવટી સીતાને પ્રગટ કરીને, આપણે નિરાશ થઈ જઈએ તે માટે આ છેતરામણી કરી છે. અમારા રાક્ષસોમાં આવી યુક્તિ-પ્રયુકિતઓ સામાન્ય હોય છે. એવી અધમ પ્રયુક્તિઓથી તેમને ખૂબ મજા પડે છે તે હું જાણું છું.” તે સાંભળીને રામ અને લક્ષ્મણ રાજી થયા, તેમણે રાક્ષસોની આ નિગૂઢ, છલ-કપટ ભરી યુક્તિઓ ખુલ્લી પાડી તેની કદર કરી. વિભીષણના કથનની ખાતરી કરવા માટે અને પોતાની જાતને સંતોષ આપવા માટે, હનુમાને બીજું રૂપ ધારણ કર્યું. કોઈ જોઈ ન શકે તેમ તે લંકામાં પ્રવેશ્યા. સીતાને જ્યાં ચોકી હેઠળ રાખવામાં આવ્યાં હતાં ત્યાં વાટિકમાં તે ગયા. પાછા આવીને તેમણે વાનરોને ખાતરી આપી કે -બધું ઠીકઠાક છે. તેથી વાનરોનો યુદ્ધ કરવાનો ઉત્સાહ વધ્યો.

થોડા જ સમયમાં મેઘનાદ ફરી યુદ્ધ કરવા માટે આવ્યો. આ વખતે તેણે વાનરો પર માત્ર બાણોની જ નહિ, પણ ભાલાઓની, ગદાઓની, કુહાડીઓની, મુદ્દગરોની અને શિલોની વૃષ્ટિ કરી. વાનરોએ સર્વત્ર ભયજનક ચીસો અને આજ્ઞાઓ સાંભળી કે મારી નાંખો; પકડો વગેરે. પણ કોણ તે આજ્ઞા પાળી રહ્યું છે, પોતાને મારી રહ્યું છે, છેદી રહ્યું છે, બળપૂર્વક પકડી રહ્યું છે-તેને તેઓ જોઈ શકયા નહિ. તે વિચિત્ર અનુભવથી તેમનામાં ખૂબ ગભરાટ ફેલાયો. કયાંથી જોખમ આવી રહ્યું હતું અને પોતે કયાં આશ્રય શોધવો તે તેઓ નક્કી કરી શકયા નહિ. નલ, નીલ, અંગદ અને હનુમાન જેવા જબરદસ્ત વીરોને પણ ભય થયો. મેઘનાદે લક્ષ્મણ, સુગ્રીવ અને વિભીષણ તરફ બાણો તાકયાં અને તેમનાં શરીરોને ભેદી નાંખ્યાં, છતાં પણ તેઓ ક્રોધને જરાપણ ઓછો થવા દીધા સિવાય, મેઘનાદ સાથે લડયા. તે દરમિયાન મેઘનાદે રામ સાથે યુદ્ધ આદર્યું. તેણે તેમના પર ગર્જના કરતાં સર્પ-બાણોનો વૃષ્ટિ કરી. તે પ્રસિદ્ધ સર્પાસ્ત્ર હતું. માનવ-રૂપમાં આવેલા પરમ સૂત્રધાર, રામ-જેમણે ખરનો, દૂષણનો અને તેમનાં સૈન્યોનો વિનાશ કર્યો હતો તેમણે-તે સર્પાસ્ત્ર વડે પોતાની જાતને બંધાવા દીધી. તે દિવ્ય સર્પને યોગ્ય માન માપવા માટે અને તેની શક્તિનું પ્રદર્શન કરવા માટે, તેમણે તે અસ્ત્રને પોતાને ઈજા કરવાની છૂટ આપી. આ વિચિત્ર જણાય. પણ લક્ષણો, ગુણ અને મર્યાદાઓ સહિત આવેલા રામનો આ ઈતિહાસ છે, એટલે મન-વચન કર્મની મર્યાદિત શક્તિઓવાળા લોકો આ સત્યને નહિ સમજી શકે. વાનરો નિરાશ્રિતો અને ચિંતિત બની ગયા, કારણ કે રામ સર્પાસ્ત્ર વડે અભિભૂત બન્યા હતા. મેઘનાદ ખૂબ હર્ષ પામ્યો, ગંદી ગાળો ભાંડતો ભાંડતો તે વાનરોમાં ઘૂમવા લાગ્યો.

જાંબુવાને તેને જોયો. તે ગર્જ્યા  કે-હે દુષ્ટ કીટ, અટકી જા. તેમને બાજુ પર હડસેલી દેતાં મેઘનાદ બોલ્યો, "તને ધિક્કાર છે ! અત્યાર સુધી મેં તને વૃદ્ધ માનીને તારી ઉપેક્ષા કરી હતી. તારા શબ્દો મને શા કામના ? ખસી જા." તેણે જાંબુવાન સામે ત્રિશૂળ ફેંકયું, પણ સદ્દભાગ્યે જાંબુવાને તેને પકડી લઈને પાછું મેઘનાદ પર ફેંકયું.તેણે એવું તો સરસ રીતે નિશાન તાકયું હતું અને એવા તો બળપૂર્વક તે ફેંકયું હતું કે તે ત્રિશૂળ મેઘનાદને સીધું હૃદય પર ભોકાયું, ચકરી ખાઈને મેઘનાદ જમીન પર પડયો. જાંબુવાન ત્યાં દોડી ગયા, તેના પગ ઊંચકીને તેને હવામાં ગોળ-ગોળ ઘુમાવ્યો, અને પછી તેને જમીન પર ફેંકયો. પછી તે બોલ્યા કે-હવે કહે હું વૃદ્ધ છું કે કેમ, મારામાં યૌવનનું બળ છે કે વૃદ્ધાવસ્થાની નિર્બળતા તેનો તું હવે નિર્ણય કર, જાંબુવાને મેઘનાદને પડકાર ફેંકયો. મેઘનાદ મૃત્યુ ન પામ્યો. મહામુશકેલીથી ઊઠીને તે ચાલ્યો ગયો. તેણે પોતાની બડાશ પૂર્ણ કરી ન હતી, એટલે તેને પોતાનું મુખ પિતાને દેખાડવામાં શરમ આવતી હતી. તે સીધો નિકુંભ નામના બાગમાં ગયો, જ્યાં ભૂતકાળમાં ઘણા રાક્ષસોએ તપ અને પ્રાયશ્ચિત કર્યા હતાં.

વિભીષણના ચાર દરબારીઓ છૂપા વેશમાં શત્રુ-સેનાપતિઓની હિલચાલ પર ચાંપતી નજર રાખી રહ્યા હતા. તેમણે આવીને મેઘનાદની હકીક્ત વિભીષણને જણાવી. ઝડપભેર રામ પાસે જઈને વિભીષણ બોલ્યા, “સ્વામી, મને હમણાં જ એક સમાચાર જાણવા મળ્યા છે કે મેઘનાદ દુષ્ટ શક્તિઓને પ્રસન્ન કરવા માટે એક મલિન યજ્ઞ કરવાની તૈયારી કરી રહ્યો છે. જો તે આ યજ્ઞ પૂરો કરશો, તો તેને જીતવો એ કઠિન બની જશે. આપણે તે યજ્ઞમાં અવરોધ કરવો જોઈશે." રામે તે સૂચનની કદર કરી અને વિભીષણના શબ્દોથી તે રાજી થયા. તેમણે હનુમાનને અને અંગદને બોલાવીને કહ્યું કે-ભાઈઓ, જાઓ એ મેઘનાદ જે યજ્ઞ કરી રહ્યો છે તેમાં વિઘ્ન  કરો. લક્ષ્મણ  પ્રત્યે વળીને રામ બોલ્યા, “લક્ષ્મણ, તારે આ મેઘનાદને યુદ્ધભૂમિ પર હરાવવાનો છે. તેના અન્યાયોથી દેવો શોક કરી રહ્યા છે તે વાતની નોંધ લે." રામની આજ્ઞા થતાં વેંત વિભીષણ, સુગ્રીવ અને હનુમાન ત્રણેએ વાનરોની એક મોટી સેના એકત્રિત કરી અને લક્ષ્મણને મદદ કરવા માટે તેઓ તેમની પાછળ પાછળ ગયા. લક્ષમણે ધનુષ અને અક્ષય બાણભાથો પોતાની સાથે લીધાં. રામને સાષ્ટાંગ પ્રણિપાત કરીને અને રામને હૃદયમાં સ્થાપીને લક્ષ્મણ ચાલ્યા. અંગદ, નલ, નીલ અને બીજા સેનાપતિઓ હનુમાનની પાછળ ચાલ્યા.

જ્યારે તેઓ નિકુંભ-ઉદ્યાનમાં આવી પહોંચ્યા, ત્યારે તેમણે જોયું કે યજ્ઞ ચાલુ થઈ ગયો હતો અને વેદિના અગ્નિમાં પાડાઓનાં માંસની અને રુધિરની આહુતિઓ અપાઈ રહી હતી. એટલે તેમણે વિધિઓમાં વિક્ષેપ નાંખવાનું શરૂ કર્યું, પણ મેઘનાદ અટકયો નહિ. પછી તેમણે તેના વડે બોલાયેલા સ્તોત્રોનું મોટેથી કટાક્ષમય પુનરાવર્તન કરવા માંડયું, પણ તેથી પુરોહિતો વિધિ કરતા અટકયા નહિ.

એટલે ક્રોધે ભરાયેલા વાનરો યજ્ઞભૂમિમાં ઘસી ગયા. તેમણે મેઘનાદના વાળ પકડીને તેને જમીન પર નાખ્યો અને તેને લાતો મારી. મેઘનાદ ત્રિશૂળ લઈને તેમના પર કૂદી પડયો. અંગદે અને હનુમાને મેઘનાદ પર હુમલો કર્યો, પણ તેઓ ત્રિશૂળથી ઘવાયા. પ્રહાર એવો બળવાન હતો કે તે બંને જમીન પર ગબડી પડયા. લક્ષ્મણ તેમની મદદે આવ્યા. તેમણે તે ભીષણ ત્રિશૂળના બે ટુકડા કરી નાંખ્યા. અંગદ અને હનુમાન થોડા જ સમયમાં સ્વસ્થ થઈ ગયા અને તેમણે પોતાના પૂરા બળપૂર્વક મેઘનાદને પ્રહાર કર્યો. છતાં રાક્ષસ પાછો ન પડયો. તેના પર પ્રહારની કશી અસર થઈ હોય એમ લાગ્યું નહિ. લક્ષ્મણે, જાણે યમરાજ પોતે તેને મારી નાંખવા આવ્યા હોય તેમ, મેઘનાદ પર ભયંકર બાણોની વૃષ્ટિ કરી. બધા ભેગા મળીને તેના પર વજ્ર-વૃષ્ટિ કરતા હોય તેમ, તેમણે મેઘનાદ પર હુમલો કર્યો. એટલે પોતાની માયા-શક્તિનો ઉપયોગ કરીને મેઘનાદ અદશ્ય થઈ ગયો. છેવટે લક્ષ્મણની ધીરજ ખૂટી ગઈ, તેમણે પોતાના ધનુષ પર પવિત્ર બાણોનું અનુસંધાન કર્યું, રામના બળનું અને પ્રતાપનું તે બાણોમાં આવાહન કર્યું, અને જ્યાં હોય ત્યાં રહેલા મેઘનાદ પર તે બાણો છોડયાં. તે બાણ મેઘનાદના હૃદયમાં ભોંકાયું અને તે મૃત્યુ પામ્યો. પોતાના જીવનની છેલ્લી ક્ષણોમાં મેઘનાદના મનમાં રામની અને લક્ષ્મણની મૂર્તિ હતી, એટલે અંગદે, હનુમાને અને વિભીષણે તેની બહાદુરીની અને જે રીતે તે મૃત્યુ પામ્યો હતો તે રીતની પ્રશંસા કરી. હનુમાને પોતાના ખભા પર તેના શરીરને ઊંચકી લીધું અને તેને લંકામાં લઈ જઈ ત્યાંના દરવાજા આગળ મૂકયું અને પછી તે બધા પાછા વળ્યા. લક્ષ્મણ રામ પાસે આવ્યા, તેમણે રામને સાષ્ટાંગ પ્રણીપાતા કર્યા. લક્ષ્મણના વિજયથી રામ રાજી થયા; નિકુંભ ઉદ્યાનમાં બનેલી ઘટનાઓના વિસ્તૃત વર્ણનને તેમણે ધ્યાનપૂર્વક સાંભળ્યું, તેમણે ખૂબ મમતાપૂર્વક પોતાના ભાઈને વહાલ કર્યાં.

• • •

પાતાળ

રામે વિભીષણને, હનુમાનને, નલને, નીલને અને બીજાઓને આલિંગન આપ્યું અને તેમને દિવ્ય સ્પર્શના રોમાંચથી વ્યાપ્ત કરી દીધા. તેથી એક ક્ષણમાં તેમની થઈ પીડા અદ્રશ્ય ગઈ, તેમના શરીરના પરના ઘા રુઝાઈ ગયા. રામનું સુખી મુખ જોઈને વાનરો હર્ષ પામ્યા, રામની કરુણામય દ્રષ્ટિ વાનરો પર પડી.

તે દરમિયાન મેઘનાદની પત્ની સુલોચનાએ પોતાની દાસીઓ પાસેથી પોતાના પતિના મૃત્યુ - સમાચાર સાંભળ્યા; દાસીઓ તે સમાચાર લઈને તેની પ્રત્યે હતી દોડી આવી. રાવણ બોલ્યો, “અત્યાર સુધી હું એમ માનતો હતો કે મેઘનાદ અથવા કુંભકર્ણ નાનકડા કાર્યને પતાવી દેશે. હવે મેં મારી પોતાની આંખે તેમની વીરતાની નિષ્ફળતા જોઈ છે. મેઘનાદ વાનરોના હુમલાનો શિકાર બન્યો તેથી મને શરમ આવે છે. વાનરો વડે વધ પામેલા લોકો પોતે વીર હોવાનો દાવો કેવી રીતે કરી શકે? ” તેણે સુલોચનાને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો. તે બોલ્યો , “માનનીય પુત્રવધૂ, તારા શોકનો ત્યાગ કર. એમ ન માનીશ કે હું તે પ્રકારનો વીર છું . હું એકાદ કલાકમાં તને શાંતિ આપીશ ; રણભૂમિ પર તું મારા ભીષણ બળને જોઈ શકીશ. તારા પતિના મૃત્યુ કરનારાઓનાં મસ્તકો હું લઈ આવીશ. આ કાર્ય ચોક્કસ થશે." રાવણ સુલોચના આગળ આમ આત્મશ્લાઘાનો બબડાટ કરવા લાગ્યો. ક્રોધથી તે ધૂંઆપૂંઆ થઈ ગયો .

તેના શબ્દો સાંભળીને ડાહી અને સદ્દગુણી સુલોચના બોલી, "હે દશ મસ્તકોવાળા રાવણ, તમારા હ્રદયમાં વિજય પ્રાપ્ત કરવાની શું જરાપણ આશા છે? તમે ભ્રાંતિના ગાઢ અંધકારમાં ડૂબેલા છો. અત્યાર સુધી મારા ક્રોધને અને મારી નિરાશાને હું ગળી ગઈ હતી કારણ કે મને લાગતું હતું કે સસરા નો વિરોધ કરવો એ યોગ્ય નથી, અને આ બાબતમાં તો તમને ખાતરી કરાવી આપવા માટે પ્રયત્ન કરવો એ નિરર્થક છે. આ દ્વીપના રાક્ષસોના વિનાશનું મુખ્ય કારણ તમારો ક્રોધ છે. મને કહેવા દો કે આ યુદ્ધમાં તમે જીતો તે અશક્ય છે. આ એક નિશ્ચિત સત્ય છે." સુલોચના ઓચિંતા ઊભાં થયાં અને રડતાં રડતાં તે મેઘનાદની માતા , મંદોદરી રાણીના ખંડમાં ગયાં. ત્યાં જઈને તે પોતાના સાસુને પગે પડ્યાં અને બોલ્યાં , “ તમારા પતિએ જ- બીજા કોઈને નહિ- આ વિપત્તિ નોતરી છે. આજે કે કાલે તમારા પર પણ તેવી જ વિપત્તિ ચોક્કસ આવી પડવાની છે." સુલોચનાના ચિરાઈ ગયેલા હ્રદયે કઠોર અને ક્રૂર શબ્દો ઉચ્ચાર્યા. જ્યારે મંદોદરીએ રાવણની દુષ્ટ ઈચ્છાઓ પર અને પોતાની દુષ્ટતા પર રાચતા અને અભિમાન પર વિચાર કર્યો, ત્યારે મંદોદરીને પણ દુઃખ થયું. જ્યારે તેને ખ્યાલ આવ્યો કે સુલોચનાના શબ્દો ભયંકર રીતે સત્ય હતા, ત્યારે મંદોદરી રડી પડ્યા, લાંબા સમય સુધી બંને નારીઓ

મૌન બેઠી. પછી તેઓ પરસ્પર રામના સદ્દગુણો અને ઉત્કૃષ્ટતા તથા સીતાનાં ધૈર્ય અને નિષ્કલંકતા વર્ણવવા લાગી. તેઓ પોતાની જાતને કહેવા લાગી કે જો આપણને તે દિવ્ય વ્યક્તિના દર્શન થાય, તો આપણા જીવન ધન્ય બની જાય.

પોતાની વિધવા બનેલી પુત્રવધૂ સુલોચનાના દુઃખને રાવણ જોઈ શક્યો નહીં. તેના શબ્દોના રાવણના હૃદયમાં ખીલીની પેટી ભોંકાયા હતા. આવા તેજસ્વી અને પ્રેમાળ પુત્રના મૃત્યુથી તેનો શોક એવો તો તીવ્ર બની ગયો હતો કે તે જમીન પર પડીને જમીન સાથે પોતાનું માથું ફૂટવા લાગ્યો. પછી ઊઠીને તેણે પોતાની વેદના પોતાના પ્રિય મંદિરના શિવલિંગ આગળ ઠાલવી. તે દરમિયાન તેના દરબારના મંત્રીઓ ત્યાં તેની પાસે આવ્યા અને બોલ્યા, “હે રાજા , તમે વ્યર્થ શોક શા માટે કરો છો? પુત્રો , પત્નીઓ અને બીજાં બધાં જેમનાં ઉપર આપણે આપણો પ્રેમ ઠાલવીએ છીએ તે બધાં કાળા વાદળ પર એક ક્ષણ માટે ઝબૂકતી વીજળી જેવા છે ; તેઓ આવે છે અને ચાલ્યાં જાય છે. જીવન એક ચમકારો છે, તે લાંબો સમય રહેતો નથી. તમે આ પૂરી રીતે જાણો છો એટલે અજ્ઞાનમાં ડૂબી જઈને તેમના મૃત્યુ માટે શોક કરવો એ તમને છાજતું નથી. હવે ભાવી માટે યોજના ઘડવાનો સમય છે . એવી યુક્તિ - પ્રયુક્તિ ઘડી કાઢો , જેના વડે આપણે બારણે આવેલા શત્રુનો વિનાશ કરી શકીએ.” તેઓ રાવણને આશ્વાસન આપવાનો અને તાત્કાલિક હાથ ધરવાના કામની યાદ આપવાનો પ્રયત્ન વિવિધ દલીલો દ્વારા કરવા લાગ્યા. છેવટે રાવણે વીસ પ્રણામાંજલિઓ રચી અને શિવને પ્રાર્થના કરી પૂજ્યભાવપૂર્વક તે મંદિરની ભૂમિ પર પ્રણિપાત કરતો નીચે પડ્યો.

જ્યારે પૃથ્વી પર આ બની રહ્યું હતું ,ત્યારે પાતાળમાં રહેતા અહિરાવણને ભાન થયું કે , રાવણ શોકના મોટા ભારને સહન કરી રહ્યા છે. તે મનમાં વિચાર કરવા લાગ્યો, "આમ કેવી રીતે બની શકે? સમગ્ર જગત તેના તાબામાં અને મુઠ્ઠીમાં છે. કોઈ તેને હરાવી શકે એમ નથી. અહિરાવણ માત્ર કામદા દેવીને જ પૂજતો હતો. તરત જ તેણે તે દેવીનું ધ્યાન કર્યું. તે સમયે રાવણ ક્યાં હતો તે દેવી એ પોતાના સંનિષ્ઠ સેવક આગળ પ્રગટ કર્યું, એટલે અહિરાવણ, રાવણ પાસે શિવમંદિરમાં જ આવ્યો. રાવણને પગે પડીને તેણે પોતાનું નામ જણાવ્યું. અહિરાવણ રાવણનો જ એક બીજો પુત્ર હતો. તેણે પોતાના પિતાને આટલા નિરાશ બનવાનું કારણ પૂછ્યું. શૂર્પણખાનાં નાક-કાન કપાયાં ત્યાંથી માંડીને સઘળી કથા રાવણે તેને કહી સંભળાવી. તે સાંભળીને અહિરાવણ ખૂબ દિલગીર બની ગયો. તે બોલ્યો, “જગતમાં દરેક જણ - નીતિ માર્ગને પૂજે છે. તે માર્ગમાંથી ચ્યુત થવાથી અને અનીતિના માર્ગને પસંદ કરવાથી માણસના હૃદયમાં ભય ઉત્પન્ન થાય છે . ભૂત - ભવિષ્ય પર ધ્યાન આપ્યા વગર, અને સંભવિત ઘટનાઓના ક્રમનો વિચાર કર્યા વગર, તમે આ મૂર્ખાઈ - ભરેલા , ખતરનાક યુદ્ધમાં

ઝંપલાવ્યું છે. પરિણામે તમે તમારી જાતિનો અને વંશોનો વિનાશ કર્યો છે તે તમે જાણતા નથી. તમે માનવોમાં શ્રેષ્ઠ પુરુષને , સૌથી વધારે અશક્તિમાન અને નિમ્ન ગણ્યા છે . છતાં હું તમને અત્યારે એક વાત કહેવા માગું છું. હું રામને અને લક્ષ્મણને પકડીને પાતાળલોકમાં લઈ જઈશ. હું મારા કામદા દેવીને તેમનો બલિ ચઢાવીશ - તેમને બલિદાન રૂપે અર્પણ કરીશ. તેથી હું રાક્ષસ જાતિને અપાર કીર્તિ અપાવીશ." એમ બોલીને તેણે રાવણને પ્રણિપાત કર્યા અને કામદા દેવીને પ્રણામ કર્યા. પછી તે રામના શિબિરમાં પ્રવેશ્યો. પોતાની માયા શક્તિ વડે તેને અંધકારના દેવનું આવાહ્ન કર્યું અને બધા વાનરોને ગાઢ અંધકાર વડે આચ્છાદિત કરી દીધા. કોઈ પણ માણસ પોતાની આંખ આગળ ધરેલી હથેલીઓને પણ જોઈ શકતો નહિ , તેવો ગાઢ અંધકાર સર્વત્ર વ્યાપી ગયો . શિબિરમાં વાનરો ખૂબ સાવધાન હતા , યમદેવ પણ તેમાં પ્રવેશવાની હિંમત કરી શકે તેમ ન હતું . વાનર – ચોકીદાર હનુમાને પોતાના પુચ્છને એટલું બધું લાંબું બનાવ્યું હતું કે તે આખા શિબિરને અનેકવાર વીંટળાઈ વળ્યું હતું . પુચ્છના ભરડા એક દીવાલરૂપ બની ગયા હતા, જે દીવાલનું કદ અને બળ એક પર્વતનાં જેટલાં હતાં . શિબિરને એક જ દરવાજો હતો , ત્યાં હનુમાન પોતે સાવધાન બનીને બેઠા હતા ; કોઈ તે અભેધ દુર્ગમાં પ્રવેશ કરી શકે તેમ ન હતું .

અહિરાવણે તે પુચ્છના ભરડા વડે રચિત દુર્ગ જોયો . તે ખૂબ ભયભીત બની ગયો . આ રક્ષણને ભેદવાની કોઈ યુકિત - પ્રયુકિત તે શોધી શકયો નહિ . તેના મસ્તિષ્કમાં એક ઓચિંતો તરંગ ઊઠયો . તેણે વિભીષણનું રૂપ ધારણ કર્યું અને દરવાજા આગળ જઈને હનુમાન પ્રત્યે બોલ્યો , “મિત્ર , મારે રામ પાસે જવું જોઈએ . તેમની સંમતિ લઈને હું મારી સાયં -પ્રાર્થના અને વિધિ કરવા શિબિરની બહાર ગયો હતો . મારી પૂજા મેં પૂરી કરી છે . જો હું વિલંબ વગર તેમની પાસે ન જાઉં , તો તેમની આજ્ઞાનો ભંગ કર્યાનું પાપ મને લાગે . એટલે મને શિબિરમાં જવા દો.” હનુમાન તે શબ્દોથી અને રૂપથી છેતરાયા. તેમણે તેને વિભીષણ જ માની લીધો , તેમણે તેને શિબિરમાં જવા દીધો. તેણે જોયું કે નલ , નીલ અને સુગ્રીવ ઘસઘસાટ ઊંઘતા હતા, કારણ કે , દિવસ દરમિયાન કરાયેલા યુદ્ધથી તેઓ થાકી ગયા હતા. રામ પણ, પોતાના ભાઈ લક્ષ્મણના હાથને પોતાના હાથ વડે પકડીને , ઊંઘતા હતા . રામે તે આવતા , બનાવટી વિભીષણને જોયો . તેમણે લીલા કરવા માનવ - દેહમાં અવતાર લીધો હતો, તેમનો હેતુ સમગ્ર રાક્ષસ - જાતિનો વિનાશ કરવાનો અને તે જાતિને ભૂંસી નાંખવાનો હતો. જો રાવણના વંશજો પાતળ - લોકમાં જીવતા રહે તો તે કાર્ય અપૂર્ણ રહે , એટલે એમણે એવું નાટક ભજવ્યું કે, જાણે તે અહિરાવણ જે યુક્તિ - પ્રયુક્તિ કરવાનો હતો તેને પોતે જાણતા જ ન હોય. સામાન્ય લોકો તેમની રીત - રસમોને સમજી ન શકે. કયાં, કયારે, અને કયા ઉપાયો વડે કોનો નાશ કરવાનો છે તે માત્ર તે જ જાણે છે . તે પોતાની રીતે પોતાનું નાટક ભજવે છે.

અહિરાવણ મોહન - મંત્ર ભણ્યો , જે મંત્ર વડે તે ધારે તેને મૂર્છિત અને અભાન બનાવી શકે. તેના પ્રભાવથી વાનર - વીરો ગાઢ નિદ્રામાં પડ્યા , પછી તેણે રામને અને લક્ષ્મણને બાંધ્યા અને તે બંનેને પૃથ્વીના પેટાળમાં આવેલા પાતાળમાં લઈ ગયો .

થોડા સમય પછી વાનરો જાગ્યા . રામને અને લક્ષ્મણને ન જોતાં તેઓ હેબતાઈ ગયા. જ્યાં તે બંને ઊંઘ્યા હતા તે સ્થાન એક ખાડો બની ગયું હતું. આખા શિબિરમાં બૂમો અને ચીસો વ્યાપી ગઈ; વાનરો ચંદ્ર વગરના આકાશ જેવા, જળ વગરનાં કમળો જેવા દુઃખી બની ગયા. ભાઈઓને શોધી કાઢીને લઈ આવવા માટે વાનરો બધી દિશાઓમાં પરિભ્રમણ કરવા લાગ્યા. ઘણા સમુદ્રતટ પર દોડયા . કેટલાક તે પ્રદેશના છેડાઓ પર ઘૂમી વળ્યા . કોઈને , કોઈ ચિહ્ન મળ્યું નહિ. વાનરો આશા અને હિંમત ગુમાવી બેઠા . તેઓ શોક અને નિરાશા વડે ઘેરાઈ ગયા . વાનરો વિલાપ કરવા લાગ્યા કે - "બધા રાક્ષસ - યોદ્ધાઓનો વિનાશ કરી દેવામાં આવ્યો છે. રાવણ એકલો જીવતો રહ્યો છે. તેના દિવસો પણ ભરાઈ ચૂકવાની તૈયારીમાં હતા તે કટોકટીની ક્ષણે આ દુર્ભાગ્ય આપણા પર આવી પડયું." વાનરોનો રાજા સુગ્રીવ બેભાન બનીને ભૂમિ પર પડયો. વિભીષણે આ ઘટના વિષે કાંઈ સાંભળ્યું ન હતું . સમુદ્રમાં સ્નાન કરીને પ્રાતઃ સંધ્યા પછી તે ભીને કપડે પાછા આવી રહ્યા હતા. વાનરો તેમની પ્રત્યે દોડયા અને બોલ્યા કે શિબિરમાં રામ અને લક્ષ્મણ દેખાતા નથી. એક ક્ષણ માટે વિભીષણ શોકાવિષ્ટ બની ગયા . પણ રાક્ષસો પોતાની માયા વડે જે યુક્તિ - પ્રયુક્તિઓ અજમાવતા હતા તેમને તે જાણતા હતા . એટલે તેમણે કાવતરાનું સાચું નિદાન કરી લીધું . તેમણે કહ્યું કે ચાલો , આપણે શિબિરમાં જઈએ , જે સાંભળીને વાનરોને થોડું આશ્વાસન મળ્યું . જ્યારે દરવાજા આગળ તેમણે હનુમાન સાથે વાત કરી, ત્યારે તેમને આશ્ચર્ય અને આઘાત થયાં. હનુમાને પૂછયું , “ કેમ? તમે અહીંથી થોડા જ સમય પહેલાં તો શિબિરમાં ગયા હતા, તમે તેમ કરવા દેવા મારી રજા માગી હતી.”

વિભીષણને બધું સ્પષ્ટ સમજાઈ ગયું. શું બન્યું હશે તેનું ચિત્ર તે પોતાના મનમાં ખડું કરી શક્યા. એટલે તેમણે વાનરોને કહ્યું, "હે વાનરો, ચિંતા કરવાની જરૂર નથી. રાક્ષસનો પુત્ર અહિરાવણ આવી પ્રયુક્તિઓમાં નિષ્ણાંત છે, તે પાતાળમાં રહે છે. આ ખાડાના ઊંડાણ પરથી નિર્ણય કરતાં મને ખાતરી થઇ ગઈ છે કે તે તેમને પાતાળમાં પોતાને સ્થાને લઈ ગયો છે; મને આ બાબતમાં જરાપણ શંકા નથી, કારણ કે બીજો કોઈ મારું રૂપ ધારણ કરી શકે નહીં. નિરાશ ન થશો. આપણામાં સૌથી બળવાન વાનર પાતાળમાં જાય તે શ્રેષ્ઠ છે." વિભીષણ આજુબાજુ નજર ફેંકી. હનુમાનને જોઈને તે બોલ્યા, "હનુમાન, તમારું શારીરિક તથા માનસિક બળ આખા જગતમાં વિખ્યાત છે, તમે પાતાળમાં જાઓ અને જલ્દી દયાના સાગર રામ લક્ષ્મણને પાછા લઈ આવો." વિભીષણે અહિરાવણ જ્યાં રહેતો હતો ત્યાં પાતાળમાં જવાનો માર્ગ પણ હનુમાનને વર્ણવી બતાવ્યો. સુગ્રીવે , અંગદે અને જાંબુવાને

હનુમાનને છાતી સરસા ચાંપ્યા અને આનંદાશ્રુ વહેવરવ્યાં. હનુમાને પોતાના રાજા સુગ્રીવની રજા માગી. વિદાય લેતા તે બોલ્યા, "હે વાનરો, બ્હીશો નહીં. જરાપણ ચિંતા કરશો નહીં. મારા જાનના જોખમે પણ તે જે કોઈ હશે તેનો હું વિનાશ કરીશ. ખાતરી રાખજો કે હું ખૂબ જલ્દી રામ અને લક્ષ્મણ સાથે તમારી પાસે આવી પહોંચીશ." આમ બોલીને, 'જય રામ, જય રામ' નો નિનાદ કરીને હનુમાન ઉપડયા. પાતાળમાં પહોંચીને થોડા સમય માટે તેમણે એક વૃક્ષ નીચે આરામ લીધો. ઉપર બે પંખીઓને અને તેમણે મોટેથી વાત કરતા સાંભળ્યા. હનુમાન પંખીઓની ભાષા જાણતા હતા. એટલે તે તેમની વાત સાંભળતા બેઠા. પંખી બોલ્યું, “ હે પ્રિય ભાઈ , અહિરાવણ રામ - લક્ષ્મણ નામના બે ભાઈઓને લઈ આવ્યો છે. કામદા - દેવીને તેમનું બલિદાન કરવા માટે તેણે હમણાં જ બધી તૈયારીઓ કરી દીધી છે; યજ્ઞ પછી તે બંને પવિત્ર દેહોને ફેંકી દેશે. આપણે ધરાઈને તે પવિત્ર દેહોની મિજબાની ઉંડાવીશું , આજનો દિવસ આપણે માટે ઉત્સવનો દિન છે. ” હનુમાન ઓચિંતા વૃક્ષ હેઠળથી ઊભા થયા . જેનું પુચ્છ પગ તળે ચગદાયું છે, તેવા સર્પની પેઠે તેમણે ક્રોધપૂર્વક અવાજ કર્યો અને રાક્ષસી જ્વાળાની પેઠે તે ઉડયા . તેમણે વિલાપ કર્યો કે: અરેરે ! મારા સ્વામીનું શું થયું હશે તેનો મને ડર છે .

તેમણે અહિરાવણની નગરીમાં પ્રવેશ કર્યો . પ્રવેશ દ્વાર આગળ જ તેમને વાનરનું રૂપ ધારણ કરેલા ચોકીદાર મકરધ્વજને લડાઈમાં હરાવવો પડ્યો પણ તેનું વાનરરૂપ જોઈને તેમણે તેના વંશ અને ઈતિહાસ વિશે પૂછયું , હનુમાન તેનો વિશ્વાસ સંપાદન કરી શકયા . તેની પાસેથી તેમણે રામ-લક્ષ્મણ વિશે તથા તેમનાં ભાવિ વિશે માહિતી મેળવી લીધી. મકરધ્વજ પાસેથી તેમને જાણવા મળ્યું કે , સવારે બંને ભાઈઓને કામદા - દેવીને નરબલિ આપવા માટે તેમના મંદિરમાં લઈ જવાના છે .

હનુમાને પાતાળના ચોકીદાર વાનર , મકરધ્વજને પૂછયું કે - પાતાળના ક્રૂર રાજાએ તે બે ભાઈઓને ક્યાં રાખ્યા છે ? તેણે બધી વિગતો આપી પણ તેણે આગ્રહ રાખ્યો કે હું તમને તે પ્રદેશમાં અંદર નહિ જવા દઉં , કારણ કે મારે મારા સ્વામીની આજ્ઞા પાળવાની છે, તેમને વફાદાર રહેવાનું છે અને તેમનું હિત જાળવવાનું છે . તે બોલ્યો , “મારે ગમે તેટલું સહન કરવું પડે, પણ હું તમને અંદર નહીં જવા દઉં. તમે વાનર છો અને તેટલા માટે જો હું તમારે માટે છૂટ મૂકું તો હું આખી વાનરજાતિને અવિશ્વાસપાત્ર અને બિનવફાદાર તરીકે બદનામ કરું . જેમ તમે તમારા સ્વામી રામને પૂજ્ય ગણો છે , તેમ હું મારા સ્વામી અહિરાવણને પૂજ્ય ગણું છું. એટલે તમે મારા ગમે તેટલા નિકટના હો, તો પણ હું મારા નિશ્ચયમાંથી ચલિત નહીં થાઉં, મારે મારી ફરજ બજાવવી જોઈએ અને મારા સ્વામીની આજ્ઞા પાળવી જોઈએ. દ્વંદ્વમાં મને હરાવીને જ તમે અંદર પ્રવેશ કરી શકશો." એમ મકરધ્વજ પડકારપૂર્વક

બોલ્યો. હનુમાને તેની લાગણીઓની અને ફરજના ભાનની કદર કરી. મકરધ્વજે યોગ્ય વલણ અપનાવ્યું હતું, તેથી તે રાજી થયા. તેમણે પડકાર ઝીલી લીધો અને દ્વંદ્વ કરવું શરૂ કર્યું. થોડોક સમય તે બંને વચ્ચે ખૂનખાર લડાઈ ચાલી. હનુમાને વિચાર કર્યો કે-વિલંબ કરવો તે ઈષ્ટ નથી. એટલે તેમણે મકરધ્વજને પોતાનું પુચ્છ વીંટાળીને પકડી લીધો અને તેને ખૂબ દૂર ફેંકયો. પછી હનુમાને હિંમતપૂર્વક નગરીમાં પ્રવેશ કર્યો. તેમણે સુગંધી પુષ્પોનો એક સુંદર હાર લઈને જતા માળીને અંદર જતો જોયો. તેમણે નિર્ણય કર્યો કે-મારે જયાં જવું છે ત્યાં પહોંચવાની આ શ્રેષ્ઠ તક છે. એટલે તેમણે એક પરમાણુ જેટલું રૂપ ધારણ કર્યું, અને જે હાર તે માળી લઈ જતો હતો તેમાં ભરાઈ ગયા. એથી હાર વધારે વજનદાર ન બન્યો, પહેલાં જેટલો જ હલકો રહ્યો. શું બન્યું હતું તેનો ખ્યાલ માળીને આવ્યો નહિ. તેણે તો એમ જ માન્યું કે, બધું પહેલાંની પેઠે જ ઠીક-ઠાક છે. તે હાર અહિરાવણને આપવામાં આવ્યો, જેણે તે હાર હાથમાં લીધો અને મંદિરમાં કામદા-દેવીના ગળામાં પહેરાવ્યો. તેણે દેવીને અનેક મિષ્ટ વાનગીઓનું નૈવેધ ધર્યું. મૂર્તિ આગળ મૂકેલા તે નૈવેધને હારમાં બેઠેલા હનુમાન ખાઈ ગયા. નૈવેદ્યને અદૃશ્ય થઈ જતું રાક્ષસોએ જોયું. તેમને આનંદ થયો કે દેવીએ અમારી ભક્તિનો સ્વીકાર કરવાની કૃપા કરી છે. આજે મારી પ્રાર્થનાનો પ્રત્યુત્તર મળ્યો, મારું સદ્દભાગ્ય શિખરે પહોંચ્યું,' એ વિચારથી અહિરાવણને પણ આનંદ થયો.

તે દરમિયાન રામને અને લક્ષ્મણને અંદર લાવવામાં આવ્યા. બલિ કરવાના પશુઓને જે રીતે શણગારવામાં આવે છે તેમ બંને ભાઈઓને શણગારવામાં આવ્યા હતા. તેમને બંને બાજુએથી રાક્ષસ-યોદ્ધાઓએ પોતાના હાથ વડે પકડી રાખ્યા હતા. તેમને વેદિની બાજુએ ઊભા રાખવામાં આવ્યા, તે હનુમાને જોયું. પોતે જ્યાં હતા ત્યાંથી હનુમાને પૂજ્યભાવપૂર્વક રામને પ્રણામ કર્યા અને પોતાના મનને તેમની ભક્તિથી ભરી દીધું. અંગ-રક્ષકોએ બંને ભાઈઓને મૂર્તિની બરાબર સામે ઊભા રાખ્યા, અને તેમના ગળા સામે તીક્ષ્ણ તલવારો ધરી અહિરાવણ બોલ્યો, “આરતી પૂરી થાય કે તરત જ આ બે ભાઈઓના જીવનનું બલિદાન આપવાનું છે. એટલે એક ક્ષણનો પણ વિલંબ ન થાય તે રીતે તમારે આ હુકમનો અમલ કરવા તૈયાર રહેવાનું છે.” રામ અને લક્ષ્મણ દિવ્ય પુરુષો હતા, જેઓ માનવ તરીકેનું માત્ર નાટક ભજવી રહ્યા હતા. તેમને ખબર પડી ગઈ હતી કે અહિરાવણે દેવીને ધરાવેલું નૈવેધ હનુમાન ખાઈ ગયા હતા. એટલે તેમણે ભાવી ઘટનાઓનો સ્વીકાર ગમ્મતપૂર્વક કરવાનો વિચાર કર્યો. તેમને સ્મિત કરતા અને હળવા હૃદયવાળા જોઈને અહિરાવણને ખૂબ ક્રોધ ચઢયો. તે બોલ્યો, ‘ જો તમારી જીવનની જે થોડીક ક્ષણો બાકી રહી છે તે તમને આટલો બધો આનંદ આપતી હોય, તો તેમાં મને કોઈ વાંધો નથી. તમારાથી બની શકે ત્યાં સુધી માણો. થોડાક સમય પછી તમારે મૃત્યુના દેવ યમરાજના લોકમાં સ્મિત કરવાનું રહેશે.' તેણે ભાઈઓ પ્રત્યે કશું ધ્યાન ન આપ્યું,

પણ તેણે તેમના કમનસીબને માણવાનું અને તેમને વધારે દુઃખ થાય તેવા શબ્દો બોલવાનું ચાલુ રાખ્યું. પછી પુરોહિત ઊભો થયો. પોતાના રાજાને પ્રણામ કરીને તે બોલ્યો કે રાજનીતિનો નિયમ છે કે જેમને બલિરૂપે ચઢાવવાના છે તેમને મૃત્યુ પછી શાંતિ મળે તે માટે તેમનાં રક્ષક, ઈષ્ટ દેવને પ્રાર્થના કરવાની તેમને ઈચ્છા હોય તો તે છૂટ આપવી જોઈએ. રાક્ષસોનો રાજા પોતાના આસનની પરથી ઊઠયો અને બોલ્યો કે,' હે રાજકુમારો, જો તમારો હવે કોઈ શુભેચ્છક હોય તો તેનો આભાર માનવાનો આ સમય છે, કારણ કે હવે તમારે થોડીક ક્ષણો માટે જીવવાનું છે.' રામે અને લક્ષ્મણે એકબીજાની સામે જોયું અને તેમણે સ્મિત કર્યું.

તે જ ક્ષણે હનુમાને ભયંકર ગર્જના કરી. રાક્ષસોએ તે ગર્જના સાંભળીને એમ માન્યું કે અમારા દેવી પ્રગટ થયાં છે અને પોતાનો ક્રોધ વ્યક્ત કરી રહ્યાં છે. હનુમાન હારમાંથી બહાર કૂદ્યા; તેમણે પોતાનું ભયંકર રૂપ ધારણ કર્યું અને દેવીના હાથમાંની તલવાર લઈ તેમણે અહિરાવણને જમીન પર પાડી દીધો અને અસિ-પ્રહારો વડે તેના શરીરના ટુકડા કરી નાંખ્યા. પણ અહિરાવણના શરીરમાં હીરાનું બળ હતું. તેને એવું એક રહસ્યમય વરદાન મળ્યું હતું કે, તેના શરીરના ટુકડા થઈ ગયા હોય, તો પણ તે સંધાઈ જાય અને શરીર આખું બની જાય. તે ક્ષણે હનુમાને મનને રામમાં એકાગ્ર કર્યું. “રામનો જય હો” એવી ગર્જના કરીને તેમણે એક હાથ વડે રાક્ષસનું મસ્તક પકડયું અને બીજા હાથમાંની તલવાર વડે તેને ધડથી જુદું કરી દીધું. તે બે ટુકડા સંધાઈ જાઈ ત્યાર પહેલાં તેમણે અહિરાવણના મસ્તકને વેદિમાંના અગ્નિની જ્વાળાઓમાં, દેવીની આગળ, નાંખી દીધું.

તે જ સમયે મકરધ્વજ મંદિરમાં દેવી આગળ આવી પહોંચ્યો. હનુમાને અહિરાવણના માથા પરનો સુવર્ણ મુકુટ તેને માથે મૂક્યો અને તેને પાતાળનો રાજા ઘોષિત કર્યો. તેમણે તેને સલાહ આપી કે સદા આ બે ભાઈઓનો આભાર માનજે, તેમને વફાદાર રહેજે અને તેમની ભક્તિ કરજે. પછી હનુમાને રામને અને લક્ષ્મણને પોતાના ખભે બેસાડ્યા અને એક કૂદકો મારી તે પાતાળમાંથી સહીસલામત વાનરોની વચ્ચે આવી પહોચ્યાં. વાનરો પોતાની લાખો આંખો વડે ઉત્સુકતાપૂર્વક તેમની રાહ જોઈ રહ્યા હતા. રામ - લક્ષ્મણને સલામત જોઇને વિભીષણ અને બીજા વાનરો આનંદવિભોર બની ગયા. તેઓ હનુમાનને ભેટી પડયા અને આભારનાં આંસુ વહેવરાવવા લાગ્યા. વાનરોએ હનુમાનની પ્રશંસાનાં હજારો ગીતો ગાયાં . તેમણે હનુમાનને પોતાના ખભા પર ઊંચકી લીધા, તેમને ભોજન કરાવ્યું , વહાલ કર્યા . તેમણે હનુમાન પર પોતાના પ્રેમનો વરસાદ વરસાવ્યો. વિભીષણ રામ આગળ ઊભા રહીને બોલ્યા, “ સ્વામી , હું તમારી લીલાની શી વાત કરું ? તમારાં કાર્યો અને પ્રવૃત્તિઓનો અર્થ અમને માત્ર તમે જ પ્રગટ કરી શકો. તમે પાતાળ - લોકમાં પણ રાક્ષસજાતિનો વિનાશ કરવાનો સંકલ્પ કરીને આવ્યા છો , તે સંકલ્પ પૂરો કરવા તમે આ નાટક ભજવી રહ્યા છો- તે હું

જાણું છું ."

રાવણને ખબર પડી કે હનુમાન રામ - લક્ષ્મણને અહિરાવણના રાજ્યમાંથી પાછા લઈ આવ્યા છે. તેણે પોતાના પુત્ર અહિરાવણના કરુણ મૃત્યુના સમાચાર સાંભળ્યા. તે ભાંગી પડ્યો અને જમીન પર પડ્યો . લાંબા વખત સુધી મોટેથી તેણે તે માટે વિલાપ કર્યો . તેની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. રાણી મંદોદરી તેની પાસે આવ્યાં અને આશ્વાસન આપીને તેના શોકને ઓછો કરવા પ્રયત્ન કરવા લાગ્યાં . પણ રાવણે તેમના શબ્દો પર ધ્યાન આપ્યું નહિ . તેમની મૃદુ સલાહથી તે વધુ ને વધુ ક્રોધે ભરાયો . રાવણે હિંમત એકઠી કરી અને તે જ વખતે તેને મળવા આવેલા એક મંત્રીને મળવા તે ઓચિંતો ઊભો થયો . તેનું નામ સિંધુરનાથ હતું , તે એક વૃદ્ધ સન્માનનીય વડો હતો, તે ખૂબ ડાહ્યો હતો. જ્યારે વિભીષણ લંકામાં હતા ત્યારે તે તેમની સાથે નિકટનો સંબંધ ધરાવતો હતો . તેણે રાવણને અનેક નૈતિક સદ્દગુણોની અને માનવોની મત્યર્તા બાબતની સલાહ આપી, પણ રાવણે તેના શબ્દો પર ધ્યાન આપ્યું નહિ , તેના શબ્દો પ્રત્યે તેણે ખુલ્લી ધૃણા બતાવી . તે પ્રતિક્રિયા જોઈને મંત્રી દિલગીર થયો . તેને લાગ્યું કે, ' વિપત્તિ સમયે માણસની બુદ્ધિ વિપરીત બની જાય છે. બિચારો રાવણ વિનાશ પ્રત્યે જઈ રહ્યો છે, તેથી તેને મધુર સલાહ કડવી લાગે છે. " છતાં અનુકંપાને કારણે તેણે સહાનુભૂતિપૂર્ણ સલાહ આપવાનું ચાલુ રાખ્યું .

રાવણ પોતાની જાતને કહેવા લાગ્યો કે, "મારાં બધાં સગાં - વહાલાં મરી પરવાર્યા; તેમાંનું કોઈ જીવતું રહ્યું નથી." તે સમયે એક વૃદ્ધ મંત્રી બોલ્યો, 'તમે એમ શા માટે બોલો છો ? નરાંતક નામનો એક બીજો પુત્ર જીવે છે, તેની પાસે ૭૨ કરોડ રાક્ષસો છે. તેને મદદે બોલાવો . તરત જ એક દૂત મોકલો; તે શત્રુઓનો વિનાશ કરી શકશે , તેમાં તમારે શંકા કરવાની જરૂર નથી.' તે શબ્દો સાંભળીને રાવણ હર્ષ પામ્યો . તેણે ધૂમકેતુ નામના દૂતને મોકલ્યો અને કહ્યું કે, ચતુર નરાંતકને તારી સાથે જ લેતો આવજે. દૂત ગયો. તેણે લંકામાં બનેલી કરુણ કથા નરાંતકની આગળ વર્ણવી , અને કહ્યું કે રાવણે તરત જ તમનેમદદે બોલાવ્યા છે . પોતાની સેના લઈને તે નીકળ્યો . રણભૂમિ આવતાં વેંત તેણે વાનર સેના પર હુમલો કર્યો . હનુમાને તેને દૂરથી જોયો . તે નરાંતક સાથે લડવા ગયા . તેમને અને તેમના ભયંકર રૂપને જોઈને નરાંતક ભયભીત બની ગયો . તેણે ધૂમકેતુને પૂછ્યું કે , આ કોણ છે? ધૂમકેતુએ જવાબ આપ્યો કે તે અજેય વીર હનુમાન છે , જેણે તમારા બધા ભાઈઓને મારી નાંખ્યા છે. તે સાંભળીને નરાંતકને વધારે ક્રોધ ચઢયો . તેણે ધનુષ પર બણોનું અનુસંધાન કરીને હનુમાન પર છોડયાં. પણ હનુમાને તે બધાં બાણોને હાથ વડે પકડીને તેમનાં ભુક્કા કરી નાંખ્યા . પછી હનુમાન નરાંતકની ખૂબ નજીક આવ્યા અને છાતીમાં બળવાન મુષ્ટિ - પ્રહાર કરીને તેની છાતીને તેમણે છુંદી નાંખી , તેમણે નરાંતકને ઊંચક્યો , હવામાં ચારેય બાજુએ ઘુમાવ્યો , અને પાતાળના

રસાતલ નામના પ્રદેશમાં ફેંકી દીધો . તેના લાખો રાક્ષસ - અનુયાયીઓને સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યા. હનુમાને નરાંતકની સેનાના રથોને ચૂરા કરી નાખ્યા ; સારથિઓને મારી નાંખ્યા .

• • •

## દશ મસ્તકો ગબડે છે

તે વિનાશના સમાચાર સાંભળીને રાવણ બોલી ઊઠયો, 'આ યુદ્ધનો આવો અંત આવશે , એવી અપેક્ષા કોણે રાખી હતી ? તે આવું ખતરનાક પરિણામ લાવશે એવું કોણે ધાર્યું હતું?' નરાંતકના મૃત્યુના સમાચારે આખી લંકામાં ભય પ્રસારી દીધો . ઘણા જ્ઞાની વિદ્વાનો રાવણ પાસે આવ્યા અને તેને પુત્રના મૃત્યુ બદલ આશ્વાસન આપવા લાગ્યા. પણ તે માત્ર સમયનો બગાડ હતો. તેમની સલાહ રાવણના મસ્તિષ્કમાં પ્રવેશી શકી નહિ. જ્યારે રાવણ સ્વસ્થ બન્યો , ત્યારે તેણે નરાંતકની પત્નીનો વિલાપ સાંભળ્યો. તેથી તે વધારે ક્રોધે ભરાયો. વૈરવૃત્તિની અને ક્રોધની જ્વાળાઓમાં તે પોતાની જાતને ભૂલી ગયો. રાત વીતી ગઈ અને સવાર પડ્યું , પણ રાવણની નજરે તે પડ્યું નહિ. વાનરો લંકાના ચારેય દરવાજાઓ આગળ એકત્રિત થયા અને રોજની પેઠે તેમાં પ્રવેશ કરવા માટે તૈયાર થઈ ગયા.

રાવણે રાક્ષસ યોદ્ધાઓને એકઠા કર્યા અને તેમને તેણે કહ્યું , " સૈનિકો , . જો યુદ્ધના ખ્યાલથી તમારું હૃદય કંપી ઉઠતાં હોય, તો તમે આ ક્ષણે જ સેનામાંથી ચાલ્યા જાઓ એ શ્રેષ્ઠ છે . યુદ્ધ ચાલતું હોય ત્યારે ભાગી ન જશો. જો તમે તેમ કરશો, તો મારે હાથે હું તમને મારી નાંખીશ." એવી ધમકી આપી તેથી તેને એમ લાગ્યું કે - હવે તેઓ આખર સુધી લડશે. પછી તે સૌથી વધારે વેગવાળા રથને મંગાવ્યો. તેણે આજ્ઞા કરી કે યુદ્ધ - દુંદુભિ અને રણશીંગા વગાડો. અંધકારને ગાઢ બનાવતા પર્વત - શિખરો પેઠે, રાક્ષસયોદ્ધાઓ પંકિત - બદ્ધ રીતે આગેકૂચ કરવા લાગ્યા. તેમને અનેક અપશુકનો થયાં, પણ પોતાના શારીરિક બળની આપ - વડાઈ કરનાર રાવણે તેમનાં પર ધ્યાન આપ્યું નહિ. પોતાની પકડમાં રાખેલાં આયુધો નીચે ગબડી પડ્યાં, તેનો સારથિ પોતાની જગ્યાએથી નીચે ગબડી પડ્યો . યુદ્ધ માટે આગેકૂચ કરતા હાથીઓ અને અશ્વો મોટેથી રુદન કરવા લાગ્યા . ચારેય બાજુએ કૂતરાં અને શિયાળવાં શોકનો અવાજ કાઢવા લાગ્યાં . ઘુવડો લંકાના વિનાશને પ્રગટ કરતાં હોય તેમ અપશુકનિયાળ અવાજ રીતે કરવા લાગ્યાં. રાક્ષસ સેનાના અશ્વદળ , ગજદળ અને પાયદળ દરવાજાઓ આગળ શત્રુનો મુકાબલો કરવા માટે આગળ વધ્યા. સેનાના કઠોર પગલાં નીચે દબાઈ રહેલી ધરતી ધ્રૂજી ઊઠી. તે સેનાનો દમામ અવર્ણનીય હતો; રાવણનું સૈન્ય વસંતઋતુના દેવના સૈન્ય જેવું પ્રકાશતું હતું . જે વસંતઋતુમાં દર વર્ષે રંગો, સંગીત અને આનંદ પ્રગટ થાય છે. દુંદુભિઓ, રણસિંગા,શરણાઈઓ,વીરતાના અને સાહસના ભવ્ય પ્રવાહમાં પોતાના સૂર રેલાવી રહ્યાં હતાં. તે દરમિયાન વાનરો અને રિંછો, કોઈ અદ્રશ્ય શક્તિ વડે જેમની પાંખો કાપી નાખવામાં આવી છે તેવા ભારે પર્વતોની પેઠે, રાક્ષસો પર તૂટી પડ્યા. યમરાજના દૂતોની પેઠે તેમણે રાક્ષસો ઉપર હુમલો કર્યો. તેમના સૌથી વધારે પ્રભાવશાળી આયુધો હતાં, તેમના દાંત અને નખ. તમે શત્રુઓ પર ટેકરીઓ

અને મોટા વૃક્ષો નાખવા માંડ્યા.' અમારા સ્વામીનો જય હો' એવી સિંહ ગર્જનાથી રાક્ષસોના હાથી જેવા હૃદય ભયપૂર્વક ખૂબ કંપી ઉઠયા. થોડા જ સમયમાં રાક્ષસો અને વાનરો વચ્ચેના દ્વંદ્વ યુદ્ધનું રૂપ ધારણ કર્યું. 'રામનો જય હો ' એ નિનાદ ને ' રાવણનો જય હો' એ નિનાદથી પ્રત્યુત્તર મળવા લાગ્યા. રાક્ષસો યમદૂત પેઠે લડ્યાં. વાનરોના ઘામાંથી ખૂબ લોહી વહેવા માંડ્યું. વાનરો રાક્ષસોને બળવાન મુષ્ટિ પ્રહારો કરતા, પોતાના દાંત વડે રાક્ષસોને ચીરી નાંખતા, પોતાના પગો વડે તેમનાં પાંસળામાં લાત પ્રહાર કરતા. રાક્ષસોને પકડીને, વાનરો તેમને ચીરીને બે અડધાં ફાડિયાં કરી દેતા. તેમનાં આંતરડા બહાર કાઢીને, વાનરો તેમને માળાઓ તરીકે ગળામાં પહેરતા. રાવણે પોતાની સેનાનો વિનાશ થતો જોયો. તે ગભરાયો, તેણે પોતાનું ધનુષ હાથમાં લીધું અને ભયંકર રણભૂમિમાંથી ભાગી જતા પોતાના સૈનિકો પર તે બાણ છોડવા લાગ્યો. રાવણને પોતાના જ યોદ્ધાઓ પર ક્રોધ કરતો જોઈને વાનરોને વધારે પ્રેરણા મળી; હર્ષપૂર્વક તેઓ બૂમો પાડવા લાગ્યા અને મોટી સંખ્યામાં તેઓ રાવણ પર ધસી ગયા. તેમણે રાવણ પર શિખરો અને વૃક્ષો વડે નિશાન તાક્યું. રાવણ ચારેય બાજુએ ફરી વળ્યો અને પોતાના સૈનિકોને દૃઢતાપૂર્વક ખડા રહેવાનું પ્રોત્સાહન આપવા લાગ્યો. આક્રમણને ખાળવા માટે અસમર્થ વાનરો ચારેય દિશાઓમાં ભાગી જવા લાગ્યા . તે વિલાપ કરવા લાગ્યા કે - હે રાજા સુગ્રીવ, અમને બચાવો, બચાવો .

રાવણ વડે ફેંકાયેલાં બાણોની વૃષ્ટિથી પૃથ્વી પર અને આકાશમાં અંધકાર છવાઈ ગયો . વાનરો તે પ્રદેશના દૂર દૂરના ખૂણાઓ તરફ ભાગી ગયા; શિબિરમાં અંધાધૂંધી વ્યાપી ગઈ. લક્ષ્મણે તે પરિસ્થિતિ જોઈ; તેમણે પોતાની કમર કસી અને ધનુષ - બાણ હાથમાં લીધાં, રામને સાષ્ટાંગ પ્રણિપાત કરીને, તેમના આશીર્વાદ પ્રાપ્ત કરીને, યુદ્ધ કરવા નીકળ્યા .

લક્ષ્મણે રાવણનો ઉપહાસ કરતાં કહ્યું, “હે દુષ્ટ , વાનરોને અને રીંછોને મારી નાંખવાથી તને શો લાભ થવાનો હતો ? તારી સામે સાક્ષાત મૃત્યુ જેવા ઊભેલા મને જો. હું તારી પાર્થિવ કારકિર્દીને સમાપ્ત કરવા આવેલો કાળ છું.” રાવણે જવાબ આપ્યો, “ઓહ, શું હું તને નથી ઓળખતો? તું મારા પુત્રનો સંહારક છે. ઘણા દિવસથી હું તને શોધી રહયો હતો . આજે તને મારી નાંખીશ અને મારા હૃદયને શાંતિ આપીશ." ક્રોધપૂર્ણ બૂમો પાડીને રાવણે લક્ષ્મણ સામે તીક્ષ્ણ બાણો છોડ્યાં, પણ લક્ષ્મણે કુશળતાપૂર્વક તે બાણોના વચ્ચેથી જ કાપીને હજાર ટુકડા કરી નાંખ્યા. લક્ષ્મણે રાવણ પર જલદ બાણો છોડ્યાં અને રાવણના રથને તથા સારથિને છિન્ન - ભિન્ન કરી નાંખ્યા. લક્ષ્મણ એકી સાથે સેંકડો અને તેથી પણ વધારે , ભયંકર બાણો વરસાવતા હતા. તે બાણો રાવણને મુખ પર અને છાતી પર વાગ્યાં , એટલે તે જમીન પર પડી ગયો; પ્રહારના દુઃખથી બેભાન બની ગયો . પણ બહુ જ જલ્દી તે ભાનમાં આવ્યો , ઊભો થયો , અને તેણે ત્રિમૂર્તિમાંના પ્રથમ દેવ બ્રહ્માએ તેને આપેલું બળવાન આયુધ

લક્ષ્મણ પર છોડ્યું. તે વાગતાં લક્ષ્મણ જમીન પર પડ્યા. હનુમાને તે જોયું . તે તરત લક્ષ્મણ પાસે ગયા અને રાવણને ગાળો ભાંડવા લાગ્યા ; રાવણે હનુમાનને એક બળવાન મુષ્ટિ - પ્રહાર કર્યો ; તેથી હનુમાનને ચકરી આવી પણ તેમણે પોતાની જાતને સુસ્થિર કરી લીધી. તેમણે રાવણને તેના કરતાં પણ વધારે જોરથી મુષ્ટિ - પ્રહાર કર્યો. રાવણ તે આઘાતથી દિગ્મૂઢ બની ગયો . તે મનમાં બોલ્યો કે - આ વાનરનો મુષ્ટિ પ્રહાર બળીને ભસ્મ થઈ જાઓ; મને કલ્પનામાં પણ ન હતું કે એક વાનરનો મુષ્ટિ - પ્રહાર આવો વજ્ર જેવો હશે .

તે દરમિયાન લક્ષ્મણ મૂર્છામાંથી પુનઃસ્વસ્થ થયા અને તે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા . રાવણ ફરી બેભાન બની ગયો હતો , એટલે તેને ઊંચકીને બીજા રથમાં મૂકવો પડયો ; તેનો સારથિ ચતુરાઈપૂર્વક તે રથને લંકામાં હાંકી ગયો . લંકામાં ગયા પછી રાવણ ભાનમાં આવ્યો અને તેણે તરત જ હુકમ કર્યો કે પાતાળ - હોમ નામનો વિજયપ્રદ વિનાશકારી વિધિ કરો , જેથી બારણે આવેલા શત્રુને હરાવી શકાય . એ કેવો મોટો મૂર્ખ હતો ! શું તે કદી રામ સાથેના યુદ્ધમાં વિજય મેળવી શકે ખરો? વિભીષણના ગુપ્તચરોએ પાતાળ - હોમના સમાચાર વિભીષણને પહોંચાડ્યા. વિભીષણ સમયસર સાવધાન બની ગયા. તે તરત જ રામ પાસે આવ્યા તેમને પગે પડીને તે બોલ્યા, "સ્વામી , જે યજ્ઞ ભૂતકાળમાં મેઘનાદે શરૂ કર્યો હતો તે જ યજ્ઞ કરવામાં હવે રાવણ ગૂંથાયો છે . આ યજ્ઞને પણ વાનરોએ દૂષિત કરવાનો છે અને અભડાવવાનો છે, જેથી તે યજ્ઞ દ્વારા રાવણ જે ઈચ્છે છે તે લાભ તેને ન મળે. જો અવરોધ વગર આ હોમ પૂર્ણ થશે, તો રાવણને હરાવવાનું કામ ખૂબ મુશ્કેલ બની જશે.”

તરત જ સવાર પડી . રામની આજ્ઞાનુસર અનેક અનુયાયીઓ સાથે અંગદ અને હનુમાન યજ્ઞમંડપમાં પહોંચી ગયા. તેઓ અનેક ખૂબ આનંદમાં આવી જઈને કૂદવા લાગ્યા . તે રાવણના મહેલને ઘેરી વળ્યા અને બોલ્યો, “ હે દુષ્ટ યજ્ઞ કરનાર , તું રણભૂમિમાંથી ભાગી ગયો, ઘરમાં તને સલામતી લાગી. શું તું આરામપૂર્વક ધ્યાનમાં બેઠો છે? ” અંગદે હિંમતપૂર્વક તેની પાસે જઈને તેને લાત મારી . રાવણ પ્રારંભિક મૌનમાં અને ધ્યાનમાં બેઠો હતો . જો તે જરા પણ હાલે ચાલે અથવા ધ્યાનને વિક્ષિપ્ત બનાવે , તો હોમ માટે તે અપવિત્ર અને અયોગ્ય બની જાય, અને જે વિજયપ્રદ યજ્ઞ કરી રહ્યો હતો તે ફળ ન આપે . અંગદે અને વાનરોએ તેની સાથે મનસ્વી વ્યવહાર કરવા માંડયો. કેટલાક વાનરોએ તેને બચકાં ભર્યાં; કેટલાકે તેના વાળ ખેંચ્યા હદ આવી ગઈ. રાવણ ખૂબ ક્રોધે ભરાયો ; તે ઊભો થયો, કેટલાક વાનરોને હાથ વડે પકડયા , તેમને હવામાં ગોળ - ગોળ ઘુમાવ્યા અને જમીન પર પછાડવા તેણે પ્રયત્ન કર્યો . પણ તે એક ડગલુંયે આગળ ન ભરી શકયો . તેથી તેને ખૂબ શરમ આવી . થોડા જ સમયમાં રાવણ અને વાનરો વચ્ચે નિયમિત સંઘર્ષ જામ્યો; તેણે યોજના

કરી હતી તે હોમ - વિધિ પૂરો ન કરી શકાયો . રાવણ શોકમાં ડૂબી ગયો .

જે બન્યું હતું તેની જાણ રામને કરવામાં આવી; પોતાની યુક્તિ સફળ બની તેથી વિભીષણને અને બીજાઓને હર્ષ થયો . પોતે યજ્ઞ પૂર્ણ ન કરી શકયો તેથી રાવણ ખૂબ નિરાશ થઈ ગયો . પણ તેણે ફરજના ભાન સાથે યુદ્ધભૂમિ તરફ જવાનો નિર્ણય કર્યો. મહેલમાંથી તે નીકળ્યો કે તરત અપશુકનો થવા લાગ્યાં. સમડીઓ ઊડીને આવી અને તેના મસ્તક અને હાથ પર બેઠી , તેનો મુગટ પોતાને સ્થાનેથી ખસી ગયો. આ ચેતવણીઓ પર તેણે જરાપણ ધ્યાન આપ્યું નહિ . તેણે આજ્ઞા કરી કે, રણ - દુંદુભિઓ અને શંખો વગાડો. જ્યારે તે અવાજ કાને પડ્યો , ત્યારે લાખો રાક્ષસો એકત્રિત થયા. રામ સામે ખૂનખાર જંગ ખેલવા માટે તેનું સૈન્ય આગેકૂચ કરવા લાગ્યું . રામે ખભે બાણનો ભાથો અને ધનુષ હાથમાં લીધાં . તેમના બાહુ દીર્ઘ હતા, છાતી વિશાળ હતી . તે તેજ - સભર મનોહારિતાની મૂર્તિ સમાન હતા. વીરતાભર્યા બળના મૂર્તિ સમાન તે રણભૂમિ પર ખડા રહ્યા . આકાશમાં દેવો એકઠા મળ્યા, અને રાક્ષસયૂથોથી માનવજાતિને ઉગારનાર રામની પૂજયભાવપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. યોગ્ય વ્યવસ્થાપૂર્વક વાનરસેના રામની પાછળપાછળ ચાલી, રામની આજ્ઞા અનુસાર વર્તવા તે સાવધ હતી . પ્રલયના દિવસે પૃથ્વી પર વિનાશકારી પૂરોને વહેવડાવનાર , ગર્જના કરતાં વાદળોની પેઠે વાનરસેના , રાક્ષસ સેનાનો સર્વનાશ કરવાનો નિશ્ચય કરીને, આગળ વધી . વાનરો શત્રુસેના પર જે પર્વત - શિખરોને નાંખતા હતા , તે વજ્ર - ઘોષ સાથે નીચે પડતાં હતાં . એક ક્ષણમાં રાક્ષસસેનાના રથોનો , હાથીઓનો અને અશ્વોનો વિનાશ કરવામાં આવ્યો . હજારો રાક્ષસો ભૂમિ પર પડ્યા . લોહીની નદીઓ વહેવા લાગી. રાવણના બધા યોદ્ધાઓ મરી ગયા . તેને એમ લાગ્યું કે - હું એકલો છું, જ્યારે વાનરો અને રીંછો અનેક છે ; એટલે તેણે પોતાની માયા - શકિતનો પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો. રામ સિવાય બધા ઉપર તેણે માયાનો પ્રયોગ કર્યો, પણ રામનો સંકલ્પ જુદો જ હતો . તેમના સંકલ્પને કારણે , રાવણ જયાં જયાં નજર કરતો, ત્યાં ત્યાં વાનર સૈન્યનો વિશાળ સાગર તેને દેખાતો, જે સૈન્યોને મોખરે રામ અને લક્ષ્મણ તેમને દોરતા હતા. તે જોઈને રાવણને ખ્યાલ આવી ગયો કે મારી માયા કશી અસર ઉપજાવી શકી નથી. થોડા જ સમયમાં બધા વાનરોને પોતાની પાસે બોલાવીને રામે ગંભીરતાપૂર્વક કહ્યું, "લાંબા સમય સુધી ચાલેલા કઠોર યુદ્ધથી તમે બધા થાકી ગયા છો. જાઓ અને આરામ કરો. હવે રામ અને રાવણ વચ્ચે થતાં યુદ્ધને જુઓ."

રામ એમ બોલ્યા કે તરત જ રાવણ પડકારની ગર્જના સાથે રામ સામે આવ્યો. તે જોઈને રામ સ્મિત કર્યું અને તે મૃદુ અવાજે બોલ્યા, " હે મૂર્ખ, પ્રથમ તો હું જે નીતિમય સલાહ આપું છું તે સાંભળ. જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. પ્રથમ પ્રકારના મનુષ્યો પાતળા વૃક્ષ જેવા હોય છે, જે વૃક્ષને સુંદર ફૂલ આવે છે પણ તે ફુલ ફળરૂપ બનતા નથી.જે લોકો માત્ર વાણી વિલાસ કરે છે અને

બોલ્યા પ્રમાણે જરાપણ આચરણ કરતા નથી , તેઓ આ પ્રકારના છે . બીજા પ્રકારના લોકો કેળના વૃક્ષ જેવા હોય છે. તે વૃક્ષ ફૂલ અને ફળ બંને આપે છે. જે લોકો બોલે છે અને તે પ્રમાણે વર્તે છે તે લોકો આ પ્રકારના છે . ત્રીજા પ્રકારના લોકો ફણસના વૃક્ષ જેવા હોય છે . તે વૃક્ષને ફૂલ નથી હોતાં , માત્ર ફળો જ હોય છે . શ્રેષ્ઠ પ્રકારના મનુષ્યો આત્મશ્લાઘા કરતા નથી , વ્યર્થ બબડતા નથી , મોટી વાતો કરતા નથી , તેઓ મૌન રહી કાર્ય કરનાર લોકો છે . તું તો માત્ર બડાઈખોર છે . તારા અનીતિમય શાસને તારી જાતિનો વિનાશ સર્જ્યો છે."

રાવણ આ આરોપો સહન કરવાની મનોદશામાં ન હતો. તે બોલ્યો, “શું ? તું મને બોધ આપવાની હિંમત કરે છે?” તેણે રામને ખૂબ ગાળો ભાંડી, તેણે ઓચિંતા રામ પ્રત્યે અનેક બાણો વરસાવ્યાં. રામે અગ્નેયાસ્ત્રથી તેનો પ્રત્યુત્તર આપ્યો. રામના અસ્ત્રથી રાવણનાં બધાં બાણો બળીને ભસ્મ થઈ ગયાં. રાવણે રામ પ્રત્યે લાખો તીક્ષ્ણ ધારવાળાં ચક્રો અને ત્રિ-પાંખિયા ભાલા ફેંકયાં. પણ તેના દુષ્ટ હૃદયની આશાઓ પૂર્ણ ન થઈ. પછી રામે પોતાના અમોઘ ધનુષને હાથમાં લીધું અને અનેક ખતરનાક બાણો તાકયાં, જે સીધાં, પ્રતિકાર ન થઈ શકે એવા યમદૂતોની પેઠે, મૃત્યકારક વિષ શરીરમાં દાખલ કરવા ઉત્સુક એવા સર્પોની પેઠે, રાવણ પ્રત્યે ઊડયાં .

રામે જોયું કે રાવણનું એક મસ્તક બાણ વડે કપાઈ જાય છે કે તરત જ તેની જગ્યાએ બીજું મસ્તક ફૂટી નીકળે છે. આગામી મૃત્યુની ઉપેક્ષા કરતો રાવણ અભિમાનમાં ડૂબેલો હતો. તેણે ખૂબ હર્ષપૂર્વક રામને પડકાર ફેંકયો . તે એક ભયંકર દૃશ્ય હતું. જમીન પર ગબડી પડેલાં મસ્તકો બૂમો પાડી રહ્યા કે રામ ક્યાં છે, લક્ષ્મણ ક્યાં છે, સુગ્રીવ ક્યાં છે? ધડ પર રહેલાં મસ્તકો દાંત પીસતાં હતાં અને વિભીષણ ક્યાં છે ?"એમ બોલી તેને ગાળો ભાંડતાં હતાં. તે બોલતાં હતાં, ' હે મારા ભાઈ! તું ગાદીનો વારસ બને એ માટે તું તારા ભાઈના મૃત્યુના સમાચારની રાહ જોઈ રહ્યો છે, તે બદલ તને શરમ હો! તું વીર નથી, તું એક બાયલો તાપસ છે. તને ધિક્કાર હો! કોઈએ તારું મોહ ન જોવું જોઈએ તરત જ કપાઇ ગયેલાં મસ્તકો ફરી ઊગ્યાં. રાવણ ખૂબ ભયંકર રીતે અને અસાધારણ વીરતાપૂર્વક લડવા માંડ્યું. લક્ષ્મણ, સુગ્રીવ અને અંગદ તેને જોઈ ગયા હતા અને તેના બળ ની પ્રશંસા કરી રહ્યા હતા છેવટે રામે નિર્ણય કર્યો કે રાવણના મૃત્યુ માં હવે જરા પણ વિલંબ ન થવો જોઈએ દિવસે દિવસે તેના અન્યાયો અનેકગણા વધતા જતા હતા. નીલ અને બીજા વાનરવીરો રાવણ તરફ શિલાઓ ફેંકતા હતા અને તેને ખૂબ ઈજાઓ પહોંચાડતા હતા. પણ સાંજ પડી અને તે દિવસના યુદ્ધનો અંત આવ્યો. તે રાતે ત્રિજટા સીતા પાસે બેઠી; તેણે રામના અને રાવણના યુદ્ધનું વર્ણન કર્યું. તેણે કહ્યું કે રાવણનું મસ્તક કપાઇ જતાં તેની જગ્યાએ બીજું મસ્તક ઊગતું હતું. તે સાંભળીને સીતાનું મુખ ફિક્કું પડી ગયું. તે શોકમાં ડૂબી ગયાં, તેથી ત્રિજટાને આશ્ચર્ય થયું. તે બોલી, "ચિંતા ન કરશો, રાવણના હૃદયમાં

તમારું રૂપ સ્થાપિત થયેલું છે, તેથી તેને નવાં મસ્તકો ઉગે છે." તેથી સીતાને શોક અને હર્ષ બંને થયાં. ત્રિજટા ત્વરાપૂર્વક બોલી , " સીતા, શંકા ન કરશો. રાવણનો અંત પાસે છે. રામ વિજય પ્રાપ્ત કરશે. રામ પણ દરેક બાણ છોડતી વખતે તમને યાદ કરે છે, તેમના હૃદયમાં પણ તમારું રૂપ છે . એટલે રાવણ તમારી સ્મૃતિ ભૂલી જાય તે ક્ષણ આવે ત્યાં સુધી અંત લંબાયા કરે છે . તે જ ક્ષણે તેનો અંત આવશે , તે માર્યો જશે."

બીજા દિવસના યુદ્ધમાં રાવણે પોતાની રહસ્યમય માયા - શક્તિનો ઉપયોગ કર્યો . તેણે સર્જેલાં ભૂતો , પ્રેતો , પિશાચો વડે યુદ્ધ - ભૂમિ ઊભરાઈ ગઈ. તેમના હાથોમાં ધનુષો અને બાણો હતાં. પિશાચિનીઓ આસપાસ નૃત્ય કરતી હતી; તેમના એક હાથમાં તલવાર હતી , બીજા હાથમાં પકડેલી ખોપરીમાંથી લોહી પીતી હતી. તેઓ ચીસો પાડીને બોલતી હતી કે પકડો, મારો, મારી નાંખો. વાનરો જે જે દિશામાં આગળ વધતા, ત્યાં તેમની સામે અગ્નિની ઊંચી દીવાલો ખડી થઈ જતી. વાનરો અને રીંછો ભયથી અને આશ્ચર્યથી ચકિત બની ગયા. વાનર સેના પર ઓચિંતી રેતીની ખૂબ વૃષ્ટિ થવા લાગી. પોતાના શત્રુઓની દશા દેખીને આનંદપૂર્વક ગર્જના કરી. લક્ષ્મણ, સુગ્રીવ અને બીજા વાનરવીરો અસમર્થ બની ગયા. યોદ્ધાઓએ કરૂણ રીતે રામ ની મદદ માટે તેમને પ્રાર્થના કરી.રાવણની માયાથી ઉત્પન્ન થયેલા અનેક હનુમાનો રામને ઘેરી વળ્યા હતા .દરેક હનુમાનના હાથમાં મોટું પર્વત -શિખર હતું. તેઓ પોતાની પુચ્છ - ગ્રંથિઓમાં રામને પણ બાંધવા માટે પ્રયત્ન કરતા હતા. તે પુચ્છોનાં ગૂંચળાં બધી દિશાઓમાં અનેક માઈલો સુધી લાંબા હતાં. પણ તે બધા વિનાશ અને ગૂંચવાડાની મધ્યમાં રામ , એક તાજી ખીલેલી પુષ્પકળી પેઠે , કોઈ પણ જાતની ફિકર કે ઇજા વગર નીલ પ્રકાશતા હતા. તે જાણતા હતા કે આ બધાં રાક્ષસની માયાનાં ક્ષણભંગુર સર્જનો છે . પોતાને ગૂંચવાડામાં નાંખી દેવાના રાવણના પ્રયાસો પ્રત્યે તે મનમાં હસી રહ્યા હતા. પોતાના ધનુષમાંથી એક જ બાણ છોડીને તેમણે તે મયાશક્તિનાં વિવિધ પરિણામોનો વિનાશ કર્યો. વાનરોએ અને રીંછોએ તે ભયંકર દશ્યોને એક ક્ષણમાં વિલીન થઈ જતાં જોયાં અને તેઓ હર્ષ પામ્યા. રામના બાણે પ્રવેશ કર્યો કે તરત જ , સૂર્યનાં કિરણો આગળ જેમ ધુમ્મસ પીગળી જાય છે તેમ , તે બધી માયા પીગળી ગઈ. વાનરોએ રાવણ પર શિલાઓનો ઝંઝાવાતી વરસાદ વરસાવ્યો. અસ્ત્રો લઈને તેઓ રાવણની સામે કૂદવા લાગ્યા. આસપાસ પછી રામે એક તીક્ષ્ણ બાણ પસંદ કર્યું અને તેને રાવણ તરફ ફેંકર્યું . તેણે એક મસ્તકને છેદી નાંખ્યું, પણ એક ક્ષણમાં તેની જગ્યાએ બીજું ઊગી નીકળ્યું. આમ વારંવાર બન્યું. રામ તે મજાકે જોઈ રહ્યા હતા , માણી રહ્યા હતા . તેમને એ ઘટના યાદ આવી કે - લાભની જગ્યાએ લોભ આવે છે , લાભ મળે કે તરત લોભ વધે છે . કપાઈ જતા મસ્તકને તેમણે લાભ તરીકે કલ્પ્યું, અને ઊગતા મસ્તકને લોભ તરીકે!

રામ અને રાવણ વચ્ચે જે યુદ્ધ થયું તે અતુલ અને નિરતિશય ઝનૂની હતું . કહેવત છે કે સમુદ્ર , સમુદ્ર જેવો છે , અને આકાશ , આકાશ જેવું છે ; તેમને બીજા કશા સાથે સરખાવી શકાય તેમ નથી , તે જ રીતે રામ - રાવણનું યુદ્ધ રામ - રાવણના યુદ્ધ જેવું હતું . તે યુદ્ધ અઢાર દિવસ સુધી ચાલ્યું. રામને યુદ્ધનો થાક જરાપણ લાગતો ન હતો ; તેમને માટે યુદ્ધ એક રમત હતી , એક મનોરંજનની ક્રીડા હતી . ચૌદ વર્ષના વનવાસની મુદતમાં હજી થોડા દિવસો બાકી રહ્યા હતા . એટલે તે યુદ્ધની રમતમાં થોડાક દિવસ વધારે પરોવાઈ રહે તે પોષાય એવું હતું. જો રામ યુદ્ધના આખરી અંક બાબત નિર્ણય કરે તો રાવણ કેવી રીતે પોતાના મૃત્યુને થોડાક વધુ સમય માટે મુલતવી રાખી શકે, અથવા રામના નિર્ણયમાં ફેરફાર કરી શકે? જ્યારે નિશ્ચય કરેલો સમય પૂરો થઈ ગયો, ત્યારે રાવણને બધી રીતે અપશુકનો થવા લાગ્યાં. કુતરા રડવા લાગ્યાં, શિયાળવાં રડવા લાગ્યાં. આકાશમાંથી અગ્નિના ગોળા પડવા લાગ્યા. બધી દિશાઓમાં ઓચિંતી જ્વાળાઓ ભભૂકી ઉઠવા લાગી. રાણી મંદોદરીનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. દરેક ઘરમાં અને આખી નગરીમાં, મંદિરોમાંની મૂર્તિઓ ખૂબ આંસુ સારવા લાગી, ટેકરી ઉપર અને ખીણમાં થતી ભીષણ ગર્જનાઓ ભય પ્રસારવા લાગી. આ વિપત્તિસૂચક ચિહ્નો જોઈને સાવધાન બનેલા દેવોએ જાણ્યું કે રાક્ષસોનો અંત હાથવેંતમાં છે . તેઓ ધર્મના વિજયને જોવા અને તેનું સ્વાગત કરવા માટે, "જય , જય " બોલાવવા આકાશમાં એકઠા થયા.

પછી રામે રાવણ પર એકીસાથે એકત્રીસ બાણ છોડ્યાં. ભીષણ નાગોની પેઠે તે ઊડ્યાં . એક રાવણની નાભિ હેઠળ રહેલા અમૃતકુંભમાં પ્રવેશ્યું. બાકીનાં ત્રીસ બાણોએ તેનાં દશ મસ્તક અને વીસ હાથ છેદી નાંખ્યાં. જ્યારે તેનાં મસ્તકો અને અંગો જમીન પર પડ્યાં, ત્યારે થોડા સમય સુધી તે ઠેકડા મારીને ઊઠીને અને પડીને, પાગલ નૃત્ય કરવા લાગ્યાં. છેવટે તે શાંત બની જમીન પર પડી રહ્યાં. આમ રાવણ મૃત્યુ પામ્યો અને સ્વર્ગમાં ગયો. તે દિવસ ચૈત્ર માસના શુકલ પક્ષની ચતુર્દશી હતી.

તે જ ક્ષણે આકાશમાં અનેક સ્વર્ગીય દુંદુભિ વાગ્યાં. રાવણનો તેજોમય આત્મા રામમાં વિલીન થઈ ગયો. તે દ્રશ્ય જોઈને વાનરયોદ્ધાઓ અચંબામાં પડી ગયા. અઢાર દિવસ ચાલેલા રામ - રાવણના યુદ્ધમાં રામની વીરતાને અને તેમનાં પરાક્રમોને જોઈને તેઓ આશ્ચર્યચકિત બની ગયા. એકી અવાજે તે બોલ્યા કે રામનો જય હો! રાવણના મૃત્યુના સમાચાર સાંભળીને રાણી મંદોદરી ભૂમિ પર પછડાયાં. પોતાની દાસીઓ સાથે ત્વરાપૂર્વક તે મડદા પાસે આવ્યાં અને મોટેથી વિલાપ કરવા લાગ્યાં. તેમણે પોતાના પતિનાં મસ્તકો એકઠાં કર્યા અને રાવણનું કરુણ નસીબ જોઈને શોકાવિષ્ટ બની ગયાં. તેમણે પ્રેમપૂર્વક રાવણના ભૂતકાળનાં પરાક્રમોનું ગાન કર્યું. તે બોલ્યા, “હે નાથ, તમે આખી સૃષ્ટિને હરાવીને તાબે કરી હતી. આઠેય દિક્પાળો તમારે પગે પડ્યા હતા અને તેમણે તમારાં રક્ષણ માટે પ્રાર્થના કરી હતી. તે બધો યશ શો કામ લાગ્યો? તમે કરેલું તપ શું કામ લાગ્યું? તમે ઘણું

બળ પ્રાપ્ત કર્યું હતું અને છતાં તમારે આ નસીબ ભોગવવું પડયું. તમે રામથી વિમુખ બન્યા અને તેથી તમારે આ ફટકો સહન કરવો પડયો. તમે કામવૃત્તિના આવેગોને જીતી શકયા નહિ. માણસ ભલે, મૃત્યુના દેવ, કાળ જેટલો બળવાન હોય, પણ જો તે કામવૃત્તિનો ગુલામ બને તો તે ભયંકર શિક્ષામાંથી છટકી જઈ શકતો નથી. કામવૃત્તિથી અંધ બનેલા તમે આ કરુણ અંતમાંથી છટકી શકયા નહિ. કામવૃત્તિએ તમારી પાસે રામની ઉપેક્ષા કરાવી અને તમારા મસ્તક પર આ વિપત્તિ આણી. રાવણ! પોતાના ક્રોધાગ્નિ વડે રાક્ષસો રૂપી દુર્ગુણોના વનને બાળી નાખવા માટે રામે આ અવતાર લીધો છે. મેં તમારી સમક્ષ અનેક વાર આ વાત કહી હતી, પણ ક્રૂર નસીબે તમને મારી આગાહીયુક્ત આજીજીઓ પ્રત્યે બહેરા બનાવી દીધા હતા. મેં તમને કહ્યું કે રામ સામાન્ય માનવી નથી, પણ તમે તમારા શારીરિક બળ પર, તમારી ચતુરાઈવાળી બુદ્ધિ પર, તમારા વિશાળ ધન - ભંડારો પર, અને તમે જેમના પર રાજય કરતા હતા તે અસંખ્ય રાક્ષસો પર આધાર રાખ્યો. શું મેં તમારા પગ પકડીને, દયાસાગર રામને શરણે જવાનું અને રાક્ષસોને વિનાશમાંથી ઉગારી લેવાનું તમને આજીજીપૂર્વક નહોતું કહ્યું? પણ તમે મારી દલીલોનો અને આજીજીઓનો સ્વીકાર કર્યો નહિ. તમે સતત બીજાઓને ઈજા કરવામાં જ ગૂંથાયેલા રહેતા હતા અને તેમાં રાચતા હતા. તમે બીજાઓને લાભ આપવાનો પ્રયત્ન ભાગ્યે જ કર્યો હતો. હંમેશાં તમારું વલણ પાપી કૃત્યો અને વિચારો પ્રત્યે વળેલું રહેતું, છતાં પણ રામે તમને આશીર્વાદ આપ્યા અને તમારો આત્મા તેમનામાં વિલીન થઈ ગયો. આ કેટલી બધી અનુકંપા કહેવાય! તમે તેમને હાથે મૃત્યુ પામ્યા, એ એક એવું સદ્દભાગ્ય છે કે જેને બહુ થોડા લોકો પ્રાપ્ત કરી શકે. અરે, ખાસ તમને મારવાના હતા માટે રામ માનવ - રૂપમાં આ જગતમાં અવતર્યા. રાક્ષસોના રાજાએ પોતે જ રાક્ષસજાતિના સંહારનો રાજમાર્ગ ચણ્યો હતો! આ તમારી મોટામાં મોટી સિદ્ધિ ગણાશે! તમારી રક્ષણકારી ચતુરાઈનું આ મોટામાં મોટું દ્રષ્ટાંત છે! શું તમારાં બધાં તપનું અને સાધનાનું છેવટે આ પરિણામ આવ્યું ? રામ! કોઈપણ માણસ પોતાના કર્મોનાં પરિણામમાંથી છટકી જઈ શકતો નથી એ સિદ્ધ કરવા માટે શું તમે આ કર્યું ? તે કર્મના નિયમ માટે આના કરતાં બીજો મોટો દાખલો કયો હોઈ શકે ? આમ રાવણે પોતે પોતા પર જે આ વિપત્તિ નોતરી, તેને બધા જોઈ શકે છે અને તેમાંથી બોધપાઠ લઈ શકે છે.” પોતાના પતિના શબ પાસે બેસીને મંદોદરીએ આમ લાંબા સમય સુધી વિલાપ કર્યો.

પોતાના જ્ઞાન વડે મંદોદરીને ખ્યાલ આવી ગયો હતો કે રામ સ્વયં પરબ્રહ્મ, સાર્વત્રિક પરમાત્મા, નિર્ગુણ છે. આ સમયે મંદોદરીએ જે દ્રષ્ટિબિંદુ અને વલણ અપનાવ્યાં હતાં તે જોઈને સ્વર્ગના દેવો ખૂબ રાજી થયા. મંદોદરીના વિલાપથી વિભીષણ વ્યગ્ર બન્યા. તેમણે સ્વીકાર્યું કે- મંદોદરી જે કહી રહ્યાં હતાં તે તદ્દન સાચું છે. રામ અને લક્ષ્મણ વિભીષણ પાસે આવ્યા અને તેમણે

તેમને સાંત્વન આપ્યું. તેઓએ વિભીષણને પોતાના મૃત્યુ પામેલા ભાઈની મરણોત્તર ક્રિયા કરવાનું કહ્યું. આ આજ્ઞાનુસાર, એમણે યોગ્ય જગ્યાએ અને ઉચિત સંસ્કાર વિધિ સાથે નિયત ક્રિયા-કર્મ કર્યાં. મંદોદરીએ અને બીજી સ્ત્રીઓએ પણ મંત્રો વડે પવિત્ર કરેલી જલાંજલિ આપી. વિભીષણે યોગ્ય વિધિપૂર્વક રાવણની મરણોત્તર ક્રિયા કરી; તે ક્રિયામાં નાનામાં નાની વિગત પર પણ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું. રામ તે બધો સમય વિભીષણને આશ્વાસન આપી રહ્યા હતા. રામે કહ્યું કે, "પોતાનાં દુષ્કૃત્યો વડે રાવણે જે શ્રાપો વહોરી લીધા હતા તે પાકયા ત્યારે તેનો વધ થયો, એટલે તે માટે શોક કરવો એ નિરર્થક છે."

રામે લક્ષ્મણને, સુગ્રીવને, જાંબુવાનને અને અંગદને પોતાની પાસે બોલાવ્યા, અને તેમને કહ્યું કે, “વિભીષણનો લંકાના રાજા તરીકે રાજ્યાભિષેક કરવા માટે તમે નલ, નીલ અને બીજાઓ સાથે લંકામાં જાઓ.’ તેમણે તેમને તે કાર્ય વિલંબ વગર પૂરું કરવાનું કહ્યું, કારણ કે બીજે દિવસે પોતાના પિતાએ નક્કી કરેલી ચૌદ વર્ષના વનવાસની મુદત પૂરી થતી હતી. પણ વિભીષણે વિરોધ કરતાં કહ્યું, “મારે રાજ્યની શી જરૂર છે? કૃપા કરીને મને તમારાં ચરણ-કમળની હાજરીમાં જ રાખો. આજથી લંકા તમારી છે. લંકા અયોધ્યાનો એક ભાગ છે એમ માનો.” પણ રામ તેમાં સંમત ન થયા. રાજનીતિના અનેક સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરીને તે બોલ્યા કે- “મારી આજ્ઞા પાછી ખેંચી લઈ શકાય તેમ નથી.” ત્યારે વિભીષણે પ્રાર્થના કરી કે, “હે સ્વામી, તમે તમારા હાથે મને રાજ્ય સોંપો.” રામે જવાબ આપ્યો, “ના, મેં મારા પિતાની આજ્ઞા ૧૩ વર્ષ, ૧૧ માસ અને ૨૯ દિવસ સુધી પાળી છે, મારે છેલ્લે દિવસે તે આજ્ઞાનો ભંગ ન કરવો જોઈએ. પિતાની ઈચ્છા પ્રમાણે હું દેશવટો ભોગવતો વનવાસી છું, અને વનવાસીએ કોઈ શહેરમાં કે વસ્તીમાં પ્રવેશ ન કરવો જોઈએ; તમને તે નિયમની ખબર છે.” એમ બોલીને તેમણે વિભીષણને આશીર્વાદ આપ્યા, અને લક્ષ્મણને કહ્યું કે- “તું લંકામાં જા અને વિભીષણનો રાજ્યાભિષેક કર.” તે આજ્ઞા માથે ચઢાવીને લક્ષ્મણ, સુગ્રીવ, અંગદ, નલ, અને બીજા વાનરો લંકામાં રાજમહેલમાં ગયા. તેમણે વિભીષણના મસ્તક પર રાજ-મુગટ મૂકયો અને તેના કપાળમાં રાજતિલક કર્યું. વિભીષણે વાનરોને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, તેમની મૈત્રીભરી મદદ માટે આભાર માન્યો, અને બોલ્યા કે- તમારા દ્રષ્ટાંતને અનુસરીને અને તમારી મદદનો લાભ મેળવીને હું મારા જીવનનો સાચો હેતુ પરિપૂર્ણ કરવાનું વચન આપું છું. હું રામના પ્રતિનિધિ તરીકે આ દેશ પર રાજય કરીશ; તેને હું મારો દેશ નહિ માનું. મેં મારું, સંપૂર્ણ સમર્પણ રામને કરી દીધું છે.” રાવણે, તેના પુત્રોએ અને તેના યોદ્ધાઓએ વાનરો પ્રત્યે જે ક્રૂરતાઓ અને ઈજાઓ આચરી હતી તેમને યાદ કરી વિભીષણને બહુ શોક થયો. પણ તે બધું રામની લીલાથી બન્યું હતું-એ વિચારથી તેમણે આશ્વાસન મેળવ્યું. પછી તરત જ તે બધા રામ પાસે પાછા આવ્યા અને પૂજ્યભાવપૂર્વક તેમને પગે પડયા.

પછી રામે હનુમાનને પોતાની પાસે બોલાવીને કહ્યું, “હે અદ્વિતીય વીર, મારું બીજું એક કામ કર. ફરી એકવાર લંકામાં સીતા પાસે જા અને જે બધું બન્યું છે તે તેમને કહી સંભળાવ. પછી સીતાની સ્થિતિ વિશે સમાચાર લઈને પાછો આવ.” તે આજ્ઞા અનુસાર હનુમાન લંકામાં સીતા જ્યાં હતાં ત્યાં ગયા, અને તેમનાં પવિત્ર ચરણે પડ્યા. સીતાએ તરત જ તેમને રામના દૂત તરીકે ઓળખી કાઢયા. તેમણે પૂછયું કે, “પોતાની વાનરસેના સાથે રામ-લક્ષ્મણ કુશળ તો છે ને? કરુણા-સાગર રામ સલામત અને સુખી તો છે ને ?” પ્રણામાંજલિ રચીને અને માથું નમાવીને હનુમાને જવાબ આપ્યો, “રામ બધી રીતે સલામત અને સુખી છે. તેમણે રાવણને મારી નાખીને વિભીષણને આ દેશના સ્થાયી રાજા તરીકે સ્થાપ્યા છે.” રામના વિજયના અને રાવણના પતનના સમાચાર સાંભળીને સીતા રાજી થયાં. હર્ષથી તેમનું મુખ ચમકી ઊઠયું. તે આનંદ-વિભોર બની ગયાં, તેમની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. તે બોલ્યા, “હે વાનરોના નેતા, આ શ્રેષ્ઠ સમાચાર મને આપવા બદલ હું તને શી ભેટ આપી શકું ? તું જે આશ્વાસન-પ્રદ શબ્દો બોલ્યો છે તેમની બરાબરી કશું જ કરી શકે તેમ નથી.” હનુમાને જવાબ આપ્યો, “માતાજી, તમે જે આનંદ પ્રગટ કર્યો તેણે મને ત્રિભુવનની ભેટ આપી દીધી છે. એથી વધુ હું શાની ઝંખના કરું ? રામ યુદ્ધમાં વિજયી બન્યા અને તે પોતાના ભાઈ સાથે સુખી છે તે જોવા કરતાં બીજું વધારે મોટું સદ્દભાગ્ય શું હોઈ શકે ?” એમ બોલીને હનુમાને ફરી સીતાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. સીતા બોલ્યાં, “હે વાનર-શ્રેષ્ઠ, મારા સ્વામીના વિયોગથી આ દશ માસ સુધી શોકમાં ડૂબી હતી, તે કારણે મને બાહ્ય જગતનું કશું ભાન નથી. તે ગમે તે હોય, પણ તેં મને સૌથી વધારે પ્રિય અને શુભ સમાચાર આપ્યા છે. એટલે આજના દિવસને હું મંગળવાર કહીશ. (તે મંગળવારનો જ દિવસ હતો). આજે મારું મંગળ થયું છે, મને આનંદ લાવ્યો છે. આ દિવસ પવિત્ર ગણાશે. અઠવાડિયાના બીજા દિવસો કરતાં મંગળવારે તારી ખાસ પૂજા થશે.” તે સાંભળીને હનુમાન તેમને પગે પડયા અને પ્રણામાંજલિ રચી ઊભા.

સીતાએ હનુમાનને આજીજી કરી, “મોહકતા અને કરુણાની મૂર્તિ એવા મારા સ્વામી રામના મિલનનું વરદાન મને મેળવી આપ. આ યુદ્ધ અને કાપાકાપી મારી ખાતર થયાં હતાં, હું મારા સ્વામીને ફરી મળું તેટલા માટે થયાં હતાં તે શું તું નથી જાણતો ? મને જલ્દી રામનાં ચરણકમળ પાસે લઈ જા.” સીતાના શબ્દોમાં વ્યક્ત થતા દુઃખને હનુમાન સહન કરી શકયા નહિ. એક ક્ષણમાં આકાશમાં છલાંગ મારીને રામ પાસે પહોંચી ગયા. સીતા સાથેના મિલનમાં જે બન્યું હતું તે બધું તેમણે રામને વર્ણવી બતાવ્યું. રામે અંગદને, વિભીષણને અને બીજાઓને એકઠા કરીને કહ્યું કે સીતા જ્યાં છે ત્યાં જાઓ,અને માનપૂર્વક તેમને અહીં મારી પાસે લઈ આવો. તેઓ અશોક વનમાં ગયા, જ્યાં સીતા અત્યાર સુધી કેદ રાખવામાં આવ્યાં હતાં. વિભીષણે આજ્ઞા આપી કે અશોક વનમાંથી લાવતાં પહેલાં સીતાને સ્નાન

કરાવજો, સુંદર રેશમી વસ્ત્રો પહેરાવજો, રત્ન-જડિત આભૂષણોથી તેમને શણગારજો. પણ સીતાએ તે સૂચનને ફગાવી દીધું. તે બોલ્યાં, “રામ મારું સૌથી વધારે મૂલ્યવાન રત્ન છે, તે એક રત્ન મારે માટે બસ છે. તેમનાં દર્શનના સ્નાનથી અને સંતોષ થશે, તેમને હું જે સાષ્ટાંગ પ્રણિપાત કરીશ તે મારે માટે રેશમી વસ્ત્ર છે. જે એકવાર રાવણની સંપત્તિ હતી તેમાનું કશું જ હું પહેરવા ઈચ્છતી નથી.” તેમની ઝંખનાના ઊંડાણથી વિભીષણ વ્યગ્ર બની ગયા. તેમણે દાસીઓને સીતાની ઈચ્છા મુજબ વર્તવાનું કહ્યું . દાસીઓએ પણ કહ્યું કે- સીતા પોતાના સ્વામીનાં દર્શન માટે ખૂબ ઝંખે છે .

તરત જ એક પાલખી લાવવામાં આવી અને સીતાને તેમાં બેસાડવામાં આવ્યાં; વાનરોએ તે પાલખી પોતાના ખભા પર ઊંચકી. સીતા જ્યારે માર્ગમાંથી પસાર થતાં હતાં, ત્યારે જીવતી રહેલી રાક્ષસ સ્ત્રીઓ, વાનર યોદ્ધાઓ અને બીજા લોકો ઉત્તેજનાપૂર્વક રસ્તાની બંને બાજુએ  નાચવા - કૂદવા લાગ્યાં અને ઉચ્ચ સ્થાને કૂદીને બેઠાં. પણ સીતા જમણી કે ડાબી બાજુએ નજર કરતાં ન હતાં , તે મસ્તક નીચું કરીને માત્ર રામના જ વિચારમાં ડૂબી ગયેલાં હતાં. થોડુંક અંતર કાપવાનું બાકી રહ્યું ત્યારે સીતા પાલખીમાંથી નીચે ઉતર્યા , કારણકે તે નમ્રતાપૂર્વક પોતાના સ્વામી પ્રત્યે પગે ચાલીને જવા માગતાં હતાં. આસ્તે આસ્તે તે રામ તરફ ચાલ્યાં. જ્યારે તે રામની નજીક આવ્યાં, ત્યારે માર્ગમાં ઊભેલા વાનરો તેમને પગે પડ્યા, તેમણે રામ - સીતાની જય બોલાવી. જ્યારે સીતા બહુ નજીક આવી ગયાં, ત્યારે રામે કહ્યું કે, તે મારી પાસે સીધાં તરત ન આવે, પ્રથમ તેમણે અગ્નિ - પરીક્ષામાંથી પસાર થવાનું છે !

તે સાંભળીને વાનરો આઘાત અને નિરાશાથી દિગ્મૂઢ બની ગયા. પણ તેમને અગ્નિ પ્રગટ કરવા અને હોમવા માટે સૂકાં લાકડાં અને ઈંધણ લાવવા માટે જવું પડયું . રાવણ સાથે કરાયેલા યુદ્ધમાં તેઓ શિલાઓ અને પર્વત - શિખરો પોતાના ખભા પર ઊંચકી લાવ્યા હતા , પણ હવે તે વાનરોને સૂકાં લાકડાંનો ભાર બહુ વજનદાર લાગ્યો, કારણકે સીતાની અગ્નિપરીક્ષાની નવી કસોટીની વાત સાંભળીને તેમનાં હૃદય શોકથી ભારે બની ગયાં હતાં. અલબત્ત, રામ જાણતા હતા કે સીતાનું ચારિત્ર્ય નિષ્કલંક છે, તે સદ્ગુણોની મૂર્તિ છે. વિભીષણ , અંગદ , સુગ્રીવ અને બીજા જાણતા હતા કે આ અગ્નિ - પરીક્ષા તો માત્ર જગતને ખાતરી કરાવી આપવા માટે જ યોજવામાં આવી છે . હકીક્ત  એવી હતી કે સીતા જે શક્તિરૂપ હતાં તે શક્તિને જ્યારે તેઓ દંડકારણ્યમાં હતાં ત્યારે , અગ્નિમાં સ્થાપવામાં આવી હતી . લંકામાં તો સીતાનું માત્ર શરીર જ હતું ; શકિતને અગ્નિમાં રહેલા અગ્નિદેવ બધો સમય જાળવી રહ્યા હતા . હવે તેમને અગ્નિમાંથી પસાર થવાનું હતું , જેથી તે મૂર્તિમાન શક્તિ - રૂપે, સાચાં સીતા - રૂપે પ્રગટ થાય .

સીતાએ તે અગ્નિ - પ્રવેશના વિધિને વધાવી લીધો , કારણ કે તેથી જગતને ખાતરી થાય કે તેમનું હૃદય વિશુદ્ધ અને નિષ્કલંક છે. અગ્નિની જવાળાઓને ઊછળતી જોઇને તે રાજી થયા, પણ લક્ષ્મણ બહુ દુઃખી થઈ ગયા, કારણ કે તેમને જ વિધિ પર દેખરેખ રાખવાની હતી. સીતાએ પોતાની મૃદુ સલાહ માટે તેમને આશ્વાસન આપ્યું, "હે લક્ષ્મણ, મારા લગ્ન દિવસે બ્રાહ્મણોએ પવિત્ર અગ્નિને પ્રજ્વલિત કરીને તે લગ્ન - વિધિને પાવન બનાવ્યો હતો. આજે અગ્નિ અને નવીન જન્મ આપશે, હું રામ સાથે ફરી લગ્ન કરીશ. અગ્નિ બરાબર પ્રજવલિત કરજે, કારણ કે એમ કરવું એ યોગ્ય જ છે." સીતાના વિયોગ - દુ:ખને, પુનર્મિલન માટેની ઝંખનાને, ધર્મ પ્રત્યે તેમની વફાદારીને, ન્યાય પ્રત્યે તેમની આસકિતને, અને પરિસ્થિતિના તેમણે કરેલા બુદ્ધિયુકત પૃથક્કરણને જોઈને લક્ષ્મણ લાગણીવશ બની ગયા. આંસુ સારતા, પ્રણામાંજલી રચીને, પૂજ્યભાવપૂર્વક તે મૌન ઊભા રહ્યા, કારણ કે, પોતાની લાગણીઓને વ્યકત કરવા માટે તેમની પાસે શબ્દો ન હતા. રામના મુખ સામે આંખોને સ્થિર કરીને તેમણે કાષ્ટચિતા ખડકી અને પછી અગ્નિ ચેતાવ્યો. ઊછળતી જવાળાઓને જોઈને સીતા મગરૂબી અનુભવી રહ્યાં. તેમના મનમાં ભયનું નામ - નિશાન ન હતું, તે અગ્નિ પ્રત્યે ચાલ્યાં અને તેની સામે ઊભા રહીને તેમણે કહ્યું, “હે બલિની પાવન આહુતિઓને સ્વીકારનાર દેવ, મારા સ્વામી રામ સિવાય મેં મન-વચન-કર્મથી કોઈનો વિચાર કર્યો નથી. હે વિશુદ્ધ બનાવનાર અગ્નિ દેવ, તમે દરેક પ્રાણીના હૃદયમાં વસો છો. હું તમારામાં પ્રવેશ કરું, ત્યારે તમે ચંદનની લૂગદી જેવા શીતળ બની જજો.’ તેમણે રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને પછી અગ્નિમાં પ્રવેશ કર્યો . અગ્નિદેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને સાચાં સીતાને લઈ આવ્યા, અને જેમ ક્ષીર - સાગરના દેવે લક્ષ્મીને વિષ્ણુને ચરણે સમર્પણ કર્યા હતાં તેમ , તેમણે સીતાને રામને ચરણે સમર્પણ કર્યા. જેમ પૂરા ખીલેલા નીલકમળની પડખે સુવર્ણ - રંગી પોયણું શોભે તેમ, સીતા રામની ડાબી બાજુએ શોભી ઊઠયાં . પોતાનો આનંદ વ્યકત કરવા સ્વર્ગના દેવોએ દુંદુભિ અને શરણાઈઓ વગાડયાં .

વિભીષણ ત્વરાપૂર્વક નગરીમાં ગયા અને પુષ્પક વિમાનમાં દિવ્યતાને યોગ્ય વસ્ત્રો અને રત્નજડિત આભૂષણો લઈ આવ્યા; તેમણે તે રામની આગળ મૂક્યાં. રામે કહ્યું કે-તે મૂલ્યવાન વસ્તુઓને પુષ્પક વિમાનમાં ઊંચે આકાશમાં લઈ જાઓ, અને અહીં નીચે એકઠા થયેલા લોકો પર વરસાવો. વિભીષણે તે મુજબ કર્યું. પોતાની ઉપર અથવા નજીક જે જે વસ્તુઓ પડી તેમને વાનરોએ ઝડપી લીધી. રત્નોને તેમણે ભૂલથી પાકાં રાતાં ફળો માની લીધાં. જ્યારે સ્વાદ પરથી તેમને માલુમ પડયું કે એ તો પથરા છે, ત્યારે તેમણે તે ચીજોને કંટાળાપૂર્વક ફેંકી દીધી. રામ અને સીતા તે ગમ્મતને માણી રહ્યાં હતાં, સહાનુભૂતિપૂર્વક હસી રહ્યાં હતાં. ઘણા વાનરોએ અને રીંછોએ પોતાના હાથ આવેલાં વસ્ત્રો પહેર્યો અને આભારપૂર્વક રામની પાસે આવ્યા. રંગબેરંગીન વસ્ત્રો

પહેરેલા તેઓ આનંદપૂર્વક નાચી રહ્યા હતા. રામે તેમની કદર કરી અને તે કૃપાપૂર્વક બોલ્યા, "વાનરો, તમારી વીરતાથી અને તમારાં પરાક્રમથી, હું રાવણનો વિનાશ કરી શકયો અને વિભીષણને લંકાની ગાદીએ બેસાડી શક્યો. હવે બધા તમારે ઘરે પાછા જઈ શકો છો. હું હંમેશાં તમારી સાથે જ રહીશ. હવે તમારે ડરવાનું કોઈ કારણ નથી." રામે કૃપાપૂર્ણ અભિનય કરીને તેમને વચન આપ્યું કે , સદા - સર્વદા તમને મારી રક્ષા મળતી રહેશે. તમારે કોઈથી કે કશાથી, કોઈ વિપત્તિથી ડરવાનો પ્રસંગ ઊભો નહિ થાય. રામના પ્રેમથી વાનરો અને બીજા બધા અભારવશ બની ગયા , તેમનું મન વિચલિત બની ગયું. પૂજ્યભાવપૂર્વક પ્રણામાંજલિ રચીને તેઓ ઊભા રહ્યા બોલ્યા, "તમારા શબ્દો તમારા પ્રભાવ સાથે સુસંગત છે, અને તેથી ગૂંચવાડામાં પડી જઈએ છીએ, મૂંગા બની જઈએ છીએ. અમે નબળાં ક્ષુદ્ર પ્રાણીઓ છીએ, તમે અમારા રક્ષક અને માર્ગદર્શક છો. તમે ત્રિભુવનના સ્વામી છો. શું એક માખી ગરુડને મદદ કરવાનો દાવો કરી શકે? શું નાનકડો દીવો સૂર્યને પ્રકાશ આપવાનો દાવો કરી શકે?" વાનરો રામને પગે પડ્યા, તેમની આંખોમાંથી આંસુઓનો પ્રવાહ વહેતો હતો .

વાનરો અને રીંછોને લાગ્યું કે વિદાય થવાની તેમની ગમે તેટલી અનિચ્છા હોય તો પણ રામની આજ્ઞા માનવી જ જોઈએ. હર્ષની અને શોકની સંમિશ્ર લાગણીઓ સાથે તેઓ પોતાનાં ઘરો તરફ વળ્યા. તેઓ રામને મનમાં પ્રાર્થના કરી રહ્યા હતા કે-તમે અમને સતત અશીર્વાદ આપ્યા કરજો. મનમાં રામના રૂપને સ્થિર કરીને તેઓ ચાલ્યા. નલ, સુગ્રીવ, વિભીષણ, હનુમાન અને બીજા નેતાઓ તથા યોદ્ધાઓ પોતાની લાગણીઓ વ્યકત કરી શકતા ન હતા. તેઓ રામના મુખ પર દ્રષ્ટિ સ્થિર કરી મૌન ઊભા. પોતાની મનોવ્યથાને દબાવવા માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા હતા. તેમના પ્રેમનું અને આસક્તિનું ઊંડાણ જોઈને રામે તેમને પુષ્પક વિમાનમાં બેસાડયા, જે વિમાનમાં પોતે આરોહણ કરી રહ્યા હતા.

• • •

# સુખી અયોધ્યા

પુષ્પક-વિમાન ઉત્તર દિશા તરફ ઊડયું. તે ઊડયું ત્યારે નીચે જમીન પર ખૂબ હલચલ મચી ગઈ. ત્યાં નીચે ઊભેલા વાનરોએ " રામની જય, સીતા-રામ-લક્ષ્મણની જય" બોલાવી. પુષ્પક-વિમાનમાં એક સુંદર રીતે કોતરાયેલું, ઊંચું સિંહાસન હતું. રામ અને સીતા તેના પર બેઠાં. તેઓ સુમેરુ-પર્વત પર વીજળી સાથેના વાદળ જેવાં શોભવા લાગ્યાં. રામે સીતાનું ધ્યાન નીચેની યુદ્ધ-ભૂમિ પ્રત્યે ખેંચતાં કહ્યું કે આ જગ્યાએ લક્ષ્મણે મેઘનાદનો પરાજય કરી તેને મારી નાંખ્યો હતો. તે પ્રકારનાં વિજયોનાં અને પરાક્રમોનાં સ્થાનો પણ તેમણે સીતાને બતાવ્યાં, તેમણે વાનરોએ બાંધેલો સેતુ પણ સીતાને દેખાડયો અને વાનરોની વીરતાની, ભક્તિની તથા શ્રદ્ધાની પ્રશંસા કરી. થોડા સમયમાં વિમાન દંડકારણ્ય પર આવી પહોંચ્યું. રામે અગત્યના તથા બીજા મુનિઓના આશ્રમો પાસે વિમાનને નીચે ઉતરાવ્યું. લક્ષ્મણ, સીતા અને બીજા સહ-પ્રવાસીઓ સાથે રામે પવિત્ર મુનિઓની મુલાકાત લીધી, તેમને પૂજયભાવપૂર્વક પ્રણામ કર્યા. પછી તે મુનિઓની વિદાય લઈને રામ વિમાનમાં ચઢયા અને ચિત્રકૂટ-પર્વત પાસે આવી પહોંચ્યા. ત્યાં પણ તેમણે મુનિઓને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, પછી વિમાનમાં બેસી તેઓ કિષ્કિંધા નગરી પર આવી પહોંચ્યાં. તેમણે સીતાને તે નગરી બતાવી. વિમાન વેગપૂર્વક ઊડી રહ્યું હતું, છતાં રામે સીતાને ગંગા અને યમુના-બે પવિત્ર નદીઓ બતાવી. સીતાએ તે બંને પાવન નદીઓને માનસિક પ્રણામ કર્યા. થોડા જ સમયમાં તેઓ પ્રયાગ આવી પહોંચ્યાં, જ્યાં ત્રિવેણી-સંગમમાં યમુના ગંગાને મળે છે. ત્યાંથી તેઓ તેજોમય અયોધ્યા-નગરીનું દૂરથી દર્શન કરી શકયાં.

રામના, તેમના ભાઈના, અને તેમનાં પત્નીના પ્રત્યાગમનની રાહ જે ખૂબ ઉત્કાંઠા-પૂર્વક જોઈ રહ્યો હતો તે નિષાદ-રાજ ગુહે વિમાનને આકાશમાં જોયું. તેને જોઈને જ તે પૂજ્યભાવપૂર્વક, આભારવૃત્તિપૂર્વક જમીન પર પગે પડ્યો. અને જુઓ, પુષ્પક વિમાન તે જ જગ્યાએ નીચે ભૂમિ પર ઉતર્યું! દોડી આવીને ગુહ રામને ચરણે પડ્યો.તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તે પોતાનો આનંદ અંદર સમાવી શકયો નહિ. હૃદયના આનંદપૂર્વક તે ઊઠીને રામને ભેટી પડ્યો. સીતાએ, રામે અને લક્ષ્મણે નિષાદ-રાજને આશીર્વાદ આપ્યા. તેમણે તે પવિત્ર નદીમાં સ્નાન કર્યું અને ગુહને આજ્ઞા કરી કે-ગંગા પાર કરવા માટે નૌકા લઈ આવ. પુષ્પક-વિમાન મૂળ કુબેરનું હતું, રાવણે તે પચાવી પાડયું હતું. તે વિમાનને તેના મૂળ માલિક કુબેર પાસે મોકલી આપવામાં આવ્યું.

હવે નગરીઓ બહાર રહેવાનો એક જ વધારે દિવસ ગાળવાનો હતો. એટલે રામે હનુમાનને કહ્યું કે- “બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને અયોધ્યામાં જા. ભરત પાસે જઈ રામના અને બીજા બધાંના

આગમનના સમાચાર તેને કહે, અને તેના કુશળ-સમાચાર લઈને પાછો આવ. હનુમાન તરત જ ઊપડયા. રામ, સીતા, લક્ષ્મણ અને બીજા સહપ્રવાસીઓ ભરદ્વાજના આશ્રમમાં ગયાં અને ત્યાં તેમણે મુનિનું આતિથ્ય સ્વીકાર્યું. હનુમાને જોયું કે અયોધ્યાવાસીઓ દૂબળા-પાતળા, નિરાશ, અને ખિન્ન બની ગયા હતા; રામની ગેરહાજરીમાં તેમણે ભોજનપાનનો સ્વાદ માણ્યો ન હતો; નગરીમાં બધે વિલાપ અને દુ:ખપૂર્ણ નિસાસા સંભળાતા હતા; કોઈપણ બીજાને આશ્વાસન આપવા જઈ શકતું નહિ, કારણ કે કોઈનામાં થોડાં પગલાં ચાલવાની પણ શક્તિ રહી ન હતી; બીજાને સાંત્વન આપવાની ઈચ્છા કે શક્તિ ન હતી. પણ હનુમાન જે સમાચાર લઈને આવતા હતા તેની આશાનાં કિરણો તેમના પર પડવા લાગ્યાં હતાં. તે સુખદ ઘટનાની આવકાર-પાત્ર આગાહીઓ ભરતને થતી હતી; તેમની જમણી આંખ અને તેમનો જમણો હાથ ફરકવા લાગ્યાં. તેમને લાગ્યું કે, અયોધ્યામાં રામના પ્રવેશના શુભ સમાચાર મને થોડા જ સમયમાં મળવા જોઈએ. તેમને શોક થતો હતો કે હજી રામના વિયોગમાં એક વધુ દિવસ પસાર કરવાનો હતો. પોતે કયાં સુધી આવી પહોંચ્યા છે તે સમાચાર લઈને રામે કોઈ દૂતને મોકલ્યો ન હતો તેથી ભરતને ચિંતા થતી હતી. તે પોતાની જાતને કહેવા લાગ્યા કે લક્ષ્મણ કેટલા બધા નસીબદાર છે, કારણ કે બધો સમય તે રામની પાસે જ રહી શકયા અને તેમનાં ચરણ-કમળની સેવા કરી શકયા! તે પોતાની જાતને આશ્વાસન આપવા લાગ્યા, “સ્વામીએ મને નગરીમાં રાખ્યો, કારણ કે હું દંભી છું. મારા સ્વામી ખૂબ મૃદુ અને મધુર છે. તે દુઃખીઓના અને પતિતોના દયાળુ સગા છે. તે મૂર્તિમાન કરુણા છે. આવતી કાલે તે જરૂર આવશે."

તે જ સમયે બ્રાહ્મણના વેશમાં સમાચાર લઈને આવતાં હનુમાન નજરે પડ્યા. ભરતની દશા જોઈને હનુમાનને ઝણઝણાટી પેદા થઈ. તેમનો દેહ દૂબળો-પાતળો બની ગયો હતો. તેમની આંખો સતત આંસુ વહેવડાવતી નદીઓ બની ગઈ હતી. તે સતત રામ-નામનો જપ કરી રહ્યા હતા. તેવા સમર્પિત આત્માને જોઈને આનંદ-વિભોર બની ગયા. તેમણે આ ઊર્મિ જોઈને રોમાંચ અનુભવ્યો; તેમના વિચારો અનેક દિશામાં દોડવા લાગ્યા. પણ તેમને સોપેલું કામ યાદ આવ્યું. તેમણે ભરતના તરસ્યા કાનોમાં પોતે લઈ આવેલા સમાચારનું અમૃત રેડયું. “ભરત, જેમનો વિયોગ તમને સાલે છે, જેમને તમે રાત-દિવસ, ખોરાક કે નિદ્રા લીધા વગર ઝંખી રહ્યા છો, આટલાં બધાં વર્ષો સુધી તમારા જીવનની પ્રત્યેક ક્ષણે તમે જેમના સદ્દગુણોની અને શકિતઓની સ્તુતિ કરી રહ્યા છો,જેમણે દેવોને સલામતી આપી છે અને મુનીઓને સુરક્ષિતતા બક્ષી છે, જે બધા જગતમાં ધર્મનું અને સત્યનું પાલન તથા વૃદ્ધિ કરી રહ્યા છે, તે રામે બધા શત્રુઓ પર વિજય મેળવ્યો છે. દેવો તેમની કીર્તિનું બહુમાન કરે છે.”

જેમ ખૂબ તરસ્યો માણસ જળ જોઈને સુખી બની જાય તેમ હનુમાનના શબ્દો સાંભળીને

ભરત આનંદ-વિભોર બની ગયા. કોઈ તેની સાથે ખરેખર બોલી રહ્યું છે કે કેમ અને પોતે ખરેખર તે સાંભળી રહ્યા છે કે કેમ તે બાબત તેમને આશ્ચર્ય થયું. પણ તેમણે પોતાની જાતને ખાતરી આપી કે તે સાચું હતું. “આ ભ્રાન્તિ કેવી રીતે હોઈ શકે ? કોણ આ શુભ સમાચાર લઈ આવ્યું છે ? તમે કયાંથી આવ્યા છો ?” તેમણે મુલાકાતીને પૂછ્યું. આભારપૂર્વક તે તેમને ભેટી પડ્યા. હનુમાંને જવાબ આપ્યો, “હે ભરત, હું વાયુપુત્ર હનુમાન છું. તમે મને ભૂલી ગયા લાગો છો. હું તે જ વાનર છું, જે સંજીવ ટેકરી લાવતી વખતે તમારી આગળ જમીન પર પડી ગયો હતો. હું રામના ચરણ-કમળનો દાસ છું.”

તે જવાબ સાંભળીને ભરત ખૂબ માનપૂર્વક ઊભા થયા. આનંદવિભોર બનીને તેમણે પૂજ્યભાવપૂર્વક પોતાનું મસ્તક નમાવ્યું. “હે વાનરોના નેતા, તમે મારા શોકને દૂર કર્યો છે. તમારા દર્શન માત્રથી મારા મનમાં શાંતિ પ્રાપ્ત થઈ છે. આહ, હું કેવો ભાગ્યશાળી છું ! આજે રામ પાસેથી આવેલા દૂતનાં દર્શન કર્યા !” તે જ લાગણીઓ લાંબા સમય સુધી વ્યકત કરવાનું તેમણે ચાલુ રાખ્યું. “મારા રામ ક્ષેમકુશળ તો છે ને? મારાં માતાજી સીતાનું સ્વસ્થ કેવું છે ? હનુમાન, હું કેવી રીતે મારી આભારની લાગણીને વ્યકત કરું? હું બદલામાં તમારે માટે શું કરું ? કૃતજ્ઞતામાં હું તમને આપી શકું તેવી મૂલ્યવાન કોઈ પણ ચીજ હું જોઈ શકતો નથી. એટલે હું સદા સર્વદા તમારો ઋણી રહીશ. મારે કઈ રીતે અથવા શેના વડે મારું દેવું વાળવું તે હું જાણતો નથી. અત્યારે રામ કયાં છે ? તે કઈ જગ્યાએ રહ્યા છે ? તેમણે જે પરાક્રમો કરીને વિજય મેળવ્યો તેમનું મારી આગળ વર્ણન કરો.” ભરત ખૂબ અસહ્ય આતુરતાપૂર્વક એમ બોલ્યા. ભરતનાં ભક્તિ અને સમર્પણભાવ જોઈને હનુમાન આશ્ચર્ય પામ્યા. પોતાની પ્રશંસા વ્યક્ત કરવા માટે તે ભરતને પગે પડ્યા. હનુમાન બોલ્યા, “ભરત, રામ અયોધ્યાની ખૂબ નજીક આવી પહોંચ્યા છે, તમે થોડા જ વખતમાં તેમને મળી શકશો. તેમની સિદ્ધિઓ અવર્ણનીય રીતે આશ્ચર્યજનક છે, તે તમે જાણો છો. તે પણ તમને ખૂબ યાદ કરતા હતા. વિશ્વપતિ રામે સ્વમુખે કહ્યું હતું કે હૃદયની વિશુદ્ધિમાં, બુદ્ધિની તીક્ષ્ણતામાં અને બધા સદ્દગુણોમાં આખા જગતમાં ભરત જેવો કોઈ ભાઈ નથી. તે શબ્દોની કેવી રીતે ના પાડી શકાય?”

તે શબ્દો સાંભળીને ભરત આનંદ-વિભોર બની ગયા. તે બોલ્યા, “શું રામ મારે માટે આમ બોલ્યા હતા? હું કેવો નસીબદાર છું !” પછી તે પ્રેમપૂર્વક હનુમાનને ભેટી પડયા. હનુમાન બોલ્યા કે મારે હવે જરાપણ વિલંબ ન કરવો જોઈએ. ભરતની રજા લઈને તે રામ પાસે પહોંચી ગયા. પોતે જે જોયું અને સાંભળ્યું હતું તેનું વર્ણન તેમણે રામને કહી સંભળાવ્યું.

હવે ભરતે તૈયારીઓ શરૂ કરી, તે ભાગ્યે જ નીચે જમીન પર બે પગ મૂકતા. તે હંમેશાં, હરક્ષણ ગતિ કરતા હતા, કામમાં પરોવાયેલા હતા. તે નંદિગ્રામમાંથી અયોધ્યામાં આવ્યા, કુલગુરુ

વશિષ્ઠને સાષ્ટાંગ પ્રણિપાત કરીને ભરતે તેમને સમાચાર આપ્યા કે થોડા જ સમયમાં રામ અયોધ્યામાં આવી રહ્યા છે. ઝડપભેર તે અંતઃપુરમાં દોડી ગયા અને ત્રણેય માતાઓને જણાવ્યું કે- રામ, સીતા અને લક્ષ્મણ આવી રહ્યાં છે. માતાઓ ઊભી થઈ, આનંદ-વિભોર બની ગઈ. ભરતે હુકમ કર્યો કે સર્વ સાધનો દ્વારા આ શુભ સમાચાર આખી નગરીને જણાવો. વીજળી વેગે તે સમાચાર બધા કાનોને પહોંચી ગયા. મોટે અવાજે તે સમાચારની બૂમો પાડતાં પાડતાં બાળકો, વૃદ્ધો, પુરુષો અને સ્ત્રીઓ આમ તેમ દોડવા લાગ્યાં.

ભરતે મુનિઓને, વિદ્વાનોને, પુરોહિતોને, નાગરિક નેતાઓને અને સૈન્યના ચારેય વિભાગોને એકઠા કર્યા. સુમંત્ર જેમને દોરતો હતો તે ત્રણેય રાણીઓ અને મંત્રીઓ સાથે, ભરત શત્રુઘ્નને પોતાની સાથે રાખીને રામને મળવા ચાલી નીકળ્યા. અયોધ્યાની નજીક આવવા દરમિયાન રામ વાનરોને તથા બીજાઓને નગરીનું સૌંદર્ય વર્ણવતા હતા. “હે સુગ્રીવ, હે અંગદ, હે વિભીષણ, અયોધ્યા એક પવિત્ર નગરી છે. તે એક સુંદર નગરી છે. " રામ અયોધ્યાના સૌદર્યનું વર્ણન ઉત્સાહપૂર્વક કરતા હતા. એટલામાં તો સેનાને મોખરે, શત્રુઘ્ન અને રાણીઓ સાથે ભરત આવતા દેખાયા. જેમ શરદ ઋતુના ચંદ્રને જોઈને સમુદ્ર આનંદપૂર્વક ઊછળે છે, તેમ રામચંદ્રને (રામરૂપી ચંદ્રને) જોઈને વિશાળ જનતાએ આનંદનો શ્વાસ લીધો-તેમની ઉત્તેજના આકાશે પહોંચી. ખૂબ આનંદપૂર્વક માતાઓ રામને ભેટી પડી, સુખના પૂરમાં તેઓ પોતાની જાતને ભૂલી ગઈ. સીતા, રામ અને લક્ષ્મણ માતાઓને પગે પડયાં. બંને પક્ષે આનંદ અસીમ હતો. રામે ભરતને પોતાની પાસે ખેંચી લીધા. તેમના દેહને દૂબળો-પાતળો બની ગયેલો જોઈને તે દુ:ખી થયા. પ્રેમપૂર્વક રામે ભરતને આશ્વાસન અને સલાહ આપ્યાં. ભરતની સુસ્થિર ભક્તિની અને લોકો પ્રત્યેના પ્રેમની સામે પ્રશંસા કરી. વશિષ્ઠને, જાબાલિને, વામદેવને અને બીજા મુનિઓને જોતાં-વેંત સીતા, રામ અને લક્ષ્મણ તેમને પગે પડયાં. રામના સુખપ્રદ પુનર્મિલનથી મુનિઓમાંના સૌથી મોટા તપસ્વી પણ પોતાનાં આંસુને રોકી શકયા નહિ.

વેદના વિદ્વાનોએ મોટા અવાજે પરંપરાગત સૂત્રોમાં રામને આશીર્વાદ આપ્યા કે વિજયપૂર્વક સો વર્ષ જીવો, સો વર્ષ સુધી સમૃદ્ધિપૂર્વક જીવો. શત્રુઘ્ને અને ભરતે પૂજ્યભાવ-પૂર્વક રામને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. રામે તેમને અનેકવાર ઊભા થવાનું કહ્યું, પણ રામનાં ચરણ-કમળને છોડીને ઊભા થવા માટે તે શક્તિમાન ન થયા. તેમને ઊભા કરવા માટે રામને અને લક્ષ્મણને સંયુક્ત પ્રયાસ કરવો પડયો. ભાઈઓ ઉત્કટ પ્રેમપૂર્વક એક બીજાને ભેટયા અને એક બીજાના મુખ જોવાથી આનંદનાં અને રાહતનાં આંસુ સારવા લાગ્યા. તેમના મનને ભરી દેતા આનંદે તેમના સાહજિક સૌંદર્યને વિરલ ભવ્યતા અર્પી. તેઓ મૂર્તિમાન સૌદર્ય પેઠે પ્રકાશવા લાગ્યા. વિયોગના શોકનું સ્થાન મિલનના આનંદે

લીધું. તેઓ અત્યારે આનંદના સાગરમાં ઊંડે ડૂબી ગયા હતા.

તે ઉત્સવ પ્રસંગે સુગ્રીવે, નલ, નીલે, અંગદ, હનુમાને અને બીજાઓએ સુંદર શરીરો ધારણ કર્યાં. રામના સહ-પ્રવાસીઓને જોઈને નાગરિકો આનંદ-વિભોર બની ગયા. ભરતે જે તપ કર્યું હતું તેની તે અનેક પ્રકારે પ્રશંસા કરવા લાગ્યા અને તેમણે તે તપનાં ફળોનો સત્કાર કર્યો. ભરતના ઉત્તમ કોટિના સદ્દગુણોનું તેમણે ઊંચું મૂલ્યાંકન કર્યું. રામે અયોધ્યાના નાગરિકોની શ્રદ્ધા તથા ભકિનની પ્રશંસા કરી. તેમણે વાનરોને અને વિભિષણને પોતાની પાસે એકત્રિત કર્યા અને પોતાના ભાઈઓ તથા ગુરુઓ સાથે તેમની પરિચય કરાવ્યો. જ્યારે રામ તેમને માતાઓ પાસે લઈ ગયા અને કહ્યું કે આ મારી પોતાની માતાઓ છે, ત્યારે તે બધા રાણીઓને ચરણે પડીને બોલ્યા “ અમે કેટલા બધા નસીબદાર છીએ! અમે તે માતાઓના દર્શન કરી રહ્યા છીએ જેમણે ખુદ ભગવાનને જન્મ આપ્યો હતો. માતાઓ, તમે સાચે જ પૂજ્ય છો. ખૂબ કૃપાપૂર્વક અમને આશીર્વાદ આપો."

કૌશલ્યાએ તેમને કહ્યું , “ હે વાનરો , તમે બધા મને મારા પુત્ર રામ જેટલા જ વહાલા છો. રામ તમને કદી ન ભૂલો; તે હંમેશાં તમારું રક્ષણ કરો!” પછી અંદર-અંદર વિચારણા કરીને તેઓ પોતાને માટે લાવવામાં આવેલા રથમાં બેઠાં અને તેમણે નગરીમાં પ્રવેશ કર્યો. દરેક ઘરની આગળ સુવર્ણ કુંભો મૂકવામાં આવ્યા હતા. કુંભોમાં શુકનિયાળ, રંગીન જળ ભરવામાં આવ્યું હતું. મકાનો પર અને શેરીઓમાં ધ્વજ લટકાવવામાં આવ્યા હતા. ચાંદનીમાંનાં કમળોની પેઠે લોકોના જે મુખ કરમાઈ ગયાં હતાં, શોકને લીધે જે મુખો પર કરચલીઓ પડી ગઈ હતી, તે જ મુખો જ્યારે રામ તેમની પાસે આવ્યા ત્યારે સૂર્યોદય સમયનાં તે જ કમળોની પેઠે તાજગીમાં અને સુંદરતામાં ખીલી ઊઠયાં હતાં. તેમના જયનાદો આકાશમાં પ્રતિધ્વનિત થતા હતા. રામ જે રથમાં બેઠા હતા તે રથ નગરીના માર્ગોમાં પ્રવેશ્યો. માર્ગો ઉત્તેજનાથી અને આનંદથી ઊભરાઈ જતા હતા. રામની ઉતારાતી આરતીઓ તારાઓ પેઠે પ્રકાશતી હતી, અને તેથી એમ ભાસતું હતું કે આકાશ નીચે પૃથ્વી પર પડી ગયું છે. માર્ગો સુગંધિત ગુલાબ-જળ વડે તરબોળ બની ગયા હતા.પસાર થતા રથ ઉપર નાગરિકો બારીઓમાંથી અને અગાસીઓમાંથી પુષ્પ-વૃષ્ટિ કરી રહ્યા હતા. નાગરિકોનો આનંદ સીમા વટાવી ગયો હતો. પોતાના ત્રણ ભાઈઓ અને ત્રણ માતાઓ સાથે સીતાને પડખે બેઠેલા રામ માર્ગની બંને બાજુએ એકઠા થયેલા હજારો નાગરિકોને ખૂબ સંતોષ આપી રહ્યા હતા. આ સુખી પ્રસંગ જોવા માટે પોતે જીવવા અને હાજર રહેવા ભાગ્યશાળી બન્યા તે માટે લોકો એક-બીજાને અભિનંદન આપી રહ્યા હતા. જ્યારે તેઓ રાજમહેલ આગળ આવી પહોંચ્યાં, ત્યારે અંતઃપુરની સ્ત્રીઓએ અને ઘરના પરિચારકોએ તથા સેવકોએ ચરણ પ્રક્ષાલન વગેરે પરંપરાગત વિધિઓ વડે તેમનું સ્વાગત કર્યું.

## રાજ્યાભિષેક

તેમણે રાજમહેલમાં પ્રવેશ કર્યો કે તરત જ રાજગુરુ વશિષ્ઠે રામના રાજ્યાભિષેકની તારીખ જાહેર કરી. તે ઘટના માટે તેમણે જે દિવસ પસંદ કર્યો હતો તેનાં શુભ લક્ષણોનું તેમણે વિસ્તારપૂર્વક વર્ણન કર્યું; રાજયાભિષેક માટે વેદમાં વિદિત કરાયેલી વિધિઓમાં ભાગ લેવા માટે પંડિતોને અને પુરોહિતોને નિમંત્રણ આપ્યું . તેમણે વશિષ્ઠના નિર્ણયની કદર કરી, અને તે બોલ્યા કે આ રાજ્યભિષેક સર્વ માનવજાતિ માટે શાંતિ અને સમૃદ્ધિ લઈ આવશે.

વશિષ્ઠે સુમંત્રને પોતાની પાસે બોલાવીને કહ્યું, “અશ્વદલ, ગજદલ, રથદલ અને પાયદલ સેનાના એ ચાર અંગોને નગરીમાં એકત્રિત કરો, કારણ કે રામનો રાજ્યાભિષેક થવાનો છે.” તે સાંભળીને સુમંત્રને ખૂબ આનંદ થયો . તેમણે ચતુરંગ સેનાની હાજરી માટે વ્યવસ્થા કરી. તે પ્રસંગ માટે હાથીઓને, અશ્વોને અને રથોને ભવ્ય રીતે શણગારવામાં આવ્યા. નગરીના દરવાજા બહાર તેમને પંક્તિ - બદ્ધ રીતે રાખવામાં આવ્યા. અશ્વ સૈનિકોએ અને પાયદળના સૈનિકોએ રંગીન ગણવેશ પહેર્યો હતો. તેઓ સાવધાનની સ્થિતિમાં ખડા રહ્યા હતા. ઉત્સવ માટે નગરીમાં જઈ કવાયત માટે તે તૈયાર હતા. રાજ્યાભિષેકના ઉત્સવમાં જરૂરી, અનેક પ્રકારની, માંગલિક દ્રવ્ય સામગ્રી સમયસર લઈ આવવા માટે ચારેય દિશાઓમાં દૂતો મોકલવામાં આવ્યા. આખી નગરી આનંદના ઉત્સવમાં આવી ગઈ. પોતાનાં ઘરો અને શેરીઓ શણગારવામાં નાગરિકો એકબીજા સાથે સ્પર્ધા કરવા લાગ્યા. લોકોને લાગ્યું કે નગરીની શોભા જોવા માટે અમારી આ બે આંખો પૂરતી નથી .

અયોધ્યા - બહારથી પોતાની સાથે આવેલા સુગ્રીવ , વિભીષણ , અંગદ, નલ, નીલ અને બીજાઓ પ્રત્યે રામે ખાસ ધ્યાન આપ્યું. તેમની રહેવા માટેની તથા તેમની જરૂરિયાતો પૂરી પાડવાની બરાબર જોગવાઈ કરવાની આજ્ઞા આપી. તે આજ્ઞા અનુસાર અતિથિઓનાં સુખ – સગવડ માટેની વ્યવસ્થા કરવા માટે રાજમહેલના સેવકો દોડી ગયા. રામે ભરતને બોલાવ્યા ; પોતાને હાથે તેમના જટા - રૂપ બની ગયેલા વાળ ઓળ્યા કારણ કે - વર્ષો સુધી ભરતે પોતાના વાળની દરકાર રાખી ન હતી . ભરત સ્નાન કરતા હતા ત્યારે ત્રણેય ભાઈઓએ પોતે તેમને પાણી રેડીને સ્નાન કરાવ્યું . પછી વશિષ્ઠ રામને પોતાની જટા છોડી નાંખવા અને મંગલમય સ્નાન કરવા સંમતિ આપી. તે દરમિયાન રાણી-માતાઓએ સીતાને સ્નાન કરાવ્યું . તેમણે દરકારપૂર્વક સીતાના ગૂંચવાળા વાળ ઓળ્યા અને સીતાને પીળાં રેશમી વસ્ત્રો પહેરાવ્યાં , તેમણે સીતાને પુષ્કળ રત્નજડિત આભૂષણો પહેરાવ્યાં. સીતા લક્ષ્મી દેવી સમાન પ્રકાશવા લાગ્યાં; પછી તે જઈને રામની ડાબી બાજુએ બેઠાં.

રામ અને સીતાને પાસે - પાસે બેઠેલાં જોઈ ત્રણેય માતાઓને ખૂબ આનંદ થયો . તેઓ મનમાં બોલ્યા, “શું આપણે માટે આજનોં દિવસ સૌથી વધારે ભાગ્યશાળી નથી? આજે અમારાં જીવન ધન્ય બની ગયાં. આજે અમારી સૌથી વધારે વહાલી ઈચ્છા પૂર્ણ થઈ. આજે અમારી આંખો કૃતાર્થ થઈ." રામને અને સીતાને જોતાં અને તેમને નારાયણ તથા તેમનાં દિવ્ય સહચારિણી લક્ષ્મી તરીકે માનીને માતાઓ બાહ્ય ભાન ભૂલી ગયાં. રામના મુખનો પ્રકાશ જોઈને મહાન મુનિ વશિષ્ઠ આનંદ - વિભોર બની ગયા. રામની દિવ્ય પ્રભા જોઈને તેમને અસીમ આનંદ થયો ; તેમને લાગ્યું કે જેને માટે હું લાંબા સમયથી રાહ જોતો હતો તે લક્ષ્ય આજે મને પ્રાપ્ત થયું . તે આનંદના ચિંતનમાં મગ્ન બનીને તે મૌન ઊભા રહ્યા . તેમણે સેવકોને બોલાવીને કહ્યું કે મહાન સિંહાસન લઈ આવો અને તેને રાજ્યાભિષેકના મંડપમાં મૂકો. તે સિંહાસનમાં અનેક જાતનાં રત્નો જડેલાં હતાં. આંખોને આંજી મૂકે તેવા તેજ વડે તે સૂર્ય સમાન શોભતું હતું .

રામે વશિષ્ઠને અને બીજા મુનિઓને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. તે માતાઓને પગે પણ પડ્યા. પછી તેમણે વડાઓની અને નાગરિકોની સમગ્ર સભાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને પછી તે સિંહાસન પર બેઠા, સીતા તેમને અનુસરી રહ્યાં હતાં. ભવ્યતા અને સર્વોત્કૃષ્ટ ગૌરવથી સભર આ અસાધારણ દ્રશ્યને એકત્રિત થયેલો સમુદાય માણી શકે. મુનિઓ , વડીલો અને અગ્રગણ્ય નાગરિકો તથા શુભેચ્છક સંતજનોમાં આનંદની અને કૃતજ્ઞતાની લાગણીઓ ઊભરાઈ ગઈ. બ્રાહ્મણો યોગ્ય વેદ - મંત્રો ભણવા લાગ્યા; જનતાએ એટલે મોટેથી અને એટલી બધી વાર જય - નાદ ગજવ્યો કે આકાશ તૂટી પડશે એમ લાગ્યું. તે દિવસ વૈશાખ માસના કૃષ્ણપક્ષની સપ્તમી હતી. સભાની રજા અને બ્રાહ્મણોની સંમતિ લઈને વશિષ્ઠે રાજસત્તાનું ચિહ્ન રામની ભમ્મરની આસપાસ વીંટાળ્યું.

કૌશલ્યા રામને વારંવાર જોતાં હતાં અને સર્વોચ્ચ સુખ અનુભવતાં હતાં . લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન એ ત્રણ ભાઈઓના આનંદની તો વાત જ શી કરવી ? તેમનો આનંદ અવર્ણનીય હતો . તેઓ છત્ર - ચામર ઝાલીને સિંહાસન પાછળ રામના પરિચારકો તરીકે ઊભા હતા. તે દિવસે તેઓ જે પરિપૂર્ણતા માણી રહ્યા હતા તેને માટે તેમણે આ બધાં વર્ષો દરમિયાન તપ કર્યું હતું. આકાશમાં દેવોએ વિજય - દુંદુભિ વગાડ્યાં. સ્વર્ગના સંગીતકારો સ્તુતિગાન કરવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. વિભીષણ, સુગ્રીવ, અંગદ, હનુમાન, જાંબુવાન, નલ, નીલ, દધિમુખ, દ્વિદ, મૈંદ - આ વીરો હાથમાં ધનુષ , બાણ , તલવાર , ભાલા અને બીજાં આયુધો લઈને સિંહાસનની બંને બાજુએ પૂજ્ય - ભાવપૂર્વક અને નમ્રતાપૂર્વક ઊભા હતા .

ડાબી બાજુએ સીતા સાથે બેઠેલા રામ કરોડ કામદેવોની સુંદરતાને ધારણ કરી રહ્યા હતા.

રઘુવંશના સ્વામીના દિવ્ય સૌન્દર્યને જોઈને દેવો મુગ્ધ બની ગયા. રામે સુવર્ણ - તારોવાળા રેશમી વસ્ત્રો પરિધાન કર્યા હતાં, કાનોમાં રત્ન - જડિત કુંડળ ધારણ કર્યા હતાં. તેમણે કાંડા પર અને પગની ઘૂંટી પર આભૂષણો પહેર્યાં હતાં, જે તેમના મોહક સૌન્દર્યને કારણે વધારે સુંદર લાગતાં હતાં. તે ઘટનાની ભવ્યતાથી અને રામના અંગત પ્રતાપથી ત્રણેય ભુવનો આનંદ પામ્યાં. સાચે જ આ દ્રશ્ય જોનાર લોકો જીવતા માણસોમાં સૌથી વધારે ભાગ્યશાળી હતા .

સમુદ્રના દેવે રાવણને જે ઝળહળતી રત્નમાલા આપી હતી તે લઈને વિભીષણ આગળ આવ્યા; સીતાએ તે સ્વીકારી. તે માળાનું તેજ વિશાળ સભાખંડમાં બધે પ્રસરી ગયું. બધાંને તે રત્ન - માળા અદ્વિતીય લાગી. પણ તે માળાને પોતાના હાથમાં રાખીને તેમણે રામના મુખ સામે પ્રશ્ન - સૂચક રીતે જોયું. રામ સીતાના વિચારને સમજી ગયા. તે બોલ્યા , “હે સીતા, અહીં હાજર રહેલામાંથી તમે જેને તમારી કૃપાને પાત્ર લેખો તેને આ રત્નમાળા તમે ભેટ તરીકે આપી શકો છો.” સીતાએ એક ક્ષણ માટે વિચાર કર્યો અને હનુમાન તરફ દ્રષ્ટિ કરી; તે દ્રષ્ટિમાં રહેલી કરૂણાથી સભાન બનેલા હનુમાન નમ્રતાપૂર્વક તેમની પાસે આવ્યા અને પ્રણામ કરીને ઊભા. સીતાએ તે રત્નમાળા હનુમાનને આપી. હનુમાને તે માળાને અનેક વાર પોતાના હાથમાં ફેરવી જોઈ. તે રત્ન - માળાના તેજથી સભામાંના બધા લોકોની આંખો અંજાઈ જતી હતી . અતૃપ્ત કુતૂહલથી હનુમાન તે માળાની વિશિષ્ટતા શોધી કાઢવા પ્રત્યન કરી રહ્યા હતા . તેમણે દરેક રત્ન ચૂંટી લીધું , પોતાના દાંત વચ્ચે તેને મૂકયું , પોતાના કાન આગળ તેને ધર્યું અને પછી નિરાશ મુખવાળા બનીને કંટાળપૂર્વક તે રત્નને ફેંકી દીધું . બધા લોકો આ આશ્ચર્યકારક વર્તણૂકને કુતૂહલપૂર્વક જોઈ રહ્યા હતા . બધા મૌન અને નિષ્ક્રિય બની ગયા. હનુમાને છેવટે છેલ્લા રત્નની પણ તેવી જ દશા કરી . કોઈ તો માંહ્લો માંહ્ય મંદ અવાજે વાતો કરવા લાગ્યા કે સીતાએ આટલા બધા પ્રેમપૂર્વક અને કરુણાપૂર્વક આપેલી રત્ન - માળા સાથે આવો વ્યવહાર કરનાર આ વાનર કોણ છે? બધાના હોઠ પર તે પ્રશ્ન હતો.

પોતે જે કિંમતી રત્નમાળા લઈ આવ્યા હતા તેનું હનુમાન આમ નિર્લજ્જતાપૂર્વક અપમાન કરી રહ્યા હતા તે જોઈને વિભીષણને ખેદ થયો. તે મનમાં બોલ્યા કે - માળાના દરેક રત્નને ખેંચી કાઢીને તેમણે બાજુએ ફેંકી દીધું! સભામાંનો દરેક જણ પોત -પોતાની રીતે હનુમાનની આ વર્તણૂક બાબત અનુમાન કરવા લાગ્યો . આખરે એક ખંડિયા રાજા પોતાને રોકી શકયા નહિ. તેઓ ઊભા થયા અને પોતાના રોષને વાચા આપી. “હે અદ્વિતીય વિર! આ રત્નમાળાને આટલા બધા ટુકડાઓમાં શા માટે ભાંગી નાખી? એમ કરવું યોગ્ય હતું? એનું કારણ કહો. થોડું સ્પષ્ટીકરણ કરી અમારી શંકાનું નિરાકરણ કરો.”

ધીરજપૂર્વક તે સાંભળીને હનુમાને જવાબ આપ્યો, “હે રાજા, મેં દરેક રત્નનું નિરીક્ષણ કર્યું કે તેમાં રામનું નામ છે કે નહિ . કોઈપણ રત્નમાં મને તે જડયું નહિ. રામના નામ સિવાય તે માત્ર પથરા અને કાંકરા છે, એટલે મેં તે રત્નોને નીચે ફેંકી દીધાં." તેથી તે રાજા ચૂપ ન થઈ ગયા. તેણે પૂછ્યું, "હનુમાન, જો તમે એવી માગણી કરતા હો કે દરેક ચીજમાં અને કણમાં રામનું નામ હોવું જોઈએ, તો શું તે માગણી અશક્ય નથી?" હનુમાને જવાબ આપ્યો, “ જેમાં રામનું નામ નથી તેનો શો ઉપયોગ, તેથી શો ફાયદો? મારે તેવી વસ્તુની કોઈ જરૂર નથી." વીર હનુમાને આમ તે રાજાની દલીલોને તુચ્છ કાઢી. પણ તે રાજાએ વિરોધ ચાલુ રાખવા કહ્યું, " જેમાં રામનું નામ નથી તેવી કોઈપણ વસ્તુને તમે ધારણ ન કરો. ઠીક, તમે તમારો દેહ ધારણ કરી રહ્યા છો, તેને તમે તમારી સાથે લઈને ફરો છો. તમારા દેહમાં રામનામ છે એમ અમને સાબિત કરી બતાવો." હનુમાન મોટેથી હસ્યા. તે બોલ્યા કે હું તે સાબિત કરીશ, જુઓ. તેમણે પોતાના હાથ પરથી રૂંવાડું ઉખાડયું અને તે રાજાના કાન આગળ ધર્યું. તે રૂંવાડું 'રામ , રામ , રામ' એમ બોલતું હતું તે, તે રાજાએ સાંભળ્યું. રાજા આશ્ચર્ય પામ્યો. હનુમાનને પગે પડીને તેણે તેમની ક્ષમા માગી .

રામે હનુમાનને પોતાની નજીક બોલાવ્યા અને પ્રેમપૂર્વક તેમને ભેટી પડ્યા. રામે પૂછયું, “હનુમાન, આ પ્રસંગ પર હું તને શું આપું? તને આપવા લાયક ભેટ મારી પાસે નથી. હું મારી જાત તને ભેટમાં આપું છું.” પછી તેમણે પોતાનું શરીર હનુમાનને પકડવા માટે આપ્યું. કૃપાના આ અદ્વિતીય કાર્યોને જોઈ આખી સભાએ જય - નાદ કર્યો. બધા લોકોએ હનુમાનની પ્રશંસા કરી અને કહ્યું કે બધા જગતોમાં હનુમાનનો જોટો જડે એમ નથી. તેમણે હનુમાનની ભક્તિની અને તેમના સમર્પણ - ભાવની સ્તુતિ કરી. પછી રામ સિંહાસન પરથી ઊઠીને બહાર ગયા, ત્યાં ખુલ્લી જગામાં વિશાળ જનમેદની રામનાં દર્શન માટે રાહ જોતી ઊભી હતી. રામે તેમની મનોહર ભવ્ય આકૃતિનાં દિવ્ય દર્શન આપ્યાં. દર્શનના આનંદથી તેમણે અભૂતપૂર્વ રોમાંચ અનુભવ્યો. બધા નગરજનોનું સુંદર સ્વાગત કરવામાં આવ્યું. તેમને મિષ્ટાન ભોજન આપવામાં આવ્યું, અને વિલાસમય આશ્રય સ્થાનો આપવામાં આવ્યાં. રામે ખૂબ માત્રામાં સુવર્ણ, નાણાં, વાહનો, ઘરમાં વપરાતાં વાસણો, વસ્ત્રો, મકાનો વગેરે દાનમાં આપ્યાં. આ ઘટનાઓની ભવ્યતા જોઈને વિભીષણ અને વાનર – વીરો આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ રાજધાનીમાં છ માસ સુધી રહ્યા, અને ખૂબ આનંદપૂર્વક રાત દિવસ રામની સેવા કરવા લાગ્યા. તેમને માટે છ મહિના એક દિવસની પેઠે પસાર થઈ ગયા. તેમને તેમનાં ઘર, કુટુંબ અથવા રાજ્ય તે બધા સમય દરમિયાન યાદ આવતાં નહિ.

છેવટે પોતાની સાથે આવેલા બધા સાથીદારોને અને મિત્રને રામે સભાગૃહમાં બોલાવીને યોગ્ય સ્થાને બેસાડ્યા. પછી રામે તેમને મૃદુ મધુર શબ્દો વડે કહ્યું, “મિત્રો, મારી ખાતર તમે બધાએ

ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે. અલબત્ત, તમારી સામે તમારી પ્રશંસા કરવી એ યોગ્ય નથી. મારી ખાતર તમે અનેક મુશ્કેલીઓ વેઠી છે, તમે તમારાં ઘરબાર છોડી દીધાં, તમારી પત્નીઓની તથા બાળકોની ચિંતા ન કરી, તમારી માલમિલકતની ફિકર ન કરી, તમારા બધા સિવાય મારે બીજા કોઈ મિત્રો નથી. એટલે મને તમારી પ્રત્યે ખાસ પ્રેમ અને કરુણા છે. તમને હું મારા માતા-પિતા કરતાં, મારા ભાઈઓ કરતાં, મારા રાજ્ય કરતાં, મારા પ્રજાજનો કરતાં, અરે મારી સીતા કરતાં વધારે ચાહું છું. આ મારું દૃઢ કથન છે, એટલે હવે તમે ઘેર જાઓ એમ હું ઈચ્છું છું. તમારા હૃદયમાં મને સ્થાપીને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક મારી સેવા કરજો. હું તમને, તમારે પડખે, તમારી પાછળ, તમારી આગળ, તમારા ઘરોમાં જ મારાં દર્શન આપવાનું સદ્ભાગ્ય પ્રદાન કરીશ. હું તમારા પર કૃપા કરીશ."

તે બધાએ રામના આ કૃપાપૂર્ણ, પ્રેમપૂર્ણ શબ્દો સાંભળ્યા. તેઓ આનંદથી અને આભારવૃત્તિથી એટલા બધા અભિભૂત થઈ ગયા કે તેઓ પોતાની જાતને અને આજુબાજુની પરિસ્થિતિને ભૂલી ગયા. તેઓ પોતાની આંખોને રામ પર સ્થિર રાખીને હર્ષાશ્રુ વહાવવા લાગ્યા. જવાબમાં તેઓ એક શબ્દ પણ ઉચ્ચારી શકયા નહિ, તેમની જીભ કાંઈ પણ બોલવા અસમર્થ હતી. પછી રામની આજ્ઞાનુસાર સેવકો ખૂબ જથ્થામાં વસ્ત્રો અને રત્નજડિત આભૂષણો લઈ આવ્યા. લક્ષ્મણને, ભરતને અને શત્રુઘ્ન ને રામે આજ્ઞા કરી કે-બધું પક્ષના સભ્યોને વહેંચી આપો, અને તેમને તે ચીજો પહેરવામાં જાતે મદદ કરો. તે ત્રણે ભાઈઓએ વાનરોને અને વિભીષણને તે પહેરવામાં મદદ કરી. તે બધાં વધારે સુંદરતાથી અને તેજથી પ્રકાશી ઊઠયા. પણ જે કરવામાં આવ્યું તેની વાનરો પર કશી અસર ન થઈ, તે તો માત્ર પોતાના પૂજ્ય રામનાં ચરણોને જોતા, અવિચલિત અને અક્કડ ઊભા રહ્યા. બધાએ રામને નમન કર્યું અને તેમને પગે પડયા. રામે તેમને મૃદુતાપૂર્વક ઊંચકી લીધા અને ખૂબ પ્રેમથી તેમને આલિંગન આપ્યું.

રામે વિદાય લેતા વાનરોને અને બીજાઓને કહ્યું, "બાળકો અને મિત્રો, હું તમને સારૂપ્ય-મુક્તિ આપું છું, જેથી તમારામાં મારા જેટલી જ શક્તિઓ અને સિદ્ધિઓ આવી જશે. જાઓ સફળતાપૂર્વક તમારી ફરજો બજાવો, તમારી જવાબદારીઓ અદા કરો, તમને સોંપવામાં આવેલા પ્રદેશો અને લોકો પર કાળજીપૂર્વક રાજય કરો અને શાંતિ તથા સંપત્તિ પ્રાપ્ત કરો." રામે તેમને અનેક મૂલ્યવાન સલાહસુચનો આપ્યાં અને જવાની રજા આપી. વાનરોના અને બીજાઓના હૃદયમાં જે ભકિત હતી તે જોઈને ભરત અને શત્રુઘ્ન તેમની પ્રશંસા કરવા લાગ્યા. રામની આજ્ઞાનુસાર લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન વાનરોના સમૂહને અયોધ્યાની ભાગોળ સુધી વળાવવા ગયા. તેમને માટે તૈયાર રાખવામાં આવેલા રથોમાં વાનરો બેઠા, પણ તેઓ વારંવાર મુખ પાછું વાળીને જોતા; રામના વિયોગના વિચારથી તેમની આંખોમાં આંસુ ઊભરાયાં. ભાઈઓએ તેમના મુખ પર તે દુ:ખ જોયું, તેઓ

તે સહન કરી શકયા નહિ. તેઓ તે અશ્રુ-પ્રવાહોનો અને દિલગીર દેખાવોનો અર્થ જાણતા હતા. વાનરોના હૃદયમાં જે સમર્પણ-ભાવના હતી તેની તેઓ પ્રશંસા કરવા લાગ્યા. નદીતટ સુધી તેઓ વાનરો અને બીજાઓ સાથે ગયા, અને તેમને નદી પાર કરવા માટેની વ્યવસ્થા પર દેખરેખ રાખી. પછી ત્રણેય ભાઈઓ અયોધ્યામાં પાછા આવ્યા, હનુમાન પણ તેમની સાથે પાછા આવ્યા. તેમણે પોતાના રાજા સુગ્રીવને આજીજીપૂર્વક કહ્યું કે-હું દશ દિવસ પછી પાછો તમારી પાસે આવીશ- એવું હું વચન આપું છું, હું વિયોગની વેદના સહન કરી શકતો નથી. સુગ્રીવને તે વાત ગમી નહિ, તેણે ઘણો વિરોધ કર્યો, પણ હનુમાન તો લક્ષ્મણ વગેરે સાથે રામ પાસે પાછા આવી ગયા.

એક દિવસ રામ પોતાના ભાઈઓ તથા વહાલા હનુમાન સાથે બાગમાં ગયા. તેમની ઈચ્છા થોડો વખત બાગમાં ફરવાની હતી. બાગમાં ખૂબ પુષ્પો અને ફળ હતાં. રામ એક ઊંચા આસન પર બેઠા, તેમના ભાઈઓ તેમની બાજુએ બેઠા. ભાઈઓના મનમાં અમુક પ્રશ્નો પૂછવાની ઈચ્છા હતી, પણ તેઓ સંકોચ કરતા હતા, તેમણે હનુમાન તરફ જોયું અને પોતાનો ભાવ તેમને જણાવ્યો. તેઓ જાણતા હતા કે- જો હનુમાન પ્રશ્નો પૂછશે, તો રામ રાજીખુશીપૂર્વક જવાબો આપશે. સર્વજ્ઞ રામને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. તે બોલ્યા, “હનુમાન, તારે શું જાણવાની ઈચ્છા છે ? પૂછ.” હનુમાને જવાબ આપ્યો કે- “હે દીનજનોના રક્ષક, ભરતને એક પ્રશ્ન પૂછવાની ઈચ્છા હતી, પણ તે શંકા -ગ્રસ્ત અને ભયભીત બની ગયા.” પ્રણામ કરીને હનુમાન રામને પગે પડ્યા, કારણ કે પોતે રામના પ્રશ્નનો જવાબ આમ જડતાપૂર્વક આપ્યો હતો, અને રામે પોતાને બોલવાની આજ્ઞા કરી તે બદલ તે આભાર પ્રદર્શિત કરવા માગતા હતા. પછી રામ બોલ્યા, “હનુમાન તું મારા સ્વભાવને બરાબર જાણે છે. મારામાં અને ભરતમાં કોઈ ભેદ નથી, અમે બે જુદા નથી.” જ્યારે ભરતે આ શબ્દો સાંભળ્યા, ત્યારે તે રામને પગે પડ્યા અને બોલ્યા, “હે શરણે આવેલા લોકોનાં દુઃખોને દૂર કરનાર, સાંભળો. મારી ભૂલો બદલ ક્ષમા કરો અને મારું રક્ષણ કરો. મારા મનમાં કોઈ શંકા નથી. સ્વપ્નમાં પણ મને શોક કે આસકિત નથી. અલબત્ત, તે તમારી કૃપાનું અને કરુણાનું ફળ છે. તમે બધા સદ્દગુણોના ભંડાર છો. હું સજ્જનો અને દુર્જનો વચ્ચેનો ભેદ સમજવા માગું છું.”

રામે કૃપા કરીને જવાબ આપ્યો, “ભાઈ, સજજનોનાં અનેક લક્ષણો છે, વેદમાં અને પુરાણોમાં તે ગણાવ્યાં છે. તે બેની વચ્ચેનો તફાવત ચંદન-વૃક્ષ અને કુહાડી વચ્ચેના ભેદ જેવો છે. નોંધ કર કે જ્યારે કુહાડી તેને કાપે છે. ત્યારે પણ ચંદન-વૃક્ષ કુહાડીને પોતાની સુંગધ વડે સુગંધિત બનાવે છે. કુહાડી તેને મારી નાંખે છે, પણ ચંદન વૃક્ષ પોતાના ખૂનીનું પણ શુભ જ કરે છે. તેથી બધા લોકો ચંદનનું ઊંચું મૂલ્યાંકન કરે છે. પોતાના કપાળ પર ચંદનનો લેપ થાય એ દેવોને પણ ગમે છે. પણ શુભ કરનાર ચંદન-વૃક્ષને ઈજા કરનાર કુહાડીનું શું થાય છે તે જો. તેને અગ્નિમાં રાખવામાં આવે છે.

જ્યાં સુધી તે લોઢું લાલચોળ બની જાય ત્યાં સુધી તેના પર હથોડાના પ્રહારો કરવામાં આવે છે અને તેને ધાર અને તીક્ષ્ણતા આપવામાં આવે છે. આ રીતે દુષ્ટ લોકો સજ્જનોને દુઃખ આપે છે, પણ પોતાને ગમે તેટલી ઈજા કરવામાં આવી હોય છતાં સજ્જનો તેમનું ભલું ઈચ્છે છે અને કરે છે. અને તેથી તેમને શો લાભ થાય છે ? તેઓ જરૂર સ્વર્ગમાં જાય છે, અર્થાત્ તેઓ સતત આનંદમાં રહે છે. તેથી ઊલટું દુષ્ટ લોકો સતત દુઃખમાં અને અસંતોષમાં સબડે છે, અર્થાત્ તેમને નરક- સમાન વેદના ભોગવવી પડે છે. બહારથી તેઓ સુખી જણાય, પણ તેમણે આવાહ્ન કરેલી અપકીર્તિ અને તિરસ્કારને કારણે તેઓ અંદર રિબાય છે.

હવે હું તને સજ્જનોનાં લક્ષણો કહીશ તે સાંભળ. તેઓ ઈન્દ્રિયસુખોના મોહમાં પડતા નથી. તેમનામાં બધા શ્રેષ્ઠ સદ્ગુણો હોય છે. તેમનામાં સદાચાર હોય છે. બીજાઓનાં સુખે તેઓ સુખી થાય છે, અને બીજાઓનાં દુઃખે તેઓ દુઃખી બને છે. તેમને શત્રુઓ હોતા નથી અને હોય તો પણ તેઓ તેમની ચિંતા-ફિકર કરતા નથી, તેમનામાં પ્રજ્ઞાન, વિષયગત જગતનું જ્ઞાન અને ઊંડી અનાસક્તિ હોય છે. તેમનાં હ્રદય કોમળ હોય છે. અનાથ અને નિર્બળ લોકો પ્રત્યે તેમને કરુણા હોય છે. તેઓ મન, વચન અને કર્મની વિશુદ્ધિથી મારાં ચરણોની પૂજા કરે છે. તેઓ મારી સેવા કરવામાં આનંદ માને છે, તેમને કીર્તિ-અપકીર્તિની, માન-અપમાનની દરકાર હોતી નથી, તેમને હંમેશાં બીજાની સેવા કરવામાં રસ હોય છે. સ્વપ્નમાં પણ તેઓ સ્વાર્થના આવેગને તાબે થતા નથી. તેમનાં કૃત્યો પારદર્શક રીતે સરળ હોય છે. તેમનાં હ્દય હંમેશાં શીતળ અને અવિક્ષિપ્ત હોય છે, ત્યાગ કરવાની તકો માટે તે ઝંખતા હોય છે. તેઓ હર-ક્ષણે આનંદમાં ડૂબેલા રહે છે, તેમને મન સ્તુતિ અને નિંદા સમાન હોય છે. હે ભાઈ, જે માણસમાં આવાં લક્ષણો હોય, તેનો સ્વભાવ મારા જેવો છે એમ જાણ. તે મારા-રૂપ છે. હું તેના-રૂપ છું. આ વાતને સત્ય માનજે.

હવે હું તને દુષ્ટ જનોનાં લક્ષણો કહીશ. ધ્યાનપૂર્વક સાંભળ. સર્વ ઉપાયો વડે તારે તેમના સંગથી દૂર રહેવું. તેમની ભાઈબંધીથી તું દુખી બની જઈશ. બીજાની સમૃદ્ધિ જોઈને દુર્જનોનું હ્રદય દુઃખી બને છે. બીજાઓની નિંદા કરવામાં તેમને સદ્ભાગ્યને આવકારવા જેવો આનંદ મળે છે. સજ્જનોના છ શત્રુઓ છે-કામ, ક્રોધ, લોભ, કામના, અભિમાન, અને દ્વેષ –દુર્જનો એ છને પોષે છે. તેઓ હમેશાં તેમના ઈશારા અને હાક પર ખડે પગે તૈયાર રહે છે, તે છ દોષોની ઈચ્છા મુજબ તેઓ હરે-ફરે છે અને કાર્ય કરે છે. તેમના સ્વભાવમાં દયા અને ઉદારતા હોતાં જ નથી. કોઈપણ કારણ કે ઉશ્કેરણી વગર તેઓ બીજાઓ સાથે ઝઘડા કરતા રહે છે. પોતાનું શુભ કરનારાઓ સાથે પણ તે દુશ્મનાવટ કેળવે છે. તેમનાં હ્રદય પત્થરનાં બનેલાં હોય છે. મોર મનોહર દેખાય છે, તેનો કેકારવ મધુર હોય છે. પણ તે સર્પોને મારી નાંખે છે. તે જ રીતે, દુર્જનો બીજાઓને ઈજા પહોંચાડવા માંટે

ઉત્સુક હોય છે. તેઓ બીજાઓની પત્નીઓની કામના કરે છે. બીજાઓને બદનામ કરવામાં તેમને મજા પડે છે. તે ઓ પાપમાં-દુષ્ટતામાં રાચે છે. તેઓ બધો સમય દુષ્ટ-પાપી મનવાળા હોય છે. તેઓ માણસોમાં સૌથી વધારે અધમ હોય છે, તેમને આ કર્મોની ઉપયુક્ત શિક્ષાનો ભય હોતો નથી. જ્યારે બીજાની. પ્રગતિ જુએ છે કે તેને વિશે સાંભળે છે, ત્યારે તેમનામાં એવી અદેખાઈ પેદા થાય છે કે જાણે અસહ્ય રીતે તેમનું માથું ન દુ:ખતું હોય. જ્યારે તેઓ બીજાઓને દુઃખમાં સપડાયેલા જુએ છે, ત્યારે તેમને આનંદ થાય છે. બીજાઓને દુ:ખી જોઈને તેઓ એટલો બધો હર્ષ પામે છે કે જાણે કોઈ પ્રદેશ પર રાજા તરીકે અભિષેક ન થયો હોય. તેમનામાં ખૂબ અહંકાર હોય છે. સ્વપ્નમાં પણ તેમને બીજાઓને મદદ કરવાનો વિચાર આવતો નથી. તેમનું હૃદય કામનું, ક્રોધનું અને બીજા આવેગોનું જન્મ-સ્થાન હોય છે. તેમને માતા-પિતા, ગુરુઓ, અથવા વડીલો પ્રત્યે માન હોતું નથી. સારી વ્યક્તિઓનું અથવા ભગવાનનું નામ સાંભળતાં વેંત જ તેમને અણગમો આવે છે. તેમની બુદ્ધિ જડ હોય છે, તેમનું આચરણ નિંદ્ય હોય છે, કલિયુગમાં તેમની સંખ્યા ખૂબ હશે.

ભાઈ, બધાં સત્કાર્યો પૈકી, જરૂરિયાતવાળા માણસને મદદ કરવી એ શ્રેષ્ઠ સત્કાર્ય છે. બધાં દુષ્કૃત્યો પૈકી અન્યોને ઈજા કરવા જેવું બદતર દુષ્કૃત્ય અન્ય કોઈ નથી. વેદોના અને પુરાણોના ઉપદેશોનો આ સાર છે એમ જાણ. સર્વત્ર સજ્જનોએ આ જ આદર્શ પોતાની સમક્ષ રાખ્યો છે. માનવ-જન્મનો લાભ મળ્યા છતાં જેઓ બીજાને ઈજા પહોંચાડવામાં રાચે છે, તે નિમ્નતર પશુઓના સ્તર પર સરી પડે છે, તેઓ પછી પશુઓ તરીકે જ જન્મે છે અને મરે છે, અથવા જો તેઓ ફરી મનુષ્યો તરીકે જન્મે, તો તેઓ, અજ્ઞાનને કારણે અને અજ્ઞાન વડે જન્મતી અંધતાને કારણે, વધારે દુકૃત્યો કરે છે-હું તેમને માટે તેમનાં કર્મોનું ફળ આપનાર માપક છું અને અતિ લાંબા સમય સુધી તેમને અંધકારમાં બાથોડિયાં મારવાં પડે પછી જ હું તેમને મારી ઝાંખી કરવાની કૃપા કરું છું, વારંવાર જન્મ-મરણના ચક્રમાં નાંખું છું, અને તેમને બોધ મળે તે માટે તેમને ચડતી-પડતીના અનુભવો કરાવું છું.

હે ભરત ! દેવો, મુનિઓ, અને મહાત્માઓ પોતાની જાતને દ્વૈતવાળા કાર્યોમાં પરોવતા નથી. તેઓ સમર્પણ- ભાવથી સતત મારી પૂજા કરવામાં જ ગૂંથાયેલા રહે છે. કર્મોનાં ફળની કામના કે આસકિત રાખ્યા સિવાય, તેઓ કર્મ કરતા જ રહે છે. જો કોઈ ફળ પ્રાપ્ત કરવા માટે તપ કરવામાં આવે, ફળ માટે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે, તો સારાનરસાં કર્મોનાં સારા-નરસાં ફળ ભોગવવા માટે માણસોને ફરી જન્મ લેવો પડે છે. જો ફળની કામના રાખવામાં ન આવે, અને છતાં તે કામ દિલની સચ્ચાઈ-પૂર્વક યોગ્ય રીતે કરવામાં આવે, તો તે કર્મ બંધનકારક થતાં નથી; ઊલટું તે કર્મ, કર્તામાં જ્ઞાન ઉત્પન્ન કરે છે, તેથી તેની ભક્તિમાં અને સમર્પણ-ભાવનામાં ખૂબ વૃદ્ધિ થાય છે. પરિણામે તેવો માણસ પરમાત્માની વધારે નજીક જાય છે અને છેવટે તેમનામાં વિલીન થઈ જાય છે. જ્યારે તું આ

લક્ષણોના આધારે સારા-નરસાનો વિવેક કરી શકીશ, અને સારા માણસોનો સંગ પસંદ કરી સત્કાર્યો કરીશ, ત્યારે તું સંસાર-સાગરનાં વમળોમાંથી તારી જાતને મુક્ત કરી શકીશ. ભાઈ, એમ સમજ કે સારા-નરસા વચ્ચેના આ ભેદો મૂળભૂત રીતે આસકિતનાં અને વિકાસનાં છે. જગતને સત્ય માની લેવાથી તે પેદા થાય છે, જ્યારે હકીકતમાં જગત સત્ય પણ નથી, અસત્ય પણ નથી. આ ભ્રાન્તિમાંથી અને દ્વંદ્વંમયતામાંથી મુક્ત બનેલા લોકો જ મહાત્મા છે. તેમણે સાક્ષાત્કાર કર્યો હોય છે કે અવિકારી આત્મા એ જ તેમની વાસ્તવિકતા છે. તે જાણે છે કે- બે છે જ નહિ, માત્ર એકનો જ તેઓ અનુભવ કરે છે. તે સિવાયના બાકીના લોકો અજ્ઞાની છે.”

આ સ્પષ્ટીકરણ જેમણે સાંભળ્યું હતું તે ભાઈઓ-ભરતે અને બીજાઓએ સમતા પ્રાપ્ત કરી. પ્રેમના આવેગથી તેમનાં હૃદય આનંદ-વિભોર બની ગયાં. રામને આભાર-પૂર્વક સાષ્ટાંગ પ્રણિપાત કરીને તેમણે રામના માયાળુપણાનો સ્વીકાર કર્યો. સ્પષ્ટ કરાયેલા દરેક મુદ્દા પરત્વે તેમણે સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. બીજાઓ કરતાં હનુમાન વધારે આનંદ-વિભોર બની ગયા. પછી ભાઈઓ અને હનુમાન સાથે રામ રાજમહેલમાં ગયા. આ પ્રમાણે રોજ બનવા લાગ્યું–બોધ કરવા અને પછી રાજ્યવહીવટ અંગેની ફરજો બજાવવી. એક દિવસ રામને ઈચ્છા થઈ કે, ગુરુઓ તથા બ્રાહ્મણો સાથે, અયોધ્યાના નાગરિકો રાજમહેલમાં એકત્રિત થાય. બધા એકઠા મળ્યા. તેમને આરામમય આસનો પર બેસાડવામાં આવ્યા. રામ તે ખંડમાં આવ્યા અને આમ બોલ્યા:

"હે નાગરિકો, ગુરુઓ, અને બ્રાહ્મણો ! તમને મારા સાષ્ટાંગ પ્રણિપાત. શાંતિપૂર્વ ક, અંત સુધી, મારા શબ્દો ધ્યાનપૂર્વક સાંભળો. હું અભિમાનપૂર્વક કે સ્વાર્થી ઈચ્છાથી તમારી આગળ પ્રવચન નથી કરી રહ્યો. હું તમારો રાજા છું-એનું પ્રદર્શન કરવા માટે હું નથી બોલી રહ્યો. જો તમને મારા શબ્દો સારા લાગે, તો હું જે માર્ગ સૂચવું છું તેને અનુસરજો. પણ મારે કહેવું જોઈએ કે જે લોકો ધ્યાનપૂર્વક મારા શબ્દો સાંભળશે અને તે પ્રમાણે વર્તશે, તે જ મને વહાલા લાગશે. માત્ર તેઓ જ મારા ભાઈઓ છે. જો હું કાંઈ ખોટું બોલું, તો સંકોચ વગર મને તે તરત જ બતાવજો. ઠીક, વેદો, પુરાણો અને બધા દેશોના જ્ઞાની લોકો કહે છે કે માનવજન્મ એ એક સૌથી વધારે વિરલ તક છે. પૂર્વ-જન્મોમાં અનેક પુણ્યોનો સંચય કર્યા સિવાય માનવ-જન્મ મળતો નથી. દેવો પણ તે તકની ઈચ્છા રાખે છે અને માનવ-જન્મ પ્રાપ્ત કરવો તેમને પણ કઠિન લાગે છે. માનવ-જન્મ મુક્તિનું દ્વાર ખોલી આપે છે. સાધના કરવાની અને તેનો લાભ ઉઠાવવાની તે વિશાળ તકો પૂરી પાડે છે. માનવ-શરીરનો ઉપયોગ ઈન્દ્રિય-સુખો માણવા માટે કરવાનો નથી. તેને સ્વર્ગ-પ્રાપ્તિનું સાધન માનવાનું નથી, સ્વર્ગ મેળવી ત્યાંનાં રમકડાં અને સુખો ભોગવવાનું સાધન માનવાનું નથી. એ બધાં સુખો તો ક્ષણ-ભંગુર છે. તે ફરી તમને જન્મ-મરણના ચક્રમાં નાંખે છે, એટલે આ સુખો દુઃખ જ

લઈ આવે છે. માત્ર મૂર્ખ લોકો જ આ ઈન્દ્રિય-સુખો પાછળ દોડ મૂકશે. તેવાં સુખો માણસ માટે વિષ સમાન છે. શું અમૃત છોડીને વિષ શોધવું તે યોગ્ય છે ? જે લોકો વિષ માટે ઝંખના કરે છે, તે સજ્જનો ન હોઈ શકે, તેઓ ચિંતામણિનો ત્યાગ કરીને કાચનો મણકો પસંદ કરનાર લોકો જેવા મૂર્ખ છે. માનવ-શરીર પ્રાપ્ત કરીને, જો માણસ તેનો ઉપયોગ સંસાર-સાગરને પાર કરવા માટે ન કરે, તો તે સાચે જ કમનસીબ અને જડ બુદ્ધિવાળો છે, અને તેથી દયા-પાત્ર છે; તે સાચે જ આત્મ-ઘાતી છે, પોતાની પ્રગતિનો જ દુશ્મન છે. માટે માનવ-જન્મ પ્રાપ્ત કરેલા લોકોએ ભાન રાખવું જોઈએ કે, ભગવાન આત્મા રૂપે દરેક જણમાં રહેલા છે; દરેકને ભગવાન માનીને તેની સેવા કરવી એ ભગવાનની સૌથી વધારે યોગ્ય સેવા છે. હૃદયથી ભગવાનની આજ્ઞાઓનું પાલન કરો. બધી પ્રવૃત્તિઓ તમે ભગવાનને સમર્પિત કરતા હો તે રીતે કરો. હે નાગરિકો! આ લોકમાં તથા પરલોકમાં સુખી થવાની ઈચ્છાવાળા હે નાગરિકો! મારા શબ્દો ધ્યાનપૂર્વક સાંભળો. તેમને તમારા માર્ગદર્શક બનાવો, તમારું લક્ષ્ય બનાવો. આ માર્ગને અનુસરો. ભગવાન પ્રત્યે તથા આત્મ-સાક્ષાત્કાર પ્રત્યે દોરી જતા બધા માર્ગોમાં ભક્તિ-માર્ગ સૌથી વધારે સહેલો છે. તે માર્ગ મનને પૂર્ણ આનંદ આપે છે. વિવેકના અને ભ્રાંતિ ને દૂર કરવાના (જ્ઞાનના) માર્ગમાં ઘણી મુશ્કેલીઓ અને ઘણા અવરોધો નડે છે. મનને સંકલ્પ-રહિત બનાવી દેવું તે લગભગ અશકય છે ! જે લોકો કઠણ જ્ઞાનમાર્ગે મુસાફરી કરે છે, તેઓ પણ જો તેમના હૃદયમાં ભકિત અને પ્રેમ હોય તો જ, મને વહાલા લાગે છે. ભકિત સમાન બીજું કશું નથી. ભકિતમાં બંધનો હોતાં નથી, તે સ્વતંત્ર છે. તે માણસને બધા જ આનંદો અને પ્રસન્નતા આપે છે. એ વાત પર ભાર મૂકવો જોઈએ કે માત્ર સત્સંગની ખોજ કરી સત્સંગમાં હો તો જ તમે ભક્તિમાં પ્રગતિ સાધી શકો છો." પ્રવચન આગળ ચલાવતાં રામે કહ્યું, “હે મારા રાજ્યના લોકો, સાંભળો, હું તમને એક બહુ મહત્વનું સત્ય કહેવા માગું છું, જેને ઘણી વાર તમે સ્પષ્ટા પૂર્વક સમજી શકતા નથી. શિવમાં અને કેશવમાં જરાપણ ભેદ ન માનશો. ભગવાન એક છે. એમ માનજો. નામ-રૂપ ભિન્ન-ભિન્ન ભલે હોય, પણ દિવ્યાત્મા એક જ છે, તે દિવ્યાત્મા દરેક જણમાં સરખી શક્તિ-પૂર્વક રહેલો છે.

રામના મુખેથી આ અમૃતમય બોધને સાંભળીને નાગરિકોએ પૂજયભાવ પૂર્વક રામને નમન કર્યું. પોતાનો આભાર વ્યકત કરવા એક નાગરિક આગળ આવ્યો. તે બોલ્યો, “હે સ્વામી, અમને અમારા જીવન કરતાં પણ તમારામાં વધારે આસક્તિ છે. તમારે લીધે અમારાં શરીર તંદુરસ્ત અને સબળ છે, તમારે લીધે અમારાં ઘરોમાં આનંદ અને સુખ ગુંજી રહ્યાં છે; તે બધું તમારી કૃપાનું ફળ છે; તમે અમને શોકથી મુકત કર્યા છે અને તમારા પ્રત્યે આકર્ષ્યા છે. હે મહારાજ, તમારી પેઠે, બીજા કોણ અમને આટલા પ્રેમપૂર્વક આવો બોધ આપવાનું હતું ? અમારા

માતા-પિતા અમારી પાસેથી સ્વાર્થી કામનાઓ પૂર્ણ કરાવવાનું જ શોધે છે; બસ, માત્ર એટલું જ. અમે તમને શા કામમાં લાગવાના હતા ? છતાં પણ તમે અમને સ્વર્ગનો આનંદ પ્રાપ્ત કરવાની તાલીમ આપી રહ્યા છો, તેથી અમને પૂરો સંતોષ થાય છે. રાક્ષસ-જાતિનો નાશ કરીને તમે અને તમારા ઉમદા અનુયાયીઓએ જગતની ભવ્ય સેવા બજાવી છે. અમે કદી પણ તમારા જેવા દયાળુ અને વિચારશીલ સ્વામી, મિત્ર, પિતા કે માતા પ્રાપ્ત કરી શકવાના નથી." લોકોએ ખૂબ માત્રામાં રામ સમક્ષ પોતાના આનંદની અને પ્રબુદ્ધ થયાની ભાવના પ્રગટ કર્યા. તેમની વફાદારીને તથા આધ્યાત્મિક બાબતો વિશે વધુ ને વધુ જાણવાની ઉત્સુકતા જોઈને રામ ખૂબ રાજી થયા. પછી નાગરિકોએ રામની રજા લીધી અને તેઓ પોતાને ઘેર પાછા ગયા. પોતાને શિખવાડવામાં આવેલાં, મૂલ્યવાન સત્યોને તે યાદ કરવા લાગ્યા.

અયોધ્યા-નગરીમાં દરેક ઘરે એક પુષ્પોનો બગીચો હતો; ઘરના લોકો - બાગનું પ્રેમપૂર્વક અને દરકારપૂર્વક જતન કરતા હતા. અયોધ્યામાં સતત વસંતઋતુ જ રહેતી, કારણ કે, વર્ષના બારેય માસ દરમિયાન વૃક્ષ પર ખૂબ ફળ-ફૂલ ઊગેલાં રહેતાં, ફૂલો ઉપર ભ્રમરો સમૂહ-ગુંજારવ કરતા, તે ગુંજારવ નગરીમાં બધે સંભળાતો. પુષ્પોની સુંગધવાળી શીતળ વાયુ-લહરી દરેક જણનું સ્વાગત કરતી. નગરીનાં બાળકો અનેક જાતનાં પંખીઓને પાળતાં, તે પંખીઓનાં ગાન અને કલરવ કાન માટે મધુર સંગીત ઉત્પન્ન કરતાં.

રામના કલ્યાણકારી શાસન હેઠળ નાગરિકો પાસે જે ધન-સંપત્તિ અને સમૃદ્ધિ હતી તેમનું વર્ણન હજાર જીભોવાળા શેષ-નાગ પણ કરી શકે તેમ ન હતું. રામ ધર્મની જે રક્ષા કરતા, તેમાં વૃદ્ધિ કરતા, તેનું એ પરિણામ હતું. રામે ઘણા અશ્વમેધ-યજ્ઞો કર્યા હતા. લાખો બ્રાહ્મણોને ઉદાર દાન આપવામાં આવ્યાં હતાં અને તેમને સુખી તથા સંતુષ્ટ કરવામાં આવ્યા હતા. વૈદિક વિધિઓ અને ક્રિયા-કર્મના અભિવર્ધક અને ધર્મના નિયમોના રક્ષક (જો કેતે પોતે તો ગુણાતીત હતા. એવા રામ તેમજ બધા શુભ ગુણોવાળા અને કલ્યાણકારી ધર્મના નિયમોનું પાલન કરવા ઈચ્છતા બધા લોકોને મદદ કરવા બહુ ઉત્સુક એવાં સીતા-એ બંને પોતાના પ્રજાજનોને તથા પોતાની જાતને ધર્મ-માર્ગે ચલાવવાનાં કાર્યમાં સાવધાન હતાં. રામના શાસન કાળ દરમિયાન શારીરિક માંદગી, માનસિક ચિંતા, અને નૈતિક અધઃપતન તદ્દન ગેરહાજર હતાં. લોકો એક બીજાને ખૂબ પ્રેમપૂર્વક ચાહતા. દરેક જણ લોકસમાજ અંગેની વેદ-વિહિત ફરજોને તથા અધિકારોને આનંદપૂર્વક ચીટકી રહેતો. દેશમાં તપ, દાન, યજ્ઞની વિધિઓ અને આધ્યાત્મિક અધ્યયનો સતત ઉત્સાહપૂર્વક ચાલુ જ રહેતાં. સ્વપ્નમાં પણ લોકોનાં મનમાં પાપી વિચારો પ્રગટ થવાની હિંમત કરી શકતા નહિ. સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો, બાળક-બધાં જ સર્વ સમયે રામના વિચારોમાં રાચતાં હતાં. રામ-રાજયમાં

કોઈ ગરીબ ન હતું, કોઈ દુઃખી ન હતું, કોઈનું અપમાન થતું નહિ. કોઈ ક્રૂર ન હતું, કોઈ દ્વેષપૂર્ણ ન હતું, કોઈ દેખાવમાં ભયંકર કે કદરૂપું ન હતું; દરેકમાં સૌન્દર્યનાં બધાં ચિહ્નો હતાં. પોતાના અભિમાન કે ભપકા વડે કોઈ બીજાને ઈજા પહોંચાડતું નહિ. કોઈ બીજાની અદેખાઈ કરતું નહિ. બધા આત્મ-જ્ઞાનમાં કુશળ હતા. બધા ધર્મનું આચરણ કરવા માટે, ધર્મનું રક્ષણ કરવા માટે ઉત્સુક હતા. બધા કરુણાયુકત હતા અને બીજાઓની સેવા કરવા માટે તત્પર હતા; દરેક જણ બીજાના ગુણોની સ્તુતિ કરવા માટે આતુર હતું. કોઈ પોતાના હૃદયમાં અહંકારને જરાપણ અવકાશ આપતું નહિ.

સમુદ્રોથી વીંટળાયેલા સાતેય દ્વીપો સાથેની સમગ્ર પૃથ્વી રામના એક છત્ર નીચે હતી. સમગ્ર પ્રદેશના માત્ર રામ એક જ અ-વિવાદાસ્પદ સ્વામી હતા. તે રાજયમાં લોકો પરસ્પરના પ્રેમને અને મદદને માણતા હતા; કજિયા-કંકાસનું નામનિશાન ન હતું. ભેદભાવ અને દંડ દ્રષ્ટિ-ગોચર થતા નહિ. અલબત્ત, ભેદ માત્ર નૃત્યમાં જ અને કલામાં જ હતો. યુદ્ધ માત્ર સાધકો અને ઈન્દ્રિયો વચ્ચે જ દેખાતું હતું. રાગ માત્ર સંગીતમાં જ દેખાતો હતો. જયાં કોઈ કોઈનો શત્રુ જ ન હતો, તો પછી હિંસા કેવી રીતે બને ? પણ લોકો માત્ર મનની સ્વચ્છંદતાને જ મારતા અને પોતાની નિમ્ન પ્રકૃતિ પર વિજય મેળવતા.

નગરી અને આસપાસનો પ્રદેશ કૂવાઓથી, સરોવરથી, અને તળાવોથી શોભતાં. કેવાં સ્વચ્છ જળો ! કેવાં સુંદર ઘાટો ! મુનિઓ અને ઋષિઓ તેમનાં ભવ્ય સૌન્દર્યથી આકર્ષાઈને પ્રશંસા કરતા હતા. પોતે તે રીતે આકર્ષાતા, તેથી તેઓ પોતાની જાતનો જ દોષ કાઢતા હતાં. તેમનાં તટો પર આવેલા ઘટાદાર વૃક્ષો પર બેઠેલા પંખી ગાતાં હતાં. વૃક્ષોની ડાળીઓ પર પોપટ, મોર, અને બીજાં પક્ષીઓ એકત્રિત થતાં આનંદ-કલ્લોલ કરતાં હતાં. અયોધ્યા-નગરી સ્વર્ગ કરતા પણ વધારે સુંદર અને તેજોમય હતી. તેની અસાધારણતા જોઈને લોકો આશ્ચર્યચકિત બની જતા હતા.

એક દિવસ, બધાં ક્ષેત્રોમાં લોકોને સમૃદ્ધિ બક્ષનાર રામને મળવા માટે વશિષ્ઠ રાજમહેલમાં આવ્યા. રામે તેમનું પરંપરાગત રીતે સ્વાગત કર્યું. રામે તેમના પગ ધોયા, પવિત્ર જળ પીવા માટે આપ્યું. પ્રણામાંજલિ રચીને વશિષ્ઠ બોલ્યા, “કરુણાસાગર, મારે એક વિનંતી કરવાની છે. તમારી માનવ-લીલા હું ખૂબ આનંદપૂર્વક નિહાળી રહ્યો છું. હવે મારા મનમાં એક શંકા જાગી છે. તમારી શકિત આગાધ છે. વેદો પણ તમારી પ્રકૃતિને પૂરેપૂરી જાણતા નથી. હે નાથ, હું કેવી રીતે તમને વર્ણવી શકું, તમને ઓળખી શકું? આ રાજગુરુનો અથવા પુરોહિતનો

ધંધો અપમાનજનક છે. વેદો, શાસ્ત્રો અને પુરાણો કહે છે કે પુરોહિતપણું નિમ્ન દરજ્જાનું છે, કારણ કે તે એક અધમ ધંધો છે; પુરોહિતોને પોતાના યજમાનના ઘરમાં શુભ તેમજ અશુભ વિધિઓ કરાવવી પડે છે. એટલે એ ધંધો દૂષિત ગણાય છે. પ્રથમ તો હું આ ધંધો સ્વીકારવા જરાપણ રાજી ન હતો. પણ બ્રહ્મા મને મળ્યા, તેમણે મારી દશા જોઈ. તેમણે મને કહ્યું, “હે પુત્ર, ભાવીમાં શું બનવાનું છે તે તું જાણતો નથી. જરાપણ કચવાટ કર્યા સિવાય આ ધંધો સ્વીકારી લે. આગામી વર્ષોમાંતેથી તને ખૂબ લાભ થંશે. પરબ્રહ્મ રઘુવંશમાં અવતાર લેશે.” તે સાંભળીને મેં આ ધંધાને નમન કર્યું અને હું રઘુવંશનો કુલ-પુરોહિત બન્યો. હવે તેને પરિણામે મેં પરમ તત્વની પ્રાપ્તિ કરી છે, જે અસંખ્ય વર્ષો સુધી જપ, તપ, ધ્યાન અને યોગ વડે જ પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત મેં અનેક યજ્ઞયાગાદિ, જરા પણ તકલીફ વગર, કર્યા કરાવ્યાં છે, આ બધાં સત્કર્મોનું લક્ષ્ય છે તમારી પ્રાપ્તિ, અને મેં તમારી પ્રાપ્તિ કરી લીધી છે.

મેં જે પસંદ કર્યું છે તેનાથી બીજું કયું વધારે સારું કામ મારે કરવાનું છે? હે સ્વામીઓના સ્વામી! જપ, તપ, યજ્ઞો, યાગો, વ્રતો, નિયમો અને વિધિઓ વેદોમાં વિહિત છે. જ્ઞાન, પ્રાણીઓ પ્રત્યે કરુણા અને સદાચાર વિકસાવવાથી તમારી હાજરી અને કૃપા પ્રાપ્ત થાય છે. હે સ્વામી, હું એક વરદાનની પ્રાર્થના કરું છું; તમારી અનંત દયા વડે તમે તે મને આપો. તમારી કરુણાપૂર્ણ આંખના ખૂણામાંથી તમારી કૃપા મારા પર વરસાવો. મારે હજી ગમે તેટલા જન્મો લેવા પડે, પણ મારામાં તમારી ભકિત અખંડ રહો. હું આ વરદાન માંગુ છું.” પછી રામની રજા લઈને વશિષ્ઠ પોતાને ઘેર ગયા.

રાજયના પ્રજાજનો તેમના રાજા રામની મનમોહક, ત્રિગુણી પવિત્ર કથા ગાવામાં પોતાનો સમય ગાળતા હતા. કોઈ પણ માણસે યોગમાં સિદ્ધિ મેળવી હોય, ઘણાં વ્રતો કર્યા હોય, પણ જો તેના હૃદયમાં પ્રેમ ન હોય, તો તે રામનાં દર્શન પ્રાપ્ત ન કરે. રામના રાજયમાં જ્ઞાનીને, તાપસને, વીરને, કવિને, વિદ્વાનને, સિદ્ધને-કોઈને લોભ ન હતો. ધનના અભિમાનથી પ્રેરાઈને કોઈ કુમાર્ગે જતો નહિ. સત્તાનો મદ કોઈને બહેરો બનાવી દેતો નહિ. કોઈ યુવાન યૌવનના તાવથી પીડાતો ન હતો. સ્વાર્થના આવેગને તાબે થઈને કિર્તી ગુમાવે તેવો માણસ રામના રાજમાં કયાંથી જડે? વૈરવૃત્તિથી દૂષિત માણસ ક્યાંયથી ન જડે જ ? શોકના પક્ષાઘાતથી પીડાતો માણસ ક્યાંથી જડે? ચિંતારૂપી સર્પ વડે ડસાયેલો માણસ ક્યાંથી જડે? તેવો કોઈ માણસ ન જ જડે, કારણ કે રામ પોતે બધા દોષોથી પર હતા અને તેથી લોકો માટે દષ્ટાંતરૂપ હતા. તે અંત્મરૂપ છે, ભગવાન છે.

માયાના વીર સૈન્યો આ જગતમાં બધે પહોંચી જાય છે. કામ, લાલસા, લોભ વગેરે આવેગો તેના સૈનિકો છે. અભિમાન, નાસ્તિકતા વગેરે તેના સેનાપતિઓ છે. પણ તે જ માયા રઘુનાથ રામની દાસી છે. તે અવાસ્તવિક છે; પણ જો તમે રામની કૃપા પ્રાપ્ત ન કરી હોય, તો તમે તેના બંધનમાંથી છટકી શકતા નથી, માત્ર રામની આંખના ખૂણામાંથી વહેતી કૃપા જ તમને માયાની પકડમાંથી મુક્ત કરી શકે છે. માયાનું પ્રભુત્વ વિશ્વની બધી સચરાચર વસ્તુઓ પર છે. તેની પકડમાંથી કોઈ મુક્ત થઈ શકતું નથી. તે ભગવાનના પાર્થિવ પ્રતાપનું અનુકરણ કરે છે. એક કુશળ અભિનેત્રી તરીકે તે પોતાનો ભાગ ભજવે છે; તેના નાટકમાં કામ, લોભ વગેરે બીજાં પાત્રો છે. પણ સચ્ચિદાનંદ સ્વરૂપ, સમુદ્રમાં અને આકાશમાં લાક્ષણિક ઘેરી ભૂરાશના સજીવારોપણ તરીકે પ્રગટ થતા મૂર્તિમાન પ્રેમ, અજન્મા, પરમાત્મા રામમાં માયાનો લેશ પણ નથી.

અયોધ્યા-નગરીમાં દરેક દિવસ ઉત્સવ-દિન હતો, દરેક ઉત્સવમાં મનોરંજનના નવા-નવા કાર્યક્રમો થતા હતા. રામ રોજ રોજ ધનસંપત્તિ દાનમાં આપતા હતા. એવો નિયમ કરવામાં આવ્યો હતો કે કોઈએ કોઈની નિંદા કરવી નહિ, કે કોઈની ધૃણા કરવી નહિ, અપ-શબ્દ બોલવા નહિ; દરેક ઘરોમાં વેદોનું અને પુરાણોનું વાચન થતું હતું. કોઈ જ્ઞાતિ બીજી જ્ઞાતિને હલકી ગણતી નહિ. દરેક જણ પરંપરાગત વ્યવસાય સંભાળતો, વિહિત ધારા-ધોરણોને માન આપતો એટલે રામના હૃદયમાં પોતાની પ્રજા પ્રત્યે કરુણા અને પ્રેમ વૃદ્ધિ પામ્યાં. રામના રાજયમાં પત્નીઓ જે ભકિત અને સમર્પણભાવથી પોતાના પતિઓની સેવા કરતી તે જોઈને દેવોને પણ તે પુરુષોની ઈર્ષ્યા આવતી; પતિઓ પણ તેવી સેવા માટે યોગ્ય બનતા અને શોભતા.પોતાના જીવન-સાથીને કોઈપણ રડાવતું નહિ, એક પણ આંસુ સારવા દેતું નહિ. પતિ અને પત્ની પોતાને પરસ્પર એક બીજાનું અર્ધાંગ સમજતાં, એટલે તેઓ એકરૂપ બનીને જીવતાં, એક-બીજાનાં શ્રેષ્ઠ હિતોની કામના કરતાં, તે આદર્શને સિદ્ધ કરવા તત્પર રહેતાં. રામના સમયમાં કોઈપણ માણસ કોઈપણ સંજોગોમાં અસત્યનો આશ્રય લેવા પ્રયત્ન કરતો નહિ. પુત્રો અને પુત્રીઓ માતા-પિતાની અને ગુરુઓની આજ્ઞાનું પાલન કરતાં. દરેક જણ સ્વર્ગના રાજા ઈન્દ્ર જેવો સુખી હતો. દરેક ઘરમાં, કુબેરના ભવનની પેઠે, પુષ્કળ અનાજ અને ધન-સંપત્તિ હતાં. ચકોર પક્ષીઓ જાણે તે શરદ-ઋતુના ચંદ્રને જોતાં હોય તેમ આનંદપૂર્ણ હતાં. સ્ત્રીઓ પોતાના અંતઃપુરના બારણાની પાછળ રહીને રામનાં દર્શન કરતી અને આનંદ પામતી. ભરત, લક્ષ્મણ અને શત્રુધ્ન, શ્રીરામના દિવ્ય સૌન્દર્યને સતત જોયા કરતા અને મનમાં આનંદની સનેનાટી અનુભવતા. જ્યારે રામ રાજ્ય કરતા હતા, ત્યારે સમગ્ર જગત દેદીપ્યમાન બની ગયું હતું. પાપનું કયાંય નામ-નિશાન ન હતું.

તાપસો અને સંન્યાસીઓ નિર્ભયપણે ગાઢ જંગલોમાં વિચરણ કરતા. પ્રતિદિન રાજા-પ્રજાના પરસ્પર પ્રેમમાં વૃદ્ધિ થતી ચાલી; પૃથ્વી પ્રેમ અને પ્રકાશ વડે ચમકી ઊઠી; વનોમાં બારેય માસ લીલોતરી છવાયેલી રહેતી. પશુ-પંખીઓ પરસ્પર વૈર-વૃત્તિને ભૂલી ગયાં. કયાંય દ્વેષનો લેશ પણ દેખાતો નહિ, તે શબ્દનો ઉચ્ચાર પણ ક્યાંય સાંભળવા મળતો નહિ. બધાં મજબૂત બિરાદરીની ગ્રંથિ વડે બંધાયેલાં હતાં. દરેક વ્યકિત રામની ઉત્કૃષ્ટતા અને સિદ્ધિઓનું વર્ણન ઉત્સાહપૂર્વક કરતી.

એક દિવસ રામ પોતાના ભાઈઓ સાથે સભાગૃહમાં સિંહાસન પર બિરાજ્યા હતા. એક ખૂબ દુઃખી બ્રાહ્મણે સભાગૃહમાં પ્રવેશ કર્યો તે ઘણા કઠોર શબ્દો બોલ્યો અને પોતાનાં દુઃખને દૂર કરવા માટે આજીજીઓ કરવા લાગ્યો. તે બોલ્યો, “ખેદની વાત છે કે આજે સૂર્યવંશની કીર્તિનો અંત આવ્યો છે. મને ભૂતકાળના શિબિ, રઘુ, દિલીપ, સગર જેવા રાજાઓ યાદ આવે છે, કારણ કે તેમનાં રાજયમાં આવા અન્યાયો કદી ન બન્યા હોત; શું પિતાના જીવતાં પુત્ર કદી મરી જાય ખરો? જો રાજા સારો હોય તો એવી વિપત્તિ આવી પડે ખરી? પણ આજે મેં એમ બનતું જોયું. રામ સર્વ-વ્યાપક હતા, એટલે શું બન્યું તે તેઓ જાણતા હતા. બ્રાહ્મણના શબ્દો સાંભળીને તે વ્યગ્ર બન્યા. તેમણે મનમાં તે બ્રાહ્મણના પુત્રના મૃત્યુના કારણની તપાસ કરી. તેમને માલુમ પડ્યું કે કોઈ વહીવટી દોષથી તેમ બન્યું નથી. તેમને ખબર હતી કે તે દુષ્ટ વિચારોનું પરિણામ હતું. એટલે તેમણે એવા નિયમો ઘડ્યા અને એવી મર્યાદાઓ સ્થાપી કે જેથી માણસોના મનમાં દુષ્ટ વિચારો ઉદ્દભવે નહિ. તેની નાની બાબતો પર પણ રામ ખૂબ ધ્યાન રાખતા. આવી ઘટનાઓ ફરી ન બને તે માટે તેમણે પગલાં લીધાં. તેમણે પોતાની જાતની દરકાર લેવાની પણ છોડી દીધી અને લોકો સુખી બને તે લક્ષ્યને સિદ્ધ કરવાનો તે પ્રયત્ન કરતા રહ્યા. પોતાની પ્રજા પોતાના શરીર જેટલી જ પ્રિય હોય તેમ તે તેની કાળજી રાખતા. પ્રજાજનોને પણ રાજાના પ્રેમનું અને સુખનું ઊંચું મૂલ્ય હતું. રામ તેમને પોતાના હૃદય જેટલા વહાલા હતા. રાજા કદી લોકોની ઈચ્છા વિરુદ્ધનું કામ કરતા નહિ; પ્રજાજનો પણ રામની આજ્ઞાઓથી તલ-માત્ર પણ વિચલિત થતા નહિ. આમ રામ રાજ્ય ઘણાં વર્ષો સુધી તેજસ્વી રીતે ચાલ્યું. રામ ખુદ નારાયણ હતા. એટલે, પૃથ્વીમાં અને તેના ઈતિહાસમાં રામ-રાજ્યનો યશ ગવાવા લાગ્યો, કારણ કે સત્ય અને ધર્મ માનવ જાતિના સાચા સંરક્ષકો છે.

• • •

# સીતાને વનવાસ

એવો રિવાજ હતો કે દરબારના ગુપ્તચરો દેશના ગામડાંમાં અને નગરોમાં વિચરે અંગત, અને ગુપ્ત પરિભ્રમણો દરમિયાન તેમને જે માહિતી પ્રાપ્ત થઇ હોય તેને તે અંગત રીતે રાજાને કહી સંભળાવે. પોતાના પૂર્વજોની પેઠે, રામ પણ આવી માહિતીઓને ધ્યાનપૂર્વક સાંભળતા. એક દિવસ તેવો એક જાસૂસ રામ પાસે આવ્યો. પોતાની વાત કહેવામાં તે વિચિત્ર સંકોચ અનુભવતો એક હતો. તેણે રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, અને ધ્રૂજતો -ધ્રૂજતો એક બાજુએ મૌન ઊભો રહ્યો. થોડા જ સમયમાં તેણે આત્મવિશ્વાસ અને હિંમત પ્રાપ્ત કરી લીધાં. તે બોલ્યો, “મહારાજ, મારા શબ્દો ધ્યાનપૂર્વક સાંભળજો. હું આવા શબ્દો લઈ આવ્યો છું તે બદલ મને ક્ષમા કરશે. એક ધોબીને પોતાની પત્ની સાથે કજિયો થયો હતો. તે તેને ઠપકો આપતો હતો કે “તને ધિક્કાર છે! શું તું મને રામ જેવો માને છે? મારા ઘરમાંથી ચાલી જા. હું કેવી રીતે તેને સ્વીકારી શકું? તું લાંબા સમય સુધી બીજાના ઘરમાં રહી હતી. અહીંથી ચાલી જા.” આ શબ્દોએ રામના હૃદયને બાણની પેઠે વીંધી નાંખ્યું, તે રાતે તેમને નિદ્રા ન આવી. મધ્યરાત્રિએ તે પથારીમાં બેઠા થયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ દેશ પર મેં રાજ્ય કરવું શરૂ કર્યું તેને એક યુગ વીતી ગયો; મારે હજી થોડાં વધારે વર્ષ રાજ્ય કરવાનું બાકી છે. પછી શોકમાં ડૂબી જઈને કરુણાના સાગર રામ વિચારવા લાગ્યા કે : અરેરે! મારે સીતાનો ત્યાગ કરવો પડશે, મારે વેદ-માર્ગને ટકાવી રાખવાનો છે. તેઓ સીતા પાસે ગયા અને પ્રીતિપૂર્વક વાત કરી અને તે સ્મિતપૂર્વક મધુર વાણીમાં બોલ્યા, “જાનકી અત્યાર સુધી તે મારી પાસે કોઈ વરદાન માગ્યું નથી. છતાં હું તને એક વરદાન આપીશ. તું તારા પવિત્ર ધામમાં જા." તે જ ક્ષણે સીતા રામને પગે પડ્યાં અને પોતાના સૂક્ષ્મ દેહમાં વૈકુંઠ-લોકમાં ગયાં. આ હકીકતને કોઈ પણ, કોઈપણ જગ્યાએ જાણતું ન હતું. સીતા માત્ર પોતાના સ્થૂલ દેહમાં પૃથ્વી પર રામ સમક્ષ ઊભાં હતાં.

રામે તે માયા-સીતાને કહ્યું કે : વરદાન માગો. સીતાએ જવાબ આપ્યો કે હે સ્વામી, મને મુનિઓના આશ્રમોમાં થોડાક દિવસ ગાળવાની ઈચ્છા છે. રામે જવાબ આપ્યો કે- ભલે, આવતી કાલે સવારે જ તે મુસાફરી માટે ઊપડો. સીતાએ મુનિઓની પત્નીઓને તથા પુત્રીઓને આપવા માટે ઘણાં વસ્ત્રો અને વાસણો એકઠાં કર્યા. બીજે દિવસે સવારે રામ વહેલા ઊઠયા. સેવકો અને તેમનો અનુગ્રહ ઈચ્છતા લોકો રામના સદ્દગુણોની અને ઉત્કૃષ્ટતાની સ્તુતિ ગાઈ રહ્યા હતા. રામનું મુખ-કમળ ખીલી ઊઠયું લક્ષ્મણે, ભરતે અને શત્રુઘ્ને રામને પૂજ્યભાવપૂર્વક સાષ્ટાંગ પ્રણિપાત કર્યા.. પણ રામે તેમની સાથે વાતચીત ન કરી. તે મૌન રહ્યા; તેમનું મુખ લાગણી વડે ઊભરાઈ ગયું હતું. તેમના દેહમાં તનાવનાં ચિહ્નો હતાં. પ્રત્યેક અંગ ઉત્તેજનાથી કંપતું હતું. તેમના શોકનું કારણ ન

જાણવાથી ત્રણેય ભાઈઓ ભયમાં અને ચિંતામાં ડૂબી ગયા. રામનો શોક જોઈને તેઓ થર થર ધ્રુજવા લાગ્યા. રામને ઉદ્વિગ્ન કરી રહેલી લાગણીઓનો, તેઓ તાગ કાઢી શક્યા નહિ.

છેવટે પોતાની ઈચ્છા પ્રગટ કરવા રામને શબ્દો જડ્યા. નિસાસા નાંખતા તે બોલ્યા કે ભાઈઓ, ના ન પાડશો, સીતાને વનમાં લઈ જાઓ; તેને ત્યાં મૂકીને તમે પાછા આવી જજો. તે સાંભળીને ત્રણેય ભાઈઓને સખત આઘાત લાગ્યો, તેઓ નિરાશાની જ્વાળાઓમાં સપડાઈ ગયા, તેમનાં હૃદય જલી ગયાં. તેમને શંકા,થઈ કે રામ ગંભીરતાપૂર્વક બોલી રહ્યા છે કે મજાક કરે છે. શત્રુઘ્ને મોટેથી ડૂસકાં ભર્યાં. લક્ષ્મણ અને ભરત સ્થિર ઊભા રહ્યા, તેમની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો. તેમની જીભ પર કોઈ શબ્દો આવ્યા નહિ, તેમના હોઠ કંપતા હતા, તેમના હાથ ધ્રૂજતા હતા. છેવટે પ્રણામાંજલિ રચીને શત્રુઘ્ન બોલ્યા, “તમારા શબ્દોથી અમારા હૃદય ચિરાઈ ગયાં છે. જાનકી લોકમાતા છે, બધાં પ્રાણીઓની માતા છે. તમે બધાં પ્રાણીઓનાં હૃદયમાં નિવાસ કરો છો. તમે સચ્ચિદાનંદ-સ્વરૂપ છો. શા કારણે તમે સીતાનો ત્યાગ કરો છો? તે હંમેશાં મન-વચન-કર્મથી વિશુદ્ધ છે, નહિ! વારુ. હે રાક્ષસજાતિના સંહારક, અત્યારે સીતા સગર્ભા છે, તે પરિસ્થિતિમાં તેમને એકલાં છોડવાં એ શું યોગ્ય છે?” શત્રુઘ્ન વધારે બોલી શક્યા નહિ, તેમના હૃદયનો શોક આંસુ-રૂપે અને વિલાપ રૂપે બહાર વહેવા લાગ્યો.

રામ બોલ્યા, “ભાઈઓ, સાંભળો. જો તમે મારા શબ્દોની અવગણના કરશો, તો આ શરીરમાં પ્રાણ ટકશે નહિ. ભાઈઓ, તમારું કલ્યાણ થાઓ. મારી આજ્ઞાનુસાર આજે સવારે જ જાનકીને વનમાં લઈ જાઓ.” એમ બોલીને, પોતાનું મસ્તક નીચું ઘાલીને રામ મૌન બેઠા-જાણે કે ઘટનાઓના વળાંકથી તે શોકાવિષ્ટ ન બની ગયા હોય. એવા આઘાતજનક શબ્દો સાંભળીને ભરત પોતાની લાગણીઓને દબાવી શક્યા નહિ. તે બોલ્યા, “હે સ્વામી, મારી બુદ્ધિ બહુ થોડી છે, છતાં મારી પ્રાર્થનાને ધ્યાનપૂર્વક સાંભળવાની કૃપા કરો. આપણા સૂર્ય-વંશે જગતમાં કીર્તિ પ્રાપ્ત કરી છે, આપણા પિતા દશરથે, તમારી માતા કૌશલ્યાએ અને ત્રિભુવનના સ્વામી એવા તમે મહાન યશને પ્રાપ્ત કર્યો છે. વેદો અને હજાર જીભોવાળા શેષનાગ તમારો મહિમા ગાય છે. જાનકી બધી કલ્યાણકારી વસ્તુઓના ભંડાર છે, તેમનું નામ બધાં અશુભોનો સંહાર કરે છે અને શુભ વસ્તુઓ પ્રદાન કરે છે. તે શ્રેષ્ઠ પાવનતા છે. તેમના આશીર્વાદથી સ્ત્રીઓ પરમ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે. એ જાનકી તમારા વિયોગમાં વનમાં સૂખપૂર્વક કેવી રીતે રહી શકશે? શું તમારા વિયોગમાં તે એક ક્ષણ માટે પણ જીવી શકશે? જળ વગર માછલી કેવી રીતે જીવી શકે? તે બધા સદ્દગુણોની અને જ્ઞાનની મૂર્તિ છે, તે એકાકી જીવન નહિ જીવી શકે છે-

રામે તેમના શબ્દો શાંતિપૂર્વક સાંભળ્યા. પછી તેમણે જવાબ આપ્યો, “ભરત, તેં એવા શબ્દો ઉચ્ચાર્યા છે જે નીતિના સામાન્ય વિચારો સાથે સુસંગત છે, પણ રાજાએ નીતિની આજ્ઞા અનુસાર ધર્મનું અને કલ્યાણનું પાલન-પોષણ કરવાનું છે. પોતાના લોકોનું રક્ષણ કરવાની અને તેમને માર્ગદર્શન આપવાની ફરજ બજાવતાં તેણે કોઈ કટોકટી કે ક્રાંત્તિ સર્જવી ન જોઈએ, તેણે ખૂબ પ્રેમપૂર્વક તેમની રક્ષા કરવી જોઈએ.” પછી તેમણે ગુપ્તચર જે માહિતી લઈ આવ્યો હતો તે ભરતને જણાવી. તે બોલ્યા, “ભાઈઓ, આપણા વંશને મોટું કલંક લાગ્યું છે, તેના નામને બટ્ટો લાગ્યો છે. આ વંશમાં એવા રાજાઓ અને સમ્રાટો થઈ ગયા છે, જે એકબીજા કરતાં ચઢિયાતા હતા. તેમનાં બળ અને પ્રતાપ સમગ્ર જગતમાં વિખ્યાત છે. તેમના કરતાં વધારે કીર્તિ કોઈએ પ્રાપ્ત કરી નથી. તેઓ પોતાનું જીવન ત્યજી દેવા તૈયાર હતા, પણ પોતે આપેલા વચનનો તેઓ કદી ભંગ કરતા નહિ. આપણા વંશને કોઈ કલંક લાગ્યું ન હતું. કલંક લાગવાની શકયતા ઊભી થાય ત્યારે જે પોતાના જીવનનો ત્યાગ કરવામાં આનાકાની કરે, તે ચોક્કસ અધમ છે. આ વાતને બરાબર સમજો.” તે સાંભળીને ભરત બોલ્યા, “હે સ્વામી, જાનકીમાં કલંકનો લેશ પણ નથી. તે અગ્નિપરીક્ષામાંથી પસાર થયાં છે. દેવો કે સંતો સ્વપ્નમાં પણ તેમનો જરાપણ દોષ કાઢી શકે તેમ નથી. એ હકીકત ન જાણીને, જો કોઈ તેમને પાપી કહે તો તે કરોડો વર્ષો સુધી નરક યાતના ભોગવશે.” આ શક્યતાના કથન માત્રથી ભરત પોતાના ક્રોધ પર કાબૂ રાખી શક્યા નહિ. તે જોઈને રામ દેખીતી રીતે ગુસ્સે થયા, તેમની આંખો લાલચોળ બની ગઈ. લક્ષ્મણે તે જોયું. તે સહન ન કરી શકવાથી તે ભરત પાછળ સંતાઈ ગયા.

પણ રામે સીધે સીધું લક્ષ્મણને જ કહ્યું, “લક્ષ્મણ, લોકો જે કહી રહ્યા છે તેનો મર્મ સમજ. શોકની મૂર્ખતાભરી મનોદશા ત્યજી દે. જો તું મારી આજ્ઞા નહિ માને અને દલીલો કરવાની શરૂઆત કરશે, તો તારે મરતા સુધી પસ્તાવું પડશે. રથમાં બેસાડીને જાનકીને લઈ જા અને ગંગાતટ પર કોઈ નિર્જન એકાંત સ્થળમાં તેમને મૂકીને પાછો આવ.” લક્ષ્મણે સ્વામીની આજ્ઞા સાંભળી. તે આજ્ઞા પાળતાં મૃત્યુ આવે તો તેને માટે પણ તે તૈયાર થઈ ગયા. તે મુસાફરી માટે તૈયાર થયા. રથમાં ખાદ્ય સામગ્રી અને વસ્ત્રો ખૂબ પ્રમાણમાં રાખીને તેમણે જાનકીને તેમાં બેસાડ્યાં અને પછી રથને હાંકી મૂકયો. આશ્રમોમાં થોડોક સમય ગળાશે એ વિચારથી રામનાં વફાદાર પત્ની ખૂબ આનંદ પામ્યાં. તેમનામાં આનંદ અને કૃતજ્ઞતાવૃત્તિ ઊભરાઈ ગયાં, પણ લક્ષ્મણનું વિષાદમય મુખ જોઈને તેમને દુ:ખ થયું. તે મૌન અને નિરુત્સાહ બની ગયાં. મણિ ગુમાવી દીધેલા નાગની પેઠે, હૃદયના ઊંડાણોમાં તે દુઃખી બન્યાં.

તેઓ ગંગા કિનારે પહોંચ્યાં. વન સાચે જ ભયંકર હતું. તેમને હૃદયમાં ભય થયો.

લક્ષ્મણને ભયભીત બનેલા જોઈને સીતા વધારે ભયભીત બન્યાં અલબત્ત, તે જાણતાં હતાં કે-પોતે તો માત્ર પોતાને ભજવવાનું નાટક ભજવી રહ્યાં છે, અને સાચાં સીતા અહીં નથી. છતાં પણ જગત સમક્ષ સફળ થવા માટે તેમણે પોતાને સોંપાયેલો ભાગ બરાબર ભજવ્યો. તે વિલાપ કરવા લાગ્યાં: લક્ષ્મણ, તમે મને ક્યાં લઈ આવ્યા છો? અહીં કોઈ આશ્રમ દેખાતો નથી. શું આ વનમાં જંગલી પશુઓ અને ઝેરી સર્પો પરિભ્રમણ નથી કરતાં ? અહીં કોઈ મનુષ્યનો વસવાટ નથી. લક્ષ્મણ, મને ભય લાગે છે.”

જ્યારે સીતા આમ વિલાપ કરતાં હતાં, ત્યારે લક્ષ્મણમાં તેમના પ્રત્યે સહાનુભૂતિ પ્રગટી. રામ ને યાદ કરીને તે મનમાં બોલ્યા, " રામ, તમે આ શું કર્યું?" પછી થોડીક હિંમત એકઠી કરીને તેમણે સીતા સામે જોયું. પણ તે વખતે તેમને ખૂબ તરસ લાગી અને તે ખૂબ પીડાવા લાગ્યા. તેમની સ્થિતિ અને સંઘર્ષ જોઈને સીતા ખૂબ ચિંતિત બન્યા. ત્યાં જ સીતાને છોડીને પાછા જવાનો નિર્ણય કરેલા લક્ષ્મણને જોઈને વન દેવતાઓ આકાશમાંથી બોલી ઊઠ્યા, " જાનકીને અહીં છોડીને તમે પાછા જાઓ; સદ્દભાગ્ય ની મૂર્તિ રૂપ સીતા જીવશે." તે આકાશવાણી સાંભળીને લક્ષ્મણના હ્રદયમાં હિંમત આવી. પ્રણામાંજલિ રચીને તે બોલ્યા, "માતાજી, હું શું કરું? મારે તો ભાઈ આજ્ઞા પાળવી જ રહી. તેમની આજ્ઞાનો જરા જેટલો પણ ભંગ કરવાની મારી હિંમત નથી. હું સૌથી અધમ બદમાશ છું. ભાઈએ મને આજ્ઞા કરી છે કે - મારે તમને આ ગાઢ જંગલમાં છોડીને પાછા અયોધ્યા જવું.” એમ બોલીને તેમણે રથ પાછો ફેરવ્યો. જે માર્ગને તે છોડી રહ્યા હતા તેના પર તેમની દૃષ્ટિ ચોંટેલી રહેતી. દૂરથી પણ તે સીતાના વિલાપને સાંભળી શકતા હતા. સામાન્ય સ્ત્રીની પેઠે તે વિલાપ કરી રહ્યાં હતાં કે, "લક્ષ્મણ, તું મને જંગલમાં છોડી જાય છે? અહીં કોણ મારું રક્ષણ કરશે?” તેમની ચીસો લક્ષ્મણના કાનને ભેદી નાંખતી હતી. પણ રામની આજ્ઞાનું પાલન પોતાની ફરજ છે - એમ માનતા લક્ષ્મણે પોતાના હ્રદયને શિલા જેવું કઠોર બનાવી દીધું, રથને હાંકી મૂકયો અને નગરીમાં આવી પહોંચ્યા.

તે દરમિયાન સીતાને નિરાશાથી મૂર્છા આવી ગઈ. અલબત્ત, તે બધું નાટક જ હતું. થોડા સમય પછી તે ભાનમાં આવ્યાં, બેઠાં થયાં અને પોતાના શોકને શબ્દોમાં વહાવવા લાગ્યાં, “હે રામચંદ્ર, હું જન્મથી જ દુખી છું. ખેદની વાત છે કે - ગમે તેવું દુઃખ મારા પર આવી પડે તો પણ મારા પ્રાણ મારા શરીરને ચીટકી રહે છે.' આમ લાંબા સમય સુધી તે પોતાના નસીબ પર વિલાપ કરવા લાગ્યાં. તે જ ક્ષણે વાલ્મીકિ મુનિ ગંગામાં સ્નાન કરીને પોતાના આશ્રમમાં જવા ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમણે સીતાનો વિલાપ સાંભળ્યો. જંગલમાં કોઈ સ્ત્રી મદદ માટે પોકારી રહી છે તે જાણીને તેમને આશ્ચર્ય થયું. અવાજની દિશામાં તે ચાલ્યા; તે અવાજ કોનો અને ક્યાંથી આવે છે

તેની તેમણે ચારેય બાજુએ શોધ કરી. આખરે તે સીતા પાસે આવી પહોંચ્યા. સીતાએ તેમને વાલ્મીકિ મુનિ તરીકે ઓળખ્યા, અને પોતાને જે વીત્યું હતું તે બધું તેમણે મુનિને કહી સંભળાવ્યું. તે બોલ્યા, "હે મુનિ-શ્રેષ્ઠ, હું જનકરાજાની પુત્રી અને શ્રી રામચંદ્રની પત્ની છું, આખું જગત તે જાણે છે, પણ મારા પતિએ શા માટે મારો ત્યાગ કર્યો છે તે હું જાણતી નથી. શું કોઈ પણ પ્રારબ્ધમાંથી છટકી જઈ શકે છે? હે મુનિ શ્રેષ્ઠ, લક્ષ્મણ મને અહીં લઈ આવ્યા અને મને અહીં છોડીને પાછા ચાલ્યા ગયા. તેમ કરવાનું તેમણે મને કારણ જણાવ્યું નથી."

વાલ્મીકિએ તેમના દુ: ખની કથા સાંભળી. દિલાસો આપતાં તે બોલ્યા, "હે પુત્રી, તારા પિતા, મિથિલા રાજ જનકરાજા મારા મિત્ર છે, મારા શિષ્ય છે. તેમને મારા પ્રત્યે પૂજ્યભાવ છે, મારામાં શ્રદ્ધા છે. હે વહાલી પુત્રી, જરાપણ ચિંતા કરીશ નહિ. મારા આશ્રમને તારું પિયર માનજે. બધું બરાબર થઈ જશે. તું ચોક્કસ ફરી રામ સાથે જોડાઈશ. તારી તે ઈચ્છા પૂર્ણ થશે." સીતાને તે પોતાના આશ્રમમાં લઈ ગયા. તેમણે સીતાને ગંગામાં સ્નાન કરીને પાછા આવવાનું કહ્યું. સ્નાન કરીને આવ્યા પછી સીતાએ વાલ્મીકિ આગળ સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. મુનિએ તેમને પ્રેમપૂર્વક ખાતરીઓ આપી અને તે તેમને પોતાના આશ્રમમાં લઈ ગયા. તેમણે તેમને ફળ-મૂળ આપ્યાં અને ખાવાનો આગ્રહ કર્યો. મહાન વડીલની આજીજીને તે નકારી શક્યાં નહિ. પછી સીતા આશ્રમમાં પોતાના દિવસો ગાળવા લાગ્યાં. તે સતત રામનું અને તેમના યશનું ધ્યાન કરતાં, અને આ આધ્યાત્મિક ઘરના નિભાવ અને જતન સંબંધી કામોમાં વાલ્મીકિના વિદ્યાર્થીઓને અને શિષ્યોને શાંતિપૂર્વક મદદ કરતાં. આશ્રમવાસીઓ અને વાલ્મીકિ રસપ્રદ અને અદ્દભૂત કથાઓ તથા હાસ્યપ્રદ પ્રસંગો અને ઘટનાઓ કહીને સીતાનું મનોરંજન કરતા.

લક્ષ્મણ પાછા અયોધ્યા પહોંચ્યા. શોકથી તેમની આંખો સૂજી ગઈ હતી અને તેમનું હૃદય ભારેખમ બની ગયું હતું. ત્રણેય માતાઓને તેમણે તે કરુણ કથા કહી સંભળાવી. સીતા પર આવી પડેલા દુઃખને લઈને તેઓ ખૂબ શોકાતુર બની ગઈ અને ડૂસકાં ભરેવા લાગી, તેઓ સીતાના સદ્દગુણોને વખાણવા લાગી અને આવી ચારિત્ર્યશીલ સન્નારીને આવું દુઃખ આવી પડ્યું તે બદલ વિલાપ કરવા લાગી. તેમણે તે કઠોરતા બદલ રામનો દોષ કાઢયો. રાજનગરી અને રાજમહેલ શોકમાં ડૂબી ગયાં. કોઈપણ દુઃખમાંથી મુક્ત ન હતું. બધે માત્ર વિલાપનો જ સૂર સંભળાતો હતો. દરેક જણ પૂછવા લાગ્યા કેઃ શું આવી માતાને આવી સજા થાય ખરી?

રામે તે વિલાપ અને રુદન સાંભળ્યાં. લક્ષ્મણને એકલાને સાથે લઈને તે દેવ-મંદિરમાં ગયા, અને બીજાઓની નજરથી દૂર રહી તેમણે તે દિવસે ત્યાં ગાળ્યો. પછી તે અંતઃપુરમાં ગયા.

તેમણે રાણીઓને આશ્વાસન આપ્યું અને જ્ઞાનમાર્ગનો બોધ કર્યો. તેમણે લોકોને સમજાવ્યું કે સાચો રાજા પોતાના પ્રજાજનોને જ પોતાનાં સગાંસંબંધીઓ માને છે અને તેમને જ પોતાના મિત્રો ગણી તે મુજબ તેમની સાથે વર્તે છે. તેમણે કહ્યું કે, "આ રામની નીતિ છે. જરૂર પડ્યે રાજાએ પોતાના સગાં-સંબંધીઓનો પણ ત્યાગ કરવો જોઈએ-કારણ કે કે તેનાં સાચાં સગાંસંબંધીઓ તેના પ્રજાજનો છે."

સીતાના વિયોગથી ત્રણેય માતાઓ એવી દુઃખી બની ગઈ કે પ્રતિદિન તે દૂબળી-પાતળી બનતી ગઈ. આખરે તેઓ મૃત્યુ પામી. તેમણે યોગાગ્નિ પ્રગટ કરીને પોતાના દેહોને બાળીને ભસ્મ કર્યા. આમ તેઓને પરમાનંદની સ્થિતિ પ્રાપ્ત થઈ. ભાઈઓ તેમના મૃત્યુથી દુઃખી બન્યા. તેમણે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તેમની મરણોત્તર ક્રિયા કરી. શાસ્ત્રમાં કહ્યા મુજબ તેમણે સોળ મહાદાનો આપ્યાં. પછી ચારેય ભાઈઓ- રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન લોકોની ઈચ્છા અનુસાર અને પોતાને પૂરો સંતોષ થાય તે રીતે રાજ્ય-વહીવટનાં પોતાને સોપાયેલાં કામો કરવામાં ગૂંથાયા.

તે દરમિયાન રામે જાહેર કર્યું કે પોતે વેદોમાં કથન કરાયેલો અશ્વમેધ કરવા માગે છે, કારણ કે તે યજ્ઞથી બધા પ્રકારનાં દુઃખોનો નાશ થાય છે. તેમણે અંગદને અને બીજાઓને તે માહિતી મોકલી આપી. પોતાના ભાઈઓ તથા મંત્રીઓ સાથે તે રાજગુરુને ઘેર ગયા. તેઓ ગુરુને પગે પડ્યા. ગુરુએ તેમનું માનપૂર્વક સ્વાગત કર્યું. વશિષ્ઠ મૃદુમધુર શબ્દોમાં તેમના કુશળ સમાચાર પૂછ્યા. તેમણે પુરાણોમાંથી કથાઓ કહીને તથા મહાકાવ્યોમાંથી ઘટનાઓ વર્ણવીને તેમને મૂલ્યવાન બોધ કર્યો.

પછી રામ બોલ્યા કે-ગુરુજી, મારા મનમાં એક ઈચ્છા છે, તેને પૂર્ણ કરવામાં તમારે મને મદદ કરવાની છે. એમ બોલી તે ગુરુને ચરણે પડ્યા. ગુરુ વશિષ્ઠે પૂછ્યું કે- તમારી શી ઈચ્છા છે ? રામે જવાબ આપ્યો, “મેં એક યાગ કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે તે થશે ત્યારે અયોધ્યાના લોકો સુખી અને આનંદપૂર્ણ થશે. લોકોની પણ એવી ઈચ્છા છે કે અશ્વમેધ થવો જોઈએ. આપને આ માહિતી આપવામાં ભરતે આનાકાની કરી, કારણ કે તમારા પ્રત્યાઘાતનો તેમને ડર હતો. એટલે હું પોતે જ તમને મળવા આવ્યો, મારી ઈચ્છાની જાણ તમને કરવા આવ્યો. અમે તમારા નિર્ણયને માન્ય રાખીશું અને હર્ષપૂર્વક તે અનુસાર વર્તીશું. પૂજ્યભાવપૂર્વક અને નમ્રતાપૂર્વક બોલાયેલા તે શબ્દો વશિષ્ઠે ધ્યાનપૂર્વક સાંભળ્યા. તેમને રામનો તે વિચાર ખૂબ ગમ્યો. તે બોલ્યા કે- હે રામ, તમારી ઈચ્છા પૂર્ણ થશે. ભરત, યાગ માટે તૈયારીઓ કરવામાં પરોવાઈ જાઓ. તે સાંભળીને ભાઈઓ તથા મંત્રીઓ ખૂબ રાજી થયા. તેમણે ગુરુની સ્તુતિ કરી અને તેઓ તેમને પગે પડ્યા. યાગ-કર્મના વિદ્વાન એવા ઘણા બ્રાહ્મણો ભરતની સાથે નગરીમાં અને રાજમહેલમાં ગયા.

સુમંત્રે આગેવાન નાગરિકોને અને અમલદારોને બોલાવ્યા અને કહ્યું કે-નગરીના માર્ગોને, બજારોને, અને વ્યાપાર-કેન્દ્રોને શણગારો, ઘણી જગ્યાઓએ મંડપો બાંધો. તેમની આજ્ઞા અનુસાર બધું તરત જ કરી દેવામાં આવ્યું. નગરીને તે મહાન ઘટના માટે તૈયાર કરવામાં આવી. નગરી તે આનંદ-પૂર્ણ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક, ઉત્તેજનાપૂર્વક ગૂંથાઈ ગઈ. નગરીના વડાઓએ અને અમલદારોએ રામને કહ્યું કે તમારી આજ્ઞાનુસાર મુનિઓના અને તાપસોના અગ્રણીઓને માહિતી મોકલી દીધી છે અને જે થઈ રહ્યું છે તેની ખબર વશિષ્ઠને પણ આપી દીધી છે.

વશિષ્ઠ રામને સલાહ આપી કે - યાગના સમાચાર જનકરાજાને મોકલી આપો; તે પોતાની રાણી અને સગાં-સંબંધીઓ સાથે યજ્ઞમાં હાજર રહી શકશે. તેમણે તે સલાહ મધુર અને પ્રભાવક શબ્દોમાં આપી. તેમણે કહ્યું કે- મુખ્ય તાપસોને,બ્રાહ્મણોને અને મહર્ષિઓને પણ નિમંત્રણ મોકલો. ગુરુએ સંમતિ આપી ત્યારે રામ તેમને બધી તૈયારીઓ જોવા માટે નગરીમાં બધે લઈ ગયા. નગરીને બધે શણગારાયેલી જોઈને તે બંને બહુ રાજી થયા. અધિકૃત દૂતો નજીકના અને દૂરના રાજાઓ પાસે ગયા અને તેમને નિમંત્રણ આપી આવ્યા. એક દૂત જનકની રાજધાની મિથિલામાં ગયો. જાંબુવાન, અંગદ, સુગ્રીવ, નલ, નીલ અને બીજા વાનર-નેતાઓ આવી પહોંચ્યા. સમૂહોમાં તાપસો અને સંન્યાસીઓ પણ નગરીમાં આવ્યા. તેમનું સ્વાગત કરવામાં આવ્યું અને તેમને આધ્યાત્મિક પ્રતિભા અનુસાર તેમના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી. થોડા જ સમયમાં વિશ્વામિત્ર આવ્યા. રામે તેમનું સન્માન કર્યું અને પૂજ્યભાવ પૂર્વક તેમને આતિથ્ય આપ્યું. મહામુનિ અગસ્ત્ય પણ અયોધ્યામાં આવ્યા. તેમનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો અને તેમના આરામમય ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી. તે બધાએ પવિત્ર યાગ-ખંડ જોયો અને તેમને આનંદ થયો.

જ્યારે મિથિલાના નાગરિકોએ અયોધ્યાના દૂતને જોયો ત્યારે તેઓ ખૂબ રાજી થયા. તેણે જનકને માહિતી આપી કે - રામ અશ્વમેધ કરી રહ્યા છે. તે સમાચાર સાંભળીને તરત જનક પોતાના સિંહાસન પરથી ઊભા થયા. દૂતની વાત સાંભળીને તેમને રોમાંચ થયો. તેમની આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. તેમણે રામના અને તેમના ભાઈઓના કુશળ-સમાચાર પૂછયા. દૂતે કહ્યું કે હું જે પત્ર લાવ્યો છું તે તમને બધી બાબતો પર સંતોષ આપશે; તેણે તે માંગલિક સંદેશો રાજા જનકના હાથમાં આપ્યો. તે વધારે બોલી શક્યો નહિ. અને જનકરાજાની સ્થિતિનું વર્ણન કોણ કરી શકે? તેમનાં સગાં-સંબંધીઓ આનંદ-વિભોર બની ગયાં. નગરીમાં બધે જય-નાદ પ્રતિધ્વનિત થવા લાગ્યો. જનકરાજાએ તે પત્ર વારંવાર વાંચ્યો, તેમને ખૂબ આનંદ થયો. તેમણે એક દૂતને બોલાવીને આજ્ઞા કરી કે, “આખા સામ્રાજ્યનાં બધાં ગામોમાં, શહેરોમાં અને નગરીઓમાં આ સમાચાર પ્રસારી દે; દશ પ્રકારનાં સંગીત-વાદ્યો વગાડીને આ બાબતની ઘોષણા કર.” પછી

તેમણે મંત્રીને બોલાવીને તે સંદેશ-પત્ર તેના હાથમાં મૂક્યો, તેણે માનપૂર્વક તે પત્ર લીધો અને ખૂબ માનપૂર્વક તે પત્રને પોતાની આંખોએ અડકાડ્યો અને પછી તેણે તે પત્ર વાંચ્યો. પત્ર વાંચીને મંત્રીએ પણ લાગણીની ઉત્તેજના અનુભવી. રામની પ્રતિમાને યાદ કરીને તેણે ખૂબ હર્ષાશ્રુ વહાવ્યાં. દરેક ઘરના માલિકે પોતાના ઘર આગળ એક શુભ મંગલમય કળશ સ્થાપ્યો. તે શુભ સમાચારની ઉજવણીમાં જનકરાજાએ અસંખ્ય મૂલ્યવાન દાનો આપ્યાં; જનકરાજાની નગરી ઊર્મિથી ડોલી રહી.

લાંબી મુસાફરી કરીને જનક મિથિલામાંથી અયોધ્યા આવી પહોંચ્યા. માર્ગમાં તે પોતાના ગુરુ શતાનંદને પ્રણામ કરવા રથમાંથી ઊતર્યા. તેમણે જનકને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે - તમારા પરિચારકો સાથે અને અશ્વદળ, ગજદળ , રથદળ અને પાયદળ એ ચતુરંગ સેના સાથે જલ્દી અયોધ્યા પહોંચી જાઓ. જનકે નગરીની રક્ષા માટે સૈન્યનો થોડો ભાગ પાછળ રાખ્યો. જનકે પોતાના ગુરુ શતાનંદ માટે એક પાલખી મંગાવી અને પોતે બીજી પાલખીમાં બેઠા. જ્યારે તે સમૂહ અયોધ્યા જવા ઊપડયો, ત્યારે પૃથ્વી કંપી ઊઠી. સેનામાં જે સેનાપતિઓ, સૈનિકો અને વીરો હતા તેમની સંખ્યા કોણ ગણી શકે? પૃથ્વીના ભારને ઉપાડનાર મૂળ શેષ-નાગ અને કૂર્મ તે સમૂહના વજનને લીધે નીચા નમી ગયા. આમ મુસાફરી કરીને બે દિવસ પછી જનક અયોધ્યા પહોંચ્યા. જનક નગરી નજીક આવી પહોંચ્યા છે. એમ સાંભળીને રામ તેમનો સત્કાર કરવા સામા ગયા. તેઓ બંને એક-બીજાને પરસ્પર ખૂબ પ્રેમપૂર્વક ભેટી પડ્યા. જનક માટે એક વિશાળ મેદાનથી પરિવેષ્ટિત એક ભવ્ય નિવાસ-સ્થાન ઈલાયદું રાખવામાં આવ્યું હતું. તે સરયૂ-નદી પર એક સ્વર્ગીય, મનોહર નિવાસસ્થાન હતું. રાજાનું સ્વાગત અને આતિથ્ય કરવા પોતાના ભાઈઓને મોકલી આપવામાં આવ્યા હતા.

રામ જનકને પગે પડ્યા અને ઊઠીને તેમની પાસે બેઠા. જનકના હૃદયમાં આનંદ સમાતો ન હતો. જનકે રામના મસ્તકને પંપાળ્યું અને તેમની સાથે મૃદુતાપૂર્વક વાત કરી. રામે પણ હર્ષ-પૂર્ણ શબ્દોમાં તે જ પ્રકારની લાગણીઓ વ્યકત કરી. જનકની અને તેમની સાથે આવેલા લોકોની સુખ-સગવડ માટે રામે મદદનીશો ને પરિચારકો મૂક્યા; તેમણે ભરતને જનકરાજાની સેવામાં રાખ્યા.

તે દરમિયાન વશિષ્ઠ, પોતાના દશ હજાર શિષ્યો સાથે, રામ પાસે આવ્યા. તે બોલ્યા, “રામચંદ્ર, મારા શબ્દો સાંભળો. વેદો, પુરાણો, અને શાસ્ત્રો એકી અવાજે કહે છે કે, વિધિપૂર્વક પરણેલી પત્ની વગર કરાવેલો યજ્ઞ નિષ્ફળ નીવડે છે, માટે જાનકીને પાછાં બોલાવી લાવવાની વ્યવસ્થા કરો. યાગમાં તેમની ખાસ જરુર પડશે."

મુનિશ્રેષ્ઠના શબ્દો સાંભળીને રામને આશ્ચર્ય થયું. આ માન્યતાના સત્યાસત્ય વિશે પોતાની સમજૂતિ ન આપતાં તે મૌન રહ્યા. તે બોલ્યા, "હે મુનિશ્રેષ્ઠ, મારી પ્રતિજ્ઞાનો ભંગ કર્યા સિવાય, મારા વંશની કીર્તિને બટ્ટો લગાડ્યા સિવાય તમારે મારી ઈચ્છા પૂર્ણ કરવાની છે. જો જાનકીને પાછાં લાવવામાં આવે, તો કીર્તિને જરૂર કલંક લાગે. હું તે યાગ માટે ફરી લગ્ન કરવાનો નથી." તે સાંભળીને વશિષ્ઠ ઉકેલ માટે ઘણા વિખ્યાત મુનિઓની સલાહ લીધી. તે બધાએ દ્રઢતાપૂર્વક જણાવ્યું કે-સીતાને પાછાં લાવવાં જોઈએ. તે એક અનિવાર્ય પૂર્વતૈયારી છે. પણ રામ પોતે બધા નીતિ-નિયમોના સ્વામી હતા, પરમાત્માનાં બધાં રૂપોની મૂર્તિ હતા, બધાં શાસ્ત્રોના સાર-રૂપ હતા. તેમણે થોડાક સમય સુધી તે પ્રસ્તાવ પર વિચાર કર્યો, અને પછી તે બોલ્યા કે, " સીતાની એક રત્નજડિત સુવર્ણમૂર્તિ બનાવીને સીતાની જગ્યાએ રાખો. શાસ્ત્રો આ અભિપ્રાય સાથે સંમત છે, કોઈપણ કારણસર તેમ કરવામાં વાંધો ન હોઈ શકે. જ્ઞાનનાં બધાં ક્ષેત્રોમાં નિષ્ણાત તાપસો, મુનિઓ અને વિદ્વાનો તો આશ્ચર્ય-ચકિત બની ગયા. તેમણે રામની સર્વજ્ઞાતાનો સ્વીકાર કર્યો અને કહ્યું કે રામ પાસે સર્વ નીતિ-નિયમોનું હાર્દ છે.

એક જ દિવસમાં સીતાની સુવર્ણ- મૂર્તિ તૈયાર કરવામાં આવી. રત્ન-જડિત આભૂષણો અને સુંદર વસ્ત્રો વડે તેને વધારે મનોહર અને વાસ્તવિક બનાવવામાં આવી. તેને જોનાર દરેક જણ તેને સાચાં સીતા જ માનતું . તે મૂર્તિ એટલી બધી આબેહૂબ હતી . જો સીતાએ પોતે તે મૂર્તિ જોઈ હોત , તો તે પણ આશ્ચર્યચકિત બની જાત. ઘણા લોકોએ તે મૂર્તિ ઘડનારાની પ્રશંસા કરી, રામ સિંહાસન પર વ્યાઘ્રચર્મ પાથરીને તેના પર બેઠા. સીતાની સુવર્ણ-મૂર્તિને પત્નીની જગ્યાએ મૂકવામાં આવી. સભાએ એમ માન્યું કે સીતા પોતે પાછાં આવ્યાં છે. હાજર રહેલા બધા લોકોએ તે મૂર્તિને આનંદ-પૂર્વક અને આભારવૃત્તિપૂર્વક સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. વશિષ્ઠે દરબારીઓને કહ્યું કે આવેલા અતિથિઓનું વિધિપૂર્વક સ્વાગત કરો, દરેક જણને જે જોઈએ તે આપી સંતુષ્ટ કરો. તે વ્યવસ્થા પર દેખરેખ રાખનાર ભરતની મદદથી તેમણે બધાને યોગ્ય પંકિતઓમાં યોગ્ય સ્થાને બેસાડ્યા. સ્વાગતની ભવ્યતા જોઈને દરેક જણે પોતાની જાતને અભિનંદન આપ્યા અને આવી સુંદર દરકાર લેવા બદલ અને સન્માન કરવા બદલ વ્યવસ્થાપકોની પ્રશંસા કરી. યજ્ઞ-ખંડની બહારના ભાગની રક્ષા ૫૦૦ યોદ્ધાઓ કરતા હતા. યજ્ઞ -ખંડમાં વેદના ૫૦૦ વિદ્વાનો બેઠા હતા. રામે યોગ્ય વિધિપૂર્વક યજ્ઞની દીક્ષા લીધી. યજ્ઞ માઘ-માસના શુકલપક્ષની બીજને દિવસે શરૂ થયો હતો. વશિષ્ઠે યજ્ઞ માટે પસંદ કરાયેલા અશ્વને અંદર લઈ આવવાની આજ્ઞા કરી, જેથી નિષ્ણાત લોકો પરીક્ષા કરી શકે કે તે અશ્વને શાસ્ત્ર-વિહિત મંગલમય ચિહ્નો છે કે નહિ.

લક્ષ્મણે ગુરુને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તે ત્વરાપૂર્વક અશ્વને ખોળી કાઢવા

અશ્વશાળામાં ગયા. તેમણે તેને સભામાં લાવતા પહેલાં શણગાર્યો. તેની પીઠ પર એક રત્ન-જડિત જીન મૂકવામાં આવ્યું. અશ્વનો રંગ ખૂબ ધવલ હતો. તેની સામે ઊભા રહેતાં સૂર્યના અશ્વો પણ શરમાઈ જાય ! જયારે તેને બધા સાજ સાથે તૈયાર કરવામાં આવ્યો, ત્યારે લોકોએ એમ માન્યું કે, તેને પ્રેમના અને સૌંદર્યના દેવે શણગાર્યો હોવો જોઈએ. તેનું સૌંદર્ય અને તેજ અવર્ણનીય હતાં; એમ કહી શકાય કે સૂર્ય પરમાત્માએ પોતે અશ્વનું રૂપ ધારણ કર્યું હતું અને તે અભિમાનપૂર્વક નાચતા-કૂદતા હતા. તેના કપાળ ઉપર નીલમણિવાળું મોર પિચ્છ મૂકવામાં આવ્યું; તે મયૂરપિચ્છ આકાશમાંના તારાઓ પેઠે એનાં ઝળહળતાં રત્નોથી ચમકતું હતું. તેના ગળાની આસપાસ રેશમી દોરા બાંધવામાં આવ્યા હતા, જે વીજળીઓ પેઠે ચમકતા હતા. પરિચારકોએ તે દોરા (લગામ) પોતાના હાથમાં પકડી રાખ્યા હતા. ખૂબ બળવાન, અનેક યુદ્ધો જીતનાર, ૫૦૦૦ વીર-યોદ્ધાઓ તેની સાથે હતા. લક્ષ્મણે તેના પર સવારી કરી હતી.

જયારે તે અશ્વે મંડપના ખંડમાં પ્રવેશ કર્યો, ત્યારે વિશ્વામિત્રે વિજય પ્રયાણ કરનાર તે યજ્ઞના પવિત્ર અશ્વની પૂજા કરવાનું રામને કહ્યું. તેમણે સોળ વસ્તુઓનાં દાન આપ્યાં. તેમણે વિધિપૂર્વક વિશુદ્ધ સ્નાન-વિધિ કરી. પછી તેમણે ભૂમિ પરના બધા રાજાઓ માટે જેમાં સંદેશ લખેલો હતો તે સુવર્ણનું પતરું અશ્વની ભમ્મર પર ચોંટાડ્યું. તેના પર લખેલું હતું કે - “અયોધ્યા-નગરીમાં એક વીર છે; તે શત્રુઓનો નાશ કરનાર છે. તેમને જોતાં દેવરાજ ઈન્દ્ર પણ ભયથી કંપી જાય છે. આ અશ્વ તેમનું યજ્ઞ-પશુ છે. બળવાન હોય તે તેને પકડે; નહિ તો તે કર અને ખંડણી ભરે. જો તમે તે બેમાંથી એક પણ કરી શકો તેમ ન હો, તો જંગલમાં ભાગી જાઓ.” રામે એમ તે સુવર્ણ-પટ્ટ પર કોતરીને તેને તે અશ્વની ભમ્મર પર બાંધ્યું.

તે દરમિયાન ભાર્ગવ અને બીજા મુનિઓ રામ પાસે આવ્યા. તેમણે લવણ નામનો રાક્ષસ જે અત્યાચારો કરી રહ્યો હતો તેનું વર્ણન કર્યું. તે સમાચાર સાંભળીને એકઠા થયેલા મુનિઓ શોકાવિષ્ટ બની ગયા. રામે શત્રુઘ્નને પોતાની પાસે બોલાવ્યા અને તેમને ખૂબ બળવાન આયુધોવાળો ભાથો આપ્યો. પછી તે બોલ્યા, “યોગ્ય મંત્રો ભણીને આ બાણો શત્રુઓ પર છોડજે. જા, વિજય પ્રાપ્ત કરીને પાછો આવ." પછી રામે વિભીષણને પોતાની પાસે બોલાવ્યા. આવીને તે રામને પગે પડ્યા. રામે કહ્યું કે-તમે આ લવણાસુર વિશે બધું કહો. એટલે વિભીષણે, પોતે જાણતા હતા તે મુજબ, લવણાસુરની શકિત વિશે તથા તેના સ્વભાવ વિશે બધું વર્ણન કર્યું.

વિભીષણને એક અપર-માતા હતી. તેની પુત્રીનું નામ કુંભીનાસા હતું, રાવણે તેને મધુ-દાનવ સાથે પરણાવી હતી. સમય જતાં તેને લવણ નામનો પુત્ર જનમ્યો હતો; તેણે કઠોર તપ કર્યું

અને શિવ પાસે વરદાનો માગ્યાં. શિવ તેના તપથી પ્રસન્ન થયા હતા; તેમણે લવણાસુરને એક ત્રિશૂલ આપ્યું અને તેની શકિત વર્ણવતાં કહ્યું કે, 'હે લવણ, આ ત્રિશૂલ ચલાવનારને યુદ્ધમાં કોઈ સહેલાઈથી જીતી શકશે નહિ.' તે ત્રિશૂલની મદદથી તે દેવો પર, મનુષ્યો પર, રાક્ષસો પર અને સર્પો પર જુલ્મ ગુજારી રહ્યો હતો અને સમગ્ર પ્રદેશ પર પોતાની શક્તિઓનો દેખાડો કરતો હતો. તે બધાં પ્રાણીઓનો પીછો કરીને તેમની સાથે ગેરવર્તાવ કરતો હતો. કોઈ પણ પ્રાણી તેના વડે પરાજિત ન થયું હોય તેવું ન હતું. વિભીષણ પાસેથી લવણાસુરની વાતો સાંભળી રામ હસી પડ્યા. અલબત્ત, તે બધું જ રામ જાણતા હતા. પણ પોતે માનવદેહ ધારણ કર્યો હતો, એટલે તે અજ્ઞાનનો દેખાડો કરતા હતા. શિવના રૂપમાં પોતે જ તેને ત્રિશૂલ આપ્યું હતું. લવણની મૂર્ખાઈ પર અને તેણે તે ત્રિશૂલનો જે દુરુપયોગ કર્યો હતો તેના પર રામ હસ્યા. તેમણે શત્રુઘ્નને આશીર્વાદ દ્વારા પોતાની શક્તિનો થોડો અંશ આપ્યો અને લવણાસુરનો વિનાશ કરવા તેમને મોકલ્યા.

રામની આજ્ઞાથી ૩૦૦૦ યુદ્ધદુંદુભિઓ એકી સાથે વાગવા લાગ્યાં. તેના ધમધમ અવાજથી પૃથ્વી કાંપી ઊઠી. અશ્વો અને હાથીઓ આનંદપૂર્વક અવાજો કરવા લાગ્યા. સૈનિકો શંખો વગાડવા લાગ્યા અને તેમણે લવણની રાજધાની તરફ આગેકૂચ કરી. લવણે તેમના યુદ્ધ નિનાદો સાંભળ્યા. ૬૪૦૦૦ સૈનિકો સાથે તે દુર્ગમાંથી બહાર આવ્યો; શત્રુઓને મારી નાખવા માટે તેણે સિંહ પેઠે ગર્જના કરી; પરાજયમાંથી છટકી જવા માટે અને માટે શત્રુઓને ગૂંચવાડામાં નાખવા માટે તેણે અનેક માયા-શકિતની પ્રયુક્તિઓ અજમાવી. પણ તેની સેનાના કાપીને ટુકડા કરી દેવામાં આવ્યા. લવણના પુત્રો યુદ્ધ કરવા આવ્યા હતા. તેમને શત્રુઘ્નના પુત્ર સુબાહુએ મારી નાખ્યા. યુદ્ધ કરતાં કરતાં જે વીરો મૃત્યુ પામે છે તેમને માટે ખાસ ઈલાયદા રાખેલા સ્વર્ગમાં તેઓ ગયા. છેવટે રામનું નામ બોલીને શત્રુઘ્ન બાણ છોડ્યું. તેથી લવણ ખૂબ ઘવાયો. તેને પરિણામે લવણાસુર મૃત્યુ પામ્યો. તેની દુષ્ટ કારકિર્દીનો અંત આવ્યો. દેવોએ તે વિજયને જયજયકાર નાદ વડે વધાવી લીધો, અને તેમણે શત્રુઘ્ન પર આશીર્વાદો વરસાવ્યા.

શત્રુઘ્ન પોતાના સૈન્યને સાથે આગળ ચાલ્યા અને યમુના તટ પર આવી પહોંચ્યા. તેમણે તે પવિત્ર નદીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, અને પછી પોતાના સૈન્યને આગળ દોરી ગયા. આમ તે આગળ ને આગળ વધ્યા. ભિન્ન ભિન્ન માર્ગો દ્વારા તેમણે ચારેય દિશામાં જવાનું સાહસ ખેડ્યું. ભિન્ન ભિન્ન સ્થાનો વટાવીને છેવટે તે વાલ્મીકિના આશ્રમ પાસે આવી પહોંચ્યા. જાનકી પોતાના બે જોડિયા પુત્રો સાથે ત્યાં રહેતાં હતાં. તે બંને વીરતામાં અને તેજમાં સૂર્ય સમાન હતા.

તે બે રાજકુમારોએ અશ્વને જોયો, પેલી સુવર્ણ-તકતી વાંચી. આ અશ્વને બાંધીને તેઓ તેને

આશ્રમમાં લઈ ગયા; પછી તેઓ અશ્વના રક્ષકો સાથે યુદ્ધ કરવા માટે આવ્યા. તેમણે કમ્મરે બાણોનું ભાથું બાંધ્યું હતું અને હાથમાં ધનુષ-બાણ પકડ્યાં હતાં. એટલામાં અશ્વ સાથે આવેલા યોદ્ધાઓ ત્યાં આવી પહોંચ્યા. તેમણે જોયું કે અશ્વ એક વૃક્ષ સાથે બાંધવામાં આવ્યો હતો. બે કુમારોએ તે ઘોડો બાંધ્યો હતો તે જોઈને તેઓ ઠંડા પડ્યા. તેઓ બોલ્યા, “હે પુત્રો, આવા મનોહર બાળકો પ્રાપ્ત કરવાથી તમારાં માતા-પિતા સાચે જ ધન્ય બન્યાં છે. ઠીક, તે અશ્વને છોડી મૂકો અને ઘેર જાઓ.” પણ તે કુમારોએ જવાબ આપ્યો, ‘હે વીરો, અમે માનીએ છીએ કે તમે યુદ્ધ કરવા આવ્યા છો, ભીખ માગવા નહિ. જ્યારે તમે અમારી પાસે ઘોડાની ભીખ માગો છો ત્યારે તમે ક્ષત્રિયોના નામને બટ્ટો લગાડો છો.’ તે સાંભળીને અશ્વ-રક્ષક સૈનિકો બોલ્યા, “હે બહાદુર કુમારો ! હા, તમે કહ્યું કે ક્ષત્રિયોના નામને બટ્ટો ન લગાડો. તેથી જ અમે તમને વાણીમાં સંયમ રાખવાનું કહીએ છીએ.’ તે કથન સાંભળીને કુમારો હસ્યા. તે બોલ્યા, ‘ આહ, તમારા જેવા લોકોની રક્ષા હેઠળ જેણે આ અશ્વને મોકલ્યો તે માણસ કેવો બહાદુર હોવો જોઈએ? જો તમારામાં અમારી પાસેથી તે અશ્વને લેવાનું બળ ન હોય, તો ઘેર પાછો જાઓ.’

જયારે તે કુમારો, લવ અને કુશ આવા કઠોર, કટાક્ષમય શબ્દો બોલ્યા ત્યારે, તે કુમારો કુમળી વયના હોવા છતાં, સૈનિકો ઉત્તેજિત બન્યા અને કુમારો પર તૂટી પડ્યા. લવે, જાણે પોતે રમત કરતો હોય તેમ બેદરકારીપૂર્વક અને મનમાં સૂરો ગાતાં-ગાતાં તેમના પર અનેક બાણો છોડ્યાં. સૈનિકોનાં શરીર અનેક જગ્યાએ ભેદાઈ ગયાં. મૂર્છા પામીને તેઓ જમીન પર ઢળી પડયા. કેટલાક શત્રુઘ્નના શિબિરમાં દોડી ગયા, અને બોલ્યા, ‘મહારાજ, દેખીતી રીતે જ તાપસો હોય તેવા બે કુમારોએ આપણા અશ્વને પકડ્યો છે અને યુદ્ધમાં આપણા મોટી સંખ્યામાં સૈનિકોને મારી નાંખ્યા છે.’ તે અપમાનથી શત્રુઘ્ન ને ક્રોધ ચઢયો. પોતાની સેનાના ચતુરંગોને એકઠા કરીને તે લવ અને કુશ સામે નીકળ્યા. જયારે તેમને જોયા, રણભૂમિ પર તેમણે બતાવેલી મહાન વીરતાને જોઈ, ત્યારે શત્રુઘ્નને શરમનો આઘાત થયો. તેમને સંકોચ થયો કે આ બે કુમારો સાથે કેવી રીતે યુદ્ધ કરવું? શત્રુઘ્ન બોલ્યા, હે તાપસ-કુમારો, ઘોડો છોડી મૂકો અને ઘરે જાઓ; તમે પૂજા યોગ્ય છો, તમારી સાથે યુદ્ધ કરવું તે યોગ્ય નથી.'

કુમારોએ તે ન માન્યું. તે બોલ્યા, 'હે રાજા તમારું નામ શું છે ? તમે કઈ નગરીમાંથી આવો છો ? તમે સેનાને લઈને આ વનમાં કેમ વિચરો છે? તમે આ અશ્વને પોતાની મરજી મુજબ કેમ વિચરવા દો છો - તેનું કારણ શું છે ? તમે તેની ભમ્મર પર આ સુવર્ણપછી શા માટે બાંધી છે ? જો તમારામાં બળ અને હિંમત હોય તો તે સુવર્ણ-પટ્ટી દૂર કરો. ઘોડાને છોડી દો અને તેને ઘેર લઈ જાઓ.' જ્યારે લવ અને કુશ આવા સીધા, તીક્ષ્ણ શબ્દો બોલ્યા ત્યારે શત્રુઘ્નએ શરમમાં પોતાનું

માથું નીચું નમાવ્યું અને પોતાના સૈનિકોને શસ્ત્રાસ્ત્રો સાથે આગળ વધવાનો હુકમ કર્યો. તે જોઈને કુમારો માંહ્યો માંહ્યો હસ્યા; તે બોલ્યા, ' આહ, આ રાજા જરા બળવાન હોય તેમ લાગે છે. પણ સાંભળો, તમે તાળીઓ પાડો તેથી સિંહ ડરી જાય ખરો? ' પોતાના ગુરુ વાલ્મીકિને યાદ કરીને તેમણે પોતાના હાથમાં ધનુષ-બાણ લીધાં. તેમનાં બાણોએ શત્રુઘ્નના રથના ટુકડા કરી નાખ્યા. તેમનાં બાણો શત્રુઘ્નના શરીરમાં અનેક જગ્યાએ પેસી ગયાં અને ત્યાં છિદ્રો પાડી દીધાં. તેમના વીર યોદ્ધાઓ મૂર્ચ્છા પામીને નીચે પડ્યા. કુમારો દરેક વીર યોદ્ધાને બોલાવવા લાગ્યા અને તેમના પર ખતરનાક બાણો છોડવા લાગ્યા.

થોડા જ સમયમાં રામને આશ્રમના આ બે કુમારોના પરાક્રમના સમાચાર પહોંચાડવામાં આવ્યા. અલબત્ત તે જાણતા હતા કે કે એ કુમારો આશ્રમના બાળકો નથી. પણ તે હકીકત તેમણે પ્રગટ ન કરી. તેમણે સંદેશ લાવનારને એમ માનવા દીધું કે તેઓ જે કહે છે તે સાચું છે. એક ક્ષણ માટે તેમને શંકા થઈ કે તાપસોના કુમળી વયના બાળકો સાથે કોઈપણ કેવી રીતે યુદ્ધ કરી શકે? છેવટે તે બોલ્યા કે ' આ યુદ્ધ અનિવાર્ય છે, લક્ષ્મણને તમારી સાથે લઈ જાઓ. ' જેઓ રામ પાસે ભાગી આવ્યા હતા તેમને બળજબરીથી ફરી તે જ સ્થાને જવું પડ્યું. રામે એવી પણ આજ્ઞા કરી કે ' તે બે કુમારોને અહીં લઈ આવો; તે આશ્રમના છે એટલે ગમે તે થાય પણ તેમને મારી નાખશો નહિ.'

પૂરેપૂરી રીતે સજજ બનેલી સેના સાથે લક્ષ્મણે આગેકૂચ કરી તે યુદ્ધભૂમિએ પહોંચ્યા. તેમણે મૂર્ચ્છા પામીને જમીન પર પડેલા વીર યોદ્ધાઓને જોયા. તાપસ કુમારોની ધૃષ્ટતા જોઈને તેમને આશ્ચર્ય થયું. તે બોલ્યા, 'કુમારો, હું તમને ચેતવણી આપું છું કે તમારી જાતને બચાવી લો. આ સ્થાનેથી તમારા ઘર પ્રત્યે હાનિકારક છે. તે શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ છે. મારી આંખો આગળથી દૂર જતા રહો.' કુશ અને લવ મોટેથી હસી પડ્યા; તે બોલ્યા કે: બહાદુર સેનાપતિ, તમારા ભાઈની શી દશા થઈ છે તે જુઓ. જલ્દી તમારા ઘરનો આશ્રય લો. તે સાંભળીને લક્ષ્મણે મૂર્ચ્છા પામીને નીચે પડેલા શત્રુઘ્ન સામે જોયું અને તેમણે પોતાના હાથમાં ધનુષ બાણ લીધાં.

પણ તેમને શંકા થઈ કે તાપસોના પુત્રો સાથે યુદ્ધ કરવું તે યોગ્ય છે કે નહીં; તેમણે કુમારોને સમજાવવા પ્રયત્ન કર્યો, 'હે કુમારો, તમારામાં તર્ક શક્તિ નથી. તમે માત્ર કુમારો છો. તમારી સાથે યુદ્ધ કરવાથી કશો લાભ થવાનો નથી. જાઓ, તમને આ સાહસમાં ટેકો આપનાર લોકોને અહીં લઈ આવો.' જયારે લક્ષ્મણ તેમને એવો આગ્રહ કરી રહ્યા હતા ત્યારે તેમના સૂચન પ્રત્યે જરાપણ ધ્યાન આપ્યા સિવાય કુશે લક્ષ્મણ સામે એક બાણ છોડ્યું. તે બાણના આવેગથી પૃથ્વી કાંપી ઊઠી. તે બાણ આકાશમાં બધે પ્રસરી ગયું. તેનું તેજ એવું હતું કે સૂર્ય પણ ઝંખો પડી

ગયો.

કુશની અને લવની વીરતાનો સામનો કરવા માટે લક્ષ્મણ અસમર્થ હતા. એટલે તે ખૂબ ક્રોધપૂર્વક આ બે કુમારો પર તૂટી પડયા. પોતાનો રથ તેમની સામે સ્થાપીને તે, પરિણામની પરવા કર્યા સિવાય, તેમના પર હુમલો કરવા લાગ્યા. કુમારોએ તેમનાં બાણોને ભાંગીને ટુકડા કરી નાખ્યા. તેઓ ઘણી યુક્તિ-પ્રયુક્તિ વડે, ખૂબ પ્રશસ્ય રીતે યુદ્ધ કરવા લાગ્યા. લક્ષ્મણે પોતાની ગદા તેમના પર ફેંકી. કુશને તે વાગી; તેને ખૂબ વ્યથા થવા લાગી. કુશ જમીન પર ગબડી પડ્યો. તે જોઈને લવ ક્રોધે ભરાયો. તેણે લક્ષ્મણની છાતી સામે બાણ તાક્યું. તે લક્ષ્મણને સીધું છાતીમાં વાગ્યું, પણ તે વધારે બળવાન અને મોટી ઉંમરના વીર હોવાથી તે જમીન પર ન પડ્યા. લવ તેમના પર કૂધો અને બંને વચ્ચે દ્વંદ્વ-યુદ્ધ, મુષ્ટિ-યુદ્ધ શરૂ થયું. તેમાં કોઈ જીતી શક્યું નહીં. બંને જણા એક-બીજાના મુષ્ટિપ્રહારો ચૂકવવા લાગ્યા. બંને પૂરા બળથી લડી રહ્યા. લવ પોતાના વજ્રમય મુષ્ટિ-પ્રહારોથી લક્ષ્મણને મારતો હતો, દળી નાંખતો હતો. લક્ષ્મણે તે પીડાને સહન કરી, અને નાના કુમારના શૌર્યની અને કુશળતાની પ્રશંસા કરી. તે દરમિયાન લક્ષ્મણે રામનું નામ લીધું અને એક બાણ કુશ પર છોડ્યું. ભાનમાં આવેલો કુશ ફરી મૂર્છા પામીને જમીન પર પડ્યો. પડતાં-પડતાં તેણે સીતાને અને વાલ્મીકિને યાદ કર્યા, એટલે તે ફરી ઊભો થઈ ગયો; પોતાનાં ધનુષ-બાણ તેણે ફરી હાથમાં લીધાં અને લક્ષ્મણ પર આક્રમણ કર્યું. તેણે લક્ષ્મણ સામે એક તીક્ષણ અગ્નિમય બાણ તાક્યું. લક્ષ્મણે મેઘનાદ પર વાપરેલાં બાણ વડે તેનો જવાબ આપ્યો, પણ તે કુમારોને કશી ઈજા કરી શક્યું નહીં. કુશે તે બાણના ટુકડા કરી નાખ્યા. ટુકડા નીચે જમીન પર પડ્યા. લક્ષ્મણે પોતાની જાતને કહ્યું, ‘આહ, મારા પર આ વિપત્તિઓ આવી પડી છે, કારણ કે સીતાને વનવાસ અપાયો છે. જ્યાં સુધી હું આ દેહનો ત્યાગ નહિ કરું, ત્યાં સુધી મને કદી શાંતિ મળવાની નથી.” પછી કુશે પોતાના ધનુષ પર બ્રહ્માસ્ત્ર સાધ્યું, જેનો ઉપયોગ કરવાનું તેને વાલ્મીકિએ શિખવાડ્યું હતું. તે છૂટવાની તૈયારીમાં હતું અને ત્રિભુવન ભયથી કાંપી ઊઠયું. તેણે તે બાણને લક્ષ્મણની છાતી પર તાકીને છોડ્યું; લક્ષ્મણને તે વાગ્યું અને તે બેભાન બનીને ઢળી પડ્યા.

દૂતો તે સમાચાર રામ પાસે લઈ ગયા. ભરત શોકમાં ડૂબી ગયા. પ્રણામાંજલિ રચીને તેમણે રામને કહ્યું કે - સ્વામી, આપણે સીતાને વનવાસ આપ્યો તે અન્યાયના માઠાં પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. રામ બોલ્યા, ‘શું ? તમને યુદ્ધ કરતાં બીક લાગે છે, એટલે તમે આવી યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવો છો ? ઠીક, જો તેમ હશે તો હું પોતે યુદ્ધ-ભૂમિમાં જઈશ. રથ લઈ આવો. યાગના આગળના વિધિ હમણાં બંધ રખાવો. હું જઈને કુમારોનો પૂર્વ-ઈતિહાસ શોધી લઈશ. ભાઈ, આપણા પહેલાંના સહાયકોને અને મિત્રોને સંદેશો મોકલો. હનુમાનને યુદ્ધ-ભૂમિમાં લઈ આવો.' પછી

રામ રણભૂમિ પર ગયા. લોહીની નદીઓ વહેતી જોઈને રામને આશ્ચર્ય થયું.

તે જ ક્ષણે અપરાજય યોદ્ધાઓ-લવ અને કુશ પણ ત્યાં આવી ગયા. હનુમાન સાથે આવેલા વાનરો ભયભીત બની ગયા. પણ હનુમાને તે કુમારોને કહ્યું, ‘હે કુમારો, તમારા જેવા ભવ્ય વીરોને જન્મ આપનાર માતા-પિતાને ધન્ય છે!' પણ કુશ બોલ્યો કે, “હે વાનર, તારામાં અમારી સાથે યુદ્ધ કરવાનું બળ ન હોય તો ઘેર પાછો જા, બબડાટ ન કરીશ.’ તે સાંભળીને ભરતને ખૂબ ક્રોધ ચડ્યો. તેમણે બૂમ પાડીને પોતાના માણસોને કહ્યું કે- ઠીક, તમારાં આયુધોનો ઉપયોગ કરો. તે સાંભળીને વાનરોએ તે કુમારો ઉપર વૃક્ષો, શિલાઓ અને પર્વત-શિખરો ફેંકવા માંડ્યાં. લવે એક જ બાણ વડે તે બધાંના ચૂરા કરી નાખ્યા, થોડા જ સમયમાં રામની સંપૂર્ણ સેનાનો વિનાશ થયો. રણભૂમિમાં લોહીની નદીઓનું પૂર પ્રસરી ગયું. બધા વીર સૈનિકો માર્યા ગયા, છેવટે ભરત પણ મૂર્છામાં પડ્યા.

પછી ક્રોધથી લાલ-ચોળ બની ગયેલા રામ, પોતાના મોટા સૈન્ય સાથે, યુદ્ધ-ભૂમિ પર આવ્યા. તેમણે તે બે કુમારોને જોયા. તેમના પર બાણ ન છોડતાં, રામે તેમને પોતાની પાસે બોલાવ્યા અને પૂછયું-હે કુમારો, તમારાં માતા-પિતા કોણ છે ? ક્યાં રહે છે ? તમારી જન્મભૂમિ કઈ છે ? તમારાં નામ શાં છે ? જવાબમાં લવ બોલ્યો, “આ પ્રશ્નો કરવાથી શો લાભ ? તમારામાં-ચારેય ભાઈઓમાં એક જ પ્રકારની ઢબ-છબ છે, એમ હું માનું છું. આવો, ધનુષ-બાણ હાથમાં લો અને યુદ્ધ કરો. તમે શા માટે માતા-પિતા અને જન્મભૂમિની પંચાતમાં પડો છો ? આ કાંઈ લગ્ન પહેલાં થતી વાટાઘાટો નથી. ના, આ તો એક ગંભીર કાર્યવાહી છે.’ પણ રામે બોલવાનો આગ્રહ રાખ્યો કેઃ કુમારો તમારાં શરીરો બહુ કોમળ છે. જ્યાં સુધી હું તમારાં નામો અને પૂર્વજોનાં નામો નહિ સાંભળું, ત્યાં સુધી તમારી સાથે યુદ્ધ નહિ કરું. કુમારો બોલ્યા, “હે રાજા, અમારી માતા જનક રાજાની પુત્રી છે. વાલ્મીકિ મુનિ જાનકીનું ભરણ-પોષણ કરી રહ્યા છે. અમે અમારા પિતાનું કે વંશનું નામ જાણતા નથી. અમારું નામ કુશ અને લવ છે. અમે આ વનમાં રહીએ છીએ. કુમારો પોતાના જ બાળકો છે એમ હમણાં જ જાણવાનો રામે દેખાડો કર્યો અને તે બોલ્યા કે, ‘કુમારો, મારી પાછળ આવતા સૈન્ય સાથે યુદ્ધ કરો.” એમ બોલીને તેમણે અંગદને, જાંબુવાનને, હનુમાનને અને બીજાઓને મૂર્ચ્છામાંથી જગાડ્યા. તેમણે લક્ષ્મણને, ભરતને અને શત્રુઘ્નને પણ મૂર્ચ્છામાંથી જગાડ્યાં, જેથી તેઓ ભાવી ઘટનાઓ જોઈ શકે. પછી તેમણે સૈનિકોને કહ્યું કે, “હે સૈનિકો, યુદ્ધ કરો કે જેથી આપણી કીર્તિ અને આપણો મોભો જળવાઈ રહે અને વૃદ્ધિ પામે.’ યુદ્ધ ફરી શરૂ થયું, રામે ખૂબ આનંદપૂર્વક કુમારોની વીરતા નિહાળી, તેમની બહાદુરી અને અતિશય કુશળતા પણ નિહાળી.

વાનર-વીરો, કુમારોનો પરાજય કરવામાં નિષ્ફળ નીવડયા. તેઓ માંહ્યો- માંહ્ય કહેવા લાગ્યા કે, ચૌદેય ભુવનમાં કોઈ એવો નથી કે જે આ કુમારોને હરાવી શકે. તેથી વધારે તેઓ કશું બોલી કે કરી શક્યા નહીં. તેમને મૌન ધારણ કરવું પડ્યું.

તે જ વખતે કુશ રામ પર કૂદી પડ્યો. તે આવેગથી રામ મૂર્ચ્છા  પામી જમીન પર ઢળી પડ્યા. કુશે રામના રથની અને અશ્વોની શણગારેલી લગામો અને શૃંખલાઓ ખેંચી કાઢી અને તેમના વડે તેમણે હનુમાનને બાંધ્યા. દોરીનો એક છેડો પકડીને તેઓ હનુમાનને ઘેર લઈ ગયા. તેઓ કેટલાક તેજસ્વી રંગોવાળા વસ્ત્રો પહેરેલા વાનરોને અને રીંછોને પણ ઘેર લઈ ગયા. યજ્ઞના અશ્વને પણ તે સાથે લઈ ગયા. તેમને બધાને લઈને તે માતા જાનકી પાસે આવ્યા. તેમણે માતાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને યુદ્ધમાં જીતેલી તે લૂંટની વસ્તુઓ માતા આગળ ભેટમાં મૂકી.

• • •

## લીલાનો અંત

જાનકી વાનરોને તથા બીજાઓને જોઈને અને જે રીતે તેમને શણગારવામાં આવ્યા હતા અને વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં હતાં તે જોઈને આશ્ચર્ય પામ્યાં. તે જ સમયે વાલ્મીકિ મુનિ ચિંતા-યુકત બનીને તે સ્થાને આવી પહોંચ્યા. જે બન્યું હતું તે બધું તેમણે સીતાને વર્ણવી સંભળાવ્યું. મુનિએ હનુમાનનાં, જાંબુવાનનાં અને બીજાઓનાં બંધનો છોડી નાંખ્યાં અને તે વિલાપ કરવા લાગ્યાઃ "કુમારો તમે આ શું કર્યું ? તમે રામને, લક્ષ્મણને, અને શત્રુઘ્નને જમીન પર પાડી દઈને આવ્યા છો." તે સાંભળી સીતાને આઘાત લાગ્યો; તે બોલ્યાં, "અરેરે ! વહાલા બાળકો! તમારે કારણે વંશને કલંક લાગ્યું છે. જરાપણ વિલંબ ન કરો. મારા માટે ચિતા રચો, હું તેમાં સતી થઈ બળી મરીશ. હવે હું જીવી નહિ શકું." ઝડપી કાર્ય કરવા માટે સીતાએ આજીજી કરી.

વાલ્મીકિ મુનિએ સીતાને આશ્વાસન આપ્યું, થોડી હિંમત આપી; પછી તે કુશ અને લવ સાથે યુદ્ધભૂમિ પર ગયા. ત્યાંનું દ્રશ્ય જોઈને મુનિ આશ્ચર્ય ચકિત થઈ ગયા. તેમણે રામના રથને અને અશ્વોને ઓળખ્યા. રામને જોતાં તે તેમને પગે પડ્યા. એક ક્ષણ માં રામ ઊઠીને બેઠા થયાં; કુશ અને લવ તેમની સામે ઊભા હતા. વાલ્મીકિએ રામને કહ્યું કે- સ્વામી મારું ભવન કૃતાર્થ બન્યું છે. ઓહ, હું કેવો ધન્ય છું ! પછી તેમણે લક્ષ્મણે સીતાને વનમાં ત્યાગ કર્યો હતો તે, સીતા આશ્રમમાં રહ્યાં હતાં તે, અને તેમણે લવ અને કુશને જન્મ આપ્યો હતો તે, બધું વર્ણવી બતાવ્યું. તે બોલ્યા કે, "હે સ્વામી, લવ અને કુશ તમારા પુત્રો છે. પંચ મહાભૂતોને સાક્ષીમાં રાખીને હું કહું છું કે લવ અને કુશ તમારા પુત્રો છે."

તે શબ્દો સાંભળીને રામ બંને કુમારોને ભેટી પડ્યા. તેમણે તેમનાં મસ્તકો પંપાળ્યાં. રામની કૃપાથી જમીન પર પડેલા વાનરો અને યોદ્ધાઓ જીવતા થયા. લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન કુમારોને લાડ કરવા લાગ્યા. લક્ષ્મણ ઝડપભેર સીતા પાસે ગયા- કારણ કે રામે તેમને કહ્યું હતું કે સીતા પોતાની પ્રતિજ્ઞા વિશે શું કરવા ધારે છે તે તેમની પાસેથી જાણી લાવ. પાસે આવીને લક્ષ્મણ સીતાને પગે પડ્યા. જો રામની તેવી ઈચ્છા હોય, તો સીતા પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તૈયાર હતાં. એટલે તે લક્ષ્મણ સાથે રામ પાસે આવ્યાં. સમૂહને જોઈને તેમણે સત્ય તરીકે ઘોષણા કરી, "હે દેવો, હે પંચ મહાભૂતો, મેં સ્વપ્નમાં પણ રામ સિવાય બીજા કોઈનો મન-વચન-કર્મ દ્વારા વિચાર કર્યો નથી. હે પૃથ્વી માતા, મને તમારામાં સમાવી દો." જયાં સીતા ઊભાં હતાં ત્યાં પૃથ્વી તરત જ ચિરાઈ ગઈ. મહાન ધડાકો થયો. પૃથ્વીના તે ખાડામાંથી એક દિવ્ય સિંહાસન પ્રગટ થયું; પૃથ્વી-દેવી તેના પર બેઠાં હતાં. સપાટી પર આવેલાં તે દેવીએ પોતાના હાથ વડે જાનકીને ઉપાડી લીધાં.

તેમણે જાનકીને આવો આશીર્વાદ આપ્યો, “હે જાનકી, જન્મના દિવસથી તે આજ સુધી શોક વગરનો તારો એક પણ દિવસ પસાર થયો નથી. તે હંમેશાં આંસુ જ રેલાવ્યાં છે. આવ,મારા ઘરમાં આવ, સુખી થા.” બીજી જ ક્ષણે બંને અદ્રશ્ય થઈ ગયાં. સીતાનો યશ ત્રિભુવનમાં પ્રસરી ગયો. લક્ષ્મણે અને બીજાઓએ આ સ્પષ્ટ રીતે જોયું.

તેઓ આંસુ સારવા લાગ્યા. રામે શોકાવિષ્ટ બનેલા માનવનું નાટક ભજવ્યું. તે મનમાં વિચારવા લાગ્યા, " મારા મનના વલણ અનુસાર જાનકી ચાલ્યાં ગયાં. તે હંમેશાં મારા મનની યોજનાઓ અનુસાર જ વર્તતાં હતાં; હવે આપણે પણ વૈકુંઠ- ધામમાં જવું જોઈએ.," પણ બીજાઓને તે દિલગીર અને જરા શોકાવિષ્ટ દેખાતા હતા. તરત જ તે પોતાના ભાઈઓ અને પુત્રો સાથે અયોધ્યા ગયા. યોજના અનુસાર તેમણે અશ્વમેધની પૂર્ણાહુતિ કરી. શાસ્ત્રોકત ૧૬ પ્રકારનાં દાનો તેમણે ખૂબ માત્રામાં આપ્યાં. તે અવર્ણનીય હતાં. રામે જનકના મોભા પ્રમાણે તેમનું સન્માન કર્યું અને બંને કુમારોને જનક પાસે લઈ ગયા. પોતાના દૌહિત્રોને જોઈને જનક ખૂબ આનંદ પામ્યા. જનક જ્ઞાની હતા. તે પોતાની આંતર, દિવ્ય દૃષ્ટિથી સીતાની દિવ્યતાને જાણતા હતા. એટલે જે બન્યું તેને માટે જનકે આશ્ચર્ય કે ચિંતા વ્યકત ન કર્યો. તેમનું મન સ્વસ્થ રહ્યું, કારણ કે તે જાણતા હતા કે જે બનવાનું હોય છે તે અવશ્ય બને જ છે. બનેલી ઘટનાઓથી તેમના વલણમાં જરાપણ પડ્યો નહિ. ઊલટું, તે તો સદ્દભાગ્યશાળી બન્યા હતા. ખૂબ આનંદપૂર્વક તે મિથિલા નગરી તરફ ગયા.

રામના સંદેશ અનુસાર, ગુરુઓ અને બ્રાહ્મણો રામ પાસે આવ્યા. મહાન યાગનું દર્શન કરી શકયા હતા તેથી ખૂબ સંતોષ પામીને, તેઓ રામની રજા લઈને પોત પોતાને ઘેર ગયા.

પછી પુત્રોને પોતાની પાસે બોલાવીને રામે તેમને સામ્રાજયના વહીવટના ઉપાયો અને પદ્ધતિઓ વિશે બોધ કર્યો. પછી તેમણે કુમારોને વિધિપૂર્વક રાજ-તિલક કર્યું. ભરતના પુત્ર તક્ષને દક્ષિણ દેશનું રાજય સોંપવામાં આવ્યું. ભરતના બીજા પુત્ર પુષ્કરને પુષ્કર-રાજય સોંપવામાં આવ્યું. તેમણે તે પ્રદેશમાં બાકી રહેલા રાક્ષસોનો નાશ કર્યો, તે રાજયો પર પોતાની જાતને સુસ્થાપિત કરી. લક્ષ્મણના પુત્રો ચિત્રકેતુ અને ચિત્રાંગદ બળવાન યોદ્ધાઓ હતા, વીર લડાયકો હતા, યુદ્ધ કળામાં નિષ્ણાત હતા. તેમને પશ્ચિમના પ્રદેશોમાં મોકલવામાં આવ્યા. ત્યાંના રાક્ષસોનો સંહાર કરી તે પ્રદેશોમાં તેનો રાજય કરવા લાગ્યા. રામે તે બંનેને રાજસત્તા આપી. ભિન્ન ભિન્ન નામવાળી બે નગરીઓ તેમની રાજધાની બની. તેમણે બધા પુત્રોને રાજકારણી અને વહીવટી બાબતો પર મૂલ્યવાન સલાહ આપી. કુશને અયોધ્યાના રાજા બનાવવામાં આવ્યો. લવને ઉત્તર પ્રદેશ

સોંપવામાં આવ્યો. જે પ્રદેશ સમૃદ્ધિનો ભંડાર હતો. લવણપુર (અત્યારનું લાહોર) નગરી તેની રાજધાની હતી. રામે દરેક જણને પૂર્ણ પ્રમાણમાં ગાયો, જમીનો, વસ્ત્રો અને નાણાં આપ્યાં.

તે દરમિયાન આયોધ્યાના લોકોને ખબર પડી કે- રામ સ્વધામ જવા માગે છે. તેઓ મોટી સંખ્યામાં રામ પાસે આવ્યા. તેમણે પ્રાર્થના કરી કે અમારી વિનંતિ સાંભળો. તેમની વિનંતિ એ હતી કે અમને પણ તમારી સાથે દિવ્ય-ધામ લઈ જાઓ. સ્વામી બોલ્યા કે તમારી વિનંતિ વ્યાજબી છે. તેમાં રામે સંમતિ આપી. પોતાના રાજા પ્રત્યે તેમને જે પ્રેમ, ભકિત અને સમર્પણ- ભાવના હતાં તે જોઈને રામ રાજી થયા, લક્ષ્મણ તેમને દોરી ગયા.

અંગદને કિષ્કિંધા  રાજય સોપવામાં આવ્યું. સુગ્રીવ, જાંબવન, વિભીષણ, નલ, નીલ અને બીજા દિવ્યતાની મૂર્તિમાન વ્યકિતઓ હતા. તેઓ અને બીજા વાનરો દિવ્ય કાર્ય પરિપૂર્ણ કરવા આવ્યા હતા. તે બધા તે વખતે રામ પાસે આવ્યા. રામ બોલ્યા, “વિભીષણ તમારે લંકા ઉપર રાજય કરવાનું છે. આખરે, તમે મને પ્રાપ્ત કરશો. " રામે તેમને આવા આશીર્વાદ આપ્યા. પછી તે જાંબુવાન તરફ વળ્યા, અને બોલ્યા, ‘‘જાંબુવાન, દ્વાપર યુગના અંત સુધી પૃથ્વી પર રહો. પછી કૃષ્ણ- રૂપે અવતરેલા મારી સાથે તમારું યુદ્ધ થશે ત્યારે તમે મને અત્યારની પેઠે ઓળખી શકશો." રામે તેમને આવા આર્શીવાદ આપ્યા.

પછી રામ સરયૂ નદીના તટ પર ગયા. ભરંત રામની જમણી બાજુએ ચાલતા હતા, અને શત્રુધ્ન તેમની ડાબી બાજુએ ચાલતા હતા. રામની પાછળ નગરીના મંત્રીઓ અને લોકો ચાલતા હતા. જયારે તેઓએ નદીમાં જળ પ્રવેશ કર્યા ત્યારે ભરત રામમાં વિલીન થઈ ગયા.  શત્રુધ્ને જળ-સ્પર્શ કર્યો. તે કમળ જેવા શોભવા લાગ્યા. તે પણ રામમાં વિલીન થઈ ગયા.

રામે એવા આશીર્વાદ આપ્યા કે જે લોકો આ પવિત્ર સ્થાનમાં આવશે અને પવિત્ર સરયૂમાં સ્નાન કરશે, તે બધા લોકો મને પ્રાપ્ત કરશે.

સમાપ્ત